# અપરાજિતા

પ્રીતિ સેનગુપ્તા

VISIT…

LANZAROTE Caliente.com

# અપરાજિતા

(સાત ખંડ પરના નિબંધોનો સંચય)

પ્રીતિ સેનગુપ્તા

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

*we share, we celebrate*




આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને ‘એકત્ર’ પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે. આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ વીજાણુ પ્રકાશન-ebook-ના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ www.ekatrafoundation.org પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

## આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

આ પુસ્તકના લેખકનો અને પુસ્તકનો પરિચય રમણ સોનીનાં છે એ માટે અમે તેમનાં આભારી છીએ.

*

# પ્રકાશન માહિતી

'Aparaajita'
A Collection of representative essays on all seven continents.
Published by Rangdwar Prakashan, Ahmedabad, India
Edition: E-book version

15, STEWART PLACE, WHITE PLAINS, NY 10603, USA
Phone : (914) 997-9016 Email : preetynyc@aol.com

આવરણ : વિનોદ દવે, ન્યૂયોર્ક
ISBN: 978-93-80125-02-2
પ્રથમ આવૃત્તિ : 2007
પ્રત : 500
મૂલ્ય : રૂ. 170.00

**પ્રકાશકઃ સુનીતા ચૌધરી**
રંગદ્વાર પ્રકાશન
જી-15, યુનિવર્સિટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, અમદાવાદ - 380 009
G-15, University Plaza, Nr. Dadasahebna Pagla, Navrangpura, Ahemadabd - 380 009, India
Tel.: 079-27913344
વેબસાઇટઃwww.rangdwar.com
ઇમેઇલઃ rangdwar.prakashan@gmail.com

**મુદ્રક**
ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર રોડ, અમદાવાદ - 380 001



સર્જક પ્રીતિ સેનગુપ્તા

# સર્જક-પરિચય

અમદાવાદનાં પ્રીતિ શાહ (જ. 17 મે 1945) અંગ્રેજીમાં એમ.એ. થયાં, કોલેજમાં ભણાવ્યું ... પણ પછી ન્યૂયોર્ક જઈ વસ્યાં, પ્રીતિ સેનગુપ્તા થયાં, ને વિસ્મયપૂર્વક જ નહીં હિંમતપૂર્વક દુનિયાના અનેક દેશો-પ્રદેશોમાં ઘૂમવા લાગ્યાં -- એકલપંડે. આજે પણ એ નિત્યપ્રવાસી છે. સાવ અજાણી જગાઓએ પહોચી જવાના સાહસને પણ એમણે એકદમ સહજ રાખ્યું છે એ એમની વિશેષતા છે.

લેખક તરીકે આરંભ એમણે કવિતાથી કરેલો --‘જૂઈનું ઝૂમખું’(1882) -- પણ પછી તો સતત એમના પ્રવાસ-વર્ણનના ઘણા ગ્રંથો પ્રગટ થતા ગયા. એમાં પહેલો ‘પૂર્વા’(1986). હવે પ્રીતિ સેનગુપ્તાનાં પ્રવાસ-લેખનનાં પુસ્તકોની સંખ્યા બાવીસ થવા જાય છે.

એટલે પ્રીતિ સેનગુપ્તા જાણીતાં થયાં છે પ્રવાસ-લેખક તરીકે. એમનામાં નવું નવું જોવાનું કુતૂહલ તો ખરું જ, નવું જાણવાની જિજ્ઞાસા પણ એટલી જ. એમનાં પ્રવાસ-કથનોમાં કવિનું સંવેદન છે ને જગતના આશ્ચર્યો ખોલતું વર્ણન પણ છે. ક્યારેક એમાં ઝીણી ઝીણી વિગતોનું ગીચ આલેખન પણ છે. પ્રવાસ-રસિકો માટે તેમ જ પ્રવાસ અંગે જાણનાર માટે એમના પ્રવાસ-પુસ્તકો વાચન-યોગ્ય છે. નિબંધ (Essay) અને પ્રવાસ-કથાનક (Travelogue) વચ્ચે એ ઝૂલતાં રહે છે એની પણ એક મજા છે.



# ‘અપરાજિતા’

‘અગણ્ય દેશોમાં એકલી ફરી છું’ એમ કહેનાર પ્રીતિ સેનગુપ્તા આ પુસ્તકમાં ભારતથી આરંભીને જગતના પૂર્વ અને પશ્ચિમના અનેક દેશો-ખંડોના પ્રવાસનું આલેખન છે. સાત ખંડો (વિભાગો)માં દુનિયાના સાત ખંડો (દેશો-પ્રદેશો)ને આવરી લેતો આ ગ્રંથ એક અર્થમાં ‘વિશ્વ-પ્રવાસ’ છે-- એમની લગભગ સર્વ યાત્રાનું બયાન છે.

ખંડોના રસપ્રદ શીર્ષકો એમના અખૂટ રસને ચીંધે છે, અને આટલું બધું ફરનાર લેખકનું વિસ્મય હજુ એવું જ અકબંધ રહ્યું છે. એક જગાએ તે કહે છે : ‘ચોતરફ પર્વતો દેખાય છે -- હાર પછી હાર. વચમાં ભીનું ધુમ્મસ, અને સફેદ વાદળ’.

તો, હવે આપણે પણ એમના આ પ્રવાસમાં જોડાઈએને?



# ચરણમાં

મા સમાન શ્રીમતી બાઈજાબાઈનાં

અને

માતા શ્રીમતી કાન્તાગૌરીનાં,

જેમની સ્વર્ગીય કૃપાદૃષ્ટિના પ્રભાવે વિશ્વ-પરિક્રમાઓ દરમ્યાન મને અક્ષત અને સુરક્ષિત રાખી છે

# કેટલું બધું ચાહવું, સહેવું, કહેવું

હજીયે મને બરાબર યાદ છે કે આગળ ભણવા અમેરિકા જવા નીકળવાની હતી તેના મહિનાઓ પહેલાંથી ભારતની ભૂમિ, તેમજ એની હવા સુદ્ધાં માટે મારું મન ઝૂરવા માંડેલું. દેશ હજી છોડ્યો પણ નહોતો ને દેશ માટેના ઝુરાપાથી જીવ કણસવા લાગેલો.

આ સંવેદન હંમેશાં સાથે રહ્યું છે. જ્યારે પ્રયાણ થવા માંડ્યાં અને વિશ્વદર્શન થતું ગયું, ત્યારે અન્ય સ્થાનો માટે પણ ઝુરાપો અનુભવાતો રહ્યો. સાતેસાત મહાખંડો અને વળી ચુંબકીય ઉત્તર ધ્રુવ પર જતાં જતાં અગણિત સ્થાનો ગમતાં ગયાં. હૃદય ક્યારે નાનું ન પડ્યું એ કેવું સદ્ભાગ્ય !

ઘણી વાર એમ લાગે છે કે સ્થાનોના સ્નેહ-જટિલ વળગણમાં હું ફસાતી ગયેલી છું! જ્યાં જાઉં ત્યાં ગમી જાય, એ સ્થાન પોતાનું થઈ જાય, ઘર જેવું લાગે ને ત્યાંથી દૂર જવાનું મન ના થાય. ત્યાં ત્યાંના જીવન સાથેના સંબંધને મનોમન મેં "પર-માયા-પ્રવેશ" કહ્યા કર્યો છે. બીજા જણ જ નહીં -- બીજા સમાજ, બીજા સંસ્કારના મોહાકારમાં જાણે મારે ભળી જવું હોય છે. અત્યાર સુધીમાં જે એકસો પાંચ દેશોમાં ગઈ છું. એમાંના ઘણામાં ફરી ફરીને વારંવાર જવાનું ગોઠવ્યા જ કરતી રહી છું અને બીજા કેટલાક દેશોમાં જવાનું હજી બાકી પણ છે.

ભ્રમણની સાથે જો વાંચન અને લેખનની પ્રવૃત્તિઓ ના ભળી હોત તો જીવનમાં એક અત્યંત અગત્યનું પરિમાણ ખૂટ્યું હોત. ત્રણેક વર્ષ પહેલાં, સાતેય ખંડો પરનાં સ્વરચિત કાવ્યોનો સંગ્રહ તૈયાર કર્યા પછી હવે સાતેય ખંડો પર લખેલા નિબંધોનો આ સંગ્રહ માતૃભાષાનાં ચરણમાં ધરી રહી છું. સમગ્ર નિબંધોને કે અમુક નિબંધોના અમુક અંશોને અહીં સમાવી શકાયા છે. આમ આ સાતેય ખંડો પરના નિબંધોનો "પ્રતિનિધિ સંગ્રહ" છે.

રંગદ્વાર પ્રકાશને આમાં રસ લીધો છે તેથી આ પુસ્તકને રઘુવીરભાઈ તેમજ સુનીતા ચૌધરીનો સાહિત્યિક સ્પર્શ મળ્યો છે. શીર્ષકનો આ "બંગાળી" શબ્દ હંમેશાં ગમતો આવ્યો છે. અસંખ્ય પ્રવાસો દરમ્યાન અનેક કષ્ટ ઝીલ્યાં છે, અપમાનો (ભારતીય, એકાકી, સ્ત્રી પ્રવાસી તરીકે) સહન કર્યા છે ને છતાં વિશ્વનાં સૌંદર્યો પ્રત્યેનો સ્નેહભાવ પરાજિત નથી થયો, તે જ અર્થ અભિપ્રેત છે.

સપ્રેમ

**પ્રીતિ સેનગુપ્તા**



અપરાજિતા

# ખંડ ૧ - એશિયા

## વિભિન્નરૂપે ગોઆ

પરદેશ રહું તેથી ભારતમાં પસાર કરવાનો સમય ખૂબ કીમતી બને. ઘેર જેટલા દિવસ કાઢું તે તો ઓછા પડે જ, પણ દેશનાં અનેક સુંદર સ્થાનો જોવા જવાનું મન પણ તીવ્ર રીતે થતું રહે, કયારેક મન સંતોષાય, કયારેક નહીં; બાકી રહી ગયેલાં સ્થાનો યાદદાસ્તમાં આગળ પડતાં વસે. છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી યાદ આવી આવીને કનડયા કરતું એક સ્થળ તે ગોઆ. ભારતમાં પાસેના ને દૂરના કેટલાયે ભાગો જોયા — અમુક તો વારંવાર, પણ ગોઆ જવાનું બન્યું ન હતું. એક કવિમિત્ર હંમેશાં મને ‘સંભળાવે’ કે “તમે ગોઆ નથી ગયાં?” જાણે પોતે બીજી હજાર જગ્યાઓએ ગયા હશે!

ગોઆ જવાની મારી ઇચ્છાનું કારણ આ મહેણું જ નહોતું, પણ એનાથી ઘણું વધારે વિસ્તારિત હતું. મને ખૂંચતું એ હતું કે હું બ્રાઝિલ, મૅકાઉ ટાપુ, પોર્તુગલ — એટલે કે પોર્તુગિઝ સામ્રાજ્યનાં કેટલાંક મુખ્ય થાણાં — સુધી જઈ આવેલી, ને ભારતમાં એ પ્રજાએ લગભગ સાડા ચારસો વર્ષ જ્યાં વસવાટ કરેલો તે જ વિભાગ બાકી રહી ગયો હતો. છેવટે જ્યારે ગોઆ જવાના દિવસો મક્કમપણે જુદા કાઢ્યા, ત્યારે જ શાંતિ થઈ. ઉપરાંત, ઐતિહાસિક સંદર્ભ આ સફર માટે ઘણો ઉત્સાહ ને રસ પ્રેરતો રહ્યો.

ગોઆ એકલાં જવાનું કોઈ વિચારે પણ નહીં, કારણ કે સહેલાણીઓને માટે તો ગોઆ એટલે તો સાગરનો કિનારો, હૂંફાળું પાણી, સુંવાળી રેતી, ને મિત્રો સાથે મઝા! મને કેટલીયે સલાહ મળેલી કે હોટેલ-રૂમનું આરક્ષણ કરાવીને જ જવું, ને રહેવું તો તાજ-

ગ્રુપની ફ્રોર્ટ અગ્વાડા હોટેલમાં જ રહેવું. એવું કશું મેં કર્યું નહીં. બસ, નીકળી જ પડી — પેલા પોર્તુગિઝ કપ્તાનો ને નાવિકોનાં સાહસનાં ચિહ્નોની શોધમાં.

ડેબોળી વિમાનમથકની બહાર નીકળતાં જ જોયું કે ભૂમિ સૂકી હતી, માટી લાલ હતી, વનસ્પતિ પરિચિત હતી, ને દૃશ્ય દેખાવે અવશ્ય ભારતીય હતું. સહેજ જ ગોળાશ પડતી સાવ નીચી ટેકરીઓની વચ્ચેથી ક્યાંક થોડી ઝૂંપડીઓ દેખાઈ જતી. લગભગ ખાલી રસ્તા પર, બોલા-ચાલ્યા વગર, યુવાન ટૅક્સી-ચાલક પૂરપાટ ઝડપે ગાડી ચલાવ્યે જતો હતો. ઘણાં ઝાડ હતાં ખજૂરનાં ને ગુલમહોરનાં. પણ હંમેશ મુજબ સૌથી આકર્ષક હતો કેસૂડો. પાન વિનાની સૂકી ડાળીઓ ને એ કેસરી ઊભરાટ. અહીં આટલો બધો કેસૂડો જોવા મળશે એવો તો ખ્યાલ જ નહીં. તત્ક્ષણ રાજસ્થાન-સૌરાષ્ટ્રના ભૂમિ-ભાવ સાથે ભાવનાવેશનું સંધાન થઈ ગયું. શરૂઆત શુકનવંતી હતી, ને કદાચ એની જ અસર ગોઆમાં ગાળેલા બધા જ સમય ઉપર રહી.

મારે દૂરના દરિયાકિનારા પરની કોઈ ફૅન્સી હોટેલમાં, પાશ્ચાત્ય અભિગમવાળાં સહેલાણીઓની વચ્ચે, સૂનમૂન ને એકલવાયા થઈને રહેવું નહોતું. મારે પણજી (કે પનાજી) શહેરના તેમજ ગોઆના અંતર્ગત લોક-વિભાગોના વાતાવરણને માણવું હતું. તેથી સૌથી પહેલાં તો પણજીમાં નદીની બરાબર સામેની સાદી, પણ સ્વચ્છ એક હોટેલમાં એક રૂમ લીધો, ને પછી તરત નદી પાસે ચાલી ગઈ. આહા, કેટલો પહોળો પટ અને કેટલું ભરપૂર પાણી. આ સુંદર, સભર-સલિલા શૈવલિની તે મંડોવી. એક જમાનામાં ત્યાં દૂર દૂરથી આવતાં વહાણોની ભીડ થતી. હિન્દી મહાસાગરની વિસ્તીર્ણતા સાથે મંડોવી નદીનું મુખ જ્યાં મળે છે, તેની નજીકમાં આવતાં, અનેક મોજાંની ગતિશીલતા મારાવાળી નૌકાને ખાસ્સી ડોલાવતી રહી. ઘણો ઇતિહાસ જોયો હતો આ નદી-સાગર સંયોગે. સદ્‌ભાગ્યે મને પણ જોવા મળ્યું પ્રાચીન-પ્રતિદૈનિક, ઐતિહાસિક-સામાજિક ગોઆનું જુદું જ સ્વરૂપ.

**ઐતિહાસિક :**

ગોઆનું ભૂમિ-દૃશ્ય ભલે ભારતીય હોય પણ એનું મૂળભૂત વાતાવરણ અને એનું વિશિષ્ટ વ્યક્તિત્વ ગોઆને સાવ વિભિન્ન રૂપ આપી રહે છે. લાંબો સમય ત્યાં રહીને પોર્તુગિઝ પ્રજા પોતાનાં વલણ ને રહેણીકરણીની સ્પષ્ટ અસર આજ સુધી ગોઆનાં રહેવાસીઓ પર મૂકતી ગઈ છે, ને તેથી એ જગ્યા પણ નિશ્ચિત રીતે આગવી બની રહી

છે. પરંતુ ગોઆની ઉપસ્થિતિના ઉલ્લેખ એથી પણ પ્રાચીન છે.

એ પ્રદેશનું પુરાતન નામ ગોમન્ત કે ગોમાંચલ હતું. એમાં વહેતી ઝુઆરી નદીને કિનારે વસેલું બંદર ગોવા કે ગોવાપુરી કહેવાતું. શિષ્ટ ભાષામાં એને ગોપકપટ્ટણ કહેતા. કદાચ એમ પણ બને કે બીજી સદીમાં ઍલેકઝાન્ડ્રિયાના વિદ્વાન અને ગણિતશાસ્ત્રી ટૉલેમીએ કૂબ (કે કૌબા) તરીકે જેનો નિર્દેશ કર્યો હતો તે પુરમ્ આ ગોવા જ હોય. પછીથી પોર્તુગિઝ અધિપત્ય દરમ્યાન કોંકણનો આ આખો ભાગ ગોઆ તરીકે ઓળખાવા માંડયો. એના પુરાણકાળના સંદર્ભો પરશુરામ, કૃષ્ણ ને શિવ — કે જે ગોમન્તકેશ અને મંગેશ નામ પામ્યા છે તેની કથાઓને પણ ગોઆ સાથે સાંકળે છે.

ઇ. સ. પૂર્વેની ત્રીજી સદીમાં ત્યાં ભોજ રાજવંશ હતો. ૧૬૦૦ વર્ષ સુધી ગોમન્ત પ્રદેશમાં હિન્દુ રાજાઓનું રાજ્ય રહ્યું. ત્યારે રાજધાની ચંદ્રપુરમાં હતી. એ આજનું ચાંદોર છે. ૧૧થી ૧૩મી સદીમાં કદમ્બ રાજવંશના રાજાઓએ રાજધાની ગોપકપટ્ટણમાં ખસેડી. વેપાર-વણજ ખૂબ વિકસેલાં; ધર્મ અંગે ઉદારતા હોઈ બૌદ્ધ ને જૈન ધર્મ પણ ફેલાવો પામેલા અને ત્યાંનાં ધીકતાં બંદરો પર સુતરાઉ કાપડ, મલમલના તાકા, ચોખાની ગુણો, તેજાનાના ઢગલા, તેમજ અરબી ઘોડાઓ લઈને વહાણો નાંગરતાં. ૧૩મી સદીમાં મોગલ સામ્રાજ્યની અસરથી દખ્ખણ ને કોંકણની સાથે ગોમન્ત પણ બચ્યું ન હતું. પણ ૧૬મી સદીની શરૂઆતમાં પોર્તુગિઝ સૈન્યે મોગલ બાદશાહીને હંફાવી અને મંડોવી નદી પર વસી ગયેલા નવા, સમૃદ્ધ બંદરને પોતાની હકૂમતનું પાટનગર બનાવ્યું. એ શહેર તે "ગોઆ દુઓરાદા" એટલે કે "સોનાનું ગોઆ."

આ પોર્તુગિઝ લોકો ખ્રિસ્તી ધર્મ અતિઉત્સાહ સાથે પાળતા. હવે એમણે સરકારી દોરની સાથે ગોમન્તની પ્રજાને ધર્મપરિવર્તનની ફરજ પાડવા માંડી. હિન્દુઓને પોતાનો ધર્મ પાળવાની મના ફરમાવવામાં આવી. મંદિરો અને મસ્જિદોને તોડીને ત્યાં જ ઘણી જગ્યાએ ખ્રિસ્તી દેવળો બંધાયાં. સામ, દામ, દંડ, ભેદ જેવા ઘણા ક્રૂર નુસખા દ્વારા ખ્રિસ્તી ધર્મ ગોઆ પર લાદવામાં આવ્યો. હિન્દુઓને વટલાવવાની પ્રક્રિયા ૧૫૪૨માં જેમણે શરૂ કરી તે હતા ફ્રાન્સિસ ઝેવિયર નામના પોર્તુગિઝ પાદરી. ૧૫૬૨માં ગોઆના એક ગામમાં સૌથી પહેલો ક્રૂસ જાહેરમાં ખડો કરાયેલો અને આસપાસનાં ગામોમાં એને ઊંચકીને સરઘસરૂપે ફેરવવાના ઉત્સવની શરૂઆત થયેલી. હિન્દુ ધર્મમાં દેવોની યાત્રા કાઢવાની જે પ્રથા છે તેનું જ આ નિરૂપણ. આજે પણ ક્રૂસની આ યાત્રા ગોઆના ગ્રામ વિસ્તારમાં ચાલુ છે.

ખ્રિસ્તી :

શહેરના કેન્દ્રમાં પણજીનું મુખ્ય દેવળ હતું — ચર્ચ ઑફ મૅરી ઑફ ઇમ્માકયુલેટ કન્સેપ્શન. ટેકરીની ટોચે ઊંચું દેખાતું એ દેવળ એટલું તાદશ રીતે પોર્તુગિઝ સ્થાપત્ય શૈલીમાં હતું કે જોઈને જ હું નવાઈ પામી ગઈ. નીચેથી બે બાજુ વિભાજિત થઈને પહોળાં પગથિયાં, ત્રણ ભાગે છેક ઉપર પહોંચતાં હતાં. તાજાં જ સફેદ રંગે ધોળ્યાં લાગતાં હતાં. ઉપર વચ્ચોવચ દેવળનું અગ્રમુખ હતું. હું ઉપર ચડી. ગીચ ઝાડ રસ્તો ઢાંકી દેતાં હતાં. દૂર પહાડો દેખાતા હતા. દેવળનું મુખ્ય દ્વાર બંધ હતું. બાજુમાંનું બારણું ખુલ્લું હતું. એમાં જતાં ડાબી તરફ રહેવાના ઓરડા લાગ્યા ને જમણી તરફ દેવળમાં પ્રવેશ આપતી જાળી હતી. એ અટકાવેલી હતી, તાળું મારેલી ન હતી. દેવધામમાં પ્રવેશવું તે ગુનો ના જ હોઈ શકે, એમ વિચારી જાળી ખોલી હું અંદર ગઈ. પાછળ જ એક માણસ અંદર આવ્યો. અમે સાધારણ વિવેકથી એકબીજા સામે ડોકું હલાવ્યું. પછી એ પ્રાર્થના કરવા બેઠો ને મેં શાંતિ જાળવી. વેદી પોર્તુગિઝ રીતિ મુજબ ખૂબ સુશોભિત, સુવર્ણરંગી અને વિશાળ હતી. ઇશુના "અંતિમ ભોજન"નું સુવિખ્યાત દૃશ્ય સરસ રીતે લાકડામાં કોતરાયેલું હતું. થોડી વારે હું બહાર નીકળતી હતી ત્યારે બીજો એક માણસ પ્રાર્થના કરવા આવી રહ્યો હતો. ભક્તિની નિઃશબ્દ, અંગત આ રીત મને બહુ ગમી.

પણજીથી નવ-દસ કિ.મી. પૂર્વે "ઑલ્ડ ગોઆ" કહેવાતું ગામ છે. પોર્તુગિઝ એને "વેલ્હા ગોઆ" કહેતા ને આજે લોક-બોલીમાં એને 'ગાઁય" કહે છે. ત્યાં એટલાં બધાં દેવળ બંધાયાં કે પોર્તુગિઝ હકૂમતના જમાનામાં એ "પૂર્વ પ્રદેશનું રોમ" તરીકે જાણીતું થયું હતું. આજે પણ દેવળો સિવાય ત્યાં કાંઈ જ નથી. બસમાંથી ઊતરીને, બરાબર બપોરના તડકામાં, એ દેવળોની વચમાં હું જઈ ઊભી. ત્યાં ચ્હા-નાસ્તા ને ઠંડાંપીણાં માટેની એક હાટડી હતી ને બેએક ફેરિયા લારી લઈને ઊભા હતા. મોટાં મોટાં કમ્પાઉન્ડ બધી તરફ દેખાતાં હતાં, પણ હતાં ખાલી ખાલી. પ્રવાસીઓ બહુ નહોતાં. કદાચ મધ્યાહનનો સમય હતો તેથી.

સૌથી પહેલાં હું "બોમ જિસસની બાસિલિકા" તરફ ગઈ. અહીં બાળ ઇશુ તરીકેનું પ્રતિસ્થાપન છે. ૧૫૮૫માં બંધાઈ રહેલા આ દેવળનું અગ્રમુખ તદ્દન કાળું હતું, પણ અંદરની મુખ્ય વેદી પોર્તુગિઝ શૈલી પ્રમાણે સુંદર, સુશોભિત અને સુવર્ણરંગી હતી. ભારતની તેમજ વિદેશભરની ખ્રિસ્તી પ્રજામાં આ દેવળ એક યાત્રાસ્થાન બનેલું છે, કારણ કે એની અંદર આદ્ય ધર્મપ્રચારક ફ્રાન્સિસ ઝેવિયરના મૃતદેહ સાથેનું કફન પધરાવેલું છે.

એને માટેની રજત મંજૂષા ઇટાલિયન પાદરી માસ્ત્રેલીના કહેવાથી ૧૬૩૭માં કંડારાયેલી. એ સમયે તો એના પર રત્નો પણ જડાયેલાં. એની બધી તરફ આ ધર્મગુરુના જીવનના અગત્યના પ્રસંગો કોતરાયા છે. એની આગળ એમની રજત-પ્રતિમા ઉપસ્થિત છે. અન્ય સ્થાને એમની લાક્ષણિક કાષ્ઠપ્રતિમા છે અને દીવાલો પર એમણે કરેલા ચમત્કારો નિરૂપતાં ચિત્રો લટકાવાયાં છે.

ફ્રાન્સિસ ઝેવિયર ૧૬૨૨માં 'દેવાત્મા'નું બિરૂદ પામેલા ને ત્યારથી એમના આશીર્વાદ પામવા માટે ભક્તો દેવળમાં ભીડ કરતા રહે છે. દર દસ વર્ષે એક વાર એમના નષ્ટપ્રાણ, અતિપવિત્ર દેહાંશને હજારો ભક્તોના દર્શનાર્થે પ્રદર્શિત કરવાની પ્રથા અનેક વર્ષોથી ચાલુ રહી છે. (પણ ત્યાં મને જાણવા મળ્યું કે આ પ્રસંગ ૧૯૯૪માં છેલ્લી વાર ઉજવાશે.) દેવાત્માના દેહાંશ કપૂર કે બીજા કોઈ દ્રવ્ય વગર રાખવામાં આવેલા છે ને એ ધીરે ધીરે સંકોચાતા, ગળતા રહ્યા છે. વળી, એ એટલા સૂકા પડી ગયા છે ને જર્જરિત થઈ ગયા છે કે સહેજ પણ હલનચલન અથવા લોકોના શ્વાસોચ્છ્વાસથી એ સાવ ભાંગી પડે તેમ છે. એકસો વર્ષ પહેલાં આ દેહાંશની સ્થિતિ કેવી હતી તે દર્શાવતું એક ચિત્ર દેવાત્મા ઝેવિયરના સ્થાનકની નજીકમાં લટકે છે.

આ વિશિષ્ટ ધર્મનગર ગૉંયની મુલાકાતે નામદાર પોપ પાયસ બારમા ૧૯૫૩માં આવેલા ને એને એક સોનાનું ગુલાબ ભેટ આપેલું. તે પણ બોમ જિસસના આ દેવળમાં સાચવીને રખાયેલું છે. ખ્રિસ્તી ધર્મને લગતી કળા અને ઇતિહાસના અગણ્ય નમૂના ગૉંયમાં ઉપસ્થિત એ બધી જ પ્રાચીન ઇમારતોમાં જોવા મળે છે. કેટલુંક સારી સ્થિતિમાં છે, કેટલુંક ખોરવાયેલું પડયું છે; કયાંક સમારકામ ચાલે છે, થોડુંક તાજું ધોળાયેલું છે. પ્રસંગોપાત - ધાર્મિક ઉત્સવો દરમિયાન - ગૉંયનો આ અદ્વિતીય વિસ્તાર ભક્તિ, ઉમંગ અને લોકમેદનીથી ઉભરાતો જરૂર હશે, પણ બાકીના દિવસોમાં એનું વાતાવરણ શાંત રહેતું લાગે છે.

મેં ધીરે ધીરે, નિરાંતે બધી ઇમારતો જોઈ. જેટલું જોયું તેની બધી વિગતો વર્ણવવા બેસું તો ઘણું લખાય. દૂરના એક જમાનામાં આ પ્રદેશમાં આદિલ શાહ રાજાનાં મહેલ, મસ્જિદ ને રાંગ-બુરજો હતાં. એ બધાંની તો નિશાનીઓ પણ હવે ભાગ્યે જ રહી છે, પણ એ પછી પોર્તુગિઝ વિજેતાઓએ બાંધેલાં અસંખ્ય દેવળો, મઠ ને વિહારો, ધર્મશિક્ષણ માટેની શાળાઓ, ઉપરાંત જાહેર ઇમારતો, જેવી કે રાજ્યસભા, ન્યાયાલય, ટંકશાળ, હૉસ્પિટલ, શસ્ત્રાગાર ઇત્યાદિમાંનું પણ ઘણું આજ સુધીમાં નાશ પામ્યું છે. એક કાળની જાહોજલાલીની કલ્પના કરવી પણ મુશ્કેલ લાગે. વળી, સ્વતંત્ર ભારતમાં એવી કલ્પના

કદાચ અસ્થાને અને અનુચિત પણ બને.

રસ્તાની સામી બાજુએ ખૂબ મોટા, સરસ, ફૂલ-ઝાડવાળાં બગીચા જેવા કમ્પાઉન્ડમાં રાષ્ટ્રીય પુરાતત્ત્વ વિભાગ દ્વારા સંરક્ષિત એવી કેટલીક ઇમારતો છે. એમાં સોળમી સદીમાં બંધાયેલું "સે કેથિડ્રાલ" મુખ્ય છે. કેન્દ્રમાંની અગ્રિમ વેદી ઉપરાંત બંને બાજુ થઈને બીજાં ૧૪ નાનાં સ્થાનકો તથા વેદીઓ છે. ૭૬ મીટર લાંબા ને ૫૫ મીટર પહોળા આ મહાદેવળની ગણતરી એશિયામાંના બૃહત્તમ દેવળોમાં થાય છે. પાછલા દાદરાના સૂનકારમાં, ધગધગતા ધોળા તડકાની નીચે ફૅશન-પોષાક પહેરેલી યુવતીઓના ફોટા લેવાઈ રહ્યા હતા.

બાજુમાં દેવાત્મા ફ્રાન્સિસ ઑફ અસિસિનું દેવળ હતું. અંદરના લાકડામાંથી બનેલા સ્તંભ અને ફૂલોની કોતરણી હવે ગુલાબી રંગનાં દેખાતાં હતાં. ઉપરનો સોનેરી રંગ કયારનો ઊખડી ગયો હતો. શાંત, શીતળ એ ખાલી સ્થાન મને બહુ ગમ્યું. મેન્યુલાઈન શૈલીનું એનું મુખ્ય પ્રવેશદ્વાર એ સ્થાપત્યનું એકમાત્ર ઉદાહરણ બચી રહેલું છે. અંદર મુખ્ય વેદીની દીવાલો પર આ દેવાત્માના જીવનનાં દશ્યો, લાકડાં પર ચીતરેલાં સુંદર ચિત્રોમાં પ્રદર્શિત થયેલાં છે. કમાનવાળી એની છત પર પણ શોભાકૃતિઓ મોજુદ છે. એની આખી ફર્શ કફન-પથ્થરોથી બનેલી છે. મોટા પોર્તુગિઝ અફસરો અને અગત્યની વ્યક્તિઓને અહીં દફનાવવામાં આવેલી છે. આ બધી બાબતોની જાણ મને કે. કે. મહમ્મદ પાસેથી થઈ. ત્યાંના પુરાતત્ત્વ વિભાગના એ વડા છે. નજીકમાં જ બે નાનકડા ઓરડાના કામચલાઉ ખોરડામાં પત્ની અને દીકરી સાથે રહે છે. ખૂબ ખંત અને નિષ્ઠાથી ઘણું કામ કરી રહ્યા છે.

**હિન્દુ :**

ગોમન્તનો ઉલ્લેખ સ્કંધપુરાણ અને મહાભારતના ભીષ્મપર્વમાં જોવા મળે છે. એક કથા એવી છે કે પૃથ્વીને નક્ષત્રી કર્યા પછી પરશુરામે ગોઆની ભૂમિપટ્ટી એમણે પોતાને માટે, ક્ષત્રિય હત્યાના પ્રાયશ્ચિતનું તપ કરવા માટે રાખી. વળી, બલિયજ્ઞ કરવા માટે બ્રાહ્મણોને ઉત્તરમાંથી એમણે બોલાવ્યા. કાશ્મીર અને સરસ્વતી નદીને કિનારેથી આવ્યા હોઈ એ બધા ગૌડ સારસ્વત કહેવાયા. ગોઆમાં જ એ બધા સ્થાયી થયા અને સાંતા-દુર્ગા, મંગેશ, મ્હાલ્સા, નાગેશ, નરસિંહ, દામોદર, સપ્તકોટેશ્વર વગેરે અનેક દેવ-

દેવીઓની એમણે સ્થાપના કરી. સોળમી સદીના મધ્યકાળ દરમ્યાન પોર્તુગિઝ સત્તા તરફથી હિન્દુધર્મીઓ પ્રત્યે અત્યાચાર તથા મંદિરખંડન શરૂ થતાં ઘણી દેવપ્રતિમાઓ ફોન્ડા, ડિચોળી જેવાં દૂરનાં સ્થાનો પર ખસેડી દેવાઈ. એમાંની કેટલીક પુનઃસ્થાપિત થઈ પણ હશે. પરંતુ ગોઆના પ્રાચીન મંદિર સ્થાપત્યના મોટા ભાગના અવશેષ પોર્તુગિઝ દેવળો અને મુંબઈ-દિલ્હી જેવાં શહેરોનાં કળાલયોમાં જ હવે જોવા મળે છે. ‘ઓલ્ડ ગોઆ’ના સંગ્રહાલયમાં કેટલીક અસંભવ સુંદર કળાકૃતિઓ સચવાયેલી છે. બાકી તો, તાંબડી સુરલા નામની દરિયાકાંઠાની એક જગ્યાએ ૧૩મી સદીનું એક શિવમંદિર અખંડ અવસ્થામાં બાકી બચ્યું છે.

એક દિવસ ગોઆનાં ગામડાંમાં ફરતાં ફરતાં મેં વળી થોડી પૂછતાછ કરેલી ને એ સારું જ થયું, કારણ કે “હા, જૂનું કશુંક નજીકમાં છે ખરું”, એમ કહેવામાં આવેલું. ધૂળિયા રસ્તે ફરી બેએક વાર પૂછેલું. ગામથી દૂર, ઝૂંપડાં જેવાં થોડાં ઘરની પાછળ, નાની ગલીમાં, કાંટા-ઝાંખરાંની વચમાં, માથા વગરનો એક નંદિ પડયો હતો. કેટલાક નાના છોકરાઓ શાળાથી પાછા ફરી સૂકા જંગલમાં હજી અંદર એમના ઘર તરફ જતા હતા. મારી કે નંદિની સામે કોઈએ જોયું પણ નહીં. આજનું આ ચાંદોર ગામ તે જ ૧૧મી સદીનું પાટનગર ચંદ્રપુરી. કદમ્બ રાજાઓએ અગત્યનું શિવમંદિર અહીં બંધાવેલું. એનું આ ભગ્ન સૂચન બાકી રહ્યું. રાષ્ટ્રીય પુરાતત્ત્વખાતાએ એની પાસે હવે ‘સંરક્ષિત ખંડેર’નું એક નાનું, ઝાંખું પડી ગયેલું પાટિયું મૂકયું છે. કાળા પાષાણનો બનેલો આ નંદિ જો આખો હોત તો ઘણો મોટો ને સુંદર હોત. ૧૧મી-૧૨મી સદી પછીનાં નંદિ સ્થાપત્યો પર ઘણું વધારે સુશોભન ને અલંકારત્વ હોય છે, જ્યારે ચાંદોરના આ નંદિ પર બે જ હારમાળા કોતરાયેલી હતી. ગુજરાતના શ્યામળાજી ગામ પાસેના, ૭મી સદીમાં બનેલા નંદિની સાથે આ શિલ્પ મળતું આવે છે એમ વિદ્વાનોએ પુરવાર કર્યું છે.

ગોઆના પ્રાચીન ઇતિહાસ સાથે અચાનક આમ, ગુજરાતી ઓળખ હોઈ મારું સંધાન થતાં મનમાં હું થોડી હરખાઈ પણ ખરી!

ગોઆમાં પહેલવહેલું શાંતા-દુર્ગાનું મંદિર જોયું તેથી એનું વિરચન વિશિષ્ટ અને વિસ્મયકારક લાગેલું. પછી જોયું કે એ ગોઆનું લાક્ષણિક હિન્દુ સ્થાપત્ય હતું. અભ્યાસીઓ એને “ઇન્ડિયન ક્રિશ્ચિયન બારોક આર્ટ”ના નામથી વર્ણવે છે. એમાં મરાઠા મંદિર સ્થાપત્યની અસર છે, તે ઉપરાંત, તે સમયના ત્યાંના મુસ્લિમ અને ખ્રિસ્તી સ્થાપત્યનો પ્રભાવ પણ સૂક્ષ્મ-સ્પષ્ટ રીતે એની અંદર વણાઈ ગયો છે. આ રીતે, ગોઆનાં હિન્દુ ધર્મસ્થાનો ત્રિવિધ સ્થાપત્ય પ્રકારનો અનન્ય સમન્વય સર્જે છે.

દરેક મંદિરના સૃવિસ્તૃત પ્રાંગણને ફરતો ઊંચો કોટ હોય છે ને એના મુખ્ય દ્વાર પર નૌબતખાના હોય છે. આ દીવાલની બહારની તરફ મોટો કુંડ હોય છે. ચોગાનની વચ્ચોવચ મુખ્ય મંદિર શોભતું હોય ને બાજુમાં વૈતાળ, કાલભૈરવ જેવા લોકદેવતાનાં સ્થાનક હોઈ શકે. તે પછી બંને તરફ ધર્મશાળાના સળંગ ઓરડા બાંધેલા હોય. એમાંના બેત્રણ કાર્યાલય તરીકે વપરાય. શાંતા-દુર્ગા મંદિરના કાર્યાલય પાસે સૂચના હતી કે બધાં ભક્તોએ પૂજા નોંધાવવી અને દાન આપ્યાની રસીદ લેવાનું ચૂકવું નહીં. હોંશિયાર પૂજારી વચમાં પૈસા “ખાઈ”ના જાય તે માટેની આ તકેદારી હશે! છેલ્લે, પાછળ જમવા માટેની સગવડ હોય. દસ-બાર રૂપિયામાં જોઈએ તેટલું ભોજન મળે.

મુખ્ય મંદિરની બરાબર સામે ‘તુલસી-વૃંદાવન’ હોય. આ કયારીની મોટી બાજુઓ પર ગણેશ, કૃષ્ણ, સ્વસ્તિક, ઓમકાર વગેરે ચીતરેલાં હોય. સૌથી વધારે નવાઈ મને પૅગોડા આકારનો સ્તૂપ જોઈને થયેલી. એમાં કાંઈ ઝીણી કારીગીરી ના હોય. જાડું જાડું બનાવેલું લાગે. ઇંટોથી. સફેદ ધોળેલું હોય. છ-સાત માળ ને ઉપર નાનો ઘુમ્મટ હોય. ષટ્કોણ રચનાના દરેક માળે છ નાના ગોખલા કરેલા હોય. ઉત્સવ દરમિયાન ત્યાં દીવા મુકાતાં હશે એમ લાગે. આમાં મસ્જિદના મિનાર ઉપરાંત બૌદ્ધ પૅગોડા પ્રત્યેની અનુકરણવૃત્તિ જણાઈ આવે. થાંભલા અને કમાનોમાં પણ ઇસ્લામિક સ્થાપત્યનું પ્રતિબિંબ પડેલું હોય છે. વળી, મંદિર પર શિખરને બદલે ઘુમ્મટ હોવો તેમાં અને ત્રણ મંડપખંડની રચનામાં પોર્તુગિઝ દેવળોમાંથી પ્રાપ્ત થયેલું નિયોજન છતું થાય. દ્વાર પર જડેલાં ચાંદીનાં પતરાં પરની ચિત્રકૃતિઓનું નિરીક્ષણ કરતાં હિન્દુ, ઇસ્લામિક અને ખ્રિસ્તી — એમ ત્રણે કળા પ્રકારનાં રેખાંકન દૃષ્ટિગોચર થાય.

રામનાથ, મંગેશ વગેરે મંદિર આ જ રચના સંપુટને અનુસરેલાં છે. આગળ જતાં નરસિંહ મંદિરની સંજ્ઞા જોતાં ત્યાં જવાનું નક્કી કર્યું તે ઘણું જ સારું થયું. એકદમ વળી જઈને નાનો રસ્તો દૂર દૂર કયાંનો કયાં ગયો. આ મંદિર ન હતું કોઈ નકશામાં કે નહોતી પ્રવાસી બસો ત્યાં આવતી. પણ એ હતું પ્રાચીન અને અધિપ્રમાણિત. ચોગાનમાં પ્રવેશતાં એક નાની પાઠશાળા હતી અને મંદિર સાથે સંકળાયેલાં કુટુંબો સાથે રહેવાના થોડા ઓરડા હતા. થોડાં પગથિયાં પછી આવતો ચૉક ખાલી હતો, મંદિર સાવ શાંત હતું. બીજાં કરતાં ઘણી ઓછી ચાંદી હતી એના ગર્ભગૃહની બહાર. દીવાલો પર રંગીન ફૂલોનાં ચીતરામણ હતાં. કાગળમાંથી કાપી-ચીતરીને બનાવેલા ધજાગરા બધે લટકાવેલા. આવતી કાલે ત્યાં કોઈ ઉત્સવ થવાનો હતો. ગોઆનાં મંદિરોમાં ઉત્સવો, રથયાત્રા, સંગીત-નાટક વગેરે થતું જ રહે છે. એમાંનો એક પણ જોવાનો સુયોગ મને પ્રાપ્ત ના થયો. રાતે નવ-દસ વાગ્યે તો શરૂ થાય, તેથી એકલાં એમાં હાજરી આપવાનું શકય ના લાગ્યું.



## સીમા-સીમાંતરે

દેશ તો આપણો પોતાનો જ, પણ એના ખૂણેખૂણામાં જવું કેટલું મુશ્કેલ. ઉત્તર-પૂર્વ ભારત તો જાણે દૂરથીયે દૂર. જમીનની કેટલી નાનકડી એક પટ્ટી એ પ્રદેશને દેશના મુખ્યભાગ સાથે જોડે છે. એને માટે મરઘીની પાતળી અમથી ડોકની ઉપમા વારંવાર મને સૂઝતી રહે છે. નકશામાં જોઉં છું ને જીવ બળે છે — જાણે બહુ કૃત્રિમ રીતે દેશ સાથે આ પ્રદેશને જોડવામાં આવ્યો છે. મરઘીની ડોક મરડી નાખીએ તો તે છૂટી પડી જાય. કશુંક આવું નકશામાં જોતાં લાગ્યા કરે છે. એક રીતે બાંગ્લાદેશ ભારતના ભાગોની વચમાં ભીંસાઈ ગયો લાગે છે, તો બીજી રીતે એ કૈંક વચમાં પડતો લાગે છે. ભૂમિ એક જ છે ને લોકો પણ કયાં જુદા છે? છતાં, એ પરદેશ છે. એને કારણે ઉત્તર-પૂર્વ ભારત દેશના કેન્દ્રથી ઘણું વિખૂટું પડી જાય છે. દેશના જનસાધારણ માનસમાંથી પણ એ પ્રદેશ વિસરાયેલો રહે છે. ઉત્તર-પૂર્વનાં સાત રાજ્યોના સમાચાર આપણને બહુ સ્પર્શતા નથી, જાણે કોઈ અજાણી જગ્યાઓની વાત ના હોય! દેશ તો આપણો પોતાનો જ, પણ એ પ્રદેશ લાગે, દૂરના પર-દેશ જેવો. જો ટ્રેન દ્વારા દિલ્હીથી નીકળીને ઉત્તર-પૂર્વના વિસ્તારમાં જવું હોય તો ઓછામાં ઓછા બે દિવસ થાય. આસામનું ગુવાહાટી ઉત્તર-પૂર્વનું પ્રવેશદ્વાર કહેવાય પણ આમ તો ઉત્તર બંગાળથી જ ઉત્તર-પૂર્વ ભારતનો વિસ્તાર શરૂ થઈ ગયેલો ગણાય. દિલ્હીની સરખામણીમાં કલકત્તાથી ગુવાહાટી નજીક લાગે પણ બારસો માઈલ તો ખરા જ. મેં ભૂમિમાર્ગે નહીં જતાં કલકત્તાથી વિમાનમાર્ગે જવાનો વિચાર રાખ્યો હતો. આરંભથી જ સમય ખોટી રીતે ખર્ચાવા માંડે તો અધીરા થઈ જવાય!

કયાં કયાં જઈશ ને કેટલું ફરીશ તે મારા મનમાં પણ તદ્દન સ્પષ્ટ નહોતું પણ બત્રીસ-પાંત્રીસ દિવસે તો અમદાવાદ પહોંચી જવા ધારતી હતી. ન્યૂયૉર્કથી કલકત્તા ગઈ હતી ને ત્યાંથી સીધી જ ઉત્તર-પૂર્વ જવાની હતી તેથી આમ તો ઘેર પહોંચતાં ચાલીસ-બેતાલીસ દિવસ થવાના હતા. અગણ્ય દેશોમાં એકલી ફરી છું પણ ભારતમાં એકલાં ફરવાની ક્રિયા કોઈક જુદું જ સાહસ હોય તેમ લાગ્યા કરતું હતું. ફરવાનો કોઈ કાર્યક્રમ નક્કી નહોતો, રહેવાની કોઈ જગ્યા નક્કી નહોતી. બસ, ‘રામ-ભરોસે’ નીકળી પડવાની હતી! ભાઈ-ભાભીને કહેલું કે તાર કરતી રહીશ.

એ પ્રદેશમાં ત્યારે ખૂન જ નહીં, અપહરણ પણ ઘણાં થતાં હતાં. કર્તાએ કહી રાખેલું કે, "તારું કોઈ અપહરણ કરશે તો છોડાવવા પૈસા નહીં આપું." મેં કહેલું કે, "હું ભારતીય છું ને સામાન્ય વ્યક્તિ છું. મને કોણ ઉપાડી જવાનું છે?" પણ ખરેખર જો કાંઈ થાય તો બધી મજાક ભૂલી જવાય. તદ્દન નિર્દોષ લોકો પણ કયાં હેરાન નથી થતા? પણ, "હિંમતે જનાના, તો મદદે સરકારે-મદિના" એ મારો સ્વ-રચિત ગુરુમંત્ર છે અને તે સાચો પણ પડતો રહે છે.

સૌથી પહેલાં હું મણિપુર જવાની હતી ને પછી જ્યાં જવાશે ત્યાં જઈશ ને છેલ્લે ગુવાહાટી અથવા બાગ્દોગરાથી દિલ્હી પહોંચી જઈશ — એવો સાધારણ ખ્યાલ હતો. ઉત્તર-પૂર્વમાં પ્રવેશ અને એની વિદાય વિમાનમાર્ગે કરવા ધાર્યું હતું. ત્રિપુરા અને મિઝોરમ — એ બે રાજ્યો પહેલેથી જ રહેવા દીધાં. કેટલો લોભ કરું? ને "કશું બાકી તો રાખવું જ, જેથી નજર ના લાગે." એમ હું મજાકમાં કહેતી પણ હતી.

જતી ગઈ તેમ તેમ રસ્તા આગળ લઈ જતા ગયા ને એમ કરતાં એવું સરસ ફરી કે મન સંતુષ્ટ થયું. મણિપુર, નાગાલૅન્ડ, અરુણાચલ પ્રદેશ, આસામ ને મેઘાલય તો થયાં જ, પણ ભુતાન અને સિક્કિમ પણ થયાં. ને છેલ્લે ઉત્તર બંગાળ પણ ગઈ.

કોઈ પાસે બહુ માહિતી હોય જ નહીં. ટૂરિસ્ટ ઑફિસોમાં તો જાણે કોઈ કશું જાણતું જ ના હોય. ગુવાહાટીની ઑફિસમાં ચાર-પાંચ છોકરીઓ બેઠી બેઠી વાતો કરતી હતી. બેએક કશુંક ગૂંથતી હતી. હું પૂછવા ગઈ તો એક તો ખૂબ ગુસ્સે થઈ ગઈ. કહે, "અમે તમને શહેરની ટૂરિસ્ટ માટેની જગ્યાઓ વિષે કહીએ. જો લાઈબ્રેરી કયાં છે ને મ્યુઝિયમ કયાં છે તે જાણવું હોય તો ઑફિસર પાસે જાઓ." એટલે કે એને પોતાના શહેરની જ ઓળખાણ નહોતી ને નહોતો એને પોતાના કામમાં સાચો રસ.

આ તો ઊગતા સૂર્યની ભૂમિ, ઉદયગિરિનું પ્રકાશોજ્જ્વળ લલાટ, પણ આ ધરતી સરહદોથી બંધાયેલી છે, જાણે રૂંધાયેલી છે. સરહદના વાતાવરણનો આપણને ખ્યાલ નથી, જોકે ગુજરાત ને રાજસ્થાનને અડીને પાકિસ્તાનની સરહદ ખરી. છતાં પશ્ચિમ ભારતમાં રહેતા આપણને સરહદી ભીંસનો બહુ અનુભવ નથી હોતો. ઉત્તર-પૂર્વનાં રાજ્યોની ભૌગોલિક સ્થિતિ ખાસ્સી જુદી જ છે. એમની કિનારીઓ ઉપર બીજા દેશો ઝળુંબે છે. ત્રિપુરા તો બાંગ્લાદેશની કૂખમાં જ છે. મેઘાલય આસામની કૂખમાં ગોઠવાયેલું

છે. એ બંને રાજ્યો અને બંગાળ પણ બાંગ્લાદેશને અડીને છે. મિઝોરમ, મણિપુર અને નાગાલૅન્ડની પછીતે બર્મા આવેલું છે. અરુણાચલનો વળાંકવાળો પ્રદેશ બર્મા ઉપરાંત તિબેટી ચીનની બાથમાં છે.

આ સ્થિતિની ગંભીરતા અનેકવિધ છે. બાંગ્લાદેશમાંથી સરહદી છીંડાં વાટે નિરાશ્રિતોનો ધસારો રહે છે, તો બર્મામાંથી કૅફી પદાર્થો, શસ્ત્રો વગેરે ગેરકાનૂની ચીજો ભારતમાં આવે છે. ચીનના આક્રમણનો ભય તો આ સીમાન્તે ખરો જ. કેન્દ્ર સરકાર માટે આ એક તીક્ષ્ણ ધારવાળું, માથા પર તોળાયેલું ખડગ છે. ચીનને ભારતમાં ઘૂસી જતું અટકાવવા તો સિક્કિમને ભારતે કબજે કરી લીધું. સિક્કિમમાં હજી રાજકુટુંબ છે પણ રાજનૈતિક અને ભૌગોલિક રીતે તે ભારતનો ભાગ છે. ન્યૂયૉર્કમાં મને સિક્કિમની રાજકુમારી મળી ગઈ હતી. સિક્કિમની સ્વતંત્રતા માટે એ પૈસા — એટલે કે ફાળો ભેગો કરે છે. પોતાને એ ભારતીય નથી ગણતી. મોઢું બગાડીને મને કહે કે, “તમે ઇન્ડિયનોએ સિક્કિમને જે રીતે પડાવી લીધું તે જરાયે સારું નથી કર્યું.”

ભારતમાં ભ્રમણ કરીએ તેમ ભારતની વાસ્તવિકતા છતી થતી જાય. સરહદી વાસ્તવિકતાના સ્વાદ માટે તો આપણે તૈયાર જ ના હોઈએ. હું તો નહોતી જ. મણિપુર પહોંચી એના બીજે જ દિવસે એનો સહેજ સ્વાદ પામી. હું ભારતમાં જ હતી અને ભારતીય હતી. તેથી નિઃશંક થઈને, નિર્ભય રીતે ઇમ્ફાલમાં ફરતી હતી. એ સવારે કાંચીપુર જવા બસ લીધી. મણિપુર યુનિવર્સિટી આ વિસ્તારમાં છે. શહેરથી પોણો કલાક-કલાક દૂર. ત્યાં એક મંદિર પણ છે એમ કોઈએ મને કહેલું. બસમાંથી ઊતરીને જમણી બાજુના રસ્તે ચાલવા માંડી. ગવર્નર મુલાકાતે આવવાના હતા. તેથી બે-ચાર પોલીસ પહેરો ભરતા હતા પણ કોઈને કશું પૂછતા નહોતા. યુનિવર્સિટીનાં મકાનો અહીં છૂટાંછવાયાં છે. બધે ઘાસ ઊગી ગયેલું જણાય. વધી ગયેલા ઘાસવાળી અવાવરુ બાગ જેવી એક જગ્યાની વચમાં ટોપી વગરના નહેરુનું અર્ધદેહી પૂતળું છે. એની સામે પણ કોઈ જોતું લાગતું નથી.

દૂર પહાડો દેખાતા હતા. મંદિર પણ એક ટેકરી પર હતું. ચડવાનો રસ્તો બહુ કઠિન કે લાંબો નહોતો. લગભગ ઉપર આવી ગઈ હતી. છેલ્લો ઢાળ ચડવામાં હતી, ત્યાં અચાનક ઊંચું જોયું તો આર્મિનો માણસ ઉપરથી મને જોતો હતો. થોડાં પગલાં ભર્યાં પછી બીજો સંત્રી દેખાયો. એણે મને પૂછ્યું, “કયાં જવું છે?” બને તેટલા સ્વાભાવિક અવાજે મેં કહ્યું, “મંદિરે”. એ પહેલાને પૂછવા ગયો. એણે રજા આપીને હું ઉપર ચડી. નાના ઓરડા જેવાં બે મકાન હતાં. એમાં આ સૈનિકો ઊઠતા-બેસતા હશે. વર્ષોથી અહીં આ નિરીક્ષણથાણું છે ને છ-આઠ જણ હંમેશાં અહીં ડ્યુટી પર છે એમ પહેલાએ મને કહ્યું. એ

ઉપરી જેવો હશે. મારા પર નજર રાખતો ગયો ને પાછળ પાછળ ફરતો ગયો.

મંદિર નાનકડું છે. બહાર સરસ ફળો ઉગાડયાં છે. ચારે બાજુ પહાડ દેખાય છે ને દૂરની જમીન તાજી લીલી છે. શાંતિથી થોડી વાર બેસાય એવી જગ્યા છે. મંદિરમાં દેવદેવીના સામાન્ય ફોટા અને રમકડા જેવું નાનું, નવું એક શિવલિંગ છે. જાણે ભગવાનનું તો બહાનું. ઉપરથી આ 'જવાન'ની ઝીણી નજરના પરીક્ષણનો ભોગ બનવાનું.

મને ઘણા પ્રશ્નો પૂછયા : "કયાંથી આવો છો? એકલાં છો? ઇમ્ફાલમાં ઊતર્યાં છો?" પછી કહે, "અહીં આવવાની પરમિટ લીધી હશે ને?" ગભરાયા વગર, આત્મવિશ્વાસથી મેં કહ્યું, "હા, નાગાલૅન્ડ જવાની પરમિટ લઈ લીધી છે." વધારે પ્રશને અટકાવવા હું જવા માંડી તો પેલો કહે, "આ બૅગમાં શું છે?" મેં કહ્યું, "જોવું હોય તો જોઈ લો." એ તોછડાઈથી બોલ્યો, "જતાં પહેલાં સંત્રીને બતાવી દેજો." નાનો ખભાથેલો હતો. એમાંની વસ્તુઓ સંત્રીએ થોડી ઉથલાવીને જોઈ લીધી. હું નીચે ઊતરવા માંડી. આંખના ખૂણામાંથી જોયું તો ભેખડ પરથી ત્રણ જણા મારી પીઠને તાકી રહ્યા હતા.

કેવું લાગે? એકલી સ્ત્રી એટલે જ જાણે શંકાસ્પદ. બહુ વિચિત્ર ભાવ થયો આ બનાવથી. જાણે કશી હલકી નજરથી મને જોવામાં આવી કે પછી હું બચી ગઈ?

ભારતની સીમા પરના સૈનિકો કેટલું કઠિન જીવન જીવે છે ને કેટલી મુશ્કેલીઓ વેઠે છે તે સિક્કિમમાં જોવા મળ્યું. સાડા બાર હજાર ફીટની ઊંચાઈ પર છાંગું નામનું તળાવ છે. ચીનની સરહદથી એ દસેક જ માઈલ દૂર છે ને નકશામાં એની કોઈ દિશા બતાવાતી નથી. આ અત્યંત આરક્ષિત વિસ્તાર છે. સિક્કિમ પ્રવાસખાતાની જ મિનીબસ પ્રવાસીઓને ત્યાં લઈ જાય છે. ફોટા પાડવાની તો શું પણ ત્યાં કૅમેરા લઈ જવાની પણ સખત મનાઈ છે. મિનીબસમાં કોઈ પાસે કૅમેરા રહી ગયો હોય તો નથુલા ચેક-પોઈન્ટ પર તે મૂકી દેવો પડે છે.

એમ તો ગાન્તોકથી બે-ત્રણ માઈલ દૂર જતાં જ લશ્કરી વિસ્તાર શરૂ થઈ જાય છે. પહાડોના ઢોળાવ પર નાની નાની અનેક પતરાંની બનાવેલી કૅબિનો દેખાય છે. પરિસરમાં ભળી જાય તે માટે એમને કથ્થઈ ને લીલા રંગે રંગવામાં આવી છે. વીજળી પણ ત્યાં હોય એમ લાગ્યું નહીં. આટલી ઊંચાઈની ઠંડીમાં, થીજાવી દેતા વરસાદ કે બરફમાં આ 'જવાનો' હૂંફ કઈ રીતે પામતા હશે?

ચોતરફ પર્વતો દેખાય છે. હાર પછી હાર, વચમાં ભીનું ધુમ્મસ અને સફેદ વાદળ, સુંદર, સ્વપ્નવત્ દશ્ય છે. નીચે ગાન્તોકમાં સવાર સ્વચ્છ ને સૂર્ય સ્પંદિત છે. થોડી વાર કાંચનઝાઁગા અને સિનિઓલ્ચુનાં મહાશિખરો દર્શન આપી રહે છે. પછી દસ હજાર ફીટ પર બધું સૂકું, પાષાણમય ને રુક્ષ બની જાય છે. રસ્તાની એક તરફના ઢોળાવો પર હલકો બરફ પડેલો છે. અડધા દિવસની સફર માટે જગ્યા સારી છે. વસવા માટે ને ફરજ બજાવવા માટે બહુ દુષ્કર છે.

છતાં, દસ હજાર ફીટ પર થાગુ ગામે એક સરકારી પ્રાઈમરી શાળા છે. શાળા એટલે એક નાનું, પતરાંનું બનાવેલું ઝૂંપડા જેવું મકાન. ચીનની સરહદથી આ જગ્યા પાંચેક જ માઈલ દૂર છે. છાંગુ તળાવ બહુ મોટું નથી, પણ કેટલું ઊંડું છે તે કોઈ જાણતું નથી ને તેથી એ પવિત્ર-પૂજનીય બને છે. એની આસપાસ લોકવાયકા વણાય છે. જેમ કે એના તળિયે એક સુવર્ણમંદિર છે, આમાં સતત પાણી આપોઆપ વહ્યા કરે છે વગેરે. કિનારાની એક તરફ બધા જ હોદ્દાના સૈનિકોએ ભેગા થઈને બનાવેલું મકાન છે.

સિક્કિમ આવતાં ઘણી જગ્યાએ ‘સ્વસ્તિક’ શબ્દ વાંચેલો ને આકૃતિ જોયેલી. એનો ભાવાર્થ શું છે તે તો ‘હૅડક્વાર્ટર્સ સ્વસ્તિક’ની સંજ્ઞા વાંચી ત્યારે સમજાયો. સિક્કિમમાંની લશ્કરી કાર્યવાહીના કેન્દ્રનું આ નામ છે. પછી તો ‘સ્વસ્તિક’નું ગૌરવ કરતાં ઘણાં સૂત્રો વાંચ્યાં. “સિક્કિમ કા નારા, સ્વસ્તિક પ્યારા”; “સિક્કિમ કા નામ, સ્વસ્તિક કા કામ”; “સિક્કિમકી શાન, સ્વસ્તિકકા જવાન”; “શાન-એ-સિક્કિમ : સ્વસ્તિક”; “સિક્કિમ બ્યુટી, સ્વસ્તિક ડયુટી” અને “સુમંગલ સ્વસ્તિક” ઇત્યાદિ. સતત વળતા જતા રસ્તા પર બાંધેલી અને ઢોળાવોને સરકી પડતા અટકાવવા માટે બનાવેલી નીચી દીવાલો પર થોડે થોડે અંતરે, દેશાભિમાન વધારવા માટે મૂકેલાં આવાં સૂત્રો આવ્યાં કરતાં.

દેશની સીમાઓની રક્ષા કરવી તે સહેલું કામ નથી. લશ્કરી વાસ્તવિકતા સરહદી પ્રાંતોમાં જ જોવા મળે ને જોઈને થાય કે આપણા બહાદુર, મહેનતુ, ધ્યેયનિષ્ઠ ‘જવાનો’ પ્રશંસા અને સન્માનને પાત્ર છે. હંમેશાં.



# આનંદે એકાકી

હંમેશાં એક પ્રશ્ન પૂછાતો રહેતો હોય છે : “એકલાં કેમ ફરો છો?” સંતોષકારક જવાબ જાણે આપી નથી શકતી. પૂછનારાં શું સાંભળવા માગતાં હોય છે તે કોણ જાણી શકે? પૂછવા પાછળ મારી ચિંતા હોય છે ખરી? કે કેવળ કુતૂહલ?

એકલી પ્રવાસ કરતી હોઉં એટલે વિચાર કરવાનો બહુ સમય મળે. વિચારો પણ સારા જ આવે. ઉત્તર-પૂર્વમાં ફરતાં એક સવારે, અચાનક, મારા એકલાં ફરવાનું કારણ દર્શાવવા સરસ શબ્દો સૂઝ્યા! હું એકલી હોઉં ત્યારે આનંદમાં હોઉં છું, મનને ગમે તેવી ક્ષણો પસંદ કરવા મુક્ત હોઉં છું. એવી ક્ષણો જેનાથી હું એક ક્ષિતવિહીન ચિત્ર બનાવી શકું. આ ખરેખર તો અનિંદ્ય પરિપૂર્ણતા માટેનો પ્રયાસ છે એમ હું માનું છું. કદાચ હું સામૂહિક અવ્યવસ્થા અને મિથ્યાચાર સહી શકતી નથી. સફર પર નીકળું ત્યારે મારા મનની એક જરૂરિયાત હોય છે — ઉતારા માટે ચોખ્ખો એક રૂમ. જેમાં દિવસે થોડો સૂર્યનો પ્રકાશ સરી આવતો હોય. બસ, પછી એ મને રૂંધતો નથી. રાત પડયે કલાકોના કલાકો એકલા ગાળતાં અકળામણ થતી નથી. પણ એ મારું નાનકડું જગત બની જાય છે કે જ્યાં શાંતિ હોય, પ્રસન્નતા હોય, સામંજસ્ય અને વ્યવસ્થિતતા હોય. પછી ‘હું કોણ છું ને કયાંથી આવું છું?’ના સંદર્ભો મારા મનમાંથી લગભગ ભુલાઈ જાય છે અને તે વખતે હું જ્યાં હોઉં છું ને તે સ્થાનમાં ઓતપ્રોત થઈ જાઉં છું. આ નાનકડા જગતમાં હું સંવાદિતા અનુભવું છું. સ્વચ્છતા, સુરક્ષિતતા અને જીવતાં હોવાનો આનંદ અનુભવું છું.

આ સંયોગો અને સંવેદનો પછી મને વાસ્તવિક વિશ્વ સાથેની મુલાકાતો માટે આશા આપે છે, શક્તિ આપે છે. અંદરનું જગત બહારનાથી પોષાય છે અને બહારનું જગત અંદરનાને કારણે સહ્ય બને છે.

દરેક જગ્યાએ રૂમનું પૂછવા જવું સહેલું નહોતું. ‘એકલી સ્ત્રી અહીં શું કરે છે?’ જેવા સંદેહાત્મક ભાવ દરેકના મોઢા પર દેખાઈ જાય. પૂછે, “કેવો રૂમ જોઈએ છે?” હું કહું, “સિંગલ રૂમ.” ને તોપણ પૂછે, “પાર્ટીમાં કેટલા જણ છે?” સિંગલ રૂમ માગનારાંની પાર્ટીમાં કેટલા જણ હોય? કયાંક પૂછે, “ઔર કોઈ નહીં હે?” એક જગ્યાએ પૂછ્યું, “ઔર કોઈ બાદમેં આયેગા?” બેએક વાર મને લાગ્યું હતું કે એકલી છું તેથી કદાચ ઓરડો આપશે જ નહીં કે શું? ગુવાહાટીથી સિલિગુડી જતી રાત્રી બસની ટિકિટનું પૂછવા ગઈ ત્યારે એક એજન્ટે તો કહી જ દીધું હતું કે, “એકલી પ્રવાસ કરતી સ્ત્રીને અમે ટિકિટ ના આપીએ.” “બે ટિકિટ ખરીદું તો?” પૂછી મેં એને ચૂપ કરી દીધેલો.

આટલા બધા દિવસ જાતજાતની જગ્યાએ ફરી પણ સદ્ભાગ્યે 'ખરાબ' કહેવો પડે એવો કોઈ બનાવ બન્યો નહીં. બે વાર અડધી રાતે મારા રૂમનાં બારણાં ઠોકાયાં હતાં ખરાં. પહેલી જ રાતે ઇમ્ફાલમાં દારૂ પીધેલા કોઈ પુરુષે જોરજોરથી મારું બારણું ખખડાવ્યું હતું, બેલ દબાવ્યા કરી હતી ને "ખોલો, ખોલો"ના ઘાંટા પાડયા કર્યા હતા. સવારે મેં હોટેલ બદલી નાખી હતી. સરસ રૂમ અને વાતાવરણ પણ ત્યાં મળ્યાં હતાં. ભુતાન જવાની આગલી રાતે સિલિગુડી રહેવું પડેલું. એ તો ઉત્તર બંગાળ ને બંગાળીની હોટેલ. ત્યાં એક ગુજરાતી ગ્રુપ પણ ઊતર્યું હતું. અડધી રાતે કોઈએ બારણું ખખડાવ્યું હતું ને ઉઘાડવા ખૂબ વિનંતી કરી હતી. પોતે હોટેલનો જ માણસ હતો ને મારું એક જ મિનિટનું કામ હતું એમ એણે કહ્યા કર્યું હતું. અજાણી જગ્યાએ, અડધી રાતે મારું કોઈને શું કામ હોય? મેં એને કડક અવાજે જતાં રહેવા ને સવારે વાત કરવા કહ્યું. છેલ્લે એ કહે, "દીદી, ખોલતાં ડર લાગે છે?" અરે, ડર ના લાગે પણ એટલે શું મારે ખોલવાની મૂર્ખામી કરવાની? વહેલી સવારે હું ભુતાન જવા નીકળી ગઈ હતી.

મિત્રોને આ વાત કરતાં અમદાવાદમાંએ બધી ગભરાઈ હતી. મને પૂછે, "તને બીક ના લાગે?" મેં કહ્યું, "બીક તો નહોતી લાગી." એક બહેનપણી કહે, "બારણું તોડી નાખે તો?" મેં કહ્યું, "હા, એ વિચાર મને નહોતો આવ્યો."

ઉત્તર-પૂર્વમાં ફરતાં એટલું તો જરૂર લાગ્યું કે ભારતીય સ્ત્રી માટે ભારતમાં એકલાં ફરવું તે લોઢાંની કરચો ફક્ત ચાવવા જેવું જ નહીં પણ પચાવવા જેવું છે. મને થયું કે આ રીતે ફરવામાં હિંમતથી પણ વધારે જરૂર મક્કમ નિર્ધારની છે. "આ પ્રદેશ જોવો જ છે ને જ્યાં જવાય ત્યાં જવું જ છે." આ અવિચળ નિર્ણય ને નિષ્ઠા સાચેસાચ જે સ્થાનપ્રેમી હોય તેનામાં હોવાં જ જોઈએ. આખા ભારતના સામાજિક અને સાંસ્કૃતિક માનસ માટે ભ્રમણ-પ્રિય એકાકી નારી કોઈ વિચિત્ર ઉપસ્થિતિ છે. કદાચ મતિભ્રમવાળી પણ. એના સાહસને, સંવેદનોને, એના જીવનાનંદને, નિજાનંદને નવાજનારાં કેટલાં?

મિરિક, ઉત્તર બંગાળથી બાગદોગરા ને ત્યાંથી વિમાનમાર્ગે દિલ્હી જવાની હતી તે છેલ્લી સવારે સરસ ઉતારાના માલિકે ચોપડામાં લખવા માટે નામ પૂછયું. અમે બંને વાતો બંગાળીમાં કરતાં રહેલાં પણ નામ કહ્યું ત્યારે મેં પરણ્યા પહેલાંની ગુજરાતી અટક કહી. બંગાળી અટક સાંભળી ફરી પ્રશ્નો શરૂ થઈ જવાની બીક હતી અને જવાબ આપી આપીને હું ગળે આવી ગઈ હતી! જે પહેલેથી કરવું જોઈતું હતું તે મેં છેક છેલ્લે દિવસે કર્યું!

ગાન્તોકમાં એક ગુજરાતી કુટુંબ મળેલું. માબાપ ને બે યુવાન પુત્ર. મુંબઈનાં હતાં. મેં મારું નામ કહ્યું પણ અટક વગર. પણ એમણે અટક પૂછી ને જાણ્યા પછી ઓળખી પણ ખરી. એ મારાં વાચકો હતાં ને ખૂબ ખુશ થયાં. મેં એમને મારા પરદેશવાસનો ઉલ્લેખ નહીં કરવા વિનંતી કરી. એક આઈ. આઈ. ટી. મુંબઈમાં ભણતો યુવાન મળેલો. હું પરિણીત છું ને એકલી ફરી રહી છું — એમ સાંભળીને 'હું બહુ દુઃખી વ્યક્તિ છું.' એમ સમજવાની ભૂલ/મૂર્ખતા/અણસમજ એ તરત જ કરી બેઠો. તે પછી એના ઘણા પ્રશનેના જવાબ આપ્યા. સાચી વાત પણ કરી દીધી પણ એનો મત બદલી શકી કે નહીં એની ખાતરી નથી!

ઉત્તર-પૂર્વમાં બસમાં એટલું બધું ફરી ને એટલી બધી બસો લીધી કે મને થતું હતું કે સમયને જ જાણે પૈડાં લાગી ગયા છે અને મારા દિવસો જાહેરવાહન બની ગયા છે! બસમાં બાજુમાં બેઠેલી વ્યક્તિ સાથે વાતચીત કે સહેજ સ્મિતની આપ-લે કરવાનો નિયમ મારા મનુષ્યવાદે રખાવ્યો છે. કાંઈ જાણવા પણ મળે, સમય વીતે, સ્થાનનો સંપર્ક થાય ને મારો વર્તાવ મનુષ્યને અનુરૂપ રહે. આ જાહેર બસોની ભીડ અને ઘેટાંની જેમ ભરાતાં ઉતારુઓની દશાની વાત કરવા જાઉં તો ઘણી લાંબી થશે. અગવડો સહન કરતી રહી ને સરસ દૃશ્યની ક્ષણો માણતી રહી. ભીડવાળી એક બસમાં માબાપ સાથે બે મીઠાં છોકરાં ચડયાં. છોકરી આઠ વર્ષની હશે ને છોકરો છએકનો. બંનેની ત્વચા ઘેરી હતી. મેં છોકરીને ખોળામાં લીધી. પાતળી ને સુંદર. એણે પીળું ફ્રોક પહેર્યું હતું. એને એકાદ-બે બટન નહોતાં. વાળને બે સરસ પોનિટેઈલમાં બાંધેલા. એની ઘેરી ત્વચા પર પાવડર હતો, આંખોમાં આંજણ હતું. નામ પૂછયું તો કહે, “શ્રીમતી રૂપામણિ મિયા.” “રૂપાવતી?” મેં ફરી પૂછયું “ના રૂપામણિ.” બંગાળ-આસામ વગેરે વિસ્તારમાં 'શ્રીમતી' નારીત્વના માનસૂચક અર્થમાં વપરાય છે. ભાઈબીજનો દિવસ હતો ને એ બાલિકા મામાને ત્યાં જમવા જતી હતી.

આવું મિષ્ટ કે શિષ્ટ કોઈ મળી જાય તો ગમે. એક બસ-સફર વખતે બાજુવાળા માણસે પ્રશને તો પૂછયા પણ એક પ્રશ્ન વારંવાર પૂછતો રહ્યો : એકલાં કેમ? એકલાં કેમ? છેવટે કંટાળીને મેં કહ્યું, “ભાઈ, કેવળ પ્રવાસના હેતુથી. કેટલી વાર પૂછવાનું?” ત્યારે એ ચૂપ થયો.

ઉત્તર-પૂર્વનાં આ વિરોધ, વેર અને વૈવિધ્યસભર રાજ્યોમાં ફરતાં મેં મને એક પ્રશ્ન કર્યો : “શું સાંધે છે આ સર્વ રાજ્યોને? શું સર્વસામાન્ય સૂત્ર છે આ પ્રદેશમાં?” જે નોંધ્યું હતું તે જવાબ થઈને આવ્યું : “હિન્દી સિનેમાનાં ગીતો.” આમાં થોડો કટાક્ષ છે ને જરા

શોક પણ. કારણ કે નિજી સંસ્કૃતિ માટે આ રાજ્યો લડી રહ્યાં છે તે આ નથી. વળી, હિન્દી સિનેમાએ ભારતની જનતાને સ્ત્રીઓ સામે જોવાની એક નજર આપી છે, જેમાં અશ્લીલતા છે, અપમાન છે, કશી હીનતા છે, સન્માન નથી.

આદર્શવાદ ને આધ્યાત્મિકતાના કોઈ એક સ્તરે એ જવાબ પણ મળ્યો કે ભારતમાં પ્રયત્નપૂર્વક, સ્નેહપૂર્વક ફરતી ભારતીય વ્યક્તિ — હું — એ સૂત્ર છે જે શિખરથી સાગર સુધીના પ્રદેશોમાં પ્રવર્તે છે.



## પાટણની પ્રભુતા

કાઠમંડુથી પાંચેક કિ.મી. દક્ષિણ-પૂર્વે, બાઘમતી નદીને દક્ષિણ કિનારે પાટણ નામનું નગર આવેલું છે. એને લલિતપુર પણ કહે છે ને નેપાળના અનેક કલાકારો પાષાણ, ધાતુ, કાષ્ઠ વગેરે ક્ષેત્રે આજે પણ ત્યાં વસી રહેલા છે. જર્જરિત બૌદ્ધ સ્મારકો તથા હિન્દુ સ્થાનકોનું પ્રાચુર્ય નગરમાં જોવા મળે છે. સ્થાનિક લોકો તો ત્યાં ચાલતા પણ પહોંચી જાય છે, પણ હું બસ લઈને ગઈ — વારંવાર ગઈ. નગરને દરવાજે ઊતરી જવાનું ને પછી ગલી-કૂંચી, ચોક ને ચૌટામાં થતાં થતાં પૂછતાં પૂછતાં કેન્દ્ર આવી જાય!

કાલ અને આજની વચ્ચેનો તફાવત ઘણી રીતે મને દેખાતો રહ્યો. રસ્તે જતાં જ્યાં લીલુડાં ખુલ્લાં ખેતર હશે ત્યાં મકાન થયાં હતાં, જેમાંનાં કેટલાંય એટલામાં તો તૂટયાંફૂટયાં જેવાં થઈ ગયાં હતાં. જ્યાં ધૂળ ભરેલી કેડીઓ પણ માંડ હશે ત્યાં, એવા ઘરની જેમ જ, ઉતાવળે કાચા-પાકા બાંધેલા રસ્તાઓ પર અનેક મોટરો અને બસો હરીફાઈમાં ઊતરી હોય તેમ દોડી રહી હતી.

સદીઓથી જે નેપાળી કળા તથા કળાત્મક સ્થાપત્યોનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે તે પાટણ છેલ્લાં થોડાં વર્ષ દરમિયાન વિદેશી પ્રવાસીઓની આવનજાવન વધતાં ઘણું બદલાઈ ગયું હશે તે તરત દેખાઈ આવે. જોવાનું તો હજી ઘણું છે ને રસ કંઈ ખૂટે તેમ નથી — નાની ગલીઓમાં જતાં હો ને એક ચૈત્ય અચાનક દેખાઈ જાય જે મોટે રસ્તેથી નજરે પડે ના

પડે ને સાંકડી, અંધારી, ઇંટના જૂનાં ઘરોને ફરતે અડીને જતી શેરીઓ હજી ખૂબ અચંબો પમાડી રહે છે, છતાં વધુ ભાગે પાટણ પોતાનું પ્રાચીન ગૌરવયુક્ત સ્વરૂપ ગુમાવી બેઠું છે.

ધનિક નેપાળીઓ પોતાના જૂના, લાક્ષણિક નિવાસોમાં પાશ્ચાત્ય ઢબનાં સ્નાનગૃહો તથા અન્ય આધુનિક સુવિધાઓ ઉમેરી રહ્યાં છે. ગરીબ લોકો એક કે બે ઓરડાવાળાં રહેઠાણો દ્વારા જીવન ચલાવી રહે છે. રાણાઓએ ફ્રેંચ ને ઇટાલિયન જેવી યુરોપી શૈલીમાં બંધાવેલા વિશાળ, બહુકક્ષ મહાવાસો આજે સ્વકેન્દ્રિત અને અહંકારી લાગે છે. એમની દીવાલો સફેદ અને બધી બારીઓ ઘેરી લીલી રંગેલી છે તથા લગભગ બધા આજે તો સરકારી કાર્યાલયો તરીકે વપરાય છે.

જો પાટણમાં પ્રાચીન, પ્રમાણભૂત, લાક્ષણિક, કળા-ખચિત દર્શન કયાંય સૌથી વધારે પ્રમાણમાં અને સૌથી સરસ રીતે રહ્યું હોય તો તે દરબારચોકમાં છે. શિવ, કૃષ્ણ અને ભીમસેન કે જે વેપારીઓના આરાધ્ય દેવ ગણાય છે — તેમનાં મંદિરોનાં ઊંચાં, કળાત્મક, ઢળતાં છાપરાં આકાશને સુશોભિત કરતાં લાગે છે. ચોતરફ લાકડાંની કોતરણી, શિલ્પો, કોતરેલાં છજાં ને થાંભલા, છાપરાંના ઢાળે ઢાળે લટકાવેલી ઘંટડીઓ ને સૌથી ઉપર ધાતુનાં સોનેરી જેવાં શિખર. ચોકમાં આજુબાજુ જૂની-નવી વસ્તુઓ વેચતી દુકાનો છે, જેમની ઉપરના માળે કેટલીક રેસ્ટોરાં થયેલી છે. એકાદની અગાશીમાં બેસીને શાકાહારી ‘મોમો’ ખાવાની, મંદિરોને નિહાળવાની અને નાગરિક જીવનનું અવલોકન કરવાની મજા અનોખી!

ચોકમાં જડેલા પથ્થરો પર કપડું પાથરીને જાતજાતની વસ્તુ વેચવા બેઠેલાં વેચનારાઓની આસપાસ સ્થાનિક લોકો ટોળે વળે. લાલચટક ને ફૂલગુલાબી જેવા ઘેરા, ખૂલતા રંગોના શોખવાળી સ્ત્રીઓનાં સેલાં ઊડીને આંખે વળગે. એમની સેંથીનું સિંદૂર, કપાળમાંનો ચાંદલો, ગળામાંની કીડિયાંની કંઠી અને હાથ પરની કાચની બંગડીઓ — એ બધું પણ લાલચટક જ હોય. ત્યાં જમીન પર લાગેલા હાટમાં વેચનારાંની સામે સ્ત્રીઓ બેસી પડે. જૂની, એકાદ બે તૂટ્યા વગરની રહી ગયેલી બંગડીઓ તોડાવી નવી વહોરવા માગતી નેપાળી સ્ત્રીઓના શ્યામરંગી હાથ દબાવી દબાવી વેચનારો — કે વેચનારી — જ સાચવીને, સરસ રીતે લાલ અને સોનેરી નવી, ખણખણતી બંગડીઓ ચડાવી આપે. વાળમાં નાખવાનાં ફૂમતાંય વળી લાલ જ. શું દૃશ્યનું જીવતું જાગતું સૌંદર્ય!

રાજમહેલની અંદર વળી ત્રણ આંગણ અને દીવાનેઆમ વગેરે. એમાંના સુંદરી ચોકમાં વચ્ચોવચ રાણીઓને માટેનો સ્નાનકુંડ છે. કાળા પ્રાચીન પથ્થરોની અંદરની

દીવાલો પર અદ્‌ભુત કોતરણીથી ઉપસાવેલી આકૃતિઓ છે. ચોકના પ્રવેશમાં રિદ્ધિથી સોહતી, ગણેશની અત્યંત સુંદર પ્રતિમા છે. દરબારચોકમાં સર્વત્ર અપૂર્વ કળા પ્રદર્શિત છે. જેમ કે કૃષ્ણ મંદિરને ફરતે રામાયણનાં કાષ્ઠશિલ્પ છે. સળંગ વાર્તા જતી દેખાય, પાત્રો ઓળખાય અને કૌશલ્ય તો અપાર. દરેક ગવાક્ષ પણ વિશિષ્ટ કોતરણીકામથી શોભે. વળી, તલેજુ ભવાનીના મંદિરના ત્રણ છત્રધારી, અષ્ટકોણી શિખર-સ્થાપત્યની તો શી વાત.

આ અતિ આકર્ષક સ્થાન છોડીને જો જઈ શકો તો બરફથી ઢંકાયેલાં શૃંગોની દિશામાં જતાં એક અગત્યનું, કુંભેશ્વર નામનું શિવમંદિર આવે. શિવમંદિર ગિરિપંક્તિ પર પ્રકૃતિના મુકુટમણિમાં ઘણાં હિમશૃંગો છે, પણ હંમેશાં બધાં દેખાય નહિ. મને એક લાન્ગતાન્ગ જ દેખાયું. મંદિરના ચોગાનમાં ‘અસંભવસુંદર’ કહી શકાય તેવી પ્રાચીન પાષાણ પ્રતિમાઓ જોઈને થાય છે, ‘અરે ધિક્, સુંદર માટેનો આ તીવ્ર પ્રેમ તથા એ સિદ્ધહસ્ત નૈપુણ્ય હવે કયાં ગયાં?’

રાજા જયસ્થિતિ મલ્લાના રાજ્યકાળ દરમિયાન પંદરમી સદીની શરૂઆતનાં વર્ષોમાં એ બંધાયેલું. મોટેથી નાનાં થતાં જતાં પાંચ ઢળતાં ચોરસ છાપરાંવાળું એનું શિખર અપવાદરૂપ છે. આખા નેપાળમાં આવાં બે જ શિખર છે. એક પાટણના કુંભેશ્વર પર ને બીજું ભક્તાપુરના ન્યાતપોલ પેગોડા પર. મંદિર લગભગ બંધ જ હોય પણ ચોગાનમાં નારાયણ, ગણેશ, શીતળામાતા, વાસુકિ, ગૌરી અગમ દેવતા વગેરેનાં પ્રશસ્ય શિલ્પ છે. વળી, ત્યાં એક કુંડ છે, જેનું પાણી ૪૩૬૦ મીટર ઊંચે આવેલા ગોસાઈકુંડ નામના પવિત્ર તળાવમાંથી આવતું હોવાનું મનાય છે ને તેથી એ પણ ઘણું પવિત્ર ગણાય છે. ઑગસ્ટમાં આવતી ‘જનોઈ પૂર્ણિમા’ અથવા ‘ઋષિ તર્પણી’ તિથિ કુંભેશ્વરના સ્નાન માટે અગત્યની છે.

આમ તો દરરોજ ત્યાં લોકો નહાય છે, સ્ત્રીઓ કપડાં ધુએ છે, ઘડા ભરીને એની ધારામાંથી નીકળતું પાણી ઘર માટે કે અન્ય મંદિરો માટે લઈ જવામાં આવે છે, પણ એ તિથિ પર તો દૃશ્ય જોવા જેવું હોય છે. મારું પ્રવાસીનું ભાગ્ય એક વાર મને એ તિથિ પર જ ત્યાં લઈ ગયું હતું. કુંડની વચ્ચે આવેલું શિવલિંગ સોનેરી પત્ર, ફૂલો ને કુંડથી શણગારાયેલું હતું. ત્યાં સુધી જતાં સાંકડા, ભીના, લપસણા ચલનપથ પર પૂજાપો લઈને સ્ત્રીઓ હારબદ્ધ ઊભી હતી. શિવની ખાસ પૂજા કરવા માટે પોતાના વારાની રાહ જોતી. કિશોરો કશા ભય કે સંકોચ વગર મહાઆનંદ સાથે ડહોળા, લીલવાળા પાણીમાં ધબાકા મારતા હતા. અમુક પુરુષો જનોઈ બદલવાની વાર્ષિક વિધિ કરાવી રહ્યા હતા.

કુંડની ચોતરફ ઊભાં ઊભાં અસંખ્ય લોકો બધી ક્રિયા જોઈ રહ્યા હતા. માથા પર મોરપીંછ બાંધેલા કેટલાક પુરુષો ધપલી વગાડતા હતા. રસ્તાઓમાં પણ આવાં બીજા જૂથ જોયાં ને સાંભળ્યાં હતાં. ઉપરાંત એ દિવસે કેવળ પાટણમાં જ નહિ પણ નેપાળનાં ગામે ગામે સ્ત્રી-પુરુષો તેમજ બાળકો રક્ષાબંધનનો વિધિ પણ પાળે છે. નાના ગ્રામીણ સ્થાનકોના ઓટલા પર લાક્ષણિક નેપાળી પોશાક — સફેદ ચૂડીદાર, શર્ટ, જૅકેટ, ટોપી — પહેરેલા નેપાળી બ્રાહ્મણ પુજારીઓ બેસે છે ને આખો દિવસ લોકોનાં કાંડાં પર લાલ કે પીળા રંગનો સાદો દોરો બાંધી આપતા રહે છે. આ પૂજારીઓ લોકોને ઘેર પણ જાય, જો એ માટે આમંત્રણ મળે તો. કયાંય મેં કોઈને પૈસા આપતા જોયા નહિ, જાણે સમાજના સદસ્યોના મંગળ માટે એ બ્રાહ્મણો સેવા આપતા હતા.

પાટણનગરની અંદર ને આસપાસ બૌદ્ધ વિહારો ઘણા છે. એમાંનો એક તે બારમી સદીમાં રાજા ભાસ્કર વર્માએ બંધાવેલો 'લોકેશ્વર' બુદ્ધ માટેનો ત્રિછત્ર સુવર્ણ શિખરવાળો 'હિરણ્યવર્ણ વિહાર.' એને જોતાં જ અભિભૂત થઈ જવાય. પ્રવેશદ્વારની બે બાજુ રસ્તા પર જ બે સિંહશિલ્પ છે. નાના પ્રાંગણનો પાછલો દરવાજો બીજા રસ્તા ને લત્તાને જોડે છે. ચાર ખૂણે લાક્ષણિક લલિત ભંગિમાં અવલોકિતેશ્વરની ચાર મૂર્તિઓ છે. પેગોડાની આસપાસની હવા પણ જાણે સોનેરી બનેલી છે. ઉપર એક ઓરડામાં બુદ્ધની સુવર્ણપ્રતિમા તેમજ મોટું પ્રાર્થનાચક્ર પધરાવેલા છે. એ તિબેટી શૈલીનું દેવધામ હતું. ભિખ્ખુઓ સમસ્વરે મંત્રોચ્ચાર કરી રહ્યા હતા.

મહાબૌદ્ધ મંદિર ચૌદમી સદીમાં બનેલું અને માટીની ઇંટોમાં કોતરાયેલી હજારો બુદ્ધ પ્રતિકૃતિઓને કારણે એ અદ્વિતીય છે. એનું શિખર હિન્દુ મંદિરની જેમ લાંબું, ઊંચું અને અલંકૃત છે. જગતનારાયણ વિષ્ણુનું મંદિર પણ ઊંચું અને અગત્યનું છે. એની અંદર પથ્થરમાંથી કોતરેલી ઘણી સુંદર મૂર્તિઓ છે અને બહાર પથ્થરના એક સ્તંભ પર ગરુડજીની સુંદર, ભાવવાહી પ્રતિમા છે.

પાટણમાં ઘણું જોવાનું છે — ધર્મસંબંધીય. મને સૌથી વધારે ગમે એની અંદર અંદરની ગલીઓમાં ઘૂમવાનું. ત્યારે એ નિત્ય જીવન છતું કરતું ગામ લાગે! ગલીઓની વચ્ચે ઠેર ઠેર નાની ખુલ્લી જગ્યાઓ આવે ને ત્યાં નાનાં સ્થાનક હોય. જૂનાં ને ભુલાયેલાં, તૂટતાં જતાં એ બધાં બહારથી લાગે પણ એમાં હાજર રહેલાં દેવદેવીઓની અવગણના થયેલી ના લાગે. બલકે એ મૂર્તિઓ કંકુથી રંગાયેલી હોય ને એમની સામે એક પાન પર થોડો ભાત, ચપટી ખાંડ, ફળનો ટુકડો વગેરે ધરાવેલું હોય. કદાચ એમ બને કે દરરોજ

આ ભોગ ધરાવાતો ના પણ હોય.

નેપાળની બૌદ્ધ પ્રજા તો દેવોપસ્થિતિને પોતાની સાથે જ રાખે છે. બારીક કોતરણીવાળાં, પંચધાતુ જેવાં ને પીરોજા નંગ જડેલાં, છથી આઠ ઇંચનાં સ્થાનક એ લોકો ગળામાં પહેરીને અથવા કમરપટ્ટામાં લગાવીને ફરતાં હોય છે. એટલો જીવંત છે એ ધર્મ. આ અંગત સ્થાનકોમાં નાનકડી મૂર્તિ હોય જ એવું નથી હોતું. એ સાવ ખાલી હોઈ શકે છે. ક્યાં તો અંદર દલાઈ લામાનો ફોટો ચોંટાડેલો હોય. તિબેટમાં રહેનારાંને આવી કશી છૂટ નથી. એમને તો દેવભાવ હૃદયમાં સંતાડેલો રાખવો પડે છે.



## દૈવી કૃપાની પાત્રતા

એક સવારે મેં મક્કમ નિર્ધાર કર્યો કે ‘આજે તો નગરકોટ જઈશ જ, કારણ કે હવે પછી સમય નહિ રહે.’ નેપાળની એ પ્રથમ સફર દરમિયાન જેમને ત્યાં થોડા દિવસ રહી હતી તે બંગાળી મિત્રો રૉય-દંપતીએ મને રોકવા બને તેટલા પ્રયત્નો કર્યા. ખૂબ કહ્યું કે ‘જોયું ને આકાશ, કેટલું વાદળિયું છે. તને કશું દેખાશે જ નહિ. તને કશું જોવા મળશે જ નહિ. તારું નસીબ ખૂટી ગયું છે.’

કોને ગુસ્સો ના ચઢે, આવું આવું સાંભળીને? પણ હું શાંત રહી અને મક્કમ રહી. ઘણાં યજમાનોને આવી ટેવ હોય છે. પોતે ગયાં ના હોય ત્યાં મહેમાનોને જતા એ રોકતાં હોય છે. ને એ બે શું બધું જાણતાં હતાં? હું કુદરત વિશે કશી ધારણા કરવાની નહોતી. અને જેનો જે મૂડ-મિજાજ મળશે તે સ્વીકારવાની હતી.

એ આખો પરિસર સરસ હતો. હજી થોડાં ખેતર હતાં. નેપાળી શૈલીનાં સુચારુ ઘર. બારીએ ભાજીની ઝૂડીઓ લટકાવેલી હોય — કદાચ સૂકવવા, કદાચ ઉંદરો કે જીવજંતુઓથી બચાવવા. ઋતુ પ્રમાણે લટકણિયાં બદલાય, જેમ કે ઉનાળામાં લાલ મોટાં મરચાંની ઝૂડી આવી જાય. ઘરોની બહાર કેટલીક સ્ત્રીઓ બચ્ચાંને સરસ માલિશ કરીને ઊંઘાડી રહી હતી. કેવી નિરાંતની હશે એ ઊંઘ! ત્યાંની બધી જ ખેડૂત સ્ત્રીઓ એક સરખી

સાડી પહેરે છે — લાલ પાતળી કિનારવાળી સુતરાઉ કાળી. પાછી હાથવણાટની.

મોઢાં પણ બધાં સરખાં જ લાગે — બરાબર ગોળમટોળ. વચ્ચે કયારેક એકાદ મુખ અત્યંત સુંદર હોય ને એ નજરે ચડી જાય ત્યારે આનંદ થાય. કાન પર કયાં તો એક પછી એક સળંગ ઘણી વાળીઓ પહેરી હોય, કયાં તો કાનની કિનારીની વચ્ચે એક મોટી ભારી ચાંદીની વાળી લટકતી હોય, જેને આધાર માટે કાળી દોરીથી બાંધી એ દોરીને માથા ઉપર પહેરી હોય. પરણેલી સ્ત્રીઓ વધુ ભાગે લાલ કે લીલાં કીડિયાંની કંઠી પહેરે ને એની વચમાં એક લંબગોળ, સોનેરી ચકતું હોય. કદાચ સોનાનું જ તો, કારણ કે આટલું એક ઘરેણું તો હક્કનું કહેવાય.

ભક્તાપુરના બસસ્ટૉપ પર નગરકોટ તરફ જતી બસની રાહ બીજાં ઘણાં જોઈ રહ્યાં હતાં. બસ આવતી જોઈને ટોળું એની પાછળ દોડયું — હાથમાં પોટલાં, માથે ટોપલા. બસ તો હજી વળતી હતી ને ટોળું હજી એની પાછળ દોડતું હતું. એ ઊભી રહી એટલે ચઢવા માટે ધક્કામુક્કી શરૂ થઈ ગયાં — ઉતરનારાંને તક મળે તે પહેલાં. જેનામાં જોર હોય તે જીતે એવી વાત હતી. મેં પણ જોર પ્રમાણે રસ્તો કાઢ્યો ને બેસવાની જગ્યા પણ મેળવી તે કારણે બચી ગઈ. કારણ કે ખભાથેલા અને ભારે કૅમેરા-બૅગ સાથે ઊભા રહેવું ખૂબ જ અઘરું પડયું હોત. ખભેથી ઉતારીને નીચે મૂકવાની તો જગ્યા જ નહોતી. વળી, બસ ગોકળગાયની ગતિએ ચાલી ને વારંવાર ઉતારવા માટે ઊભી રહેતી ગઈ. એમનાં કોથળા ને પોટલાં બસને છાપરેથી એમની તરફ ફેંકાતાં હતાં. કયાં કોનાં છે તે એ ‘ઉપરવાળો’ જાણતો હશે!

આમ તો હું ટૅક્સી કરી શકી હોત. પોસાય તો ખરી, પણ શા માટે કરું? જ્યાં જાઉં ત્યાં શકય હોય તેટલે સ્થાનિક જનોની જેમ જ હરુંફરું. તકલીફ પડે તોયે એમાં જ મજા આવે ને તેથી જ કદાચ બીજાં ઘણાંની સાથે હું પણ, અચાનક ત્રણેક કિ.મી. પહેલાં ઊતરી ગઈ! લગભગ ૨૧૭૫ મીટરની ઊંચાઈ પરનું એ સ્થાન હતું ને પહાડી રસ્તા પર ચઢતાં શ્વાસ પણ ચઢી આવ્યો!

ઉપલે ઢાળે છેક નગરકોટ લૉજ પર પહોંચી. ચારે બાજુ ખુલ્લું — પેલો રસ્તો, લીલાં સોપાનક્ષેત્ર, પશ્ચિમે ૩૨ કિ.મી. દૂર કાઠમંડુની ધૂમિલ હવા, પહાડો, ઢોળાવો અને સામસામે હિમાચ્છાદિત ઉત્તુંગ, ઉદ્દંડ, અદ્‌ભુત શૃંગોની અતૂટ મેખલા. ક્ષિતિજે હજી ટકેલા વાદળિયા વાતાવરણની પરવા કર્યા વગર એ સર્વ અપૂર્વ સૌંદર્ય દર્શાવી રહ્યાં હતાં. મારું હૃદય અહોભાવથી ઊભરાતું હતું. આહ, કોણે કહ્યું હતું કે દિવસ સારો નહોતો?

ઘણી વાર થોડું પણ બહુ હોય છે — જેમ કે રિક્તતા પૂર્ણતામાં પરિણમી શકતી હોય છે.

લૉજ હતો મોંઘો પણ ઓરડાની કાચની મોટી બારીમાંથી સ્વર્ગીય દર્શન થતું હતું. રાત પડતાં તેરસનો ચંદ્ર નીકળી આવે. કશાં વાદળ એના તેજને ઢાંકી શકતાં નહોતાં. અરે, સૂર્યાસ્ત તો અસાધારણ હતો. જ્યાં માન્યું કે હવે પૂરો થયો ત્યાં ત્રાંસાં કિરણો દૂરનાં રજત શિખરોને સ્પર્શી ગયાં અને સ્વપ્નસમ, અલૌકિક સુવર્ણમેખલા આકાશમાં પ્રકાશી રહી. આખી પંક્તિ દૈવી સોનેરી ગુલાબી ઝાંયમાં તરવરી રહી ને પછીયે પશ્ચિમમાં મનોહારી રંગો પ્રદર્શિત થઈને કયાંય સુધી રહ્યા હતા. અપ્રત્યાશિત કૃપા થઈ હતી મારા પર.

લૉજના જાહેર કક્ષમાં આગ સળગાવેલી હતી એટલે તાપવાની મજા આવી; પણ ધુમાડો એવો થઈ જતો હતો કે થોડી થોડી વારે બારણું ખોલવું પડતું હતું ને ત્યારે વળી પાછી ઠંડક ફરી વળતી હતી! પણ એક વાર પથારીમાં ગયા પછી રાતે બહુ ઠંડી ના લાગી. મને જરા ચિંતા હતી. સવારે છ વાગ્યે અલાર્મ વાગ્યું ત્યારે ઊંડી ઊંઘ આવેલી હતી. પૂર્વ તરફની બારીમાંથી જોયું તો બધા ગિરિવરોના પૂર્વ ખૂણા પરનું આકાશ જરાક ગુલાબી થયું હતું. તૈયાર થઈને બહાર નીકળી ને ટેકરીની ખુલ્લી ટોચે ગઈ. પ્રભાતના ભૂખરા ઉઘાડમાં ભયવાહી મહોચ્ચ નગશૃંગોની સ્તબ્ધ પંક્તિ માઈલો સુધી ખેંચાયેલી હતી — અનાવૃત્ત ને સ્પષ્ટ. ઊગતા સૂર્યની સોનેરી લાલાશ એ વાદળોને ઓગાળીને બહાર નીકળી આવી ને એક પછી એક ત્રિકોણને સ્પર્શવા લાગી, હિમધવલને સુવર્ણમય ઓપ દેવા માંડી.

સૌ પ્રથમ કોમળ કિરણ પડયાં માછપુછરી (૭૦૫૯ મી.) પર. પંક્તિને દૂરને છેડે હતું એ શિખર. પછી ગણેશ હિમાલ (૭૪૦૮ મી.). એ દૈવી વર્ણ પામ્યું અને પછી લાન્ગતાન્ગ (૬૨૪૬ મી.)નો ઊંચો, તીક્ષ્ણ ત્રિકોણ. નાગાધિરાજ સાગરમઠ દશ્યમાન ના થયો પણ બીજાં અનેક શિખર આ વિસ્મયકારી ક્રિયામાં જોડાયાં. ગોસાઈકુંડ (૫૮૬૨ મી.), કિમ્શાન(૬૭૪૫ મી.), દોર્જે લાપ્કા (૬૭૯૯ મી.), માનાસ્લુ (૮૪૬૩ મી.), ગૌરીશંકર (૭૧૩૪ મી.) વગેરે. દેવોના સર્વ નિવાસો દષ્ટિગત થયા ને આપણે તો એમને પ્રણમી રહેવાનું! સૂર્ય એની દૈનિક મુસાફરી કરતો ગયેલો ને ઉચ્ચ સ્વર્ગીય સ્તરો અભ્રના પડદા પાછળ જતા ગયેલા -- જાણે પ્રકાશોજ્જ્વળ દિવસની નરી આંખે એ ચઢવા નહોતા માગતા. એ દર્શન તો જાણે દૈવી કાળક્ષણોને માટે જ આરક્ષિત કરી રાખેલું હતું.

ને બસ પછી તો હુંય ધરતી પર ને મારે ફરીથી શાપિત થઈને પૃથ્વી પરના સંઘર્ષોનો સામનો કરવાનો હતો. લૉજમાંથી સામાન લઈને નીચે પહોંચી ત્યારે બસ આવીને ઊભેલી

હતી ને ભરાઈ પણ ગયેલી. માંડ માંડ બીજાં ચાર જણની વચ્ચે હું એક સીટ પર બેઠી. વીસની બેસવાની માંડ જગ્યા હતી. સાવ નીચી ને નાની બસ એટલે પાંચેક જણ માંડ ઊભાં રહી શકે. પણ નહિ નહિ તોયે પચાસ-પંચાવન જણ એમાં ઠાંસાયા હતાં ને બીજાં પંદરેક જણ છાપરા પર બેસતાં ગયાં હતાં. બેસવાનું જ જો કઠિન હતું તો ઊભાં રહેવાનું તો...!

દશ્યાવલિનો ક્રમ ઊલટો થયો. ઊંચા સૂકા ઘાસવાળા ઢાળમાંથી સરુના વનમાં, પછી વાંસનાં ઝુંડ અને લીલાં સોપાનક્ષેત્ર. ને ત્યારે આંખોને હાશ થઈ. વીસેક કિ.મી. જતાં ને આવતાં બસને દોઢ દોઢ કલાક લાગેલો. જોકે નીચે ઊતરતાં એને ઓછું જોર પડેલું. મારી બાજુમાં બેઠેલી એક નેપાળી યુવતી સરસ હસતી હતી. એણે ભક્તાપુર સુધીની મારી ટિકિટ ખરીદેલી. મેં બહુ આનાકાની કરી પણ એ માની જ નહિ. એનું નામ કવિતા હતું ને એ કાઠમંડુમાં રહેતી હતી. મને એણે ઘેર આવવા પણ ખાસ આગ્રહ કર્યો હતો. કહે, ‘શૅરેટન હોટેલની પાછળ જ છે.’

એ ઘડીએ તો હું ભક્તાપુર ઊતરી જવાની હતી. નગરકોટ લૉજમાં કામ કરનારા ત્રણેક જણ ખરીદી કરવા એ જ બસમાં આવેલા. એ લોકો પાછલા, ટૂંકા રસ્તે ઝડપથી મને ગામના કેન્દ્રમાં દત્તાત્રેય ચોક સુધી લઈ ગયા. ફરી પાછી હું મારી મેળે ફરવા છુટ્ટી!

રાતે ઘેર પહોંચીને નગરકોટ વિશેની બધી વાત કરી -- સૂર્યાસ્ત, તાપણું, સૂર્યોદય. ત્યારે શ્રીમતી રૉય મારો આનંદ સહી ના શકયાં. ભારે ફરિયાદના સૂરમાં શ્રીમાન રૉયને કહેવા માંડયા, ‘ઓ, હું કયારેય એ લૉજમાં નથી રહી. ને એવું તાપણું કયારેય મેં નથી કર્યું.’ જે પ્રવાસી નમ્ર અને નિઃસ્વાર્થ ભાવે કેવળ સ્થાનના પ્રેમ અને આદરથી ખેંચાય છે તેને સ્થાન પણ નિજી ગણવા માંડે છે.

## તિબેટમાં પહેલાં પગલાં

ઇચ્છાની બહારનું, અપેક્ષાની બહારનું કશું પ્રાપ્ત થઈ જાય તો એને શું કહેવાય? કેવળ સંજોગ? કે સૌભાગ્ય?

સાગરમઠનો સાક્ષાત્કાર જ્યારે થયો ત્યારે હું મને ઘણી બડભાગી લાગી.

લ્હાસા જતું વિમાન આકાશમાં ગયું અને એ ત્રિકોણાકારો દશ્યમાન થયા ત્યારે પહેલાં તો શંકા જ થઈ. એવું સૌભાગ્ય શું સાચે જ પ્રાપ્ત થઈ શકે? ખરેખર એ ગિરિ-શિખરો હતાં કે પછી વાદળોના પુંજની છલના હતી? ધવલમાંથી ધવલને કઈ રીતે છૂટું પાડવું? પણ હજારો ફીટ ઊંચે ઊડતા વિમાનથીય ઊંચે, વાદળમાં માથું મારીને નીકળી આવેલો, આકાશના અદશ્ય ગર્ભને આંબવા જતો એ આકારસંપુટ હિમમંડિત દેખાતો હતો.

બીજાં કયાં શિખર હોઈ શકે એટલે ઊંચે? ને છતાં અધીર થઈને હું પૂછવા માંડી — 'આ એ જ છે?' આગળનાને પૂછ્યું, પાછળનાને પૂછ્યું. એક તરફ મને ખાતરી હતી કે એ જ હતાં પણ બીજી તરફ મારી જેમ જેમને એ પ્રશ્ન થતો હતો તે મુસાફરો પાસેથી મારે ખાતરી જોઈતી હતી. કોઈ ચોક્કસ 'હા' પાડતું નહોતું — ખોટાં પડી જવાય તો? છેવટે વિમાનની પરિચાલિકાને પૂછ્યું, 'આ એ જ છે ને?'

આટલું બધું સૌભાગ્ય? તિબેટની વિરલ એવી યાત્રાને આરંભે? એને દુનિયા એવરેસ્ટ કહે, ચીન ચોમોલુન્ગ્મા કહે, તિબેટ ચોમોલોન્ઝો કહે અને નેપાળ સાગરમઠ કહે. એના સાક્ષાત્કારના પરિઘમાંના દેશો અને પ્રદેશો એને પોતાનો માને છે ને તેથી જ જુદાં જુદાં નામે બોલાવે છે. વિવિધ નામધારી એ નગોન્નતનું પોતાનું ગૂઢ-ગોપન વ્યક્તિત્વ છે. એ જેટલો સ્પષ્ટ છે તેટલો દૂર છે, જેટલો પાસે લાગે છે તેટલો જ અલભ્ય છે. એની નજીક જનારાને એ ડરાવે છે, એના પર આરોહણ કરનારાનો એ ભોગ લઈ શકે છે. અંતે તો એ અજેય રહે છે. એનું સામર્થ્ય સંપૂર્ણ છે. એ જો દર્શન આપે તો સામાન્ય વ્યક્તિ પાવન થઈ જાય છે, એ બાબતે કોઈ શંકા નથી.

ઘણો લાંબો સમય સાગરમઠ સંમુખ રહ્યો. જે પ્રમાણે વિમાનનું ગમન હતું તે કારણે

અમે પહેલાં એનું ‘ઉત્તર મુખ’ અને પછી ‘પશ્ચિમ મુખ’ જોવા પામ્યાં. એ તો સુસ્થિર રહ્યો પણ વિમાનની દિશા બદલાઈ ગઈ. દૈવી ઝાંખી પાછળ રહી ગઈ.

પછી તરત નીચે ધરતી દેખાવા માંડી. વિમાન નીચું ઊતરતું ગયું. એ સાથે દેખાઈ સાવ સૂકી જમીન અને સ્પષ્ટ થયા સાવ સૂકા, નગ્ન, તીક્ષ્ણ પર્વતો. શુષ્ક છતાં એ દૃશ્ય મુગ્ધકર હતું. કશી વિસ્મયકર ભવ્યતા હતી એમાં. જ્યાં જુઓ ત્યાં ચારે તરફ ખાખી જેવા રંગના પહાડો હતા — એવો રંગ કે જેને લીલો કહો તો આછો કથ્થાઈ જવો લાગે ને બદામી-કથ્થાઈ કહો તો લીલી ઝાંય દેખાય.

વનસ્પતિ તો કયાંય નહિ. નદીની અડોઅડ, કયાંક કયાંક, સહેજસાજ, આછો લીલો રંગ દેખાઈ જાય. સફેદ મેદાનની વચ્ચે ચણેલા ઉતરાણ પથ પર વિમાન ઊતર્યું. વિમાનમથક નવુંનક્કોર લાગતું હતું અને ખૂબ જ મોટું હતું. બરાબર ચીની ઢબ અને પસંદગી મુજબ એ જ ચીની રીત પ્રમાણે એ સાફ-સૂથરું હતું. એ ચોખ્ખાઈ કેટલી ઉપરછલ્લી અને દેખાવ માટેની હતી તે ત્યારે સમજાયું જ્યારે મોટા મોટા ખાલી ખંડો વટાવી અમે મથકની બાથરૂમમાં ગયાં. ત્યાં એટલું ગંદું ને વાસવાળું હતું કે એક મિનિટ પણ ઊભાં માંડ રહેવાય. આ તકલીફ આખા ચીનની બધી જાહેર બાથરૂમોમાં સહન કરવી પડતી હોય છે.

આટલું મોટું મથકનું ભવન અને સાવ ખાલીખમ. સાત-આઠ જણ માંડ હશે ને એ બધાં તો વિમાન આવતાં કામમાં પરોવાયેલાં હતાં. સાથેના અમેરિકનોએ માન્યું હતું કે કૅમેરા વગેરે તપાસશે અને નોંધ લેશે. ભારત આવતાં ઘણીય વાર કૅમેરા નોંધાવવા પડયા છે ને પાછા જતાં કૅમેરા બતાવવા પડયા છે — વેચી નથી દીધા ભારતમાં એની ખાતરી કરાવવા માટે. પણ લ્હાસામાં આવા કોઈ વિધિ કરવા ના પડયા. અલબત્ત, બહાર નીકળું એ પહેલાં ત્યાં સ્ત્રી ઑફિસરે મને રોકી જરૂર અને મારો સમૂહ-પરવાનો જોવા માગ્યો. હંમેશાં સંદેહ, હંમેશાં પરીક્ષણ. હસી કાઢું છું આમ તો, પણ થાકતી જાઉં છું આવા વર્તાવથી.

ચીની સરકારે અમારે માટે વાહન, ચાલક અને ગાઈડ તૈયાર રાખેલાં. આવી વ્યવસ્થામાં ચીનને કયારેય પાછળ પડતું, ભૂલ કરતું જોયું નથી પણ તિબેટ પહોંચીને વાહન જોયું તો ખખડધજ મોટી એક બસ હતી, ચાલક અંગ્રેજીનો એક શબ્દ પણ બોલે નહિ અને ગાઈડ જે થોડું ઘણું અંગ્રેજી બોલે તે એવા ઉચ્ચારણથી કે બરાબર સમજાય જ નહિ. એ જ દિવસે નહિ, પણ પાછળથી મેં એમનાં નામ પૂછી લીધાં હતાં. ચાલકનું

આખું નામ લાંબું હતું — લાન્ગ વાન્ગ વુઈ ડોઉ, તો ગાઈડનું સાવ ટૂંકું હતું — યુ જાલ. જાણવાના ઇરાદાથી નામ પૂછ્યાં હતાં, બાકી નામથી એમને બોલાવવાનો વારો આવ્યો ન હતો. વાતો કરવા જેટલું અંગ્રેજી યુ જાલ બોલતો નહોતો.

એ આળસુ જેવો હતો. બસમાં ઝોકાં જ ખાધાં કરતો. વિમાનમથકેથી નીકળીને રસ્તે પડયાં કે તરત એ ઊંઘવા માંડેલો. મેં સદયા વિચારેલું કે એનો દિવસ ખૂબ વહેલો શરૂ થયો હશે ને બિચારો થાકયો હશે! પણ પછીથી જોયું કે દરરોજ, કોઈપણ સમયે, બસમાં એ ઊંઘવા જ માંડતો. પોતાના કામ પ્રત્યેની યુ જાલની નીરસતા અમરામાંના કોઈને ગમી ન હતી.

તિબેટનું એકનું એક વિમાનમથક પાટનગર લ્હાસાથી એ સોએક કિ.મી. જેટલું દૂર હતું અને શહેરમાં પહોંચતાં બે કલાક થશે એમ કહેવામાં આવેલું. વહેલાં તો અમે ઊઠેલાં. મને આગલી રાતે જરા પણ ઊંઘ નહોતી આવી છતાં એક મિનિટ માટે પણ આંખો બંધ નહોતી કરવી.

રસ્તો ઘણો સરસ હતો — નવો, પાકો ચણેલો. બીજાં કોઈ વાહન નહિ અને કયાંયે કોઈ લોકો નહિ. આટલો વિશાળ, નિર્બંધ પરિસર અને સાવ નિર્જન! એમાં પ્રાણ પૂરતી હતી કમનીય નદી. એ નદી કે જેને આપણે બ્રહ્મપુત્ર કહીએ છીએ. આસામમાં પહોંચતાં એ પ્રગલ્ભ મહાનદનું સ્વરૂપ ધારણ કરે છે પણ અહીં એ હજી બાલિકાના અવિર્ભાવમાં છે. પટ તો અલબત્ત, ખૂબ પહોળો પણ જળ શાંત, સુગભીર લાગે. તિબેટમાં એનું નામ યાર્લુન્ગ ત્સાન્ગ્પો છે. ‘યાર્લુન્ગ’ એટલે ‘નદી’. આપણી સિંધુ અને સતલજ પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે જ્યારે ત્સાન્ગ્પો પશ્ચિમથી પૂર્વ પ્રતિ ગતિ કરે છે. તિબેટમાં લંબાણપૂર્વકનું એનું વહન છે. પછી દક્ષિણે જતી એ અસમમાં પ્રવેશે છે ને પાછી પશ્ચિમ તરફ વહેવા માંડે છે. અંતે એ બાંગ્લાદેશમાં ઊતરી જાય છે, જ્યાં વળી એનું નામ બદલાય છે ત્યાં એ ‘બુડી ગંગા’ કહેવાય છે.

ત્સાન્ગ્પો સાથે ને સાથે રહી. રસ્તાની એક તરફ — કેટલાય વળાંક લીધા એણે — જાણે એનું મન બદલાતું રહેતું ના હોય. એનો પટ ખરેખર ખૂબ મોટો હતો. સાવ નીચો, જમીન સરસો લાગે. સતત ધોવાતો જતો હશે, કાંઠા સતત ખવાતા જતા હશે, પાણી ઘણું છીછરું લાગે. વચ્ચે લાંબા, પાતળા રેતીના બેટ આવ્યા કરે. એ બેટો પર લીલોતરીનું જંગલ થયેલું હોય. ઝીણાં ઝીણાં પાનવાળાં, ઢળતી-ઝૂકતી ડાળીઓવાળાં ‘વિલો’ વૃક્ષો, બસ એ બેટો પર જ ઊગ્યા હોય. બરફ ઓગળતાં પૂર આવતાં જ હશે. શું થતું હશે

ત્યારે એ વૃક્ષોનું? એ રેતાળ દ્વીપોનું?

સોળ ડિગ્રી સેન્ટિગ્રેડ જેવું હવામાન હતું. સરસ તડકો હતો, તેથી ઠંડી ક્યાંથી લાગે? ઉપરાંત, સરસ ભૂરું આકાશ, સરસ સફેદ વાદળ અને હવા તો એટલી સ્વચ્છ કે શ્વાસ લેતાં જ તાજગી મળે. પણ જે થોડાં વાહન જાય - આવે તે બધાં જૂનાં ને ખખડધજ હોય અને દૂષિત ધુમાડો એમાંથી બહાર નીકળતો હોય. રસ્તાની ખોટી બાજુ ચલાવે, ઝડપથી આગળ જવા માંડે. બે-ત્રણ જાહેર બસો જોઈ, જેમની ઉપર સામાન બાંધેલો હતો. એકને પંકચર થયેલું. સ્થાનિક લોકો બસમાંથી ઊતરીને આસપાસ ઊભાં હતાં. અમે એમની, એમણે અમારી સામે ટીકીને જોયા કર્યું.

નદીને કિનારે ક્યાંક ક્યાંક થોડાં ઘર. ભાઠામાં ખેતી. તિબેટી જાતના જવ ઉગાડેલા હતા. એક ખેતરમાં એક માણસ હળ ચલાવતો હતો. બળદની જગ્યાએ કાળા, લાંબા વાળવાળાં બે યાક - પ્રાણી જોતેલાં. એમના પર લાલ ફૂમતાં ય બાંધેલાં. પહેલવહેલી વસતિની નિશાની દેખાઈ. અમે બસ ઊભી રખાવી. બધાં નજીકથી જોવા, ફોટા લેવા ઊતર્યાં. બે-ત્રણ છોકરાં એકદમ ક્યાંકથી દોડી આવ્યાં. કપડાં મેલાં, ફાટેલાં પણ ચહેરા હસતા. બાળ-સહજ હરખ-સાવ અમથો અમથો.

પાતળાં થડવાળાં બે 'વિલો'વૃક્ષની વચ્ચે રંગરંગીન કાપડના લંબચોરસ બાંધેલા હતા. દરેક પર કાળા અક્ષર છાપેલા હતા. એ બધી બૌદ્ધ પ્રાર્થનાઓ હતી. પ્રાર્થનાધ્વજ બાંધવાની આ પ્રથા બૌદ્ધ સ્થાનોમાં બધે જોવા મળે છે — સિક્કિમમાં, ભૂતાનમાં. તિબેટના સૂકા કુદરતી પરિસરમાં ભક્તિની આ નિશાનીઓના રંગ કશાક આધારરૂપ બનતા હતા. અત્યંત કઠોર ઋતુચક્ર; અત્યંત અભાવનાં જીવન-પ્રાર્થના અને ભક્તિ સિવાય શેનો આધાર હતો એ ગરીબડી પ્રજાને?



# પવિત્ર સ્થાનની અંદર

પોટાલા પ્રાસાદ એટલે ગરીબ, અભણ, પાછળ રહી ગયેલા તિબેટનોની મુક ભક્તિનું પરમ ધામ. દેવના અવતાર ધર્મગુરુનું નામ પણ ના લેવાય. એમને માટેનાં પ્રેમ ને આદર હૃદયમાં સંતાડી રાખવાનાં. એમના પાછા આવવાની રાહ જોયા કરવાની પણ એમનાં દર્શનની આશા પણ હવે કેટલા જણમાં રહી હશે?

એમને એટલે કે દલાઈ લામાને યાદ કરીને એ સવારે મેં એમનો રંગ પહેરેલો - હળદરિયો પીળો. એ વધારે મરૂન 'બકુ' જેવા આવરણમાં હોય છે, પણ ભગવા પીળામાં પણ એમને કયારેક જોયા છે. જેના પર એમનો વારસાગત, દૈવગત અધિકાર હતો અને જ્યાં ચાલીસેક વર્ષથી એમની ગેરહાજરી રહી છે, તે વિરલ પવિત્ર સ્થાનની અંદર પગ મૂકતી વખતે સભાન રીતે એમની સ્મૃતિ મેં સાથે રાખી હતી અને મૂક રીતે એમનું નામ પોટાલાના ખંડેખંડમાં ઉચ્ચારવાનો વિચાર કર્યો હતો. 'મહાપ્રભુ' વલ્લભાચાર્યની 'બેઠકો'ની યાત્રા કરતાં કોઈ રીતે ઊતરતી નહોતી મહા-પ્રાસાદમાંની પરિક્રમા.

પાસે ગયા પછી એના ભવ્ય દેખાવની કેટલી બધી વિગતો સ્પષ્ટ થતી હતી, જેમ કે સફેદ રંગનો ધોળ એવો પાતળો હતો કે નીચેથી ઇંટો છતી થતી રહે અને દૂરથી જે અગણ્ય, નાનાં, ચોરસ ખાનાંની શોભા રચતી હતી તે બારીઓ વડે કયારેય ઠંડો પવન રોકાતો નહિ હોય. કોટની ઊંચી દીવાલ પર ઘેરા મરૂન રંગના જે પટા હતા, તે બધે ખરેખર તો લાકડાંની ચીપો ખીચોખીચ ખોસેલી હતી ને પછી એમનો આગલો ભાગ મરૂન રંગેલો હતો — કોટની બહાર તરફથી તેમ જ અંદર તરફથી. એક સળી ખેંચો તો કદાચ નીકળી પણ આવે. દરેક ચારેક ઇંચ જેટલી લાંબી હોય ને અડધી રંગ્યા વગરની હોય. ધારો કે બહાર ખેંચાઈ તો આવી પણ પાછી તો નાખી જ ના શકાય — એટલી સખત ને ગીચોગીચ ખોસેલી.

પહેલાં સફેદ ભાગની ભુલભુલામણીમાં લઈ જવાયાં. બેઠકખંડો, શયનખંડો, પુસ્તકખંડો, ધ્યાનખંડો, પૂજાખંડો, દેવખંડો. જાણે અંત જ નહિ અને ભીડ? એકબે યુરોપી જૂથ, એકબે ચીની જૂથ; સાથે જ અસંખ્ય તિબેટી યાત્રાળુઓ. અમારો ગાઈડ કહે, 'આ કંઈ બહુ ખરાબ નથી. આનાથી ઘણી વધારે ભીડ હોઈ શકે છે.' બાપ રે. ત્યારે તો શું થતું હશે? કારણ કે આટલી ભીડથી જ અમુક ખંડ, સીડીઓ અને બંધ ગલીઓમાં ગૂંગળામણ થતી હતી. આમેય તાજી હવાની આવજા નહિ, અંદર બધું બંધિયાર ને અંધારિયું. લોકોના

શ્વાસોચ્છ્વાસ અને લાંબા સમયથી નહીં ધોયેલા કપડાં, શરીરની વાસ. ઉપરાંત ચીની-તિબેટી વ્યક્તિત્વ એવું છે કે વિવેકપૂર્વક વારાની રાહ જોઈ ઊભા નહિ રહેવાના, પણ અંદર કે બહાર જતા હોય તો ધક્કા મારીને પણ જવાના.

મને ખાતરી છે કે એ લોકોને ખબર જ નહોતી કે એવું ના કરાય. બધાં તિબેટીઓનાં મોઢાં ભાવ વગરનાં કે જડ જેવાં કે સુન્ન થઈ ગયાં હોય તેવાં લાગતાં હતાં — કયાં તો દુનિયાદારી જાણતાં નહોતાં તેથી કે સમાજના નિયમો પ્રમાણે રહેવાની ટેવ નહોતી તેથી; કયાં તો પછી એમનો સ્વાભાવિક એવો એ રિક્તતાનો મુખભાવ હતો. ઘણા તિબેટીઓ પ્રદેશના દૂર દૂરના, ગ્રામ પ્રદેશોમાંથી આવેલાં લાગતાં હતાં - જીર્ણ જેવાં, ઘેરાં કથ્થાઈ મેલખાઉ રંગનાં કપડાં, ઓળ્યા વગરના જટિયાં થઈને રહેલા વાળ; કોઈ કશી વાતચીત ના કરે અને ઘણાં મોઢાં તો સાફસૂફી વગરનાં એવાં કે કારણ વગર પણ ડરામણાં લાગે.

કક્ષ ખરેખર નાના હતા. જેમાં બુદ્ધની પ્રતિમાઓ હતી તે બધા તો ખાસ. સ્થાનિક યાત્રાળુઓ હાથમાં યાક બટરનાં એટલે કે નેપાળી વનસ્પતિ ઘીનાં પીળાં પ્લાસ્ટિકનાં પૅકેટ લઈને ફરતાં. એમનો મુખ્ય રસ હતો પ્રજ્વલિત દિવેટોવાળાં પાત્રોમાં થોડું વધારે સ્નિગ્ધ તત્ત્વ ઉમેરવામાં. કેટલાક લામાઓને આ જ કામ સોંપાયેલું જોયું — પાત્રો સાફ રાખવાં, બળી રહેલી વાટોને કાઢી નાખવી, વધારે પડતી લાંબી વાટોને કાપવી, જરૂર પ્રમાણે નવી વાટો મૂકવી વગેરે. આ માટે લગભગ બધાં તૈલપાત્રોની પાસે એક ચીપિયો કે કાતર કે ચમચી રાખવામાં આવેલી જોઈ.

નીચલો માળ, ઉપલો માળ, નીચલો મધ્યમાળ, ઉપલો મધ્યમાળ વગેરે જેવા મુખ્ય વિભાગ પડેલા અને વળી અનેક સીડીઓ ને સ્તરો કયાં કયાંથી નીકળી આવે. નીચલા માળની મધ્યમાં વિશાળ સભાખંડ હતો. પાંચમાથી શરૂ કરી બધા દલાઈ લામા ત્યાં અધિષ્ઠાન કરતા. ૧૯૫૯થી ત્યાં વૈષ્ણવોની ‘બેઠકો’ની જેમ કેવળ ગાદી રહી છે. ખાલી સિંહાસન પડી રહેલું છે. એ જાહેર આવકારગૃહમાં આઠ વધારે જાડા ને સોળ નાના એવા સ્તંભ હતા. દરેક પર છેક ફર્શથી છત સુધી, હાથવણાટનું, કાળા બૌદ્ધ રેખાંકનવાળું કાપડ જડેલું હતું. કોઈ અજબ રીતે, એકદમ કચ્છી શાલના વણાટ સાથે એ મળતું આવતું હતું.

પ્રચુર શોભા હતી એ ખંડમાં. ત્રણ દિવાલો પર પોટાલાના પવિત્ર પ્રદેશ તેમ જ તિબેટના બૌદ્ધધર્મના ઇતિહાસને ઉપસાવતાં દશ્યો ચિતરાયેલાં હતાં. તો બાકીની દીવાલ પર બે ખૂબ મોટાં વણાટચિત્ર લટકતાં હતાં. એમાં દલાઈ લામાઓ અને ધાર્મિક રાજાઓ આલેખાયેલા હતા. એ ખંડની ચારે તરફની લાંબી, સાંકડી કક્ષિકાઓમાં દલાઈ લામાઓ,

બુદ્ધાવતારો અને બોધિસત્ત્વોનાં સ્થાનકો તથા ઘણા સ્તૂપો હતા. એમાંની કેટલીક મૂર્તિઓ પ્રાચીન ભારતમાંથી આવેલી. જેમ કે બોધગયાના સ્મશાનમાં વસીને મહાયોગ તાંત્રિક પંથનો અભ્યાસ કરતા રહેલા તે આઠ જ્ઞાનીઓનાં સ્વરૂપ.

સભાગૃહની પાછળનો અત્યંત લાંબો કક્ષ ખાસ જોવા જેવો ગણાય છે. એમાં આગલા કેટલાક દલાઈ લામાઓના દેહાવશેષ સાચવવા બનાવેલા સ્તૂપો હતા. પાંચમા દલાઈ લામાનો સ્તૂપ ચૌદ મીટર ઊંચો હતો. એનું શિખર તો દેખાય પણ નહિ ને રૂપેરી કોડિયામાં બળતા પ્રદીપોના તેજમાં એનો વિપુલ નીચલો ગોળાકાર આછો ચમકતો દેખાય. એ આખો સ્તૂપ સાચા સોનામાંથી બનાવાયેલો છે. કહે છે કે એમાં ૨૩૦૦ કિલોગ્રામ સોનું વપરાયેલું. ધર્મગુરુને માટે આ અતિવૈભવપ્રદ લાગે પણ એમનું સ્થાન ખૂબ અગત્યનું ગણાય છે. મુખ્ય સમાધિની એક તરફ આઠ તથાગત સ્તૂપ છે, જે 'ઐતિહાસિક' બુદ્ધના જીવનના આઠ મુખ્ય બનાવો જેમ કે જન્મ, લગ્ન, મહાભિનિષ્ક્રમણ, તપ, મારવિજય, મહાજ્ઞાન, ધર્મચક્રનું પ્રચલન, નિર્વાણ-ને શ્રદ્ધાંજલિ અર્પે છે.

તિબેટ અને ચીનમાંના બુદ્ધ ભારતમાંના બુદ્ધ કરતાં સાવ જુદા દેખાય છે. આપણે ત્યાં એ સાવ સાદા, એકવસ્ત્રી ને કરુણામય સ્વરૂપે જોવા મળે છે, તો અહીં બધે એમની મૂર્તિઓ અતિ અલંકૃત હોય છે — જરિયાન વાઘા, રત્નનાં આભૂષણ, સુવર્ણનો મુકુટ. અહીં એ દેવાધિરાજ તરીકે છે, કેવળ સાધક તરીકે નહિ.

વિભિન્ન બુદ્ધાવતાર માટે અલાયદાં મંદિર હતાં — મૈત્રેય, લોકેશ્વર, અવલોકિતેશ્વર, શાક્યમુનિ વગેરે. સાથે બીજી ઘણી મૂર્તિઓ હોય — તારા, અચલા, ક્ષિતિગર્ભા જેવી દેવીઓ, બોધિસત્ત્વો, દલાઈ લામાઓ, અન્ય ધર્મગુરુઓ ઇત્યાદિની. પણ એક ખંડમાં જુદી જ મૂર્તિ જોવા મળી. એ જરા વિચિત્ર કહેવાય તેવી હતી. એના માથા પર મોરપીંચ્છના, પંખા જેવા ફેલાયેલા ગુચ્છ હતા. એનું મોઢું ઢાંકેલું હતું પણ એક દાંત દેખાતો હતો. એક દાંતવાળા, તિબેટની સ્ત્રીઓના રક્ષક એવા બુદ્ધ રજૂ થયેલા હતા. અનેક શાસ્ત્રમાન્ય સ્વરૂપોની વચ્ચે અચાનક આ લોકસંસ્કૃતિના પ્રતિનિધિને સ્થાન મળેલું હતું.

તિબેટમાં બુદ્ધ તેમ જ બૌદ્ધધર્મ, પોતાની આગવી દિશામાં વિકાસ પામેલાં છે, તે સર્વત્ર અને સ્પષ્ટ જોઈ શકાય છે. છતાં ભારતનો પ્રભાવ પણ કામ કરતો રહે છે. સૂક્ષ્મ રીતે તેમ જ પ્રસારિત રીતે. દા.ત. એક સાંકડા, અંધારા ઓરડાની દીવાલ પર ગણેશ ચિતરાયેલા હતા — દસ ભૂજા અને નૃત્યમાં રમમાણ ગણેશ અને બહાર નીકળવાના એક દ્વારના ઓટલા પર સરસ, મોટો સાથિયો કોતરેલો હતો. હિન્દુ પ્રતીક બૌદ્ધ સંદર્ભ

પામ્યાં હતાં.

જોવાનું તો ચાલુ જ હતું. એક ખંડમાં ૧૦૮ પ્રાચીન શાસ્ત્રગ્રંથો દીવાલમાં કરેલાં વ્યવસ્થિત ખાનામાં ગોઠવેલા હતા. દરેક પર તિબેટી ભાષાના અક્ષરો સુવર્ણરસથી ખૂબ સુંદર રીતે પાડેલા હતા. એક સ્થાનક ત્રણ વિશ્વ — નર્ક, પૃથ્વી, સ્વર્ગ પરનો અવલોકિતેશ્વરનો વિજય દર્શાવતું હતું. એક હજાર ભૂજા, એક હજાર ચક્ષુ અને અગિયાર મસ્તકથી યુક્ત, અતિ પ્રયત્નસિદ્ધ પ્રતિમા તેરમા દલાઈ લામાએ બનાવડાવેલી ને એ માટે ચીની સુવર્ણ વાપરવામાં આવેલું. અદ્ભુત ભવ્ય હતું એ સ્વરૂપ. દરેક હથેળીમાં એક એક આંખ મૂકેલી હતી, તે મેં મારી સાથેના વિદેશીઓને બતાવ્યું. અમારા ગાઈડ યુ જાલે એવું કશું નિર્દેશ્યું નહોતું. આંખ ટેવાયેલી ના હોય તો ચૂકી જવાય એવી એ વિગત હતી ને બધાંને આભાં કરી ગઈ.

એવું જ વિસ્મયકર બીજું એક શિલ્પ હતું કાલચક્ર મંડલાનું. બાર મીટરનો તો એનો પરિઘ હતો. દેવ કાલચક્રનું એ નિવાસસ્થાન સત્તરમી સદીમાં સોના અને કાસાંમાંથી ઘડાયેલું. મંડલામાં ચારે તરફ કુલ ૭૩૪ દેવતાની નાની મૂર્તિઓ હતી; તો દીવાલ પરની છાજલીઓ પર કાલચક્રના વંશજ ૧૭૬ લામાઓની નાની પ્રતિકૃતિઓ મૂકેલી હતી. દરેક ખંડમાં બહુસંખ્ય શિલ્પો, ચિત્રો, શોભાતત્ત્વો અને આવા તો બહુ શત ખંડ. બધું જોવું ને મનમાં નોંધવું અઘરું અને વર્ણવવું તો એથી ય કઠિન.

કાલચક્રનું તથા લોકેશ્વરનું સ્થાનક એ બંને પોટાલામાં જૂનામાં જૂનાં, છેક સાતમી સદીનાં ગણાય છે. તિબેટીઓ માટે લોકેશ્વરનું મંદિર પોટાલામાં ને તેથી તિબેટ આખામાં પવિત્રતમ છે. દરેક યાત્રાળુ ત્યાં જવા ઉત્સુક. દરેક પ્રવાસી પણ. અંદર જવા ઉપર-નીચે ફરવું પડે. એ સીડીઓ ટૂંકી ખરી પણ જર્જરિત લાકડાંની, પૂરતું અજવાળું નહિ, સતત અને સખતનો ઘસારો. પાછું એ પરમ પુણ્ય સ્થળ સૌથી નાનામાં નાનું પણ હતું. એ કબાટમાં ત્રણ પથ્થર હતા. મનાય છે કે એમની ઉપર પીળા શિરાંચલવાળા ત્સોન્ગખાપા, પદ્મસંભવ અને નાગાર્જુન બૌદ્ધ ફિલસૂફનાં પદચિહ્ન પડેલાં છે. રત્નજડિત, સુવર્ણમય અવલોકિતેશ્વર સાથેની ત્રણ પ્રતિમાઓ ભારતથી આવેલી અને સુખડનું એક વૃક્ષ ફાટતાં સ્વયંભૂ પ્રગટ થયેલી ગણાય છે. બીજી કેટલીય મૂર્તિઓ એ કક્ષિકાને ભરી રહે છે, તો સામી તરફ ભીષણ, ભયંકર મહાકાય વજ્રપાણિ ચાંપતો પહેરો ભરતા ઊભા છે.

પોટાલામાંનો ઊંચામાં ઊંચો ખંડ એના લાલ વિભાગમાં છે. એ વિશાળ, સુશોભિતી જગ્યા તેરમા તથા ચૌદમા દલાઈ લામા દ્વારા આગંતુકો સાથેની મુલાકાતો માટે વપરાતી.

ખંડના પરિમાણને ઉપયુક્ત, ખૂબ મોટું એક સિંહાસન ત્યાં રહેલું હતું. ખાલી હતું પણ એના અદૃષ્ટ અધિષ્ઠાતાઓની પ્રતિભાના પૂર્વાભાસથી વંચિત નહોતું.



## એક પ્રાસાદ - સુંદર, સૂનો

લ્હાસા શહેરમાંનો એ દિવસ તડકાના સ્પર્શને કારણે અસામાન્યતા પામેલો હતો. એવાં જ અસામાન્ય સ્થાન એ દિવસે અમે જોઈ પણ રહ્યાં હતાં. સવારે શરૂ કરીને અદ્‌ભુત-અપૂર્વ એવા પોટાલા મહાલયને જોયો ને એના જટિલ રહસ્યથી માત થઈને બહાર નીકળ્યાં. પછી સેરા મઠના સૂના પરિસરમાં ફર્યાં ને તિબેટના ધર્મસિક્ત અતીતની એક આછી ઝાંખી પામ્યાં. બપોર પછી હજી એક અગત્યની જગ્યા જોવાની હતી. એ ઓળખાય છે 'નોર્બુલિન્ગ્કા'ના નામથી અને એ છે સર્વ દલાઈ લામાઓનો પારંપરિક ગ્રીષ્મપ્રાસાદ.

સૌપ્રથમ એના નિર્માણની શરૂઆત કરેલી સપ્તમ દલાઈ લામાએ. એ મૂળ બાંધકામ હજી હયાત છે અને સાવ નાનું છે. મુખ્યત્વે એમાં એક પ્રાર્થનાખંડ જ છે એમ કહી શકાય. પછી તેરમા દલાઈ લામાએ જરા મોટું એવું ભવન બનાવેલું પણ એનો તો લગભગ તરત 'સાંસ્કૃતિક વિરોધ'ની સરકારી ચળવળની નીતિના કાળમાં ધ્વંસ કરવામાં આવ્યો.

બસમાંથી ઊતરી કમ્પાઉન્ડમાં ગોળ ફરતાં અમે મુખ્ય પ્રવેશદ્વાર તરફ ગયાં. અમે કેટલાંક તો લ્હાસાના પહેલા દિવસે આ જ દિશામાં ચાલવા નીકળી પડેલાં અને પ્રવેશમૂલ્ય આપી એક વાર કમ્પાઉન્ડમાં ફરી ગયાં હતાં. એ રવિવારનો બપોર હતો અને ઘણાં સ્થાનિક કુટુંબો પણ ત્યારે ફરવા આવેલાં હતાં પણ આજે ઉદ્યાન સાવ ખાલી હતો. કદાચ એ જ કારણે ઉદ્યાન વધારે મોટો લાગતો હશે! જોકે આમે ય એનો વિસ્તાર છે પણ ખાસ્સો મોટો ૩૬૦ ચો.કિ.મી.નો. ઠંડા પ્રદેશને અનુકૂળ એવાં શંકુદ્રુમોની એની ગીચતા પ્રિયકર લાગે છે, તો ગ્રીષ્મના ટૂંકાગાળા દરમિયાન વિવિધ ફૂલો ખીલીને બાગની શોભા વધારતાં રહે છે. ઉનાળાના હૂંફાળા, અજવાળા ગાળામાં લ્હાસાનાં પ્રજાજનો એને ઘણો માણે છે, વારંવાર ત્યાં બેસીને ઉજાણી કરે છે, છોકરાં સાથે રમતો રમે છે. ઉપરાંત, પથ્થર જડેલા એક ચૉગાનમાં, ખુલ્લા આકાશ નીચે, તિબેટી 'ઑપેરા' ગીત નાટ્ય પ્રકારનાં

અનુષ્ઠાન પણ યોજાતાં રહે છે. આહ, એવું એકાદ જોવા મને મળ્યું હોત તો! ચીની 'ઑપેરા' ચીનમાં ને જાપાની 'ઑપેરા' જાપાનમાં નિરાંતે જોયાં છે. તિબેટી જોવા મળતો તો કેવી મજા પડી જાત!

અંતે જ્યારે વર્તમાન દલાઈ લામાના ગ્રીષ્મપ્રાસાદ પર લઈ જતા પથ અને પ્રવેશદ્વારની સામે આવીએ છીએ ને જાણે શ્વાસ લેવાનું ચૂકી જઈએ છીએ. પથની બંને બાજુ ઘેરા પક્વ રંગોનાં કેટલાં બધાં ફૂલો ખીલેલાં છે — બોગનવેલ, જાસૂદ, ગલગોટા, કેના. અચાનક, એકદમ હર્ષિત, વિસ્મિત થઈ જવાય છે, કારણ કે આવી અપેક્ષા જ નહોતી. સાથે જ પ્રફુલ્લિત પુષ્પોનો આ રંગરાગ અપ્રસ્તુત તથા કરુણ પણ લાગે છે, કારણ કે આ ભવન તો સાવ ખાલી જ છે, એના અધિષ્ઠાતાવિહોણું છે. સરસ બંગલા જેવું દેખાતું આ સંસ્થાન આપણા ચૌદમા ને વર્તમાન દલાઈ લામા માટે ૧૯૫૫માં બનાવવામાં આવેલું. એમાં નિવાસ કરવાનો સમય જ કેટલો મળ્યો એમને? ત્યારે પણ ચીનનો પંજો તિબેટ પર પડેલો જ હતો પણ એ યુવાન ધર્માધિકારીને છેતરપિંડીથી પકડવા માટે સૈન્યે પ્રયત્નો શરૂ કર્યા ત્યારે એ પર્વતો પર થઈ ભારત તરફ ભાગી છૂટયા — કેવળ જીવને બચાવવા નહિ, ધર્મને પણ બચાવવા. બહુશત અનુયાયીઓ તત્કાળ એમને અનુસર્યા. ૧૯૫૯નું એ વર્ષ, માર્ચની દસમીનો એ દિવસ. ત્યારથી આરંભ થયો શ્રીજીની સ્વભૂમિના વિચ્છેદનો ને ચાલીસ વર્ષ પછી પણ એની સમાપ્તિનાં આશાચિહ્ન કયાંય દેખાતાં નથી. આ એ સ્થાન હતું જે એક જણનું ઘર હતું. એ વ્યક્તિને પોતાને ઘેર જવાની છૂટ નહોતી — મને, એમને, બધા અજાણ્યા જણને ત્યાં ઘૂસવાની છૂટ હતી. એક જણનું ઘર પ્રવેશમૂલ્ય રખાઈને હવે સંગ્રહાલય બનાવાયું હતું. આવી સભાનતા મારા મન પર હતી અને ભાર બનીને રહેલી હતી.

ભવનમાં પ્રવેશતાં જ આગંતુકોને મળવા માટેનો કક્ષ હતો. વચ્ચોવચ મોટું એક સિંહાસન હતું — ખાલી અને જાણે ઝંખવાઈ ગયેલું. એના પગ પાસે એક મોટું તૈલચિત્ર મૂકેલું હતું — શ્રીજીનું. ચાર દાયકા પહેલાંના સમયનું. એ જોઈને નવાઈ લાગે જ. કેમ એનો નાશ કરવામાં આવ્યો નહોતો? કે એને ઢાંકી સંતાડી દેવામાં આવ્યું નહોતું. આખા તિબેટમાં જાહેર રીતે જોવા મળે એવી, એમની આ એક જ પ્રતિકૃતિ હશે. એમની છવિ તો શું, એમના નામોચ્ચારણ પર જ સર્વત્ર નિષેધ છેને. અદમ્ય અંતર્ગત વિનોદથી યુક્ત એ મુખનાં દર્શન અપ્રત્યાશિત રીતે થયાં.

બાજુના વિશાળખંડની ત્રણ દીવાલો પર અત્યંત સુંદર ચિત્રો કરાયેલાં હતાં — 'મિનિએચર' એટલે કે લઘુ પરિમાણની શૈલીમાં. સૂક્ષ્મ વિગતો દ્વારા અનેક કથાઓ અને

પ્રસંગો આલેખાયાં હતાં — બુદ્ધના જીવન અને એમના અનુયાયીઓ વિશે; બહુવિધ પ્રાસાદો, મંદિરો ને સ્તૂપ વગેરેનાં વિરચન વિશે. જોતાં રહીએ ને ભૂલીએ, એવો એ કળાપ્રસ્તાર હતો. વળી અતિરુચિર અને અસુલભ. એકબે નાના બેઠકખંડ હતા, જેમનો દેખાવ પાશ્ચાત્ય કહી શકાય. વાયનલ જડેલા, જરા બેડોળ જેવા, સોફા તો હતા જ, પણ બાથરૂમમાં ડોકિયું કરતાં જોયું તો ટૉઈલેટ પણ પશ્ચિમી ઢબનું હતું! આ સાથે જ, એક દીવાલ પર પદ્મપાણિનું લાક્ષણિક શૈલીનું એક મોટું ચિત્ર લટકતું હતું અને એક તરફ બારીક કોતરણીથી સુશોભિત એવી ચાંદીની વેદી ગોઠવેલી હતી. એમ જોઈ શકાય છે કે પાશ્ચાત્ય સુવિધાઓ પ્રત્યે શ્રીજીને પહેલેથી પક્ષપાત રહ્યો હશે, તો અનેક બાબતોની જાણકારી માટેનું એમનું કુતૂહલ પણ જાણીતું જ છે.

આ બેઠકખંડો જો એમના શોખ અને સ્વભાવના દ્યોતક હતા તો ઉપરના માળ પરના ઓરડા તો ઘણા વધારે અર્થપૂર્ણ અને સૂચક કહી શકાય. સાવ સાદા અને સાવ નાના એવા એ ખંડ એમના અંગત જીવન માટેના હતા અને જાણે એક ગોપિત, નિજી ઊંડાણને દશ્યમાન કરતા હતા. એક કક્ષિકા ધ્યાન માટેની હતી. સાદી ધોળેલી દીવાલો ને ફર્શ પર એક આસન. એની બાજુમાં એમનો કોષ્ઠ હતો. ત્યાં બેસીને એ ધર્મગ્રંથો વાંચતા. એટલું જ નહિ, વિદ્વાન રિમ્પોચે પાસેથી શીખતા, સમજૂતી મેળવતા, ચર્ચા કરતા. અહીં નાના, નીચા એક મેજની એક બાજુએ મૂકેલી ગાદી પર એ બેસતા અને બીજી બાજુએ પડેલી ગાદી પર માન્ય આચાર્ય બેસતા. આ સિવાય, આ કોષ્ઠમાં પડયો હતો એમનો રેડિયો, જૂનો ૧૯૫૦ના મૉડેલનો, લાકડાના ઘાટઘૂટ વગરના ડબ્બા જેવો દેખાતો. એમને એ ઘણો પ્રિય હતો. એના દ્વારા એ બહારની દુનિયાના સમાચાર મેળવતા હશે.

છેલ્લે હતો એમનો સૂવાનો ઓરડો. એને શયનખંડ શું કહેવો? સાવ નાનકડો હતો. એમાં એક નાનો, સાંકડો ખાટલો હતો, જેના પર નહિ રેશમી, નહિ સુતરાઉ એવી પીળી ચાદર પાથરેલી હતી. એક બાજુ, જરા બેસવું હોય તો નાના સોફા જેવી ખુરશી મુકેલી હતી અને બારણા પાસેની દીવાલને અડીને રહેલું હતું 'રેડિયોગ્રામ' કહેવાતું એક યંત્ર. એમાં રેડિયો હોય, એલ.પી. રેકોર્ડ વગાડી શકાય અને એમાં જડેલાં બે સ્પીકર હોય. એ પણ ૧૯૫૦ના જ કાળનો ને હવે કયાંય જોવા પણ ના મળે એવો 'પુરાકાલીન'. મેં પાસે જઈને જોયું તો ભારતીય સરકાર તરફથી શ્રીજીને અપાયેલી એ ભેટ હતી ને કોતરેલા શબ્દોની બે તરફ અશોક સ્તંભનાં બે નાનાં ચિહ્ન જડાયેલાં હતાં.

બસ, આટલું જોયું ત્યાં મારું હૃદય એમને માટે દ્રવી ઊઠયું. ભૂમિ તો છોડી જ દીધી પણ પોતાને પસંદની સાવ સાધારણ જેવી એકબે ચીજો પણ ત્યજી દેવી પડી. આડંબર

વગરના એમના આ આવાસમાં આટલી વસ્તુઓ એમ ને એમ સાચવી રખાઈ હતી. એમને તો રાતોરાત ભાગી છૂટવું પડયું. શું કયારેય એ અહીં પાછા ફરી શકશે? ત્યારે, બાવા આદમના સમયના લગતા એ રેડિયો અને રેડિયોગ્રામને જોઈને હસી કાઢશે કે દેશનિકાલનાં લાંબાં વર્ષોનાં સ્મરણ એમને વીંધી રહેશે?



## એક વહેણની વાત

તિબેટની અમારી યાત્રા સમાપ્ત થઈ ચૂકી હતી પણ સફર હજી પૂરી થઈ નહોતી. અમે કયાંકથી નીકળેલાં ખરાં પણ કયાંય પહોંચી શકતાં નહોતાં. રસ્તો તૂટતો હતો, જાણે ખૂટતો નહોતો! સાંકડી બેઠકોવાળી સ્થાનિક બસને કયાંક અટકવું તો પડવાનું જ હતું પણ ત્યાં હશે તૂટી પડેલો હિસ્સો - રસ્તાનો અંત નહિ.

પણ એ અવરોધ, એ વિચ્છેદ આજે હવે છેલ્લો હશે. હા, હવે કયારેક તો કસોટીના સૂત્રનો છેડો આવે ને. બે દિવસથી અમે કુદરતના વિદ્રોહી મિજાજનો પરચો મેળવતાં રહ્યાં હતાં. અમે હવે થાકયાં હતાં, નંખાઈ ગયાં હતાં, નાહ્યાધોયા વગરનાં ગંદાં અને પરસેવે ખરડાયેલાં હતાં. હવે તો અમે જરા આરામનાં, રાહતનાં અધિકારી બન્યાં જ હતાં. ને છતાં બધાં હસતે મોઢે હતાં. કોઈ નહોતું ફરિયાદ કરતું કે નહોતું 'ખોટાં' રોદણાં રડતું. ખરેખર સરસ જૂથ મળ્યું હતું મને. હું રહી એકલપ્રવાસી. મારી મેળે નીકળવું વધારે જ પસંદ કરું, કારણ કે એ રીતે કેવળ લય, કેવળ આનંદની સ્થિતિ પામી શકું. સદ્‌ભાગ્યે આ બધાં પશ્ચિમી પ્રવાસીઓ મળતાવડાં, સરળ અને સ્વભાવે પરિપક્વ હતાં.

તૂટેલો છેલ્લો હિસ્સો ખૂબ ટૂંકો હશે એમ અમને કહેવામાં આવેલું. પછી એ વિશે અમે શંકા કરી નહોતી. નેપાળી ગાઈડે જણાવેલું કે કયાં તો દરેકે પોતાનો સામાન જાતે ઉપાડી લેવો અથવા જાતે જ પોર્ટરને રોકી લેવો. નેપાળી ટ્રાવેલ એજન્સીના કાર્યકરો આગળ ગામના માણસો બહુ વધારે ભાવ ઠરાવવા માગે છે, એમ એણે કહેલું.

મેં તો ખાતરીપૂર્વક માનેલું કે મારો સામાન હું જાતે સંભાળી લઈશ. જવાનું તો

પાંચ મિનિટ જ હતું ને. કૃતસંકલ્પ થઈને કૅમેરા-બૅગને ખભા પર ત્રાંસી લટકાવી. પાસપોર્ટ વગેરેવાળી થેલી એની અંદર મૂકી દીધેલી. પછી મોટી સૂટકેસને એનાં પૈડાં પર ઘસડવા માંડી. બારાબિસે નામના ગામમાં થઈને જતો એ રસ્તો કાચો, ભીનો હતો, કયાંક વરસાદના પાણીથી ખાબોચિયાં ભરાયેલાં, તો કયાંક કાદવ પથરાયેલો. તોયે થોડું ઘસડતાં, થોડું ઊંચકતાં હું આગળ વધતી રહી. ને એટલામાં મેં સામે હજી વધારે એક ભયજનક વેગગર્વીલું વહેણ જોયું.

ડાબી બાજુ પર સુંદર નામધારી, રજતવર્ણી સોના કોશી નદીનું દ્રુતગતિ ગમન હતું. સામે, જમણી બાજુથી આવતું, સશક્તિમાન અને મદોન્મત્ત એવી ભોટે કોશી નદીનું વહેણ, પૂરપાટ દોડી આવતા માતેલ હિંસ્ર પ્રાણીની જેમ, સોના કોશીના પ્રવાહમાં ઝંપલાવતું હતું. આ નાટયાત્મક - ભયાત્મક સંમિશ્રણના સ્થાન પરનો લાકડાનો પુલ બે જ દિવસ પહેલાં તૂટી ગયેલો. અરે, એના ફુરચા ઊડી ગયેલા. મોટા મોટા પાષાણો એવા ધસી આવ્યા અને પહાડો પરની કાળમીંઢ શિલાઓ એવી ગબડી આવી કે ચોમેર વિનાશ સર્જાઈ ગયો. વીસેક જેટલા ગ્રામજનો ચગદાઈને જાન ગુમાવી બેઠા.

એ બે ઉચ્છૃંખલ સ્રોતમાં એવાં તો પૂર ચઢી આવ્યાં હતાં કે કિનારા પરના ઘરબાર તણી ગયાં, ગામનું નાનકડું ફૂટબોલનું મેદાન પણ ધોવાઈ ગયું ને એકની એક શાળાના ચૉગાનમાંનાં સાદાં મકાન બિચારાં ડહોળા પાણીમાં તરી રહ્યાં. ઊભરાયેલાં, અમળાતાં પાણીમાં ત્રણ નિર્દોષ છોકરાં પણ ખેંચાઈ ગયાં હતાં. એ સંહારનાં ચિહ્ન અમારી ચારે પાસ દેખાતાં હતાં. કુદરતનો પ્રચંડોગ્ર આક્રોશ આપણે કયાંથી સમજવાનાં?

મારી આંખોની સામે જ્યારે મેં ભોટે કોશી જેવાં ગામડિયા નામવાળી નદીનું છંછેડાયેલું, ફૂંફાડા મારતું વહેણ જોયું કે તરત મને સમજણ પડી ગઈ કે મારી જાતે એના પરથી મારી સૂટકેસ તો નહિ જ લઈ જઈ શકું. એ ઘડીએ મારી બાજુમાં ગામનો એક માણસ ચાલતો હતો. એના ખભા પર દોરડું હતું. એનો અર્થ એ કે એ પોર્ટર તરીકે કામ કરતો હશે. સૂટકેસ મેં એને આપી દીધી. એક પણ ડગલું ચૂકયા કે થોભ્યા વગર એને ઉપાડીને એ તો ચાલ્યો. અવિચારી, ઉદ્ધત, દયાહીન જળવમળમાં થતો, વચ્ચે આવતા પથ્થરો પર પગ મૂકતો - કૂદતો કેટલી સહેલાઈથી એ પાર નીકળી ગયો.

વિસ્મયથી ગળા પર હાથ મૂકી એને જોતી હું ત્યાં જ ઊભી રહી ગઈ હતી. પેલે પાર પહોંચી પાછા ફરી એણે મારી તરફ જોયું, હાથ લંબાવીને મને પ્રોત્સાહન આપવા પ્રયત્ન કર્યો. હું હજી અચકાતી રહી. જરાક આગળ કેટલાક સ્થાનિક પુરુષો સાંકડો,

કામચલાઉપુલ બનાવવા મથી રહ્યા હતા. કામ એવું ધીમું ચાલતું હતું કે એ કયારે પૂરો થશે એ કહેવાય નહિ. અમારો નેપાળી ગાઈડ કશી ચિંતા કે અચકાટ વગર સહેજમાં વહેણને પાર કરી ગયો. એની પાછળના બીજા પોર્ટર અને અમારાંમાંના બેએક પુરુષોએ પણ ગરજતા, ઘૂમરી ખાતા એ પ્રવાહમાં ઝંપલાવ્યું.

સામે તો મારે પણ જવાનું હતું ને જો નદીનો પડકાર હતો, તો ચલો, આ ઝીલ્યો એ પડકાર. થોડી ઉન્મત્તતા સ્પર્શી ગઈ મને પણ. મેં જોયું નદી તરફ. ખૂબ સુંદર હતી એ. જો એને જોયા ને સાંભળ્યા જ કરવાની હોત તો ઘણી વહાલી પણ લાગી હોત. દૂર દૂરનાં કદાચ હ્સંયત તિબેટમાંના શૃંગો પરનો બરફ ઓગળીને થયેલા એ ઠંડા પાણીમાં હોઠ પર સ્મિત સાથે મેં પગ મૂકયો. જરા વારમાં મારાં શૂઝ અને મોજાં ફરીથી સાવ ભીનાં થઈ ગયાં. પગ લપસ્યો પણ ખરો ને હું ચમકી. હજી તો પોણું વહેણ બાકી હતું! મારો ભલો પોર્ટર મારી પાસે પાછો આવી ગયેલો. તરત મારી કૅમેરા બેગ એણે લઈ લીધી. મારો હાથ પણ ઝાલ્યો. એનો આધાર અનિવાર્ય હતો. અને એમ, ડગમગ પણ અડગ. હું સામે પાર જઈ ચડી!

કેટલાક પુરુષો, ઊંચા હોવાને કારણે અધૂરા એ પુલને કૂદી ગયા. બે તરફ ગોઠવાયેલા પથરાઓના ઢગલા વચ્ચેની જગ્યા મારે માટે ઘણી પહોળી હતી. છેવટે એ જગ્યા પર લાકડાંના પાટિયાં ગોઠવાયાં. એ પણ ડગમગ તો થતાં જ હશે, પણ હવે પાણીમાં એક અંગૂઠો પણ બોળ્યા વગર એના પરથી પેલે પાર જવું શકય હતું. તે વખતે મને થયું કે આટલામાં પૂરો થઈ જશે એવી ખબર હોત તો રાહ જોઈ હોત! પણ ખેર, અંતે બધું પૂરું થઈ ગયું હતું.

બધાં જ ભૂમિસ્ખલન તથા જળવહન અમે નિર્વિઘ્ને પાર કર્યાં હતાં. અમારી જીત થઈ હતી — એમ કહું તોયે એટલું કબૂલ તો કરવું જ પડે કે કુદરતે ઇચ્છયું હશે તેથી જ અમે જીત્યાં અને જીવ્યાં.

હવે ભીનાં ગોતા જેવાં મારાં શૂઝ અને મોજાંને કાઢી નાખી શકું તેમ હતી. કાઠમંડુની ટ્રાવેલ એજન્સીએ મોકલેલી બસમાં બેસીને એમ જ કર્યું. થેલીમાંનાં સૅન્ડલ પહેરી લીધાં.એ તો કોરાં જ હતાં, પરંતુ મારા પગ કયાંય સુધી ઠંડા બરફ જેવા રહ્યા. જે ઊંચા, ઠંડા અતિ સુંદર પ્રદેશમાં અચરજભર્યા દિવસો વિતાવ્યા હતા તેની સ્મૃતિ આ રીતે જાણે માથાથી પગ સુધી અનુભવાતી રહી હતી.

તિબેટમાં ફર્યાં એ બસથી નાની એવી બસ કાઠમંડુથી આવી હતી. દરેક જણને બબ્બે બેઠકો મળે તેમ નહોતું. સંકડાશ થઈ ગઈ, પણ બધાં માઈ તો ગયાં. બસની અંદરનાં હવા માટેનાં છિદ્ર ખૂલતાં નહોતાં. છતમાં એક અધખુલ્લી બારી હતી, છતાં પાછળ ખૂબ ધામ હતો. શ્વાસ લેવાની હવા નહોતી. હું પહેલી જ બેઠક પર બેસી ગઈ ને તેથી ડ્રાઈવરની બારીમાંની હવા પામી. કેટલાં બધાં સાહસ કર્યાં. માથું ટેકવીને હવે થોડું ઠરવું હતું. તિબેટના વિયોગના અજંપાથી ઉદાસ થતા રહેતા મનને પણ સંભાળવાનું હતું. ઊંડા શ્વાસ લેવાના હતા.

થોડી વારે લામાસાન્ગુ ગામ આવ્યું. ત્યાં આરામ-વિરામ માટે અમે રોકાયાં. સ્થાનિક રેસ્ટોરાંમાં મને દાળ-ભાત ખવડાવવાની નેપાળી ગાઈડની ખૂબ ઇચ્છા હતી. પહેલાં તો મેં ના પાડી પણ સહેજ વિચાર કર્યા પછી મેં થોડું ખાઈ લીધું. ભૂખ લાગેલી અને ખાવાનું સારું હતું. ઘણા દિવસે આપણું ખાવાનું મળ્યું એટલે તો વળી વધારે સ્વાદિષ્ટ લાગ્યું. જૂથના બીજા કોઈએ કશું ખાધું નહિ. એ પશ્ચિમીઓ માટે પૂરતું ચોખ્ખું નહોતું. મને તો ભઈ મઝા આવી!

એ પછી રસ્તો ખરાબ નહોતો, દશ્યપટ તો તિબેટથી તદ્દન જુદો હતો. સર્વજનીય દુનિયામાં અમે પાછાં આવી ગયાં હતાં.



## સિઆમનો રાજકુમાર અને હું

રાજારાણીની વાતો કોને ના ગમે? દયાળુ રાજા, માનીતી ને અણમાનીતી રાણીઓ, દુષ્ટ આમાત્ય, રૂપાળી રાજકુમારી, બહાદુર રાજકુમાર, મણિરત્નથી ભરેલો ખજાનો : ‘જા, માગ, માગ, માગે તે આપું.’ બધું કેવું રોમાંચક! આવી વાતો સાંભળતાં સાંભળતાં જાણે ફરી બાળક બની જવાય. પણ આ ફક્ત કલ્પનાનો જ વિષય નથી. દુનિયાના ઘણા દેશોમાં આ હકીકત છે. આવો એક દેશ કે જે સ્વાધીન છે, લોકરાજ્ય છે, ને છતાં જ્યાં રાજારાણીની આદરણીય ઉપસ્થિતિ છે તે સિઆમ. ખરેખર તો આ નામ લગભગ ભુલાઈ

ગયું છે અને એ થાઈલૅન્ડ તરીકે ઓળખાય છે.

થાઈ લોકો મૂળ ચીનમાંથી ઊતરી આવ્યાનું મનાય છે. પણ કહે છે કે તેના પણ પહેલાં ભારતીય મૂળવાળી પ્રજાએ ‘સુવર્ણભૂમિ’ કહેવાતું રાજ્ય ત્યાં સ્થાપેલું. સમ્રાટ અશોકે આ જ પ્રદેશમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા માટે ભિખ્ખુઓને મોકલેલા. આવા બીજમાંથી જ પછી તો આ ધર્મ કેટલો ફાલ્યો.

ભારતની અસર તો ઘણી રીતે એમની પુરાતન સંસ્કૃતિ, ધર્મ અને ભાષા પર દેખાય. આધુનિક જીવનમાં આપણા દેશની જો કોઈ અસર એમના પર પડી હોય તો તે એમની સિનેમાઓ પર. આપણી હિન્દી સિનેમાઓ જેવી જ ગાંડી-ઘેલી, પ્રેમરંગી, સામાજિક સિનેમાઓ થાઈલૅન્ડમાં બને છે. ત્યાંનાં અભિનેતા-અભિનેત્રીઓ આપણે ત્યાંની જેમ જ લોકોમાં ઘેલછા પેદા કરે છે. ભાષાને અછડતી રીતે જોતાં પણ ખ્યાલ આવે કે સંસ્કૃતમાંથી ઘણું અપભ્રંશ થયું હશે. જેમ કે, ‘થોનબુરી’ તે એક વખતનું ‘ધનપુરી’ જ હશે. એ જ રીતે, ‘અયુથયા’ તો ‘અયોધ્યા’માંથી જ આવ્યું હોય. ‘ધ’નો ‘થ’ થયો, ને ‘પ’નો ‘બ’. ‘અરુણ’, ‘ઇન્દ્ર’ વગેરે નામો પણ જોવા મળે છે. ‘રામ’ તો રાજાનું જ શોભાસ્પદ બિરુદ છે. બૌદ્ધ ધર્મ હિન્દુ ધર્મનાં અંગો સાથે કેટલીક રીતે એકરૂપ લાગે છે. મંદિરનાં શિલ્પોમાં ગરુડ અને નાગ બધે જ દેખાય છે. બંને હવા અને પૃથ્વીનાં સત્ત્વોનાં પ્રતીક છે. આ શિલ્પો પવિત્ર ગણાય છે અને રાજપ્રસાદો કે મંદિરોનાં વળાંકવાળાં છાપરાં પર જ મુકાય છે. જો કોઈ પણ બીજા મકાન પર આ શિલ્પ મૂકે તો તે અપશુકન બને છે. ઉપરાંત, બૅન્ગકૉકના સંગ્રહાલયમાં બુદ્ધની વિવિધ પ્રતિમાઓની સાથે બ્રહ્મા, વિષ્ણુ અને શિવની પણ થાઈ શૈલીમાં કંડારાયેલી પ્રતિમાઓ હતી. રાજા રામ બીજાએ આપણા ‘રામાયણ’ પરથી ‘રામાકિએન’ નામનું મહાકાવ્ય લખ્યું — ૧૯મી સદીના આરંભમાં. એની ભજવણીનાં કેટલાંક દશ્યો સંગ્રહાલયના ઇતિહાસખંડમાં હતાં. એકમાં હનુમાનને એક મત્સ્યકન્યા સાથે પ્રેમાલાપ કરતા બતાવ્યા હતા! ઘણાં નામો, વિગતો, બનાવો મૂળ કથાનકથી જુદાં હતાં. આપણને તો હસવું જ આવ્યા કરે!

બૅન્ગકૉક આ રાષ્ટ્રીય સંગ્રહસ્થાનની સામે અતિવિશાળ એક મેદાન છે — પ્રમાન મેદાન. શહેરનાં વાહનો અને ભીડથી બચીને શહેરને માણવા માટે આ સર્વોત્તમ જગ્યા છે. એની ચારે બાજુ સંગ્રહાલય, રાષ્ટ્રીય નાટયગૃહ, થમ્મસાત — ધર્મસત? — મહાવિદ્યાલય, રોયલ ઇન્સ્ટિટયૂટ અને બીજાં ઘણાં સરકારી મકાનો છે. મેદાનનાં લીલાં ઘાસ અને ઝૂલતાં ઝાડની પેલે પારના છોડ પર રાજમહેલ અને ચોગાનમાંનાં મંદિર છે. સવારથી જ રુદ્ર એવા સૂર્યથી બચાવીને રાખવા માટે મેદાનના ઘાસ પર આખી સવાર પાણી છંટાતું રહે

છે. એના ઉપરની ભીની ભીની હવાના કંપનને પેલે પાર મહેલ અને મંદિરના સુવર્ણમંડિત મિનાર પરિકથામાંના હોય તેવું લાગે છે. મેદાનના પહોળા, ચોતરફ઼ા પદમાર્ગો પર વૃક્ષોના ઘેઘૂર છાંયામાં બેસવા માટેની બેન્ચો મૂકેલી છે, જે ભાગ્યે જ ખાલી જોવા મળે. શહેરના સામાન્ય લોકો માટે આ બહુ અગત્યનું આરામસ્થાન છે. અહીં જ જાહેર બસોનું સૌથી મોટું સ્ટેશન પણ છે. ફ઼ેરિયાઓ ખાવાનું વેચે છે, રંગીન પીણાં વેચે છે. જમવાના સમયે તો ઑફ઼િસોમાંથી આવીને લોકો અહીં લટાર મારે છે, કંઈ કંઈ ખરીદે છે. ગરમ દેશમાં બરફ઼વાળાં ઠંડાં પીણાં તો બહુ જ વેચાય. સવારથી જ તારની વાડ પર રંગરંગીન, ચિત્રવિચિત્ર આકારના અસંખ્ય પતંગો લાગી જાય છે. બપોર સુધીમાં તો રંગીન ગાંડપણ થઈ ગયેલું લાગે છે. લાંબી લાંબી પૂંછડીવાળા થોડા પતંગો મેદાનની વચમાં ઊભા રહીને લોકો ઊડાડવા પણ માંડે છે. પતંગનો આ ઉત્સવ દર ઉનાળામાં ત્રણ મહિના ચાલે છે અને એકની સાથે એક પતંગ ચડાવવાની હરીફ઼ાઈ ચાલ્યા કરે છે. પતંગમાં પણ પુરુષ-પતંગ અને સ્ત્રી-પતંગના ભેદ હોય છે. અહીં કયાંયે ધમાલ નહીં, ઉતાવળ નહીં, ધક્કામુક્કી કે દોડાદોડી નહીં. સરસ, સહજ આનંદ જ.

મહેલની આસપાસ ઊંચી દીવાલ છે. એનાં રંગીન છાપરાં અને સુવર્ણ ગોપુરમ્ તો બધેથી દેખાયા કરે. ચક્રી વંશ ૨૦૦થી વધારે વર્ષોથી ચાલે છે. આ યુગને રત્નકોશી યુગ કહે છે. અત્યારના રાજાનું નામ ભૂમિબોલ — ભૂમિપાલ? — રામ નવમો છે. એમનો જન્મ ૧૯૨૭માં અમેરિકામાં થયેલો. રાણી સિરિકિટ (શ્રીકીર્તિ?) ખૂબ સુંદર છે. બંને લોકપ્રિય છે. થાઈલૅન્ડની એકતાના કેન્દ્રમાં એના રાજા અને રાજકુટુંબ છે. રાજા દેશના ઐકય, વૃદ્ધિ અને વિકાસ ઉપરાંત લોકાદરનું જીવંત પ્રતીક છે. રાજા રામ નવમા અને રાણી સિરિકિટ આખા દેશના ખૂણે ખૂણે ફ઼રેલાં છે અને સતત લોકોની નજરમાં, ધ્યાનમાં અને દેશના સમાચારમાં રહેતાં હોય છે.

મહાપ્રાસાદનો કેટલોક ભાગ જનતા માટે ખુલ્લો છે. બૅન્ગકૉકનું સૌથી મહત્ત્વનું મંદિર ‘વાટ ફ્રા કેઓ’ (Wat Phra Keo) — અથવા નીલમણિ બુદ્ધનું મંદિર — આ ભાગમાં આવેલું છે. રાજા પોતે પોતાની ધાર્મિક ક્રિયા અને પૂજા ત્યાં જ કરે છે. દુનિયાનાં અદ્ભુત દૃશ્યોમાંનું એક તે આ દેવાલય છે. આંખો ચકિત થઈ જાય, મન આભું બની જાય. જોતાં જ રહીએ છતાં અધૂરું રહી જાય. એનાં બહુસ્તરી છાપરાં ઉજ્જ્વળ કેસરી, ભૂરા અને લીલા રંગે રંગેલાં છે. ઠેર ઠેર સોનેરી રંગનું ચિત્રામણ. મંદિરનાં ત્રણ શિખરો થાઈલૅન્ડ, બર્મા અને કમ્બોડિયાની શૈલીનાં છે. તે ઉપરાંત, બીજા નાના ‘ચેદી’ કહેવાતા, અણિયાળા ઘુમ્મટો. આ સમગ્ર જાજ્વલ્યમાન અવલોકનથી જ તો દુનિયાભરમાં બૅન્ગકૉક શહેરની ઓળખાણ છે.

રવિવારે અને ધાર્મિક દિવસોએ ત્યાં ભક્તોની ભીડ થાય છે. લોકો પૂજા કરે છે, સાષ્ટાંગ પ્રણામ કરે છે, સંગેમરમરની ફર્શ પર બેસીને મંત્રોચ્ચાર કરે છે. ફૂલો અને ધૂપ-અગરબત્તીની ગંધથી વાતાવરણ સભર થઈ જાય છે. ૧૧ મીટર ઊંચી વેદી પર રહેલા, કોઈ દૈવી આલોકથી ચમકતા, નીલરત્નમાંથી બનાવેલા, ફક્ત ૭૫ સેન્ટિમીટર ઊંચા આ પાવકતમ બુદ્ધ થાઈ લોકોના જીવનમાં અનિર્વચનીય શ્રદ્ધા અને ભક્તિ ઉત્પન્ન કરે છે. આ પ્રતિમા કયાંથી આવી તે કોઈ સાબિતીપૂર્વક કહી શકતું નથી. એના મસ્તક પર નવસ્તરી છત્રી મૂકેલી છે. બે બાજુ રહેલા સ્ફટિકના ગોળા તે સૂર્ય અને ચંદ્ર છે. બુદ્ધદેવની ઉપસ્થિતિમાં જ જાણે આખું બ્રહ્માંડ છે. વર્ષમાં ત્રણ વાર ઋતુને ઉપર્યુક્ત પોશાક રાજા જાતે આવીને તથાગતને પહેરાવે છે. ત્રણે વસ્ત્રો સોનાનાં, હીરા અને રત્નખચિત હોય છે.

મંદિરોને ‘થાઈલૅન્ડનાં પ્રથમ મહાવિદ્યાલયો’ કહેતાં, કારણ કે ચોગાનમાંનાં શિલ્પો અને દીવાલો પરનાં ચિત્રોથી લોકો બૌદ્ધ ધર્મ સિવાયના ઘણા વિષયો અંગેનું જ્ઞાન પામી શકતા. ‘સૂતેલા બુદ્ધ’ના મંદિરની દીવાલો પર ભિન્ન રોગોના ઉપચારોને લગતાં લખાણ છે. આ મંદિરનું પ્રવાસીઓને બહુ આકર્ષણ હોય છે. એનું કારણ બુદ્ધની આ મહાકાય મૂર્તિ છે. એ ૪૬ મીટર લાંબી અને ૧૫ મીટર ઊંચી છે. એ નિર્વાણ પામેલા બુદ્ધનું પ્રતીક છે. એમના પગનાં ૧૫ મીટર ઊંચાં તળિયાં પર બુદ્ધની ખાતરીરૂપ ૧૦૮ સંજ્ઞાઓ મોતીની છીપથી બનાવાયેલી છે. અંદરની દીવાલો પર થાઈ શૈલીનાં અતિસુંદર ચિત્રો છે જે ઓછા અજવાળાને કારણે સ્પષ્ટ જોઈ શકાતાં નથી. બહાર એક બોધિવૃક્ષ છે. કહે છે કે જે વૃક્ષની નીચે બુદ્ધે તપ કરેલું તેની જ ડાળીમાંથી આ ઊગેલું છે.

વાટ ત્રિમિત્ર-સુવર્ણ બુદ્ધનું મંદિર જરા દૂર છે અને બહારથી બહુ ધ્યાન ખેંચે તેવું નથી. પણ અંદર જતાં જ બુદ્ધની સંપૂર્ણ સુવર્ણ પ્રતિમા મુગ્ધ કરી દે છે. ૩ મીટર ઊંચી અને સાડા પાંચ ટનના વજનવાળી એ પ્રતિમા ૧૩મી સદીની સુખોથાઈ પદ્ધતિની છે. વાંકડિયાવાળ ઊંચે જટાની જેમ બાંધેલા છે, મોઢું લાંબું, આંખો નીચી, હોઠ પર આછું સ્મિત, ડાબે ખભે ઉત્તરિય, ડાબો હાથ ખોળામાં, જમણો હાથ જમણા ઘૂંટણ પર, લાંબા પગથી વળાયેલું અર્ધપદ્માસન. બહુ જ સપ્રમાણ અને પૂજનીય.

વાટ પો બૅન્ગકૉકનું સૌથી જૂનું અને સૌથી મોટું મંદિર છે. પહેલા ચાર રાજાઓને એ અત્યંત પ્રિય હતું અને એમણે નવી ‘ચેદી’ઓ, નવાં મંડપો, શિલ્પો બનાવડાવ્યાં હતા. મુખ્ય મંદિરની આસપાસ અત્યારે ૭૧ નાની અને વીસ મોટી ‘ચેદી’ઓ છે. નાનીની અંદર રાજવંશની વ્યક્તિઓની ભસ્મ રહેલી છે અને મોટીમાં બુદ્ધના અવશેષ રહ્યાનું મનાય છે, વાટ મહાથાટ — મહાઅવશેષનું મંદિર — રાજા રામ પ્રથમના કાળમાં બંધાયેલું. ખરેખર

તો એ બૌદ્ધ શિક્ષણ માટેની ખૂબ અગત્યની સંસ્થા છે — ખાસ કરીને ધ્યાનના શિક્ષણ માટે. રાજા રામ ચતુર્થ રાજગાદી પર આવ્યા તે પહેલાં અહીં મઠાધિપતિ હતા. કેટકેટલાં મંદિર : વાટ રાજબોપિત્ર, વાટ સુથાટ, વાટ સાખેત, વાટ રચનાદા. મંદિરોની વાત પૂરી ના થાય.

પણ એક મંદિર તો ના જ ભુલાય, ને તે વાટ અરુણ પ્રભાતનું મંદિર. એને બૅન્ગકૉકનું સૌથી સંસ્મરણીય સ્મારક કહી શકાય. એ છે તો સામેના થોનબુરી ગામમાં, પણ બરાબર ચાઉ ફ્રાયા નદીને કિનારે બૅન્ગકૉક બાજુથી જળટેક્સી લઈને સહેલાઈથી જવાય. એનું મુખ્ય શિખર ૭૯ મીટર ઊંચું હોવાથી દેશનું સૌથી ઊંચું ધાર્મિક સ્થાપત્ય બને છે. સૂર્યનાં કિરણોના સ્પર્શથી દૂરથી એ રત્નજડિત હોય તેમ લાગે છે. પાસેથી જોતાં એના પર બહુરંગી ચિનાઈ કાચના ટુકડા લગાડેલા દેખાય છે. આ અભિગમ સહેજ વિચિત્ર હોવા છતાં એની અસામાન્ય સુંદરતામાં ક્ષતિ થતી નથી. રાજા રામ બીજાએ આ શરૂ કરેલું. અધૂરું રહી જતાં રાજા રામ ત્રીજાએ એ પૂરું કરાવ્યું. તે વખતે સ્થપતિ પાસે આ રંગીન ચીની કાચના ખંડો ખૂટી જતાં રાજાએ પ્રજાની મદદ લીધી. જાહેરાત થતાં જ પ્રજાએ તૂટેલાં કપ -રકાબી વગેરેના ટૂકડા હજારોની સંખ્યામાં ભેગા કરી આપ્યા. મુખ્ય શિખર પર અડધે સુધી ચડવા માટે ચારે બાજુ સાંકડાં, ઊભાં સોપાન છે. ચડતાં કદાચ બીક પણ લાગે, પણ ઉપરથી દેખાતું દૃશ્ય અનુપમ છે. આકંઠ વહેતી નદીને સામે પાર બૅન્ગકૉકની ઇમારતોનાં છાપરાં દેખાય છે. મંદિરોના તેજસ્વી રંગો મન હરી લે છે. અને મૃદુ માતરિશ્વા-ચંચલ, સુખદ-જીવ જતો બચાવે છે. પ્રાંગણમાં બીજા પણ મંડપો છે. દરેકની નીચેની પાળીઓ પર ગરુડનાં શિલ્પ છે. બાકી ઠેર ઠેર ચીની શિલ્પ, ચીની શોભાકૃતિઓ દેખાય છે. અંદર જવાના થોડા પૈસા લાગે છે, કદાચ તેથી જ લોકો ઓછા આવે છે. પાદત્રાણ પહેરીને બધે જવા દે છે તેથી જરા નવાઈ લાગી.

બૅન્ગકૉક શહેરની બીજી વિલક્ષણતા તે એની બૃહત સ્રોતસ્વિની ચાઉ ફ્રાયા અને બીજી ‘ક્લૉંગ’ કહેવાતી નહેરો. એમ તો આખો દેશ એની કુલ ૩૦ લાખ કિલોમિટર જેટલી નદીઓ અને નહેરોથી જોડાયેલો છે. પ્રજાનો ઘણો ભાગ નદી પર જ નિર્ભર છે. રહેવું પણ ત્યાં, કામ કરવું પણ ત્યાં. હજી દેશમાં કેટલીયે જગ્યાઓ છે, જ્યાં હોડી વડે જ પહોંચાય. વધારે વરસાદ પડતાં જ જળબંબાકાર થઈ જાય એમાં નવાઈ શું?

બૅન્ગકૉક ‘પૂર્વનું વેનિસ’ કહેવાતું અને ઇટાલિના શહેરની જેમ દર વર્ષે એ થોડું

ડૂબતું પણ જાય છે. જોકે એ બાબત બહુ ચિંતાનું કારણ બની લાગતી નથી. શહેરની બહારની નહેરો માટે લાંબી, સાંકડી, સડસડાટ, પાણી ઉડાડતી જતી મોટરબોટો વધારે વપરાય છે. બેસવામાં એ જરા ઊંડી હોય, તેથી ઘૂંટણ ઊભા વાળીને, લગભગ પાણીની સપાટીને સમાંતર જ બેસવું પડે. આ હોડીઓ ઉપર ખુલ્લી હોય, છતાં પાણી અને પવનને લીધે ઠંડક સરસ લાગે. બહારની આ નહેરોનું પાણી પણ ઓછું ગંદું લાગે; અને ઝૂંપડાં? — થોડાં વધારે ચોખ્ખાં લાગે. બધાં જ, સાવ પાણીમાં, થાંભલા પર ટકેલાં. વરસાદનું પાણી ભરીને પીવામાં વાપરવા માટેની કોઠીઓ જમીન પર દેખાય. ખુલ્લાં બારણાંમાંથી અંદરનો જૂજ અસબાબ છતો થાય. અલબત્ત, ટેલિવિઝન તો ખરાં જ! ટેબલખુરશીઓ પણ હોય, ને કયારેક રૉબર્ટ રેડફર્ડ જેવા સ્વરૂપવાન અમેરિકન અભિનેતાનું મોટું પોસ્ટર પણ! કયાંક બારણાં બહાર ફૂલોનાં કૂંડાં જોઈને સુખદ આશ્ચર્ય થયેલું. ચારેબાજુ ગીચ લીલોતરી તો છે જ, છતાં કોઈ કોઈને ઘરઆંગણું શોભાવવાનું મન થાય તે મનની કુમાશ દર્શાવે છે. બધેથી પીળા, સોનેરી, ગુલાબી, લાલ ચંપા અને ગાઢ જાંબલી ‘ઑર્કિડ’ ડોકાયા કરે.

સાચેસાચ જે પુરાતન છે અને સમય જ્યાં સ્થગિત જ થઈ ગયો છે તે સ્થાન છે અયુથયા. ફળદ્રુપ ગણાતા ભૂમિભાગની વચમાં પ્રાક્કાલીન મહિમ્નના સ્મૃતિશેષ અવશેષો ઉપેક્ષિત, ઉજ્જડ, અનુપયોગિન પડયા છે. મુખ્ય ‘ચેદી’ (પૅગોડા) ૨૯૦ ફીટ ઊંચું છે. એની ચારે બાજુ નતનેત્ર બુદ્ધની પિત્તળની અગણિત મૂર્તિઓ છે. ડાબે ખભેથી પીળાં ઉત્તરીય બાંધેલાં છે. ડાબો હાથ ખોળામાં અને જમણા હાથને પૃથ્વી તરફ નિર્દેશી ‘માર’ને એ હરાવી રહ્યા છે. રાજાઓની ભસ્મ માટેના ત્રણ સ્તૂપ છે. એમની આસપાસની અસંખ્ય બુદ્ધમૂર્તિઓ પથ્થરની હોઈ તોડીફોડી દેવામાં આવી છે. માથાં નહીં, મોઢાં નહીં ફક્ત આકારની મૃત ઉપસ્થિતિ. ફરતાં ફરતાં એક મૂર્તિ જોઈ, જેનું મુખ અખંડિત હતું અને તેથી ત્યાંના મજૂરો-ફેરિયાઓ વડે બેચાર ફૂલોથી પૂજિત હતી. સર્વત્ર ઇંટો ને પથ્થરોના નિષ્ફળ ઢગલા. રસ્તાની બીજી બાજુના, પરિત્યક્ત એક મંદિરનું ગોપુરમ મને ઓરિસ્સાનાં મંદિરોની યાદ અપાવી રહ્યું. આ સામ્યમાં કાંઈ સંબંધ હશે ખરો?... એક સૂતેલા બુદ્ધની પ્રતિમા છે. સફેદ રંગેલી, કેસરી ઉત્તરીય પહેરાવેલી. તે પણ ત્યજાયેલી, એકલી. બર્મા ઉપર વિજય મળ્યા પછી લોકોમાં ઉત્સાહ પ્રેરવા વિજયી રાજા નારેસુઆન — નરસિંહ? — ના સમયમાં (૧૫૯૨) એક પૅગોડા બંધાવાયેલો જ્યાં હજી પૂજા અને ધ્યાન શ્રદ્ધાથી થાય છે.

આખા પ્રદેશ પર બળતા સૂર્યનો ચંદરવો. દશ્ય આખું વિષણ્ણ અને કલેશકર ને છતાં ભવ્ય અને હૃદયંગમ. કેવો વિરોધ. પણ આવી વિસંગતી તો થાઈ જીવનમાં ઘણી દેખાય. જેમકે, ધર્મ ત્યાંના રોજના જીવનનો અનર્ગળ, અનવરત અંશ છે. દરેક કુટુંબમાંથી

એક પુત્રનું ભિખ્ખુ થવું ફરજિયાત છે. ૯૪% પ્રજા બૌદ્ધ છે. (કેવું આશ્ચર્ય કે તોયે સોએક જેટલી મસ્જિદો એકલા બૅન્ગકૉકમાં છે.) ધર્મ જ દુનિયાને જોવાનો દૃષ્ટિકોણ છે ને છતાં નૈતિક મૂલ્યહીનતા અને સામાજિક બદીઓ પણ થાઈલૅન્ડના રોજિંદા જીવનનો એવો જ પ્રબળ ભાગ છે. નિત્ય વહેવાર અને વર્તાવ માટે ભિખ્ખુએ ૨૨૭ જેટલા નિયમો પાળવાના હોય છે; ધર્મનો અભ્યાસ, સાદું ભોજન, સ્ત્રીનો પડછાયો પણ ના લેવાય, એનું મોઢું પણ ના જોવાય વગેરે. હવે તો ભિખ્ખુઓ જ પાસે આવીને વાત કરવા માંડે છે; પાશ્ચાત્ય, ઉત્તેજક સામાયિકો વાંચતા દેખાય છે. રૂઢિબદ્ધ રીતે પીળાં વસ્ત્રની ગડીઓ અને વીંટામાં અટવાયેલા એક ત્રીસેક વર્ષના ભિખ્ખુ પાસે સિગરેટ જોઈને નવાઈ પામી મેં એને પૂછ્યું, ‘તમે સિગરેટ પીઓ છો?’ સંકોચાયા વગર કે સમજૂતી આપ્યા વગર એણે મને સામે ધરી, જો મારે પીવી હોય તો!

બૅન્ગકૉકથી ૭૧૦ કિલોમીટર ઉત્તરે થાઈલૅન્ડનું બીજા નંબરનું શહેર ચ્યાંગ માઈ (Chiang Mai) છે. દેશનાં ઉત્તરનાં રાજ્યોનું એક વખતનું મુખ્ય શહેર હતું. અત્યારે પણ બૅન્ગકૉકની ધમાલ, આધુનિકતા અને બેપરવાઈથી દૂરનું આ શહેર આનંદ અને વિશ્રાંતિ આપે છે. વાહનો તો અહીં પણ વધી જ ગયાં છે છતાં એને માણવું હજી શકય છે. હસ્તકળાઓનું આ વિખ્યાત કેન્દ્ર છે. હજારો સુંદર વસ્તુઓ લલચાવી રહે : કાષ્ટાકૃતિઓ, ચાંદીનાં ઘરેણાં, લાખની ચીતરેલી બંગડીઓ, હાથનાં ભરેલાં કપડાં, રંગીનપંખા, છત્રીઓ, વાંસમાંથી બનાવેલી ચીજો. ઘણી દુકાનોમાં આગળ બેસીને કોઈ યુવાન કે યુવતી નાના રેશમી પર્સ કે પંખા પર બારીક ચિત્રકામ કરતાં હોય. શું સહજ કૌશલ્ય, કેવું મનોહર પરિણામ. હલકા હાથે ફરતી ઝીણી પીંછીની કરામત ઊભાં ઊભાં જોયા જ કરવાનું મન થાય.

જો થાઈલૅન્ડની નદીઓ લીલી છે, તો એના પર્વતો સૂકા લાગે છે. પણ ત્યાંની આદિવાસી જાતિના લોકોનું જીવન અભ્યાસને લાયક છે. બર્માના અમલ અને સામીપ્યને કારણે ચ્યાંગ માઈની પ્રજાની ભાષા, બોલી, રિવાજો, ખોરાક, ધર્મ વગેરે બધી બાબતો પર બર્માની ઘણી અસર પડેલી છે. અહીં પણ અનેકાનેક મંદિરો છે. સૌથી મુખ્ય દોઈ સુથેપ મંદિર છે. પર્વતની ટોચ પર ૩૦૦ પગથિયાં ચડીને જવું પડે. હિંસ્ર મોઢાવાળા ચીની માટીના બે બૃહત્કાય અજગરો છેક ઉપર સુધી પગથિયાંની સાથે સાથે જાય છે. મંદિરની ‘ચેદી’, છાપરાં સુવર્ણમય છે. બુદ્ધની પ્રતિમાઓ પર પણ સોનાના વરખનાં નાનાં ચોસલાં પૂજાભાવથી લોકો લગાડતા રહે છે. ગર્ભમંડપમાં એક વૃદ્ધ ભિખ્ખુ મૃદુ સ્વરે ઉપદેશ આપી રહ્યા હતા : ત્રણ કિશોર-કિશોરી ધ્યાનપૂર્વક સાંભળી રહ્યાં હતાં. મુખ્ય મૂર્તિની એક બાજુ રાજા રામ નવમાનો ફોટો હતો, બીજી બાજુ રાષ્ટ્રીય ધ્વજ. આ મંદિર યાત્રાનું મહાધામ ગણાય છે.

શહેરની અંદરનાં કેટલાંક મંદિરો તો ચાલીને જોવાય. કેટલાં જોવાં? રસ્તાની બંને બાજુ નાનાં મોટાં દેવાલયો આવ્યાં જ કરે. દૂરનાં જોવા માટે ‘ટૂક-ટૂક’ કહેવાતી સ્કૂટર રિક્ષા કે ટેક્સી પણ લેવાય. મેં વળી એક સાઈકલ ભાડે કરી. માથા પર તડકાથી બચવા ટોપી, એક હાથમાં શહેરનો નકશો, બીજો સ્ટીઅરીંગ વ્હીલ પર. થોડું ખોવાતી, થોડું પૂછતી, થોડું શોધતી ગામની બહારનાં બધાં મંદિરો જોઈ વળી. બહુ મઝા આવી. સ્કૂટર અને મોટર સાઈકલના જમાનામાં સાઈકલ તો બહુ ઓછાં ચલાવે ને સ્ત્રીઓ તો ભાગ્યે જ. તેથી રસ્તા પર બધાં જોઈ રહેતાં. દૂરનાં એ મંદિરો બહુ રસ પડે તેવાં હતાં. એકમાં બેઠેલા બુદ્ધની આઠ મીટર ઊંચી પ્રતિમા, બીજા ‘રાષ્ટ્રીય જીર્ણ સંપત્તિ’નું બિરૂદ પામેલા મંદિરમાં આપણાં લઘુચિત્રો જેવાં ઝાખાં પડી ગયેલાં, પણ ઉતકૃષ્ટ ભીંતચિત્રો છે. અંદરની બુદ્ધ પ્રતિમા ૧૫૦૦ વર્ષ જૂની મનાય છે. મને સૌથી વધારે ગમે ગયું વાટ સુઆન ડૉર્ક. ૧૩૮૩માં એ બંધાયું. લાલ કે સોનેરી રંગનો સ્પર્શ પણ નથી. દીવાલોને બદલે લાકડાનું માળખું, એના પર છાપરું. ખૂબ મોટું, ખૂબ ઊંચું. પ્રકાશ અને હવા માટે સાવ ખુલ્લું, બે બેઠેલા બુદ્ધ, એક ઊભેલા. મુખ્ય દરવાજા તરફ એમની પ્રબલ પીઠ. શાંતિ અને ઠંડકમાં હું બેસી જ પડી. ફૂલ અને સોનાના વરખ લઈને વેચવા બેઠેલી એક નાની છોકરી મારી સામે જોઈ શરમાતાં હસી. ચૂપચાપ આ બુદ્ધ સાન્નિધ્ય મારે અનુભવવું હતું, તેથી મેં કાંઈ વાત શરૂ ના કરી. આપવા જેવું કશું હતું નહીં મારી પાસે. એક ‘ચીઝ’નો ટુકડો હતો, તે મેં એને આપ્યો. કંઈક સંવાદ આમ જ રચાઈ ગયો.

રાજા રામ ચતુર્થ ૧૮૫૧માં ગાદી પર આવ્યા. એમણે વિજ્ઞાન, શિક્ષણ, ઐતિહાસિક સંશોધન વગેરે ક્ષેત્રે ઘણા નવા વિચારો અપનાવ્યા. એમનાં બાળકો માટે રાખેલી એક અંગ્રેજ શિક્ષિકાએ હકીકત અને મનઃકલ્પિત વાતોનું મિશ્રણ કરી એક તરંગી સ્મૃતિગ્રંથ લખ્યો, જે થોડું રૂપાંતર પામીને હવે “રાજા અને હું” (The King and I) તરીકે વિખ્યાત અને જનપ્રિય છે. મેં આનું થોડું અનુકરણ કર્યું. કારણ એ કે હું એક બપોરે પ્રમાન મેદાનની એક બેન્ચ પર બેસીને બાફેલી શીંગો ખાતી હતી, ને છોતરાં આજુબાજુ નાખતી હતી. ત્યારે એક મધ્યવયી થાઈ સ્ત્રીએ આવીને એમ કરતાં રોકયાં — કે ગંદકી કરવા માટે પોલીસ પકડશે— ને પછી સરસ અંગ્રેજીમાં વાત કરતાં કહ્યું કે સંગેમરમરના મંદિરમાં એ બપોરે રાજા આવવાના છે. પછી તો જોવા ગયા વગર કેમ ચાલે? સૈન્યના અફસરો અને વૃદ્ધ ભિખ્ખુઓ મર્સિડિઝ ગાડીઓમાં આવતા ગયા. સૈનિકો પહેરો ભરતા હતા. લાલ જાજમ બિછાવવામાં આવી. છેવટે બેત્રણ જ મોટરોની સવારી આવી. જે વ્યક્તિ ઊતરી તે તો ઘેરા ભૂરા, ચંદ્રકો કે શણગાર વગરના ‘સૂટ’માં હતી. વળી, ફોટા જોઈ જોઈને રાજા રામ નવમાનું મોઢું તો પરિચિત છે. આ તો હતા થાઈલૅન્ડના પાટવી રાજકુમાર.

એમણે તો મને ના જોઈ, તેથી વાર્તામાં બને તેવું કશું બન્યું નહીં! પણ તો શું?! આહ, કેવું રોમાંચક!



## દુનિયાનું પ્રભાત

સ્નેહવશ મનની લાગણીપ્રધાન કલ્પનાને થોડી વધારે પ્રસરવા દઈએ તો એને અવશ્ય 'કુટિર' કહી શકાય : કમનીય નિવાસ, સ્વચ્છ આંગણું, ફૂલછોડથી પ્રસન્ન નાનકડો બગીચો. જંગલમાં મંગલ. (ત્યાં જો સોનેરી મૃગ દેખાયું હોત તો હું સીતા થવા તૈયાર હોત.) વાસ્તવિકતાની આંખોમાં એ પાકો ચણેલો નાનકડો, સ્વતંત્ર, હૃદયાભિરામ બંગલો હતો. 'પુરી મુવા' અથવા 'લઘુપ્રાસાદ' નામની સુંદર ધર્મશાળાનો એ એક ભાગ હતો ને જ્યાં સુધી રહું ત્યાં સુધી એ મારો હતો. નીલ રંગનું સ્નાનગૃહ, તૈયાર થવાનો કક્ષ, શયનખંડ ને બહારનો વરંડો. વરંડામાં સવારનાં ચ્હા નાસ્તો (અને લખવા) માટે ટેબલ, ઉપરાંત સોફા, બે ખુરશીઓ અને વચમાં નીચું ટેબલ. સ્નાનગૃહમાં પાણીનો નળ ન હતો. બહારથી ડોલે ડોલે પાણી અંદરના હોજમાં નાખવામાં આવતું. ગરમ પાણી હસમુખો સેવક આપી જતો. જગ્યા જ એની અદ્દુન્યવી હતી કે આવી ક્ષુલ્લક બાબતોની પડી જ નહોતી રહી.

મેં સામાન મૂકયો એટલામાં તો માગ્યા-મંગાવ્યા વગર જ ધર્મશાળાના યુવાન સેવક નિઓમાન ચ્હા લઈને આવ્યો અને સ્વાગત રૂપે જબાકુસુમનાં ફૂલ : સફેદ, ગુલાબી, લાલ ને સાથે વાંસ (bamboo)નાં નાજુક પાન. આહ. આખરે હું એવી જગ્યાએ આવી પહોંચી હતી જે અપરૂપ, શાંતિસભર અને આનંદમય હતી, જ્યાંના લોકોમાં ઉષ્મા અને સહજ મિત્રતા હતી. આ એવી જગ્યા હતી કે જ્યાં દરેક દીવાલની પાછળનું ચોગાન એક ઉદ્યાન જેવું હતું, દરેક ઉદ્યાન કોઈનું અંગત રહેઠાણ હતું અને એમાંના ઘણાં ઘર પ્રવાસીઓ માટે ખુલ્લાં હતાં — સુવાના અને સવારનાં ચ્હા-નાસ્તાના ભાડા સાથે. આ જગ્યાનું નામ ઉબુદ. ઇન્ડોનેશિયાના બાલિ દ્વીપ પરનું નિતાંતસુંદર ગ્રામ.

પુરાવૃત્ત કથા એવી છે કે હજાર હજાર વર્ષ પહેલાં જાવા દ્વીપના એક પુજારીએ પોતાના સ્વચ્છંદી પુત્રને દેશવટા (દ્વીપવટા)ની શિક્ષા કરી અને બાલિ દ્વીપ પર મોકલી દીધો. એ વખતે આ બે ટાપુઓ વિચ્છિન્ન નહોતા પણ પાતળી છીછરી સંયોગભૂમિ એ બંને વચ્ચે હતી. પૂજારીએ વચ્ચેની આ રેતી પર એક રેખા દોરી અને કહે છે કે એ સાંકડા ભૂમિપટને અસંલગ્ન કરી દઈને ત્યાં જાવા સમુદ્રનું પાણી ફરી વળ્યું. વૃદ્ધ પિતાએ પુત્રના વિયોગનું બહુ દુ:ખ ભોગવ્યું એ વાત આ કથા ભારપૂર્વક કહે છે.

પેલા પુત્રને આ ગૃહવટો ભાગ્યે જ દુ:ખકર થયો હશે. સ્વર્ગોદ્યાન સમા બાલિ દ્વીપ

પર આ શકય જ નથી. બાલિ પર પગ મૂકનાર વ્યક્તિ લાંબો સમય આગંતુક રહેતી નથી. કલાકોની અંદર જ એ એને સ્વગૃહ જેવું લાગવા માંડે છે. પરિચિત અને નવીન, પુરાતન સંસ્કૃતિ અને આધુનિક ગ્રામીણ અને નાગરી, ધીર-લલિત અને ઉન્મત્ત — જેવાં વિરોધી તત્ત્વોનું અહીં સહઅસ્તિત્વ છે. વિષુવવૃત્તથી સાતેક અંશ દક્ષિણે આવેલો, ફક્ત નેવું માઈલ લાંબો અને પંચાવન માઈલ પહોળો, આખા ઇન્ડોનેશિયાના સંદર્ભમાં ભૌગોલિક અર્થમાં બિનઅગત્યનો, એ દ્વીપમાળામાં કેવળ એક નાના મુક્તાફળ જેવો આ અનુપમ બાલિદ્વીપ જાણે કલ્પનાનું સર્જન છે, જાણે મનની કોઈ સ્થિતિ છે. એનાં નિસર્ગ-સમૃદ્ધિ, ઇતિહાસ, કાલ્પનિક કથાઓ, ધાર્મિક ખ્યાલો વગેરેથી વણાઈને તૈયાર થયેલી એની સંસ્કૃતિ એને પૃથ્વી પરનું અદ્વિતીય સ્થળ બનાવી રહે છે.

આ ટાપુના મોટાભાગના ભૂમિતલ પર સોપાનક્ષેત્રોમાં વાવેલી કુમળી ધરુની તાજી લીલાશનો નિર્બંધ પથરાટ છે. કૂટથી કૂલ સુધી તાલમતાલ, નાળિયેરી, કેળ ઇત્યાદિનો ગાઢ વિસ્તાર છે. ત્રણ પર્વતોને ત્યાંના લોકો ખૂબ પવિત્ર ગણે છે. એમાં મહાગિરિ અગંગ, છેલ્લે ૧૯૬૩માં પ્રજ્વલિત થઈ ઊઠેલો જ્વાળામુખી સૌથી વધારે પૂજ્ય છે. ગગન ભૂરું, સાગર ભૂરો અને આ નિત્યપ્રસન્ન, નયનરમ્ય, મનહર, અનિંદ્ય નીલમદ્વીપ. દુનિયાની બહારનું કોઈ વિશ્વ દુનિયાથી દૂરનું કોઈ સ્થળ.

બાલિના દ્વીપજનો માટે તો આ જ વિશ્વ છે, એટલું જ નહીં, વિશ્વનું કેન્દ્ર છે. બાલિના પૌરાણિક ગ્રંથોમાં બાલિને સૃષ્ટિના કેન્દ્રમાં જડાયેલું બતાવાય છે. મહાગિરિ અગંગને એમાં 'ત્રિભુવનની નાભિ' કહેવાયો છે. હલકાં વાદળોથી મંડિત એવું શિખર જોઈએ પછી આપણે પણ આમ જ માનવા લાગી જઈએ છીએ.

બાલિમાં જે મળ્યું તે આધ્યાત્મિક ભલે ના હોય, હૃદયંગમ હતું. બાલિના નિસર્ગની સુંદરતા, એના લોકોની સાલસતા, એના ગ્રામ્ય જીવનની અદ્ભુત રીતિ. સહેજમાં જ ત્યાંના લોકો તમને અપનાવી લે અને વાતો કરવા માંડી જાય. ઉબુદ ગામની રમણીઓ મને વારંવાર કહેતી રહી કે હું બાલિની હોઉં એવી જ લાગતી હતી. પોતાનો હાથ મારા હાથ પાસે લાવીને કહે, "જો, આપણી ચામડીનો રંગ એકદમ સરખો છે." હું એકમાત્ર હિન્દુ પ્રવાસી ત્યાં હતી. એમની સાથેનું એ બીજું એક સામ્ય. જ્યાં વિધર્મી વિદેશીઓ ના જઈ શકે ત્યાં મને આગ્રહપૂર્વક લઈ જવાતી.

જે દેશનો મુખ્ય ધર્મ મુસ્લિમ છે તેમાં બાલિ ટાપુ હિન્દુ ધર્મપાલક છે. જ્યારે આરબો દરિયામાર્ગે મલેશિયા અને સિંગાપુર થઈને ઇન્ડોનેશિયા આવ્યા ત્યારે તેમની

સાથે ઇસ્લામ પણ આવ્યો. ખુલ્લી તલવારના બળે એમણે પૂર્વસ્થાપિત હિન્દુ ધર્મના પ્રણેતાઓને જાવાની બહાર, બાલિ ટાપુ તરફ ભગાડયા. ત્યાંના આદિવાસીઓ નિર્જીવ વસ્તુઓ અને કુદરતનાં બળો પર આત્માનું આરોપણ કરતા આવ્યા હતા. આ પ્રાક્કાલીન જીવવાદી માન્યતાઓ પર હિન્દુત્વનો ઓપ ચડયો અને બાલિના જીવનનાં બધાં પાસાં પર છવાઈ રહ્યો. તેથી તેમના મંત્રોચ્ચારમાં થોડું સંસ્કૃત સંભળાય, તેમની ભાષામાં 'કુંચી, કુર્સી, ખબર, યુવક, યુવતી' વગેરે ઘણા શબ્દો ઓળખાય ને છતાં કશું જુદું, કશું વિચિત્ર લાગ્યા કરે. ગામમાં સરસ્વતીની મૂર્તિ જોઈ, ડાંગરના કયારાઓમાં સ્ત્રી દેવીનાં અગણિત સ્થાનક જોયાં પણ મુખ્ય દેવો છે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ. આ સ્થાનકો કે મંદિરોમાં મૂર્તિઓ હોતી નથી ને છતાં પૂજા-પ્રાર્થના પણ ખરાં અને નૈવેદ્ય પણ ખરો. મોટાં મંદિરોના મહોત્સવો વખતે જ મૂર્તિઓને ગોપન ગર્ભકક્ષોમાંથી કાઢવામાં આવે છે. ફૂલપાન ને રાંધેલા ભાતનો નૈવેદ્ય સર્વસામાન્ય છે અને દરેક ઘરઆંગણે, દુકાનો, શિલ્પો, પાણીના હૉજ, પેટ્રોલપમ્પ વગેરે બધી જ જગ્યાએ ધરાવાય છે. સુકાઈ ગયેલા એના અંશો પછી રસ્તા પર જઈ પડે છે, પગ નીચે આવે છે. રોજ સવારે મારી કુટિરના પગથિયાં પર પણ બેત્રણ ફૂલો મુકાયેલાં હોય જ — મારા નિવાસનો 'આત્મા' છંછેડાય નહીં તે માટે. સદ્‌ભાગ્યે સુકાઈ ગયેલાં આ ફૂલ બીજે દિવસે બાજુના કયારામાં જઈ પડતાં — પગ નીચે ના આવતાં તે ઘણું હતું.

સવારે ચાર વાગ્યામાં તો પહેલાં કિરણ કયારનાં પાણીમાં તરલ પ્રતિબિંબો પાડી રહે. બાલિનો દિવસ ત્યારથી જ શરૂ થઈ જાય. કષ્ટપૂર્વક ઊઠીને, ઉતાવળે, વહેલી વહેલી (સાત વાગ્યે!) અભિનવ હરિતતામાં રમમાણ થવા બહાર નીકળું ત્યારે તો ભાસ્કર કયાંયે પહોંચી ગયો હોય, દસ વાગ્યા સુધીમાં તો મધ્યાકાશમાં. પછી બહાર રહેવામાં મનોબળની કસોટી. સ્થાનો માટેનો મારો પ્રેમ અને પામ્યા કરવાનો મારો લોભ મને આરામ કરવા દેતા નહીં. કઈ તરફ જવું, કયાં જવું એની તો દ્વિધા જ નહીં, કારણ કે દરેક ગલી સૌંદર્ય પ્રતિ જ જતી હોય છે.

બાલિનાં ગામોમાં સામૂહિકતાનો બહુ મહિમા છે. ગામમાં સાર્વજનિક એક વિશાળ ખંડમાં મૂકેલું એક ટેલિવિઝન હોય, જે બધાં સાથે ભેગાં થઈને જુએ. કળા, નૃત્ય, સંગીત, ઉત્સવ વગેરેની જેમ ડાંગરની ખેતી પણ સામૂહિક જ થાય. એને લગતાં જુદાં જુદાં કામો જુદા જુદા લોકો કરે ને પછી પાક તેમજ નફો વહેંચી લે. આ કયારાઓની સાંકડી પાળીઓ પર સાચવીને ચાલવું પડે. જ્યાં જુઓ ત્યાં રસગર્ભ લીલુંછમ. મનને શાતા, આંખને શાતા. આવા પ્રસારની વચમાં પણ નાનાં મોટાં અતિથિગૃહો હોય. ફરતાં ફરતાં એક વાર ઑસ્ટ્રેલિયાનો એક માણસ મળી ગયો. ત્યાંના નાગરિકો બાલિ બહુ આવે, કારણ કે ઘણું પાસે પડે. ફરવાની મારી થોડી વાતો સાંભળીને મને કહે કે એનું અનુમાન

હતું કે હું કોઈ સરકારી ઉચ્ચાધિકારીની પુત્રી હોઈશ. એમ તો નહોતું. પછી કહે, “તો તું કોઈ રાજકુમારી છું?” બાલિની સૌંદર્યસભર હવાથી ઉન્મત્ત મેં કહ્યું, “કદાચ હોઈ પણ શકું.” કંઈક વાત ફેરવવા કહે, “ઉબુદમાં કયાં રહે છે?” મેં ત્વરિત સ્વાભાવિકતાથી જવાબ આપ્યો, “બીજે કયાં? ‘લઘુપ્રાસાદ’માં વળી!” આ પછી એ એવો ઝંખવાઈ ગયો ને કદાચ મારા પર નાખુશ થઈ ગયો કે મને ફરી મળવાની વાત તો કરી હતી પણ મળ્યો જ નહીં!

ખરેખર તો કોઈના સમાગમની બહુ જરૂર પણ નહીં. ગામની ગલીઓમાં હું ચાલતી જાઉં ને ખુલ્લા દરવાજામાં ડોકિયું કરતી જાઉં — દરેક ચોગાન જાણે એક ઉદ્યાન, દરેક ઉદ્યાન કોઈનું ઘર. આ ઘરોની રચના પણ અદ્‌ભુત હોય છે. ચોગાનની વચ્ચે એક દીવાલ વગરનો, થાભલા પર ટેકવેલા છાપરાવાળો ચોતરા જેવો ખંડ હોય, જયાં કુટુંબના બધા સભ્યો ભેગા થાય, સમય પસાર કરે. આજુબાજુ છૂટા છૂટા ઓરડાઓ બાંધેલા હાય — રસોઈનો, નહાવાનો, સૂવાનો વગેરે. દરેક ચોગાનમાં નિયત દિશામાં — ઉત્તરે મહાગિરિ અગંગ પ્રતિ — મૂકેલું એક સ્થાનક તો હોય જ.

ગીચ વનસ્પતિવાળી એક કેડી મને અચાનક એક ઘરની ગમાણની પાછળના ભાગમાં લઈ ગઈ. સહેજ નીચે જમણી બાજુ પર નાનકડી નદી જતી હતી. ડાબી બાજુ પર એકબે ગાયો ભાંભરતી હતી. હું વાંસના એક ગાઢ વનની વચમાં હતી, જ્યાં સૂરજ પણ નહોતો પ્રવેશતો અને આછો વરસાદ પણ જ્યાં આવી ના શકે. ઉબુદના શાંત જગતથી પણ દૂર, સંપૂર્ણ એકાંતવાળું આ સ્થળ — મને જ મળી ગયું. જરા આગળ જતાં એ નદી થોડે જ નીચે, પથ્થરોમાં પડતી હતી પણ સાવ નાના એ ધોધનો અવાજ લયબદ્ધ રણકતો હતો. પથ્થરોથી બનેલા એક પુલ પર, નીચેથી પડતા પાણીની ઉપર હું બેસી રહી. પેલી બાજુ ડાંગરના કયારા હતા ને પછી દૂર ટેકરીઓના શ્યામલ ઢોળાવો. વિવિક્ત, ગુપ્ત, રત્નકણિકા સમી આ સુસ્થલી. મને ઉબુદે આપેલું પ્રીતિદાન. મેં નક્કી કર્યું કે ફરી એક વાર અહીં આવવું જ પડશે. ઉબુદ છોડતાં પહેલાં ફરીથી ગઈ, કશું વાંચવાનું લઈને. જોકે ધ્યાન વાંચવામાં બહુ રહે તેમ નહોતું!

બાલિમાં રોજ રાતે જુદાં જુદાં નૃત્ય કે નાટકના અનુષ્ઠાનમાં જવાનું થયું. દરેક ગ્રામ્યજન સંગીત, વાદન, નૃત્ય વગેરે કળા જાણતો જ હોય. મોટા ભાગના પ્રયોગોના વિષય ‘રામાયણ’ પર આધારિત છે. રામ, સીતા, લક્ષ્મણ, રાવણ, હનુમાન — બધું જ આવે. સીતાહરણ, લંકાદહન વગેરે પ્રસંગો સૌથી વધારે ભજવાય. પરંપરાગત વાનરનૃત્ય, અગ્નિનૃત્ય, બે કુમારિકાઓથી સુષુપ્તાવસ્થામાં થતું નૃત્ય, બાતુબુલાન ગામ જેને માટે

વિખ્યાત છે તે 'બારોંગ' (પ્રાણીનૃત્ય) વગેરે ઉપરાંત, છેલ્લી રાતે દેન્પસારના એક મોટા મંચ પર જુદાં જુદાં ગામોની સંસ્થાઓ વચ્ચે થતી આધુનિક નૃત્યોની પ્રતિસ્પર્ધા પણ જોઈ. અદ્ભુત! નૃત્યાંગનાઓનાં વસ્ત્રો અને આભૂષણોની શું વાત કરવી. બેએક વાર એમને તૈયાર થતી જોવાની તક મળી, એમનાં પરિધાનને પાસેથી જોવાનો, અડકવાનો મોકો મળ્યો. દૂરથી જરીનાં લાગતાં વસ્ત્ર સોનેરી ખડીથી છપાયેલાં હતાં. સુવર્ણનાં લાગતાં મુકુટ અને હાર કદાચ ચામડામાંથી કલાત્મક રીતે બનાવેલાં હતાં. આ કમનીય નૃત્યાંગનાઓનાં અંગોપાંગોમાંથી લાલિત્ય નીતરી રહેતું. બાલિની લલનાઓની રોજિંદી ગતિમાં નૃત્ય છે અને એમનાં નૃત્ય પ્રકૃતિ અને દેવતાઓના નિષ્કર્ષ સાથે એકલય-એકતાલ છે. રવીન્દ્રનાથ ઠાકુરે બાલિના નિત્યજીવન અને નૃત્યોમાંનું પ્રચુર લાલિત્ય જોઈને કબૂલ કર્યું કે નટરાજ શિવે પોતાનું નૃત્ય ઇન્ડોનેશિયાને અર્પિત કર્યું, જ્યારે પોતાની રાખ ભારત માટે રાખી.

હું ઉબુદ હતી ત્યારે ત્યાંના મંદિરમાં વર્ષનો સૌથી મોટો ઉત્સવ થયો. જુદાં જુદાં ત્રણ મંદિરોમાંથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશની નાની પણ અત્યંત પૂજાર્હ પ્રતિમાઓને વિધિસર બહાર કાઢવામાં આવી. ખૂબ ધામધૂમ અને આચારબદ્ધતા સાથે નદીકિનારા પરના સૌથી જૂના મંદિર સુધી વિશુદ્ધીકરણ માટે લઈ જવામાં આવી. આ પ્રસંગની પણ શું વાત કરવી! ચાર દિવસ સુધી ગામ આખું વ્યસ્ત રહ્યું. રોજ રાતે મનોરંજનના કાર્યક્રમ, જેમાં આજુબાજુનાં ગામોથી કુટુંબોનાં કુટુંબો આવતાં. રોજ બે વાગ્યા સુધી આ ચાલતું. પણ કશી ધાંધલ, ધક્કામુક્કી કે અનિચ્છનીય કશું નહીં. દિવસે મંદિરના ચોગાનમાં કેટલાંય નાગરિકો કાર્યરત રહેતાં : મંદિરની સજાવટ કરવી, ફૂલની માળા ગૂંથવી, નાળિયેર છોલવાં, ડુંગળી - મોટાં મરચાં સમારવાં, વાદનો ગોઠવવાં. ક્યાંયે ઘોંઘાટ કે ખોટી દોડાદોડી નહીં.

યાત્રા કેટલા વાગ્યે નીકળશે તે કોઈ કહી નહોતું શકતું. મુહૂર્તની ક્ષણની કોઈને જાણ નહીં. બધાં કહ્યા કરે, આ તો 'બાલિ-ટાઈમ' છે કે 'ઉબુદ-ટાઈમ' છે — જેમ આપણે 'ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ' કહીએ તેમ. મંદિરમાં પ્રવેશતી સ્ત્રીઓ માથા પર પાણી છાંટીને પ્રવેશતી હતી અને પછી કપાળ અને બંને કપોલ પર ચોખા લગાડતી હતી. મેં પણ બરાબર એમ જ કર્યું. બાલિની તન્વી અંગનાઓ સુંદર, રંગીન, નૂતન, ઉજ્જ્વળ વસ્ત્રોમાં સજ્જ હોઈ રોજથી પણ વધારે સોહી રહી હતી. પુરુષોએ પણ દેખીતી રીતે જ નવાં વસ્ત્ર અને જરીનાં, ધર્મોત્સવો વખતે ખાસ પહેરાતાં શિરોવેષ્ટન ધારણ કર્યાં હતાં. દરેક લલના માથા પર મૂકીને નૈવેદ્ય લઈ આવતી હતી. નાળિયેરીનાં પાન અને કેળના થડના ટુકડાથી શરૂ કરીને રાશીકૃત આ નૈવેદ્યો કળાકૃતિ જેવા હતા. ફળ, ફૂલ, ક્યારેક રાંધેલી મરઘી, ચોખામાંથી બનાવેલી વાનગીઓ, રંગીન લાડુ જેવા ખાદ્યપદાર્થો વગેરેની રચનાઓ દરેક કુટુંબ પોતાની વિશિષ્ટ રીતે કરે. આપણને બધી સરખી લાગે પણ મંદિરમાં ધરવા મૂકેલા સો સો આ અર્પણ પુંજોમાંથી દરેક સ્ત્રી પોતાની કરેલી રચના ઓળખી શકતી. ભગવાનને

ધરાવેલી આ બધી ચીજો પછી કુટુંબીજનો અને મિત્રોમાં પ્રસાદ તેમજ મિજબાની ગણીને ખવાય છે. રંગ, ઉત્સાહ, આનંદ, શ્રદ્ધા, રિવાજ, ધર્મ, જીવન સર્વનો ઇષત્ સંકુલ, તે ઉબુદમાં મારા સમયનું નિર્ગમન.

આપણે ત્યાંની જેમ બાલિનાં મંદિરોમાં પણ રજસ્વલાઓને પ્રવેશ નિષેધ છે. વિદેશી સ્ત્રીઓની જાણ માટે આ સૂચના દરેક મંદિરની બહાર વાંચવા મળે છે. મંદિરો તો અપાર છે, પણ બાલિનું વિશેષતમ પૂજનીય દેવાલય મહાગિરિ અગંગ પર આવેલું બેસાકિહ (Besakih) મંદિર છે. 'વૈશાખી'નો આ અપભ્રંશ હશે? નીચેના ઢોળાવ પર બાલિના આઠ રાજાઓએ પોતાના પૂર્વ પુરુષો માટે બાંધેલાં મંદિરો અને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર — એમ ચારેય જાતિઓ માટેનાં સ્થાનકો છે. કયાંય પ્રતિમા નહીં, ફક્ત એક અદશ્ય ઉપસ્થિતિ. પછી પર્વતની વચ્ચે બાંધેલાં પગથિયાંને અંતે આવે બાલિના હિન્દુ ધર્મના વિશિષ્ટ લક્ષણ જેવો, બે ભાગમાં વહેંચાયેલો, અહીં લાવાથી બનેલા પાષાણમાંથી કોતરી કઢાવાયેલો બેસાકિહ મહામંદિરનો પ્રતિહાર. ફક્ત હિંદુઓ જ આ દ્વારમાં પ્રવેશી શકે. કોઈ પણ મંદિરમાં જતાં સ્ત્રી કે પુરુષને માટે કમરપટ પહેરવો અનિવાર્ય છે. વળી બાલિનાં ગામોમાં વિદેશીઓને પણ ગ્રામજનોની જેમ લુંગી જેવું સારોંગ પહેરવા વિનંતી કરવામાં આવે છે. ખભા ખુલ્લા ના રહે તે વિવેક સચવાય તેનો પણ આગ્રહ રહે છે. હું આ જ પ્રમાણે સારોંગ અને કમરપટો પહેરતી. મંદિરમાં પશ્ચિમી પોશાક પહેરેલા પુરુષો અજુગતા લાગતા. બેસાકિહ જતાં બાગુસ મારી સાથે હતો. એણે સુંદર સારોંગ અને ઉપરણો પહેર્યાં હતાં. આ ઉપર એના લાંબા, કાળા, વાંકડિયા વાળ બહુ જ પ્રતિષ્ઠિત અને પ્રતિભાસંપન્ન લાગતા હતો. મંદિરના મુખ્ય પૂજારીને એ ઓળખતો હતો ને તેની સાથે બેસીને વાતો કરવાનો મને પણ લાભ મળ્યો.

ત્રિશક્તિનું આરોપણ ખુલ્લા ચૉક રૂપી મંદિરના એક છેડે મૂકેલાં ત્રણ શિલાસનો પર કરાયું છે. દરેક પરથી એક ચોરસ કપડાંનો ખંડ લટકે છે. બ્રહ્મા માટે લાલ, વિષ્ણુ માટે પીળો અને મહેશ માટે કાળો. બીજા પૂજારીઓએ આવેલાં કેટલાક લોકો માટે બાલિના 'સંસ્કૃત'માં મંત્રોચ્ચાર કરી, પવિત્ર જળ છાંટી, ફૂલોનો અર્ધ્ય એ લોકો પાસે અપાવી પૂજા કરી. બધાં છાબડીઓ ભરીને નૈવેદ્ય લાવેલાં. ૧૧મી સદીમાં બંધાયેલા આ મંદિરની જગ્યાએ તે પહેલાં પ્રાચીન જીવવાદી આચારો થતાં. તપયોગ્ય, શ્રમસિદ્ધ આ દેવાયતન અવિસ્મૃત વિધિઓ અને અંતર્ગત શ્રદ્ધાનું બહિર્ગત આવિષ્કરણ છે. જે આપવાનું હતું તે બધું ભગવાને બાલિને આપ્યું હોય તેમ લાગ્યા વગર નથી રહેતું. તેથી જ બાલિ ભગવાને બનાવેલી બધી જ જીવંત અને નિર્જીવ વસ્તુઓને માન આપે છે. અર્ધ્ય માટે ફૂલ કે ફળ તોડે ત્યારે ભક્ત એની માફી માગી લે છે. પણ માન્યતા એવી છે કે જે આપે છે તે પામે છે. જેટલું આપણે દેવોને અને 'આત્મા'ઓને આપીશું તેટલું એ આપણને આપશે. જો

ભગવાને આપણે માટે ઉદ્યાન સમી આ જગ્યા બનાવી તો આપણે એને મંદિરો અને શિલ્પોથી વધારે શોભનીય શા માટે ના કરીએ? પૂજામાં રંગપ્રાચુર્ય અને લાલિત્ય તથા નૃત્યો દ્વારા ભક્તિ અને માનસઅર્પણ. આ પટુતા, આ યુક્તિનો પ્રતિકાર કયા દેવો કરી શકે?

જેટલું જોયું, જેટલું પ્રાપ્ત થયું તે સમગ્રનો ના તો ઉલ્લેખ થઈ શકે ના તો એને ન્યાય. ગણી ના શકાય તેટલાં કારણો બાલિના પ્રેમમાં પડવા માટે મળ્યાં. બધાંને શબ્દાકાર આપવાનું મારું સામર્થ્ય પણ નથી. બાલિ સુંદરનો અતૂટ છંદોલય છે. જીવનની કૃપણતા કે દરિદ્રતા વગરનું એ સ્વર્ગ છે. એ અસ્વાભાવિક કે સ્થગિત નથી, પણ અનવરત વિકસતું એ વૈકુંઠ છે. અને જે ક્ષણે ક્ષણે નવ્ય લાગે તેને જ રમણીયતા કહેવાય ને?

બાલિના પશ્ચિમ કિનારાની છેક દક્ષિણે, વીસ માઈલ દૂર આવેલા ઉલુવાતુ નામના મંદિરે બાગુસ મને લઈ જતો હતો. પર્વતના ઢાળો પર એની નાની મોટરસાઈકલ પરથી આ સફર આસાન નહોતી. તેવીસેક વર્ષ પહેલાં જ્વાળામુખી અગંગે આ ભૂભાગને ભસ્મીભૂત કરેલો. હજી પણ તેથી ત્યાં શુષ્કતા છે ને દશ્યાવલિ જુદી જ છે. મંદિર પાસેથી આ સૂકા, પથરાળા, સહેજ કયાંક લીલા રંગવાળા પર્વતોનું વિસ્તૃતાવલોકન મળે છે અને બીજી દિશામાં જોતાં થાય છે ઇન્ડોનેશિયન સમુદ્રનું કશા જ અંતરાય વગરનું નિર્બંધ દર્શન. આ સ્થૂલશીલા — ભૂશિરની ત્રણે બાજુ સમુદ્ર છે. ઉલુવાતુનો અર્થ થાય છે "જ્યાં પાષાણનો અંત આવે છે તે જગ્યા" અથવા "પાષાણોને અંતે" કેવું સાર્થક નામ છે. બંને બાજુ કર્કશ પથ્થરોની પ્રાચીર છે. દરિયાથી સાઠેક મિટર ઊંચું આ મંદિર છે. પાળી પરથી નીચે જોતાં નિષ્ઠુર, નિર્મમ ભયાનક આ કાળમીંઢપ્રપાત દેખાય. સતત વીંઝાતા પવન અને અફળાતાં મોજાંનાં આક્રમણોથી કઠોર અને વિરૂપ. છેક નીચે દરિયા સુધી પથરાયેલા લાલ પાષાણ, ગાઢ લીલા રંગનો સમુદ્ર, ઉપર ખેંચાયેલું ભૂરું આકાશ, સફેદ ફીણવાળાં મોજાં. ભીષણ દશ્યમાં પણ આ કેવો રંગરાગ! પૌરુષભર્યા આ જળતુરંગો કિનારે ધસી આવતા, ફીણનાં નાજુક જલાભરણ થઈ ફેલાઈ જતા, તરત ઉતાવળે અપક્રમણ કરતા, બીજી પળે ફુત્કાર મારીને ફરી ધસી આવતા. અત્યાર સુધીના લલિત, લાવણ્યમય અભિવ્યાપ પછી બાલિનું આ કેવું અસામાન્ય, અભૂતપૂર્વ દશ્યકૌતુક.

આ 'અંતિમ પાષાણ' પરનું નિઃસંગ આ મંદિર ૧૧મી સદીમાં દ્વિજેન્દ્ર નામના એક ધર્માચાર્યની સમાધિ તરીકે બંધાવાયું. એમણે હિન્દુધર્મનો પ્રચાર કરવા આખા બાલિ દ્વીપ પર ઘણાં મંદિરો બંધાવેલાં. ઉલુવાતુ — પૃથ્વીના છેડા — પર સ્વર્ગે જવા એમણે દેહ છોડેલા. અમે પહોંચ્યાં ત્યારે સૂર્યના ઉગ્ર તડકામાં કેટલાક લોકો પૂજા કરતા હતા, અર્ધ્ય

આપતા હતા. છાંયડામાં પવન શીતળ હતો. થોડાં વાંદરાં ધમાલ કે તોફાન કર્યા વગર કૂદાકૂદ કરતાં હતાં. બાજુમાંની છાપરીની છાયામાં અમે શાંતિથી બેસી રહ્યાં — ઉન્મત્ત તરંગોના મહાગાનને સાંભળતાં, ઠંડી હવાને આવકારતાં. આ અદ્ભુત સ્થાનની સુખદ એકલતાને માણતાં.

સ્વર્ગમાં પણ મર્મ સુધી વિચલિત કરી દેતી આવી જગ્યા એકાદ જ હોય ને.

આના પછી હવે બીજું શું ગમે? ને હજી સાંજ બાકી હતી. કુતાના દરિયાકિનારાની સુંવાળી રેતીમાં હું ચાલતી હતી. તટ સુંદર છે, રેતી સ્વચ્છ છે, પાણી શેવાળ વગરનું છે. દૂરથી મોટાં થઈને મોજાં આવે છે ને મંદ વીચિ થઈને કિનારે આળોટી પડે છે. કુતા તટનો સૂર્યાસ્ત વખણાય છે. એ સાંજે વાદળોને લીધે એમાં બહુ નાટયાત્મકતા ના આવી.

એ અંતિમ સંધ્યા સાધારણ જ રહી જાત પણ ત્યાં તો કિનારાના અર્ધવર્તુળની પેલી બાજુથી ઢોલનો અવાજ સંભળાયો, ને અનતિદૂરથી આવતો એક સંઘ દેખાયો. બરાબર હું હતી એની પાસે જ આવીને એ અટકયો. વાંસ ઊભા કરીને તરત માંડવો બન્યો, સામે નૈવેદ્ય મુકાઈ ગયા, વાદકો એક બાજુ ગોઠવાયા, ઊંચકીને લવાયેલું સ્થાનક વચ્ચે મુકાયું. ચાર પૂજારીઓ સફેદ વસ્ત્રો પહેરીને રેતીમાં બેઠા અને એમાંના એકે પૂજા શરૂ કરી. વાદકોએ ગૅમેલાન વાદ્ય વગાડવા માંડયા. પછી ત્યાંથી ચંચળ ઉદધિ સુધી એક પથ બનાવવામાં આવ્યો. જોવા ઊભેલા લોકો ખસી ગયા. થોડો પૂજાપો જળમાં પધરાવવામાં આવ્યો. કોઈ ખાસ મંદિરના દેવતાના પવિત્રીકરણની વિધિ હશે એમ માનું છું.

દરિયાકિનારાના ખુલ્લા વાતાવરણમાં આ ધર્મોત્સવ કેવું અસાધારણ સ્થાન. મારે માટે જે અસામાન્ય પ્રતિસ્થાપન હતું તે બાલિ માટે જીવનરીતિ હતી. દિનાન્તે આ કેવું અનન્ય પારિતોષિક. કેવો અદ્વિતીય આ પ્રસંગ ને એના સાક્ષી બનવાનું મારું કેવું સૌભાગ્ય. પણ સ્વર્ગ સમા આ પ્રદેશમાં સદાયે સૌભાગ્ય પ્રાપ્તિ જ હોયને.



# વિએતનામ

સવારે નીકળી મેં સાયગૉન જોવા જવાના કે બીજા કોઈ પર્યટન માટે આગલી સાંજથી પૈસા ભરી નહોતા રાખ્યા. હોટેલમાં એ માટેની વ્યવસ્થા તો હતી પણ વિચાર્યું હતું કે સવાર પડશે ત્યારે નક્કી કરીશ. નીચે આવી તો હોટેલના પ્રવેશકક્ષમાં કેટલાંક ફિરંગ બેઠાં હતાં. બે અંગ્રેજી બોલતી સ્ત્રીઓ સાથે વાત શરૂ કરી ને એ બહુ સારું થયું. એ આઠ-નવ જણાં ભેગાં થઈને મૅકૉન્ગ નદીના મુખત્રિકોણના પ્રદેશમાં આખા દિવસ માટે જવાનાં હતાં. એ સફર તો મારે કરવાની જ હતી. જો વગર મહેનતે આ ગ્રુપમાં જઈ અવાય તો એ ખુશનસીબી ગણાય. હું દોડીને રૂમમાં જઈ કૅમૅરા, પાણીની બાટલી વગેરે લઈને પાછી આવી. એટલામાં એ સ્ત્રીઓએ સાથે આવનારા ગાઈડને પૂછી લીધું કે મારી જગ્યા થશે કે નહીં? આમ મિનિબસમાં અમે દસ મુસાફરો થયાં. બધાં પોતપોતાની રીતે આવેલાં પણ આ પર્યટન માટે ભેગા થઈ ગયેલાં. એક જાપાની, એક કૅનૅડિયન, એક ભારતીય ને બીજાં યુરોપનાં હતાં. વિએતનામમાં ફરવા અમેરિકનો હજી ખૂબ ઓછાં આવે છે. યુદ્ધ સમયના ડામ કદાચ ગયા નથી. વળી, સત્તાવર રીતે બે સરકારો સાથે કોઈ સંબંધ નથી.

વિએતનામમાં આવીને ૪૮ કલાકની અંદર પોલીસખાતામાં જાત અંગેની વિગતો નોંધાવવી પડે. સરકારી એજન્સી ‘સાયગૉન ટૂરિસ્ટ’ એ કરી આપે. સવારે એ કરાવી આવવા ધાર્યું હતું, તેને બદલે આ સફરમાં નીકળી પડી. સાયગૉનની બહાર જાઓ તો તે પણ નોંધાવવું પડે ને પરવાનગી લેવી પડે. પણ આ તો ઔપચારિક વિધિ અને વચમાં ક્યાંક અટકીને અમે ભરેલાં ફૉર્મ ગાઈડે પોતાની ઑફિસમાં સોંપી દીધાં. હુંગ નામનો સાવ પાતળો યુવાન અમારો ગાઈડ હતો. એ દેશાંતર કરીને ઑસ્ટ્રેલિયા જવાની પેરવીમાં હતો. આ સફરના પૈસા એને રોકડા ડૉલરમાં જ જોઈતા હતા.

નીકળ્યાં તો શહેર તો જાણે પૂરું જ ના થાય. ધંધાકીય વિભાગો આવ્યા કરે. મિકેનિક, રિપેરકામ, સુથારકામ વગેરેનાં ડેલાં ને સળંગ નાની દુકાનો રેડિયો, ટેલિવિઝન, ફ્રિઝ, ઘડિયાળો વેચતી દુકાનોની તો હારની હાર. બધું પૅટીપેક. ભરચક માલ. શું નથી મળતું અહીં? વાહનો ઓછાં પણ હજાર હજાર સાઈકલ ને સ્કૂટર. દૂરથી તો એમનાં લશ્કર જ ચડી આવતાં લાગે. સ્ત્રીઓ માથે શંકુ આકારની ટોપી પહેરીને આ વાહન ચલાવતી હોય. આગળ ટ્રક હોય તો ધુમાડો નાકને ગૂંગળાવે. હવે જતી-આવતી થોડી બસો જોઈ ખરી. ટુકટુક કહેવાતાં રિક્ષા જેવાં વાહનોમાં જાણે દબાવીને નાગરિકો ભર્યાં હોય.

કોઈની પણ સાથે નજર મળે ને એમાંનાં ઘણાં જણ હસે. શહેરની બહાર તો દરેકે દરેક જણ. ફિરંગી પ્રવાસીઓ હજી ઓછાં આવે છે તેથી લોકો એમની સામે જોઈ રહે. શહેરની બહારના વિભાગોમાં તો ખૂબ. જોઈને હસે અંદરઅંદર. જે કરતાં હોય તેમાંથી અટકીને જોયા કરે. મને ભારતીય તરીકે ઓળખી જાય છે. મારી સામે જોઈને હસવામાં આ ઓળખાણ હોય છે તેમ મને લાગતું રહે છે.

ફોટા પડાવવા તો બધાં જ તૈયાર. એનો મોટો શોખ લાગે છે અહીં — ખાસ કરીને સ્ત્રીઓને. પોતાના મિત્રો કે વર પાસે ફોટા પડાવતી જ હોય. કૅમૅરા અને ફિલ્મની અહીં કોઈ કમી નથી. હોટેલની સામે જ આની દુકાનોની હાર છે. હું પણ ઘણા ફોટા પાડતી રહી. એક રોલ તો પૂરો પણ થઈ ગયો.

આખરે કુદરતી વિસ્તાર શરૂ થયો ને સારું લાગ્યું. રસ્તાની બે બાજુ યુકિલિપ્ટસનાં ઝાડ ને પછી ડાંગરનાં ખેતર. એમની વચમાં ઠેર ઠેર ચીની શૈલીની લાગતી કબરો આવે. બે બાજુ સ્તંભ અથવા ઊંચા પાળિયાની બનેલી રચનાઓ હોય. કયાંક એક જ હોય ને કયાંક બેચાર સાથે પણ આવે.

ઝૂંપડાં બહુ સરસ લાગે. મકાનો જૂનાં ને ઊપટી ગયેલાં લાગતાં હોય, તે પછી આ ઝૂંપડાં સ્વાભાવિક અને સુઘડ લાગે. એક દીવાલ વાંસની પટ્ટીઓની જાળી બનાવીને કરી હોય. એમાંથી હવા-ઉજાસ આવે ને બહારથી જોવામાં સારી લાગે. અંદર તરફ કોઈ પ્લાસ્ટિકનો પડદો લટકાવી દે, તો વળી અંગત ઓરડો પણ બની જાય.

લીલોતરી એ જ રીતની. કેળ, પપૈયાં, નાળિયેરી તો ઓળખાય જ. બીજાં પણ વૃક્ષ ખરાં. જાસુદ, બોગનવેલ ને ચંપાનાં પણ છોડ-ઝાડ ખરાં પણ ફૂલો કયારેક જ દેખાય. વચ્ચે ગામો આવે, ત્યારે લોકો સામટા દેખાઈ જાય. એમનાં કપડાં વધારે સાદાં લાગે ને મોઢાં પર જાણે વધારે નિર્દોષતા. અહીં શાળામાં અંગ્રેજી શિખવાડાતું ના લાગે. ખાવાની જાતજાતની વસ્તુઓ વેચાતી હોય. લોકો પોતે પણ દયામણાં કે ભૂખ્યાં ના લાગે. જ્યાં ત્યાં નાનાં ખૂબ બાળકો દેખાય. સ્ત્રીઓ એમને ચમચીથી ખવડાવતી હોય, આંગળી પકડી ફેરવતી હોય, કયાં તો ભેગાં થઈ બધાં સાથે રમતાં હોય. સાયગૉનમાં જોયું હતું કે વાલી પછી બાળકને ફુગ્ગા અપાવે, પ્લાસ્ટિકની થેલીમાં વેચાતો રસ ખરીદી આપે. મંદિરમાં બરાબર માબાપની જેમ ઊંધી પડીને પ્રણામ કરતી બાળકી એવી મીઠી લાગે.

વિએતનામનો મારો પહેલો આખો દિવસ સરસ જતો હતો. ગરમી બહુ ન હતી, ભેજ પણ ઓછો. સૂર્ય થાઈલૅન્ડ જેવો આકરો નથી અહીં. મારી સાથેમાંનાં કેટલાંક મોટરમાર્ગે હાનોઈ જવાનાં છે ને પછી લાઓસ પણ. હું આગળ નહીં વધતાં પાછી ફરી જઈશ. એક જણ બધું તો કેટલું કરી શકે? ને જોવાની જગ્યાઓનો અંત ક્યાં છે?

સૌથી પહેલાં વિન્હ તિઆન્ગ નામના ચીની મંદિર પાસે થોભ્યાં. મોટા બંગલા જેવું લાગે પણ કારીગીરીથી શોભનીય. ચીની શૈલીની વેલની શોભાકૃતિ કાચના ટુકડાઓથી ઊભી કરેલી. ક્યાંક ૧૮૬૦ની સાલ કોતરેલી. અંદર પાછળ થઈને જવાનું. મઠ જેવું વાતાવરણ લાગે. બે વૃદ્ધ ભિખ્ખુઓ પાછલા વરંડાના ટેબલ પર જમતા હતા. અમને જોયાં પણ નવાઈ પામ્યા નહીં. બધે ચીની ભાષાનાં લખાણ અને બુદ્ધની પ્રતિમાઓ હતી. સ્તંભ લાલ રંગે રંગેલાં. મુખ્ય મંદિરના ગૃહમાં મોટી પ્રતિમા અને બીજી ધાર્મિક સામગ્રીઓ હતી. પૂજા-પ્રાર્થના માટેની ખાલી જગ્યા હતી. અગરબત્તીની સુગંધ છવાયેલી હતી. એક ભિખ્ખુએ અમને એક એક અગરબત્તી સળગાવીને આપી. અમે એ વચ્ચેના પાત્રમાં ખોસી ને તથાગતને પ્રણામ કર્યા. ભિખ્ખુએ એ દરમ્યાન મંત્રોચ્ચાર કર્યા ને સાથે તાલમાં થાળીના આકારના ચપટા ઘંટ પર ડંકા માર્યા. અમે ભેટપેટીમાં પૈસા નાખ્યા. પૂજનીય સાદગી હતી આ મંદિરમાં. આજે કોઈ ખાસ દિવસ હતો કે શું પણ રોજથી વધારે લોકો હતો. બધાં બોલવા તત્પર પણ ભાષા જુદી તેથી વાત ના કરી શકે. સામે જોઈ હસી ઊઠે ને એ રીતે મૈત્રી બતાવતા જાય.

મંદિરના ચૉગાનની બહાર ખાવાનું લઈને ત્રણેક જણ બેઠેલાં. લાંબી ફ્રેન્ચ બ્રેડમાં કાકડી ને ડુંગળી મુકાવી મેં સૅન્ડવિચ બનાવડાવી. સવારે કશું ખાધા વગર નીકળી ગયેલી. ટોપી પહેરેલી એક સ્ત્રી શાંતિથી બેઠેલી. બે છોકરાં પાસે રમતાં હતાં. મેં ફોટો લીધો ને કેળાના પાનમાં વીંટેલી ચીકણા ભાતની વાનગી ખરીદી. ખાતાં ફાવ્યું નહીં. હાથે પણ ખૂબ ચોંટી. અંદર કોપરાનો માવો સરસ હતો. એક માણસ ખભે બે કરંડિયા લઈને ઊભેલો. એ પણ શાંતિથી પ્રવાસીઓને કનડયા વગર. ગરીબ લોકો પણ કેવાં સંતોષથી જીવનારાં.

એ માણસ પાસે નાળિયેરના પાનમાં વીંટાળેલા ગળ્યા ભાત હતા. એ ખાવા વધારે ફાવ્યા. ભાતના લંબગોળ આકારની વચ્ચે ગળ્યા કરેલા લાલ ચોળા અને થોડું કેળું ભરેલાં હતાં. અમારાંમાંનાં લગભગ બધાંએ ખરીદીને ખાધા. હવે મુખમાં ને મનમાં મિષ્ટ સ્વાદ હતો.



# જંગલમાં મંગલ

મૅકૉન્ગ નદીને દક્ષિણ વિએતનામની જીવાદોરી કહી શકાય. આ નદી આમ તો ૨૬૦૦ માઈલ લાંબી છે ને તિબેટમાં થઈને છેક નીચે ચીની સમુદ્ર સુધી પહોંચે છે. એની આસપાસનો પ્રદેશ ખૂબ ફળદ્રુપ છે — ખાસ કરીને દક્ષિણ વિએતનામમાંના એના મુખત્રિકોણોનો વિસ્તૃત પ્રદેશ. સામ્યવાદમાંથી સમાજવાદ તરફ જવાના પ્રયત્નમાં વિએતનામ સરકારે લગભગ ૬૦% જમીન ગામડાંના ખેડૂતોને આપી દીધી છે. સરકારના હુકમ પ્રમાણે નહીં પણ પોતાના ઇચ્છા મુજબ એ લોકો હવે વાવેતર કરી શકે છે. પણ છેલ્લા મોટા યુદ્ધમાં જે બધાં હેરાન થયાં — જીવ અથવા ઘરબાર ગુમાવી બેઠાં તેમને સરકાર તરફથી કશી મદદ કે આર્થિક સહાય મામૂલી જ મળી.

અમે મૅકૉન્ગ નદી પાસે પહોંચ્યાં. પટ ખૂબ પહોળો છે. વચમાં ટાપુ તેથી બીજો કિનારો તો દેખાય પણ નહીં. ટાપુ જ એટલો લાંબો કે એ કિનારો જ હશે એમ થાય. આ 'બેન તે' ટાપુ પર અમે જવાનાં હતાં. ત્યાં જવા માટે હોડીમાં મિનિબસ ચડાવી લેવાની હતી. હોડીનો સમય થવાની રાહ જોતાં બેઠાં હતાં ત્યાં વેચનારાં બસની બારીઓ પાસે ટોળે વળી ગયાં. તૂટી જ પડયાં. હાથ અંદર સુધી પણ લંબાઈ જતા. અમારામાંના એકે નાળિયેરની, ચૉકલેટ જેવા ચોસલાંવાળી મીઠાઈનું પૅકેટ ખરીદ્યું. સ્વાદમાં બહુ સરસ હતી.

આ 'મિ થો' નામનું ગામ હતું. સાવ નાનું જ. એના આ લોકો ગ્રામ્ય જ લાગે - પોષાકે અને વર્તને. પણ સંતોષી લાગે. મને તો એમનાં હસતાં મોઢાં જોઈને એવો ભાવ થયો. અહીં સુધી યુદ્ધની અસર કે જાણ કેટલી પહોંચી હશે? શું ભોગવવું પડયું હશે આ લોકોને?

હોડી આવતાં મિનિબસને ચડાવી દીધી. ઘણાં નાગરિકો પણ ચડયાં. પોતપોતાનાં સાઈકલ ને લારી જેવાં વાહનોની સાથે. ઘણાં પગપાળાં હતાં. નીચે બધું ભરાઈ ગયું. અમે નાની નિસરણી વાટે ઉપર, છત પર ચડી ગયાં. ત્યાં ભીડ નહોતી કે હવાની મુક્તિ હતી; જોકે સહેજ પણ પવન નહોતો. ઉપર બનાવેલી ચાલક માટેની ઓરડીની દીવાલના છાંયડામાં બેસવું પડયું. નદી સાવ શાંત હતી. પાણી ખૂબ ડહોળું, કાદવિયું લાગે. ઘણો

કાંપ ઠાલવતી હશે એ આસપાસ. બીજી હોડીઓની અવરજવર નામની જ હતી. પહોળા પટમાં નાના-મોટા ટાપુ હતા. એ બધા પર ખૂબ લીલોતરી લાગે. નાળિયેરીનાં ઝાડ એમના આકારને લીધે ઉપર તરી આવે.

અડધા-પોણા કલાક પછી ‘બેન તે’ ટાપુ પર ઊતર્યા ને પછી એની અંદર અંદર ઘણું ગયાં. એટલો મોટો ટાપુ. એ મૅકૉન્ગ નદીની વચ્ચેનો ટાપુ છે તે પણ ભૂલી જવાય. અહીં વચમાં આવે તે તો તદ્દન ગામડાં જ. છૂટાં છૂટાં ઘર આવે — આધુનિક કશું ખાસ દેખાય નહીં. ઘણાં ઘરની આગળ નાનકડાં સ્થાનક હોય. લાકડાના થાંભલાં પર મીણબત્તી કે અગરબત્તી મૂકવાની જગ્યા — તે જ. થાઈલૅન્ડની જેમ સોનેરી ઝગઝગાટ દેખાવ કે દંભવાળાં નહીં.

આ ટાપુની અંદર પાછી ‘બેન તે’ નદી વહે છે. નદી, ટાપુ, નદી અજબ વશીકરણવાળી રચના છે. આ નદીના પુલ પર મોટર જતી નથી. બહુ સાંકડો નથી પણ લાકડાંનો છે ને બધાં સાઈકલ-લારી પરથી ઊતરીને ચાલીને જ જાય. જ્યાં મિનિબસ ઊભી રાખી ત્યાં એક મોટી માર્કેટ હતી. થોડી દુકાનો હતી પણ મોટાભાગનાં વેચનારાં ધૂળિયા રસ્તા પર જ બેસી ગયાં હતાં. ખાસ કરીને ચોખા વેચાતા હતા. મોટા મોટા છાબડામાં જાતજાતના ચોખા ભરેલા હતા — સફેદ, કથ્થાઈ, જાડા, પાતળા, ચમકતા, છડાયા વગરના. સાત-આઠ કે વધારે જાતના હશે. ફળદ્રુપ ભૂમિ અને ગ્રામજનોની મહેનત. વેચનારાં સ્ત્રી-પુરુષો નજર મળતાં હસતાં હતાં, ફોટા પાડવા દેતાં હતાં. દુકાનમાં ચોખાના છાબડાઓ વચ્ચે બેઠેલા એક પુરુષે ના પાડી, તો એનો નહીં ને બીજાનો લીધો. બીજાએ ઘણી ખુશીથી લેવા દીધો.

એક તરફ સરસ કૂંડાં, ફૂલદાન, કોઠીઓ વગેરે ભઠ્ઠીમાં નાખીને બનાવેલી ચીજો વેચાતી હતી. સરસ રંગ, આકાર ને આકૃતિ હતાં. કોઠીઓ મને બહુ ગમે પણ લઈ કેમ જવી? ચા માટેની નાની કીટલી ખરીદી. આપણે ત્યાં હજી એવી ત્રણ દરવાજે દેખાઈ જાય. પણ આ તો વિએતનામની યાદવાળી હતી, તેથી સાદી જેવી જ હતી તોયે ખરીદી. મને તો સરસ ગૂંથેલા પેલા છાબડા પણ બહુ ગમેલા!

માર્કેટમાં ફળ પણ વેચાતાં હતાં. અમે નદીની પેલી પાર ફળોની વાડીમાં જ જવાનાં હતાં. અહીં પ્રાણીઓનો ઉપયોગ જાણે છે જ નહીં. ગાય-ભેંશ કયારેક જ દેખાઈ. પેલી બાજુ ગ્રામજન અમને જોઈ ખૂબ ખુશ થયેલાં લાગ્યાં. મજાક વગરનું કુતૂહલ ને હૃદયનો શુદ્ધ આનંદ.

વાડી ખૂબ દૂર હતી. ચાલીને જવાય એવું નહોતું તેથી સાઈકલ-રિક્ષા કરવી પડી. એકમાં ચારેક જણ સંકડાશથી બેસી ગયેલાં. આસપાસની કિશોરવયી છોકરીઓ તો શું હસે! પાંચ-સાત કયાંકથી ભેગી થઈ ગઈ હતી. અમે એમને સારું મનોરંજન પૂરું પાડયું હતું.

નાનાં ઝૂંપડાં એટલાં સુઘડ ને સરસ હતાં. દરેકની આગળ વાંસના ઊંચા મંચ કરી, એના પર તાડપત્રી પાથરેલાં. પછી સરસ, એકદમ ગોળાકારે વણેલા, એકસરખા, પાતળા કાગળ જેવા, ચોખાના પાપડ સૂકવવા મૂકેલા. પાપડ જ વળી, કારણ કે પછી એક જગ્યાએ સગડી પર એમને શેકાતા જોયેલા. અમે ખરીદીને ખાધા પણ ખરા. જરા ગળચટ્ટા હતા. એક જણે વળી એના પર કાગળ લખવા માટે એકને વાળીને સાચવી રાખ્યો. સહી એના પર કેવી ઊઠશે? શેકયા વગરનો હતો તેથી જ વાળી પણ શકાયો. શેકેલો ખાવાનો વારો ના આવ્યો. રરસ્તો વનસ્પતિથી છવાયેલો હતો. બંગાળની ગ્રામભૂમિમાં જઈએ તો આવું જ લાગે. આપણે ત્યાં જોકે વસ્તી વધારે ને ગંદકી પણ. અહીં ખૂબ શાંતિભર્યું, પોતાનું નિકટનું લાગે. જતા-આવતા લોકો, સાઈકલ પર જતી સ્ત્રીઓ અમારા સરઘસને જોયા કરે. કોઈ કુત્સિત ભાવ નહીં. દરેકનું પોતપોતાનું શાંત ને સંયમપૂર્ણ ગૌરવ.

ફળોનો બગીચો આવતાં અંદરની કેડી પર ચાલતાં અમે અંદર ગયાં. ઝાડથી ભરચક ને ઝાડ લાઈમ, લીંબું, લીલી નારંગી, ગ્રેપફ્રુટ, જામફળ વગેરેથી લચેલાં. જોઈને જ આનંદ થાય. અમે એ પણ નોંધ્યું કે આટલાં ઘાસપાન હોવા છતાં જરાયે મચ્છર કે જીવાત નહોતી. માખી પણ ભાગ્યે જ. અહીં આટલું પાણી છે — આ આખા પ્રદેશમાં. બધે નહેરો કરી વચ્ચે વાવેતર કરેલાં હોય છે. ઉપરાંત, નાના વહેળામાં લોકો માછલી પકડે છે. નદીનો કિનારો કાદવિયો ને ગંદો પણ હોય છે છતાં કયાંય મચ્છર નથી. હોત તો મને કયારનાયે કરડયા હોત.

આ વાડીમાં એક કુટુંબ રહે છે. નાની કુટિર. બહાર ટેબલ ને કેટલાંક સ્ટૂલ હતાં. કપડું બાંધીને એક ઝૂલો પણ કરેલો હતો. મેં એનો કબજો લઈ લીધો ને એમાં આડા પડી પગથી એને હલાવતી રહી. બીજાં બધાં એટલાં સારાં કે કોઈએ ખાલી કરાવ્યો નહીં. તાજાં તોડલાં ફળ હુન્ગ કાપતો જતો હતો. મારો ઝૂલો સહેજ સરસ હાલતો જાય ને હાથ લંબાવીને લીધેલાં ફળ હું ખાતી જાઉં. કુટિરની સ્ત્રીએ સરસ જાસ્મીન — ચા પણ બનાવી. અહીં એને ‘ચા’ જ કહે છે.

બહુ જ સરસ અનુભવ થતો હતો. આખા જગતથી દૂર. કશી ધમાલ નહીં, કશો અવાજ નહીં, ફળ, કુટિર, જંગલમાં મંગલ. એક વલ્કલ ને સોનેરી હરણ પણ હોત તો?



## પ્રાચીન મહાપ્રાચીર

વિશ્વની સાત અજાયબીમાંની એક. તે પણ ચીન જેવા અજાયબ દેશમાં. એનો વિચાર કરતાં પણ રોમાંચનો અનુભવ થતો હતો. ચીનની દીવાલ. કેવી હશે એ? જોયા પહેલાં જ એને માટે કેટલાંક કલ્પન સૂઝયાં હતાં. મનમાં ને મનમાં પ્રશ્નો થયા હતા — "કહેવી એને મહા કોઈ કેટિમેખલા કે ભુજંગ એક ભયાનક ભીંસી રહ્યો ભૂમિને?" પછી હિન્દુત્વના સંદર્ભ મનોગત થયા હતા — "પડયો હશે પથરાઈ, પર્વતો ઉપર, વિષ્ણુને ત્યજીને શેષનાગ, કે પથ્થરો પ્રાણ પામી કરી રહ્યા પ્રયાણ સ્વર્ગ સુધી?" ચંદ્ર પરથી પણ એ ઓળખાતી હતી. તે યાદ કરીને લખ્યું હતું કે "મયંકને માટે હશે એ એક મોહક માર્ગ"જેવી. પરંતુ, એ જે રીતે અને જે કારણે બાંધવામાં આવી હતી તે જોતાં એમ કહી શકાય કે "ખરેખર, માનવીના શ્રમ અને શ્રદ્ધા તણી છે સાક્ષી એ." સમાપનમાં એવા ઉદ્દાત ભાવનું આરોપણ કર્યું હતું એની ઉપર. એ રોમાંચક, વિસ્મયકર, અપુનરાવર્ત્ય ઉપસ્થિતિ હું જોવા પામવાની હતી. એક સાધારણ વ્યક્તિ અસાધારણ સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરવાની હતી.

મિન્ગ રાજ-સમાધિઓ જોઈને નીકળ્યા પછી હજી એક કલાકનો રસ્તો બાકી હતો. પર્વતો ધીરે ધીરે એટલા પાસે આવ્યા કે મિનિબસ એમનો એક ભાગ બની ગઈ. કેટલાક ઢોળાવો પર અડદિયા પથ્થર અને ચૂનાના પથ્થરની ખાણો હતી. ઘણી વાર દેખાતાં ઘાસ અથવા શાકભાજી ભરીને લઈ જતાં ગાડાં સાથે હંમેશાં ત્રણ ઘોડા જોતરેલા રહેતા. એ એમની મેળે ચાલ્યા કરે ને માણસો નિરાંતે લાંબા થઈને માલ પર સૂતેલા હોય! કયારેક ગાયો, ભેંશો, ડુક્કર જેવાં પ્રાણી પણ દેખાઈ જતાં. ચીનનાં શહેરોની અંદર તો કૂતરાં-બિલાડાં પણ નજરે ના ચડે! એવો એ રસ્તો વધારે ને વધારે કઠિન અને વળાંકવાળો બનતો ગયો. ચાલકને ગાડી 'ફાસ્ટ' ચલાવવાની બહુ મઝા આવતી હતી. દરેક વળાંકે અમે "ફેંકાઈ" જતાં હતાં. એવામાં "ચીનની દીવાલ"ની સર્વ પ્રથમ ઝાંખી થઈ. તદ્દન જર્જરિત, ત્યક્ત એ ભાગ હતો. તૂટેલા ટુકડા ટુકડા થઈને એ રહેલો હતો. "ઓહ, આ?"

એવા ઉદ્‌ગાર નીકળી ગયેલા. પણ એનું મુખ્ય દર્શન તો હજી થવાનું હતું.

પેલું નાનકડું, સર્પિલું ઝરણું હજી થીજેલું હતું કે પછી એની સપાટી બર્ફીલી હતી ને એની નીચે નીર સરતું હતું. આકાશ આખરે ભૂરું બન્યું હતું, હવા ચોખ્ખી થઈ હતી. આધુનિક યુગનું પ્રદૂષણ કયાંય પાછળ રહી ગયું હતું ને અચાનક, એકાએક, સહસા આ રહી એ — ખરેખરી મહાપ્રાચીર — સાવ સામે જ આખી ને આખી, સમગ્ર ગગનની રેખ અંકિત કરતી; નિર્વિકાર, નિરાવેશ ગિરિમાળાના પ્રત્યેક કમનીય શૃંગાકારને લલિત સ્પર્શથી નવાજતી; આટલે દૂરથી તો અતિશાલીન અને સુકુમાર રૂપ ધારણ કરતી એ અદ્‌ભુત, અભૂતપૂર્વ સંસ્થિતિ. નહોતો એનો કોઈ અંત ને જાણે નહોતો એનો કોઈ આરંભ. અજબ હતી એ મોજૂદગી.

સમગ્ર વિશ્વમાં જે “ગ્રેટ વૉલ” તરીકે સુખ્યાત છે તેનું બાંધકામ ત્રણ હજાર વર્ષ પહેલાં શરૂ થયેલું. દેશના ઉત્તરના, મન્ચુરિયા અને માંગોલિયા જેવા પ્રદેશોમાંથી હુમલો કરતાં ઝનૂની બર્બર સૈન્યોને ખાળવા, અટકાવવા, મહાત કરવા એ દીવાલ બંધાવા માંડી હતી — ચોરોથી ઘરને બચાવવા કમ્પાઉન્ડની આસપાસ જેમ કોટ ચણીએ તેમ. સિદ્ધાંત સરખો લાગે છે નહીં? પણ એકાદ-બે એકરને સાચવવાની એ વાત નહોતી. ઊંચા ઊંચા પર્વતોને નાથતી એ દીવાલ — નહીં નહીં તોયે — ૩૬૦૦ માઈલ તો લાંબી છે. ત્રણ લાખ મજૂરોએ દસ વર્ષ સતત એનું કામ ચાલુ રાખેલું. ચીની માપ મુજબ દીવાલ બાર હજારથી પણ વધારે “લિ” લાંબી છે. એક “લિ” એટલે લગભગ પાંચસો મીટર થાય. વિભિન્ન વંશકાળ દરમ્યાન રાજવીઓ જરૂર પ્રમાણે જુદા વિભાગ ને જુદી દિશામાં દીવાલ આગળ વધારતા રહેલા. એ જોતાં, સમસ્ત દીવાલ — આખી તેમજ ભાંગીતૂટી ગણતાં — એક લાખથી પણ ઉપર “લિ”ની ચણાઈ હતી. ચૌદમી સદીમાં, મિન્ગ રાજવંશ દરમ્યાન એના પર લગલગાટ કામ થયું. આજે જે જોવા મળે છે અને “ગ્રેટ વૉલ” તરીકેનો અહોભાવ પામે છે તે સ્વરૂપ ત્યારનું છે. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી ચીની સરકારે એકબે વિભાગને પ્રવાસી સુલભ બનાવવા એમના જિર્ણોદ્ધારનું કામ શરૂ કર્યું. બેજિન્ગથી બેએક કલાકમાં પહોંચી જવાય તે ‘બા દા લિન્ગ’ નામની જગ્યાએ રોજ પ્રવાસીઓનાં ટોળાં ઊમટે છે. વિદેશીઓ જ નહીં, પણ સ્થાનિક કે બહારગામનાં, ચીની લોકો ને કુટુંબો પણ ખૂબ શોખીથી ત્યાં જાય છે. ચીની વિદેશીઓ માટે “ખૂલ્યું” એનાં શરૂઆતનાં વર્ષો દરમ્યાન દીવાલના પરિસરમાં માંડ બે-ત્રણ દુકાનો હતી. એકમાં ‘બા દા લિન્ગ’ કાર્યાલયના અફસરની સહી કરેલું પ્રમાણપત્ર વેચાતું — સાવ સાધારણ કિંમતે મળતું હતું : ફલાણી વ્યક્તિ “ગ્રેટ વૉલ” જઈ આવી છે, તે જાહેર કરતું! કેટલાંક સહપ્રવાસીઓનું જોઈને હું પણ ખરીદવા લલચાઈ ગયેલી. નકામું જ વળી, કારણ કે ઘેર આવીને એવે ઠેકાણે મૂકયું કે કદિ જડે જ નહીં!

દસ-બાર વર્ષના ગાળા પછી ફરી દીવાલ જોવા ગઈ ત્યારે પરિસરનો ચહેરો-મહોરો જ બદલાઈ ગયેલો. સળંગ લાઈનસર દુકાનો, ખાણીપીણીના સ્ટૉલ, એક ઊંચા શિખર પર લઈ જતી કેબલકાર. આધુનિક કપડાં, કોકાકોલા જેવું આધુનિક પીણું, 'શીઘ્ર ખાદ્ય' આધુનિક વાનગીઓ, ધનોપાર્જનનો આધુનિક રોગ! બદલાઈ ગયેલા જીવનને લીધે એ આખી જગ્યા જ બદલાઈ ગયેલી. દુકાને દુકાને લટકતી લાલ લાલ ચીજોએ દૂરથી જ ધ્યાન ખેંચેલું. પહાડી જાતિની પ્રજાએ થોડું ભરીને, થોડું પેચવર્ક કરીને તૈયાર કરેલાં, લાક્ષણિક શૈલીનાં ટેબલક્લૉથ, જેકેટ, થેલા, હેટ. બધું સુતરાઉ લાલ કપડામાંથી થયેલું. બહુ જ ગમી ગયેલું ને કેટલુંક ખરીદ્યું જ હોત, પણ પાસેથી જોતાં જણાયું કે દેડકા, સાપ, ગરોળી જેવી આકૃતિઓ સુશોભનમાં વપરાયેલી હતી. જોઈને જ ચીતરી ચડે. પછી શોધી શોધીને એક લાલ હેટ લીધી, જેની ઉપર કેવળ ફૂલ ને પતંગિયાં જ ચોંટાડેલાં હતાં!

આનંદિત અને વિસ્મિત કરી દેતા એ મહાકાય સંસ્થાપન પર ચાલવાની ને ચડવાની રોમાંચક અનુભૂતિની તો શું વાત કરવી! પાંચ પાંચ ઘોડા એકસાથે દોડતા જઈ શકે એટલી તો એની પહોળાઈ. વીસથી પચીસ ફીટ જેટલી તો એની ઊંચાઈ. એક સરખા કઠોર પથ્થરોથી ચણવામાં શું શ્રમ પડયો હશે ચીની મજૂરોને. જેટલો એના દર્શનનો, એને સ્પર્શવાનો રોમાંચ છે, તેટલી જ એને બાંધવાના ઇતિહાસની કરુણતા છે. એમ કહેવાય છે કે દીવાલમાં જેટલા પથ્થર છે તેટલી જ સંખ્યામાં મજૂરો મોતનો ભોગ બન્યા હતા. એક એક પથ્થર દીઠ એક એક માણસ, લાખોનો આંકડો. સખત શ્રમ, ઊંચા પર્વતીય પ્રસ્તાર, આકરી શિયાળાની ઋતુ વગેરે જેવાં કારણ ખરાં પણ હકીકતમાં પરિણામ અતિ કરુણ. દીવાલ પોતે પણ દૂરથી જે સુંદર ને કમનીય, પાષાણબદ્ધ સંવાદિતા સમ પ્રસ્તુત થતી હતી તે સમીપમાંથી પ્રભાવકારી ભીષણ-ભવ્ય બનતી હતી. એનાં અનંત, અતૂટ બૃહત્પરિમાણ સામે વામણી લાગતી હતી મનુષ્યની આકૃતિઓ.

દીવાલ પર પહોંચી ડાબે વળતાં સીધું ચઢાણ આવ્યું. આગળ ને પાછળ, પર્વતોના પર્વતો ઉપર આડીઅવળી, ઉપર-નીચે થતી જતી અપરિમેય પ્રાચીર હતી. થોડી થોડી વારે થંભીને હું પાછળ જોતી હતી — ભિત્તિના અખૂટ વિચરણ તરફ અને સમગ્ર દશ્યપટના વિસ્તારણ તરફ. આશ્ચર્યજનક હતી પ્રદેશની એ નિર્બંધતા — ખાસ કરીને ભીડથી ભરેલાં ચીની શહેરોના સંદર્ભમાં.

દીવાલ સતત ઉપર ઊઠતી હતી — કયાં તો સરળ ને સપાટ લાગતા ઢોળાવોથી, કયાં તો પડકાર ફેંકતા સીધાં, સાંકડાં પગથિયાં વડે. પ્રયાસ હંફાવી દેતો હતો. મને તો

જાણે પહેલેથી જ, ત્યાં હોવાને કારણે જ શ્વાસ ચડી ગયેલો હતો! જતાં જતાં વારંવાર હું ઊભી રહી — ચોતરફ જોવા, ફોટા પાડવા, એ આખા અનુભવ પ્રતિ સ્મિત કરવા! વચ્ચે વચ્ચે હું બેઠી પણ ખરી — એ સ્થાન સાથે પરિચય કેળવવા, દૃશ્ય સાથે રમમાણ થવા, વિસ્મયોમંગથી છલકાઈ જવા.

દરેક બારસો ફીટને અંતરે, દીવાલથી થોડા ઊંચા, ચોતરફના કાંગરાને કારણે ચોરસ આકારના બનતા, નિરીક્ષણ મિનાર બનાવાયેલા હતા. પ્રાચીનકાળમાં એ ચોકી-પહેરાના ઠેકા હતા. હવે એ પ્રવાસીઓ માટે ચઢાણનું લક્ષ્ય બન્યા છે. દીવાલના એ 'બા દા લિન્ગ' વિભાગથી કુલ સાત મિનાર દૃષ્ટિગોચર થતા હતા. એ પછી દીવાલ દૂર દૂરના પર્વતાંચલમાં છુપાઈ જતી હતી. ઉત્તર દિશામાંના, દૃશ્યમાન દીવાલના, સર્વોચ્ચ મિનાર સુધી જવા અસંખ્ય પ્રવાસીઓ ઉદ્યત થતાં; ખૂબ ઠંડી અને સખત વીંઝાતા પવનનો સામનો કરતાં, કયારેક ધુમ્મસ એવું ફેલાઈ જતું કે દૃશ્યપટની સંમોહકતા નિરર્થક થઈ જતી. એ તરફ થોડે સુધી હું ચઢી ખરી, એક મિનાર પર પણ ગઈ ને પછી અચાનક પાછાં ફરીને દક્ષિણ તરફ જવાનો નિર્ણય કર્યો. એ તરફ ભીડ ખૂબ ઓછી હતી.

ત્યાં પણ ચઢાણ તેમજ પગથિયાં બહુ સીધાં હતાં. કઈ રીતે યુદ્ધના અશ્વો ત્યાં દોડયા હશે? સૈનિકોએ દેશરક્ષા કરી હશે? હું ધીમે ધીમે, મારી મેળે ચાલતી રહી; ઇતિહાસનું અનુમાન કરતી રહી. ચારેક કલાક દીવાલ પર ગાળેલા — બબ્બે વાર, પણ તે ઓછા જ પડેલા. બીજી મુલાકાત વખતે તો ચીનીઓનું વર્તન જ જુદું લાગેલું — ખૂબ મઝામાં ને ઉત્સાહિત હતાં એ બધાં. કિશોરીઓનો કલબલાટ, યુવકોની દોડાદોડ, કુટુંબોની ફોટા પડાવવા માટેની અધીરાઈ, કયાંક કયાંક ભાષણ આપવા લાગી ગયેલા પુરુષો, સસ્તી રીતે બનાવેલી, તકલાદી ચીજોથી પ્રવાસીઓને છેતરતા ઉદ્યત ફેરિયાઓ. વચ્ચે શાંતિદાયક મધુર સંગીત — અનુચ્ચ સ્વરે — રેલાતું હતું. એક સ્થાને મોટી લાલ સંજ્ઞા ટીંગાડી હતી : "કયાંય થૂંકવું નહીં, કયાંક કચરો કરવો નહીં." પ્રવાસીઓને છેતરવા નહીં — એવો આદેશ કે સૂચન કયાંય નહોતું!

પાછાં આવતાં નીચે ઊતરવું તો વધારે અઘરું હતું. વર્ષો જૂના એ પથ્થરો સુંવાળા ને લપસણા હતા. સાંકડાં પગથિયાં તદ્દન સીધાં ઊતરતાં હતાં. કંઈ આધાર માટેની વ્યવસ્થા ભાગ્યે જ હતી. દીવાલના સર્પાકાર વલયો હર ક્ષણે ભાવવિહ્વળ કરતા હતા. એને માટે કેટલે ઊંચે ચડી આવેલાં. તે તો મોટર પર્વતો છોડીને જવા માંડે ત્યારે જ ગણાય.

એને છોડીને જતાં; નજરથી એની લલિતરમ્ય, ભીષણ-ભવ્ય અતિવિલક્ષણ

વિસ્તીર્ણતાને દૂર થતી જોતાં મનમાં જરા વિરહભાવ પ્રસરી ગયો હતો.



## ઊંચા પર્વતોની ભીંસમાં

વહાણમાં સફર શરૂ થઈ તે વખતે અમને બધાંને લાંબો એક કાગળ આપવામાં આવેલો. લીસા સફેદ કાગળની બંને બાજુ નકશા હતા. એક તરફ લખ્યું હતું — "ધ ચાઁગજ્યાઁગ રીવર ચાર્ટ". એના પર લીલા રંગે મહાનદી યાઁગ્ત્સે, એની શાખાઓ, એમાંથી બનતાં બે વિશાળ સરોવર છાપેલાં. છેલ્લે શાંઘાઈ પાસે એ દરિયામાં ભળી જતી — 'ધ યલો સી' અને 'ધ ઇસ્ટ ચાઈના સી' અક્ષરો છાપેલા હતા. એમની વચ્ચે કયાંક લાલ ટપકાંથી મોટાં ગામો ને શહેરો દર્શાવાયાં હતાં. નામો અંગ્રેજીમાં તેમજ ચીની ભાષામાં લખેલાં. કાગળની બીજી બાજુ લખ્યું હતું — "ધ ચાઁગજ્યાઁગ ગૉર્જીસ સ્કૅચ મૅપ". ખૂબ ઊંચી ભેખડોની સંકડાશમાંના અંશને "ગૉર્જ" (Gorge) કહે છે — સાંકડી ખીણ કે જેમાંથી નદી વહેતી હોય. આ અપૂર્વ દશ્યપટ માટે તો યાઁગ્ત્સે નદીમાંની સફર વિખ્યાત થયેલી છે. એ જોવા તો ખાસ હું ફરી ચીન ગયેલી.

પહેલે દિવસે અમે ત્રણસોએક કિ.મી. પ્રવાહ સાથે વહ્યાં હતાં. વાન શ્યાનથી ઊપડીને વહાણ હવે પ્રથમ "ગૉર્જ"માં પ્રવેશ કરવાનું હતું. તેથી જ બધાંને વહેલાં ઉઠાડવામાં આવેલાં. ઝડપથી તૈયાર થઈ, નકશો ને કૅમેરા હાથમાં લઈ હું ચલનખંડમાં ગઈ. ત્યાં પવનથી બચી શકાતું હતું. સવારનું અજવાળું થતું આવતું હતું પણ હવા હજી ધૂંધળી હતી. નદીનું પાણી પણ મેલધોયું કથ્થાઈ દેખાતું હતું. હું નકશામાં કુંડાળાં, ફૂદડીઓ ને તીર દોરતી રહેલી. એમાં બીજા થોડા ઉમેરા થયા. એ પ્રથમ 'ખીણ'નું નામ "ચુતાન્ગ ગૉર્જ" હતું. આઠ કિ.મી. એની લંબાઈ હતી. એની વચ્ચે નદી સાંકડી થઈ જતી હતી કે પછી બે બાજુના ખૂબ ઊંચા પર્વતોને કારણે એવો ભાસ થતો હોય. તીક્ષ્ણ શૃંગોના રૂપે એ પર્વતમાળાઓ દષ્ટિગત થતી ગઈ — પાસેથી સ્પષ્ટ, દૂરથી ઝાંખી. એ સર્વ પાષાણશિલાઓ પર નિસર્ગે કરેલા વિવિધ પ્રકારનાં નિશાન હતાં — જાણે હજારો વર્ષો પહેલાં કરવામાં આવેલા નિર્મમ વ્રણ. કાળમીંઢ કુદરતી આકારોને કલ્પનપ્રભર નામ અપાયાં હતાં — કશાકનું પૅગોડા કે કશાકનું મંદિર કે "મહારાજનું સ્વેતપુરમ્" વગેરે. ખુલ્લા તૂતક પર ગાઈડો હાથ લાંબા કરીને, પવનથી ઊડતા વાળવાળા પ્રવાસીઓને

એ બધું બતાવતા હતા. ઘણાં વર્ષો પહેલાંના રાજવંશો — ત્ચિન, ત્ચિંગ, સુ, હાન — દરમ્યાન આ નામો પડેલાં : મૅન્ગ લિઆન્ગ પાષાણ સોપાનશ્રેણી, ફૅન્ગ્જ્યે શૃંગ, દાઈ ઝરણું વગેરે ને હજી એ બધાં પ્રચલિત બનીને રહેલાં છે.

ચાંપતી નજર રાખીને ઊભેલા સૈનિકો જેવા પર્વતોમાં થઈને નીકળતી નદીમાંથી વહાણ પસાર કરવું ખૂબ અઘરું ગણાય છે — ખાસ કરીને ઉનાળાના સમયમાં, જ્યારે ઓગળેલા બરફને લીધે નદી ઘણી વધારે જળોત્ફુલ્લ બની હોય અને પ્રવાહ ક્રોધાંધ જળચરની જેમ ગાંડોતૂર થયેલો હોય. કપ્તાન અને તૂતક પરના બધા નાવિકો નજીકમાંથી જતી-આવતી હોડીઓ-સ્ટીમરો સાથે સતત વાતચીત, જરૂરી માહિતીની આપ-લે કરતા હતા. એ કંઈક જુદી જ જાતના આરોહ-અવરોહવાળા ધ્વનિ હતા; સાવ બોલચાલની ભાષાના લયથી ભિન્ન. સામે જવાબ પણ એ જ રીતિમાં અપાતા હતા. જળ પર સંપર્કની એ બોલીની મેં નોંધ લીધી અને સાંભળવાની મઝા માણી.

સવારનો ચ્હા-નાસ્તો પૂરો થયા પછી વુશાન ગામની પાસે વહાણ ઊભું રહ્યું. ત્યાંથી નાની હોડીઓ વાટે અમારે બાનિન્ગ નદી પર આવેલી ત્રણ “ઓછી અગત્યની” (minor) ગર્ત જોવા જવાનું હતું. એમનું નામ આવું પડી ગયું છે, કારણ કે મહાનદી યાન્ગ્ત્સે પરની મહાગર્તો જેટલી જાણીતી એ બધી નથી! વહાણમાંથી એક નાના પણ લાંબા પાટિયાંના પુલ પર થઈને કિનારે પહોંચ્યાં. ત્યાં પણ અગણિત પગથિયાં હતાં. લોકોને પીઠ પર ઉપાડીને ઉપર સુધી લઈ જવા માટે કેટલાક પુરુષો, રંગરંગીન કાપડ વીંટાળેલી વાંસની ખુરશીઓ લઈને રાહ જોતા બેઠા હતા. સ્ત્રીઓની પાસે જુદી જુદી છાબડીઓમાં તાજાં ફળ હતાં — નારંગી, અનનસ, સફરજન. વેચવાની આશાથી એ બધી અમારી તરફ દોડી આવી. કિનારા પર, દૂર પેલી બાજુ હોડીઓનો સ્થાનિક અડ્ડો હતો. ઘણાં પ્રજાજન ત્યાં હોડીઓમાં ચડતાં-ઊતરતાં હતાં. દૃશ્ય રંગીન અને રસપ્રદ હતું. બે નાનાં વહાણ બંધાવાતાં હતાં અને ઘણા લોકો એમની આસપાસ કામ જોતાં ઊભા હતા. નજીકમાં, કોલસાની ભૂકીના મોટા ઢગલા પડયા હતા અને મજૂરો બબ્બે ભારે છાબડાં પોતાના ખભા પર ઊંચકીને એક “બાર્જ” નૌકા સુધી લઈ જતા હતા.

અમારા વહાણમાંનાં પ્રવાસીઓ દ્વારા એક બસ ભરાઈ ગઈ ને રસ્તે પડી. બાકીનાં પ્રવાસીઓ બીજી બસો આવવાની રાહ જોતાં ઊભાં. ચીની પ્રવાસ ખાતાના વુશાનમાંના કાર્યાલય પાસે ચાર જ બસો હતી ને એ દિવસે એવાં ત્રણ વહાણ આવેલાં હતાં.બાનિન્ગ નદી પરની નાની ગર્તોને જોવા માટેની નાની હોડીઓમાં બેસવા માટે એક બીજે સ્થાને જવાનું હતું — ગામને વળોટીને. વીસેક મિનિટનું એ ગમન મને થકવી ગયું. બસનો

ડ્રાઈવર દર પાંચ સેકંડે હૉર્ન મારતો હતો. એનો અવાજ પણ પાછો મોટો ને તીણો હતો. મેં કાનમાં આંગળાં ખોસ્યાં. અરે, કયાં ગયું એ સુશાંત ચીન?

નૌકાઓ અમારે માટે તૈયાર હતી — ચાર ચાર જણ બેસી શકે તેવી લાંબી, ઉપરથી ને આજુબાજુથી સાવ ખુલ્લી. આમ તો એમાં મોટરમશિન હતાં પણ બે ચીની નાવિકો અને ખૂબ લાંબા, મજબૂત વાંસ પણ સાથે હતા. શરૂઆતમાં પચાસેક કિ.મી. અમે સામે પ્રવાહે ગયાં. બીજી ગર્તમાંથી પસાર થતાંમાં ત્રણેક કલાક થયા. કયાંક કયાંક વહેણ અતિ ગતિમાન બનતું, પાણી ફુત્કાર કરી ઊઠતું, ફીણ ફીણ થતું અમળાતું. વાંસથી એને નાથવા બંને માણસો મથતા. વાંસ લગભગ બેવડ વળી જાય તેટલા એને વાળતા. પોતે ઊભડક બેસી જતા ને જોર કરીને વાંસને ધક્કો લગાવતા. નૌકા આગળ ધપતી. બંને બાજુ પાણી સતત અથડાતું, ફેંકાતું રહેતું. કેટલીક વાર એ ઉદ્ધત થઈને અંદર આવીને અમને ભીનાં કરી જતું — પણ બહુ ફરિયાદ કરવા જેવું નહીં. બાનિન્ગ નદી સુંદર હતી — સ્વચ્છ, ભૂરું પાણી સતત રમતિયાળ ને ચંચળ હતું. વચ્ચે ઘણી વાર શીઘ્રગતિ વમળો આવતાં હતાં — પણ બહુ જોખમી નહીં. ૧૯૮૭માં બંધાયેલા ખૂબ ઊંચી કમાનવાળા એક પુલ નીચે થઈને નૌકાઓ પસાર થઈ.

તત્કાળ બંને તરફ હજાર હજાર મીટર ઊંચી પાષાણપ્રાચિર ખડી થઈ. કર્કશ પથ્થર, બરડ ચૂનાતત્ત્વ અને સિમેન્ટના મિશ્રણથી એ બની હતી. અવનવું હતું એ બંધારણ. મોટી મોટી ગુફાઓમાં પ્રાચીનકાળથી બનતા આવેલા પાષાણસ્તંભો ખડા થયેલા હતા. રંગે એ બદામી-ગુલાબી અને ઘેરા ભૂખરા હતા. ભેખડોની ટોચો એવી દેખાતી હતી જાણે એમને કાપવામાં આવી ના હોય. ઢોળાવો પર ઘાસની આછી જાજમ હતી. ઊંચે જોતાં એમ લાગતું હતું કે ભેખડો ઢળી પડશે ને ઢોળાવો ફસકી પડશે. ઘણે ઠેકાણે પહાડો બરડ ને પતરી પતરી જેવા હતા, તો નદીનું વહેણ ઘણું પથરાળ હતું. પાણી રૂમઝૂમ કરતું, ખળખળ થતું જતું હતું. કમનીય અને રમ્ય એવી આ નદી પણ ઉનાળામાં વીસ-ત્રીસ ફીટ જેટલી ઊંચે ચડે છે. ત્યારે એનું સ્વરૂપ ધ્વંસનો છંદ ધારણ કરતું હશે.

પર્વતો પર ખૂબ ઊંચે પાષાણના સીનામાં ચોરસ કાણાં પાડેલાં હતાં. બે હજાર વર્ષ પહેલાં ત્યાં વસતી માનવપ્રજાએ એ બનાવેલાં — અતિ ઊંચા પથની રચના કરવા. એ કાણાંમાં લાકડીઓ ખોસવામાં આવતી ને પછી એમના પર લાકડાનાં પાટિયાં ગોઠવાતાં. એ રીતે બનતો ગુફાથી ગુફા ને શિખરથી શિખર જવા માટેનો એમનો રસ્તો. માનવામાં પણ ના આવે એવી વાત. સાવ સીધી, લપસણી શિલાઓ પર અધવચ્ચે કઈ રીતે ચાલતા જતા હશે એ જન?

અચાનક એક ઝરણ પથ્થરોની નીચેથી બહાર વહી આવ્યું. એનો પથ અદશ્ય રહ્યો હતો ને એ આખું ને આખું પથ્થરોમાં છુપાઈને સરકતું રહેલું. છતાં સૌથી સુંદર હતો ત્યાંનો ક્ષેત્રપ્રદેશ. ઊંચી ઊંચી ભેખડો કયાંક બટકી ટેકરીઓ કે સપાટ, પથરાળ કિનારાને પાસે આવવા દેતી. આવા સ્થાને નાનાં ગામ — ખરેખર તો ગણ્યાંગાંઠયાં થોડાં ઘર વસી ગયાં હતાં. શકય હોય તે દરેક જમીનના ટુકડા પર વાવેતર કરાયાં હતાં — ઘઉં, સોયાબીન્સ, શાકપાંદડું. આવા લીલાછમ ભૂમિખંડો કયાંક સીધા ઢોળાવો પર ઊંચે સુધી પણ ગયેલા હતા. એ હતું પેલું બીજું, મૂળ ચીન, સાચું ચીન કે જે આખા દેશને પોષતું હતું. એ મજૂરો સખત કામ કરતા હતા ને કઠિન જીવન જીવતા હતા.

આવાં સ્થાને, બર્ફીલા પાણીમાં સ્ત્રીઓ કપડાં ધોતી હતી. માતાઓની આસપાસ ઘુમરાતાં છોકરાં રમત છોડી હોડીઓ સામે જોઈ રહેતાં હતાં, અમારી સામે હાથ હલાવતાં કાંકરિયાળા તટ પર દોડતાં હતાં. નિર્દોષ હતાં એ. સરળ હતું એમનું જીવન. હજી તો પુખ્ત વય તો શું, પણ કિશોરાવસ્થાથી જ કઠિન થવાનું હતું એ. હજી એમના કિલકિલાટ પર એ કપરા ભવિષ્યનો ઓછાયો નહોતો પડયો સદ્ભાગ્યે.



## રમ્ય, ભવ્ય ને અંતે લલિત

પર્વતોની સંકડાશ ને કયારેક સહેજ મોકળાશમાં થઈને વહેતી બાનિન્ગ નદી પરની બીજી "માઈનર" બિનજાણીતી એવી — ગર્ત પસાર કરતાં ઘણો સમય ગયો. એ પછી અમે "ડબલ ડ્રેગન" — બેવડા અજગર! ગામના તટ પાસે આવ્યા. બપોરનું ખાણું અમને ત્યાં મળવાનું હતું. કિનારે પહોંચતાં જ થોડાં ટેબલો પર ચીજવસ્તુઓ વેચવા મૂકેલી હતી — સસ્તી માળાઓ, ઉતાવળે બનાવેલું કોતરકામ. પગથિયાં પર તાજાં ફળોના ઢગલા હતા. એ પછી વળી બીજી પહોળી સીડી ચઢીને ડ્રેગન રેસ્ટોરાં — અજગર ભોજનાલયમાં જવાનું હતું. એના પહેલાં અડીને જ એક દુકાન હતી જેમાં એકસો સહેલાણીઓએ ભારે ભીડ કરી મૂકી. હું ત્યાંથી બહાર નીકળી ગઈ.

આહારગૃહનો ભોજનખંડ પણ પછી ભરાઈ ગયો. ખાવાનું સારું હતું. 'યામ' કહેવાતા, "ગળ્યા બટાકા" તરીકે ઓળખાતા, કંદની તળેલી ચિપ્સ સ્વાદિષ્ટ હતી. એ ઉપરાંત મને બે જાતની ચીની ભાજી, બે જાતનાં તોફુ — કદાચ એને સોયા બિન્સનાં પનીર કહી શકાય અને કમળ કાકડી પણ મળ્યાં. બિયર રેસ્ટોરાં તરફથી હતો ને એ સિવાય ચીની ચ્હાનું ગરમ પાણી તો ખરું જ. એ પીણું તાજગીદાયક હોય છે ને ચીની ખાણા સાથે નાના — નાનકડા, ખરેખર તો પ્યાલામાં અપાતું રહેતું એ ગરમ પાણી સારું જાય છે.

પેલાં ફેરિયાઓનાં ટેબલ પર નજર કરવા માટે, કશી ખરીદી કરવા માટે ને ફોટા લેવા માટે અમને થોડી મિનિટો અપાઈ. ઘણાં ફેરિયાઓ તરફ ગયાં. મારે ફોટા જ લેવા હતા. પ્રકાશ સારો થયો હતો — રોજ બપોરે આ પ્રમાણે બનતું જોઉં છું. ફટાફટ સરસ ફોટા લેવા જાઉં ત્યાં જ કૅમેરાનું શટર અટકી ગયું. કોઈ અગમ્ય રીતે ફસાઈ ગયું. તરત જીવ બળવા માંડયો. મેં હોડીમાં બેઠાં બેઠાં બહુ પ્રયત્ન કર્યાં — ફિલ્મ બદલી, લેન્સ ખોલ્યો, ઝીણકી બૅટરી કાઢીને સાફ કરી; પ્રાર્થનાયે ઘણી કરી પણ કશો ફેર પડયો નહીં. હું જરા ઉદાસ થઈ ગઈ. નદી પરની આ સફર મેં એટલી ઇચ્છા કરીને, એટલા પૈસા ખર્ચીને ગોઠવી હતી. છેલ્લે હૉન્ગકૉન્ગમાં ચાર નવી ફિલ્મો પણ ખરીદી હતી — ત્યાં આવું થયું. કયાંથી લેવાવાના હતા હવે કોઈ ફોટા? ગયા અઠવાડિયામાં દરરોજ કાંઈ ને કાંઈ મુશ્કેલીઓ આવ્યા કરી હતી, તો આજનો દિવસ શા માટે જુદો પડે? એમ મેં કટાક્ષમાં વિચાર્યું. વહાણમાં બધું સારું જતું હતું ને ત્યાં આ આઘાત મળ્યો... ખેર.

થોડી જ વારમાં અમે ત્રીજી 'બિન જાણીતી' ગર્તમાં પ્રવેશી ગયાં હતાં. એનું નામ "નીલમ ગર્ત" હતું, કારણ કે એના બંને તટ પર લીલાચટક વાંસનાં ઝુંડ હતાં. એ બધા વાંસ નીચા સરખા ને પાતળા જેવા હતા. વાંસની એક જાત, જે ઘણી રમ્ય છે. અધવચ્ચે સાવ સપાટ કિનારે હોડીઓ ઊભી રહી. અમે બધાં ઊતર્યાં — ત્યાં ચાલવા, સરસ લીસા કાંકરા ભેગા કરવા. મેં એમને જોયા, ઉપાડયા, હાથમાં અનુભવ્યા, પાછા મૂકી દીધા. એક કાંકરાને પણ હવે એની યથોચિત ભૂમિથી છૂટો પાડવો નથી ગમતો. એને એ ભૂમિની હૂંફ હોય છે ને એ ભૂમિ એનાથી શોભતી હોય છે.

બે સ્થાનિક કિશોરોએ સામી બાજુને કિનારેથી નદીમાં ઝંપલાવ્યું, તરીને અમારી તરફ આવ્યા અને હાથમાંના સિક્કા બતાવવા માંડયા. કહે, "ઍંશી વર્ષ જૂના છે. ખરીદોને, ખરીદોને." બંનેનાં ડિલ ખુલ્લાં હતાં અને તરબતર ભીનાં. નદીનું પાણી બરફ જેવું ઠંડું હતું. એમના હાથ અને પગ પરનાં રૂંવાડાં ઊભાં થઈ ગયેલાં હતાં પણ એ બંને ઠંડીથી

ધ્રૂજતા કે થરથરતા નહોતા. આ નદી એમની મિત્ર હતી, રોજની સાથી હતી, એનાથી એમનાં મન અને તન એકદમ ટેવાઈ ગયાં હતાં. પાણી ભલે ઠંડું, પણ આ નદીની જ એમને હૂંફ હતી, આસાયેશ હતી.

એમ તો સવારથી જ દિવસ પણ ઠંડો જ રહેલો પણ બપોર પછી પાછાં વહાણ પર જતાં તો ઠંડી વધી ગઈ. નીચેવાસ તરફ જતાં, એ દિશામાં પવન પણ ઘણો વધારે લાગ્યો. છતાં ગમન શીઘ્રતર પણ થયું ને કલાકેકમાં પાછા વુશાન પહોંચી ગયાં. હલેસાંની જગ્યાએ હવે જાડો ડંડો વપરાતો હતો. વમળાતા, ધસમસતા જતા જળાંશો આવે ત્યારે એ હોડીને ધીમી પાડવાના કામમાં આવતો હતો.

શાંતિથી સ્પર્શિત એ જળયાત્રા હતી. હોડીમાં મોટા ભાગનાં પ્રવાસીઓ ઝોકાં ખાવા માંડેલાં. મારે એ નિરવ રમણીયતાની મિનિટ પણ ગુમાવવી નહોતી. સહેજ સૌંદર્યના દર્શનથી મનમાં મધુર-માયુસ સંવેદનો ઊઠતાં હતાં. વુશાન આવ્યું ને ફરીથી એ જ પેલી દુનિયા સાથે આવી ગઈ. ઉપર જઈને હું બધી બસોની આસપાસ ફરી. એવીમાં બેસવું હતું કે જેનો ચાલક તમાકુ ફૂંકતો ના હોય. પણ ચારેય ચાલકોના હાથમાં એક એક સિગારેટ હતી.

વહાણ પરની મારી કૅબિનમાં પહોંચીને ગરમ પાણીથી સ્નાન કર્યું ને પછી જલદી ચલનખંડમાં ગઈ. યાઁગ્ત્સે નદી પરની વિખ્યાત “વુ” કહેવાતી, બીજી ગર્તમાં વહાણ પ્રવેશવાનું હતું. વુશાન ગિરિમાળાના બધા સ્થવિર સદસ્યો હજી સાથે જ હતા. નદીની સાથે સાથે એક નવો વળાંક લીધા પછી “દેવી શૃંગ” દષ્ટિગોચર થયું. શાથી પડયું હશે એ નામ? મુખનો કશો આકાર એમાંથી છતો નહોતો થતો. પણ કદાચ એ શૃંગ પોતે મુખોન્નત હતું ને કદાચ એનું દર્શન શુકનિયાળ થતું હશે. ચલનખંડમાંના કાર્યકરો કોઈ યુનિફોર્મમાં નહોતા — કપ્તાન સિવાય, તેથી ખબર ના પડે કે એ અફસર છે કે ખલાસી. પણ એ બધા જોવા જેવાં નામ અપાયેલાં સ્થાનો ચીંધી ચીંધીને બતાવતા હતા. “જુઓ, આ ગઈ ‘સુવર્ણ શિરસ્રાણ અને રજત બખ્તર કેરી ખીણ.’ જાણે આખું સૈન્ય ઊભું છે.” આપણને તો બહુ ઊંચાં, અણિયાળાં શિખરોની હાર જ દેખાઈ હોય પણ વર્ણન સાંભળીને પછી એમાં અર્થ ઉમેરી દેવાનો.

હાવર્ડ પણ મને શોધતો ત્યાં આવી ચડયો અને એક સપાટ સ્થાન તરફ આંગળી ચીંધી. પાષાણની શિલાની અંદરથી બે-ત્રણ ફીટ કાપી સરખો એક આકાર અપાયો હતો. એનું નામ “કૉન્ગ મિન્ગ લેબંચોરસ” હતું. આ અને આવાં નામ તો નકશામાં છાપેલાં હતાં

પણ એને વિષે થોડી વધારે જાણ હાવર્ડ આપતો હતો. જેમકે, એ પાષાણી તકતી પર સુ રાજ્યવંશના કાળમાં કોતરાયેલાં એક સંદેશ તથા એક કાવ્ય હજી જોવા મળી શકતાં હતાં. એ જ રીતે, પાષાણના સીનામાં દેખાતા એક લિસોટાની સમજૂતી પણ હાવર્ડે આપી. દર વર્ષે નદીમાં આવતાં ઘૂઘવતાં પૂર દ્વારા ઊંચી ચટ્ટાનોમાં જે પ્રમાણસૂચક રેખ અંકાઈ હતી, એનાથી પણ ઊંચે — ઉત્તુંગ ગિરિશિલાઓ પર અધવચ્ચે કોરી કાઢવામાં આવેલા એ "લિસોટો" ખરેખર એક પથ હતો. ચિન્ગ રાજ્યવંશ દરમ્યાન એ બનાવવામાં આવેલો — સત્તરમી અઢારમી સદીમાં. પૂરમાં ફસાતાં-વમળાતાં જળયાનોને દોરડાં બાંધીને પ્રવાહમાં સલામતીપૂર્વક આગળ ખેંચી જવા માટે એ સાંકડો ઉચ્ચ પથ વપરાતો. એ જોઈને જ ભય લાગે. એક તરફ કાળી, કર્કશ, સાવ સીધી ભેખડો, બીજી તરફ ઊંડી ખાઈ જેવી નદી — એ બેની વચ્ચે વપરાતા પથનાં કાર્યકારણ વિષે વિચારતાં જ છક્કા છૂટી જાય. પણ રાજવીઓનો જમાનો હતો ને એમણે તો હુકમ જ આપવાના હતા.

ચાર વાગતાંમાં તો સૂર્ય એની ટેવ પ્રમાણે ગાપચી મારી ગયો. પિસ્તાલીસ કિ.મી. લાંબી, નદીના સ્વભાવને અનુસરીને વળાંક લેતી જતી, એ "વુ" ગર્ત ભવ્યસુંદર દશ્યો અનાવરિત કર્યે જ જતી હતી. બરાબર અડધે અંતરે "બેઈ શિ" નામનું ગામ આવ્યું. સાવ નાનું પણ નકશામાં એનું નામ પડે એ કારણે કે ત્યાં જ આગળ સિચુઆન પ્રાંત પૂરો થાય અને હુબેઈ પ્રાંત શરૂ થાય. ચીનમાં પ્રાંતે પ્રાંતે અમુક બાબતોમાં તફાવત પડતા જાય — બોલી, આહાર, ઇતિહાસ, પ્રથા, દશ્યપટ વગેરે. દરેક પ્રાંતની સરકારની પોતપોતાની રીતિ. અમારું વહાણ હુબેઈ પ્રાંતના પ્રવાસખાતાની માલિકીનું હતું. હાવર્ડ પોતે આ જ પ્રાંતના મુખ્ય શહેર વુહાનમાં રહેતો હતો.

ખૂબ સરસ હતો છતાં મને એ પ્રસરણ બિનઅંગત લાગ્યું. બેનિન્ગ નદીનું સામીપ્ય માણ્યું હતુંને. જળપ્રવાહ તેમ જ નગપંક્તિ ઉભયની કેટલાં નજીક હતાં ત્યારે. જાણે એ સ્થાનાવલિનો અંગત અંશ હતાં.

પછી ભોજનના સમય સુધી હું વાંચતી ને લખતી રહી. જમવામાં મને કાચાં-પાકાં બટાકા, ગાજર, વટાણા મળ્યાં અને તળેલા બટાકાની ચિપ્સ. સ્વાદમાં સારી પણ મેદ વધારનારી!

"ઝિગ્વી" ગામ આગળ વહાણ આખી રાત રોકાવાનું હતું. અડીને જ બાંધેલા કિનારાના મંચ પર સ્થાનિક કલાકારો લોકનૃત્ય અને સંગીતનો કાર્યક્રમ રજૂ કરવાનાં હતાં. વહાણ નાંગરી લેવાની રાહ જોતી હું બેઠકખંડમાં ગઈ. ત્યાં મિસ કૉન્ગ શુઓ આવી,

સાથે બેઠી ને વાતો કરવા માંડી. ફૂલ-ફૂલવાળો મારો પોષાક ગઈ કાલે એને બહુ ગમેલો. “ભારતીય સ્ત્રીઓનું બધું નખશિખ સુંદર હોય છે — ત્વચા, એનો રંગ, મુખનો આકાર.” મારા મુખના એણે કરેલા વર્ણન પ્રમાણે મારી આંખો સરસ પહોળી હતી, નાક સરસ ઊંચું હતું, હોઠ સરસ — કશુંક હતા, હું ભૂલી ગઈ!

એ પોતે ઓછી સરસ નહોતી. પહેલી નજરે જ એ મને ગમી ગઈ હતી. મને થયું, એ શું ચીની છોકરી હતી ખરી? એની આંખોનો રંગ હલકો કથ્થાઈ હતો, વાળનો પણ એવો જ — સોનેરી પડતો રંગ — હતો; એની ત્વચા સરસ શ્વેત હતી, એ સરસ ઊંચી અને તન્વી હતી અને એની ચાલ તો બરાબર કોઈ મૉડેલ જેવી હતી. એ દક્ષિણના પ્રદેશમાંના કુન્મિન્ગ શહેરમાંથી આવતી હતી. બર્મા, મ્યાનમારની નજીકનો એ ભાગ. એના ચીની નામ “શુઓ”નો અર્થ “હાર્મનિ” થતો હતો. સ્વર, લય, તાલ ને સુંદરતાનો સમન્વય તે હાર્મનિ. એ અંગ્રેજી અને જાપાની ભાષા શીખેલી પણ મોટે ભાગે કામ એને તાઈવાનની ભાષાના ગાઈડ તરીકેનું મળતું હતું.

ભારતને એ જાણતી હતી — ઇતિહાસના અભ્યાસથી અને હિન્દી ફિલ્મો પરથી. પણ હું પહેલી જ ભારતીય વ્યક્તિ હતી કે જેને એ હાજરાહજૂર મળી હતી. મને એણે સરનામું આપ્યું ને સંપર્ક રાખવા કુન્મિન્ગ જવા કહ્યું. એના સુંદર લલિત દર્શનને શોભે એવો જ એનો સ્વભાવ હતો ને નામ પણ : શુઓ.



## પૂર્વની પહેલી પ્રીત

પ્રેમનું તો એવું છે કે કઈ ક્ષણે હૃદયનો કબજો લઈ લે તે કહી શકાતું નથી. એ કારણોથી પર છે અને દલીલો કે સમજૂતીથી મુક્ત છે. એનાં મૂળ તો કયાંનાં કયાંય હોય ને એને પોષણ મેળવવાની રીતો પણ અવનવી! પ્રેમનો અનુભવ પામવો તેને એક સૌભાગ્ય કહી શકાય ને એ સાથે જ, મોડો વહેલો જે બીજો એક અનુભવ થવાનો તે છે વિરહનો. પ્રેમ અને વિયોગની લાગણીઓ કાંઈ વ્યક્તિ વિષે જ હોય? એ સ્થળ વિષે હોઈ શકે. કેમ, વર્ષોથી દેશને, ઘરને યાદ કરી કરીને આ બે લાગણીઓમાં ઝૂર્યા કરીએ જ છીએને!

મારે માટે એવું જ એક બીજું પ્રેમસ્થાન છે જાપાન — દુનિયાની પૂર્વનો, નાનકડો પણ મહાન દેશ નિપોન. એના પ્રત્યે આવો ભાવ કઈ રીતે, કયારથી થયો તેનાં પગેરું હું હજી શોધ્યા કરું છું! એના પ્રિયપાત્ર બની જવામાં કયાં કારણો હશે? ચીનાઈ માટીમાંથી બનાવાતી કલાત્મક, સુંદર વસ્તુઓ; ઉકિઓ-એ (Ukio-e) અને સુમિ-એ (Sumi-e) નામની ચિત્રશૈલીઓ; કાબુકી અને નોહ (Noh) નામની ગૌરવયુક્ત નાટયપ્રથાઓ; એનાં સ્વચ્છ, પરિષ્કાર મંદિરો અને સ્થાનકો (Shrines); એની શબ્દાતીત પ્રાકૃતિક સુંદરતા; એની પ્રતિષ્ઠાના અર્ક સમો ફ્યુઝીયામા કે પછી એના સૌમ્ય, શિષ્ટ લોકો? એની કઈ ભિન્નતાનું આટલું આકર્ષણ લાગી ગયું હશે? દુનિયાને માટે સુદૂરપૂર્વનો દેશ પણ આપણાથી તો નજીકનો. આપણી સંસ્કૃતિ અને આચારવિચારમાં મેળ તો ખરો જ, શું એમાં આ સંમોહનનાં મૂળ હશે?

ઘણા જાપાનીઝ લોકોને મળવાનો, સાથે રહેવાનો લાભ મળ્યો. બે મિત્રો તો હતા જ. એક ઓસાકામાં ને બીજો ટોકિયોમાં. ચંદનના એક ઓળખીતા હતા હિરોશિમા શહેરમાં. આ ત્રણેએ મને પોતપોતાને ત્યાં રહેવા તો આમંત્રી જ, પણ સાથે સાથે પોતાનાં કુટુંબીજનો કે ખાસ મિત્રોને ત્યાં પણ મોકલી. આને લીધે મેં ધાર્યું હતું તેનાથી વધારે જગ્યાઓ જોઈ શકાઈ અને એક આખો દિવસ પણ એકલાં રહેવું ના પડયું. અદ્વિતીય ગણાતા કયોટો શહેરમાં એક રાત સિવાય હૉટેલમાં પણ રહેવું ના પડયું. ખરેખર અપૂર્વ, સુયોગ્ય સમય હોય તેમ જાપાનનો પ્રવાસ ગોઠવાઈ ગયો હતો.

જાપાન ઉત્તર પ્રશાંત મહાસાગરમાં આવેલો એક દ્વીપદેશ છે. એ મુખ્ય ચાર દ્વીપોનો બનેલો છે. છેક ઉત્તરે હોક્કાઈડો; રાજધાની ટોકિયો જેના પર છે તે પ્રધાન ટાપુ હોન્શુ; લઘુદ્વીપ શિકોકુ અને સૌથી દક્ષિણે કયુશુ. જો કે ચારેબાજુ ૩૦૦૦ જેટલા નાના ટાપુઓ વીંટળાયેલા છે. ઇટાલી કે ઇંગ્લેન્ડથી જરા મોટો પણ કેલિફોર્નિયાથી સહેજ નાનો એવો આ દેશ છે. ભૌગોલિક વૈવિધ્ય, જેમ કે જ્વાળામુખી પર્વતો, ઊંડી ખીણો, સપાટ ક્ષેત્રો અને નાનાવિધ ઉપકુલ પ્રદેશોને કારણે એનું નૈસર્ગિક સૌંદર્ય ઉત્કૃષ્ટ ગણાય છે. હોકકાઈડોની છેક ઉત્તરની અણીથી કયુશુના દક્ષિણ છેડા સુધી જાપાનની લંબાઈ ૩૦૦૦ કિલોમીટર છે તેથી એની આબોહવામાં પણ ઘણી ભિન્નતા છે. પણ મુખ્યત્વે ચાર ઋતુઓ — વસંત, ગ્રીષ્મ, શરદ અને શીત સ્પષ્ટ થાય છે.

સૌથી પ્રથમ જાપાનમાં શિન્તો ધર્મ પ્રચલિત હતો પણ છઠ્ઠી સદીમાં બૌદ્ધ ધર્મ આવ્યો અને આઠમી સદીમાં ખૂબ પાંગર્યો. બારમી સદીમાં ઝેન સંપ્રદાય લોકપ્રિય થયો.

આ બધા ઉપરાંત ઘણા જાપાનીઝ લોકો ખ્રિસ્તી ધર્મ પણ અપનાવે છે. જાપાનનો ઇતિહાસ ઘણો જટિલ છે, એનો અભ્યાસ કરવાથી જાપાનની સંસ્કૃતિ, સાહિત્ય અને કલાઓના વિકાસનો પણ ખ્યાલ આવે છે. એડે (Edo) યુગ ઘણો મહત્ત્વનો કહી શકાય, કારણ કે એ સમય દરમિયાન યુદ્ધહીન શાંતિ રહી, કલાઓ ખીલી અને વેપાર-વણજની વૃદ્ધિ થઈ. તદ્દુપરાંત, એ જ યુગના અંત ભાગમાં, ૧૮૫૩માં, અમેરિકાનું નૌકાસૈન્ય જાપાનના એક બંદરે નાંગર્યું, ત્યારથી એ બે દેશો વચ્ચે વાણિજ્ય સંબંધ સ્થપાયો. એ પછી ૧૮૬૮માં મેઈજી (Meiji) સામ્રાજ્યનું સ્થાપન થયું અને એ સમયથી જાપાનના આધુનિકત્વનો આરંભ થયો એમ કહી શકાય. જે દેશ લગભગ ૨૪૦ વર્ષથી અલિપ્ત અને પૃથક રહ્યો હતો તે અચાનક અર્વાચીનતા, ઔદ્યોગિક ઉન્નતિ અને પાશ્ચાત્ય પ્રલોભનોના ઝંઝાવાતમાં અટવાઈ ગયો.

મેઈજી યુગ તો ૪૫ વર્ષમાં જ અંત પામ્યો અને બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનને ગણતંત્ર કરવા માટેના સુધારા થવા માંડયા, ૧૯૪૭માં નવું બંધારણ તૈયાર થયું. એ પ્રમાણે સત્તા લોકોના હાથમાં ગઈ પણ સમ્રાટ હીરોહિતો દેશના સર્વોચ્ચ પ્રતીકરૂપ રહ્યા. વીસમી સદીમાં થયેલા જાપાનના અદ્ભુત વિકાસ અને પશ્ચિમના દેશો સાથે વધેલી એની પરિચિતતાને કારણે જાપાનના લોકોની જીવનરીતિમાં ઘણું પરિવર્તન આવ્યું છે — ખાસ કરીને આહાર અને આવાસમાં. એક તો જાપાન નાનો દેશ છે, ત્યાં રહેવાલાયક જગ્યાઓનું ક્ષેત્રફળ ઓછું, તેથી ઘરો નાનાં હોય પણ મેં જોયું કે દરેક ઘરના એક ઓરડામાં તો પાશ્ચાત્ય ઢબનું ફર્નિચર — જેમ કે સોફા સેટ હોય જ. રસોડું આધુનિક સગવડવાળું હોય અને જમવાનો ઓરડો હંમેશાં જાપાનીઝ ઢબનો, નીચે બેસવાને માટેનો હોય. જાપાનનું જીવનધોરણ ઊંચું ગણાય છે, ગુનાનું પ્રમાણ ખૂબ જ ઓછું છે, તે જ રીતે, નોકરી-રોજગાર વગરનાનું પ્રમાણ માંડ બે કે ત્રણ ટકા હોય છે.

દુનિયાનો સૌથી સરસ દેશ જાપાન હોય તેમ લાગ્યા વગર રહેતું નથી. જાપાનમાં પૂર્વ અને પશ્ચિમનો એક અનુપમ સમન્વય છે, પૂર્વની આદર્શવાદી સંસ્કૃતિ અને પશ્ચિમની કાર્યદક્ષતા અને સુવિધાનો.

સ્વચ્છ, સુંદર, સુગમ, સુરક્ષિત, સભ્ય, સંસ્કૃત, સુભગ, સંયત, અદ્ભુત એવો દેશ તે જાપાન. આ સમન્વયનું સમતોલન સર્વદા સચવાઈ રહે છે તેમ નથી. ખાસ કરીને નવી પેઢી પશ્ચિમની નકલ કરવામાં ઉત્સુક હોય છે અને જાપાનની સદીઓ જૂની ધીર ગતિની સંસ્કૃતિ માટે એમની પાસે ધીરજ હોતી નથી. પણ આવું તો આપણા દેશમાં પણ કયાં જોવા નથી મળતું? અગત્યનું તો એ છે કે જાપાનના મોટા ભાગના સમાજમાં પ્રશસ્ય

નિયમબદ્ધતા અને નિર્ભર યોગ્યતા છે.



## જાપાનમાં આગમન :

હું દક્ષિણ કોરિયામાં થોડા દિવસો ગાળીને જાપાન પહોંચતી હતી તેથી ઉદયનનો સમય ખૂબ ટૂંકો, દોઢેક કલાકનો જ હતો. એટલા સમયમાં તો જાણે કેટલુંય બદલાઈ ગયું. નીચે ફેલાઈને પડેલું ઓસાકા શહેર અવકાશમાંથી દેખાતું હતું — ભૂખરું, ઔદ્યોગિક, અસુંદર, એની વચમાં થઈને એક નદી વહેતી હતી. વિમાનમથકેથી નીકળીને બસમાં જતાં પણ એ કાંઈ આકર્ષક લાગ્યું નહીં.

મિત્ર કઝુઓ મને લેવા આવવામાં સહેજ મોડો પડયો, એટલે થોડી વાર જરા વિમાસણ થઈ ગઈ. એનો જ આધાર રાખ્યો હોવાથી કોઈ હૉટેલની ગોઠવણી કરી જ ન હતી પણ એ તરત આવી પહોંચ્યો અને તે પછી જાપાનના આ અભૂતપૂર્વ પ્રવાસમાં આવી એક પણ ક્ષણ આવી નથી. ગામે ગામે પહેલાં કયારેય નહીં મળેલા લોકોએ સંગ આપ્યો, સમય આપ્યો, મૈત્રી અને માન આપ્યાં. એ વિમાનમથકથી જ અવિરત આનંદનો આરંભ થયો.

### પ્રથમ પરિચય કોબેથી :

કઝુઓ જે શહેરમાં રહે તેનું નામ કોબે. ઓસાકાથી એ ચાલીસેક મિનિટ દૂર છે. ઓસાકા અખાતના અર્ધવર્તુળાકાર કિનારા પર કોબે પૂર્વથી પશ્ચિમ જતી સાંકડી પટ્ટીની જેમ પથરાયેલું છે. યોકોહામાની સાથે કોબે પણ જાપાનનું ખૂબ અગત્યનું બંદર ગણાય છે ને ત્યાંથી જ જાપાનના ભૂમધ્ય સાગરની સહેલગાહો શરૂ થાય છે. કોબેના સાંકડા, લાંબા વિસ્તારની પાશ્ચાદ્‌ભૂમાં રૉક્કો પર્વતમાળા છે. એને લીધે કોબેને નજીકમાં જ વનશ્રી હોવાનો લાભ મળે છે અને આખા વર્ષમાં આબોહવા ખુશનુમા રહે છે.

આ રૉક્કો પર્વત પર સૌથી પહેલા અમે ગયાં. એના સીધા ચઢાણ પર અડધે સુધી કેબલકાર જાય છે ને પછી રોપ-વે કાર. ઉપર પહોંચ્યા પછી ઓસાકા અખાત, દૂરના ટાપુઓ અને વિસ્તૃત ક્ષિતિજનું વિહંગાવલોકન થાય છે. રાતના અંધારામાં તો આ દર્શન કંઈ જુદી જ અને વધારે ભવ્યતા પામે છે. કોબે શહેરના રહેવાસીઓ ગર્વથી એને 'દશલક્ષ ડૉલર દર્શન' (One million dollar view) કહે છે! ચો તરફની લખલખ બત્તીઓના ઝલમલ આલોકથી આ દૃશ્ય એવું તો દીપમાન અને અદ્વિતીય લાગે છે કે ખરેખર ન્યોછાવર થઈ જવાય. રોક્કો પર્વતની આ ઊંચી ટોચ પર હંમેશાં પવન ફૂંકાતો રહે છે ને રાતે તો ઘણી ઠંડી થઈ જાય છે. તેથી લાંબા સમય સુધી આ જાજ્વલ્યપાન કરવું શકય નથી.

બીજું જોવાલાયક સ્થાન છે કોબેનું મોટામાં મોટું ઇકુતા સ્થાનક (Shrine). બરાબર શહેરની વચમાં, કાર્યરત વ્યવસાય વિભાગની મધ્યમાં આ સ્થાનક આવેલું છે. રૂઢિગત ઘેરા, સ્પંદિત કેસરી રંગે તે રંગાયેલું છે. મુખ્ય દ્વાર આગળ પિત્તળના મોટા મોટા ઘંટ લટકે છે. એની સાથે જાડાં દોરડાં બાંધેલાં છે. જેને જોરથી ખેંચીને લોકો આ ઘંટ વગાડે છે. આપણે જેમ મંદિરોમાં ઘંટ વગાડીએ છીએ તે જ અર્થમાં જાપાનીઝ લોકો એમના ભક્તિસ્થાનોમાં ઘંટ વગાડતા હોય તેમ લાગે છે. ચોગાનમાંની એક નાની હાટડીમાંથી, ૧૦૦ યેન (Yen જાપાનનું નાણું) આપીને લોકો નાનકડી કાગળની ચિઠ્ઠી ખરીદે છે. આને પાતળી વાળીને લોકો ચોગાનમાંના, સ્થાનકની સામે આવેલાં વૃક્ષોની ડાળીઓ પર ગાંઠ વાળીને બાંધી દે છે, જેથી તેમની આ વિનંતીઓ ઇશ્વર સુધી પહોંચે. બધાં વૃક્ષો આ સફેદ પટ્ટીઓથી ખીચોખીચ પાંગરેલાં દેખાય છે. મને થયું કે મારે ઇશ્વરને ઇજન મોકલવું હોય તો હું જાતે જ લખું, છાપેલું શા માટે લઉં?

કોબેના બજાર વિસ્તારની ગલીઓ રેસ્ટોરાં, રાત્રિક્લબો અને મશીનથી રમાતા જુગારના અડ્ડા (Pachinko Palaces)થી ભરપૂર છે. દિવસ કરતાં રાતે રંગીન દીવાઓના ઝગઝગાટને કારણે આખો દેખાવ જ બદલાઈ જાય છે. આ લાંબી લાંબી ગલીઓમાં ખરીદવા કરતાં આંટો મારવા, ફરવા આવેલા લોકોની ભારે ભીડ હોય છે. પદયાત્રીઓને જ માટેના આવા એક મુખ્ય રસ્તાનું નામ છે : 'મોતોમાચી ડોરી.' આખા રસ્તાને ઉપરથી બિલકુલ ઢાંકી દેવામાં આવ્યો છે. કેટલીક દુકાનો સુંદર કિમોનો માટેની હતી, બાકીની બધી દુકાનોમાં પ્લાસ્ટિકની ફાજલ ચીજો વેચાતી હતી.

કિમોનો જાપાનમાં સ્ત્રી અને પુરુષોનો પરંપરાગત પહેરવેશ છે. અલબત્ત, બંને

માટેના કિમોનો રંગ અને આકૃતિની દૃષ્ટિએ ભિન્ન હોય છે. હજી રસ્તા પર કિમોનો પહેરેલાં સ્ત્રી-પુરુષો દેખાય છે ખરાં પણ વધુ ને વધુ લોકો પશ્ચિમી પોષાક પહેરે છે. કિમોનો પહેરવો બહુ કઠિન ગણાય છે, આ પેઢીની ઘણી યુવતીઓને એ પહેરતાં આવડતો પણ નથી હોતો અને તેથી બહુધા હવે કિમોનો પ્રસંગોપાત્ત જ પહેરાય છે. આપણી સાડીની જેમ રોજિંદો પાષોક એ નથી રહ્યો.

બધી ભીડ અને ધમાલ છોડીને કઝુઓ મને એક નાની દુકાનમાં લઈ ગયો, જ્યાં ફક્ત 'ઓકોનોમિયાકી' જ મળે. આપણે ત્યાંના પુડલા કે ઉત્તપમ સાથે એને સરખાવી શકાય. મેંદાના લોટનું પાણી સાથેનું મિશ્રણ તૈયાર કરી રાખ્યું હોય; એમાં જાતજાતનું ખાવાનું નાખી પુડલા ઉતારતી સ્ત્રી ચપળ અને કાર્યદક્ષ હતી. મારે માટે એણે ડુંગળી, ગાજર, કોબી વગેરેની છીણ નાખીને એક સરસ ઓકોનોમિયાકી બનાવી આપી. જાપાનમાં એ મારું પહેલું ખાણું હતું અને ખૂબ પસંદ પડી ગયું!

આ દરમિયાન, કઝુઓએ એના એક મિત્ર કાગેયામાને ટેલિફોન કરેલો. એમણે અમને બંનેને પોતાને ત્યાં આમંત્ર્યાં હતાં, તેથી અમે એક ટેક્સી લીધી. મારો તો એવો જ ખ્યાલ કે દુનિયાભરમાં ટેક્સી ડ્રાઈવરો એક જ શાળામાંથી આવતા હશે, કારણ કે કોઈપણ જગ્યાએ ટેક્સી ડ્રાઈવરોનું બોલવાનું, ચાલવાનું જાણે સરખું જ હોય : કર્કશ, અસભ્ય, આંચકાવાળું; પણ જાપાનના ટેક્સી ડ્રાઈવરો એવા નથી — એ લોકો બોલે શિષ્ટતાથી અને ચલાવે સરળતાથી. ટેક્સી લેવી જાપાનમાં મોંઘી ખરી પણ ડ્રાઈવરોના સભ્ય વર્તનમાં એનો બદલો વળી જાય છે. પશ્ચિમના દેશોની જેમ અહીં બક્ષિસ આપવાની હોતી નથી.

**અપરિચિતમાંથી આત્મીય :**

કાગેયામા અને પત્ની હીરોકો અમારી રાહ જોતાં હતાં. એમની બે છોકરીઓએ મારી સામે ટીકીટીકીને જોયા કર્યું. એમને માટે હું કોઈ જુદા જ દેશમાંથી આવતું પ્રાણી હતી! આપણા દેશની જેમ જાપાનમાં પણ ઘરડાં માબાપને સાથે રાખવાની પ્રથા છે. કાગેયામા આ જ રીતે રહેતા હતા. કદાચ અમે વધારે આરામથી, સંકોચ વગર બેસી શકીએ તેથી તે અમને એમની ઑફિસના ઓરડામાં ઉપર લઈ ગયા. અમે વાતો કરતાં રહ્યાં ને હીરોકો આદર્શ પત્નીની જેમ હસતા મોઢે ખાવાની તાસકો, કૉફીના કપ, બરફ,

દારૂની બોટલો, પ્યાલાઓ સાથે ઉપર-નીચે કરતી રહી, હું એને બેસવા કહેતી રહી. કાગેયામાની ઇચ્છા હતી કે એ પછીની રાતે, કેટલાંક મિત્રોને બોલાવીને મારે માટે એક મહેફિલ યોજે. મેં વારંવાર ના પાડી કે હીરોકોને બહુ તકલીફ પડશે. પણ કાગેયામાએ પાર્ટી કરી ખરી. કઝુઓની જેમ એ પણ આર્કિટેક્ટ હતા. એમનાં મિત્રો પણ આર્કિટેક્ટ અને એન્જિનિયર હતાં. બધાં યુવાન સ્ત્રી અને પુરુષોએ હું દાખલ થઈ ત્યારે તાળીઓ પાડીને મને આવકારી. પૂર્ણ ભારતીય દેખાવા મેં રેશમી સાડી પહેરી હતી. આખો દિવસ વરસાદ રહ્યો હતો ને સાંજ પડયે પણ હજી ઘણી ગરમી હતી. બધા હાથપંખાથી હવા ખાતાં રહ્યાં. આપણે તો યજમાનને ત્યાં હાથપંખાથી હવા ખાતાં કે વધારાની શાલ ઓઢતાં કદાચ શરમાઈએ — રખેને યજમાનને લાગે કે આપણી સગવડ બરાબર નથી સચવાતી. પણ જાપાનમાં લોકો સ્વાભાવિકપણે પોતાના પંખા સાથે રાખે છે, નહીં તો યજમાન પાસેથી માગી લે છે. આ લોકોની ઉષ્મા અને મિત્રતા એવાં હતાં કે ભાષાનાં બંધન નડયાં નહીં. ભારતમાં હું કયાંથી છું, તે નકશો દોરીને મેં સમજાવ્યું. બધાં કંઈ ને કંઈ વાતો મારી સાથે કરતાં રહ્યાં. કયારેક એમનાં ભાંગ્યાતૂટયા અંગ્રેજીમાં, તો કયારેક કઝુઓના અનુવાદ થકી. હીરોકોએ તો જાણે જાદુ કર્યું હતું. જાતજાતનું નિરામિષ ખાવાનું એણે ધરી દીધું હતું. મને પણ લાકડાની બે સળીઓ (Chopsticks) વડે ખાતાં આવડી ગયું હતું. અમે બધાં વાતો કરતાં કરતાં ખાતાં રહ્યાં.

મેં ધાર્યું હતું તેમ જ હીરોકોને બેસવાનો સમય ના મળ્યો. છેલ્લે, મારી સાથે જ્યારે બધાંની તસવીરો લેવાતી હતી ત્યારે એ નીચે એની છોકરીઓને નવડાવીને સુવાડતી હતી. એક અજાણી વ્યક્તિ તરફ આટલી બધી સહૃદયતા બતાવતા લોકો પ્રત્યે મને માન નહીં, આત્મીયતાની લાગણી થવા માંડી. જાપાનની આખી પ્રજા સાથે જાણે પરિચિતતા કેળવાવા માંડી.

**ઓસાકા અને નારા :**

ક્રેતા અને વિક્રેતાઓ માટે જાપાન બહુ મોટું ક્ષેત્ર છે. દરેક શહેરનાં અનંત બજારો માટે જાપાન ખ્યાતનામ છે. વિશાળ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સની રચના, કાર્યદક્ષતા અને સસ્મિત સહાય કલ્પનાની બહારની વાત લાગે છે. ખરીદીમાં મને રસ ન હતો પણ આવો એકાદ સ્ટોર જોવા અને વરસાદથી બચવા હું ઓસાકાના હીન્શ્યુ સ્ટોરમાં ગઈ. ગોઠવણી આમ તો અમેરિકન સ્ટોર જેવી જ લાગે પણ કેટલીક જાપાનમાં જ હોય તેવી ખાસિયતો હતી.

લિફ્ટ ચાલકો તરીકે સરસ, સમરૂપ કપડાં પહેરેલી, અત્યંત સૌજન્યશીલ યુવતીઓ હતી. તાલીમ પ્રમાણે ગ્રાહકોના લાભાર્થે સ્ટોરને લગતી માહિતી એકોક્તિથી બોલ્યા કરતી. સ્ટોરના પાંચમા માળે હસ્તકલાની વિધવિધ સામગ્રીઓ વેચાતી હતી. એટલું જ નહીં, કેટલીય હસ્તકલાઓનો પ્રયોગ કરીને સમજાવવામાં આવતી હતી અને વિનામૂલ્ય જોઈતાં સલાહ-સૂચન આપવામાં આવતાં હતાં — સસ્મિત. આ એક જ ગુણ ભાગ્યે જ અમેરિકન સ્ટોર્સમાં જોવા મળે. છેક નીચેનો માળ આહારની સામગ્રીઓથી ખીચોખીચ ભરેલો હતો. તાજી, સુરક્ષિત, રોજિંદા વ્યવહારની, ખાસ કામની, નકામી, અનન્ય વૈવિધ્યવાળી ખાદ્યસામગ્રીઓ. પહેલી જ વાર આવી જગ્યા જોઈને હું આહ્લાદ પામી ગઈ. જાતજાતની પિપરમીટ માટેનો ગોળ ફરતો મોટો એક મંચ હતો. એનાં ખાનાં મેં ગણ્યાં તો તે જ લગભગ એકસો જેટલાં હતાં. જુદી જુદી ચોકલેટ વગેરેના વિભાગો તો જુદા!

જાપાનના જટિલ ઇતિહાસ અને યુદ્ધાબદ્ધ ભૂતકાળની સાક્ષી જેવા અડગ દુર્ગ (Castle) દેશની ખૂબ પ્રશસ્ય વિશિષ્ટતા ગણાય છે. આવો એક ગઢ ઓસાકામાં છે. એ ૧૫૮૬માં બાંધવામાં આવેલો. જાપાનનાં મોટા ભાગનાં કાષ્ઠ બાંધકામો ઓછામાં ઓછી એક વાર તો ભસ્મીભૂત થયાં જ હોય છે. ઓસાકા દુર્ગનું પણ એમ જ હતું. છેવટે ૧૯૩૦માં ઓસાકાનાં રહેવાસીઓએ પૈસા ભેગા કરીને એનું નવનિર્માણ કર્યું. આખા શહેર પર નજર રાખતી આ પ્રભાવશાળી ઇમારત છે. એના આઠમા માળ પરથી સંપૂર્ણ શહેર દેખાય છે. બીજા મજલાઓ ઉપર ઐતિહાસિક અગત્યની ચીજો બખ્તર, ભાલા, યુદ્ધ વિષયક ચિત્રો વગેરે ગોઠવેલી છે. સોળમી સદીના એક મહાયુદ્ધને છ ભાગના પડદા (Screen)માં નિરૂપતું એક અજાણ્યા ચિત્રકારે કરેલું ચિત્ર અત્યંત ભવ્ય છે. પાષાણમાંથી બનાવેલી ઊંચી દીવાલ દુર્ગની ચોતરફ બાંધેલી છે. એ પછી છે સંરક્ષણ માટેની ખાઈ, જેમાં પાણી ભરેલું રહે છે. બહારના વિસ્તારના સાર્વજનિક બગીચામાં ફેરવી દેવામાં આવ્યો છે. ઉપરથી ભૂખરું, અપ્રિય લાગતું શહેર પાસેથી કેવું રંગીન, કેવું રસપ્રદ લાગે છે! દુર્ગના છાપરાંના ખૂણા, દીવાલનો પથ્થરિયો સ્પર્શ, લીલા ઘાસ ને વૃક્ષોની તાજગી, યોડો નદીના નિઃશબ્દ વળાંકો.

નૈસર્ગિક સૌંદર્યથી સોહતું અને જાપાનના ઇતિહાસમાં અગત્યનું સ્થાન ધરાવતું શહેર છે નારા. ઓસાકાથી એકાદ કલાકમાં પહોંચી જવાય. પુરાતન સમયમાં, લગભગ છઠ્ઠી સદીમાં નારામાં જાપાનની રાજધાની હતી. કેટલીયે કથાઓ અને પ્રથાઓની ઉત્પત્તિ નારામાંથી થઈ. સમગ્ર જાપાન માટે નારા કળા, હસ્તકળા, સાહિત્ય, ઉદ્યોગ વગેરે બધાં પાસાંનું મુખ્ય પ્રેરણાકેન્દ્ર હતું. બૌદ્ધ ધર્મ પણ સૌ પ્રથમ નારામાં જ પોષણ પામ્યો. નારાના સર્વાંગી ઐશ્વર્યના સર્વોચ્ચ યુગમાં ત્યાં અનેક સ્તુત્ય, શોભિત પ્રાસાદો, મંદિરો, હવેલીઓ બંધાયાં. હજી આમાંનાં કેટલાંક એમનાં આદ્ય સ્વરૂપમાં રહ્યાં છે. એનો દીર્ઘસભર ઇતિહાસ

અને એની સંસ્કૃતિની પ્રાચીનતા નારાના વિલક્ષણ વાતાવરણમાં હજી ઘણે અંશે સચવાઈ રહેલાં લાગે છે.

નારાના સૌથી ગૌરવાન્વિત મંદિરનું નામ છે તોડાઈજી મંદિર. એની અંદર દાઈબુત્સુ (Daibustu) કહેવાતી બુદ્ધની વિરાટ પ્રતિમા છે. એ લગભગ ૫૩ ફીટ ઊંચી અને ૪૫૨ ટન વજનની છે અને વિશ્વની સૌથી મોટી તાંબામાંથી બનાવેલી પ્રતિમા ગણાય છે. તે જ રીતે, આ મહા કલાકૃતિ જે ઇમારતમાં મુકાયેલી છે તેને દુનિયાની સૌથી મોટી કાષ્ઠ ઇમારત કહેવાય છે. જેટલો વિશાળ કક્ષ તેટલી જ વિરાટ પ્રતિમા! એવી મહાકાય અને પ્રભાવી ઉપસ્થિતિ કે જાણે આંખોમાં પણ ના સમાય. દાઈબુત્સુની બે બાજુ બોધિસત્ત્વો ઊભેલા છે. દ્વારપાળની જગ્યાએ બે ભયાનક, ભયંકર, પ્રચંડ રાક્ષસોની લાકડાની મૂર્તિઓ છે. આ બધું જોતાં કંઈક ભક્તિ, ભય ને આ કળાકારીગીરી પ્રત્યે આદરની એમ મિશ્ર લાગણીઓ થાય છે.

કાસુગા મહાસ્થાનક પર પહોંચ્યા ત્યારે ઘણો વરસાદ પડતો હતો. પણ ૭૬૮ના વર્ષમાં બનાવેલા, જાપાનના સૌથી મહત્ત્વના શિન્તો સ્થાનકમાંના આ બાંધકામના તેજસ્ફુલ્લિંગસમા કેસરી લાખના રંગનો ચમકાટ સહેજેય ઓછો થતો ન હતો. આજુબાજુની ગાઢ શ્યામશ્રી સાથે આ તેજોમય રંગ જીવંત વિરોધ સર્જતો હતો. બહારના ચોગાનમાં ૧૮૦૦ જેટલાં પથ્થરનાં ફાનસ બનાવી મૂકેલાં છે. અંદરના આંગણામાં પણ ગણી ન શકાય તેટલાં, હજાર જેટલાં, ધાતુમાંથી તૈયાર કરેલાં ફાનસો લટકાવેલાં છે. આ ફાનસોની મોજૂદીને લીધે જ આ સ્થાનકને એક વિશિષ્ટ શોભા મળે છે. જ્યારે બધાં ફાનસોને વર્ષમાં બે વાર પ્રગટાવવામાં આવતાં હશે ત્યારે એ દીપોત્સવ વખતે કાસુગા સ્થાનકનો દર્પ કેવો અદ્‌ભુત રીતે નિખરતો હશે.

આસપાસના લીલા પર્વતો પરથી આખું નારા દેખાય છે. કેટલાંક વૃક્ષો, ખડકો, ગુફાઓ હજાર વર્ષ જૂનાં હોય એમ મનાય છે. આ પર્વતોની સુશ્રી કેટલાય પુરાતન કવિઓની પ્રેરણા બની રહી હતી. પશ્ચિમે કોફુકુજી મંદિર આવેલું છે. એની સ્થાપના ૭૧૦માં થયેલી. એ સમયની અમૂલ્ય બૌદ્ધ પ્રતિમાઓ મંદિરમાંના રાષ્ટ્રીય કોષગૃહમાં મૂકી દેવામાં આવી છે. એમાંની એક આશુરા નામની દેવીની ત્રિમુખ-ષષ્ટહસ્ત કાષ્ઠમૂર્તિ સર્વશ્રેષ્ઠ છે. બહાર, ૧૫મી સદીમાં બાંધેલો પંચમાળી સુંદર પેગોડા છે. બાજુના સારુસાવા પુકુરમાં પડતું એનું પ્રતિબિંબ નારામાંનું એક અપ્રતિમ દશ્ય ગણાય છે.

## મિયાઝાકીનો મહિમા :

હું ને કઝુઓ હવે કયુશુ દ્વીપ પર જવાનાં હતાં. એ ત્યાંના એક ગામનો છે. એના માતાપિતા ત્યાં જ રહે છે. પહેલાંના જમાનામાં કયુશુ ટાપુના પુરુષો બહાદુર, વીર અને સફળ લડવૈયા ગણાતા. આજે પણ ત્યાંના માણસો પર પુરુષત્વનો, તેજ સ્વભાવનો ગુણ આરોપવામાં આવે છે. આ ટાપુ ટોકિયો-ઓસાકાથી ખાસ્સો દૂર થઈ જતો હોવાથી સાધારણતઃ પ્રવાસીઓ ત્યાં જવા પામતા નથી. ઓસાકાથી મિયાઝાકી ટ્રેનમાં ૧૭ કલાકે પહોંચાય. તે વખતે કયુશુ પર આકરાં વાવાઝોડાં ચાલતાં હતાં, તેથી મને ડર હતો કે હેરાન ના થવાય. સદ્ભાગ્યે, મારા કયુશુ પહોંચતામાં ઝંઝાવાત તાઈવાન તરફ જતો રહ્યો!

મિયાઝાકી દરિયાકિનારે છે, ખૂબ મોહક છે અને જાપાનનાં નવદંપતીઓમાં લગ્ન પછીના પ્રથમ પ્રેમપ્રવાસ માટે ખૂબ પ્રિય છે. ત્યાં રહેતા જે યુગલની હું મહેમાન થવાની હતી તે ટોકિયોવાસી મારા મિત્ર હીડેઓનાં ખાસ મિત્ર. ટ્રેનમાંથી બેપ્પુ અખાતનું કિનારે અફડાતું પાણી, ઉપરના પહાડો, ઘેરા લીલા રંગનાં પગથિયાં આકારનાં નાનાં ડાંગરક્ષેત્રો, સાધારણ દેખાતાં ઘરોનાં ઝૂમખાં વગેરે જોતી હતી ને હજી મનમાં થતું હતું કે મારા સ્વપ્નમાંનું જાપાન આ નથી. ખજૂરીનાં તરુની પંક્તિઓના વચ્ચેથી જતા રસ્તાઓવાળા મનોહર મિયાઝાકી શહેરમાં શોજી અને પત્ની કયોકો ઉચિયામાને મળ્યા પછી આખરે સમજણમાં ઊતર્યું કે મારા સ્વપ્નના જાપાનનું સૌંદર્ય, સંમોહન કયાં રહેલું છે. તદ્દન અપરિચિત લોકોનો ઉત્સાહ, ઉષ્મા અને સહૃદયતા પામ્યા પછી કદાપિ, કયારેય જાપાનના સૌંદર્ય માટે દ્વિધા થઈ નથી કે નથી એને શોધવં પડયું. છેવટે મારાં ચક્ષુ ખૂલી ગયાં હતાં.

શોજી અને કયોકોનું ઘર સરસ, ખુલ્લા લત્તામાં હતું. રસ્તાને છેડે હોવાથી ત્યાંથી આખું શહેર અને પહાડો દેખાતા. આવું ઘર મેં હજી જાપાનમાં જોયું ન હતું. બહારથી સ્વચ્છ, નેત્રપ્રિય, અંદરથી વિશાળ, સુઘડ. શોજીનાં માબાપ પણ એની સાથે જ રહેતાં હતાં. બેસવાનો ઓરડો એટલો મોટો હતો કે સોફા, પુસ્તકોનાં કબાટો, બીજી વસ્તુઓ હોવા છતાં સંકડાશ ન હતી. શોજીના આ ઘરમાં કશાની ખોટ ન હતી.

થોડી જ વારમાં મિત્રતા સ્થાપિત કરી અને નજીકનો આઓશમાં લઘુદ્વીપ જોવા ગયાં. એનો ઘેરાવો ૧.૫ કિલોમીટર જ છે. ચોતરફ ખરબચડા દરિયાઈ ખડકો મોજાંની જેમ પથરાયેલા છે અને ઉષ્ણકટિબંધમાં મળે તેવી વનસ્પતિ ઊગેલી છે. સરસ, વળાંકોવાળો

દરિયાકિનારો છે જેના પર થોડી હૉટલો પણ છે. છતાં વાતાવરણ સાવ સાર્વજનિક અને અસ્વાભાવિક નથી લાગતું. જાપાનની બધી જાહેર, જનસાધારણ જગ્યાઓ પણ એવી સ્વચ્છ હોય છે કે શરૂઆતમાં તો એ તરફ ધ્યાન પણ ના જાય. કચરાપેટી મળે નહીં ત્યાં સુધી હાથમાં ફેંકી દેવાની ચીજો લઈને ચાલતા લોકો જોઈએ ત્યારે જ ખ્યાલ આવે કે આખો દેશ કેટલો ચોખ્ખો છે. કેવા આનંદ અને નિરાંતની એ વાત છે.

મિયાઝાકી સ્થાનક ૬૦૦ વર્ષ પહેલાં મહારાજા જિમ્મુએ બંધાવેલું. એ સૌમ્ય રાખોડી રંગે રંગેલું છે. ચારે બાજુ શાંત, શીતળ, ગાઢ જંગલ ઊગેલું છે. આ પવિત્ર સ્થળ ગણાય છે તેથી અંદર જતાં પહેલાં બધાંની જેમ અમે પણ બહાર બાંધેલી કુંડીના પાણીથી હાથ અને મોઢું ધોયાં. કુંડીનું પાણી સતત વહેતું રહે છે, તેથી પીવા માટે પણ સાફ હોય છે. એની પાળી ઉપર વાંસના લાંબા હાથા સાથે જોડેલા વાંસના વાડકાઓ રાખેલા હોય છે કે જેથી પાણી લેવા માટે અંદર હાથ ના બોળવા પડે. અહીં પણ ચોગાનનાં વૃક્ષોની ડાળીઓ પર બાંધેલી પ્રાર્થનાની કાપલીઓ તો ખરી જ.

સાંજ પડવા આવી હતી. શોજી અને કયોકો મને આલિશાન, આધુનિક ફિનિક્સ હૉટેલના સૌથી ઉપરના માળ પર નાસ્તાપાણી માટે લઈ ગયાં. પ્રશાંત મહાસાગરની અનંત, અક્ષિતિજ નિર્બંધ નીલાશ તરફ એની કાચની દીવાલો અનિમેષ નજરે જોતી હતી. મને મનમાં થયું કે જાણે આ જ ધરતીનો છેડો હતો; આ પછી જાણે બીજું કોઈ સ્થળ જ ન હતું. મુક્તિ, મોકળાશ, આનંદ, અધૈર્ય, શાંતિ, તૃપ્તિની ભાવછટાઓ મન પર પથરાતી રહી. સ્વચ્છ, પહોળો રસ્તો સાગરને આલિંગીને સરકતો હતો... તાલતરુ દક્ષિણાનિલ સાથે ઝૂમતાં હતાં. દિવસની પરાકાષ્ઠાનો સમય મારે માટે હજી આવવાનો બાકી હતો.

શોજીનો આગ્રહ હતો કે અમે જમવા બહાર જઈએ અને કયોકોનો આગ્રહ હતો કે હું કિમોનો પહેરું. જાપાનની યુવાન સ્ત્રીઓ બહુ કિમોનો નહીં પહેરતી હોવાથી અને એમને બનાવવા-સંભાળવાનો ખર્ચો ઘણો હોવાથી મોટા ભાગની સ્ત્રીઓ બહુ કિમોનો રાખતી નથી હોતી. પંદર-વીસ તો બહુ જ થઈ ગયા ગણાય. પણ કયોકો પાસે ૬૦-૭૦ જેટલા કિમોનો હતા. એ શ્રીમંત હતી અને એની મા એને સીવી પણ આપતી હતી તેથી એનો સંગ્રહ અસ્વાભાવિક ના લાગ્યો. ઋતુ, સમય અને પ્રસંગ પ્રમાણે રંગ અને ચિત્રાકૃતિઓના ઔચિત્યવાળો કિમોનો જ પહેરાય છે. આ પસંદગીની કલા અને કિમોનો પહેરવાના કૌશલ્યથી જાપાનીઝ નારીની ભાવગ્રાહિતાની કસોટી થાય છે.

મારે માટે આછા ગુલાબી રંગનો, ફૂલોવાળો કિમોનો પસંદ કરવામાં આવ્યો. સહજ

આવડતથી એણે મને કિમોનોમાં વીંટી અને ઓબીના પહોળી પટ્ટાથી કમ્મર પર સખત બાંધી. મને કોઈ અસ્વસ્થતા કે અગવડ લાગી નહીં. શોજીને ત્યાં બધાંએ મને કહ્યું કે કિમોનો મને શોભતો હતો અને એને અનુરૂપ મારું કદ હતું. પોષાકને લગતી પ્રણાલી પ્રમાણે શોજીનાં માતાપિતાને કમ્મરમાંથી વળીને જાપાનીઝ શૈલી મુજબ મેં પ્રણામ કર્યા અને અમે બધાં મિયાઝાકીની રાત્રિચર્યા માટે બહાર નીકળ્યાં.

હું ઉત્તેજિત અને અત્યંત આનંદિત હતી એની ના નહીં! શોજી એક સરસ રેસ્ટોરાંમાં જમવા લઈ ગયો. ત્યાં બધાં એને ઓળખતાં હોય તેમ લાગ્યું. નિરામિષ ભોજન આનાથી વધારે પર્યાપ્ત કે સંપૂર્ણ જાણે હોઈ જ ના શકે. અનુભવી દિલદાર યજમાનની જેમ શોજીએ મારે માટે અનેક વાનગીઓ મગાવી હતી : આપણાં ભજિયાં જેવા તેમ્પુરા, સ્વાદિષ્ટ બટાકા, સોયા સૉસ સાથે ભૂંજેલું રીંગણ, બાફેલું તોફુ એટલે કે Bean curd અથવા એક જાતના કઠોળમાંથી બનાવેલું દહીંપનીર, તળેલું તોફુ, જાપાનમાં જ મળતું બીજું એક કંદ વગેરે. સાથે હૂંફાળી સાકે રાંધેલા ચોખામાંથી બનાવેલી મદિરા હતી. અમે બધાં જ એક વિશિષ્ટ ખુશમિજાજમાં હતાં અને રાત્રિવિહારનો અંત લાવવા માગતાં ન હતાં. મિયાઝાકીની રંગીન, રંગતવાળી ગલીઓમાં શોજી અમને લઈ ચાલ્યો. કિમોનો પહેર્યો હોવા છતાં, જાપાનીઝ નથી તે સ્પષ્ટ થતું જ હશે, તેથી રસ્તા પરના લોકો કુતૂહલથી મારી સામે જોતાં રહ્યાં. કેટલાકે હસીને મને ‘કોમ્બાંવા’ શુભરાત્રિ પણ કહ્યું. એક ભદ્રપુરુષે મને ઊભી રાખીને, સદ્ભાવ બતાવતાં હાથ પણ મેળવ્યો. બધાના અભિવાદનનો ઉત્તર હું પણ ઉપયુક્ત રીતે કમ્મરમાંથી વાળીને આપતી રહી. નવો દેશ, તદ્દન અપરિચિત લોકો પણ જાપાનની સાથે અંતરમાં અભૂતપૂર્વ તાદાત્મ્ય ગૂંથાતું જતું હતું. કિમોનો પહેરેલી હું ભારતીય વ્યક્તિ હતી કે ભારતીય દેહાકૃતિમાં વસતો જાપાનીઝ જીવ હતી?

મિયાઝાકીના ચિરસ્મરણીય મુકામમાં આ રાત તો અપૂર્વ હતી. જાપાન સિવાય આવી સુખદ નિખાલસતા અને સાહજિક મિત્રાચારી બીજે કયાં મળે? જે સમાજમાં સુખ, શાંતિ, સ્વસ્થતા અને સલામતી હોય ત્યાંના જ લોકોમાં પણ આ બધા ગુણો હોય ને!



## અલ કાહિરાનું કૌતુક

એક જમાનામાં મહાન રાજારાણીઓ અને કોપાયમાન દેવ-દેવીઓના અમલ નીચેનો આ સમૃદ્ધ દેશ. રાજવીઓનાં નામો અટપટાં પણ કેવાં મોહમય, નાદમય! સેખેમ્કેત, હાત્શેપ્સુત, તુતનખામુન, નેસ્બાનેબ્દેદ. આવા ત્રીસ રાજવંશો ને તે પછી ગ્રીક અને રોમન વિજેતાઓની હકૂમત : એલેક્ઝાન્ડર, પટોલેમિ, કિલેઓપૅટ્રા, ઑગસ્ટસ, ટાઈબેરિયસ.

દેવો પણ અસંખ્ય. હિન્દુ ધર્મની જેમ બધાં તત્ત્વોના પ્રતીકરૂપ અને શક્તિમાન આતમ (Atum) હિલિઓપોલિસ (હવે કૅરો શહેરનો એક વિભાગ)નો સર્જક, મનુષ્ય સ્વરૂપે નિરૂપાતો આદ્ય દેવ છે. આતમે પેદા કરેલામાં ‘શુ’ વાયુનો દેવ છે, તો ‘તેફનત’ વાદળ અને વરસાદની દેવી છે. ‘ગૅબ’ પૃથ્વીનો દેવ છે ને ‘નત’ આકાશની દેવી છે. ‘રે’ (Re) સૂર્યનો મુખ્ય દેવ છે અને બીજા દેવોની સાથે સંકળાઈ રહે છે, જેમકે આમુન-રે, જે થિબ્સ (પુરાનત પાટનગર, હવેનું લક્ઝોર)નો મુખ્ય દેવ છે, ત્યાંના સૂર્યદેવ છે અને ત્યાંના રાજવંશનો અંગત દેવ છે. હા, ઇજિપ્તમાં રાજાઓના પોતપોતાના વિશિષ્ટ દેવો પણ રહેતા, જેમને સતત પ્રસન્ન રાખવા માટે પૂજાપાઠ, નૈવેદ્ય અને ઉત્સવો યોજાયાં કરતાં. કેટલાંક દેવો મનુષ્યરૂપમાં દર્શાવતા; કેટલાંકનાં માથાં પ્રાણીઓનાં — ગાય, બિલાડી, સિંહ, વાનર વગેરે બતાવાતાં, તો કેટલાંક દેવ-દેવીઓ માનવ અને પ્રાણી સ્વરૂપે આલેખાતાં.

સમયના પ્રારંભના હજાર વર્ષ પહેલાંના પુરાતન રાજ્યોના પૂજારીઓ વડે વપરાતી એ ભાષા હાઈરોગ્લિફિક (Hieroglyphic) કહેવાય છે. સંપૂર્ણ પ્રતીકાત્મક આ ગૂઢાક્ષરી ભાષા મુખ્યત્વે વાસ્તવિક છે. એમાં ભાવઘનતા બતાવી શકાતી નથી. અહીં એક પ્રકારના પંખીનું ચિત્ર ‘હ’ બને છે, તો બીજી જાતનું પંખી ‘અ’ કે ‘ઉ’ દર્શે છે. એક નાનો, ઊભો લંબચોરસ ‘પ’ અક્ષરનું પ્રતીક છે, તો પાતળો, આડો લંબચોરસ ‘શ’નું છે! પણ આમ એક એક અક્ષર પરથી કોઈ પણ આખા વાકય કે નામને વાંચી શકવા માટે હાઈરોગ્લિફિકના ઊંડા અભ્યાસની જરૂર પડે છે.

આજના ઇજિપ્તમાં નથી રહ્યા આ મહાન રાજારાણીઓ કે સહેજમાં કોપાયમાન થઈ જતા દેવદેવીઓ કે નથી રહી આ અતિકઠિન ભાષા. સાઈનાઈ દ્વીપકલ્પ, પૂર્વ મરુભૂમિ, પશ્ચિમ મરુભૂમિ અને નાઈલની ઉપત્યકા — એમ ચાર રીતે વિભાજિત આ દેશમાં લોકશાહી, ઇસ્લામ અને મુખ્યત્વે અરબી ભાષા પ્રવર્તે છે. નૅપોલિયનની સત્તા ઇજિપ્તમાં ખૂબ જ ટૂંકા ગાળા માટે રહી, છતાં ફ્રાન્સની કેટલીક અસરો હજી દેખાય છે,

જેમકે ફ્રેન્ચભાષાની પ્રચલિતતા. આ દેશનો લગભગ પાંચ જ ટકા ભાગ રહેવાને યોગ્ય છે, બાકીનો બધો પ્રદેશ સૂકા, રેતાળ રણથી બનેલો છે. જો કે આ રણને નાથવાના પ્રયત્નો હવે ઇજિપ્તમાં થઈ રહ્યા છે. વચ્ચે વહે છે દેશની જીવાદોરી જેવી, સામ્પ્રસની સર્વોચ્ચ દેવી જેવી, જગતની મહાનદીઓમાંની એક નાઈલ. યુગાન્ડા અને ઇથિયોપિયામાં શરૂ થઈને એ શ્વેત નાઈલ અને નીલ નાઈલ તરીકે વહે છે. સુદાનમાં આવતાં એકમાં ભળી જઇને દક્ષિણ ઇજિપ્તમાં બંધાયેલા વિરાટ આસ્વાન બંધ વડે બનેલા નાસર તળાવમાં થઈને જે નાઈલ ઇજિપ્ત સોંસરી વહી નીકળે છે તે જ જગવિખ્યાત સ્રોતસ્વિની છે. ઇજિપ્તમાં જાણે બે જ જાતના પ્રદેશો છે : ૭૬૬ માઈલ લાંબી નદીની આસપાસનો અને ભૂમધ્ય સમુદ્રને ન્યોછાવર થઈ જતાં પહેલાં બનતો બહુધારાનો મુખત્રિકોણ. દક્ષિણથી ઉત્તર તરફ વહી જતી આ વિશિષ્ટ શૈવલિનીની સરખામણી લાંબી દાંડીવાળી વિકસિત કમળ ફૂલની સાથે થાય છે. આ જ પ્રતીક પુરાતન ઇજિપ્તની કળાઓમાં પોતાને માટે વપરાયેલું દેખાય છે. ઊંધી દિશામાં થતી નાઈલની ગતિને કારણે ઉત્તરનું નિમ્ન (Lower) ઇજિપ્ત અને દક્ષિણનું ઊર્ધ્વ (Upper) ઇજિપ્ત છે! કેવી અધોમુખી વ્યવસ્થા છે!

આ અપૂર્વ દેશની મુલાકાતનો આરંભ એની રાજધાનીથી થયો. અલ કાહિરા. એના આ સાચા નામથી ભાગ્યે જ કોઈ એને ઓળખે છે. સહેજે દોઢેક કરોડની વસ્તીવાળું આ નગર આખા દેશનું ધબકતું કેન્દ્ર છે. ક્ષણોની અંદર વીસમી સદીમાંથી સરકીને દસમી સદીમાં કે એથી યે હજારો વર્ષ પૂર્વના વાતાવરણમાં પહોંચી જવું અહીં શકય છે. ઇજિપ્તના અખિલ ઇતિહાસની કૅરો જીવંત સાક્ષી છે.

રાતે દસને બદલે સવારે એક વાગ્યે વિમાન કૅરો પહોંચ્યું. આલિયારૉયલ જૉર્ડેનિયન ઍરલાઈનને માટે આ કાંઈ નવાઈની વાત નથી. અમ્માનના ઍરપોર્ટ પર કૅરો જતા વિમાનની રાહ જોતાં જોતાં એક અદ્‌ભુત માનવ નાટક દેખાયું હતું. પતરાંના છાપરાવાળી એ અસુંદર જગ્યા મને નિરર્થક રીતે મોટી લાગી હતી. પણ જોતજોતાંમાં એ વિશાળ ખંડ ભીડવાળો, ઘોંઘાટિયો, સિગરેટના ધુમાડાવાળો, ગરમ અને અચાનક વધારે પડતી પ્રવૃત્તિવાળો બની ગયો હતો. હજ કરીને આવેલા યાત્રીઓ, હજ કરવા જતા લોકો, એક સરખાં કપડાં પહેરેલા સોએક ચાઈનીઝ, ઢીલા સલવાર-કમીઝમાં પાકિસ્તાની સ્ત્રીઓ, ખૂલતા ઝભ્ભામાં આરબો, રંગીન આકર્ષક પોષાકોમાં આફ્રિકાના જુદા જુદા દેશોના નાગરિકો, થોડા ઘણા પશ્ચિમીઓ અને એક નિઃસંગ ભારતીય!

વિશ્વ નાગરિકોનું આ અભૂતપૂર્વ દર્શન કરતાં કરતાં સમય કાઢયો હતો. અવર્ણનીય અવ્યવસ્થા નિહાળ્યા પછી નિરામિષ આહારની આશા ત્યજી દીધી હતી. કયારે કૅરો

પહોંચીશ, કઈ રીતે હોટેલ પર જઈશ એવી અજાણ્યા, મધ્યપૂર્વના પ્રદેશમાં જતાં સ્વાભાવિકપણે થાય એવી ચિંતા પણ છોડી દીધી હતી. જે થશે તે થશે. કોઈ સારા રાજા-ફારાઓહનો એકાદ દયાળુ દેવ વહારે ધાશે!

કાનૂન એવો છે કે પચાસ જેટલા ડૉલર્સ તો ઇજિપ્શિયન પાઉન્ડમાં બદલાવવા જ પડે ને તે પણ ઇજિપ્તમાં દાખલ થતાં જ. આમ મર્સિડિઝ લીમોઝિનમાં હૉટેલ સુધી જવાની તૈયારી સાથે બહાર નીકળું તો મારું નામ સંભળાયું! જોઉં તો મારી એક અમેરિકન મિત્ર એના ઇજિપ્શિયન મિત્ર એમાદ સાથે મને લેવા આવી હતી. વાહ! કયાંય કોઈ સૂત્રધાર છે ખરો!

આહ, અલ કાહિરા-એ-નિલ! નાઈલ પરનું કૅરો. કેવું રોમાંચક! ફૅન્સી હૉટેલના દસમા માળેથી બધું રેશમી, રોમાંચક, ચિમિરાચ્છાદિત લાગ્યું હતું ઝરૂખાની નીચે જ હતું નાઈલનું મસૃણ પોત. કૅરોમાં આવીને નાઈલને કિનારે જ રહેવું હતું. ઉત્તેજનાનો અંત ન હતો!

માંડ માંડ ઊઠયાં ત્યારે દિવસ ચડી ગયો હતો. અભેધ્ય ભૂખરો પ્રકાશ પથરાયેલો હતો. ઝરૂખેથી નાઈલનું પ્રથમ દર્શન. સૂર્યાલોકમાં ચળકતું ભૂખરું પાણી. બીજું શું ધાર્યું'તું મેં? સૌ પ્રથમ તો છેક નીચે જઈને મહાનદીના પ્રવાહમાં હાથપગ ધોયા, પાણી આંખે ને માથે લગાડયું. પેલું જન્મજાત હિન્દુત્વ જાય કયાંથી? કહે છે કે નાઈલનું જે એક વાર પાણી પીએ છે તે ફરી એની પાસે જવા પામે છે. કેવી મનપ્રિય લોકવાયકા છે. મને તો ગમે જ, કારણ કે મારે તો બધે જ એકથી વધારે વાર જવું હોય છે! પણ આરોગ્યવાયકા કાંઈ જુદું પણ કહે! ઇજિપ્તનું પાણી સ્વાસ્થ્યને હાનિકર છે એમ સાંભળ્યું હતું. આ અસર તરત જ નહીં પણ વર્ષો પછી પણ થાય. તેથી સ્વચ્છ પાણીના બાટલા ખરીદ્યા કર્યા હતા પણ કયારેક કયારેક તે સિવાયનું નાઈલનું જ વળી પાણી પણ પી લીધું હતું! કશું પણ જોખમ ના લઈએ તો પ્રવાસ થયો કહેવાય?!

કુર્નિશ નામનો મોટો રસ્તો નાઈલના પૂર્વ કિનારાને ચુસ્ત વળગીને લાંબે સુધી જાય છે. કેટલાય પુલો પશ્ચિમ કિનારાને સાંધે છે ને કૅરોની પેલી પારના રણ સુધી પહોંચે છે. કુર્નિશ માર્ગ પરની 'ફુટપાથ' ધૂલિગ્રસ્ત છે, કયાંક તૂટેલી પણ. વચમાં મોટાં, વૃદ્ધ વૃક્ષો છાંયો પ્રસારે છે. નાનકડી યુરોપિયન મોટરો, હૉર્ન મારતી, અધીરાઈથી, આડીઅવળી ફર્યા કરે છે. તાહરિર-સ્વાતંત્ર્ય-મેદાન કૅરોનું એક મુખ્ય સ્થળ છે. ત્યાં મોટો બસડીપો છે. ત્યાંથી જ બેત્રણ મુખ્ય રસ્તા શહેરની અંદર તરફ ફંટાય છે. મેદાન તાહરિરમાંની હલનચલન

દિંગ્મૂઢ કરી દે છે. મોટરો ઊભી રહેતી જણાતી પણ નથી ને લોકો બહાદુરીપૂર્વક રસ્તો ઓળંગી જાય છે. ભીડવાળી બસોમાં લોકો દોડીને ચઢી જાય છે. ઘોંઘાટ કે ધૂળ કે ગરમી કે પીળાભૂખરા એકવિધરંગી બાહ્ય જીવનની પરવા કર્યા વગર લોકો એમના લાંબા, આકર્ષક, આછા રંગના ઝભ્ભા-જલાપામાં આનંદથી આમતેમ ફર્યા કરે છે. કોઈ ઓળખીતું મળી જતાં ગપ્પાં મારવા માંડે છે, ફક્ત આગંતુક આશ્ચર્યવિભોર થઈને રહી જાય છે.

ભારત યાદ આવી જાય ખરું. શ્યામ લોકો, રસ્તા, મકાનો, દુકાનો બધું જ ધૂળિયું; સ્ત્રીઓના પોષાક સિવાય રંગોનો અભાવ; કયાંક વૃક્ષો ખરાં પણ તે પણ ધૂળિયાં. જાણે બધે જ રણનો સ્પર્શ લાગી ગયો હતો. બધું જ ઊંટના પીળાશ પડતા રંગે ચીતરાઈ ગયું હતું. ભારત કેમ યાદ ના આવે? રસ્તા પરનાં જાહેરાતોનાં મોટાં મોટાં પાટિયાંમાં કેટલાંક હિન્દી સિનેમાનાં પોસ્ટર પણ હતાં.

બધે જ ભીડ. બધે જ ધમાલ. દોડાદોડ અને ઉતાવળ. પણ લોકો હસમુખ છે. મોટા ભાગના ફોટો પડાવવા ઊભા રહે છે. એક વાર રૂઢિચુસ્ત પોષાક પહેરેલી યુવતીને મેં પૂછયું. 'આહ, તસ્વીર?' કહીને એ ઊભી રહી ગઈ. એના જલાપા (ઝભ્ભા)ની કાંડા સુધી લાંબી બાંય હતી, પાનીથી પણ નીચે સુધીની એની લંબાઈ હતી. માથું એવું ચપોચપ ઢાંકેલું કે વાળનો એક ટુકડો પણ બહાર ના દેખાય. કપાળ, ગાલ ને હડપચી અડધાં તો ઓઝલમાં હતાં. ફક્ત એનું મોઢું અને બે હાથ જ કોઈની પણ આંખે ચડવા માટે ખુલ્લા હતા. બુરખાથી સહેજ જ ઊતરતો આ વેશ થયોને. નવાઈ તો ત્યાં હતી કે એ એન્જિનિયરીંગ કૉલેજમાં ભણતી હતી. સ્પષ્ટ રીતે જ તે આધુનિક, સુખી, અત્યંત ધર્મિષ્ઠ કુટુંબની કન્યા હતી. પણ શહેરના વાતાવરણને ઉપયુક્ત આધુનિક વસ્ત્રો પણ ઘણી જ સ્ત્રીઓ છડેચોક પહેરે છે. અલબત્ત, ઉછાંછળાં લાગે તેવાં તદ્દન પશ્ચિમી ઢબનાં નહીં. હું પણ ઇજિપ્તની યુવતીઓ કરતાં ખાસ જુદી નહીં પડતી હોઉં તેમ મેં માની લીધું.

પુરાતન કબરો, રોમન મંદિરો, ખ્રિસ્તી દેવળો છે, તો કૅરોમાં અનેક મસ્જિદો પણ છે. એના ઘુમ્મટો અને મિનારા કૅરોના નગરચિત્રને ઠેર ઠેર અલંકૃત કરે છે. આવી એક મસ્જિદ મહમ્મદઅલીના નામની છે. રસ્તે જતાં કેટલીય બીજી નાની મસ્જિદો આવતી રહે છે. મહમ્મદઅલી મસ્જિદ એક ઊંચી ટેકરી પર આવેલી છે. નીચે ચોતરફ કૅરો શહેર સૂર્યતેજમાં ચમકી રહે છે. બધું જ ભૂખરું પીળચટ્ટું છે : મસ્જિદ, મકાનો, ટેકરી જ્યાં જુઓ તે બધું જ. દૂરની ક્ષિતિજ પર દૂષિત હવા અને અસ્પષ્ટ વાતાવરણમાં થઈને પિરામિડના ઝાંખા આકાર દેખાય છે.

મસ્જિદ ૧૨મી સદીમાં શરૂ થયેલી - ૧૯મી સદીમાં બંધાઈ રહેલી. તુર્કી શૈલીનું એનું સ્થાપત્ય છે. વિશાળ ચૉકમાં વચ્ચે ફુવારો અને 'વજુ' કરવાની જગ્યા છે. પ્રાર્થનાખંડ તો એથીયે મોટો છે. ઘણા ઘુમ્મટો અને અર્ધ ઘુમ્મટોની સુંદર રચનાથી એની છત બનેલી છે. સોનેરી રંગથી ઇસ્લામનો ઉપદેશ લખેલો છે. અનેક ઝુમ્મરો લટકાવેલાં છે, જેમાંના ઘણા દીવા ઊડી ગયેલા છે. અંદર શાંતિ અને શાતા છે.

બહાર તપતો સૂર્ય અને કૅરોની ધમાલ.

હજી દૂર બીજી ટેકરીઓની મુઅત્તમ કહેવાતી હાર છે. પહેલાં એ મિલિટરી માટેનો જ અદ્દો હતી હવે જનતા માટેની જગ્યા છે. હવે ત્યાં આલિશાન બંગલા બંધાઈ રહ્યા છે — ભીડ અને જનસાધારણથી અનિકટ. એક નવી હોટલ પણ થઈ રહી છે. રસ્તો ટેકરીને ભરડો લેતો ઉપર જાય છે. હજી મિત્રોને, પ્રેમીઓને, શાંતિથી ફરવા માગનારાઓને ગમે એવું એકાંત ત્યાં મળી રહે છે.

નાઈલની વચમાં એક નાનો ટાપુ છે — ઝોમાલેક, એના ઉપર, બહારથી હાસ્યાસ્પદ લાગતો કૅરો મિનાર છે, આમ તો એ પિરામીડ કરતાં પણ ઊંચો છે પણ નગરના વિહંગાવલોકન માટે પૂરતો ઊંચો નથી. લિફ્ટમાંથી નીકળ્યા પછીનાં થોડાં પગથિયાં અને ગેલેરીની દીવાલો પર હજી સિમેન્ટ નથી લાગ્યો, છતાં ઉપર પહોંચ્યા પછી શીળા પવનને લીધે સુખકર લાગે છે. કૅરો બહુ સુંદર, મોહક કે પ્રરોચક શહેર નથી. નાઈલ પણ જાણે નગરની આધુનિક વૃદ્ધિથી રૂંધાઈ ગઈ છે. ને તો યે ઢળતી સાંજના અંધારામાં દીપ્ત થતો જતો કૅરોનો વિસ્તાર ધ્યાન ખેંચી લેતો હતો. એ દિવસે કૅરોમિનાર આગળ આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિનની ઉજવણી થતી હતી, તેથી રોશની કરેલી હતી, બૅન્ડ વાગતું હતું અને ઇસ્લામના આલેખનવાળા રંગીન કાપડથી એક મોટો પૅન્ડોલ બનાવાયેલો હતો.

ઘનઘોર કાળી રાતના પડદા ચોતરફ ઢળેલા હતા. કૅરોથી થોડે જ દૂરના ગિઝા કહેવાતા ગામના ખુલ્લા ભૂભાગમાં હજારેક સફેદ ખુરશીઓ હારબંધ ગોઠવેલી હતી. એમના ઉપર ઊપટી ગયેલા લાલ રંગના પાતળા તકિયા હતા. જગ્યા પર બેઠા પછી, થોડી વારે આંખ ટેવાતાં કાળમીંઢ અંધારામાંથી આછા ઊપસતા મહાબૃહત્ ત્રિકોણદ્રય દેખાયા. ત્રીજો આકાર આ દૃષ્ટિકોણથી પર હતો.

જેને વિષે જિંદગીભર વાંચેલું, આદર અને અચંબા સાથે વિચારેલું તે દુનિયાની અજાયબીઓમાં ગણાતા પિરામિડ આ જ કે? શું પામી ચૂકયાનો મનમાં ભાવ આવી વસ્યો.

પછી તો 'ધ્વનિ અને પ્રકાશ'નો કાર્યક્રમ શરૂ થયો. ખાસ ઉત્તેજક કે રસપ્રદ ન હતો. એના વર્ણનમાં ઇજિપ્તના પ્રભાવશાળી ઇતિહાસની શક્તિ કે પરમ સુંદરી ક્લિઓપૅટ્રાનો રોમાંચ ન હતાં. છતાં, એ કલાક અસામાન્ય વીત્યો કારણ કે ગૌરવાંકિત પ્રાચીન સ્મારકો સાથેની એ પહેલી મુલાકાત હતી.

ત્યાર બાદ જુદા જુદા સમયે કેટલીયે વાર પિરામીડ પાસે ખેંચાઈ ખેંચાઈને હું ગઈ. દરેક વખતે એનું દર્શન જુદું જ થયું. એની હાલત જોઈને દુઃખ અને આઘાત પણ લાગ્યાં. એનું ચિરઆદરણીય અસ્તિત્વ જનસાધારણના હાથમાં આવી ગયું છે. અંધારું ઢળતાં ત્યાં લોકો ફરવા, ટહેલવા આવે છે, એના કાળજીર્ણ પ્રાકારની અડોઅડ મોટરો ઊભી રાખેછે. જે પાષાણો પર મૃદુ હસ્તસ્પર્શ જ યોગ્ય છે તેના ઉપર ચડી બેસે છે. ઇતિહાસિક્ત આ સમાધિસ્થાનોની સમીપ આ ચાપલ્ય શોભતું નથી.

આપણે ત્યાં પૂજનીયની પાદપ્રદક્ષિણા હોય છે. અહીં આ મહાકાય આકૃતિઓની ફરતે પાકો રસ્તો થયો છે. જુગારના અડ્ડા (કૅસીનો) અને રાત્રિક્લબો શરૂ થયાં છે. અસભ્ય લાગતા રંગીન દીવાવાળી 'સહરા સીટી' (city) તો ખૂબ લોકપ્રિય છે. શ્રીમંતો રણની વચમાં આરામ માટે બંગલા બાંધે છે. સહરાની રેતીને હવે ડમરી થઈ ઉડવાનો હક નથી, રણને હવે મુક્ત વિસ્તારની છૂટ નથી.

સવારે પ્રવાસીઓનાં વૃંદો પિરામિડ અને સ્ફિન્કસની ઉપર ચડી આવે છે. અગિયારેક વાગ્યે ગરમી ઘણી વધી જતાં આખરે ત્યાં શાંતિ થાય છે. બપોરના ચારેક કલાક પ્રખર સૂર્યના અસહ્ય પરિતાપમાં પિરામિડની નિકટતા અને સહરાનું સાન્નિધ્ય માણવાં પણ દુષ્કર.

મુખ્ય અને મહત્તમ પિરામિડ રાજા ચિઓપ્સનો છે. આદ્ય ઇતિહાસવિદ્ હેરોડોટસના કહેવા પ્રમાણે હજાર માણસે વીસ વર્ષ સુધી એને બાંધવાનું કામ કર્યું, અઢી ટનનો એક એવા વીસ લાખથી પણ વધુ પથ્થરો એમાં વપરાયા છે, એની ત્રણે બાજુઓ જમીન પાસે ૭૬૪ ફીટની છે અને ટોચ ૪૫૦ ફીટ ઊંચી છે પણ પહોળાઈ ખૂબ ઓછી છે.

ત્યાં પહોંચવા માટે પહેલાં તો એક પથરાળ ટનલમાં પ્રવેશવું પડે. પછી કમ્મરેથી સાવ વાંકા વળીને થોડું જવાનું ને છેવટે લાકડાના પાટિયા પર થઈને સાવ સીધું ઊંચું ચઢાણ, જીવનહીન પાષણોનો ભાર જાણે હવા પર પણ વર્તાય છે. ગૂંગળાવી નાખે તેવી ગરમી. ફસાયેલી, કેદ થયેલી વાસી હવામાં શ્વાસ લેવો પણ મુશ્કેલ હતો. ભારે કૅમેરાબૅગ લઈને પાછા પેલા લપસણા લાકડા પર ઊતરવું, ફરી કમ્મરેથી વળીને ચાલવું ને વચ્ચે વચ્ચે રૂમાલથી પરસેવો લૂછવો કે પંખાથી સતત હવાને હલાવવી. ઓહ, કેટલી વાર આ પથ્થરગર્ભમાં રહેવાય?

પિરામિડનું મધ્યવર્તી સમાધિગૃહ (burial chamber) આ સાંકડા માર્ગો પછી સારું એવું મોટું લાગે છે પણ એ તદ્દન ખાલી છે. અંદરનું 'મમી' અને બધો ખજાનો કયારનોયે લૂંટાઈ ગયો હશે. આ અંતર્ગૃહની છતમાં બે કાણાં છે જે પિરામિડના શિખર સુધી પહોંચે છે. રાજાના મૃત શરીર સુધી એનો 'કા' (ka) એટલે કે આત્મા, પહોંચી શકે તે માટે એ બનાવાતાં.

બીજા બે પિરામિડ રાજા શેફ્રેન અને રાજપુત્ર માયકેરિનસના છે. પણ અંદર જવાના હોશ કોના બાકી રહે? સ્ફિન્કસ ૬૬ ફીટ ઊંચું અને ૨૪૦ ફીટ લાંબું એક જ પથ્થરમાંથી બનાવેલું અપ્રતિમ શિલ્પ છે. અર્ધસિંહ, અર્ધપુરુષ આ કલ્પિત પ્રાણી પિરામિડના ભયાદરવાહી બૃહત્પ્રમાણની પાસે સાવ નાનકડું લાગે. ૧૩મી સદીથી શરૂ કરી ૧૮મી સદી સુધી વિધવિધ વિજેતાના સૈનિકો આ સ્ફિન્કસને નિશાન કરીને બંદૂક ચલાવતાં શીખતાં. એમ કરતાં એનું નાક તૂટી ગયું ને એની દેહાકૃતિ પર પણ અસર થઈ. હવે ઇજિપ્તની સરકાર પુરાણવસ્તુશાસ્ત્રીઓની સહાય લઈને એને સાવ પડી ભાંગતું અટકાવવા પ્રયત્ન કરી રહી છે. આ જ રીતે પિરામિડોની સુલભતા ઓછી કરવાના નિયમોનો વિચાર કરે તે પણ ઇચ્છનીય છે.

મૃતદેહને દાટવાની પ્રથા તો સદીઓની ગણતરી કરતાં પણ જૂની છે. તે વખતે સાવ સામાન્ય લાંબી, સપાટ કબરો થતી. રાજ્યવંશી ઇજિપ્તમાં પ્રથમ ફારાઓહને માટે એના જીવનકાળ દરમિયાન દેશનો અગ્રિમ પિરામિડ બંધાયો — ઝોસરનો સોપાન — પિરામિડ. ખરેખર તો 'મસ્તાબા' કહેવાતી પેલી સપાટ કબરોને એક પછી એક ખડકીને જ આ સોપાન પિરામિડ બનાવવામાં આવેલા. આ જગ્યાનું નામ સક્કારા (saqqarah) છે. કૅરોથી આવતો રસ્તો અગણિત ખાડાવાળો છે. બંને બાજુ નહેરો વહી જાય છે. એના પાણીમાં ભેંસો દેખાય છે... ધૂળિયા રસ્તાઓ પર ગ્રામ્ય પુરુષો ગધેડા સવારી કરી કામ પતાવવા નીકળે છે. શહેર દૂર રહી જાય છે ને ખેતરો શરૂ થાય છે. પણ આ નિમ્ન ઇજિપ્ત

છે. ઊર્ધ્વ ઇજિપ્ત કરતાં એ સ્પષ્ટપણે સૂકું છે કારણ કે જીવનદાત્રી નદીથી દૂરનો એ પ્રદેશ છે. છેલ્લા બે માઈલના રસ્તાની બંને બાજુ ગીચ ઉગાડેલી ખજૂરીઓ છે. કેસરી ડાળીઓ પાકાં ફળોનાં લુમખાંથી લચી પડી છે. બસ, તે પછી એક વળાંક અને રસ્તો ધૂળિયા ઢોળાવો ચડીને રણ તરફ જતો રહે છે. બસો અને મોટરો — બધાં વાહનો એક તરફ ઊભાં રહે છે અને સ્થાન ઉપર ચાલીને જ જવું પડે છે આથી આ જૂના પિરામિડ, બીજા મસ્તાબા, તૂટેલાં મંદિરો, દૂર વિસ્તરેલું રણ અને રેશમી, રુચિકર વાલુકાવલિઓ — બધું જ યથોચિત હૃદયંગમ અને આકર્ષક બની રહે છે.

નિર્બંધ, નિતાંતસુંદર મરુભૂમિ નજર પહોંચે ત્યાં સુધી. કયાંય એક્કે છાંયો નથી. એકાદ મોટર નીચે એક રખડતું કૂતરું છાયામાં હતું. બાકી બધું ઉષ્ણ, પરિતપ્ત ને છતાં આનંદોજ્જ્વળ! હવે હું ખરેખરા રણમાં હતી ને અસહ્ય તાપ છતાં આનંદમાં હતી!

નીચાં બારણાંવાળી કબરોની દીવાલો પરની કોતરણી, ચિત્રકારીગીરી ખૂબ સુંદર, બારીક અને પ્રશસ્ય છે. હાઈરોગ્લિફિકમાં રાજાના જીવનનું વૃત્તાંત લખેલું— ચિતરેલું હોય છે. પથ્થરનું એક કફન જમીન પર ઊંધું પડેલું હતું. પ્રવાસીઓ એના પર પગ મૂકીને ચાલતા હતા; કોઈ એમને રોકતું ન હતું પણ મેં નોંધ્યું કે ઇજિપ્શિયન માર્ગદર્શકો ધ્યાન રાખતા હતા કે પોતાનો પગ એના પર ના પડી જાય. વળી, અમૂલ્ય કળાવાળી એ દીવાલો પણ લોકોના હાથથી ભ્રષ્ટ થવા, વિકૃત થવા માટે સાવ નજીક, સાવ ખુલ્લી છે. પણ કેટલા ઇતિહાસને પ્લાસ્ટિકમાં ઢાંકી રખાય?

સક્કારાના પુરાતન કબ્રસ્તાનની આ ટેકરીની બીજી બાજુ એક મોટો તંબું બાંધેલો છે. અતિશય ગરમીથી બચવા માટેની, કંઈક ખાવાપીવા માટેની વાતાવરણને અનુરૂપ એવી આ જગ્યા છે. નીચી ખુરશીઓ અને તાંબાનાં ગોળ ટેબલો. અહીં પણ સવારી માટે શણગારેલા ઘોડા અને ઊંટ છે પણ અહીં ધમાલ નથી. રણને જ ઉપયુક્ત આખો પરિસર છે.

સહરાના રણની નહીં સ્પર્શાયેલી રેતી પર પગ પાડવા હતા. એને માટે તો દૂર દૂર જવું પડે અને દિશાવિહીનતામાં ખોવાઈ જવું સહેલું છે. પણ ઊંટની વાંકી ચાલનો પરચો તો લઈ જ લીધો!

કૅરોમાં જોવા લાયક સંગ્રહાલયો ઘણાં છે. કૉપ્ટિક મ્યુઝિયમમાં ખ્રિસ્તી ધર્મને

લગતી ચીજોનો ખજાનો છે, તો ઇસ્લામિક મ્યુઝિયમમાં એ ધર્મ અને સંસ્કૃતિની લાક્ષણિક — આભૂષણો, વાસણો, કાષ્ઠશિલ્પો, બિછાતો, કટારો, નાણું વગેરે વસ્તુઓનો સંગ્રહ છે. પણ દુનિયાભરમાં જાણીતો બહુમૂલ્ય ભંડાર કૅરોના મેદાન તાહરિર પાસે આવેલા ઇજિપ્શિયન મ્યુઝિયમમાં છે. હજારો વર્ષોનો ઇતિહાસ આ વિરાટ મકાનની અંદરની શત-સહસ્ર વસ્તુઓમાં જોવા મળે છે. કબાટો ખીચોખીચ ભરેલાં છે, વીજળીનો પ્રકાશ પૂરતો હોતો નથી, ઘણે ધૂળ ભેગી થયેલી પણ જણાય છે. હમણાં વાંચ્યું કે સ્વચ્છતા અને થોડી વ્યવસ્થિતતા લાવવાના પ્રયત્નો હવે શરૂ થયા છે.

બધા ખંડ સમયાનુસાર ગોઠવાયેલા છે, પિરામિડોમાંથી મળેલી ઘણી ચીજો અહીં પ્રદર્શિત છે. રાજા-રાણીઓનાં શિલ્પ જોવાલાયક છે ને એમાંય રાજા આખ્નાતન અને એની અપરૂપ સુંદર રાણી નેફરટીટીનાં. આ યુગની ઇજિપ્શિયન કળા અતિ સહજ અને સુંદરતમ ગણાય છે. રાજા તુતનખામુનની કબરમાંથી મળી આવેલો ખજાનો કલા અને ઇતિહાસની અગત્યની દૃષ્ટિએ બેનઝીર, બેનમૂન ગણાય છે. આમાં કેટલીક સુવર્ણની રત્નજડિત વસ્તુઓ છે જે હજી પણ ઝાંખી નથી પડી.

ઇજિપ્તના રાજ્યવંશોની લોકપરલોકમાં આવશ્યક સુવિધા સામગ્રીનું પ્રદર્શન. એક પછી એક ઓરડાઓ ખૂલતા જાય છે ને મન ગ્રહણ ના કરી શકે, વિચારમાં સમાવી ના શકે તેટલાં યુગો યુગોનાં આવર્તનો અદ્‌ભુત કળામાર્ગે મળતાં જાય છે.

ખરીદી કરવા જવાની મઝા મને બહારગામમાં જ આવે છે કારણ કે પ્રવાસના એ એક અંગરૂપ હોય છે. ને તે પણ એવા જ દેશોમાં જ્યાંનાં બજારમાં રંગીન રેલમછેલ હોય, હસ્તકળાની વસ્તુઓનું બાહુલ્ય હોય, પ્રજાના જીવનની કોઈ આકર્ષક લાક્ષણિકતા હોય. ઇજિપ્તનાં શહેરોનાં બજારોમાં આ બધું જ મળે — મેક્સિકો, મોરોક્કો, ઇટાલી, ગ્રીસ, ચીન વગેરે દેશોમાં મળે તેમ.

કૅરોમાં વિક્રય માટે ઘણા વિસ્તાર છે. તાહરિર મેદાનની નજીકમાં એક મોટું કેન્દ્ર તલાત હાર્બ મેદાનના રસ્તાઓ પર છે. વિદેશીઓને જોઈને ઘણા જુવાન છોકરાઓ પાસે આવે ને આગ્રહપૂર્વક એમના ‘કાકા’ની અત્તરની દુકાનમાં લઈ જાય. ‘કાંઈ ના લેવું હોય તો ના લેતાં, જોવા તો આવો’, ‘અમારી દુકાન પર પધારવાની કૃપા તો કરો’ અથવા ‘બીજું કાંઈ નહીં બસ, ચા પીવા તો આવો’ જેવાં વિનંતીનાં, આગ્રહપૂર્વકનાં વાકયોથી જિતાઈ જતાં કાંઈ વાર લાગે? ગરમી અને ઘોંઘાટથી જરા રાહત પણ જોઈતી હોય. દુકાનમાં જઈએ એટલે અલબત્ત, આ જુઓ ને પેલું જુઓ. ને કયાં છે પેલી ગળી ગળી ફુદીનાની,

ફક્ત પાણીવાળી ચા?! પરંતુ આમાં ક્યાંય અવિવેક કે અશ્લિલતા નથી. આવો રિવાજ બીજી કોઈ જગ્યાએ જોયો નથી, તેથી જરા મઝા પણ આવે. કોણ છો ને ક્યાંથી આવો છો જેવી થોડી વાતો કરીને છૂટાં પડી જઈએ — આપણે એક રસ્તે અને એ છોકરાઓ કોઈ બીજા વિદેશીને ‘વીનવવા’!

પણ જે ખાસ એક બજારની વાત કરવી છે તે છે ખાન-એલ-ખલિલી. ખલીફાઓના સમઃ સૈકાઓથી આ બજાર આમ જ છે. અલબત્ત, હવે વીજળીના દીવા આવ્યા છે પણ સાંકડી ગલીઓની ભુલભુલામણીમાં ક્રિય-વિક્રય કરતી હજારો નાનીનાની દુકાનોની રચના બદલાઈ નથી. અહીં રંગબેરંગી સુરમાના પાવડરથી માંડીને સોનાનાં સરસ ઘરેણાં મળે છે. ચિત્તાકર્ષક વસ્તુઓનો પાર નહીં : કાપડ, ધાતુ, ચામડું, લાકડું, માટી દરેકેદરેક તત્ત્વમાંથી હાથે ઘડેલી મોહનીય વસ્તુઓ. અહીં પણ ‘આવો, આવો. જોવાની કોઈ કિંમત નથી’ જેવા સાદ બધે સંભળાય છે. શું લેવું તે નક્કી કર્યા પછી ભાવતાલ કરવાનું તો ના જ ભુલાય. આ પણ એ જ રમતનો એક દાવ છે. એ રમતની તો અહીં ઉત્તેજના છે.

ખાન-એલ-ખલિલી બજારમાં ખરીદી કરવી સહેલી છે, પૈસા ખરચી નાખવા સહેલા છે પણ આ કુટિલમાર્ગવીથિમાંથી ખોવાયા વગર બહાર નીકળવું અઘરું જ નહીં અશક્ય છે.મારી સાથે તો પેલો ઇજિપ્શિયન સ્થપતિ એમાદ હતો. એને અનુસરવામાં જ મારો સાર હતો!

અલ કાહિરા નગરીમાં મોંઘી, સરસ અને વિખ્યાત ઘણી રેસ્ટોરાં છે : સ્વિસ ઍર ની ‘લા શૅલે’ નામની; ઑબેરોય મેના હાઉસ હૉટેલમાંની ભારતીય ‘મોગલ રૂમ’ જ્યાં આપણું સંગીત પણ હોય છે; તેમજ બીજી અદ્યતન હૉટેલોમાંનાં કેટલાંક આહારસ્થાનો. આ બધાંને તો માણ્યાં પણ જ્યાં ઇજિપ્તનું રોજિંદું જીવન જોવા મળે એવી જગ્યાઓની મઝા તો જુદી જ. ‘ગ્રોપ્પી’માં બેસીને કૉફી પીવામાં આવી કોઈ લિજ્જત છે. ફૅન્સી ક્લબોમાં કે જ્યાં કોઈ પરિચિત નથી ત્યાં જવા કરતાં આવી અવિધિપ્રધાન જગ્યાએ જવામાં એ લાભ છે કે ત્યાં કોઈ અપરિચિત સાથે પણ સ્મિતની કે બે શબ્દોની આપલે થવાનો સંભવ છે. અન્યત્ર ચરણમાર્ગ પર ટેબલખુરશી ગોઠવેલાં જોયાં. સાંજ પડ્યે કલાકો સુધી બેસી પુરુષો વાતો કર્યા કરે, ચા કે કૉફી પીધા કરે. અહીં ‘લાબાન ઝબાડી’ કહેવાતું સ્વાદિષ્ટ દહીં પણ મળે છે. એને મધ સાથે ભેળવીને પણ ખવાય. એક તો એવી અતિલઘુ દુકાન હતી કે ત્યાં બે જ સ્ટૂલની જગ્યા હતી. મેં તો ત્યાં બેસીને દહી ખાધું પણ મોટે ભાગે કૅરોના લોકો ત્યાંથી ખરીદીને ઘેર લઈ જાય છે. બંગાળનું ‘મિષ્ટ દોઈ’ યાદ આવે. એ પણ માટીનાં કુલડાંમાં જ વેચાય છે ને.

ઠેર ઠેર ફળોના તો ઢગલા હતા. વિભિન્ન પ્રકારની કેરીઓ, નારંગીઓ, ઉપરાંત દાડમ, સીતાફળ, જામફળ, લીલાં અંજીર જેવાં ફળોનું પ્રાચુર્ય જોયું. ફળોના રસની ખાસ દુકાનો હોય. આ સમયે કેરીની ઋતુ હતી — ઑક્ટોબરમાં? તેથી તેનાથી આ દુકાનો ભરેલી દેખાઈ. કેરીનું 'મિલ્કશેક' પીવાની મઝા આવી!

આપણે તો નામથી જ લલચાઈએ એવું 'ઇન્ડિયન ટી હાઉસ' છે, ત્યાં ચા અને સમોસાં વગેરે નાસ્તો મળે છે. પણ કૅરો જનાર કોઈ વ્યક્તિ એવી નહીં હોય જેણે 'ફેલફેલા' ઉપાહારગૃહનું નામ ના સાંભળ્યું હોય! એક પ્રકારના ચોળામાંથી બનાવેલું 'ફૂલ'; વાટેલા ચણાના પકોડાં 'તામિયા' વગેરે લાક્ષણિક ઇજિપ્શિયન વાનગીઓ માટેની આ અત્યંત જનપ્રિય જગ્યા છે. બેસીને ખાવા માટે અંદર ઘણી જગ્યા છે પણ ખરીદીને લઈ જનારાંની ભીડ આખો દિવસ રહેતી જણાય છે. ત્યાં રસ્તા પર ઊભાં ઊભાં જ ખાઈ લેનારાં ઇજિપ્શિયનો પણ ઓછા નથી. બેએક વાર, સમય બચાવવા માટે મેં પણ નાનકડું 'ફલાફલ' (પકોડાં ભરેલો ઇજિપ્શિયન રોટલો) ચાલતાં ચાલતાં ખાઈ લીધેલું!

પાશ્ચાત્ય વાનગીઓ માટેનાં ગૃહોમાં એક અતિપ્રિય સ્થાન હિલ્ટન હોટેલમાંનું 'પિત્ઝાહાઉસ' (Pizza) છે. પ્રવાસીઓ અને આધુનિક નાગરિકોમાં તો ખરું જ! ભલે કોઈ શબ્દને અર્થ કે સ્વાદ સાથે તાર્કિક સંબંધ ના હોય પણ સરસ નામમાં એક નાદ હોય છે, મોહમયતા હોય છે, જેમ કે ઓમર ખય્યામ. હા, એ મહાન પ્રેમકવિ હતા, બરાબર? એમની કેટલીયે રુબાઈઓ રોમહર્ષક નથી? જો આ નામનું કોઈ પીણું હોય તો ચાખવાનું મન ના થાય? ઇજિપ્તના વ્યાપારકુશળ લોકોની કલ્પના પણ કેવી! એ નામ એમણે ઇજિપ્તમાં બનતા સોમરસને આપ્યું છે. વાહ, ઓમર ખય્યામ મદિરા! કેવું કાવ્યમય, કેવું રોમાંચક!

કેટલાંક આહાર-આમોદ-પદ એવાં હોય કે જેની પ્રવાસીને જાણ પણ ના થાય, નાગરિકોમાં જ એ પ્રચલિત હોય. આવા એક અસાધારણ સ્થળે કૅરોની મારી અંતિમ સંધ્યાએ એમાદ મને લઈ ગયો. પ્રાય : ચારેક માઈલ શહેરની દક્ષિણે 'નાઈલ ગાર્ડન' કહેવાતી આ રેસ્ટોરાં આવેલી છે. શહેરના તુમુલ કોલાહલથી દૂર. અંદર બેસવા માટે મકાન તો હતું જ પણ ઘણાં ટેબલ ઘાસ પર નદીને છેક કિનારે ગોઠવેલાં હતાં. જાણે હાથ પહોંચે એટલે પાણી વહી જતું હતું. વાદળોની મૃદુલ પરિભાષાથી મુખ્યત્વે અજ્ઞાત કૅરોના આકાશમાં એ સાંજે વળી હલકાં વાદળાંની અલૌકિક ઉપસ્થિતિ હતી. એમની પાછળ સૂર્ય હમણાં જ સંતાયો હતો, ગગનમાં આછા રંગોની શોભા રહી ગઈ હતી. એમાંનો કેસરી

વર્ણ તરલ વારિઓઘમાં પ્રતિબિંબિત થતો હતો. અહીં તો સરિતા પણ શહેરની ઇમારતો અને આધુનિકતાઓથી મુક્ત હતી. એનો પટ વધારે વિસ્તરેલો લાગતો હતો. સામે કાંઠેની મસ્જિદ નાઈલને અલંકૃત કરતી હતી. સાયંકાળનું એક અનુપમ ચિત્ર હતું.

આકાશની કાલિમા ગાઢ થતાં મસ્જિદના મિનારા પર બેહૂદી પણ ઇસ્લામના રૂઢિગત લીલા રંગની વિદ્યુત રોશની થઈ, અંતરિક્ષની સ્તબ્ધતાની સાથે હવાની શીતળતા પણ વધી. નાઈલનાં નીર નિઃશબ્દ લહી રહ્યાં. સુષમામંડિત આ સંધ્યાનું બધું જ દૃશ્ય રમ્ય હતું. મધ્યપૂર્વમાં ગાળેલા બધા દિવસોનો આ સંતુષ્ટ પરિપાક હતો. ને છતાં આ એવું સ્થળ હતું કે જ્યાં રોજ જવું ગમે ને તોયે સંતોષ ના થાય. એ એવું સ્થળ હતું કે જેને કયારેય નહીં ભુલાય.



## જેરુસલેમની જાત્રા

ઇઝરાયેલ જવાનો કોઈ દિવસ ખાસ વિચાર કર્યો ન હતો. ફક્ત છેલ્લા થોડા વખતથી જેરુસલેમ જવાનું થોડું મન થવા માંડેલું. તેથી જ્યારે ઇજિપ્તનો પ્રવાસ ગોઠવવો શરૂ કર્યો ત્યારે સહજ રીતે જ, ઇઝરાયેલ પણ જઈ જ આવવું જોઈએ એમ થવા લાગ્યું. એક તો, આ બંને દેશો આજુબાજુમાં છે. બીજું, હવે એ બંનેની રાજ્ય સરકારોએ અરસપરસની અવરજવર ઉપરના પ્રતિબંધો કાઢી નાખ્યા છે અને ત્રીજું, ભારતના નાગરિકોને પણ હવે ઇજિપ્ત અને ઇઝરાયેલ જવાના પરવાના સહેલાઈથી મળે છે. ઇઝરાયેલ કેવું હશે તેની મને કોઈ કલ્પના ન હતી. ઇજિપ્તના વિચારથી ઉત્સાહ અનુભવાતો હતો પણ ઇઝરાયેલ પ્રત્યે મને કોઈ કુતૂહલ થતું ન હતું. એનું કારણ કદાચ ત્યાંના લોકો અને ધર્મ સાથે મને સહેજ પણ તાદાત્મ્ય ન હતું તે હોઈ શકે.

કૅરોથી વિમાનમાં તેલઅવીવના વિમાન મથકે પહોંચતાં જ બંને દેશો વચ્ચેના તફાવતનો ઘણો ખ્યાલ આવી ગયો. કૅરોમાં અવ્યવસ્થિતતા અને ધમાલ લાગતી હતી, જ્યારે તેલઅવીવમાં બધી જ વિધિઓ શિસ્તબદ્ધ રીતે થતી હતી. સાર્વજનિક ટેલિફોન બરાબર કામ કરતા હતા. બધે સંપૂર્ણ ચોખ્ખાઈ. રસ્તાઓ નવા જ બાંધેલા. છેલ્લાં ત્રીસ વર્ષમાં ઇઝરાયેલે દેશભરમાં ઘણી જહેમત અને કાળજીપૂર્વક બહુવિધ વિકાસ આણ્યો છે.

એક તો નાનકડો દેશ; ઉપરાંત લોકોમાં શિષ્ટતા અને ઉદ્યમશીલતા ભારોભાર; તેથી ટૂંકા ગાળામાં ત્યાંની સરકાર અને નાગરિકોએ પોતાના દેશને ઘણી રીતે આધુનિક બનાવી દીધો છે.

ઇઝરાયેલમાં ફરતાં ફરતાં લાગ્યું કે એક રીતે જોતાં આખો દેશ જાત્રાનું ધામ છે. એની સમગ્ર ભૂમિ એક કે બીજા દૃષ્ટિકોણથી એના નાગરિકો માટે પૂજનીય છે. જેરુસલેમ તો મહાધામ છે જ પણ તે સિવાયનાં બીજાં પણ કેટલાંક શહેરોને ધાર્મિક દૃષ્ટિથી અગત્યનાં જાત્રાધામો કહી શકાય. દા. ત. બેથ્લેહામ, જ્યાં ઇસુ ખ્રિસ્ત જન્મ પામ્યા; નાઝારેથ, જ્યાં ઇસુએ જીવનનાં ઘણાં વર્ષો વિતાવ્યાં અને જેરીકો, જેને દુનિયાનું સૌથી પ્રાચીન શહેર કહે છે. છેલ્લાં વીસ-ત્રીસ વર્ષમાં સ્વતંત્રતા મેળવવા અને ટકાવી રાખવા માટે જયાં જ્યાં ખૂનખાર લડાઈઓ થઈ તે જગ્યાઓ — જેવી કે ગોલન હાઈટ્સ, લેબેનન અને સિરીયાની સરહદો, 'વેસ્ટ બૅન્ક' વગેરેને વર્તમાનમાં, ઐતિહાસિક રીતે ઊભાં થયેલાં પવિત્ર સ્થળો કહી શકાય. છેવટે, અત્યારનો સાઈનાઈ (Sinai) રણનો ભાગ કે જે આ વર્ષના એપ્રિલમાં ઇજિપ્તને પાછો આપી દેવાયો છે, તે થશે ભવિષ્યનાં, શહાદતનાં જાત્રા સ્થાનો.

તેલઅવીવ શહેર આંતરરાષ્ટ્રીય વેપાર વિનિમય માટે ખ્યાતનામ થયું છે; હાઈફા શહેર દરિયાકિનારાથી શરૂ થઈ છેક પર્વતોની ટોચ સુધી વિસ્તરેલું છે અને સૌથી સુંદર શહેર ગણાય છે; ઉત્તરમાં નહારિયા શહેર અને છેક દક્ષિણમાં એલાત શહેર અમનચમનની સગવડોને કારણે સહેલાણીઓમાં ખૂબ લોકપ્રિયતા પામ્યાં છે. પણ ફક્ત મારા જ મતે નહીં, પણ સર્વસામાન્ય બહુમતી પ્રમાણે સર્વશ્રેષ્ઠ નગર છે જેરુસલેમ. એ ઇઝરાયેલની રાજધાની છે એટલું જ નહીં પણ એ ઇઝરાયેલના મુકુટમણિ સમાન છે. પ્રવાસ પર નીકળતાં પહેલાં જેરુસલેમ વિશે થોડું વાંચીને ગઈ હતી; પરંતુ ત્યાં ગયા પછી અને એને જોયા પછી લાગ્યું કે આ નગર ઘણાં કારણોને લીધે અદ્વિતીય છે.

ત્યાંની પ્રજા મુસલમાનો, ખ્રિસ્તીઓ અને યહૂદીઓની બનેલી છે. એ બધાં લગભગ સામંજસ્યથી ત્યાં રહે છે. ત્રણેના ધર્મોનો જાણે ત્રિવેણી સંગમ આ શહેરમાં થયેલો છે. મારો ધર્મ તો વળી ચોથો જ પણ જ્યારે આખું વાતાવરણ જ તીવ્ર ધર્મપ્રેમથી ઊભરાતું હોય ત્યારે તેની અસર કોઈપણ વ્યક્તિનાં મન અને હૃદય પર થાય જ. મારા સાંભળવામાં આવ્યું કે લગભગ દસ હજાર ભારતીય યહૂદીઓ ઇઝરાયેલમાં સ્થાયી થયા છે. ગુજરાતીઓ ઓછા પણ ખાસ કરીને મરાઠી અને કેરાલાથી આવેલા યહૂદીઓ વધારે પ્રમાણમાં છે. ઘણાં સાથે નોકરી વગેરેમાં ભેદભાવવાળો વર્તાવ પણ થતો હશે. પણ

એ લોકોને ઇઝરાયેલમાં જ રહેવું છે અને યહૂદી ધર્મના બધા જ તહેવારો નિષ્ઠાપૂર્વક પાળવા છે... આવું જ ધાર્મિક ઝનૂન મુસ્લિમ ધર્મમાં પણ ખરું જ. તેથી દુનિયાના ત્રણ ત્રણ મહાધર્મની ભૂમિમાં જઈને કશું જ ના અનુભવવું અથવા ત્યાંના રહેવાસીઓને જરા પણ ના સમજવા તે પોતાના અને એમના પ્રત્યે અન્યાય કરવા જેવું છે.

હું જેરુસલેમ ત્યાંના ધર્મો પ્રતિ ખેલદિલી અને તેની પ્રાચીનતા પ્રતિ આકર્ષણ સાથે ગઈ હતી. અમદાવાદની જેમ જૂના જેરુસલેમની ચોતરફ પણ કોટ-કાંગરા છે અને છ દરવાજા છે. છેલ્લાં ચૌદ વર્ષમાં ત્યાં યહૂદીઓની વસતિ ઘણી વધી છે. ૧૯૪૮ થી ૧૯૬૭ સુધી ત્યાં યહૂદીઓનો પ્રવેશ નિષેધ હતો, કારણ કે જેરુસલેમ જોર્ડનની આરબ સરકારના હાથમાં હતું. હવે શહેરનો વિસ્તાર કોટની દીવાલોની પાર કયાંય સુધી પ્રસર્યો છે. આસપાસના, ટેકરા કહેવાય તેવા પહાડો પર નવા વસવાટ બંધાવા માંડયા છે. જૂના શહેરમાંનાં યહૂદીનાં રહેઠાણો જોર્ડનના લોકોએ ભાંગીતોડીને કે બાળીને સાવ નષ્ટ કરી દીધેલાં, તે ઇઝરાયેલી સરકાર કલાત્મક મર્યાદા અને લાગણીશીલતા સાથે ફરી બંધાવી રહી છે. આની તુલનામાં, મુસલમાન અને ખ્રિસ્તી આરબોના રહેવાના વિભાગો સંકડાશવાળા, જૂના, ખખડધજ, ઝાડપાન વગરના અને ગંદકીવાળા તેમજ વિચારસરણીમાં ઘણો ફેર છે. જાતજાતનાં જટિલ કારણોને લીધે જેરુસલેમમાં બધી જાતિઓનાં અંદરોઅંદર કે એકબીજાંની સાથે છમકલાં વારંવાર થયાં જ કરે. એ જ છે ત્યાંનું રોજિંદું જીવન. સૈનિકો રાતદિવસ શહેરમાં સતત ફર્યા કરે.

જેરુસલેમના નકશામાં ભાવપૂર્વક આંગળી ફેરવીને એ રસ્તાની કલ્પના કરી હતી કે જેના ઉપરથી ઇસુ ખભા પર ક્રૂસ લઈને ચાલ્યા હતા અને જે દેવળમાં (Church) ક્રૂસારોહણ પામ્યા ત્યાં સુધી પહોંચ્યા હતા. જેમ ગોવર્ધનની પ્રદક્ષિણા દરેક હિન્દુ ફરે જ તેમ આ રસ્તે, ‘ઇસુનાં પગલાંમાં’ દરેક ભાવુક, પછી તે ગમે તે ધર્મનો હોય જાય જ. મેં માન્યું હતું કે સાંકડો, ધૂળિયો રસ્તો હશે. પણ જોયું તો એ તો હતો બજારનો એક મુખ્ય રસ્તો — Via Delorosa — લોકોથી ભરચક, ઘોંઘાટથી ભરેલો. જ્યાં જ્યાં ક્રૂસનાં ભાર અને વેદનાને કારણે ઇસુનો પગ લથડયો હતો તે જગ્યાઓએ ફક્ત નાની નાની તકતીઓ જ મૂકેલી છે. ધ્યાન ના રાખો તો નજરે પણ ના ચડે. આ રસ્તે ચાલતાં ઇસુનું મનન કરવું મુશ્કેલ. ના મન દ્રવી જાય કે ના આંખોમાં લાગણી-વિવશતાનાં પાણી આવી શકે. પણ દેવળમાં (Church of Holy Sepulcher) જે સ્થળે ઇસુએ પ્રાણ છોડયા તે વેદી પાસે જતાં આપણો પ્રાણ પણ જરૂર તરફડી ઊઠે. જે સપાટ પથ્થર પર મૃત શરીરને ઉતારીને ધોયું હતું તેને ભાવિકો શ્રદ્ધાપૂર્વક ચૂમે છે. દેવળની અંદર ખ્રિસ્તી ધર્મની ભિન્ન ભિન્ન શાખાઓનાં દેવઘર છે. ઇસુ તો એક જ -- એને ભજવાની રીતો જુદી જુદી.

બજારમાં થઈને બીજી દિશામાં જતાં ઓમરની મસ્જિદ આવે (Dome of the Rock). મુસ્લિમોના સ્થાપત્યમાં જે લાક્ષણિક સૌંદર્ય અને સમૃદ્ધિ છે તેનાથી વિભોર છે આ મસ્જિદ. મક્કા અને મદીના પછીથી મુસ્લિમો માટે આ મહત્ત્વનું જાત્રાધામ છે. વિશાળ અષ્ટકોણી ઇમારત, સોનેરી ઘુમ્મટ, દીવાલો પર નીલ રંગની કપચીઓની કારીગીરી. કહેવાય છે કે જે પથ્થર પરથી પયગંબર મહમ્મદ ઊડીને સ્વર્ગ તરફ ગયા તે આદ્ય પાષાણ પર આ મહાન મસ્જિદ બાંધવામાં આવી છે. પથ્થર પર દેખાતી પગલાંની છાપ મહમ્મદનાં પગલાંની છે તેમ મનાય છે. બાજુમાં સહેજ નાની, રૂપેરી ઘૂમ્મટવાળી એલઅકસા મસ્જિદ છે. પાછળના ભાગમાં મોટો બગીચો છે, જ્યાં જાત્રાળુઓ તેમજ પ્રવાસીઓ થાક ઉતારે, ઝાડના છાંયામાં બે ઘડી શાંતિનો શ્વાસ લે. મસ્જિદનાં પહોળાં પગથિયાં પર ચડતાં-ઊતરતાં જાતજાતનાં લોકોને જાણે જોયા જ કરીએ!

યહૂદીઓનું જે પ્રાચીન મુખ્ય સિનેગૉન હતું તે તો લગભગ આખું જ જમીનદોસ્ત કરવામાં આવેલું. તેનું નવનિર્માણ હજી થયું નથી. તે જગ્યાએ બચેલી રહી છે પથ્થરની એક અર્ધચંદ્રાકાર કમાન. એની નજીકમાં એક ઊંચા મિનારા પરના ચાંદ-તારા દેખાય છે — તો બીજા મિનારા પરનો ક્રૂસ નજરે ચડે છે. કિલ્લામાંના નિરીક્ષણ-મિનારા પરથી આખા શહેરની રચનાનો ખ્યાલ આવે છે.

થોડે દૂર, એક મકાનમાં, ઇસુએ જ્યાં છેલ્લું ભોજન લીધેલું તે સાદાઈપૂર્ણ ઓરડો છે. ઓરડો ખાલી છે, એ પ્રસંગનું ટેબલ રહ્યું નથી. જ્યાં હજારો વર્ષ જૂનાં પથ્થરો, ગુફાઓ, દેવળો, કબરો, વૃક્ષો આંગળી ચીંધી ચીંધીને બતાવવામાં આવતાં હોય ત્યાં એ બધાંના પુરાણત્ત્વની સચ્ચાઈ વિશે શંકા કરી પણ કેમ શકાય?

શહેરના પશ્ચિમ ભાગમાં, યહૂદીઓના જીવનના મજ્જાતંતુ જેવી ‘વિલાપની દીવાલ’ (Wailing Wall) છે. ત્યાં પ્રાર્થના થાય; અંતર્ગત દુઃખનાં આંસુ સરાય; દૈવી શક્તિને ફરિયાદો થાય; કાગળની કાપલીઓમાં, ગુમાવેલાં પ્રિયપાત્રોને લખેલ સંદેશા દીવાલની તડોમાં ભરાવાય. પુરુષો અને સ્ત્રીઓના પ્રાર્થનાના વિભાગો વચમાં સાંકળો બાંધીને જુદા રાખવામાં આવ્યા છે. દીવાલના ચોગાનમાં પ્રવેશ કરવાની બધી જ જગ્યાઓએ સૈનિકોનો પહેરો હોય છે. ધારે તે વ્યક્તિના હાથમાંની વસ્તુઓની તપાસ એ લોકો કરી શકે છે; પરદેશીઓ કે પ્રવાસીઓ માટે એમના પાસપોર્ટ જોવાની માગણી કરી શકે છે. અલબત્ત, આ બધા કોઈપણ જાતની ધમાલ થતી અટકાવવા માટેના પ્રયાસો છે.

શહેરની દીવાલની બહાર, દક્ષિણ તરફ ઓલિવનો પર્વત (Mount of Olive)

છે. જ્યાં જુડાસે ઇસુનો વિશ્વાસઘાત કરેલો તે દેવળ છે. મનાય છે કે આ પર્વત પરથી દુનિયાના તારણહાર (Messiah) ઊતરી આવશે. એના ઢોળાવો પર હજારો વર્ષ જૂનાં ઓલિવનાં વૃક્ષો અને પ્રાચીન કબરો છે. પર્વતની ટોચ પર એક અર્વાચીન હૉટેલ પણ બંધાઈ છે. આવી પવિત્ર જગ્યાએ આવું છીછરાપણું જેરૂસલેમના ઘણા રહેવાસીઓ માટે ઘણું દુ:ખજનક છે.

જેરુસલેમનાં કેટલાંક પુણ્યધામોનું આ જાણે ઉપરછલ્લું વર્ણન થયું હોય તેમ લાગ્યા કરે છે. ત્યાં ધાર્મિક, ઐતિહાસિક, સામાજિક, રાજનૈતિક અને ભૌગોલિક જે વૈભવ છે તેને વર્ણવવા કરતાં માણવો, સમજાવવા કરતાં સમજવો સહેલો છે અને જરૂરી છે. તેથી જ મારા મતે જેરુસલેમને જોવા જવું તે એક તીર્થસ્થળની જાત્રા કર્યા સમાન જ છે. ત્યાંનું બધું જ પસંદ ના પણ આવે. જેમ કે તેના કોટની દીવાલો, દરવાજા અને શહેરનાં મહત્ત્વનાં મકાનો પર રોજ રાતે રોશની થાય છે તે બહુ જ અજુગતાં અને અરુચિકર લાગે છે. નવી નવી, આધુનિક શૈલીની ઊંચી હૉટેલો બંધાય છે કે જેનો શહેરનાં જુગ જૂનાં બાંધકામો સાથે સમન્વય નથી મળતો... છતાં, જેરુસલેમ મનમાં જે ભાવના, જે ઉત્તાપ ઉત્પન્ન કરે છે તેને આ બધ અદ્યતનતા અને વર્તમાનતા સાથે સંબંધ નથી. એને સંબંધ છે મનુષ્યના મનના આદિપણા સાથે... સત્ત્વનાં ઊંડા સંવેદનો સાથે.

જેરુસલેમને જોયા અને જાણ્યાનો નિજાનંદ એ પ્રથમ ક્ષણથી જ શરૂ થઈ જાય છે અને હંમેશાં મન પર છવાયેલો રહે છે.



## રશિયાનાં બે મહાનગર

કયું ક્રિયાપદ આપવું આ વાકયને? એક અજબગજબનો દેશ — હતો? નથી રહ્યો? નથી? ફરી કયારેય નહીં હોય?

આવી જટિલ થઈ ગઈ છે હકીકત એને માટેની. એ દેશ તે વર્ષોનાં વર્ષોથી ‘લોખંડી પડદા’ પાછળ રહેલો મહાદેશ સોવિયેત યુનિયન. એનું આખું નામ તો યુ.આર.એસ.આર.

— એટલે કે 'યુનાઈટેડ સ્ટેટસ ઑફ સોવિયેત રશિયા' થાય. પણ બોલચાલમાં સોવિયેત યુનિયન કે યુ.એસ.એસ.આર. જ વપરાય. છતાં, અગણ્ય લોકો એને 'રશિયા' તરીકે જ ઓળખે છે. એ મોટી ભૂલ કહેવાય, કારણ કે 'રશિયા' ખરેખર તો એનાં રાજ્યોમાંનું એક — છે, હતું, નથી... વગેરે.

સોવિયેત યુનિયનનો ભૂતકાળ તો એટલો દૂરથી દૂર શરૂ થાય છે ને વિગતોથી એટલો તો ભરેલો છે કે એના પરનું ઢાંકણું ના ખોલીએ તે જ સારું છે. વળી, એ ખોલવા જેટલું મારું ગજું પણ કયાં? પણ બન્યું એવું કે ત્રણ અઠવાડિયાં ત્યાંનાં કેટલાંક રાજ્યોમાં ફરીને સોવિયેત યુનિયનથી ઘેર પાછી જવા હું નીકળી એને પછીને જ દિવસે, એના ઇતિહાસનું એક નવું જ પાનું કશી જુદી જ વાત-વિગતથી, સાવ અચાનક ભરાઈ ગયું. એ દિવસે, દસકાઓથી કડક શાસન કરતી આવેલી એની સામ્યવાદી સરકારનું પતન થયું — ખરેખર, સાવ અચાનક. સવારના પહોરથી સૈનિકો ને સેનાપતિઓ હથિયાર અને ટૅન્કો લઈને મૉસ્કોના રાજમાર્ગો પર નીકળી પડયા અને ગૉર્બાચેવની સરકારને ઉથલાવી પાડી. તે જ વખતે, જે મોટો એક દેશ હતો તેના 'ટુકડેટુકડા' થઈ ગયા. દરેક રાજ્યે પોતપોતાની સ્વતંત્રતા જાહેર કરી અને દેશનું બિરૂદ અપનાવી લીધું. રશિયા પોતે પણ એક મોટું રાજ્ય મટીને એક દેશ બન્યું. એના ઊંડે ઊંડેના તળ ભાગોમાં વસતી ગરીબ ખેડૂતપ્રજાને આ ફેરફારની જાણે ખબર ના પડી, કારણ કે એમનાં જીવનમાં કયાં કશું બદલાવાનું હતું? પણ શહેરના લોકોનાં જીવન ચોવીસ કલાકમાં ઘણી રીતે બદલાઈ ગયાં.

ઐતિહાસિક રીતે જુઓ તો જરૂર એમ કહી શકાય કે સોવિયેત યુનિયનના સામ્યવાદી મહાસામ્રાજ્યના છેલ્લામાં છેલ્લા દિવસે હું ત્યાં હતી! નવાઈ તો એ છે કે અમને પ્રવાસીઓને કે ત્યાંની પ્રજાને જરા પણ ગંધ આવી નહોતી. ૧૯૯૧ના ઑગસ્ટની આ વાત છે. ઘણાં વર્ષો પહેલાં હું સોવિયેત યુનિયન ગઈ હતી પણ ત્યારે કેવળ મૉસ્કો જ જોયું હતું. તેથી ફરીથી એ દેશનો વારો કાઢયો હતો. એ સમયે હજી ત્યાં એકલાં ફરવું મુશ્કેલ હતું. ફક્ત જોખમની જ દૃષ્ટિએ નહીં પણ ત્યાં પ્રવાસીઓના સમૂહોની જ સગવડ સાચવવાનો ધારો બનેલો હતો તેથી. સત્તાવાર રીતે, દસ્તાવેજી કામ માટે ગયેલાં બે કે ત્રણ જણને હોટેલોના રૂમ મેળવતાં, ત્યાંના ભોજનખંડોમાં ટેબલ મેળવતાં પડતી તકલીફો વિષે મેં વાંચ્યું હતું. વળી, ભાષા જુદી ને આપણે રહ્યાં નિરામિષ. તેથી ન્યૂયૉર્કથી હું એક જૂથમાં જોડાઈ હતી. આમ છતાં ખાવામાં પડેલી તકલીફોની તો શું વાત કરવી!

મૉસ્કો શહેરનું વિમાનમથક મારી યાદદાસ્તમાં હતું : લીલી ધરતી, સાવ સપાટ, ચમકતું થોડું પાણી અને મથકની આસપાસ ગાઢ જંગલો હતાં. હવે તો ઘણાંયે સાફ કરી

નંખાયાં છે. ત્યાંથી શહેરમાં જતાં ખાસ્સી વાર લાગી — લગભગ કલાક જેટલી. પણ પહોળો, સરસ રસ્તો હતો. ચંદ્ર પૂનમનો હતો, આકાશમાં ઊંચે હતો અને બસમાં હું બેઠેલી એ તરફ હતો!

હોટેલમાં પહોંચતાં તો જોયું કે ખૂબ વિસ્તૃત પ્રવેશવિભાગ ઝાકઝમાળ હતો અને લોકો — જાપાની, યુરોપી, મધ્યપૂર્વીય પ્રવાસીઓથી ભરપૂર હતો. જાણે રાત હજી પડી જ નહોતી. મોટી, ગોળ ફરતી સીડી ને ચોતરફ મૅઝેનિન સ્તર પર દુકાનો, પીઠું, ચોવીસ કલાક ખુલ્લી બૅન્ક, સ્ત્રીઓના હેરડ્રેસર, વિડિયોહૉલ વગેરે.

મૉસ્કોનો સૌથી અગત્યનો ને પ્રવાસીઓને સૌથી વધારે રસપ્રદ લાગતો હોય છે તે ભાગ એટલે ‘રેડ સ્ક્વેર’. પથ્થરોથી જડેલો અતિ વિશાળ નગરચૉક. એની અગત્ય, એનું આકર્ષણ અને એનું જાજ્વલ્ય કયારે પણ ઓછું નહીં થવાનું. એની ચારે તરફ અસાધારણ દેખાવવાળી ઇમારતો છે. બસો ઊભી રહે ત્યાં સામે જ છે સૅન્ટ બેઝલનું કૅથિડ્રાલ. સોળમી સદીમાં ‘આઈવાન ધ ટૅરિબલ’ તરીકે ઓળખાતા ઝાર રાજાએ એ બંધાવેલું. લાક્ષણિક ‘ડુંગળી’ના આકારના નવ ઘુમ્મટ એના પર શોભે છે. બહારથી એ બધા રંગરંગીન ચિતરાયેલા છે, તો અંદર દીવાલોથી છત સુધી, ખ્રિસ્તી ધર્મને લગતી કથાઓ નિરૂપતાં ચિત્રો કરાયેલાં છે. ભુલભુલામણી જેવી રીતે અંદરની રચના છે. કેટલાક ઓરડામાં ધાર્મિક કાષ્ઠચિત્રો હતાં. એમને ‘સાચવવા’ બેઠેલી વૃદ્ધાઓમાંની એક નીચું જોઈને વાંચતી હતી; બીજી પ્રાર્થનામાં જોડેલા હાથ ખોળામાં મૂકી ઊંઘી ગઈ હતી. પ્રવાસીઓની આવનજાવનની એમને કશી પડી નહોતી.

બીજી તરફ છે વિખ્યાત ‘ગુમ’ ડિપાર્ટમેન્ટ સ્ટોર. બહાર અને અંદરથી સ્થાપત્યની રીતે જોવા જેવો છે. લોકોની ભીડ ઘણી. અંદર ભાગ પાડેલી નાની નાની દુકાનો. વસ્તુઓ કશી ના હોય એમ પણ બને. દેશની આર્થિક સ્થિતિના ઠેકાણાં ત્યારે પણ ન હતાં. બળ ને બળજબરીની રીતે સોવિયેત યુનિયન બહુ સત્તાવાન કહેવાય, પણ જનસાધારણનાં જીવન બહુ અપૂરતાં. ચાદર-ગલેફની દુકાનમાં સૌથી વધારે ટોળાં હતાં. ‘ગુમ’માંથી કશું ખરીદ્યું — એમ સંતોષ થાય તેથી એક હાટડીમાંથી મેં એક સાબુ ખરીદ્યો!

ચૉકની દૂરની તરફ એક સંગ્રહાલયનું મકાન દેખાય. ફ઼ોટો લેવાનું તરત મન થઈ જાય એવું સરસ. ધ્યાન ખેંચાયેલું રહે કાળા સંગેમરમરથી બનાવેલી, લૅનિનની સમાધિની તરફ. લશ્કરી ગણવેશ પહેરેલા સૈનિકોનો પહેરો ત્યાં હરદમ રહે છે. પાછળ લોકનેતા સ્ટાલિન, બ્રેઝનેવ અને ગાગારિન વગેરે દફનાવાયેલા છે. એ બધું જોવા માટે લાઈનો

થયેલી હતી — શાળાનાં વિદ્યાર્થીઓ, ગામડેથી આવેલાં રશિયનો ને પ્રવાસીઓની. એ લાઈનમાં ઊભાં રહી લૅનિનના સમાધિસ્થાનની અંદર જવા જેટલો સમય અમારી પાસે ન હતો.

એની પાછળની ઊંચી દીવાલો કોટ ને કાંગારાની ઊંચે થઈને દેખાતા હતા, ક્રેમલિનનાં સોનેરી ઘુમ્મટો, વૃક્ષો ને મિનારા. ક્રેમલિન એટલે ત્ઝાર રાજાઓનું ધનસંપત્તિમંડિત નિવાસસંકુલ ને આધુનિક રશિયાનું 'લાલ લાલ' હૃદય. એમાંના કુલ વીસ મિનારાઓમાંના પાંચ ઉપર સામ્યવાદના પ્રતીક લાલ તારા લગાવેલા છે. દૂરથી, પાસેથી, દીવાલોની પાછળથી, મૉસ્કવા નદીને તીરેથી — જ્યાંથી જુઓ ત્યાંથી ક્રેમલિનની ઝાંખી તો સુંદર જ થાય. પણ એના પરિસરની અંદર ગયા પછી તો એનું વર્ણન કરવું પણ કઠિન છે.

ક્રેમલિનનો ઇતિહાસ એટલે મૉસ્કો અને આખા રશિયાનો ઇતિહાસ. ૧૧૨૮માં એનું ક્ષેત્રફળ સાત એકર જેટલું હતું, આજે સિત્તેર એકર જેટલું હશે. હવે ત્યાં રાજકારણીય કોઈ રહેતું નથી પણ સોવિયેત યુનિયનના વડા અને રશિયા રાજ્યના વડા સાથે દુનિયાના નેતાઓની મુલાકાતો યોજાય છે અને કળાકૃતિઓથી ખચીત દેવળો છે. બધાં ૧૫મી સદીનાં વિરચન છે અને બીજાં કેટલાંય મહત્તાનાં ચિહ્ન — દેશની મોટામાં મોટી તોપ, લોખંડમાં ઢાળેલો મોટામાં મોટો ઘંટ!

મૉસ્કવા નદીમાં હોડી ધીમી ગતિએ જાય છે. પ્રજાજનો કરતાં વીસ-પચીસ ગણા પૈસા આપીને અમે સહેલ લીધેલી. ગૉર્કી પાર્કમાં ઉજાણી કરવા કેટલાંયે કુટુંબો આવેલાં. ઝાડ, પાન, ઘાસ, નાનું તળાવ, નિરાંત મળે એવો પરિસર. ખૂબ મોટા ચગડોળમાં ચડીને, બીક લાગે તોયે આંખો ખુલ્લી રાખીને દૂર સુધીનો પરિસર જોયેલો. આ મૉસ્કો નગર, પહેલાં જોયેલા કોઈ પણ શહેરથી વધારે સ્વચ્છ છે અને વધારે ભવ્ય છે. એનું મુખ્ય પુસ્તકાલય ૧૯મી સદીમાં બંધાયેલું ને દુનિયાનું ત્રીજા નંબરનું ગણાય છે. લંડનની બ્રિટિશ લાઈબ્રેરી અને વૉશિંગ્ટનની લાઈબ્રેરી ઑફ કૉંગ્રેસ પછી. મહાન લેખક ટૉલ્સ્ટૉય જ્યાં શિયાળો ગાળતા તે મૉસ્કોમાં હજી ત્રણસોએક દેવળ હશે. ઉપરાંત, સત્તર જેટલી ફૅકલ્ટીઓમાં પરોવાયેલાં ત્રીસેક હજાર વિદ્યાર્થી સંખ્યાવાળી યુનિવર્સિટી વિશ્વવિખ્યાત છે. વિજ્ઞાનની શાખાઓ અને તબીબી વિદ્યાના અભ્યાસ માટે તો ત્યાં દુનિયાભરમાંથી વિદ્યાર્થીઓ આવે છે.

મૉસ્કોની એક વધુ અજાયબી તે ત્યાંની ભૂગર્ભરેલ છે. ૧૯૩૫માં શરૂ થઈ ત્યારે એનાં પાંચ સ્ટેશન હતાં. આજે બસો કિ.મી.ના એના પ્રસ્તારમાં ૧૩૦ સ્ટેશન છે. મોટા

ભાગનાં સ્ટેશનો જાણે ભૂસ્તરની નીચેના મહેલો જોઈ લો. કપચીની રમ્ય કળાકૃતિઓ, આરસના સ્તંભો, ઝુમ્મરો. જેનાં ઘણાં વખાણ સાંભળ્યાં હતાં તે ભૂગર્ભ વિસ્તારમાં મેં ઘણા આંટા માર્યા! નવ જુદી જુદી ટ્રેનલાઈનો છે — દરેક નકશામાં જુદા રંગોથી દર્શાવાય છે. દરેક સ્ટેશનના સુશોભનનું વિષયવસ્તુ પણ જુદું હોય છે — વિમાન, ફુગ્ગા, ફૂલ, પંખી, બરફ ઇત્યાદિ.

એક નાટ્યગૃહની અંદરની નાની એક દુકાનમાંથી મને એક અમૂલ્ય ચીજ મળી ગઈ — દોઢ બાય અઢી ઇંચના, પિત્તળના એ ચકતા પર ઇશુ ખ્રિસ્તના જીવનની બાબતો તથા પ્રાચીન સિરિલિક લિપિ કોતરેલાં હતાં. બસોથી પણ વધારે વર્ષો જૂનું એ ચકતું હોઈ બધું થોડું ઘસાઈ ગયેલું હતું. આટલું પ્રાચીન અને એક ધાર્મિક ચિહ્ન, મારી નજર એના પર જ પડી. અપ્રાપ્ય, અલભ્ય વસ્તુ. વળી, એની કિંમત નજીવી હતી. તરત મેં એ ખરીદી લીધું. પ્રાચીન, ધાર્મિક ચિહ્ન સોવિયેત યુનિયનની બહાર લઈ જવાની મનાઈ છે — એ જાણ હતી. તેથી મનને મેં તૈયાર કરવા માંડેલું પણ કસ્ટમ્સમાં એ પકડાયું નહીં. એ મને જ મળે, એ નિર્મિતિ હતી. ઘેર આવ્યા પછી, ખૂબ આદરપૂર્વક મેં એને તુલસીના મણકા અને રુદ્રાક્ષ સાથે સુંદર રીતે ગાંઠ્યું. એ હારને પહેરું ત્યારે એ ચકતું મારા હૃદય સરસું રહે છે. એ મને પ્રાપ્ત થયું એને મારું બડભાગ્ય સમજું છું.

મૉસ્કોની વાત પતાવતાં પહેલાં આર્બાત સ્ટ્રીટનો ઉલ્લેખ કરી લેવો જોઈએ. શહેરના જૂના ભાગમાં એ આવેલી છે. ત્યાંના કલાકારો, માર્ગગાયકો વગેરે તથા પ્રવાસીઓ માટે એ પ્રિય ગલી રહી છે. હવે તો ખૂબ ભીડ રહે છે ત્યાં અને ખિસ્સાકાતરુઓનો ડર. જિપ્સી જાતિનાં કિશોર-કિશોરીઓ તો પ્રવાસીઓ ઉપર તૂટી જ પડે છે ને સિફ્તથી એમને લૂંટી લે છે. એવાં છોકરાંના મેં જોયેલાં ટોળામાં એક છોકરી દેખીતી રીતે જ આગેવાન જેવી હતી. બસની સામે એ કૂદી, નાચી, નખરાં કરીને ઊભી રહી, ચાળા પાડતી રહી. એના કપાળ પર ચાંદલાની જગ્યાએ બે છૂંદણાં હતાં. એ દેખાતી હતી સુંદર, પણ એ ને બીજાં બધાં હતાં સાવ લઘરવઘર, ગંદાં, બેફીકરાં, તોછડાં.

મૉસ્કોનું ટ્રેનસ્ટેશન ખૂબ મોટું છે પણ અમે અંદર ગયાં નહીં. બહારથી જ, અંધારામાં થઈને, ઉબડખાબડ રસ્તે ખુલ્લા પ્લૅટફૉર્મ પર પહોંચ્યાં. ટ્રેન ઊભી જ હતી. પૉર્ટરને પૈસા ડૉલરમાં જોઈતા હતા. કહે, “રૂબલ્સ તો નકામા છે.” બબ્બે જણ માટેના કમ્પાર્ટમેન્ટ સરસ ને ચોખ્ખા હતા. મને તો સરસ ઊંઘ આવી ગઈ!

સવારે આઠ વાગ્યે લૅનિનગ્રાડ આવી પહોંચ્યું. શહેરની વચમાં આવેલી હોટેલ

આસ્ટોરિયા આખા પ્રવાસની સૌથી સરસ હોટેલ હતી. સવારનો નાસ્તો ત્યાં ઠીક મળતો હતો — પૉરિજ, પાઉંરોટી, કૉફી. પણ જમવાનું બહુ દુઃખદાયક હતું. મારે માટે તો પરિસ્થિતિ લગભગ બધે આવી જ રહેલી.

પિટર ધ ગ્રેટ દ્વારા વસાવેલું આ સુંદર શહેર ૧૭૦૩માં દેશનું પાટનગર હતું. ૧૯૧૪માં જર્મન વિજેતાઓએ એનું નામ પેટ્રોગ્રાડ કર્યું. ૧૯૧૮માં સરકારે રાજધાની મૉસ્કોમાં ખસેડી. પણ હંમેશાં અને હજી સુધી એ મહત્ત્વનું સાંસ્કૃતિક, આર્થિક ને રાજકારણીય કેન્દ્ર રહ્યું છે. પ્રજાનો ૭૦X ભાગ એનું નામ ‘લૅનિનગ્રાડ’માંથી બદલીને ‘સેન્ટ પિટર્સબર્ગ’ કરવાના મતનો હતો. સામ્યવાદની પડતીની સાથે જ એ ઇચ્છા પૂરી થઈ ગઈ.

આ શહેરમાં એક મસ્જિદ, બે યહૂદી મંદિર અને ત્રીસ જેટલાં કાર્યરત દેવળ છે. સેન્ટ નિકોલસ નગરદેવ છે. એમનું ચર્ચ હંમેશાં ખુલ્લું રહે છે. ખૂબ સુંદર સ્થાપત્ય છે એનું. બહારથી ભૂરું, સફેદ અને કારીગીરીથી યુક્ત. અંદર જુઓ તો સોનેરી રંગેલી ફ્રેમો, દેવતાનાં પૂતળાં, સળગતી મીણબત્તીઓ, પ્રાર્થના ચાલુ હતી. કફન જોઈને લાગ્યું કે મૃતાત્મા માટે પ્રાર્થના થઈ રહી હતી. ઘણી પૂજા ને કર્મકાંડ આપણાંમાં હોય છે તેવાં લાગે. બહારના બગીચામાં ઘણાં ઝાડ હતાં. ઝાડની ઉપર પારેવાં અને નીચે પીંછાં પડેલાં હતાં. વૃદ્ધ સ્ત્રીઓ ભીખ માગતી હતી, યુવકો નાની ચીજો વેચતા હતા, નાના છોકરાઓ ચૉકલેટ કે ચ્યુઇંગ ગમ માગતા હતા.

નિવા નદીને તીરે વસેલું આ શહેર અતીવ સુંદર છે. એના વહેણના બેતાલીસ જેટલા ટાપુઓ પર શહેર સ્થિત છે. યુરોપની સૌથી ઝડપી, સૌથી ઊંડી ગણાતી નિવાનું પાણી હંમેશાં ઠંડું જ રહે છે. નહેરો થઈને એ શહેરમાં ફરી વળેલી છે. એના પર ૩૨૨ તો પુલો છે. બન્ને કિનારાઓ પર ભવ્ય પ્રાસાદોની હારની હાર છે. આછા કમનીય રંગોથી એ બધા નિખરી ઊઠેલા છે — આછો ગુલાબી, આછો લીલો, આછો પીળો. ઉપરાંત, સુશોભનીય, સ્થાપત્ય. શહેરના નામ માટે ખેંચાખેંચ થતી રહી હશે પણ સૌંદર્યમંડિતતા માટેની એની ખ્યાતિ સદાકાળ સાર્થક બની રહી છે. હિલ્લોળા લેતી નદી અને એના પરની શાનદાર પ્રાસાદપંક્તિનું દર્શન ખૂબ સુભગ હતું.

નજીકમાં આવેલો ‘પૅલેસ-સ્કૅવર’ લૅનિનગ્રાડમાં બહુ મોખરાનું સ્થાન છે. દેશના ઇતિહાસની ત્રણ ક્રાંતિ ત્યાંથી જ આરંભાયેલી. એમાં ખોડાયેલા, ગ્રેનાઈટનો બનેલો ‘ઍલૅક્ઝાન્ડર સ્તંભ’ દુનિયામાં લાંબામાં લાંબો ગણાય છે. નૅપોલિયનના વિજયના માનમાં

૧૮૧૨માં એ બનાવાયેલો. 'નેવસ્કિ પ્રૉસ્પેક્ટ' નામનો શહેરનો જૂનામાં જૂનો રસ્તો છે. ત્યાં દુકાનો જ દુકાનો અને લોકોની ખૂબ જ ભીડ. શહેરના મોટા બધા જ રસ્તાઓ પહોળા છે અને જ્યાં ને ત્યાં મોટા ઘેઘૂર વૃક્ષો છે. શહેરનાં બાગબગીચાઓ અને રસ્તાઓનાં નામોમાં પુશ્કિન, ટૉલ્સ્ટૉય, દૉસ્તોવસ્કિ વગેરે પણ જોવા મળી જાય. એક વિભાગમાં એ બધાની કબરો પણ મોજૂદ છે. દેશની સૌથી જાણીતી લૅનિનગ્રાડ યુનિવર્સિટી મોટા વિસ્તારમાં ફેલાયેલી છે. લાલ અને સફેદ રંગેલું, એના વહીવટી ખાતાનું મકાન શહેરમાં સૌથી જૂનું ગણાય છે. ચૌદ હજાર જેટલાં વિદ્યાર્થીઓની સંખ્યામાં પરદેશથી આવીને ભણતાં હજારેક વિદ્યાર્થીઓ પણ ખરાં. ઓહો, આખા શહેરમાં કેટલાંયે સ્મારકો અને કેટલાંયે શિલ્પ. ધ્યાન અને નજર એવાં તો ગૂંચવાઈ જાય કે કયાં જોવું ને કયાં ના જોવું!

લૅનિનગ્રાડમાં મ્યુઝિયમોનો પાર નથી — રશિયન સાહિત્ય, પ્રાચીનકળા, સમકાલીનકળા, ખનીજતત્ત્વ, ઈતિહાસ, ધાર્મિકકળા વગેરે પ્રદર્શિત કરતાં સંગ્રહાલયો. એ સર્વેમાં મુકુટમણિ જેવું વિશ્વવિખ્યાત સંગ્રહાગાર તે 'હર્મિટેજ' છે. શહેરના પાંચ પ્રાસાદમાંના બેની અંદર હર્મિટેજનો અખૂટ કળાભંડાર વસાવાયેલો છે. બસો ને બસો ભરીને લોકપ્રવાસીઓ એ જોવા આવે. મોટું એટલું અને એમાંનો ખજાનો એટલો કે દસમા ભાગનું પણ ના જોવા મળે.

હર્મિટેજમાં અંદર જતાં જ બૂટ-ચંપલની ઉપર કપડાંનાં મોજાં પહેરી લેવા પડે જેથી ફર્શને ઘસારો ના પહોંચે. સંગેમરમરનાં પહોળાં સોપાનો ચડીને ઉપર જાઓ એટલે બસ, ચિત્રો, શિલ્પો; કાચની ને ધાતુની ચીજો. યુરોપી, ચીની, એશિયાની વિવિધ પ્રકારની કળા સંચયિત થયેલી છે. ઉપરાંત, પ્રાસાદનું પોતાનું આગવું સ્થાપત્ય — એના વિશાળ ખંડો, દીવાલ પરના મુકુર, છત પરનું સુશોભન, સ્ફટિકનાં મોટાં મોટાં ઝુમ્મર, બારીક કારીગીરીથી યુક્ત પ્રાચીન ફર્નિચર. કયાંયે ખાલી જગ્યા જ નહીં. આંખને જરા પણ આરામ નહીં! હર્મિટેજમાં કુલ દોઢસો ઓરડા છે. દરેકના બારણાની આસપાસની સોનેરી ભાત પાછી જુદી. અરે, લાકડાના ફર્શની અંદર રચેલી ભૌમિતિક આકૃતિ પણ દરેક ઓરડામાં જુદી! આખા આ પ્રાસાદદ્વયમાં સર્વત્ર સતત સમારકામ ચાલતું જ રહે છે. બીજાં નાનાં મકાન પણ, વધારે કળાકૃતિઓ સમાવી શકાય તે માટે તૈયાર થઈ રહ્યાં છે. એ પછી ફરી લૅનિનગ્રાડ કે સેન્ટ પિટર્સબર્ગ જવું પડશે.

હર્મિટેજ વિષે મારી ડાયરીમાં તો મેં પાનાં ભરીને લખ્યું છે. એવી જ રીતે, જે બીજા બે પ્રાસાદો જોયા હતા એમને માટે પણ પાનાં ભર્યાં છે. પણ જેમ એમની અંદરની બધી કળાકૃતિઓ અને કળામય વિગતો જોવી મુશ્કેલ છે તેમ વર્ણવવી પણ મુશ્કેલ છે. અંદરથી

અને બહારથી આ ઇમારતોનાં પરિમાણ જ એવાં વિપુલ છે — ૧૦૧૬ ઓરડા, ૧૧૨ સીડીઓ, રોજના પાંત્રીસ હજાર પ્રેક્ષકો, લાખો ચિત્રો, લાખો શિલ્પો, બે એકરના વિસ્તાર વગેરે વગેરે... કે વાંચતાં બધું કોઈ કાલ્પનિક કથા જેવું જ લાગે.

લૅનિનગ્રાડ ઐતિહાસિક શહેર છે ને ડગલે ને પગલે ભૌતિક પ્રમાણો દ્વારા ઇતિહાસ ત્યાં છતો રહે છે. તારીખ-તવારિખમાં બહુ ના પડીએ તો પણ ઇમારતો જોઈને જ ૧૮મી-૧૯મી સદીઓની જાહોજલાલીની ઝાંખી થાય. એવી વધુ એક ઇમારત સેન્ટ આઈઝાક કૅથિડ્રાલ છે. ૧૯મી સદીના મધ્યનાં વર્ષોમાં એ મહાદેવળ બંધાયેલું. કુલ ૨૨ ડિઝાઈનોમાંથી આ ઝારે પસંદ કરેલી. યુરોપથી ૨૨૦૦ કલાકારોએ આવીને એની અંદરનાં ચિત્રો તથા કપચીકામમાં મદદ કરેલી. ચાર લાખ કેદીઓને એના બાંધકામમાં કામે લગાડેલા. વિશ્વમાં મોટામાં મોટું દેવળ આ છે. ચૌદ હજાર લોકો એમાં સમાઈ શકે છે. રોમનું 'સેન્ટ પિટર' અને લંડનનું 'સેન્ટ પૉલ' પણ આની આગળ નાનાં છે. ૮૦૦ ચો.મિ.નો એનો ઘુમ્મટ ૩૦૦ મિ. ઊંચો છે. એનું અંદરનું શોભાકાર્ય કરતાં ચાર કલાકારોને બાર વર્ષ લાગેલાં. ઉપરનીચે, આગળપાછળ બધું જાણે જોયા જ કરીએ. બહાર નીકળવાનું મન જ ના થાય.

સમય મળતાં ટેવ પ્રમાણે હું એકલી પણ શહેરમાં ચાલવા નીકળી પડેલી. નદીકિનારે, પ્રાસાદોની પાસે, પુલો પર, નગરચૉકમાં થતાં થતાં હું ઘણું ફરેલી. ભૂગર્ભરેલમાં પણ આંટો મારી આવી પણ મૉસ્કો જેવા સ્ટેશન અહીં નથી. સાવ સાદાં છે. એક બાગમાં નિરંતર જ્યોત બળતી હતી. ૧૯૧૭-૧૮ના કોમી યુદ્ધમાં મૃત્યુ પામેલા યહુદીઓ માટેનું એ સ્મારક હતું. એ જ વખતે એક નવું પરણેલું યુગલ ત્યાં આવ્યું ને ત્યાં ફૂલો મૂક્યાં. એક મિનિટ પણ એ પછી ત્યાં એ ઊભું ના રહ્યું. ઊલટું, મેં ઘણો વધારે સમય ત્યાં ગાળ્યો. લીલા શાંત પરિસરમાં, સરસ તડકામાં પાસેની બેન્ચ પર હું બેઠી.

દૂરથી એક સરસ ચર્ચ દેખાતું રહેલું. એ તરફ હું પછી ગઈ. એક નાની નહેર પર એ આવેલું હતું અને એના પર સમારકામ ચાલી રહ્યું હતું. અંદર ખૂબ સુંદર કપચીકામ જોવા મળ્યું. બીજો એક જ માણસ અંદર હતો. એ પ્રાર્થનારત હતો અને ઇશુની પ્રતિમા સામે ઊંચે એની નજર હતી.

'નેવસ્કિ પ્રૉસ્પેક્ટ' ત્યાં જ હતો. હંમેશ મુજબ ત્યાં ભીડ હતી. બેત્રણ દુકાનોમાં જરા ડોકિયા કર્યાં. બહાર એક ભીંતને અઢેલીને કેટલાંક યુવાન ચિત્રકારોએ કૃતિઓ વેચવા મૂકેલી. મરિના નામની એક ઊંચી છોકરીનું કામ મને ગમ્યું ને મૉસ્કો-લૅનિનગ્રાડની

મુખ્ય ઇમારતો આલેખેલાં ત્રણ ચિત્ર મેં ખરીદ્યાં. બીજી એક ગલીને નાકે, રથયાત્રાની જાહેરાતના પોસ્ટરની પાસે ઊભો રહીને એક યુવક રશિયન ભાષામાં લખાયેલી ‘ઇસ્કૉન’ની ચોપડીઓ વેચતો હતો. એણે કહ્યું કે આખા દેશમાં સો જેટલાં એમનાં કેન્દ્ર હતાં. લૅનિનગ્રાડમાં તો ચારસો-પાંચસો ચેલા હતા ને ‘ગોવિંદા’ રૅસ્ટોરાં પણ હતી. રથયાત્રામાં અઢીસો-ત્રણસો લોકો જોડાશે એવી ધારણા હતી.

આમ એકલાં ફરવું મને બહુ સારું લાગ્યું. એકલી ફરું, આમ ત્યાંના લોકો સાથે વાતો કરું ત્યારે મને થાય કે જાણે હું તે તે સ્થાનની પ્રજામાં ભળી ગઈ છું ને ખરેખર એ હોય છે મારા પ્રવાસોનો ઉદ્દેશ.



## રોમાંચક નામો, રોમાંચક નગરો

નાનકડા એ વિમાનની અંદર ગયા પછી પણ ઠંડી લાગતી હતી. અંધારી મોડી રાતનો એ સમય હતો. મૉસ્કોના વિમાનમથકેથી રાતે છેક બે વાગ્યે તો વિમાન ઊપડયું. અગ્નિ દિશા તરફ એ જવા માંડયું પછી થોડા જ સમયમાં, પશ્ચિમે ચંદ્રનો પ્રકાશ ઝંખવાવા લાગ્યો અને પૂર્વમાં ઘેરો કેસરી પટ્ટો દૃષ્ટિગત થયો. ત્યારે નીચેની ધરતી હજી કથ્થઈ અને રેતાળ હતી. રેતીના પ્રસ્તાર અને માટીની ભેખડો વચ્ચે એક નાનકડી નદી દેખાતી હતી. ઉઝબેકિસ્તાન રાજ્યની એ ભૂમિ હતી. પછીથી લીલાં ખેતરો અને રહેઠાણોનાં ઝૂમખાં દેખાયાં — જાણે કોઈ રણદ્વીપ ના હોય! નજીક આવતું જતું હતું તે શહેર હતું સમરકંદ.

નાનપણથી જેમનાં નામ કોઈ અગમ્ય રોમાંચના સંદર્ભ સાથે સાંભળ્યાં હતાં તે બે શહેરો — સમરકંદ અને બુખારા. હું મારી નરી આંખે, જીવતાંજીવત જોવા પામવાની હતી. વાયકા તો એવી હતી કે સુંદરીના એક તલ પર સમરકંદ ને બુખારા ન્યોછાવર કરી દેવા બાદશાહો અને પાગલ પ્રેમીઓ તૈયાર હતા. એ હશે કોઈ અજનબી, અજીબોગરીબ વક્તની વાત ને છતાં એ જાણે સાચી પડી રહી હતી. નસીબની બલિહારી (અને વરની કૃપા) હતી કે એ શહેરો મારા પર ‘ન્યોછાવર’ થઈ રહ્યાં હતાં! ભારતની તવારીખમાં આ પ્રાંત-પ્રદેશનું બહુ અગત્યનું સ્થાન છે, કારણ કે ત્યાંથી જ આરંભ થયો આપણે ત્યાંની મુગલ બાદશાહતનો. આખો પરિસર પહેલેથી જ દેખાતો હતો પણ ભારત જેવો.

ફરતાં ફરતાં પણ કેટલીયે વાર મને ભારત યાદ આવતું. તો સામે, ત્યાંના લોકો મને પણ ભારતીય તરીકે ઓળખી જતા. રસ્તા પર અંધારું હોય ત્યારે પણ. જ્યાં જાઉં ત્યાં લોકો પૂછ્યા જ કરે, 'હિન્દુસ્તાની? હિન્દુસ્તાની?' પછી બેગમ નહીં ને શાહજાદી હોવાનો 'વહેમ' ધારો કે મનમાં પેસી જાય તો કોઈનો વાંક કહેવાય કાંઈ એમાં?

સમરકંદની ઉંમરનો નિર્ણય કરવા માટે એના પ્રાચીન 'આફ્રાસિઆબ' વિભાગમાં હજી ખોદકામ ચાલુ જ છે. પણ ઍલેક્ઝાન્ડર ધ ગ્રેટ ૨૫૦૦ વર્ષ પહેલાં ત્યાં ચડી આવેલા. ત્યારે એનું નામ 'મોરાકાન્દા' પડેલું. પછી પર્શિયન અને ૧૫૦૦ વર્ષ પહેલાં ટર્કીશ સૈન્યો આવ્યાં. ટર્ક લોકો સ્થાનિક પ્રજા સાથે ઘણું ભળ્યા. ઉઝબેકી ભાષા પણ ફારસી અને તુર્કી જબાનોમાંથી જ નિપજી. પર્શિયન લોકોએ ત્યાં પણ સૂર્ય અને અગ્નિનાં મંદિરો બાંધેલાં. આઠમી સદીમાં અરબી વિજેતાઓએ ઇસ્લામનો પ્રવેશ કરાવ્યો. મસ્જિદો બનાવી, મદરસાઓ બનાવ્યા અને અરબી ભાષા દાખલ કરી. એ જ લિપિ પછી તો કાયદેસર બની.

નવમીથી તેરમી સદી દરમિયાન સમરકંદ વેપારનું બહુ મોટું કેન્દ્ર રહ્યું. કાચ, કાગળ, સિરૅમિક, જાજમો, ઊંટ, ઘેટાં વગેરેનું એ ધીકતું બજાર હતું. ૧૨૨૦ના દસકા દરમિયાન, ત્યાં પહોંચી ગયેલા મૉન્ગોલ શૂરવીર, ક્રૂરવીર, ચંગિઝખાને એમની ટેવ પ્રમાણે ત્યાં પણ વિનાશ સર્જ્યો. શહેરની ખાનાખરાબી થઈ, પ્રજાજનો ભાગી છૂટયા. તિમુરલંઘ વ્યવસ્થા અને સુરક્ષિતતા પાછી લઈ આવ્યા. સાતસો એક વર્ષ પહેલાં સમરકંદનું જાહેર કેન્દ્ર એમણે ફરીથી બાંધ્યું, જે 'રેજિસ્તાન સ્ક્વૅર' કહેવાય છે. ત્યાંથી શરૂ કરીને સૂર્યનાં કિરણોની જેમ જતી ગલીઓ બનાવી, નજીકમાં બજાર વસાવ્યું, આખા શહેરને એક ખૂબસૂરત જાજમના જેવું વિરચન બક્ષ્યું.

તિમુરલંઘના પૌત્ર ઉલુકબેગ છસો વર્ષ પહેલાં થઈ ગયા. એ ગણિતશાસ્ત્રી અને ખગોળજ્ઞ હતા. એમણે શોધી કાઢેલું કે પૃથ્વી ગોળાકાર છે. સૌથી પહેલી વેધશાળા એમણે બાંધેલી. દિલ્હી અને જયપુરનાં જંતરમંતર તો પછી આવ્યાં. અમેરિકા, ઇટાલી અને જાપાનની વેધશાળાઓ સાથે આ ઉલુકબેગ વેધશાળાની એકબદ્ધતા સિદ્ધ કરવામાં આવી છે. આમ તો, અત્યારે ત્યાં મ્યુઝિયમ થયેલું છે. ઉલુકબેગ તથા બીજા આદિ વિજ્ઞાનીઓનાં રેખાચિત્રો લટકાવેલાં છે. છપ્પન વર્ષની ઉંમરના ઉલુકબેગનું ખૂન થયેલું. અન્યત્ર આવેલી એમની કબરનો ફોટો પણ ત્યાં જોવા મળતો હતો.

પંદરમી સદીમાં વિજ્ઞાન અંગેનો, તેમજ ઇસ્લામ વિષે ખૂબ અભ્યાસ થયેલો. ઘણાં

પુસ્તકો લખાયેલાં. સત્તરમી સદીમાં સમરકંદમાં અનેક મસ્જિદો અને ધર્માભ્યાસ માટેના મદરસાઓ બંધાયેલા. આજના સમરકંદમાં આવા કોઈ મદરસા ચાલુ રહ્યાં નથી પણ અગિયાર જેટલી સક્રિય મસ્જિદો જરૂર છે. એમાં એક તિલાકારી મસ્જિદ અંદરથી સોનેરી છે. વીસ વર્ષ પહેલાં એમાં ઘણું સમારકામ કરાયું હતું ને ત્યારે બે કિલો સોનું અંદર ઢોળ આપવામાં વપરાયું હતું. દીવાલો પર વેલબૂટાની 'આરાબેસ્ક' શૈલીની ઝીણી ડિઝાઈન અને ચિત્રો હતાં. લોઢું, તાંબું, કોબાલ્ટ વગેરે ધાતુઓમાંથી મેળવેલા રંગો વાપરેલા ટાઈલ્સ બહારની બાજુ પર હતા. દીવાલો પરના રંગો પણ જુદાં જુદાં કુદરતી ધાતુ તત્ત્વોમાંથી બનાવવામાં આવે છે કે જેથી રંગ ટકી રહે.

આ પ્રદેશમાં ઋતુઓ અત્યંત કઠોર હોય છે. લાંબો સમય રહેતા, વળી થીજી જતા, બરફ સાથેના શિયાળામાં આકરી ઠંડી; તો ઉનાળામાં પ્રાણઘાતક ગરમી. અરે, મેં પણ ત્યાં ૧૧૦ ફેરનહિટ કે વધારે ડિગ્રીનો અનુભવ કરી લીધેલો ને! ઝાડની છાયામાં ફરીએ તો સહન થઈ જાય ને સાંજ પડયે સરસ ઠંડક પણ થઈ જાય — વર્ષો પહેલાં સરસ સૂકી હવાવાળા અમદાવાદમાં થતી હતી તેવી.

સમરકંદના લોકો શાંત, સંતોષી, મળતાવડા લાગે છે. છોકરીઓ તો હંમેશાં વાત કરવા આવે. જોકે અંગ્રેજી તો નામનું માંડ જાણે પણ ફોટા પડાવવાનો વાંધો ના લે. એક બહુ જ સુંદર બાલિકાએ સોનેરી, લાક્ષણિક ચોરસ આકારની ટોપી પહેરી હતી અને વાળને ઘણી બધી સેંરોમાં ગૂંથ્યા હતા. ફોટો પડાવવા માટે એ મેં કહ્યું એ પ્રમાણે, સરસ સ્મિત સાથે ઊભી રહી ગઈ. બહુ ખુશ થયલી. એની માતાએ ઇશારાથી સમજાવ્યું 'મારી દીકરી છે.' બદલામાં પૈસા કોઈ માગતું નથી — બીજા ગરીબ દેશોમાં કરે છે એમ. એટલે આનંદી ઉઝબેકી ચહેરા વધારે વહાલ ઉત્પન્ન કરે!

પહેલી જ સાંજે હું ફરવા નીકળી હતી. સ્થાનિક પ્રજાનું જીવન જોવા મળ્યું હતું. એક ગલીને નાકે એક માણસ માખણ વેચવા ઊભો હતો. સામે નાના ટેબલ પર મોટા પથરા જેટલું મોટું લંબચોરસ માખણનું ગચ્ચું હતું ને બાજુમાં વજન કરવાનો કાંટો હતો. એને હજી બહુ ઘરાકી નહોતી મળતી. વહેલી સાંજે હજી અવરજવર બહુ નહોતી!

મારી હોટેલમાં ત્રણ જુદી જુદી જગ્યાએ — આગલા વરંડામાં, પાછલા વરંડામાં અને અગિયારમા માળ પર ત્રણ વૃંદ સંગીત વગાડી રહ્યાં હતાં, પણ ઉઝબેકી લોકસંગીત નહીં. હવે બસ, બધે બધાંને પશ્ચિમી 'પૉપ્યુલર' મ્યુઝિક જ જોઈતું હોય છે. સામેના પહોળા રાજમાર્ગની પેલી તરફ એક ભારતીય કંસ્ટ્રક્શન કંપની પાંચસો રૂમની, મોટીમસ

એક હોટેલ બાંધી રહી હતી. એના નામનું મોટું પાટિયું વાંચેલું. નવાઈ પણ લાગેલી. થોડા દિવસ પછી બે ભારતીય કિએવમાં મળી ગયેલા. બન્ને સમરકંદની એ હોટેલના કામ માટે જ આવેલા. મને કહે, "તમે ત્યાં આવ્યા હોત તો સરસ ભારતીય ભોજન અમે તમને જમાડત." નોકર-રસોઈયા વગેરે બધી વ્યવસ્થા કંપની સ્ટાફ માટે કરી આપે છે. ભોજન તો ઘણું ભાવ્યું હોત પણ એમ ને એમ હું કાંઈ જઈ ઓછી ચડું?

સોવિયેટ યુનિયનમાં મને ખાવા માટે ખાસ્સી મુશ્કેલી નડેલી. ઉઝબેકીસ્તાનમાં કાંઈક ઠીક હતું. કયારેક કૂબી, રીંગણ, ટમેટાંનું ભેગું શાક મળી જતું, બાકી તળેલા બટાકા ને કોરો ભાત ખાઈ ખાઈને હું કંટાળી હતી. ઉઝબેકીસ્તાનમાં 'નાન' જેવું મળે ત્યારે નરમ સારું લાગે પણ ત્યાંની લાક્ષણિક ગોળ પાઉંરોટી દિવસે દિવસે સૂકી ને કડક થતી ગયેલી. પાણી સાથે પણ પછી તો એ ગળે ના ઊતરતી! બેકિંગ સોડા નાખ્યો હોય ને કેવી સૂકી થઈ જાય એવી હતી. જાડા રોટલા જેવી દેખાતી, એ પાઉંરોટી! પણ હોટેલના જમવાના ખંડમાં કામ કરતા ઉઝબેકી વેઈટરો મારું ખાસ ધ્યાન રાખતા. લળી લળીને, હસી હસીને મને આવકાર; મારે માટે ગરમ ગરમ ચ્હાનું પાણી; ઊઠું ત્યારે ખુરશી ખસેડવી આપવી વગેરે. એકની એક ભારતીય હતી ને તેથી. ના આવે મઝા?

સમરકંદને 'વિદ્યાર્થીઓથી ભરેલું શહેર' કહે છે. એની ચારેક લાખની વસતિમાંના ત્રણ ટકા તો ત્યાંના મહાવિદ્યાલયમાં અભ્યાસ કરે છે. આખી સંસ્થા જુદાં જુદાં મકાનોમાં વહેંચાયેલી છે. મારી સાથેનાં અમેરિકનો એમની રીતે શહેરને 'સૅમૅરકૅન્દ' કહેતાં હતાં. સ્થાનિક લોકો એનો ઉચ્ચાર 'સમરકઁદા' જેવો કરતાં લાગ્યાં. શહેરમાં બહુમાળી મકાનો ઓછાં છે. સિત્તેર ટકા લોકો પોતાનાં ઘરમાં રહેતાં હોય છે. દરેકને નાનો બાગ, ત્રણચાર ઓરડા, વચ્ચે ચૉક હોય. પૂરતાં હવાઉજાસ ને ઠંડક ત્યાં હંમેશાં રહે. શહેરમાં મોટાં મોટાં છસોથી હજાર વર્ષ જૂનાં કેટલાંયે ચિનાર વૃક્ષ છે. એમનાં જાડાં-પહોળાં થડ નીચે પાછાં નાનાં થડ ઊગતાં જાય. મસ્જિદોનાં મોટાં ચોગાનમાં આવાં ઝાડના બહોળા છાંયડા નીચે પુરુષો બેઠેલા દેખાય. એમાં મુલ્લા તો હોય અને પાડોશીઓ આવેલા હોય. મોટા ખાટલા પર બધા બેઠા હોય. આપણે જેને 'પાટ' કહીએ. એના પર ત્રણ બાજુએ લાકડાના ટેકા હોય, ગોળ તકિયા હોય ને અઢેલીને આ પુરુષો બપોર ગાળે. વાતો, ચર્ચા ને દુનિયાની ખબરો ઉપરાંત ખેતરો, પાક-પકવણી, ઉષ્ણતામાન વગેરેના સંદર્ભો પણ નીકળે. વચ્ચે પત્તાં પણ પડયાં હોય અને ગરમ ચ્હાથી ભરેલી સુરાહી ને નાનકડા પ્યાલા પણ ખરા જ. અહીં દૂધ કે ખાંડ નખાતાં નથી. ચ્હાનું પાણી જ હોય. ગરમી સખત ને એને આ ગરમ પીણું જ મ્હાત કરે.

શહેરના હવે તો નવા મહોલ્લાઓ થયેલા છે પણ જોવા જેવું બધું આપણને એના જૂના ભાગોમાં જ જણાય. જેમ કે, તિમુરલંઘનો મકબરો. એ મરણ પામેલા ૧૪૦૫માં ચીનને રસ્તે. અહીં એમની કબરની સાથે એમના ગુરુની, પૌત્રની ને ઉલુકબેગની કબરો પણ છે. એમની કબર ગાઢ, ઊંડા લીલા મરકતમણિમાંથી બનેલી છે ને ઉપર સોનેરી અક્ષરે કુરાનની આયાતો લખેલી છે. અહીં એક 'મિહરાબ' મક્કાની દિશામાં બનાવેલો પ્રાર્થનાનો ગોખલો પણ હતો. આમ તો મકબરામાં મિહરાબ હોય જ નહીં, પણ આ તો 'પાક મકબરો' ગણાય છે અને અહીં પણ લોકો મિન્નત કરવા આવે છે.

થોડે જ દૂર બીબી ખાતુન-તિમુરની સૌથી પ્રિય બેગમની મસ્જિદ હતી. સમરકંદની એ મોટામાં મોટી મસ્જિદ હતી પણ તદ્દન બિસ્માર હાલત થઈ ગયેલી. જેમ તિમુરના મકબરાને તેમ બીબી ખાતુનની મસ્જિદને પણ મરમ્મતની બહુ જ જરૂર હતી. જેટલું બચેલું તેટલું ઘેરા ભૂરા અને પિરોજા રંગોની ડિઝાઈનવાળા ટાઈલનું સુશોભન વીતી ગયેલી જાહોજલાલીનું પ્રતીક બનતું હતું.

'શાખ-ઇ-ઝિન્દા' એટલે કે 'જીવંત શાહ' અથવા રાજા નામની જગ્યા તો અત્યંત વિશિષ્ટ અને અસાધારણ હતી. જાત્રાનું એ પરમ ધામ ગણાતી હતી. બે વાર ત્યાં જાઓ તો મક્કા ગયા જેટલું પુણ્ય મળે, એવી વાયકા હતી. જતાં જ ખૂબ ઊંચા પગથિયાં હતાં. એમને ગણતાં ગણતાં ચડવા ને ઊતરવાનો પણ મહિમા હતો. ઉઝબેકી સ્ત્રીઓ એમ કરતી જતી હતી. હું ગણતરીમાં ગોટાળા કરતી હતી, કારણ કે મારું ધ્યાન નિરીક્ષણમાં હતું.

ઉપર જતી ગલી જેવી એ જગ્યા તિમુરનાં કુટુંબીજનો માટેનું કબ્રસ્તાન હતી. એમનાં ભત્રીજા, ભત્રીજીઓ ને બીજાં સગાં માટેના અનેક મકબરા બન્ને બાજુ નાના ઓરડાઓમાં બનાવેલા હતા. એક દરવાજાની અંદર નાની એક મસ્જિદ કરાઈ હતી. પૈગંબર મહમ્મદના એક 'કઝિન'ની 'પાક કબર' પણ ત્યાં હતી. એમના તો દરેક સગાની કબર પાક જ ગણાયને. એ કબર સોનાનાં પતરાંથી જડેલી હતી અને લાકડાની જાળીનાં કોતરણી-કાણાંમાંથી જ એ જોઈ શકાતી હતી. પ્રચલિત માન્યતા એવી હતી કે એ 'કઝિન' અમર થયેલા હતા અને બહિશ્તમાં જીવી રહ્યા હતા. આ કારણે આખું 'શાખ-ઇ-ઝિન્દા' ખૂબ અગત્યનું સ્થાન હતું.

આપણને મુગલ શૈલીનું લાગે તેવું સ્થાપત્ય, કોતરણી, ડિઝાઈન વગેરે બધું મને પરિચિત હતું પણ છતાં એ જગ્યા સાવ જુદી જ જાતની લાગતી હતી. એક ગલીના આકારે એ વસી હતી ને એની પવિત્ર, ભક્તોથી ભરપૂર સંકડાશમાં કેટલાયે મકબરા અને

કેટલુંયે લાક્ષણિક સુશોભન જોવા મળતું હતું એ કારણે. મનની અંદર મેં પ્રાર્થના કરી કે ફરી કયારેક 'શાખ-ઇ-ઝિન્દા'ની જાત્રાએ હું જઈ શકું. મક્કા તો મારાથી જવાવાનું નથી — સિવાય કે સૌદી સરકાર ચુસ્ત નિયમો બદલે. એ શકયતા જણાતી નથી પણ ફરી સમરકંદ જવાની આશા રાખી શકાય.

જો પ્રશ્નએ હોય કે કોઈ બીજા ધર્મના યાત્રાસ્થાને મુસાફરી શા માટે? તો જવાબ એ છે કે મુસાફરનો ધર્મ એ હોય છે કે બધાં જ સ્થાનોને યાત્રાધામ જ ગણવાં અને બને તેટલી જગ્યાએ ફરી એક વાર તો જવું જ.

છેલ્લી સાંજે 'રેજિસ્તાન સ્ક્વૅર'માં 'ધ્વનિ અને પ્રકાશ' જોવા ગયેલાં. ગુંબજોથી સજ્જ ઇમારતોવાળી એ જગ્યા હતી જ સુંદર ને સાંધ્ય આલોકમાં વધારે આકર્ષક લાગતી હતી. કાર્યક્રમ એક તો રશિયન ભાષામાં હતો અને વળી નીરસ હતો. મેં કચ્છથી ખરીદેલી, ઘેરા રંગે ભરેલી, આભલાં ચોડેલી એક બંડી પહેરેલી. બેત્રણ છોકરીઓ વાત કરવા આવેલી. એ માની જ નહોતી શકતી કે એ બંડી ઉઝબેકીસ્તાનની નહોતી. 'બુખારાની નથી?' એ બધી પૂછતી રહી, 'ખરેખર બુખારાની નથી?'

સાચે જ ઘણું સામ્ય છે આપણા અને ઉઝબેકી સ્ત્રીઓના પોષાકમાં. સ્કર્ટ અને સાદા ઘાટના ફ્રૉક પણ ત્યાં પહેરાય છે, પરંતુ આપણે 'પંજાબી ડ્રેસ' કહીએ છીએ તે સલવાર ને કમીઝ જેવો પોષાક ત્યાં ઘણો વધારે દેખાય. કાપડ પણ બહુ જ 'જોયેલું' લાગે. આપણે જેને 'ગજી' તરીકે જાણીએ છીએ તેવું જ દેખાતું કાપડ ત્યાં રિવાજી હતું. અલબત્ત આપણે ત્યાં એ મુસ્લિમ સલ્તનત દરમિયાન દાખલ થયું, એનાં મૂળ હતાં ઉઝબેકીસ્તાનમાં કે કદાચ છેક તુર્કીસ્તાનમાં. કયારેક એ વણાતું હશે, હવે તો એ માટે મશીનો આવી ગયાં હશે. ત્યાં એને 'ખાનવસ્ત્ર' કહેતાં હતાં. એક જમાનામાં એ સત્તા અને સંપત્તિનું પ્રતીક હતું અને બાદશાહો-સરદારોની ઓરતો જ એ વસ્ત્ર ધારણ કરી શકતી. હવે તો રંગબેરંગી, સમાંતર લીટીઓવાળું એ ચળકતું કાપડ ઉઝબેકી લાક્ષણિકતાનો એક મુખ્ય અંશ છે. સર્વત્ર એ જ પરિધાન કરેલી સ્ત્રીઓ દેખાય. મારી નજર એ આકર્ષક રંગ ને ભાત તરફ ખેંચાયા જ કરે! ને છેવટે કાંઈક સિવડાવવાના વિચારે થોડું કાપડ ખરીદ્યું પણ ખરું!

બુખારા જવા બસમાં જેવાં નીકળ્યાં કે પરિસર જાણે ભારતનો જ જોઈ લો! સૂકી જમીન, આસપાસનાં ઘર, ડામરનો રસ્તો — બધું જ! જતાં જતાં પછી સળંગ સફરજનનાં વૃક્ષની વાડીઓ આવી, કપાસ ને મકાઈનાં ખેતર આવ્યાં. દ્રાક્ષના માંડવા પણ કયાંક હતા. ફળદ્રુપ પ્રદેશ હતો. લીલોતરી ઘણી પણ હાઈ-વેના ટ્રાફિકના ધુમાડા

અને ધૂળને લીધે લીલો રંગ ઝંખવાઈ ગયો હતો. મોટી મોટી અસંખ્ય ટ્રકો એકદમ ફાસ્ટ જતી હતી. અમારી બસના એક ટાયરને પંક્ચર થયું ને દોઢ કલાક સળગતા સૂર્યની નીચે કાઢવો પડયો.

રણ જેવા સૂકા પ્રદેશની વચમાં બુખારા પ્રથમથી — ૨૫૦૦ વર્ષથી! જ લાલ માટીથી યુક્ત મરુદ્વીપ થઈને રહેલું છે. ચડતીપડતીમાં પસાર થતું બુખારા શહરે વિકસ્યું પણ ઘણું. સદીઓ દરમિયાન ઉઝબેકી રાજધાની સમરકંદ અને બુખારાની વચ્ચે વારાફરતી ખસેડાતી ગઈ. સોળમી સદીને અંતે બુખારામાં અમીરાત સ્થપાઈ. શાસનસ્થાનની સાથે સાથે એ ધર્મ, અભ્યાસ, અને વેપારવણજનું કેન્દ્ર પણ બન્યું. 'રેશમ-રવાનગી' તરીકે ખ્યાતનામ એવા ઐતિહાસિક વ્યાપાર મહામાર્ગની બરાબર ઉપર બુખારા વસ્યું હતું. એટલે જાતજાતના કાફલાઓ ત્યાંથી પસાર થતા જ રહેતા હતા. મસ્જિદો, મદરસાઓ અને રહેઠાણોની સાથે સાથે બુખારામાં કાફલાઓના ઉતારા માટે કેટલીયે સરાઈઓ, જાહેર હમામખાના, પ્રાણીઓ માટે ગમાણો તથા ઘુમ્મટવાળી માર્કેટ ઇત્યાદિ બાંધકામો થયાં. શહેરના બાર કિ.મી.ના આ ઘેરાવાની ફરતે દીવાલ ને દરવાજા પણ બંધાયાં.

બુખારામાં અનેક પુરાતન સ્મારકો ને ઇમારતો બચેલાં છે. એ બધાંની વચ્ચે ચાલવા-ફરવાની મોકળાશ પણ ઘણી છે ને બહુ સારું લાગે છે. અલબત્ત, એમાંની ઘણી ઇમારતો કયાં તો 'જોવાલાયક' જગ્યાઓ બનીને રહી છે કયાં તો કશા જુદા જ કાર્ય માટે વપરાય છે. જેમ કે મસ્જિદો. બારમી સદીમાં બંધાયેલી એક મસ્જિદના દરેક કક્ષમાં હસ્તકળાની નાની નાની દુકાનો વસાવાઈ છે. એની દીવાલો પર સુંદર ટાઈલકામ હતું, એના સુસજ્જા માટે ગોખલા લાક્ષણિક પાંદડી આકારમાં હતા. નીચાં બારણાંવાળા ખંડોમાં કારીગરો-કલાકારો તાંબું, પિત્તળ, બિદરી, ભરતકામ વગેરેના નમૂના પર કામ કરી રહ્યા હતા.

જ્યાં કાફલા ઉતારો લેતા તેવી એક જગ્યામાં 'બુખારા' જાજમોનું પ્રદર્શન હતું. સોળમી સદીથી ત્યાં વણાતી આવેલી જાજમો આજે પણ આ જ નામથી ઓળખાય છે. તો ઇંટો ને ગારમાટીની દીવાલવાળી એક અઢારમી સદીની ઘુમ્મટિયા માર્કેટમાં નાની થોડી દુકાનો ખૂલી હતી. કયાંક લોકપ્રિય ઉઝબેકી સંગીત વાગતું-વેચાતું હતું, કયાંક ટોપીઓ વેચાતી હતી. ચ્હાના સ્ટૉલ તો બધે જ હતા. એક હાટડીમાં મેં આવતા વર્ષનું કેલેન્ડર જોયેલું. જેના પર રાજપુરુષનો ફોટો હતો! બીજી એક માર્કેટમાં એક ફેરિયો ફોટા વેચી રહ્યો હતો. એમાં ભારતીય ફિલ્મ અદાકારોના પણ કેટલાક હતા — મિથુન, શ્રીદેવી વગેરે!

સાંજે ઉઝબેકી લોકસંગીત-નૃત્યનો કાર્યક્રમ જોવા ગયેલાં. જૂની એક મસ્જિદના વિશાળ ખુલ્લા ચૉકમાં તખ્ત ઢાળેલા. એના પર ટેકીને બેસવાનો અમારો વારો આવેલો. સાંજ પડી, ઠંડક થઈ, આકાશમાં પારેવાં ઊડયાં, મન પર સુખનો અનુભવ થયો. બધું ગમતું ને જાણીતું લાગે : સંગીત, નૃત્યો, ગીતો એમના 'અસલી' સૂર બધું જ. ધપલી, વાંસળી, સારંગી, કાષ્ઠતરંગ જેવાં વાજિંત્રો. ઉપરાંત, ત્રણ બીજાં તારવાદ્ય, જે તુર્કી જેવાં બહુ લાગે. છોકરીઓનો પોષાક તો બરાબર સલવાર-કમીઝ જ. મને થાય કે આપણા કથક નૃત્યની શરૂઆત પણ અહીંથી જ થઈ હશે. સાજિંદાઓ સરસ હતા. ધપલી વગાડતો યુવાન ઘણો ગોરો હતો. બે ત્રણ નર્તકીઓ પણ ગોરી ને માંજરી આંખોવાળી હતી. પેઢીઓથી થયેલા જાતિઓ ને લોહીના મિશ્રણની એ નિશાની. બધીના વાળ ખૂબ લાંબા, સરસ, કાળા ને બધીએ નાની નાની સેંરો લીધેલી. એ પણ ઘણી જૂની પ્રથા હશે. અહીં કાળી ભમ્મરોનો મોટો મહિમા છે. એક જાતના છોડનાં પાંદડાંમાંથી કાળો રંગ કાઢી છોકરીઓ એને ભમ્મરો પર ઘસે છે ને બે ભમ્મરોને ભેગી પણ કરી દે છે. એને 'ચકલીની પ્રસારેલી પાંખો' સાથે સરખાવાય છે. સુંદરતાના લક્ષણ તરીકે એ કવિતામાં વર્ણવાઈ છે. અહીંની લલનાઓ જાણે છે એ વાત અને જાતે જ રચે છે કવિતા પોતાનાં મુખ પર.

બુખારામાં સોળમી સદીમાં બંધાયેલી કાલ્યાઁ મસ્જિદ ને મદરસા છે જે હજી સક્રિય છે. મુઅઝિઝન હજી ત્યાં પાંચ વાર બાંગ પોકારે છે. એના ચોગાનમાં બારમી સદીનો એક મિનાર છે. ઊંટના દૂધ અને ઇંડાના પીળા ભાગના મિશ્રણથી એની ઇંટો ચણાયેલી. એના પર બાર જાતની તો ડિઝાઈન છે. ચંગિઝખાન સુધ્ધાંએ એને તોડયો નહીં. કહે છે કે મિનારની ટોચ સુધી જોવા એમણે ઊંચું જોયું ત્યારે એમના માથા પરનો મુગટ પડી ગયો. એ લેવા એ નીચે નમ્યા. પહેલવહેલી વાર એ કશાની પણ નીચે નમ્યા. આ ખ્યાલથી એમણે મિનારને અકબંધ રહેવા દીધો. કે પછી એમનું સૈન્ય પહેરેદારી કરી શકે એ માટે એને રહેવા દીધો. એને 'મૃત્યુનો મિનાર' પણ કહેતા. અઢારમી સદીમાં એક માણસને એની ઉપરથી ફેંકી દેવામાં આવેલો. કાફલાઓ માટે એ લાઈટહાઉસ તરીકે પણ વપરાયેલો.

એ મસ્જિદ બુખારાની મોટામાં મોટી છે અને આખા ઉઝબેકીસ્તાનમાં બીજા નંબરે છે. દસેક હજાર લોકો એમાં સમાઈ શકે છે. મદરસામાં સુન્ની પંથીઓ માટેની અકાદમી ચાલે છે. બીજા માળે હૉસ્ટેલ છે. સેકન્ડરી સ્કૂલ પછી ફરજિયાત પાંચ વર્ષ આ અકાદમીમાં ભણવું પડે છે. ઇસ્લામ, અરબી ભાષા, ઇતિહાસ, ભૂગોળ વગેરે વિષયો ત્યાં શિખવાડાય છે. એ પછી કેટલાક આગળ ભણવા યુનિવર્સિટીમાં જાય છે. કેટલાક સ્થાનિક મસ્જિદોમાં જોડાઈ જાય છે. વચમાં ખુલ્લા ચૉક, બે બાજુ ઓરડાઓ અને ગોળ ફરતી સીડીઓવાળી સરસ ઇમારત હતી.

જુદી જ હતી ઉઝબેકી લોકોની ધર્મપરાયણતા. એમાં શાંત સ્વાભાવિકતા હતી, આધુનિકતાની સ્વીકૃતિ હતી. દાખલા તરીકે ૧૦૨૪માં ઉઝબેકીસ્તાન સોવિયેત યુનિયનમાં એક રાજ્ય તરીકે જોડાયું. એ પછી ૧૯૨૭માં સ્ત્રીઓએ સંગઠિત થઈને જાહેરમાં બુરખા બાળ્યા. એક તરફની મુક્તિ તરફ જવાની એ શરૂઆત હતી. ધીરે ધીરે ૧૯૪૦ ને ૧૯૫૦ના દાયકાઓ દરમિયાન બુરખાની પ્રખા સાવ નાબૂદ થઈ. છોકરી આઠ વર્ષની થાય ત્યારથી એને બાહ્ય આવરણથી મોઢું ને શરીર ઢાંકવા પડતાં. હવે તો માથું ઢાંકેલી સ્ત્રી પણ ભાગ્યે જ દેખાય, પણ નાની, ચોરસ, ઝીણું ભરેલી, સોનેરી ટીકીઓ ભરેલી કે રેશમના ટાંકાથી શોભતી ટોપી પહેરવાનો રિવાજ કોઈ કોમમાં દેખાયો ખરો. એવી બે ટોપીઓ તો મેં પણ ખરીદી!

બુખારામાં બીજી ઘણી ઇમારતો, દ્રાક્ષના માંડવા, ગુલાબના બગીચા, ભૂરી બારીઓ ને સફેદ દીવાલોવાળાં ઘર, પહેલી સદીમાં બંધાયેલો દુર્ગ વગેરે ઘણું જોયેલું. શહેરના નવા વિભાગો પણ એટલા જ સરસ હતા. પહોળા રસ્તા, મોટાં ઝાડ, ખૂબ ઓછો ટ્રાફિક, ઘણી જગ્યાએ લેનિનનાં ભીત્તિચિત્રો હતાં ને નવાં જ બાંધેલાં સરકારી મકાનો હતાં. એક અતિવિશાળ ચોગાનમાં એક ખૂબ અસરકારક શિલ્પસ્મારક હતું. લંબાવેલા જમણા હાથમાં રાયફલ લઈને એક સૈનિક જાણે કૂદકો મારતો હતો. દ્વિતીય વિશ્વયુદ્ધના શૂરવીરોના માનમાં એ સ્મારક બનાવાયું હતું. કાળા આરસ પર હજારો નામ કોતરેલાં હતાં.

'ચાર મિનાર' નામની એક જગ્યા જોવા એક સાંજે હું નીકળેલી. માંડ માંડ ટેક્સી મળેલી. ત્યાં જઈ જોયું તો વીસમી સદીના એક મદરસાનું મકાન હતું. એના પર જાડા, ઠીંગણા જેવા ચાર નાના મિનારા હતા. દરેકનો નાનો ઘૂમ્મટ ભૂરો રંગેલો હતો. આસપાસ નાનાં ઘર હતાં. છોકરાં રમતાં હતાં. સ્ત્રી-પુરુષો પોતપોતાનાં કામમાં હતાં. ત્યાંની થોડી ગલીઓમાં હું ફરી. એટલી શાંતિ હતી ત્યાં. એક કુટુંબ પોતાના ઘરની બહાર છાંયડામાં બેઠું હતું. મને જોઈને પૂછયું કે "તમે ઇન્ડિયન છો?" પછી એ લોકોએ મને મારાં ગૉગલ્સ કાઢી નાખવા કહ્યું જેથી મારી આંખો દેખાય. એમને ખરેખરી ઇન્ડિયન આંખો જોવી હતી!

પછી કેમ ના બને આ સફર યાદગાર!



# ખંડ ૨ - યુરોપ

## શ્રેષ્ઠતાનો એક પર્યાય

લગભગ સર્વાનુમતે જેને દુનિયાનું સુંદરતમ નગર કહેવાતું હોય તેને વિશે વધારે ચર્ચાને અવકાશ જ કયાં રહ્યો? આનાથી વિરુદ્ધની દલીલ સાંભળનાર કોઈ મળવું પણ મુશ્કેલ છે. અને સાચે જ, ફ્રાન્સના પાટનગર પેરિસનું આકર્ષણ એવું બહુવિધ છે, એનું સૌંદર્ય એટલું સર્વાંગી છે, તેમ જ એના પરિચયથી પ્રાપ્ત થતાં અભૌતિક ઇનામો એટલાં કિમતી છે કે આ શહેર નહીં ગમવાનું કોઈ બાહ્ય કારણ નથી. દેખીતી રીતે, આ લાક્ષણિકતા દુનિયાનાં બધાં મોટાં શહેરોની છે. એ બધાં જ ઓછેવત્તે અંશે, એકથી વધારે કારણોને લીધે સુંદર હોય છે. પેરિસ જો સૌંદર્યશ્રેષ્ઠ હોય તો તે એના ઇતિહાસ, અપૂર્વ કળાવારસા, આધુનિક ફૅશનપરસ્તી, સર્જનાત્મક વાતાવરણ વગેરે તત્ત્વોના સમન્વય ઉપરાંત એના વિસ્તાર પર છવાયેલાં સુંદર ગિરજાઘરો, ઇમારતો, પ્રાસાદો અને બાગબગીચાઓની ઉપસ્થિતિને લીધે છે. કશુંક અણીશુદ્ધ પ્રાચીન એના સ્વરૂપમાં છે. કશુંક સુંદર, સૂક્ષ્મ, ચંચળ, કશુંક અત્યંત રોમાંચક. એ પ્રિયજનો સાથે માણવા જેવું સ્થળ છે.

કોઈ પણ સ્થાનના ગમવા કે ના ગમવાના પ્રશ્નના હાર્દમાં આ પ્રેમ રહેલો હોય છે. સુંદરતા દ્દષ્ટાનાં નેત્રોમાં, મનમાં પણ હોઈ શકે. આગંતુકને પહેલી નજરમાં ના ગમે તે શહેર ત્યાંનાં રહેવાસીઓને અતિપ્રિય હોય. તેથી, પ્રવાસમાં મારો પ્રયત્ન એ સ્થળ પ્રત્યે પરિચિતતા કેળવવાનો હોય છે કે જેથી એને અન્યાય ના થઈ જાય. પેરિસ તો બહારથી જ એવું સરસ છે કે એનાથી ભાવાભિમુખ થવા માટે ઊંડા ઊતરવાની જરૂર પણ રહેતી નથી. ઊલટું, ઊંડા ઊતરતાં એના રહેવાસીઓની કેટલીક પસંદ ના પડે તેવી ખાસિયતો દેખાઈ જાય! યુરોપમાં ફરતાં ફરતાં સારાં, મિત્રભાવી ફ્રેન્ચ લોકોને પણ મળવાનું થયું છે, પણ એ જાતિમાં અહંકાર અને અધૈર્ય જન્મજાત હોય છે એ મારો અભિપ્રાય સહેલાઈથી નહીં બદલાય.

એક સવારે ઍમ્સ્ટરડૅમથી આવતી ટ્રેનમાંથી હું પૅરિસ ઊતરી. પહેલી નજરે સ્ટેશન આકર્ષક નહોતું લાગ્યું. કામ પર જતા લોકોનાં ટોળેટોળાં ઉતાવળમાં ચાલ્યાં જતાં હતાં.

આટલું મોટું સ્ટેશન. આટલા બધા લોકો. એક મને જ ખબર નહોતી કે કયાં જવાનું છે! સહેજ મૂંઝાઈ હતી એવું યાદ આવે છે. યુરોપનો એ મારો પહેલો પ્રવાસ હતો ત્યારે. કેવી બિનઅનુભવી હોઈશ તે વખતે. જો કે અનુભવથી સમજાયું છે કે કોઈ પણ નવા સ્થળે નવા જ અનુભવ થતા હોય છે. અને નવેસરથી ફરી હિંમતવાન બનવું પડતું હોય છે.

રહેવાની જગ્યાઓની યાદી કરીને ન્યૂયૉર્કથી નીકળી હતી. સ્ટેશન પરથી જ ફોન કરવા માંડયા. ત્રીજા ફોને ઇન્ટરનેશનલ ગર્લ્સ હાઉસમાં જગ્યા મળી ગઈ. સાદી, સસ્તી અને સારી હતી. સવારે મોટો વાડકો ભરીને ગરમ ગરમ કૉફી કે ચૉકલેટનું દૂધ અને લાંબી, તાજી ફ્રેંચ બ્રેડ, માખણ અને જૅલી મળતાં. દેશદેશની છોકરીઓ ત્યાં રહેતી. કૅનેડાની એક છોકરી પણ ત્યાં એકલી ફરતી હતી. એની સાથે દોસ્તી કરી અને અમે બે ત્રણેક દિવસ સાથે ફર્યા. એની માતૃભાષા પણ ફ્રેન્ચ હતી તેથી મને આરામ થયો! ખાસ કરીને, પૅરિસની દક્ષિણે લ્વાર (Loire) ખીણમાં બ્લ્વા (Blois) નામના ગામડે ગયાં ત્યારે તો જોઍનનો સાથ બહુ જ મદદરૂપ નીવડયો!

સેન (Seine) નદી પૅરિસમાં પૂર્વથી પશ્ચિમ તરફ વહે છે. શહેરની બરાબર મધ્યમાં નદીના પ્રવાહની વચ્ચે એક નાનકડો ટાપુ છે. લગભગ બે હજાર વર્ષ પહેલાં એના પર પારિસી નામની આદિવાસીઓની એક જાતિ રહેતી હતી. રોમન સમ્રાટ જુલિયસ સિઝરથી એ નગર જિતાયેલું, ઘણી વાર ભસ્મિભૂત થયેલું, પણ ત્રીજી સદીથી એ એક અગત્યનું ધાર્મિક કેન્દ્ર બનવા માંડયું. એમ કહેવાય છે કે ૩૦૭ના વર્ષમાં આ લઘુનગર સૌ પ્રથમ 'પૅરિસ' નામકરણ પામ્યું. પછી તો એનો વિસ્તાર અને વૈભવ વધવા લાગ્યો. છઠ્ઠી સદીની શરૂઆતમાં એ પાટનગર બન્યું. મહાવિદ્યાલયો શરૂ થયાં. જેનાથી વળી એની ખ્યાતિ વધી. રાજ-રાજવીઓના અધિવસનને લઈને પૅરિસ સભ્યતા, આચાર, સુરુચિ અને આભિજાત્યનું માપદંડ બન્યું. રાજા લુઈ ચૌદમો દૈવી અધિકારનો વારસ ગણાતો. એણે જાજ્વલ્યમાન મહેલો અને નયનરમ્ય ઉદ્યાનો બંધાવ્યા. અલબત્ત, અસાધારણ દારિદ્રય અને છુપાઈને રહેતા ગુનેગારોની દુનિયા પણ ત્યાં જ હતી.

ભૂગર્ભરેલ વાટે ઑપેરાગૃહ આગળ હું નીકળી. એ બીજા ક્રમાંકના વિભાગમાં પડે; એટલે પૅરિસનું કેન્દ્ર જ થયું ને. એ આખો ખૂબ કાર્યરત, ધંધાકીય વિભાગ છે. સાથે સાથે દુકાનો, કાફે, ઍરલાઈન ઑફિસો વગેરે પણ ખરું. બધી ધમાલ ને ભીડથી વિજય મેળવીને હોય તેમ ચમકતું, નાટયાત્મક, સૌંદર્યમંડિત, ૧૯મી સદીમાં બંધાયેલું ઑપેરાગૃહ. સંગેમરમરનાં સોપાન, વિશાળ ગુંબજ, ચિત્રકાર માર્ક ચગાલ વડે ચિતરાયેલી અંદરની છત, રસ્તાની સામી બાજુના કોઈ કાફેમાં બેઠાં બેઠાં આ ઇમારતને અને પૅરિસની પ્રજાની

આકર્ષક વેશભૂષાને જોયા કરવાનાં!

સદીઓથી પૅરિસ કલાકારો માટેનું પ્રિય આશ્રયસ્થાન રહ્યું છે. ન્યૂયૉર્ક અને લંડનની જેમ ત્યાં પણ સો કે તેથી વધારે સંગ્રહાલયો છે. તેમાં લુવ્ર (Louvre) વિશ્વનું સૌથી મોટું સંગ્રહસ્થાન ગણાય છે. ફ્રાન્સના રાજાઓનો એ પ્રાસાદ છે. એને બંધાવવાની શરૂઆત ૧૩મી સદીમાં થયેલી પણ સદીઓ સુધી એના પર કામ થતું જ રહ્યું અને જુદાં જુદાં રાજારાણીઓ એમાં સુધારાવધારા કરાવતાં જ રહ્યાં. હવે આ મહાપ્રાસાદ જેને માટે પ્રસિદ્ધ છે તે સંગ્રહોનું પ્રાચુર્ય શબ્દાતીત છે. પૂર્વીય, ગ્રીક, રોમન ઇજિપ્શિયન, યુરોપિયન ચિત્ર સ્થાપત્યકળાના નમૂનાઓથી એમના કક્ષો ખચિત છે. એમાંના કેટલાયે અદ્વિતીય છે. મોટા ભાગનાં પ્રવાસીઓ આ અતિવિસ્તૃત સંગ્રહાલયમાં ફક્ત એક ચિત્ર જોવા જતાં હોય છે. ઇટાલિયન ચિત્રકાર લિયોનાર્ડો દ વીન્ચીનું કરેલું ‘મોનાલિસા’નું ચિત્ર. ઓછો સમય હોય તેવા લોકો દોડતા દોડતા આ ચિત્રને શોધતા જતા દેખાય છે! ને પછી ચિત્રને જોઈને નિરાશ થાય છે, કારણ કે ફલક પરથી એક અસુંદર, સાધારણ દેખાતી, પહોળા ચહેરાવાળી સ્ત્રી સહેજ સ્મિત સાથે સામે જોઈ રહેલી છે! એની નામના અને જનપ્રિયતાને લીધે સુરક્ષાને માટે હવે આ ચિત્રને કાચના આવરણની પાછળ રાખવામાં આવે છે.

લુવ્ર મહાપ્રાસાદનું બાંધકામ પૂરું કરવા વિશે એક રસદાયી વાત છે. જેનું અનુસંધાન અત્યારે થઈ રહેલા એના પુનરોદ્ધાર સાથે આવી મળે છે — કંઈક હાસ્યાસ્પદ, કંઈક વક્રતામય અને ઘણે અંશે ફ્રાન્સના દૃઢ, લાક્ષણિક દેશાભિમાનને કારણે ૩૦૦થી પણ વધારે વર્ષ પહેલાં, ૧૬૬૫માં લુઈ ચૌદમાની સરકારે લુવ્ર રાજમહેલને પૂર્ણ કરવા ઇટાલિના બર્નિની નામે સ્થપતિને આમંત્રણ આપ્યું. ધામધૂમથી એનું અહોમાન કરાયું પણ એણે રજૂ કરેલી યોજના અને એના સ્થાપત્યશૈલી ત્યારના નાણાપ્રધાનને જરા પણ ના ગમ્યાં. એ બર્નિનીના દુશ્મન બની ગયા, છ મહિના સુધી પ્રયત્નો ચાલ્યા, નાણા પ્રધાને નમતું ના મૂકયું. છેવટે કંઈક ક્ષમાયાચના અને બહુવિધ ભેટસોગાદ તથા ધન આપીને સ્થપતિને ઇટાલી વિદાય કરવામાં આવ્યા. ફ્રાન્સ અને એની મહત્તાના પ્રતીક જેવા આ સ્થાપત્યને કોઈ પરદેશી કયારેય હસ્તક્ષેપ કરીને બગાડી નહીં શકે એ વાત જાણે ત્યારથી જ સાબિત થઈ ગઈ.

બીજે દિવસે મેં સેન નદીમાં હોડીનો પ્રવાસ કર્યો. દિવસ સરસ હતો, આકાશ સ્વચ્છ હતું. બંને બાજુ પૅરિસનાં નયનરમ્ય દૃશ્યો. ત્યાં એક છોકરીએ પાસે આવીને મને પૂછયું કે હું પાકિસ્તાની છું કે ભારતીય! મારો વર્તાવ એને બહુ આત્મવિશ્વાસ સભર લાગેલો, તેથી એ વાત કરવા પ્રેરાયેલી. એ સંયોગ સુવિચિત્ર એથી થયો કે એ અમેરિકન

છોકરી પણ ન્યૂયોર્કમાં રહેતી હતી. એનું નામ સિલ્વિયા હતું. એ પછીની આખી બપોર અમે સાથે ગાળી. ડાબા કિનારા પરના લૅટિન ક્વાર્ટકની વાંકીચૂકી, નાની ગલીઓ મને અમદાવાદની પોળોની યાદ અપાવતી રહી! ઘણી વાર જુદી જ જગ્યાઓમાં પણ સામ્ય દેખાઈ જાય છે. અજાણી જગ્યાએ પણ કયારેક આરામનો ભાવ થઈ જાય છે.

સિલ્વિયા મને એક નાની રેસ્ટોરાંમાં લઈ ગઈ. ઘણા દિવસો પછી ત્યાં ભાત અને શાક ખાવા મળ્યાં. અલબત્ત, અભારતીય શૈલીનાં! સ્વાદવાળું ખાવાનું એવું સારું લાગ્યું! આ શહેર સાચે જ સુંદર છે. રસ્તાઓની બે બાજુ વૃક્ષો છે, રસ્તાઓ પહોળા છે, બાગ-બગીચાઓમાં નિરાંતે ફરી શકાય છે. લોકો તડકો ખાવા બેઠા હતા, કયાં તો કાફેમાં સમય વિતાવી રહ્યા હતા. ત્વરાથી જતાં વાહનો ના દેખાય તે રસ્તે જીવન ધીમું, શાંત અને મધુર લાગે છે. પૅરિસનું સૌથી જૂનું ગણાતું દેવળ સેન નદીને કિનારે છે. એના નાના ચોગાનની બેંચ પર કેટલાંક વૃદ્ધ સ્ત્રી-પુરુષો બેઠાં હતાં. બપોરનો તડકો એમને પ્રિય લાગતો હતો. કોઈ ગૂંથતું હતું, કોઈની આંખો બંધ હતી, કોઈ ધીમે સાદે વાતો કરી રહ્યાં હતાં.

આ દેવળને તદ્દન ઉપેક્ષિત કરી દેતી ઉપસ્થિતિ સામે રહેલા નોત્ર દામ દેવળની છે. 'શહેરનો દ્વીપ' તરીકે ઓળખાતા આ અતિલઘુ આદિટાપુ પર આ મહાપ્રભ, અતિઐશ્વર્યમાન ધર્માયતન આવેલું છે. સેન નદી પર ડઝનબંધ સેતુઓ સોહે છે પણ સૌથી પુરાતન, ૪૦૦થી વધુ વર્ષ જૂનો પુલ આ ટાપુને શહેર સાથે જોડે છે. શહેરનું ગૌરવ વધારતું આ નોત્રદામનું દેવળ ૧૧૬૩માં શરૂ થયું. એની સ્થાપત્યશૈલીને 'ગૉથિક' કહે છે. ૧૭મી સદી સુધી એનું બાંધકામ ચાલુ રહ્યું. એના બે મિનારા પૅરિસના આકાશ પર વિશિષ્ટ પ્રભુત્વ ધરાવે છે. એના અગ્રભાગ પર ઈશુના જીવનને લગતાં, ખ્રિસ્તી ધર્મને પ્રયોજતાં શિલ્પ છે. તે સિવાય ફૂલ, ફળ વગેરે આકૃતિઓથી પથ્થરની આ દીવાલોથી ભરપૂર છે. ૧૭મી સદીમાં ઢળવામાં આવેલો લોખંડનો ઘંટ હજી ખાસ પ્રસંગે વગાડવામાં આવે છે. લેખક વિક્ટર હ્યુગોની નવલકથા વાચકને આનાથી અપરિચિતતા ના હોય. બારમી સદીમાં બનાવાયેલા થાંભલાઓની વચ્ચે ગર્ભસ્થાનમાં ૧૪મી સદીમાં તૈયાર થયેલું ઇશુ-માતા (Madonna) અને પુત્રનું શિલ્પ છે. એને વધાવવા તો આ અતુલ્ય ગિરજાઘર બાંધવામાં આવ્યું. ખ્રિસ્તી ધર્મને અનુષંગી રંગીન કાચની બારીઓની કળા માટે યુરોપનાં ઘણાં દેવળો નામાંકિત છે. નોત્રદામની આ Stained glassની બારીઓ જોનારને આનંદવિભોર કરી દે છે.

આ મહામંદિરનું માહાત્મ્ય એવું છે કે એનું અભ્યંતર મનમાં શ્રદ્ધા ઉત્પન્ન કરે છે, તો એનું બાહ્ય સ્વરૂપ જુદા જુદા દષ્ટિકોણથી પોતાના અનિદ્ય આર્વિભાવની લ્હાણ કરતું

રહે છે. એના શિખર પરથી જોતાં આખું શહેર એના પગ પાસે પથરાઈને પડેલું દેખાય છે.

પૅરિસનું વિહંગાવલોકન એક નૂતન સીમાચિહ્ન પરથી પણ થઈ શકે છે. શહેરનો આ સર્વોચ્ચ સંકેત ઍફેલ મિનાર (Eiffel Tower), ગુસ્તાવ ઍફેલ નામના માણસે ૧૮૮૦ના દાયકામાં બાંધ્યો. એ ૩૦૦ મિટર ઊંચો છે. ભૂખરા સ્ટીલ અને વાયરથી બનેલો આ મિનાર સ્થૂલ દઢતા અને અગુરુ લોલતાનો ચિત્તસંસ્કાર દર્શે છે. આ અનુપમ સૌંદર્ય કળાકારોને આકર્ષે છે. આધુનિક સ્થાપત્ય પરિભાષાના સાફલ્યરૂપ આ ઉન્નતાકૃતિ પૅરિસના સંસ્કૃત સૌંદર્યમાં જરા પણ ક્ષતિ કરતી નથી.

ઉપર લઈ જતી લિફ્ટ જાણે થરથર કાંપતી રહે છે. નીચે જોતાં તો ચકરાવો જ ચડે અને કંપનને લીધે વાયર તૂટવાની બીક પણ લાગે. તોયે અને ભલેને પ્રવાસીઓનું લક્ષણ કહેવાય તોયે, ઍફેલ ટાવર પર એક વખત ચડયા વગર કેમ રહેવાય? સર્પાકાર સેનની બે બાજુ પથરાયેલું પૅરિસ, રસ્તાઓના ઘોંઘાટ ને વાહનોની ધમાલથી આટલે દૂરથી, છે તેથી ય વધારે મનમોહક ગગનના આ ગોખેથી લાગે છે.

નીચે આવીને ફરી ચાલવાનું શરૂ કર્યું. જયાં સુધી પગે ચાલીને ના જોવાય ત્યાં સુધી સ્થળ સાથે પરિચય ના બંધાય. સાંજ પડવા આવેલી. નૅપોલિયનના સૈન્યને અભિનંદવા ૧૮૩૬માં બનાવાયેલી વિજયમંડલાકૃતિ Arch de Triomphe પ્રકાશથી સિક્ત હતી. કમાનની વચમાં બૃહત્પરિમાણ રાષ્ટ્રીય ધ્વજ ફરકી રહ્યો હતો. એ દશ્ય કૈંક અદ્‌ભુત રીતે દેદીપ્યમાન હતું. ચેતનાપટ પર વર્ષોથી એ અંકિત રહ્યું છે. આ બૃહત્ કમાનની નીચે અજ્ઞાન સૈનિકની સમાધિ છે. રોજ સાંજે ત્યાંની દીપશિખા સળગાવવાની વિધિ થાય છે.

છેક ઉપરથી જમીન સુધી લટકતા ધ્વજના લાલ, શ્વેત અને નીલ રંગો પર અવિરત વાહનોનો પ્રકાશ પડતો હતો. આ દશ્ય તો નાટયાત્મક ગુણવાળું હતું જ પણ આસપાસનો વિસ્તાર એમાં ઉમેરો કરતો હતો. આ વિજયમંડલાકૃતિ જાણે એક મહાચક્રની વચ્ચે સ્થિત છે અને એની ચોતરફ વર્તુળાકારે બાર મોટા રસ્તાઓ ફેલાય છે. આ જગ્યાને એત્વાલ (Etoile) એટલે કે “તારક” કહે છે, જોકે એનો દેખાવ ખરેખર તો બાર ધરીઓવાળા ચક્રનો છે. વાહનોનો ઘસારો દિગ્મૂઢ કરી દે છે. પ્રકાશ અતૂટ સુવર્ણ શૃંખલાની જેમ કમાનને વીંટળાયેલો રહે છે. સતત ગતિ, સતત અવાજ. આ દશ્યની ઉત્તેજના, અનન્ય અનુભૂતિ એવી હતી કે મારા પગ ત્યાંથી જલદી ખસી ના શકયા. એક બૅન્ચ પર હું બેસી પડી અને અવાચક થઈને આ અશ્રાંત ઘટમાળને જોતી રહી.

બરાબર સામે સુવિખ્યાત મહામાર્ગ શાંઝેલિઝે છે. એક જમાનામાં ધનાઢ્ય ફૅશનેબલ મહિલાઓ પોતાની બગીઓમાં અહીં સાંધ્યવિહાર માટે નીકળતી. આજે એ મંદગમન તો રહ્યું નથી. નાગરિકો કરતાં વિદેશી પ્રવાસીઓની યાતાયાત જ હવે અહીં વધારે છે ને છતાં આ પથની પ્રતિષ્ઠા ઓછી નથી. એના રુઆબની સરખામણી વિશ્વના બીજા કોઈ માર્ગ સાથે થઈ ના શકે. ૧૫-૧૫ વારના અંતરે પતાકાઓ ફરકે છે, રસ્તાની બંને બાજુ પર વૃક્ષો પણ છે. મોંઘી દુકાનો, સરસ ભોજનાલયો, સિનેમાઓ, કાફે અને પેલું જગજાણીતું ‘લિડો’ નામનું નિશાલય.

મોંમાર્ત્ર વિસ્તાર પાછલાં ૨૦૦ વર્ષથી કલાકારોમાં પ્રિય રહ્યો છે. શહેરની ત્વરા અને વ્યગ્રતાથી એ જરા દૂર છે અને મુખ્યત્વે એક નાની ટેકરી પર આવેલો છે. હવે તો ત્યાં પણ પ્રવાસીઓનો જ દરોડો હોય છે. પણ એક જમાનામાં પિકાસો અને બ્રાક જેવા મહાન ચિત્રકારો ત્યાં રહીને ચિત્ર કરતા. ત્યારે ચોવીસેક, લોટ દળવાની ચાર પાંખોવાળી ચક્કીઓ હતી; અત્યારે બે જ રહી છે. એમાંની એકમાં મૂલાં રુશ નાઈટ ક્બલ છે, બીજીને તાજેતરમાં નાઈટ ક્લબમાં રૂપાંતરિત કરાઈ છે.

મોંમાર્ત્રની ટેકરી પર એક નાનો ચૉક છે. ત્યાં આજે પણ ચિત્રકારો ભેગા થાય છે — પોતાનું ચિત્રોનું પ્રદર્શન કરે છે, વેચાણની આશા રાખે છે, પ્રવાસીઓની પ્રતિકૃતિઓ ચીતરી આપી થોડાઘણા પૈસા કમાય છે. પથ્થરથી બનાવેલા સાંકડા રસ્તા, પાતળાં ઝાડ, નાનકડાં કાફે, રંગીન ચિત્રો. એ બધાંની ઉપરવટ જઈને “પવિત્ર હૃદયનું દેવળ” (Sacre Coeur) દશ્યમાન થતું રહે છે. ચમકતું, આંખોને આંજતું, ધવલ, સુંદર, ઘુમ્મટવાળું આ દેવળ ઍફેલ ટાવર કે નોત્રદામની જેમ પૅરિસનું પ્રતીક છે. જનતાના પૈસા અને મદદથી ૧૮૭૦માં આ બંધાયેલું. અહીંથી પણ પૅરિસનું સરસ વિપુલાવલોકન થાય છે.

કૈંક બાલસહજ રીતે આ જગ્યા મને ગમે છે. જ્યારે પૅરિસ જાઉં ત્યારે અહીં આંટો મારી આવવા પ્રયાસ કરું છું. પહોળાં પગથિયાં ઊતરીને નીચે રસ્તા પર આવી ત્યારે એક વાર કોઈ ગુજરાતી બોલતું સંભળાયું. જોયું તો ત્રણ પુરુષો અગરબત્તી વેચવા પ્રયત્ન કરતા હતા અને અંદરઅંદર ગુજરાતી બોલતા હતા. ટેવ કે કુટેવ પ્રમાણે ઊભા રહીને મેં વાત શરૂ કરી. બે મધ્યમવયી હતા, એક યુવાન હતો. બંને મધ્યમવયી પુરુષો સરકારી નોકરી છોડીને વધારે સારા જીવનની આશામાં પૅરિસ આવ્યા હતા. અમેરિકા કે કૅનેડા જવાની તકની રાહ જોતા હતા. કુટુંબો તો હજી દેશમાં જ હતાં. પરવાના વગર નોકરી કયાં મળે? અગરબત્તી કે એવું કશું રસ્તા પર વેચવું ન્યાયવિરુદ્ધ હતું, તેથી કયારેક

પોલીસથી પકડાતા પણ ખરા પણ દંડ ભરીને છૂટી જતા. સવારથી સાંજ, બસ આ જ પ્રવૃત્તિ. રસ્તાઓ પર ફેરી. રાતે થાકીને બીજા ગુજરાતીઓ સાથે સહિયારામાં રાખેલી ઓરડી પર જતા, ખીચડી ઓરીને દિવસનું એક સાદું ખાણું ખાઈ લેતા ને ફરી સવારે એ જ રસહીન, જીવનહીન ચક્ર. એ બે મોટા ભાઈઓ આમ અચાનક કોઈ ગુજરાતી મળી જતાં ખુશ થયા, મને આગ્રહ કરીને સામે કૉફી પીવા લઈ ગયા.

પૅરિસના કાફેમાં એવું હોય છે કે કૉફી ખરીદીને ત્યાં જ ઊભાં પીઓ તો પૈસા ઓછા થાય. બેસીને કે વેઈટરની સેવા લઈને પીઓ તો ઘણું મોંઘું પડે. આ ભાઈઓએ અને મેં ઊભાં ઊભાં જ પીધી. સ્વાદમાં કશો ફેર ના પડયો પણ એમાં એમનો એક અજાણી ગુજરાતી વ્યક્તિ પ્રત્યેનો સ્નેહ હતો. રવિબાબુની મહાશાળા શાંતિનિકેતન (બંગાળ) માં, મારા સંગીત શિક્ષકના ઓળખીતા એક યુવાન ચિત્રકારને મળેલી. ઉત્પલ કૃશાંગ, મિતભાષી, કળાપ્રિય બંગાળી યુવાન. એકાદ વાર પૅરિસમાં એને પણ મળવાનું થયેલું. એ ત્યાંની સિટી યુનિવર્સિટીમાં ભણવા આવેલો. એણે મને કહેલું કે કૉફી ઊભાં ઊભાં પીવાના પૈસા ઓછા થાય. સર્બોન યુનિવર્સિટીમાં પણ એ વર્ગ ભરતો અને સ્થાપત્યનો અભ્યાસ કરતો. ભૂગર્ભરેલના સ્ટેશનોની અંદર કંઈક વાજિંત્ર વગાડીને કયારેક લોકો પૈસા નાખે તેનાથી ગુજરાન ચલાવતો. એ પણ પકડાતો ને દંડ ભરીને છૂટી જતો! બેએક વાર કાફેમાં બેસાડીને મેં એને ખવડાવ્યું તો ધરાઈને ખાધું. એક વાર એની હૉસ્ટેલના રસોડામાં એની પાસે હતી તે ચીજો અને મસાલાથી મેં શાક બનાવી આપ્યું. એટલા ખુશ થઈને એણે એ માણ્યું. કહે, કેટલા વખતે આવું સારું ખાવા મળ્યું!

કહે છે કે પૅરિસમાં ૮૦૦૦થી વધારે રેસ્ટોરાં છે. (તો શું? ન્યૂયૉર્કમાં ૨૫૦૦૦થી વધારે છે) રોજ દિવસના બે વાર જુદી જુદી જગ્યાએ જમો તો બધે ખાઈ રહેતાં અગિયારથી વધારે વર્ષ થાય. (ન્યૂયૉર્ક માટે તો જિંદગી આખી પણ પર્યાપ્ત નથી!) જોકે માનું છું ત્યાં સુધી આ આંકડામાં પેલી હજારોની સંખ્યાવાળા કાફે નથી ગણાયા.

ઉત્પલ મને એક વાર પૅરિસના નવ્યતમ સંગ્રહાલયમાં લઈ ગયો. નામ તો એનું પૉમ્પિડૂ સેન્ટર છે. પ્રેસિડન્ટ પૉમ્પિડૂના માનાર્થે, પણ લોકબોલીમાં એને ‘બોબૂર’ (Beaubourg) કહે છે. એ નૂતનકાલીન કળા માટેનું રાષ્ટ્રીય સંગ્રહાલય છે. એની આખી રચના આધુનિક, મૌલિક અને આનુક્રમિક છે. ૧૯૭૭માં ખૂલેલા આ સ્થાપત્યથી રૂઢિવાદીઓને આઘાત લાગેલો, પણ સમકાલીન અભિરુચિવાદીઓ ઉત્સાહિત થયા હતા. ‘બોબૂર’ ફક્ત સંગ્રહાલય જ નથી, એમાં ઉત્તમ પુસ્તકાલય, કળાશિક્ષણની વ્યવસ્થા, સિનેમા અને સંગીતનાં કેન્દ્ર, બાળકો માટે ચિત્રઘર વગેરે ઘણા વિભાગો છે. સર્વકળાનું અભિવાદન

કરતું આ જીવંત કેન્દ્ર છે બહારનાં ચોકમાં હમેશાં મેળો ભરાયેલો હોય તેમ લોકોની અવરજવર રહે છે. સંગીત, જાદુ વગેરે ખેલો પૈસાની જરૂરવાળા કલાકારો કરતા રહે છે. વિસ્તાર નીરસ અને નિરર્થક હતો ત્યાં આ જીવંત ઉપસ્થિતિએ પ્રાણ પૂર્યો છે.

જે અનવરત વિકસતું રહે તે જ જીવન અને જ્યાં અખૂટ પ્રાણતત્ત્વ હોય તે જ શ્રેષ્ઠ શહેર. પૅરિસની સ્પર્ધામાં ઊતરે તેવાં બીજાં કેટલાંક શહેરો દુનિયામાં છે પણ આ સ્પર્ધાથી કોઈની શ્રેષ્ઠતા ઓછી થતી નથી. માર્ગમુગ્ધ મુસાફર કોઈ પણ સ્થાનને વિશેષણોની ખોટ સાવલા દેતો નથી કે સીમિત વ્યાખ્યામાં જકડી રાખતો નથી. જે સુંદર અનુભવે છે તે સુંદર બને પણ છે.



## ઇટાલી

‘બુઓન જ્યૉર્નો, સિચિલિઆ!’ (Buon Giorno, Sicilia) મેં મનમાં કહ્યું. શુભ પ્રભાત, સિસિલી. રોમથી રાતની ટ્રેનમાં હું નીકળી હતી - ઇટાલીના એ વિભાગમાં જવા કે જેને જોવા હું ખૂબ ઉત્સુક હતી. ટ્રેન ભરચક હતી - ખાસ કરીને દ્વિતીય વર્ગમાં. હું પ્રથમ વર્ગમાં હતી અને મને સૂવાની પૂરતી જગ્યા પણ મળી હતી, છતાં બહુ સારું ઊંઘાયું નહીં. સવારના પહોરથી ઇટાલિયનો ઊઠી ગયાં હતાં, ડબ્બાના સાંકડા ચલનપથમાં આમથી તેમ ચાલવા માંડી ગયાં હતાં અને વાતો - અટકયા વગરનું ચપ-ચપ-ચપ એમનું બોલવાનું!

હું અડધી જ ઊંઘમાં હતી અને મને લાગ્યું કે ડબ્બો ટ્રેનમાંથી છૂટો પાડીને આગબોટમાં ચડાવાઈ રહ્યો છે. ખખડાટ ઘણો થયો પણ ચટપટ ઊઠી જવા જેટલી શક્તિ મારામાં લાગી નહીં. બોગી આગબોટની અંદર ગઈ ત્યારે ડબ્બામાં અંધારું થઈ ગયું અને ફરી મેં થોડું ઊંઘી લીધું. ઇટાલીની મુખ્ય ભૂમિના છેલ્લા શહેર રેજ્જિઓ દી કાલાબ્રિઆથી સિસિલી ટાપુના પહેલા શહેર મસ્સિના જવા માટેની ખાડી વટાવતાં ફક્ત ૪૫ મિનિટ થઈ.

‘બુઓન જ્યૉર્નો, સિચિલિઆ.’ મેં કહ્યું.

ઇટાલીનો આકાર ઘૂંટણથી પણ ઉપર જતા, ઊંચી એડીવાળા બૂટ જેવો છે. સિસિલીનો સરસ, મોટો, ત્રિકોણીયો ટાપુ બૂટની ઉપરના છોગા જેવો છે. છેક દક્ષિણે આવેલો અને ભૂમધ્ય સમુદ્રના હવામાનથી સ્પર્શાયેલો, એટલે એની પ્રજાનો અંતરંગ મિજાજ પણ રંગીન અને છોગું ધારણ કરેલી વ્યક્તિને અનુરૂપ. એ સિસિલીમાં એક ઉજ્જ્વળ સવારે મારો હિંમતભેર પ્રવેશ. મનમાં આનંદ ને આવેગ તો હોય જ ને!

મેસ્સિનાના બંદરે જ બોગી બીજી ટ્રેનમાં લાગી ગઈ. શહેરનો ભાગ દેખાયો નહીં અને ટ્રેન ટાપુને પૂર્વ કિનારે દક્ષિણ તરફ જવા માંડી. હવે દરિયો દેખાવા માંડયો. ટ્રેન બરાબર કિનારાને વળગીને જ જતી હતી. નાનકડાં મોજાં, માછીમારોની નાવડીઓ અને એમની ઝૂંપડીઓ — બધું એવું ગ્રામ્ય. પછી દરિયાની અને પાટાની વચ્ચે ગામો આવ્યાં. ઋતુક્લાંત ઘરોની પછીતોને લગભગ ઘસાઈને ટ્રેન ચાલતી ગઈ.

મેસ્સિના (Messina) સદીઓથી વહાણવટા અને વેપારમાં આગળ પડતું રહ્યું છે. ૧૯૦૮માં ધરતીકંપથી અને પછી ૧૯૪૩માં બૉમ્બમારાથી એ નાશ પામ્યું હતું. એમાંથી ફરી એક વાર એ ઊભું થયું છે અને ઔદ્યોગિક ખ્યાતિ મેળવી છે. પણ મેસ્સિના જો સિસિલીનું પ્રવેશદ્વાર છે, તો ત્યાંથી ત્રણેક કલાક દૂર દક્ષિણે આવેલું ગામ તાઓર્મિના (Taormina) પ્રવાસીઓ માટે સિસિલીનું પટાંગણ છે. એની વસ્તી દસ કે બાર હજારની હશે, પણ એનો દરિયાકિનારો અને એનું હવામાન એટલાં વખણાય છે કે ગ્રીષ્મના મહિનાઓમાં એની વસ્તી પાંચ ગણી થઈ જાય છે. મેં ત્યાં ઊતરવાનો વિચાર નહોતો કર્યો. એટલી બધી જગ્યાઓ જોવા જેવી હોય કે પસંદગી કરવી જ પડે.

કેટલાંક ઇટાલિયન મારી સાથે વાત કરતાં હતાં. એ લોકો સ્થાનિક હતાં અને એક ગામથી બીજે ગામ સગાંવહાલાંને મળવા જતા હતા. ટ્રેન તો ફંટાઈને સિસિલીની વચ્ચે થઈને, ત્રિજ્યાની જેમ એના પરિઘ પરના એક શહેર આગ્રિજેન્તો સુધી જવાની હતી. ત્યાં જાઉં તે પહેલાં મારે હજી નીચેની એક જગ્યાએ જવું હતું. તેથી સહયાત્રીઓને ‘આવજો’ કહી હું કાતાનિઆ જંક્શન પર ઊતરી ગઈ.

બે કલાક બીજી ટ્રેનની રાહ જોવાની હતી. સ્ટેશનની બહારના રસ્તા પરની એક પાળી પર બેસી રહી, વાહનોની અવરજવર જોયા કરી. શહેર મોટું હતું. એનો નવો વિભાગ પણ જૂનો લાગતો હતો. એનાં જૂનાં કેથિડ્રાલ અને બાસિલિકા તો મલિન અને

અવગણિત દેખાતાં હતાં. ચારેક લાખની વસ્તીવાળું એ અગત્યનું શહેર છે. એનાથી થોડેક જ દૂર એત્ના (ઁXષ્X નામનો જીવંત જ્વાળામુખી આવેલો છે, જેના લાવામાં એ ઘણી વાર સળગ્યું છે, નાશ પામ્યું છે. આ કાળા લાવામાંથી જ કાતાનિઆ શહેરના રસ્તાઓની ફરસબંધી થઈ છે અને લગભગ બધી જ ઇમારતો બંધાઈ છે.

એ પણ કેવી વક્રતા — જેનાથી સંહાર થયો તેમાંથી જ સર્જન થયું. આ એત્ના જ્વાળામુખી યુરોપમાંનો ઊંચામાં ઊંચો (૩૩૨૩ મિટર) જીવંત જ્વાળામુખી છે. સિસિલીમાં એની આસપાસનો વિસ્તાર લાવાના પાષાણોથી બનેલો છે. એ દિવસે હું તો એના પરિસરમાંથી નીકળી આવી પણ એને બીજે કે ત્રીજે જ દિવસે એ અગ્નિગિરિનો વિસ્ફોટ થયો હતો એમ સ્થાનિક છાપામાં વાંચ્યું. કાતાનિઆ કે બીજા કોઈ ગામને નુકસાન નહોતું થયું, પણ એત્નાના પહાડી રસ્તાઓ ખોરવાઈ ગયા હતા અને આ નવા સર્જાયેલા એક અગ્નિવિવરમાં પડીને એક પ્રવાસી મૃત્યુ પામ્યો હતો.

એત્ના સિસિલીનું જીવંત હૃદય છે અને તરત એની દક્ષિણે કાતાનિઆમાં મેદાન છે. ત્યાં ખાસ કશું આકર્ષક નહોતું. હવા ગરમ હતી, આકાશ પણ જુદું લાગતું હતું. થોડી નાળિયેરી, થોડાં ઓલિવનાં વૃક્ષ, થોડાં ખેતરો. કયારેક ગામ પણ આવ્યાં, એક પણ ધ્યાન ખેંચે તેવું નહીં. હું સિરાકુસા (Siracusa) જતી હતી. ત્યાં જતી ફાસ્ટ ટ્રેન મોડી હતી એટલે લોકલ લીધી. રસ્તામાં પછી ફાસ્ટ આવી ચડી, એટલે સિરાકુસા જનારાંને લોકલમાંથી ઉતારી ફાસ્ટમાં ચડાવ્યાં. પ્લૅટફૉર્મ ત્યાં હતું પણ નહીં — એક નીચો સિમેન્ટનો રસ્તો હતો. સ્ટેશનનું નામ પણ કોણ જાણે શું હતું!

સિરાકુસાનું સ્ટેશન પણ રસપ્રદ ના લાગ્યું. બરાબર ચાલીઓ જેવાં જ મકાનો સ્ટેશનની આસપાસ હતાં. બપોર પડી હતી. વાતાવરણ ગરમ અને ધૂળિયું હતું. હવા પણ જુદી હતી જાણે. સિસિલી આખું જ જુદું હતું એમ મને લાગ્યું. લોકો પણ જુદા. ત્વચાનો રંગ જરા ઘેરો — ‘ઓલિવ કૉમ્પ્લેક્શન’ કહેવાય તેવો. લોકોને જોઉં અને ગ્રીક, ઇજીપ્શિયન, આરબ વારસાની આછી કે ગાઢ નિશાનીઓ એમની મુખાકૃતિઓમાં કે એમના દેહાકારોમાં દેખાય. આવાં આગંતુકો અને એમનાં મિશ્રણથી જ બની છે સિસિલીની જનતા.

એનો જૂનો વિભાગ નાનકડા ટાપુ જેવો છે અને બે પુલ દ્વારા કિનારા અને નવા વિભાગ સાથે જોડાયેલો છે. ઑર્તિજિઆ કહેવાતો આ વિસ્તાર દિવસે દિવસે ખાલી થતો જાય છે. પાણી પરની ઘણી મોટી મોટી હવેલીઓ ત્યક્ત અને રિક્ત હતી. કેટલીકનાં

બારીબારણાં પર પૂંઠાં ચોડાઈ ગયાં હતાં, તાળાં લાગી ગયાં હતાં. જાણે મઝા કરી કરીને મહેલો મરણતોલ થઈ ગયા હતા. એમ તો સાતમી સદીમાં બાંધેલું કૅથિડ્રાલ હતું. ઘણાં પ્રાચીન કળા-ધન-સંપન્ન મોટું સંગ્રહાલય પણ હતું, છતાં ઑર્તિજિઆમાં ઉત્સાહપ્રેરક તત્ત્વ ખૂટતું હતું.

એની સાંકડી શેરીઓમાં હું ચાલી. કયાંક ડેલીઓની જેમ દરવાજા ને દીવાલો હતાં, તો કયાંક જૂનાં સરસ ઘર હતાં. દેવળો ને દુકાનો ઠેર ઠેર હતાં, તો મોટરો ને મોટરસાઈકલો સર્વત્ર હતાં. મોટરસાઈકલો ને મોપૅડ પર યુવાનો આખો દિવસ ફર્યા કરતા, ગલીઓ એ મશીનોના અતિશય ઘોંઘાટથી પડઘાતી રહેતી. કદાચ આ જ ત્યાંની સૌથી ઉત્તેજક પ્રવૃત્તિ હતી. કયાંક કયાંક દીવાલો પર ઇશુ કે માતા મૅરીના ફોટા મૂકી માર્ગતીર્થ બનાવ્યાં હતાં.

સિસિલીની ભૂમિ પરનો એ મારો પહેલો દિવસ હતો. ત્યાંની પહેલી રાત માટે મેં હોટેલ આર્કિમિદી નક્કી કરી હતી. મકાન સારું લાગેલું. એક કુટુંબથી એ ચલાવાતી હતી. રાતે હું ત્યાં જ જમી. સિસિલી એની રસોઈની વિશેષતા માટે વિખ્યાત છે. ઇટાલિયનો માટે ભોજન એક મોટો કાંડ હોય છે — ખાસ કરીને મિત્રો કે સ્વજનો માટે કે એમની સાથે હોય ત્યારે. એવી જ રીતે તૈયારી કરાઈ હતી એ હોટેલમાં. ભોજનની મુખ્ય વાનગીની પહેલાં ખવાતી ચીજોને ‘આન્તિપાસ્તી’ કહે છે. (એકવચનમાં એ શબ્દ ‘આન્તિપાસ્તો’ બને છે.) મોટા ટેબલ પર લોભામણી આન્તીપાસ્તી સામગ્રી હતી : બટાકાની પૅટિસ, તળેલાં મરચાં અને રીંગણ, જેને ખાવા ઉત્સુક હતી તે લીલાં ને કાળાં તાજાં ઑલિવ, લસણ સાથે બનાવેલી ભાજી અને બીજી કેટલીયે આમિષ ચીજો. બધું ગૃહિણીએ જાતે બનાવેલું.

વળી, પિતા, પુત્ર, પુત્રી, પૌત્ર તથા દાદીમા આસપાસ જ હતાં. ઘર જેવું જ લાગ્યું મને ત્યાં.



કૃતનિશ્ચય થઈને ફરી એક વાર ગ્રીસની સફરે નીકળી હતી. જે પ્રાચીન છે અને હવે અર્વાચીન પણ છે તેવા મુખ્ય શહેર ઍથેન્સમાં તો થોડા દિવસ ગાળવા જ હતા, પણ ગ્રીસની પ્રવાસ ભોગ્યતા જેના પર સૌથી વધારે નિર્ભર છે તેવા કેટલાક ટાપુઓ પર પણ મારે પહોંચવું હતું.

પહેલવહેલી વાર યુરોપમાં ફરતાં ફરતાં છેક છેડાના દેશ ઇટાલીના છેક દક્ષિણ છેડે ‘બારી’ નામને ગામે ગઈ હતી. ત્યાંથી પણ આગળ, છેક ગ્રીસ સુધી જવા વાહણ લીધું હતું. તે અઢાર કલાકે ગ્રીસના પાત્રાસ નામના બંદરે પહોંચ્યું. એ પછી ચાર-પાંચ કલાકની બસ લીધી ત્યારે ઍથેન્સમાં પગ મુકાયા હતા. ઇટાલીના બ્રિન્ડિસિ બંદરે પાછી પણ પાત્રાસથી વહાણ લઈને જ ગયેલી. ગ્રીસનો એક નાનો ટાપુ સલમિસ જ જોવા પામેલી.

આ વખતે મન ગ્રીક જળપથને ઝંખતું હતું. વર્ષોથી જેનાં નામ સાંભળ્યાં કર્યાં હતાં તેમાંના અમુક ટાપુઓને મારે નજરોનજર જોવા હતા. ગ્રીસનો નકશો ખોલી ખોલીને નૌકાચલનના અનેક પથનાં અંકનનું પરીક્ષણ હું કરતી રહેલી, ટાપુઓ વિષે વાંચતી રહેલી ને અધીરાઈનો જાણે પાર ન હતો.

પહેલી વાર ગ્રીસનો નકશો જુઓ તો છઠના ચંદ્ર જેવા એના મુખ્ય ભૂમિભાગની આસપાસનો વિસ્તાર ઝાંખો-પાંખો લાગે. એ ગ્રીસનો બહોળો જળપ્રદેશ છે ને એની અંદર ૧,૪૨૫થી પણ વધારે ટાપુઓ આવેલા છે — જાણે દેવોએ કિનારાને ખંખેરવાનું ઇચ્છયું ના હોય. એ ભૂમિના તથા ટાપુઓના કિનારાની લંબાઈ જોડો તો લગભગ ૯૪૦૦ માઈલ થાય પણ નકશો જુઓ તો અડધો ભાગ ખાલી દેખાય.

“ખાલી” લાગતા એ જળપ્રદેશમાં કેટલાયે અખાતો અને સાગરો બનેલા છે. જેમકે, કોરિન્થનો અખાત, સારોનિક અખાત, ગારિત્સા અખાત વગેરે અને મુખ્ય કહેવાય એવા આયોનિયો સાગર, ક્રિતિકો સાગર, એજિયો સાગર ઇત્યાદિ. અમુક ટાપુઓ આ સાગરોનાં નામ સાથે જોડાયેલા છે, તો બીજાં અમુક ટાપુજૂથો ‘સિક્લેદેસ’, ‘સ્પોરાદેસ’ અને ‘દોદેકાનેસ’ તરીકે ઓળખાય છે. તળભૂમિની પશ્ચિમે, દક્ષિણે, પૂર્વે, ઊત્તર પૂર્વે — એમ ટાપુઓ છે તો બધે, પણ એક છેડેથી બીજે છેડે ઝટ દઈને જવાય નહીં. બધા માર્ગે વહાણો સીધાં જતાં નથી અને સપ્ટેમ્બરથી તો સંખ્યા ઘટી ગયેલી જોઈ.

મેં સોળ-સત્તર દિવસ ટાપુઓ માટે રાખેલા ને ઉતાવળથી, “ડેલે હાથ દઈને” નીકળવું ન હતું, એટલે કુલ છ ટાપુઓ પર હું જઈ શકી. એ માટે મેં દક્ષિણે આવેલા ખૂબ મોટા ટાપુ ‘ક્રિટિ’ ઉપરાંત ‘સિક્લેદેસ’ જૂથમાંથી પાંચ પસંદ કરેલા. પશ્ચિમે કોર્ફુ ટાપુ છે, જ્યાં ઓડિસિયસ ઇથાકા પાછા પહોંચતા પહેલાં છેલ્લે રોકાયેલા અને પૂર્વમાં તદ્દન છેડે છે ર્હોડ્સ ટાપુ, જ્યાં આજે પણ કલાકારો, કવિઓ અને અન્ય સર્જકો ખેંચાઈને જાય છે, ગ્રીસના પ્રત્યેક દ્વીપ અને સ્થાન લોભનીય સંદર્ભોથી યુક્ત છે અને મુસાફરનો સમય નિરવધિ તો નથી જ, તેથી પસંદગી કરવી જ પડે.

ક્રિટિ ટાપુ ઘણો દૂર છે, ને તેથી ત્યાં સૌથી પહેલા જવાનું રાખેલું. દિવસો જતા ગયા તેમ આ નિર્ણયનું શાણપણ વધારે સ્પષ્ટ થતું ગયું. વહાણ માટેની ટિકિટ ઍથેન્સની એક એજન્સીમાંથી ખરીદી લીધેલી. આખી રાતની સફર હતી, એટલે સૂવા માટેની કૅબિનના પૈસા પણ ખર્ચેલા. શહેરથી ટ્રેનમાં પોણા કલાક દૂર રહેલા મોટા પિરેયસ બંદરના પાણીમાં અસંખ્ય મોટાં મોટાં જહાજ ઊભેલાં. મારાવાળું એક તરફ દૂર ઊભેલું. લોકોથી એ ભરાઈ ગયું. ઘણી ગાડીઓ પણ એમાં ચઢી. રાતે સાડા આઠે એ ઊપડયું.

સરસ રાત હતી. પાણી શાંત હતું. એવો સરસ પવન આવતો હતો કે તૂતક પર બેસી રહેવાનું મન થતું હતું, પણ થોડું ઊંઘી લેવું જોઈએ, એમ વિચારી આખરે હું કૅબિનમાં ગઈ. એક પથારી ખાલી હતી. બાકીની બેમાંની એક સ્ત્રી નસકોરાં બોલાવતી હતી ને બીજી સવારે સાડા પાંચ વાગ્યે ખૂબ પ્રમાણમાં અત્તર છાંટીને ગઈ. એટલે ઊંઘ તો ખાસ થઈ જ નહીં.

ક્રિટિ ટાપુ પરનું સૂઘ બારું આવ્યું ત્યારે હજી સાવ અંધારું હતું. આશરે બહાર તરફ ગઈ. ગામમાં હજી ખાસ કોઈ સળવળ્યું ન હતું, પણ બસો ચાલતી હતી. એમાંની એક લઈને સાતેક કિ.મી. પર આવેલા હાનિયા શહેરમાં હું પહોંચી. ઊતરતાં મેં ડ્રાઈવરને પૂછ્યું કે પાણી કઈ તરફ છે. એ તરફ જ જૂનું ગામ અને રહેવા માટેની નાની હોટેલો હોવાની એ અનુમાન હતું. એ સાચું પણ પડયું, પણ રવિવારના સાત-સાડા સાત વાગ્યે હજી હાનિયા શહેર પણ ઊંઘતું હતું. એક બંધ બારણાંની પાછળથી એક પુરુષના મોટાં નસકોરાં પણ સંભળાયાં. બેએક હોટેલોનાં બારણાં ખખડાવ્યાં, પણ કોઈ ઊઠીને આવ્યું નહીં. જરા વાર ગલીઓમાં આમતેમ ફરી, પછી સરસ, સસ્તો, હવાઉજાસવાળો ઓરડો મળી ગયો. બારીમાંથી પાણી, દીવાદાંડી અને ટહેલવાની લોકપ્રિય જગ્યા દેખાતાં હતાં.

ક્રિટિની જળસંસ્થિતિ અને ફળદ્રુપ ભૂમિને કારણે એને માટે યુદ્ધ થતાં રહ્યાં, એના

પર જુદી જુદી રાજ્યસત્તાઓ આવતી ગઈ. સૌથી આદિ ગણાતી, ત્રણેક હજાર વર્ષ જૂની મિનોઅન સંસ્કૃતિથી માંડીને ઓગણીસમી સદીના તુર્કી આધિપત્યની નિશાનીઓ ક્રિટિમાં ઠેર ઠેર જોવા મળતી રહે છે. એનાં ત્રણ મુખ્ય શહેરોના જૂના ભાગોમાં હજી પાંચસો-છસો વર્ષોનાં ઘર ઊભેલાં છે અને પ્રજાજનો એમાં રહે છે. સાંકડી ગલીઓમાં કેટલાંક ઓળખીતાં ફૂલો દેખાતાં રહ્યું — જાસૂદ, નાનાં સફેદ કરેણ, બારમાસી, ગુલબાસી, ને ચમેલી તો દેખાય તે પહેલાં સુગંધથી જ હાજરી જણાવી દે. એ ખૂબ આનંદના શ્વાસ હોય. હાનિયામાં એક જગ્યાએ તો વળી મોગરો હતો. મેં કહ્યું, "અરે વાહ, એ શું?!"

આમ જ ગયો વખત — હવા ખાવામાં, ચાલ્યા કરવામાં. નવું નવું જોવાનું નીકળતું ગયું. દિવસે જ્યાં સાંકડી ગલીઓ હતી ત્યાં મોડા બપોરથી જમવાનાં ટેબલ-ખુરશીઓ આસપાસની રેસ્ટૉરાં દ્વારા મુકાઈ જતાં હતાં. ઘણી જગ્યાએ ધીમું ધીમું સંગીત ચાલતું હોય. દુકાનો રાતે અગિયાર સુધી તો ખુલ્લી ખરી જ. સહેલાણીઓની સાથે સ્થાનિકો પણ સાંજ પડતાં પાણી પાસેના ખુલ્લા ચૉક અને ચલનપથો પર નીકળી આવતા હતા. સૂરજ આખો દિવસ આકરો હોય ત્યારે પણ પવનને કારણે અકળાવે નહીં. સાંજના સુંવાળા પ્રકાશમાં પાણી પણ નીખરી ઊઠે ને રાતના ગાઢ આકાશની નીચેથી તો ખસવું જ ના ગમે.

મને તો હાનિયા આખી રાત જાગતું રહેતું લાગ્યું. મારા રૂમની પથારીમાં પડયાં પડયાં ગણગણાટ જેવો અવાજ સતત મને સંભળાતો રહ્યો. હસવાનો, વાતોનો, રેસ્ટૉરાંનાં છરી-કાંટાની ખણખણનો, સંગીતનો અવાજ. દારૂ પીને છકેલા પુરુષોના ઘાંટા, કૂતરાઓનું ભસવું, સ્કૂટરોનો ઘરઘરાટ ને મોટરોનો ખખડાટ. સવારે છેક છ વાગ્યે શાંતિ થતી લાગે. પછી સાડા આઠ-નવ વાગ્યે પાછો એવો જ બીજો નવો દિવસ શરૂ થાય.

એ અઢી કલાકની વચમાં એક રાતે કચરાને કચડતી ટ્રકનો ગડગડાટ પણ સંભળાયેલો. ઉપરાંત, અદશ્ય જેવી જીવાત કરડતી રહેલી. આમાં શું ઊંઘ આવે સરખી? આટલું ઓછું હોય તેમ પીઠમાં સખત દુખાવો થવા માંડેલો. કારણ કે સામાનની હૅન્ડબૅગને ઊંચકીને વહાણની સીડીઓ ઉપર ચડ-ઉતર કરેલી. વહાણમાં જતાં ને નીકળતાં છએક જેટલી સીડીઓ આવશે એવી ખબર નહીં. પડખું ફેરવતાં ને બેઠાં થતાં ખૂબ દુખતું હતું. ચાલતાં-ફરતાં વાંધો નહોતો આવતો, એટલે પ્રવૃત્તિ અટકી નહીં.

હાનિયામાંના મારા ભાડાના ઘરની નીચે આવેલી એક દુકાનના કાચની અંદરથી આપણે ત્યાંનાં મોગલ શૈલીનાં, જડતરનાં સુંદર આભુષણો જોઈને મને ભારે કુતૂહલ થયેલું. એકવાર દુકાનને ખુલ્લી જોતાં હું અંદર ગઈ. ત્યાં તો બીજી કેટલીયે વિશિષ્ટ અને

કીમતી વસ્તુઓ હતી. હાજર રહેલા યુવાને ઘણી વાતો કરી. એવી વાતો કે જેમાં જલદી મને વિશ્વાસ બેઠો પણ નહીં. એણે કહ્યું કે દુકાન એના પિતાની હતી. એ તથા માતા ભારત ગયેલાં હતાં. સામે જ સત્ય સાંઈબાબાનો ફોટો હતો. મેં એ વિષે પૂછ્યું તો એ કહે કે એના પિતા બાબામાં માનતા હતા ને દર વર્ષે પગે લાગવા જતા હતા. કયાં ક્રિટિ ટાપુ ને કયાં આ વાત!

પછી તો મેં યુવાનનો ભારતીય-પાકિસ્તાની સંગીતની સી.ડી. રેકોર્ડનો સંગ્રહ જોયો. હા, હા, રવિશંકર ને અલીઅકબર તો ખરા જ, પણ બિસ્મિલ્લાહ ખાન ને નૂસરત ફતેહઅલી પણ હતા. રાજસ્થાની લોકસંગીત, શિવકુમાર શર્મા વગેરે પછી જ્યારે આબેદા પરવીનની સી.ડી. જોઈ ત્યારે તો થયુ કે આ માણસ છે કોણ? એનું નામ પૂછ્યું તો કહે, "બાબૂ." મનમાં તો મેં કહ્યું, "જા, જા, હવે." બહારથી હું બોલી, "એ તો ઇન્ડિયન નામ છે. એ તમારું નામ હોઈ જ ના શકે. સાચું નામ શું છે, એ તો કહો." ત્યારે એણે કહ્યું, "યાન્ની." ગ્રીસમાં બહુ જ સામાન્ય એવું નામ. એ પોતે પણ ભારત ઘણું જતો હતો. દિલ્હીમાં એના મિત્રો હતા, રાજસ્થાની કલાકારોને એ ઓળખતો હતો, હાનિયાની બહાર એનાં માતાપિતાનો મોટો બંગલો હતો વગેરે ઘણી વાતો એણે કરી.

એમાંથી થોડી વાતો પર તો મને શંકા જ થઈ. મેં પૂછ્યું, "આટલી બધી મોંઘી સોનાની ને રત્ન જડેલી વસ્તુઓ ખરીદનારાં મળી જાય છે?" એણે તો હા જ કહી. ત્યાં અમુક વસ્તુઓ અને સંગીતની સી. ડી. મોરોક્કોની પણ હતી. અત્યંત કળાત્મક ગોઠવણી હતી. આવી સરસ દુકાન જોવાની તો મઝા પડી જ.

હાનિયાથી બસ લઈને રેથિમ્નો જવા નીકળી. રસ્તો કયારેક ગીચ ઝાડીમાંથી ગયો, કયારેક ઊંચા પર્વતો પાસે થઈને. એમના ઢોળાવો ઉજ્જડ હતા. સૂકી, કથ્થાઈ જમીન સફેદ જેવા પથ્થરોથી ભરેલી હતી. પાણી પર જ બનાવેલા બસસ્ટેશન પરથી આશરે જ હું ચાલવા માંડેલી. રેથિમ્નો શહેરનો જૂનો ભાગ અરબી દેખાવનો હતો. પોળો જેવી સાંકડી ગલીઓ. એક દીવાલ પર નવમી-દસમી સદીની અરબી લિપિ હજી ટકેલી હતી. રૂમ જલદી મળ્યો નહીં. ગલીઓમાં ચાલવું પડયું. પીઠમાં દુખતું હતું, પગની ટચલી આંગળીઓ સેન્ડલમાં દબાતી હતી. જે રૂમ ખાલી મળ્યો તે લઈ લીધો — હવા-ઉજાસ વગરનો હતો તોયે.

પણ એ ઘર બહુ સરસ હતું. સદીઓ જૂનું, પણ નવેસરથી ફર્શ બદલેલી લાગી. જુદાં જુદાં સ્તરો, સીડીઓ ને અગાશીઓ પર હું ફરી વળી અને જૂના ભાગની શેરી,

પોળ, ખડકી જેવી રચનામાં ખૂબ ચાલી. બધું ચોખ્ખું અને શાંત — સિવાય કે જ્યારે એકાદું સ્કૂટર આવી જાય. એ બાજુ ઘરો, પણ બધાંનાં બારણાં બંધ. ક્યાંક બે કે ત્રણ વૃદ્ધાઓ બેઠી હોય — લગભગ તો વાતો કર્યા વગર ને નહીં તો ખૂબ આસ્તેથી. વધારે તો ગૂંથતી કે અંકોડી-ભરત કરતી ચૂપચાપ જ હોય. અમુક ગલીઓમાં નાની દુકાનો ને રેસ્ટૉરાં ખીચોખીચ હતી. કશેક બે ઘરોની વચ્ચે બોગનવેલ ઝૂલતી દેખાય. તો તુર્કી જૂની મસ્જિદના લાંબા, પાતળા મિનારની અચાનક મળી જતી ઝલક દશ્યને નાટ્યાત્મક બનાવી દેતી.

જૂના બારાના ગોળાકાર કિનારા પર એક જૂની દીવાદાંડી હતી ને જોડાજોડ ટેબલોથી ભરેલી રેસ્ટૉરાં હતી. સાંજ પડતામાં તો સહેલાણીઓ ત્યાં શું ઊમટે. હું એક વાર ત્યાંથી નીકળી ને ઝડપથી પાર કરી ગઈ. દરિયાઈ ખાવાનાની વાસ પણ સહન ના થાય. બીજી તરફનો કિનારો વધારે સારો લાગ્યો. ચાલવા માટે ત્યાં પહોળી જગ્યા હતી. રસ્તો પણ પહોળો ને ત્યાં સાંજે છથી સવારે છ વાગ્યા સુધી મોટરોને મનાઈ, તેથી ચાલવામાં શાંતિ લાગે.

રાત પડયે દુકાનો સિવાયની ગલીઓ સૂમસામ લાગે. સાવ અંધારી નહીં પણ વધારે બત્તીઓ પણ નહીં. મારા રૂમમાં બહારનો અવાજ નહોતો આવતો, તો ઘરની અંદરથી આવતો હતો. દરવાજો, બારણું, ચાવી, બાથરૂમ, કોઈની વાતો, કોઈનાં નસકોરાં. બહુ સારી ઊંઘ ના આવી. રેથિમ્નોમાં વધારે રહેવાની જરા પણ ઇચ્છા રહી નહીં.

એ સાંજે એક સરસ પ્રસંગ બન્યો. છ-આઠ મહિના પહેલાં મુંબઈના વિમાનમથકે મને એક જર્મન યુવતી મળેલી. કલાકેક સુધી અમે ઘણી વાતો કરેલી. એ ગ્રીક યુવકને પરણીને રેથિમ્નો શહેરની બહાર પર્વતોમાં રહેતી હતી, એમ કહીને મને ફોન નંબર અને સરનામું આપેલાં. મારું ગ્રીસ જવાનું તો નક્કી જ હતું. રેથિમ્નો જવાનું ન હતું, પણ હું ત્યાં જઈ ચડેલી. હાનિયાથી જ મેં ક્લૉડિયાને ફોન કરેલો. એ ખુશ થઈ ગયેલી. પછી રેથિમ્નોની સાંજે એણે મને જમવા બોલાવેલી.

ક્લૉડિયા અને એનો વર કોસ્તાસ આછાં ઑલિવનાં વૃક્ષોવાળા ઢોળાવ પર નાનું ઘર બાંધીને સુખેથી રહે છે. એમને પાંચેક વર્ષનો પુત્ર છે. બંને વીસેક વર્ષથી મુક્તાનંદ આશ્રમમાં જાય છે, યોગ અને ધ્યાન સવાર-સાંજ નિયમિત કરે છે, ફક્ત શાકાહારી આહાર ખાય છે અને ભારતને પોતાનું ઘર ગણે છે. મને કહે, "કોઈ ભારતીય અમારે ત્યાં આવી ચડશે, એવું અમે વિચાર્યું પણ ન હતું!" સહજ આત્મીયતામાં એ સાંજ સરસ

વીતી. એની યાદ મનમાં ચમેલીની સુગંધ પ્રસરાવતી રહેશે.

હું ક્રિટિ ટાપુની દક્ષિણ તરફ જવા માગતી હતી. ત્યાં સહેલાણીઓની ઓછી ભીડ હોય છે. બસ પર્વત પર ચઢવા માંડેલી. એ તરફ જ ક્લૉડિયા અને કોસ્તાસનું નિવાસસ્થાન હતું. જમણી બાજુ ફંટાઈ જતા ધૂળિયા રસ્તાને મેં ઓળખી કાઢ્યો. હું એ બંનેને યાદ કરતી રહી. ઊંચી, સૂકી ટેકરીઓ અને વૃક્ષોનો રૂપેરી લીલો રંગ સારો દૃશ્યપટ તૈયાર થતો હતો એટલાંથી. એમ ત્રીસેક કિ.મી. કપાયા.

બસમાંથી હું ઊતરી ગઈ પણ રસ્તા પરથી સ્પિલિ ગામનો જૂનો ભાગ તો જરાયે દેખાય નહીં. જાણે સાવ છૂપો વસવાટ. કોઈ પણ એક કેડી પકડીને હું ઢાળ ચડવા માંડી. ને ત્યાં હતું રૂપાળું એક ગ્રીક ગામ. સરસ, સુઘડ ઘર; મોટાં ને આધુનિક; ગ્રીક લાક્ષણિક ઢબે ધોળેલાં ને ફૂલોનો પાર નહીં. વાવેલા છોડ, રોપેલા કૂંડાં, ચડાવેલી વેલો, ઝૂકેલી ડાળીઓ— રંગરંગીન તાજગી. કયાંક ઢાળ, કયાંક પગથિયાંવાળી ગલીઓ ને ભાગ્યે જ કોઈ બહાર દેખાયું. એક માણસ ગધેડું લઈને જતો હતો. એ સુંદર પરિસર સાથે ગધેડાના ભોળા મોઢાનો ફોટો લીધો. સારો આવ્યો છે!

સ્પિલિ ગામને નાકે — અથવા છેડે — સત્તરમી સદીનો વેનિસની સત્તા દરમ્યાનનો એક નળસમૂહ છે. કુલ ચોવીસ નળ છે, એમાંના ઓગણીસ સિંહના મુખાકારે છે. બાકીના તૂટી ગયા હશે. અદૃશ્ય ઝરણામાંથી સતત બહાર આવતું પાણી ઠંડું ને મીઠું હતું. અહીં સહેલાણીઓને આકર્ષવા બેત્રણ દુકાનો અને રેસ્ટૉરાં થઈ ગઈ છે. મેં રસ્તા પરની એક જગ્યાએ સામાન છોડેલો ને બેએક કલાક ચાલી આવેલી. ત્યાં બેસીને મેં કૉફી પીધી. પછી બીજી બસ લઈને આગળ ગઈ.

આઈઆ ગાલિની નામના ગામે હું રાતવાસો કરવાની હતી. ક્રિટિનો દક્ષિણ ભાગ વધારે સુંદર ગણાય છે. ઊંચા પર્વતો, સીધાં ચઢાણ, સૂકી તોયે કમનીય ભૂમિ; ને લપાઈને વસેલાં, પચીસ-ત્રીસ ઘરોનાં બનેલાં નાનકડાં ગામડાં — એ બધું જોઈને આંખ ઠરે. બસ હાંફતી હાંફતી માતામ્બ્બે ગામ થઈ આવી. આખી મુસાફરીમાં મેં કુલ ચાર જણને બહાર જોયા હશે! એક કાફેમાં બેઠેલા. કોઈ વાતચીત નહીં, કોઈ હલનચલન નહીં. શું કરતાં હશે બધાં સવારથી સાંજ ત્યાં?

પર્વતોની અનવરત ગડીઓમાં થઈને નીકળતા-છુપાતા, સતત વળાંક વળતા રસ્તાઓ

પર કલાકો ગાળ્યા પછી અચાનક સમુદ્ર દશ્યમાન થાય છે. હજી રસ્તો ભેખડ પર તો છે જ. ત્યાં આઈઆ ગાલિનીનાં સફેદ ઘર ખડકાયેલાં છે. કાળી રેતીની બનેલા કિનારા પર રંગીન છત્રીઓની હારની હાર ખૂંપેલી છે. એમની નીચે પ્લાસ્ટિકની આરામખુરશીઓ ગોઠવેલી છે. સહેલાણીઓને બધું જોઈએ છે — સૂર્ય, તડકો, છાંયડો, સાગર, જળક્રીડા તથા આરામ.

મુખ્ય રસ્તા પરની નાની એક હોટેલમાં તરત રૂમ મળી ગયો હતો. પાછલી તરફ હતો ને મેં આશા રાખી કે રાત સારી જાય! નાનું જ ગામ હતું ને જોવાનું કાંઈ નહીં. બારામાં માછીમારોની થોડી હોડીઓ નાંગરેલી ને પથ્થરની ઊંચી દીવાલને છેડે દીવાદાંડી હતી. એક વાર તો ગ્રીક જળમાં નહાવું જ છે એમ નક્કી કરી હું કિનારા પાસે ગઈ. પાણી એકદમ સ્વચ્છ હતું ને પહેલાં જરા ઠંડું લાગ્યું, પણ એવી તાજગી લાગે! બહાર નીકળવું અઘરું હતું. ને ત્યાં પગ પર ઝીણી ચૂંટી જેવું થયું. સાવ ઝીણી માછલી હશે. ચોખ્ખા પાણીમાં પણ એ દેખાતી નહોતી, પણ એ પછી ત્યાં રહેવાનું મન ના થયું.

સાંજે સરસ ઠંડક થઈ ગયેલી. જળ પર સૂર્યનો અસ્ત જોઈને હું નજીકમાં જમવા બેઠી. ખાવાનું તો સારું નીકળ્યું, પણ એથીયે સરસ હતી કયાંક છુપાયેલી છાની ચમેલીની માદક સુગંધ.



## કેવાયે ઊંચા મિનારા

આઈઆ ગાલિનીની સાંજે “કયાં જમવા જવું?” એમ પૂછતાં ગૃહિણી જેવી લાગતી હોટેલની મૅનેજર કે માલિક સ્ત્રીએ મને બાજુની રેસ્ટૉરાંમાં જવાનું કહેલું. “સારી છે, ગ્રીક છે”, એમ એણે કહેલું. આખો દેશ જ ગ્રીક હતો ત્યારે ગામની બધી રેસ્ટૉરાં હોય તો ગ્રીક જ ને, પણ એના કહેવાનો અર્થ હતો કે એ ઘરેલુ છે. ત્યાં મારી બાજુના ટેબલ પર બે અંગ્રેજ સ્ત્રીઓ જમતી હતી. મને કહે, “અમે દરરોજ અહીં જ જમવા આવીએ છીએ.” રેસ્ટૉરાંનો માલિક હસમુખો અને મદદરૂપ લાગેલો અને ખાવાનું મને ભાવેલું પણ ખરું.

તેથી સવારે મેં ત્યાં જ જવાનું નક્કી કર્યું. નવેક વાગ્યે હજી બીજું કોઈ ત્યાં ગયું ન હતું. પણ જગ્યા જાણે બદલાઈ ગયેલી. આગલી સાંજનું મળતાવડું વાતાવરણ તો કયાંયે જતું રહેલું. પત્ની ઊંચા અવાજે ચીડિયાં કરી રહી હતી. વર થોડું આમતેમ કર્યા પછી ચઢાવેલા ભવાં સાથે કોઈ કામ માટે ગામ તરફ જતો રહ્યો. જરાયે હસ્યા વગર કે 'ગુડ મૉર્નિંગ' જેવો શબ્દ પણ બોલ્યા વગર. સ્ત્રી મારે માટે કૉફી લઈ આવી. ત્યાં સુધીમાં તો હું પસ્તાવા માંડી હતી. કયાંક બીજે ગઈ હોત તો સારું થાત પણ ઑર્ડર કરી દીધેલો અને હું વિવેક ત્યજી ના શકી.

ત્યાંથી આગળ જવાનો બસનો રસ્તો ઊંચા પર્વતો પર ચઢયો, સમુદ્રની નજીક તરફ ઢળ્યો, વ્યવસ્થિત ઉગાડેલાં ઑલિવ વૃક્ષો વચ્ચેથી નીકળ્યો; લીલાંછમ ખેતરોવાળી એક વિરલ ખીણ બતાવતો ગયો ને નાનાં શહેરો આવતાં ધીમો પડતો ચાલ્યો. કાફેની બહાર મૂકેલાં ટેબલ પર કૉફીના કપ અને પાણીના ગ્લાસ પડયા હોય. બબ્બે ચાર-ચાર પુરુષો, રોજની જેમ, ખાલી ખાલી સમય પસાર કરતા બેઠા હોય. છેવટે, એંસી કિ.મી. દૂરનું, ક્રિટિ પરનું સૌથી મોટું શહેર ઇરાક્લિઓ આવ્યું.

હજી મારી પીઠ ઘણી દુખતી હતી, સૂરજ બરાબર ચડેલો હતો ને કયાંયે હોટેલ દેખાતી ન હતી. હું ફરી ઘણું, પણ કદાચ ખોટા રસ્તાઓ પર. ત્યારે મને થયું, કોઈ આપણા 'ગામ'માં નવુંસવું આવે તો કયાં હોટેલ શોધે? કોઈ મદદ કરે ખરું એને? રસ્તા પર મેં બે-એક વાર પૂછવા પ્રયત્ન કરેલો પણ અંગ્રેજી કોઈ બોલતું લાગ્યું નહીં કે પછી વખત નહીં બગાડવો હોય. પછી એક ખૂબ મોંઘી હોટેલમાંના માણસે મને દિશા બતાવેલી. એ રસ્તો જૂના ભાગ તરફ જતો હતો અને હંમેશાં એ ભાગમાં હોટેલ હોય એવી શકયતા વધારે જ હોય છે.

બસમાં જ મને ખ્યાલ આવી ગયો હતો કે ઘેર ગ્રીસ પરની ચોપડીઓ વાંચીને કરેલી નોંધોના કાગળની થપ્પી આઈઆ ગાલિનીની રૂમમાં રહી ગઈ લાગતી હતી. ચાલો, હવે મારી પાસે ન હતી નોંધ, ન હતા નકશા ને ન હતી કોઈ ચોક્કસ માહિતી. હવે મેં જાણે હવામાં ઝંપલાવ્યું હતું. હું ભોંય પર પટકાઈશ કે તરતી રહીશ? પછી તો કશા વાંચેલા, વિચારેલા, નોંધેલા સંદર્ભો વગર ફરવાની મઝા આવવા માંડી. આપોઆપ જે બને તે બનવા દો, એ જ રીતે સ્થાનને પામવા દો, પીંછાની જેમ હળવા થઈ ધીરે ધીરે હવામાં સરવા દો.

ઇરાક્લિઓ શહેરમાં જન્મેલા "ઝોર્બા ધ ગ્રીક" જેવી વિખ્યાત નવલકથાના રચયિતા,

નિકોસ કાઝાન્ત્ઝાકિસ નામના જાણીતા સર્જકે મૃત્યુ (૧૯૫૭) પહેલાં લખ્યું હતું તે શબ્દો યાદ રાખવા જેવા છે : "મને કશાની અપેક્ષા નથી. મને કશાનો ડર નથી. હું મુક્ત છું."

ઇરાક્લિઓએ દ્વિતીય વિશ્વયુદ્ધના બોમ્બાર્ડમેન્ટ અને સદીઓના ધરતીકંપ સહ્યા છે ને જૂનું જે બચ્યું છે તે જ આકર્ષક લાગે છે. દા. ત. સોળમી સદીનું વેનિસની સત્તાએ બાંધેલું બારું અને કિલ્લાનાં ખંડેર અને ખૂબ મોટું એક દેવળ, જેની દીવાલો અને ગોળાકાર છત ઉપર ઇશુની જીવનકથા ચિત્રિત કરાઈ હતી. વિશાળ એક નગરચોક મઝાનો હતો. ત્યાં સ્થાનિક લોકો ફરવા નીકળેલા અને છોકરાં જાતજાતની રમત રમતાં હતાં. ત્યાં ગુલમહોરનું એક સરસ ઝાડ હતું ને કેસરી ફૂલો ખીલેલાં હતાં.

સહેલાણીઓની ભીડથી દૂર એક રેસ્ટૉરાંના ખાલી ભાગમાં હું જમવા બેઠી. રસોઈ કરનારો એક ગ્રીક માણસ ખાસ વાત કરવા પાસે આવ્યો. પંદર વર્ષ એણે ધંધાદારી વહાણ પર નોકરી કરેલી ને ઘણાં આંતરરાષ્ટ્રીય બંદરો પર ગયેલો. ઇન્ડિયામાં પણ ઘણી જગ્યાઓએ ગયેલો. મને કહે, "બૉમ્બે, કલકત્તા, મદ્રાસ, દિલ્હી — બધું મને હજી યાદ છે. એ બધી યાદોને હું ચાહું છું." પછી એણે ઉમેર્યું, "પણ પાકિસ્તાનીઓ જુદા હોય છે, હોં." એક વાર લગ્ન કર્યા પછી ઘરનું ઠરીઠામ જીવન એણે અપનાવ્યું પણ જીવ હજી સાગરખેડુનો. ઝુરાપાના ભાવ સાથે કહે, "રોજ સવારે સાઈકલ પર કામ કરવા આવું છું ત્યારે સૌથી પહેલાં દરિયે થતો આવું છું. રોજ એક વાર તો એને જોવો જ પડે છે."

આ સાચો પ્રેમ છે. જે સતત હૃદયમાં હોય ને નજર જેને જોવા માટે સતત ઝૂરતી રહે તે જ તીવ્ર પ્રેમભાવ છે.

મોડેથી જહાજ લઈને હું ચાર કલાક દૂરના સાન્તોરિનિ ટાપુ પર જવાની હતી. આ વખતે તો વહાણમાં જતાંની સાથે, બુદ્ધિપૂર્વક, હેન્ડબૅગ નીચેના તૂતક પર જ મૂકી દીધી. બીજા ઘણા પ્રવાસીઓ પણ એવી જ બુદ્ધિ વાપરતા હતા. રાતે સાડા બાર પછી સાન્તોરિનિ પરના ઍથિનિયોસ બારાની જાહેરાત થઈ. ત્યારે પણ મનમાં રૂમ મેળવવા અંગે ચિંતા તો ન હતી જ. ઊતરું તો ખરી, પછી જોયું જશે, એમ હવાને કહેલું!

બારા પર પ્રવાસ ખાતાની નાની હાટડી હતી. ત્યાં સુધી જાઉં તે પહેલાં જ, ભાડે આપવાના રૂમના ફોટા-નકશા વગેરે લઈને ઊભેલા સ્થાનિક લોકો આવી મળ્યા. એક દૂરના સાગરકિનારે હતો, જેને મેં નકાર્યો. બીજો મુખ્ય ગામ 'થિરા'થી એક કિ.મી. હતો

ને ઠીક લાગ્યો. આ રીતે એ માણસે ચિલે દેશથી આવેલા એક યુવાનને પણ રૂમ ગોઠવી આપ્યો. બીજા એક ભાઈ અમને જૂની, બંધિયાર વાસવાળી મોટરમાં લઈ ચાલ્યા — ઊંચી ભેખડ પર અમળાતા જતા રસ્તે. દૂર ઝીણી બત્તીઓ દેખાતી હતી પણ તે સિવાય કાંઈ જ નહીં.

આખરે કયાંક પહોંચીને એમણે મોટર ઊભી રાખી ને ઊતરીને ઝડપથી ચાલવા માંડયું. અંગ્રેજી તો એ બોલતા ન હતા. સાવ અંધારામાં એમને અનુસરવા જતાં સૌથી પહેલાં તો મેં ઠોકર ખાધી. કશું ઓટલા જેવું ત્યાં બનેલું લાગ્યું. પછી સાંકડી, ઢાળ પડતી શેરીઓ શરૂ થઈ. કાસ્તેરાદોસ નામનું એક ગામ હતું ને રાતે દોઢ વાગ્યે ઘસઘસાટ ઊંઘતું હતું. મારો સામાન એમણે લઈ લીધેલો નહીં તો હું લપસી જ હોત કયાંક તો. દસ મિનિટથી વધારે અમે ચાલ્યા હોઈશું. “ઓ ભાઈ, કયાં લઈ જાઓ છો ?” એમ પૂછવા કરું પણ ભાષા કઈ બોલું ? છેવટે તાળી પાડીને મેં જોરથી કહ્યું, “હલો, હલો” પણ ઊભા રહે એ બીજા.

અંતે અમે ડાબે વળ્યાં. સિમેન્ટ-પથ્થરની બનેલી ગલીમાં સફેદ ચૂનાથી ફૂલ અને હૃદયાકાર ચીતરેલાં હતાં. હંમેશના આવકારની જ એ રીત. ગલીને છેડે ઘર હતું. ત્યારે ખ્યાલ આવ્યો કે આખું કુટુંબ આ વ્યવસાયમાં મદદ કરતું હતું. ભાઈ બારા પરથી પ્રવાસીઓને મેળવતો હતો, પિતા એમને ઘેર લઈ જતા હતા, બહેન જાગતી રહી ને રૂમો ખોલી આપતી હતી ને સવારે માતા કૉફી બનાવી લાવતાં હતાં. રૂમ મોટો હતો — પૂરતું અંધારું ને તદ્દન શાંત. નવ-દસ રાત પછી અનુભવી આવી નિઃશબ્દતા. ખરી પડેલાં, સૂકાં થયેલાં, બોગનવેલનાં ફૂલનો પવનમાં રસળવાનો અવાજ કુદરતી હતો ને તેથી પ્રિય લાગતો. સવારે કયાંક દૂરથી ભૂંકતું ગધેડું સંભળાયું ને ગ્રામીણ વાતાવરણ ખડું થયું.

નવેક વાગ્યે ઊઠીને હું બહાર આવી ત્યારે ચિલેનો યુવક ત્યાંથી નીકળી જવા — જાણે ભાગી છૂટવા તૈયાર હતો. એ તો કદાચ રાતે જ ગભરાઈ ગયેલો, પણ ગાઢ અંધારામાં બીજો રૂમ શોધતો કયાં જવાનો ? મને જોઈને કહે, “ફરી આ જગ્યા હું કયારેય શોધી નહીં શકું” ને તરત એ જતો રહ્યો. મેં જાતને પૂછ્યું, “શું કરવું છે ?” મને ગભરાટ તો હતો જ નહીં. વળી એમ નીકળી જવામાં કુટુંબને અન્યાય કરવા જેવું લાગ્યું. મેં બે રાતના પૈસા આગળથી જ ચૂકવી દીધા. ત્રીજી રાતનું પછી વિચારીશ, એમ મેં માતાને કહ્યું.

તૈયાર થઈને થિરા શહેર તરફ જવા નીકળી ત્યારેય નિશ્ચિંત જ હતી. મનમાં અમુક

નિશાની નોંધતી ગઈ. જેમકે, ઘરની ગલીની બહાર ડાબી બાજુ પર બે મોટરસાઈકલો ઊભી રાખેલી હતી. પછી હસવું પણ આવ્યું — કેમ જાણે સવારી કરીને કોઈ નીકળવાનું જ નહીં હોય? દિવસે હવે ગામનાં સફેદ ધોળેલાં મકાન ને નાના દેવળનો ભૂરો રંગેલો ઘુમ્મટ જોયાં. સરસ હતું ગામ ને હજી તદ્દન શાંત. શહેરથી સાવ જુદી જગ્યાએ રહેવાનો અનુભવ કેવો તદ્દન જુદો ને સરસ હતો.

ગામની બહાર આવતાં કશું જોયેલું ના લાગ્યું. કયાંથી લાગે? શહેરની જમણી બાજુ જ હશે, એમ વિચારીને હું એ તરફ ચાલવા માંડી. બસ તો હતી પણ એની રાહ મેં જોઈ નહીં. સૂરજ સામો નહોતો, તેથી નહીં ચાલવાનું કોઈ કારણ ન હતું. આમેય, દિવસના આઠ કલાક, દસ કલાક હું પગ પર જ રહેતી હતી. ગ્રીસનાં જૂનાં ગામો પહાડો પર એવાં ગોઠવાયેલાં છે કે એમની સાંકડી શેરીઓમાં સ્કૂટર કે સાઈકલ જેવું વાહન પણ જઈ શકતું નથી. સાન્તોરિનિ ટાપુ પર આ જ હકીકત છે ને એ દૃશ્યો માટે તો વિશ્વના પ્રવાસીઓ એના પર ઊમટે છે.

થિરા શહેરનું દૃશ્યાસ્થાન એટલું તો અસામાન્ય છે કે વર્ણન કરવું મુશ્કેલ છે. સાન્તોરિનિ છે એક ટાપુ. એની ચોતરફ છે જળનિધિ પણ અડધો ટાપુ પાછો પર્વતનો બનેલો છે. એની લાંબી પીઠ પર થિરા શહેર વસેલું છે. દૂરથી તો એમ જ લાગે કે એકની ઉપર એક ઘર બનાવાયાં છે. બધાં ઢાળ પર — જાણે ગમે ત્યારે લપસી પડશે ને ત્યાં જ ઘરો અટકી ગયાં હોય. ત્યાંથી પછી ઘેરા કથ્થાઈ, સીધેસીધા ભીષણ પાષાણ દરિયામાં પછડાતા દેખાય. ગામ માંડ ટકેલું લાગે ને કેટલી ઊંચી ભેખડ પર છે તેનો ખ્યાલ ત્યારે જ આવે.

લગભગ પોણા ચાર હજાર વર્ષ પહેલાં જ્વાળામુખીના ભયાનક વિસ્ફોટમાં આ ટાપુનો કેન્દ્રપ્રદેશ છૂટો પડી ગયો ને ડૂબી ગયો. આ કારણે ટાપુનો અર્ધગોળાકાર આખો પશ્ચિમ કિનારો એ કારમા ઘાથી કપાયેલા પર્વતના અડધિયાથી બનેલો છે. આજે એક મૃત જ્વાળામુખી રાખોડી ટાપુ બનીને નજીકના દરિયામાં રહેલો છે. થિરાની પગથી જેવડી, પથ્થર જડેલી, ઊતરતી કે ચડતી જતી, ગલીઓમાં ચાલતાં ચાલતાં એ બધાંની ઝલક મળ્યા જ કરે. વચ્ચે ઘણાં પગથિયાં પણ આવે. જલદી જાઓ તો હાંફી જ જાઓ!

થોડાં જ વર્ષો પહેલાં બધાં જ વહાણ જૂના બારા પર નાંગરતાં. ત્યાંથી શહેર પર આવવાની એક જ કેડી હતી — પેલા અડધિયા પર્વતની કપાયેલી તરફથી. એ ચઢાણ તો દરેક પ્રવાસી જીતી શકે જ નહીં — એવું કઠિન ને સીધું છે. ત્યારે મદદ માટે ગધેડાં

તૈયાર રહેતાં. એ કેડી હજી છે ખરી, પણ નવા બારા પરથી શહેરમાં જવા માટે મોટરનો રસ્તો બન્યો છે. એ એક જ રસ્તો ને એ ટાપુના ઉત્તર-પશ્ચિમ છેડા પરના "આ" ગામ સુધી જાય. ૧૯૫૬માં ત્યાં મોટો ધરતીકંપ થયેલો પણ હજી એ આકર્ષક લાગે છે.

"ઇઆ"ને રસ્તે ટાપુનો બીજો અડધો હિસ્સો જોવા મળે છે. પર્વતની પાછળનો, સપાટ જેવા મેદાનનો હિસ્સો. ત્યાં શિયાળાના બેએક મહિનાઓ દરમ્યાન જ થોડો વરસાદ થાય છે — બાકી ભૂમિ તરસી. નાનાં સોપાનક્ષેત્રો વરસાદની, ધાનની રાહ જોતાં રહે છે. આ મેદાન અને ખેતરો પણ દરિયાના સ્તરે નથી. ઊંચા ટેબલ જેવાં છે એ બધાં. ઊંચી, સપાટ ભેખડોની લાંબી હારથી એ કિનારો આકાર પામેલો છે. ઊંચાં, સૂકાં મેદાનોવાળો ખુલ્લો, ખાલી એ પ્રદેશ જોઈને મનને સારું લાગે છે.

થિરા અને ઇઆની ગલીઓની ભીંસ પછી તો ખાસ. ઇઆ થોડું વધારે શાંત, સાદું ને નાનું છે પણ એ બંનેની ગલીઓ સરખી જ છે — ઘરના બંધ બારણાં, મોંઘી રસ્ટોરાં ને ફૅન્સી દુકાનો અતૂટ રૂપે છે. સોનાનાં રત્નજડિત ઘરેણાંની અગણિત દુકાનો. ભારતીય સારી, મોંઘી ચીજો પણ બહુ જ મળે — જડતરનાં ઘરેણાં, જરીકામવાળી જૂની અપ્રાપ્ય એવી ઓઢણીઓ, જૂના કાળનું ધાતુકામ, કીડિયાંની બૅગો, છાપેલી ચાદરો વગેરે. એક નાની દુકાનમાં કેવળ નાની શાલ જેવાં ઉપરણાં હતાં — રેશમી, બનારસી ભરચક જરીવાળાં.

મારે ખાસ કંઈ લેવાનું ના હોય, એટલે હું અંદર જાઉં જ નહીં. ફક્ત જોવા ખાતર આંટા મારતા પ્રવાસીઓ પ્રત્યેનો દુકાનદારોનો ચીડિયો ભાવ બહુ સ્પષ્ટ હતો પણ એક દુકાનની કાચની બારીમાંની ઇન્ડિયન ચીજો સાથે શક્કરપારાના આકારના મોટા ચકતામાં બંસીધર કૃષ્ણની નાનકડી ચાંદીની પ્રતિકૃતિ જોઈ. નવાઈ તેમ જ આનંદ પામીને, અતડાપણાના ભોગે પણ હું અંદર ગઈ. દુકાનની માલિક, ગ્રીક મહિલા કાતેરિના તો ખૂબ હસમુખી અને સહૃદયી નીકળી. ચકતું કાઢીને એણે મારા હાથમાં મૂકયું. ત્યાં મેં શ્રીનાથજીનાં પાંચ સ્વરૂપોનાં સુંદર લઘુચિત્રોવાળાં પાંચ ચકતાંનો બનેલો વર્ષો જૂનો, ઘણો કીમતી અસાધારણ હાર જોયો. આવી વિશિષ્ટ ચીજ પસંદ કરનાર વિશે વધારે જાણવું જ પડે ને?

કાતેરિનાએ કહ્યું કે ઑક્ટોબરમાં દુકાન બંધ કરીને દર વર્ષે છએક મહિના માટે એ ભારત જતી રહે છે. આમ કરતાં એને સોળ-સત્તર વર્ષ થયાં. હવે તો પુષ્કર ગામમાં એક રૂમ એણે રાખી લીધો છે. જયપુરમાં પણ એ લાંબું રહે છે. ત્યાં બધે એણે મિત્રો કેળવ્યાં

છે. સમજી-વિચારીને એ સુંદર, અસામાન્ય વસ્તુઓ ખરીદે છે — ઘરેણાં, જરદોસી, ઓઢણીઓ, સાચી ચાંદીના તાર વણેલી સાડીઓ. શ્રીનાથજીનાં સ્વરૂપના અમુક સંદર્ભો મેં એને સમજાવ્યા. અમે પરસ્પર આનંદ વહેંચી શકયાં.

બાબૂ, ક્લોડિયા, કોસ્તાસ, કાતેરિના —- આહા, કેવા હૃદયસ્પર્શી અને રસપ્રદ આકસ્મિક સંપર્કો. એમને લીધે મારો સમય વિશિષ્ટ બન્યો હતો.



## અગ્નિગર્ભમાંથી હિમપિંડ

નીકળવાને દિવસે સવારથી જ ખૂબ વરસાદ પડવા માંડેલો. રસ્તા પર કેટલીયે જગ્યાએ પાણી ભરાઈ ગયેલાં ને વાહનો સાવ ધીમા પડી ગયેલાં. એમ કરતાં કરતાં આખરે વિમાનમથકે પહોંચી તો ગઈ. પછી વિમાન બે કલાક મોડું ઉપડયું. મને થાય, ઊપડયું તો ખરું!

એ સાથે જ, ભીના રસ્તા, વાહનોની ભીડ અને ઘેરાં વાદળ પાછળ રહી ગયાં. ઘર છોડીને જવાનું કાંઈ હંમેશાં કઠિન નથી હોતું. અવનવી જગ્યાએ જવા નીકળ્યાં હોઈએ, ત્યારે તો નહીં જ.

ન્યૂયૉર્કથી શરૂ થયેલા મારા આ પ્રયાણની બરાબર બે દિવસ પહેલાં વિજ્ઞાન દ્વારા મંગળના ગ્રહ પર પદાર્પણ થયું હતું અને લાખો માઈલ દૂરની એ સતહનું સ્વરૂપ ટેલિવિઝન પર જોવા મળેલું. પાંચેક કલાકના ટૂંકા ઉડ્ડયન પછી વિમાન જ્યારે નીચે ઊતરવા લાગ્યું ત્યારે જોયું કે આસપાસનો પ્રદેશ બરાબર મંગળની એ તસવીરોને મળતો આવતો હતો. સાવ ઉજ્જડ ને વાંઝિયો. ઝાડ તો શું, ત્યાં છોડવા પણ ન હતા. સૂકા ઘાસની છારી જેવાં થોડાં થીગડાં કયાંક કયાંક થયેલાં હતાં. લાવાના પાષાણકારો દેખાતા હતા — કાળા કાળા, કદરૂપા, અનાકર્ષક, ભયાવહ, અસ્તવ્યસ્ત ખડકાઈ પડેલા — માઈલોના માઈલો સુધી.

સળંગ બધે ફેલાયેલા લાગતા લાવાક્ષેત્રની ડાબી બાજુ પર, થોડે દૂર, માછીમારોની નાનકડી એવી કેટલીક વસાહતો જણાતી હતી. આ સંસ્થિતિ નવાઈ ઉપજાવતી હતી. ને તોયે, વર્ષો પહેલાં બનાવાયેલી લાગતી, નાની એ કેબિનો છૂટી છૂટી, એકમેકથી અલગ, કોઈ અજીબ એકલતામાં સ્તબ્ધ ઊભેલી હતી. ઘણે દૂર, જમીન તરફ, ઝાંખી ટેકરીઓ નજરે પડતી હતી. સ્થાનિક લોકો સહેજ સંકોચ સાથે સમજૂતી આપતા રહે છે કે "દેશના સુંદર ભાગોમાંનો આ નથી." હું વિચારું "કોઈ પણ દેશમાં કેવો અસાધારણ આ પ્રવેશ છે!"

એ દેશ તે આઈસલૅન્ડ. એનું નામ જ એવું "હિમપ્રદેશ". નામ એ જ વિશેષણ. સંજ્ઞા એ જ સમજૂતી. ઉત્તર ઍટલાન્ટિકમાં છૂટો પડી ગયેલો, પૃથ્વીના ગોળા પરના ઉચ્ચ અક્ષાંશોની શીત-શુદ્ધ વાતાવરણમાં તરતો રહેલો, કોઈ ભૂમિખંડ તે આ દેશ આઈસલૅન્ડ. મારી કલ્પનાની વિસ્મિત આંખ કાંઈક આવું ચિત્ર જુએ : સમુદ્રને પેટાળે કોઈ મહાગ્નિ કૃદ્ધ થયો હશે, અતિ ઉદ્વેગથી વિસ્ફોટ પામ્યો હશે ને એમાંથી જન્મ થયો હશે આ દ્વીપનો. સાથે જ કઠોર શીતકાળનો શાપ પણ એ પામ્યો હશે.

અલબત્ત, બન્યું છે પણ એવું જ ને ખરે જ, આશ્ચર્યજનક સહોપસ્થિતિ આઈસલૅન્ડમાં. એના જ્વાળામુખીઓના ગર્ભમાં હજી પ્રજ્વલિત અગ્નિ છે અને એ જ પર્વતોના સમગ્ર ઢોળાવો લાંબા સમય માટે હિમાચ્છાદિત રહે છે. દેશના મધ્યભાગમાં શીતથી જડીભૂત એવાં "ઊંચા રણ" છે કે જ્યાં જવું પણ દુઃસાહસ ગણાય છે. તો કિનારા તરફ ઠેકઠેકાણે ગરમ પાણીના ઝરા છે, જ્યાં બારેમાસ લોકો સ્નાનક્રીડા કરી શકે છે. આઈસલૅન્ડમાં લાવાના ઘોર કર્કશ પ્રાણહીન વિસ્તારો છે અને ગ્રીષ્મ દરમ્યાન ફૂલો અને હરિત કોમળ ઘાસથી હરખાઈ જતાં અસીમ મેદાનો છે.

પહોંચતાંની સાથે જ વૈવિધ્ય દૃષ્ટિત થવા માંડયું. પાટનગર રેકયાવિક વિમાનમથકથી ત્રીસ કિ.મી. દૂર પણ જતાં ખાસ વાર ના થઈ. વાહનોની ભીડ જ કયાં? વળી, આ તો સ્કેન્ડિનેવિયાના જૂથમાંનો દેશ. ખૂબ શાંત, સ્વચ્છ ને બધું નવું નક્કોર દેખાય. નાનાં નાનાં ઘર અને નીચાં જેવાં મકાન. મને તો બધું રમકડાં જેવું લાગે. ન્યૂયૉર્કના પરિમાણની ટેવ. એ પછી આ બધું એવું સરસ અને સમ્મોહક લાગે — ખરેખર જ મનોરંજનના સ્થાન જેવું!

શહેરની નજીકમાં પરિમાણ જરાક બદલાયું — થોડું વધારે ઊંચું, મોટું! પણ હજી સંપૂર્ણ પરિષ્કાર અને નવા જેવું. ઝાડ હજી નહોતાં આવ્યાં. રસ્તા પર ઝીણાં ફૂલ દેખાઈ

જાય. વિમાનમથકેથી બેત્રણ જગ્યાએ ફોન કરીને એક રસ્તામાં સસ્તી (ને તોયે મોંઘી જ લાગે એવી) હોટેલમાં રૂમ ઠરાવેલો. ત્યાં સામાન મૂકીને તરત જ હું બહાર નીકળી પડી. સામે જ કેન્દ્રમાંનો એક બાગ. લીલા ઘાસને ફરતે પીળાં અને ભૂરાં-જાંબલી પૅન્સી ફૂલોની શોભા કરેલી. પાછળ લાક્ષણિક મકાનો જુદા જુદા આનંદી રંગોથી રંગેલાં. બાગમાં કોઈ શાળાનાં છોકરાં ઉજાણી કરવા આવેલાં. આખું દૃશ્ય એવું તો આકર્ષક. શહેરની સમગ્ર પ્રતીતિ જ એવી સુંદર, એવી મનમોહક કે તત્કાળ પ્રસન્ન થઈ જવાયું.

સાવ નવી જગ્યા. તદ્દન અજાણી ભાષા. કશી પણ માગણી કર્યા વગર, અપેક્ષા રાખ્યા વગર, એના અંતરંગને હૃદયસરસું કરતાં મને વાર લાગી નહોતી. તો સ્થાને પણ ક્યાં સમય લીધો હતો મને પોતાની કરવામાં? રેકયાવિકમાં હજી મને કલાક માંડ થયો હતો, ત્યાં તો મને પરિચિતતાના કેટલા સંદર્ભ મળી ગયા. હવે પછીની વાતોમાં એના પુરાવા મળતા રહેશે.

શાંત, સ્વચ્છ રસ્તાઓ પર ટહેલતા એક કાર્યાલય મને પ્રવાસ ખાતું લાગ્યું. થોડી પૂછપરછ કરવા, માહિતીનાં ચોપાનિયાં મેળવવા હું અંદર ગઈ. એ તો એક ટ્રાવેલ એજન્સી નીકળી. સુંદર, સ્મિતવદના યુવતીએ મને આવકારી. દેશના મોટા નકશા પર જોવા જેવી જગ્યાઓ બતાવી. એમાંથી કેટલીક જોવા જવા માટે બીજા દિવસના પર્યટનની મેં ત્યાં ગોઠવણ કરી દીધી. પછી અચાનક એક વિચાર આવતાં મેં એની પાસે ટેલિફોન ડિરેક્ટરી માગી. દરેક જગ્યાએ ઓળખીતું ક્યાંથી હોય? ને હું તો જગ્યાના મોહપાશથી ખેંચાઈને જ નીકળી પડતી હોઉં છું પણ પ્રવાસી ક્યારેક કેવા સદ્ભાગ્યને પાત્ર બનતાં હોય છે, એનો આ દાખલો છે.

સાતેક વર્ષ પહેલાં આયરલૅન્ડમાં ફરતાં મને બે આઈરિશ સ્ત્રીઓ મળેલી. એમાંની એક આઈસલૅન્ડમાં રહેતી હતી. એણે આપેલા સરનામે મેં ત્યાં જતાં પહેલાં કાગળ લખેલો પણ એ પાછો આવેલો. સરનામું બદલાયું હોય અથવા એ આઈસલૅન્ડ છોડી ગયાં હોય — એમ પણ બને. ટ્રાવેલ એજન્સીમાં અચાનક વિચાર આવ્યો, "લાવ, ખોલીને જોઉં તો ખરી — નામ છે કે નહીં!" આઈસલૅન્ડમાં ફોનબુકમાં નામની યાદી અટક પરથી નહીં પણ વ્યક્તિના પહેલા નામ પરથી હોય છે, એ જોઈ ઘણી નવાઈ લાગી. પણ વાહ, મૉરીનનું નામ એમાં હતું. અટક પણ એ જ હતી. મેં ફોન જોડ્યો. બપોરનો સમય હતો "ઘેર હશે કે નહીં?" એમ વિમાસતી હતી, ત્યાં જ એણે ફોન ઉપાડ્યો. મેં વાત કરી, વિગતો કહી ને એને યાદ આવી ગયું. આટલાં વર્ષોમાં એ નોકરીમાંથી નિવૃત્ત થઈ ગયેલાં,તેથી ઘેર હતાં. મેં યાદ કરીને ફોન કર્યો, એટલે ખૂબ ખુશ થઈ ગયેલાં. તરત

એમણે મને ચા પીવા આમંત્રણ આપ્યું. મારી ખુશીમાં ઉમેરો થયો. નામ પણ ના સાંભળ્યું હોય એવો કયાં આ દેશ ને કેવી ત્યાંની સ્થાનિક વ્યક્તિને ઘેર જવાની મળેલી આ તક!

સમય થતાં શહેરની પીળી બસોમાંની પાંચ નંબરની બસ પકડી. શહેરની પેલી બાજુ, નવા લાગતા લત્તાનાં બહુમાળી મકાનોમાંના એકમાં મૉરીનનો નાનો ફ્લૅટ હતો. એણે કહ્યું કે એ બધાં મકાન પાંત્રીસેક વર્ષ જૂનાં હતાં ને વારંવાર એમને રંગવામાં આવતાં હતાં. “હં, પછી તો લાગે જ ને નવાં જેવાં!” હવે હું માનતી થઈ છું કે ચોખ્ખાઈની ટેવ અમુક પ્રજાઓમાં હોય છે ને અમુકમાં નથી જ હોતી.

મૉરીન મને શહેરની કેટલીક જગ્યાઓ જોવા લઈ ગયાં. એમની મનોસ્થિતિ દેશાંતરવાસી ભારતીયો જેવી જ હતી. એ રહેતાં હતાં આઈસલૅન્ડમાં — છેલ્લાં પચીસ વર્ષથી, પણ દર વર્ષે આયરલૅન્ડ જતાં હતાં. આઈસલૅન્ડમાં એમને એકલવાયું લાગતું હતું પણ આયરલૅન્ડમાં ગમે કે નહીં તે નક્કી કરતી શકતાં ન હતાં! એ કયારેય પરણ્યાં ન હતાં ને રેકયાવિકમાં બહુ મિત્રો પણ ન હતાં. કેવી દ્વિધામાં વીતતાં હોય છે માનવજીવન!

ભરઉનાળાનો સમય હતો, એટલે રાત પડી પછી પણ ભરપૂર અજવાળું રેલાતું રહ્યું. સારું હતું કે યાદ રાખીને હું આંખ પર પહેરવાની પટ્ટી લેતી આવેલી. છતાં એકથી ચારની વચ્ચે ઘણી વાર હું જાગી ગઈ ને ઊઠી ઊઠીને દૂધિયા પ્રકાશની નોંધ લેતી રહી. નજીકના ચર્ચની ઘડિયાળના ડંકા દર પા કલાકે વાગતા રહ્યા. એમની ગણતરી સમજવાના પ્રયત્નમાં તો હું વધારે ગૂંચવાઈ. સાડા ત્રણ વાગ્યે પંખીઓની વાતોનો અવાજ સંભળાતો થયો. છેવટે મારી આંખ મળી ગઈ. સાત વાગ્યે હું જાગી ત્યારે મારો નાનકડો રૂમ ઉજ્જ્વળ પ્રકાશથી છલકાતો હતો.

આઈસલૅન્ડની પૂર્વ દિશામાંનાં દૃશ્યો અને સ્થાનો જોવા માટે નીકળેલી બસ પ્રવાસીઓથી ભરાઈ ગઈ. અમેરિકનો અને યુરોપિયનો. એક જાપાની હતો, તે અડધે કયાંક ઊતરી ગયેલો. બેએક દિવસ ત્યાં રહેવાનો હતો. દિવસ સરસ ચોખ્ખો હતો. બાર કિ.મી. લાંબો “એસ્યા” પર્વત બહુ ઊંચો ન હતો પણ એના પર ઘણી જગ્યાએ હજી બરફ ચોંટેલો હતો. નજીકની ટેકરીઓ પર ઘાસ ઊગેલું હતું અને ઠેર ઠેર જાંબલી ‘હાયેસિંથ’ ફૂલો ખીલેલાં હતાં. સાથે આવેલી ગાઈડ જાતજાતની અગત્યની અને રસપ્રદ માહિતી આપવા માંડી : આખા દેશની વસ્તી પોણા ત્રણ લાખની; એમાંથી લગભગ અડધી રેકયાવિકમાં વસેલી છે ને બાકીની કિનારે કિનારે. દેશનો કેન્દ્રવિસ્તાર તો સાવ ઉજ્જડ છે. ક્ષેત્રફળના ચોથા ભાગ પર જ વનસ્પતિ છે, બાકી બધે પહાડો, જ્વાળામુખી, હિમનદીઓ,

રેતીનાં રણ, રાખ અને લાવાનાં મેદાન ઇત્યાદિ.

રરસ્તા પર ભાગ્યે જ કોઈ વાહન; લીલાં ખેતરો પર થોડાં ઘેટાં; ભૂખરી, રેતાળ, ટેકરીઓ ને નજર પહોંચે ત્યાં સુધી કશું જ હલનચલન નહીં. આસપાસનાં લાવાક્ષેત્રોની ઉંમર હજી કુમળી, હજાર જ વર્ષની હતી! જ્યારે વનસ્પતિને ઊગતાં હજારો વર્ષો થતાં હતાં. ઊંડે વસેલા અગ્નિની પ્રવૃત્તિઓ ચાલુ જ રહે છે. દર બીજે-ત્રીજે વર્ષે કોઈ ને કોઈ જ્વાળાગર્ભ ફાટતો જ રહે છે. અગ્નિપાત, હિમપાત, જળપાત જેવી પરસ્પર વિરોધી આફતો કયારેક તો મહિનાઓ સુધી દેશ પર આવી પડતી રહે છે. આ સિવાય, હિમયુગ દરમ્યાન જે દરિયાને તળિયે હતો તે દક્ષિણ તટ પર ગંધકવાળા ગરમ પાણીના ઝરાની પ્રક્રિયા થતી રહેતી જણાય છે. ચારસો ડિગ્રી સેન્ટિગ્રેડના તામપાનવાળી આ વરાળ તો કેટલાયે કામમાં વાળવામાં આવે છે. શાકભાજી, ફૂલો વગેરે ઉગાડવામાં એ ખાસ વપરાય છે. આ જ કામ, અંધારા ને લાંબા શિયાળા દરમ્યાન વીજળીનાં પ્રકાશ અને ઉષ્મા દ્વારા સિદ્ધ કરવામાં આવે છે.

જ્વાળામુખીનું જે વિવર જોવા ઊતર્યાં તે પંચાવન સો વર્ષ પહેલાં બનેલું. દોઢસો મીટર એ પહોળું હતું ને સાઠ મીટર ઊંડું. એની કિનારી પર ચઢીને અંદર જોતાં જરા ડર લાગે. એની ખુલ્લી ગહ્વરમાં પાણી ભરેલું હતું પણ એના અંદરના ઢોળાવ પણ કાળા, સળગી ગયેલા કાંકરાથી બનેલા હતા. બીજી તરફ, લાંબા સપાટ પથરાયેલા પર્વત પર ખૂબ મોટી હિમનદી ચમકતી હતી. દૂર હતી તોયે ડરામણી હતી.

નાનાં ઝરણાં અને નદીઓ રમતું પાણી લઈને વહેતાં હતાં. ગલફૉસ નામનો જળપ્રપાત ધસમસતો આવી કોતરોમાં ખાબકતો હતો. કયાં પડતો હતો તે એની ઊડતી શિકરોને કારણે જોઈ શકાતું નહોતું. સાંકડી, ઊંડી ખીણમાંથી એનું ગર્જન જરૂર પડઘાઈ ઊઠતું હતું. આગળ જઈને એ જ પાણી શાંત બનતું હતું, ખડકો ફરી સપાટ બનતા હતા. એમની ઉપર લીલા ઘાસનાં મેદાન થયાં હતાં. એ જોવા ઘણું ચડવું પડયું. પવન ફૂંકાવા માંડેલો ને હવા ઠંડી થઈ ગયેલી એટલે ઉપર ચડવું ઘણું અઘરું પડયું.

પછી ગંધકના ઝરાનો પ્રસ્તાર આવ્યો. બસોથીયે વધારે સ્થાન હશે — ઝરા, વરાળના ગોટા કાઢતાં છિદ્ર, મોટા ફુવારા, ઊકળતા કાદવાના કૂંડ વગેરે. “સ્ટ્રોક્કુર” કહેવાતા ફુવારાની ધારા દરેક ત્રીજીથી પાંચમી મિનિટે ફૂટી નીકળતી હતી અને ત્રીસ મીટર ઊંચે ધસી જતી હતી. પાણી અને વરાળના આવા બીજા સ્તંભ પણ વારાફરતી, ફુત્કાર કરતા,બહાર નીકળતા હતા. થોડી જ સેકન્ડોમાં એ સામર્થ્ય ખૂટી જતાં સફેદ

બાષ્પના ગોટેગોટા થઈને હવામાં વિખેરાઈ જતા હતા. પવનની સાથે એ પાણી છંટકાતું પણ હતું. હું સહેજમાં જ બચી ગઈ — ભીની થતાં અને એ સાથે જ, બળી-ઝળી જતાં.

ઊંચે ઊઠતા ફુવારા ને જમીનનો ગુલાબી રંગ જોવા ગમે તેવા હતા. બે નાના, ઊંડા કુંડમાં ખૂબ સરસ નીલમણિના રંગનું પાણી હતું. પરંતુ ખદબદતો, ફોલ્લા થઈ ફૂટતો, છૂપું સળગતો ગંધક કાદવ જોતાં ચીતરી ચડતી હતી. બસ, ગરમ ઝરાના પ્રસ્તારની ફરતે બધે લીલા ઢોળાવો હતા. એ પણ કેવી નવાઈ! ગરમ પાણીની પાઈપલાઈન આ દૃશ્યની વચ્ચે થઈને જતી હતી. નજીકનાં ખેતરો અને ઘરોને એના દ્વારા ગરમી પહોંચાડતી હતી. આઈસલૅન્ડમાં પંચ્યાશી ટકા ઘરો આ જ રીતે ઉષ્મા મેળવે છે. દેશની લાંબામાં લાંબી પાઈપલાઈન ચોસઠ કિ.મી. પહોંચે છે.

દેશના મોટા ભાગ પર ભૂમિનું સાવ પાતળું પડ છે તેથી વૃક્ષો કે છોડ પણ ઊગતા નથી. લીલા ઘાસની જાજમ ઊગી જાય છે ખરી. એના પર તો વળી લાખો ઘેટાં ઉછેરી લેવાય છે. જૂન પછી ખેડૂતો એ બધાંને છૂટાં મૂકી દે છે ને મન ફાવે તેમ ચારવા દે છે. સપ્ટેમ્બર થતાં, ઘોડે ચડીને, નિશાની પ્રમાણે પોતપોતાનાં ઘેટાં ખેડૂતો ભેગાં કરી આવે છે. આ દેશમાં ઘોડેસવારીનો પણ શોખ ઘણો છે. નાના પણ ઘણી શક્તિવાળા એંસી હજાર ઘોડાનો ઉછેર ત્યાં થાય છે. દર વર્ષે ત્રણથી ચાર હજાર આ ઘોડા તેજદોડની હરીફાઈ માટે યુરોપ, અમેરિકા ને કૅનૅડા મોકલાવાય છે.

રેકયાવિકમાં કેન્દ્ર પાસેના કાફે પૅરિસમાં કૉફી પીતાં રુબિ નામની એક સ્ત્રી મળેલી. એનાં દાદા-દાદી દક્ષિણ ભારતથી સિંગાપોર ગયેલાં. એના પોતાનામાં જરા પણ ભારતીયતા હતી નહીં. જાડી ને આળસુ હતી અને સિગારેટ પીતી રહેતી હતી. બાબાગાડીમાં નાની બાળકી હતી. એ કહે, “વર વગરની માતાને આઈસલૅન્ડ સરકાર ઘણા વધારે ફાયદા ને લાભ આપે છે. પછી પરણવું શું કામ?” સરકાર તરફથી પ્રાપ્ત થતા પૈસા એ ખાવાપીવા ને ખરીદી કરવામાં વાપરી નાખતી હતી અને સાધારણ મજૂરી કરતા કોઈ માણસ સાથે રહેતી હતી. વધારે સમય એની સાથે ગાળવાનું કોઈ રીતે શકય ન હતું.

રુબિએ મને રેકયાવિકમાંની બે શાકાહારી રેસ્ટોરાં વિષે જણાવેલું ને ફરતાં ફરતાં એ બંને જગ્યા મને મળી ગયેલી. ત્યાં એક ભારતીય રેસ્ટોરાં પણ હતી, એ વિષે મેં ત્યાંના છાપામાં વાંચેલું. એનું નામ “ચંદ્રિકા” હતું અને એનું વર્ણન “દુનિયાની સૌથી ઉત્તરે આવેલી ભારતીય રેસ્ટોરાં” એવું કરાયું હતું. એ શોધતી હું ગઈ નહીં. એની પાછળ સમય

બગાડવાનો અર્થ ન હતો. ભારતીયોને બીજા ભારતીયોમાં રસ હોતો નથી તે મેં વારંવાર અનુભવ્યું છે. એમના દંભ અને ઘમંડથી હું દૂર રહેવું પસંદ કરું છું.

વરસાદની ઝરમર હતી પણ હજી મારે શહેરમાં ચાલવું હતું. આઠેક વાગ્યા હતા. શહેર ઘણું વધારે શાંત થઈ ગયું હતું. ફક્ત પ્રવાસીઓ ભોજનની શોધમાં નીકળેલા હતા. કેટલી બધી રેસ્ટૉરાં હતી ગલીએ ગલીએ! શહેરમાં બધું એટલું સરસ, સહેલું ને સુલભ લાગતું હતું.

આખરે દસ વાગ્યે હું રૂમ પર ગઈ. "કાલે દિવસ કોરો ને સરસ હોય તો સારું" એવા વિચાર મનમાં ચાલતા હતા. અરે હા, પેલા ચર્ચની ઘડિયાળના ડંકાની સમજણ હવે પડી ગઈ હતી. પહેલા પા કલાકે એક ડંકો, બીજા પા કલાકે બે ડંકા, ત્રીજા પા કલાકે ત્રણ ડંકા ને છેલ્લા પા કલાકે ચાર ડંકા પડતા હતા. એ પછી જેટલા વાગ્યા હોય એટલા ડંકા વાગતા હતા. પહેલાં પહેલાં તો ના જ સમજાય ને કારણ કે એક વાગે ત્યારે પાંચ ડંકા સંભળાવાના, પાંચ વાગે ત્યારે નવ ને નવ વાગે ત્યારે તેર ડંકા પડવાના. બાર વાગતાં તો જાણે ડંકા અટકવાના જ નહીં! વિચાર તો કરો. શાંત એવા શહેરમાં આ કેવો અનવરત રવ!



## લાવાનું સામ્રાજ્ય

પછીને દિવસે રેકયાવિકથી નીકળી નાના વિમાન દ્વારા આઈસલૅન્ડનો ઉત્તર તરફનો પ્રદેશ જોવા મારે જવાનું હતું. તેથી જ આશા રાખેલી કે દિવસ સારો — એટલે કે, કોરો, હૂંફાળો, તડકાળો નીવડે. પણ આખી રાત વરસાદ પડતો રહેલો. મારી બારી પર એના સતત ટકોરા ચાલુ રહેલા. ચાર વાગ્યા પછી ચર્ચની ઘડિયાળના ડંકા દરેક પા પા કલાકે મેં ગણ્યા કરેલા. અંતે સાડા છએક વાગ્યે હું બહાર નીકળી ત્યારે પ્રભાત નિષ્કંપ હતું, જોકે આકાશને ઘેરાં વાદળોએ સંતાડી રાખ્યું હતું.

હું ઝડપથી ચાલવા માંડી — શહેરના તળાવ પાસે થઈને, ખુલ્લા બાગને અડીને,

રિંગ રોડને વળોટીને. ત્યારે તો હજી બસ સ્ટૅન્ડે પહોંચી. સ્થાનિક વિમાનમથક ત્યાંથી પણ પાસે નહોતું લાગતું. નાછૂટકે ટેકસી લેવી પડી — નહીં તો સમયસર પહોંચી જ ના હોત.

આઠ જણ બેસી શકે એટલું વિમાન હતું. સાવ રમકડા જેવું. જાગી રહેલા શહેરને પાછળ મૂકતું એ સઘન વાદળો પર જઈને ઊડવા લાગ્યું. ત્યાં તો સૂરજ બેશરમ રીતે પ્રકાશેલો હતો. પોણા કલાક પછી નીચે કાળાડિબાંગ, પાષાણપિચાશી મહાગિરિ દેખાયા. ઘણો બરફ હતો એમના પર. કેટલાંક શિખર પર હિમનદીઓ હતી. નાનું, નીચું ઊડતું વિમાન ના હોય તો આવાં દશ્યો જોવાનો લહાવો કયાંથી મળે?

એ પછી આઈસલૅન્ડનું વિખ્યાત "લેક મીવા" (Myvatn) દષ્ટિગોચર થયું. સાવ સપાટ લાગ્યું. ફરતે લીલચટ્ટી જમીન હતી પણ કિનારા પર પ્રાચીન લાવાનો ભંગાર અસ્તવ્યસ્ત પડેલો હતો. દસ કિ.મી. દૂર આવેલા કાપ્લા જ્વાળામુખી ફાટતાં ફાટતાં એ તળાવ સર્જાયેલું. એ લાવા "પાહોએહોએ" જાતનો હતો. એ નામ મેં સૌથી પહેલાં હવ્વાઈમાં સાંભળેલું. એ લાવા સાવ ખરબચડો ને ઊબડખાબડ હોય છે પણ એના પર ચાલી શકાય. "આ'આ" નામનો લાવા સાવ જુદો અને ઘણો વધારે તીક્ષ્ણ-કર્કશ હોય છે. ફરી વિવિધ પ્રકારનો લાવા અહીં જોવા મળવાનો હતો.

વિમાન ઊતર્યું ત્યાં ચારે તરફ તદ્દન રિક્ત, નિર્જીવ, ભૂતિયો પરિસર હતો. મને તરત ઉત્તર ધ્રુવીય પ્રદેશ યાદ આવી ગયો. ત્યાં તો, અલબત્ત, ઘાસના તણખલાનુંયે નામોનિશાન નહોતું. ને અહીં પણ, બેત્રણ ઇંચથી વધારે ઊંચું તો કશું જ ઊગેલું નહોતું. છતાં, કેવું આશ્ચર્ય કે તળાવની અંદર વનસ્પતિનો પાર નહોતો. ચાલીસ ચો.કિ.મી.ના ઘેરાવાવાળું એ સરોવર દરિયાઈ સ્તરથી ત્રણસોએક મીટર ઊંડું હતું. એનું ઊંડાણ અઢીથી સાડા ચાર મીટર હતું ને સર્વત્ર છેક તળિયા સુધી સૂર્ય પહોંચતો હતો. આથી જ એ પ્રદેશમાં આઠ-નવ હજાર બતક યુગલો ઉછેર પામે છે અને સુરક્ષિત જીવપ્રકાર ગણાય છે. એવા જ બીજા કોઈ વિચિત્ર કારણસર ત્યાં ત્રીસ જાતની માખીઓ થાય છે. કેટલીક ડંખ મારે તેવી ને કેટલીક 'નિર્દોષ' જેવી હોય છે.

વર્ષના સાત મહિના "મીવા" તળાવ પર બરફ રહે છે. એનું વજન તળિયે રહેલી લાવારજને કિનારા તરફ ધકેલે છે ને તેથી જ ભયાનક કાળા સખત લાવાનાં મોજાં આખા કિનારે પડેલાં દેખાય છે. ઉપરાંત, અનેક નાનાં ઝરણાં તળાવમાં આવી મળે છે, પણ એક જ નદી — નામે "લાક્સા". એમાંથી નીકળીને ખીણોમાં થતી સાગરની દિશામાં વહે છે. કહેવાય છે કે દર ત્રણ અઠવાડિયે તળાવ નવા, તાજા, મીઠા પાણીથી ભરાતું રહે છે.

૩૮૦૦ વર્ષ પહેલાં, પ્રજ્વલિત લાવાનો પ્રવાહ પચાસ કિ.મી. ધસમસીને છેક દરિયા સુધી ગયો હતો. એના જન્મપ્રદેશમાં અમે ઊભાં હતાં. ભૂમિના પડની નીચે હજી ગરમ હવા અને વરાળ ભભૂકતી રહેલી છે. એ જ્યારે બહિર્ગત થાય છે ત્યારે “કૃત્રિમ વિવર” બને છે. જ્વાળામુખી ફાટયાં હોય એવો આભાસ. દુનિયામાંનાં બે સૌથી મોટાં “કૃત્રિમ વિવર” નીચે એ ટેકરીઓનાં પરિસરમાં આવેલાં હતાં. અમે જે બધાં જોયાં એ પણ ખાસ્સાં મુગ્ધકર્તા હતાં. સરસ વર્તુળાકાર “ખાડાઓ”ની આસપાસની ફળદ્રુપ લાવાસભર જમીન લીલા ઘાસથી છવાયેલી અને પગ તળે નરમ લાગતી હતી. એમાં પીળાં ફૂલો નિર્ભીકપણે ખીલી ગયાં હતાં. એક એવા મેદાનમાં આઈસલૅન્ડના આગવા અશ્વ પણ ચરતા હતા. વિવરની અંદર સ્પંદિત ભૂરું પાણી ચમકતું હતું. આ ટેકરિયાળા હરિત વિસ્તાર પર નજર રાખી રહ્યા હતા હિમયુગ વખતના, લાવાના દબાણને કારણે સપાટ બની ગયેલા ઊંચા ભૂખરા પર્વતો. અસામાન્ય દર્શન હતું.

ઘણે વધારે દૂર સુધી જોઈ શકવાની જે પ્રતીતિ થતી હતી તે કદાચ હવાની સંપૂર્ણ નિર્મળતાને લીધે હતી. તળાવનો પરિસર સાવ જ સપાટ હતો, તે કારણ પણ હોઈ શકે. પરિષ્કાર, તેજ સ્પૃષ્ટ સરોવરજળની સાથે એમાંનાં નવ્યહરિત દ્વીપઅંશોનું સન્નિધાન સદ્યહૃદ્ય બનતું હતું.

તળાવથી દૂર, પણ એ આખેઆખું નજરબદ્ધ રહે તે રીતે એક ટેકરા પર ચડયાં. હજી જુદી જાતનો લાવા જોવાનો હતો પણ તે સંતાયેલો હતો ટેકરાની પાછળની તરફ. ખરું વિસ્મયકારક હતું એ દશ્ય પણ. લાવાના અત્યંત વિચિત્ર અને ભૂતાવળ જેવા આકારો ત્યાં બનેલા હતા. એટલા બધા કે જાણે લાવાકારોનું કાળુંધબ જંગલ જ ના હોય. આકર્ષક કરતાં એ કુરૂપ વધારે હતું અને એની આસપાસ શું હતું? લઘુલલિત સદાબહાર “સિલ્વર ઓક”નાં વૃક્ષોનું વન. આ વૃક્ષ બેથી ચાર ફીટથી વધુ ઊંચા થતાં જ નથી. લાવાનું વન અને વામન વૃક્ષોનું વન કમાલની સંસ્થિતિ હતી.

મને એમ થાય છે કે આઈસલૅન્ડ બનાવવા મૂકયું હશે ત્યારે ભગવાન કયાં ગયા હશે? ભૂમિ આપી તો લાવાથી સદંતર છવાયેલી. ખરેખર તો જ્વાળામુખીના કૃદ્ધ અગ્નિકેન્દ્રમાંથી જ તો થયો આઈસલૅન્ડનો જન્મ. આખો દેશ વસવાટને લાયક તો ના જ રહ્યો પણ જે ભાગમાં લોકો વસી શકે એની ફરતે ચંચળ દરિયો કર્યો. વળી, આ દ્વીપદેશને મૂકયો બરાબર અધવચ્ચે — બરાબર મઝધારે. કોઈ સાથી નહીં, કોઈ સંગી નહીં, પડોશી નહીં, પ્રતિવેશી નહીં. કોઈની સાથે મળવું-મૂકવું લગભગ અશકય. દેશ છોડીને જાઓ

તો જ મળી શકાય બીજી પ્રજા સાથે. પછી ઋતુ આપી તો એવી કે સાત-આઠ મહિનાનો શિયાળો ને ચાર-પાંચ મહિના જેવી રાત. બે-અઢી મહિનાનો ઉનાળો ને વચ્ચે વસંત ખરી, પણ ત્યારે બરફ ઓગળીને બધે પૂર આવે અને શરદ આવતાંમાં તો પાછું બધું થીજવા માંડે.

અરે, સમય-કસમયની પરવા પણ ના કરી. કયાં તો ચોવીસ કલાકનો દિવસ હોય કયાં તો હોય ચોવીસ કલાકની રાત. વસંત અને શરદના ટૂંકા ગાળા દરમ્યાન વળી સૂરજ ને ચંદ્ર નિયમ પ્રમાણે ઊગે-આથમે, એમ કહી શકાય. પછી ભગવાનનેય ભૂલ સમજાઈ હશે ખરી કે "ના, બનાવતાં બનાવતાં એમ ઊઠી જવાનું નહોતું? કે થોડું વધારે ધ્યાન આપવું જોઈતું હતું, થોડી વધારે કૃપા કરવી જોઈતી હતી?"

પણ કદાચ એથી જ છેલ્લે એમણે આ દેશને વિશિષ્ટ ભૌગોલિક અજાયબતા બક્ષી હશે અને ત્યાંની પ્રજાને આવી સરળ ને સરસ બનાવી હશે; ને એથી જ ત્યાંનાં પ્રાણીઓ કદમાં નાનાં ને છતાં મજબૂત અને આરોગ્યશીલ ઘડયાં હશે. ચારે બાજુ ઊછળતા અબ્ધિને એમણે કહ્યું હશે, "તારે આ પ્રજાને આખું વર્ષ આહાર પૂરો પાડવાનો. એના પર જ નિર્ભર રહેશે આ પ્રજાનું જીવન." ને ત્યારથી જ કદાચ શરૂ થયો હશે પ્રજાનો સર્વ મત્સ્યકન્યકાઓ સાથેનો આત્મીય સ્નેહસંબંધ. દૈવીકૃપાથી જ પ્રાપ્ત થઈ હશે આ પ્રજાને ચિરસ્થાયી પ્રફુલ્લિતતા.

નિતાંત શુષ્ક, રણ સમાન વિસ્તાર હતો. રંગે-રૂપે જ સુંવાળી ટેકરીઓ. ઢોળાવો એકબીજાને અડકીને રહેલા. તો આગળ જતાં, સપાટ ભૂમિ પર અનેક કુદરતી કુંડમાં ગંધકખચિત કાદવ સળગી રહ્યો હતો. રાખોડી (grey) રંગનું ખનીજતત્ત્વ ખદબદતું હતું, પરપોટા થઈને ફૂટતું હતું. જુગુપ્સા ઉપજાવતી એ પ્રક્રિયાઓનો પાછો ઘણો અવાજ પણ થતો હતો. સાવ નાના કુંડ હતા, તે જમીનમાં કરેલા ચૂલા જેવા લાગે — રાખોડી તત્ત્વને લીધે. તો કયાંક હિંસ્ર શબ્દ કરીને કેવળ વરાળ નીકળતી હતી. આ શું નર્કનું જ વર્ણન નથી.

થોડી થોડી ક્ષણોમાં ભૂમિનાં લક્ષણ બદલાતાં હતાં. રણ સમાન પછી લીલાં મેદાન, સમથળ પછી પર્વતીય, ઝરણા ને તળાવ પછી વિચિત્ર વિવર. બધું કેટલું અવનવું અને અચરજ ભરેલું. ને હજી જોવાનું બાકી હતું!

લગભગ ત્રણસો વર્ષ પહેલાં વિસ્ફોટ પામેલા જ્વાળામુખી "વિતિ" — જેનો અર્થ ખરેખર "નર્ક" થાય છે — તેત્રીસ મીટર ઊંડો, વિશાળ મોઢું ફાડીને ઉપસ્થિત હતો. એની ઊંચી કિનારી પરથી અંદરના ઢોળાવ પરના બે રંગના લાવા દેખાતા હતા — જૂનાનો નિસ્તેજ ભૂખરો અને ૧૯૭૫થી ૧૯૮૪ દરમ્યાન વહેલા નવા લાવાનો ઘેરો કાળો. બધાં કાર્યકારણો અને લક્ષણોની પૂરતી સમજણ ભલે ના પડે, પણ ખૂબ રસ પડે તેવી જગ્યા તો હતી જ.

"વિતિ"ની બીજી બાજુ ઊતરીને અમે એક "માટીના પહાડ" તરફ ગયાં. ખૂબ લાંબું ચાલવાનું હતું. તળેટીથી જ લાવાની બિછાત શરૂ થઈ ગયેલી. જોઈને આશ્ચર્યનો પાર નહોતો રહેતો. પછી નવા લાવાથી બનેલી ટેકરીઓ ચડવાની આવી. ત્યાંનું દૃશ્ય તો વળી વધારે આશ્ચર્યોત્પાદક હતું. ચોતરફ જાણે ચમકતું, તદ્દન કાળું અતિવિસ્તૃત સરોવર હતું ને ટેકરીઓ તે જાણે ટાપુ હતા. સુદૂરના હિમમંડિત પર્વતો જાણે ક્ષિતિજ પર તરતા જણાતા હતા. જેટલો "મીવા" તળાવનો ઘેરાવો છે, તેટલો જ લાવાની આ સરોવર છલનાનો છે. જાણે ધરતી પર કોઈની મેલી વિદ્યાની અસર થઈ ના હોય ને છતાં સદ્ભાગ્યે લાવાનો અગ્નિપ્રવાહ ઉત્તર તરફ વહ્યો હતો — નહીં તો, "મીવા" પરનાં ગામો નામશેષ થઈ ગયાં હોત.

લાવાની ટેકરીઓ પર અમે ચડ-ઊતર કરતાં હતાં ત્યારે કર્કશ, ભયાવહ લાવાના ઢગલા અસંખ્ય ઠેકાણે અંદર ને અંદર હજી સળગતા અનુભવાતા હતા. કયાંક વછૂટતી વરાળ, કયાંક દબાયેલો ફુત્કાર ને સ્પર્શ કરતાં ગરમ પણ લાગે જ. હીન, હિંસક, અગમ્ય રહસ્યમય જગત હતું એ, જ્યાં લાવાનું સામ્રાજ્ય હંમેશ માટે પ્રસ્થાપિત થઈ ચૂકયું હતું. લાવાના જ ઢગલા ને ખડકલા, ગુફાઓ ને વિવરો. જે અનેક રીતે એ વહ્યો હશે એ બધો દેખાવ થીજ્યા પછી સુસ્પષ્ટ બન્યો હતો — કર્કશ ને તીક્ષ્ણ ને સુંવાળી સપાટીવાળો ને દોરડાં જેવો. દોરડાંમાં હોય એવી ગોળ ગોળ સળો બરાબર દેખાય. કયાંક બરડ, બરછટ ને કયાંક ટુકડેટુકડા થઈ પડેલા કોલસા જેવો. યાદગીરી માટે એકાદ ટુકડા ઉપાડી લેવાની લાલચ થાય, પણ ના, હું કુદરતના વિન્યાસને લગાર પણ બદલતી નથી.

આખો દિવસ આશ્ચર્યથી આંખ પહોળી થતી રહેલી અને મન ચકિત થતું રહેલું. ગજબ કરામત હતી કુદરતની. પછી પાછાં જતાં, નાનકડાં, હવામાં જરા થરથરતા વિમાનમાંથી "મીવા" તળાવ, પેલા "કૃત્રિમ વિવર" અને બરફથી ઢંકાયેલા સપાટ શિખરોવાળા પર્વતોનું બહુ સરસ વિહંગાવલોકન થયેલું, પણ સૌથી ઉત્તમ હતું વાયુપથ પરથી રચેલું રેકયાવિક શહેરનું સુગભ દર્શન. ઓહ, એનો એક ભૂમિબાહુ છેક દરિયાની

અંદર સુધી જતો હતો એમ? ને નગરના રસ્તાઓથી બનતાં ચોકઠાં એવાં વ્યવસ્થિત, એનાં ઘરોનાં લાલ છાપરાં એવાં સુચારુ. રમકડાંનું જ પુરમ્. અત્યંત સુંદર.

એક સાંજે ફરી મૉરીનને મળવાનું પણ નક્કી થયેલું. અમે શહેરમાં સાથે થોડું ચાલ્યાં. એક આઈરીશ રેસ્ટોરાંમાં લાક્ષણિક લોકસંગીત તો છેક રાતે સાડા અગિયાર વાગ્યે શરૂ થવાનું હતું પણ ત્યાં કામ કરનારા મૉરીનને ઓળખી ગયા ને અમને ખાસ બેસાડીને કૉફી પાઈ! આઈસલૅન્ડમાં સ્વેટર બહુ વખણાય. જુદી જુદી દુકાનોમાં જઈ માલ જોવાની બહુ જ મઝા આવી. વસ્તુઓ વધારવી મને સહેજે ગમતી નથી હોતી પણ અંતે તો લાલચ રોકી ના જ શકાઈ!

પછી મૉરીન મને દૂર દૂર લઈ ગયાં. એક લાંબા, સાવ ખાલી રસ્તાને છેડે દેશના વડા પ્રધાનનું નિવાસસ્થાન હતું. જતાં રોકનાર પણ કોઈ નહીં. પોલીસ કે લશ્કરી થાણું — કાંઈ જ નહીં. એમને માટેનું ચર્ચ ત્યાં હતું ને એ તો કોઈના પણ પ્રવેશ માટે ખુલ્લું હતું. વાહ ભાઈ, વાહ. છે નવાઈનો પાર આ દેશમાં!

હાફ્નારફ્યોર્દુર નામના બાજુના ગામમાં “વાઈકિન્ગ રેસ્ટોરાં”માં હું ને મૉરીન જમવા ગયાં. ઘણાં પુરુષો વાઇકિન્ગ શૈલીનાં કપડાં અને હૅટ પહેરીને આવેલા. લાક્ષણિક વાતાવરણ માટે એ રસ્ટોરાં જાણીતી હતી. મધરાતે અમે ઊઠયાં ત્યારે તો ભીડ ઘણી થઈ ગયેલી. સંગીત પણ જોરશોરથી ચાલતું હતું. શુક્રવારની રાત હતી ને!

મને તો આવી રાત્રીચર્યાની તક મૉરીનને લીધે જ મળી હતી, પણ મૉરીન ભાગ્યે જ આમ બહાર જવા પામતાં હોય છે. અમને બંનેને પરસ્પરના સંગનો લાભ મળ્યો હતો. ટૂંકા પરિચયમાં પણ આત્મીયતા કેળવાઈ શકે છે. વ્યક્તિ સાથે જ નહીં, સ્થાન સાથે પણ. અને અપેક્ષા વગર નિર્ભેળ સ્નેહ દર્શાવો તો મૈત્રી નીપજી શકે છે. વ્યક્તિ સાથે જ નહીં, સ્થાન સાથે પણ.



# જ્વાળામાંથી જન્મ

વહેલી સવારે વરસાદ અટકયો લાગ્યો. મારું અલાર્મ વાગ્યું ત્યારે ઊંડી ઊંઘમાંથી હું ચમકીને જાગી. રાતે અવરજવર અને થોડો અવાજ રહ્યાં હતાં, તેથી સરસ ઊંઘ વહેલી સવારે જ આવી હતી. તૈયાર થઈને બહાર નીકળી ત્યારે બધું સૂકું થઈ ગયેલું. પવન થોડો જ હતો. આઈસલૅન્ડમાં તો હૂંફાળું કહેવાય એવું, સરસ, હવામાન હતું. “બધું કેવું સરસ રીતે થઈ રહ્યું છે” એવો ખુશીનો તોર અનુભવતી હું રેકયાવિક શહેરના બારા તરફ ગઈ. મોડા બપોરે ગ્રીનલૅન્ડ તરફ જતું વહાણ પકડવાનું હતું.

બારા પર પહોંચી તો વહાણ જ ન હતું. હું તો આમ જોઉં, તેમ જોઉં. આટલું મોટું વહાણ ના હોય તો જ ના દેખાય ને? કશું આવતું પણ ના દેખાય. કોઈ પોલીસ કે ચોકીદાર પણ નહીં. પૂછું પણ કોને? ત્યારે હજી પોણા બાર થયા હતા. મેં એમ વિચાર્યું કે થોડી વાર પછી આવવાનું હશે.

હું પાછી શહેરમાં ગઈ. પ્રવાસ ખાતાના કાર્યાલયમાં કામ કરનારાં બધાં હતાં સારાં પણ મને ખાતરી હતી તે પ્રમાણે જ થયું. કોઈને ગ્રીનલૅન્ડ જનારા વહાણ વિષે કશી ખબર નહતી. “શું કરવા ખબર હોય?” મેં મનમાં કહ્યું, “એમને કયાં જવાનું હતું તે?!” મને ઘણી વાર અનુભવ થયેલો છે કે પ્રવાસ ખાતાના માણસો કરતાં મને વધારે જાણ હોય!

ફરીથી શહેરને છેડે, દરિયાના બારા પર ગઈ. થોડી નાની નૌકાઓ આવી હતી. એક મોટું જૂનું વહાણ તો કાટ ખાતું ત્યાં પડેલું જ હતું. એ તો વર્ષોથી હાલ્યું લાગતું નહોતું. તો મારું વહાણ કયાં? હવે મને જરૂર ચિંતા થવા માંડી. બારાને પેલે છેડે એક વહાણ હતું, પણ એનું નામ જુદું જ હતું. છતાં હું એ તરફ ગઈ. વહાણ શોધવું જ પડે તેમ હતું. ગ્રીનલૅન્ડના પ્રયાણના પૈસા તો અમેરિકાથી ભરી દીધેલા. લાંબું લાંબું ચાલીને, ચિંતા કરતી કરતી હું એની પાસે પહોંચી. નાવિકો અંગ્રેજી બોલે નહીં. અંદર જઈ કોઈને પૂછયું ત્યારે ખાતરી થઈ કે મારે જવાનું હતું એ જ વહાણ હતું. નામ જુદું હતું ને વહાણ પણ જુદું જ હતું — કારણ કે મારી પાસે જે નામ હતું તે આ દરમ્યાન વેચાઈ ગયેલું! ખરી ગભરાવી મને!

પણ હવે શ્વાસ હેઠો બેઠો ને હોટેલ પર મૂકી રાખેલો સામાન લેવા હું પાછી ગઈ.

શહેરને છોડવાનું અઘરું લાગતું હતું. નગરપાલિકાના મકાન પાસે ગઈ, ત્યાંના જળાશય આગળ મૂકેલી બેઠક પર હું થોડી વાર બેઠી. બપોર સૂર્યસિક્ત અને ઉષ્માસભર હતો. કેટલો ઉપશામક હતો. કઈ રીતે જવું આ સંપૂર્ણ સુંદર નગરને છોડીને? એને ચાહ્યાનો ઉત્તાપ હૃદય ભોગવી રહ્યું હતું. હજુ થોડો વિલંબ કરવાની યુક્તિથી હું ફરી પેલા ઘડિયાળ અને અસંખ્ય ઘંટારવવાળા દેવળમાં દાખલ થઈ. નાનું લાંબું એ પૂજાગૃહ સાદગી અને સ્વસ્થકર શાંતિથી છવાયેલું હતું. ઊંડા નિઃશ્વાસ નાખી હું ત્યાંથી ઊઠી.

સાંજે સાતેક વાગ્યે વહાણે લંગર ઉપાડયાં, ત્યારે સૂર્યનું તેજ કોમળ બન્યું હતું. દૂર થતા જતા કિનારા પર રેકયાવિક શહેર એક લાંબી, મોહક રેખા થઈને ખેંચાયેલું દષ્ટિગત થતું હતું. મિત્ર મૉરીનનું બહુમાળી મકાન પંક્તિના ડાબા છેડા પર કયાંય સુધી દેખાતું રહ્યું. શહેરની પશ્ચાદ્ભૂમાં “એસ્યા” પર્વત પણ એવો જ લાંબો થઈ પડેલો હતો. કેટલો સરસ રીતે, સહેલાઈથી વીત્યો હતો મારો સમય આઈસલૅન્ડમાં. એવું જ લાંબું એક સ્મિત મારા હોઠ પર ખેંચાઈ ગયું.

જમવામાં ભાત અને બટાકાં હતાં એટલે પેટ તો ભરાઈ ગયું. બહાર અજવાળું ઘટયું ન હતું. ઉત્તર આર્કટિકમાં જુલાઈ એટલે ચોવીસે કલાકનું અજવાળું. રાતનો સમય થતો જાય તેમ તેમ એ વધુ હૃદ્ય થતું જાય. ઉત્તર ધ્રુવના સાહસ દરમ્યાન આ અદ્ભુત ઉજાસની અનન્ય પ્રાપ્તિ મને હૃદયસરસી થયેલી. જમીને બહારના તૂતક પર ગઈ તો વહાણની સાથે સાથે “હમ્પબૅક” વ્હેલ જળચરની જોડી હસતી-રમતી, પાણીના ફુવારા છોડતી જતી હતી. ધીમી ગતિમાં એ નૃત્ય હતું, એક જળયુગ્મનું લલિત લાસ્ય હતું. કેવા અપૂર્વ દશ્યની પ્રાપ્તિ આમ સહજ થઈ હતી. પ્રયાણના પ્રારંભે શુકન થયાં હતાં. ચલનખંડમાં પણ હું ગઈ. ત્યાંથી સમુદ્રની અનંતતા દેખાતી હતી. એને સમાવવા માટે હૃદય પ્રયત્ન કરવા માંડયું હતું. દૂર દૂર ક્ષિતિજ પર એક ખૂબ મોટા જળયાનનો સ્થિર જેવો આકાર હતો. એની હાજરી અમને કે અર્ણવને નડવાની ન હતી. વળી, એની ને અમારી દિશા પણ જુદી થઈ જવાની હતી.

આઈસલૅન્ડની કેટલીક વિશિષ્ટ જગ્યાઓ જોવાની બાકી હતી, જે આ જહાજસફર દ્વારા જોવા મળવાની હતી. સવારે ઊઠયાં ત્યારે દરેક કૅબિનને બારણે એક સફેદ કાગળ પડેલો હતો. આખા દિવસના કાર્યક્રમોની સૂચિ એમાં ટાઈપ કરેલી હતી. શરૂઆતમાં જ્યાં જ્યાં હતાં એ જગ્યા વિષે થોડાં વાકયો હતાં અને છેક નીચે રશિયન ભાષાનો એક શબ્દ અને એનો અંગ્રેજી અર્થ હતો. બધા નાખુદા રશિયન, તેથી થોડા શબ્દો શીખીને એમની સાથે વાપરીએ તો એ લોકોને સારું લાગે ને! પહેલા દિવસનો પહેલો શબ્દ હતો, અલબત્ત

"કેમ છો?" એટલે કે "પ્રીવિએત!"

આઈસલૅન્ડના નૈઋત્ય કિનારાથી સોળ માઈલ દૂર "વૅસ્ટમાન" નામથી ઓળખાતું પંદરેક ટાપુઓનું એક વૃંદ છે. છેલ્લાં દસ હજાર વર્ષો દરમ્યાન દરિયાના પેટાળમાં થતી રહેલી જ્વાળામુખી પ્રવૃત્તિઓ દ્વારા બનેલા આ ટાપુઓ પૃથ્વી પરના સૌથી અલ્પવયી ભૂ-ભાગો ગણાય છે. એમાંના ચૌદ કેવળ લાવાના કર્કશ ખડકોના બનેલા છે અને કેવળ આર્કટિક પંખીઓનો જ ત્યાં વસવાટ છે. એમને પકડવા માટે પારધીઓ ત્યાં જઈને થોડા દિવસ રહે તે જ. "હાઈમે" નામના એક જ દ્વીપ પર પાંચેક હજાર લોકોની વસ્તી છે.

અત્યંત કઠિન ઋતુચક્રથી યુક્ત ને તદ્દન સંપર્ક વગરનું જીવન પાંચસોથી પણ વધારે વર્ષોથી ત્યાં જીવાતું આવ્યું છે. યુરોપી દરિયાઈ સાહસીઓ અને મોરોક્કન ચાંચિયાઓની ક્રૂરતાથી ભરેલા એમના ઇતિહાસમાં પચીસ વર્ષ પહેલાંની તવારીખ આગળ પડતી લાગે છે — જ્યારે બાળ જ્વાળામુખી "ઍલ્ડફૅલ" એટલા ક્રોધ અને સામર્થ્ય સાથે ફાટયો અને પછી પાંચ મહિના સુધી સળગતો અને વહેતો રહ્યો કે આખું ગામ ખાલી કરવું પડયું. લાવા કરોડો ટનના પરિમાણમાં એવો વહ્યો કે અંતે હાઈમે ટાપુનો વિસ્તાર પંદર ટકા વધી ગયો હતો.

પૃથ્વીના આવા ભૌમિતિક વર્તાવથી આપણે સાવ અજાણ છીએ ને તેથી જ એવી વાતો કલ્પિત કથા જેવી લાગે છે. નરી આંખે એ બધું જોવા મળે ત્યારે વાચા પાસે અભિવ્યક્તિ ખૂટી જાય. મારી હાલત એવી બની હતી, જ્યારે સવારે ઊઠતાં જ, દરિયામાં તરતાં ટપકાં જેવા વૅસ્ટમાન ટાપુઓની ઊંચી, કાળી, ભયાનક ભેખડો જોઈ. મોજાંની થપાટો ખાઈ ધીરે ધીરે હાલતું અમારું વહાણ હાઈમે ટાપુના નાનકડા બારામાં જવાની રાહ જોતું ઊભું હતું. ઊંચી શિલાઓ અને અર્ધ નિમજ્જિત પાષાણોની વચ્ચેનો જળમાર્ગ એવો સાંકડો હતો કે કપ્તાનને મદદ કરવા એક સ્થાનિક નાવિક જહાજ પર આવ્યા.

ગામના રસ્તા લગભગ નિર્જન હતા. એકાદ મોટર જતી દેખાયેલી. ઘરો એવાં શાંત-સ્તબ્ધ હતાં કે જાણે કોઈ ત્યાં રહેતું જ ન હતું. મોટા ભાગની દુકાનો બંધ હતી. પણ રવિવારની સવારે નગરજનો ચર્ચમાં ગયા હોય એમ પણ બને. દેશનું આ મોટામાં મોટું માછલી પકડવાનું કેન્દ્ર છે. અહીંના માછીમારો સારી કમાણી કરે છે. દરેક પાસે લાલ નળિયાં ને આછા રંગોની દીવાલોવાળાં સરસ ઘર હતાં, એ જોઈ શકાતું હતું.

ગામમાં આવેલા પ્રવાસીઓ માટે ખાસ એક દુકાન ખુલ્લી રહેલી. એમાં નહીં જતાં હું પાછળની એક ટેકરી પર ચડી. એ આખી ને આખી પચીસ વર્ષ પહેલાં વહેલા લાવાની જાડી જાડી જિહ્વા દ્વારા જન્મ પામેલી. એના પર ઠેકઠેકાણે હવે ઘાસ ઊગી ગયેલું. ઝીણાં ઝીણાં, અતિ સુંદર ફૂલો ખીલી ગયેલાં. કઈ રીતે કહેવાં એમને "જંગલી?" આથીયે ઉપર જતાં ઘેરી રાત જેવા કાળા, બરછટ લાવાના આકારવિહીન ઢગલેઢગલા તદ્દન કદરૂપા થઈ પડેલા હતા. જ્વાળામાંથી જન્મ પામતાંની સાથે જ પ્રાણહીન બનેલો એ કમનસીબ ભૂમિઅંશ હતો — જાણે એ પૃથ્વીનું સાવકું સંતાન હતો.

પાછાં વહાણ પર જઈ બધાં જમ્યાં. એ પછી વારાફરતી દસ-બારનાં જૂથ લાઈફ જૅકેટ પહેરી, વહાણની બાજુ પર લટકતી નિસરણી વાટે નીચે ઊતરી; "ઝોડિયાક" કહેવાતી કાળા, જાડા રબર પ્લાસ્ટિકની હોડીઓમાં બેસવા માંડયાં. પેલી ભવ્ય-ભીષણ શિલાઓની પાસે આ જ રીતે જવું પડે. સમુદ્ર હજી શાંત હતો. સૂર્ય બરાબર બહાર આવી ગયો હતો, એટલે દૃશ્યમાં પ્રાણ પુરાયા હતા.

પહેલાં કયારેય જોયું ન હતું એવું એ દૃશ્ય હતું. ઊંચા, કલંકિત, ભયાનક શૈલપ્રસ્તરોમાં પડેલી ઝીણી પાતળી તડોમાં; સાવ ટૂંકી છાજલીઓમાં અને લીસી લપસણી ભીંતો પર —કોણ જાણે કઈ રીતે — હજારો પંખી લપાઈને બેઠાં હતાં. ઍટલાન્ટિક પફિન, નૉર્ધર્ન ફુલ્માર, કિટિવેક, ગિલિમૉટ, મુરે — ઉત્તરના ઠંડા પ્રદેશમાં જ જોવા મળે તેવાં, આપણે માટે બિલકુલ અજાણ્યાં, વિહંગ. કેવાં નાનાં કદ, કેવી ઊંચાઈ પર વસવાટ. બચ્ચાંની પાંખો ઘણી વધારે ભૂખરી હતી. જેમ મોટાં થાય તેમ રંગ આછો થતો જાય. તોફાની પવનના નિર્દય સપાટાથી કોતરાઈ ગયેલા ખડકોમાં, ચરક પડી પડીને સફેદ થયેલી સાંકડી, નાનકડી જગ્યાઓમાં પંખી બેઠાં હતાં. કયારેક જ એકાદું એકલું હોય. વધુ ભાગે તો બેલડી જ હોય. એમને પણ સાહચર્ય જરૂરી લાગતું હતું. ગ્રેહામ એમની બેસવાની રીત, જગ્યાની પસંદગી વગેરે વિષે વાત કરે ત્યારે સમજાય કે કેટલાં બુદ્ધિમાન પણ હતાં આ નાનકડાં જીવ.

પાણીમાં બતકો પણ દેખાતી હતી. પાછળ બતકાંની હાર પણ હોય. બહુ જ મીઠડાં લાગે. મોજાંથી ખવાઈ ખવાઈને શિલાઓમાં નીચે તરફ ગુફાઓ થઈ ગઈ હતી. એક તો ખૂબ મોટી હતી. ઊંચી એની છત હતી ને બધેથી પાણી ચૂવ્યા કરતું હતું. જાણે છૂપા છૂપા ધોધ પડતા હતા.

શિલાદ્વીપની પાછલી તરફ જવા જેવું અમારું "ઝોડિયાક" વળ્યું ને ખુલ્લા સાગરમાં

ગયું કે તરત મોજાં વધ્યાં, એમનું જોર વધ્યું. નૌકા હાલમ-ડોલમ થવા માંડી. વાછંટ આવવા માંડી. ત્યારે થયું કે “બસ, પાછાં લઈ જાઓ હવે!” સાગર સફરો આ પહેલાં મેં ઘણી કરી હતી — ટૂંકી, લાંબી; ક્યારેક સાગર શાંત હોય, ક્યારેક ખૂબ અજંપમાં. મને બહુ અસુખ થતું નથી કે એવી બીક લાગવા માંડતી નથી. એક વાર વહાણ મધદરિયે, ઍન્ટાર્કટિકની સફરને અંતે, ભાંગી ગયું હતું. ખૂબ મોટી હોનારત સર્જાઈ હતી. જાન બચી હતી — બીજું બધું ડૂબી ગયું હતું.

ત્યારે મને પુનર્જન્મ મળ્યો હતો અને કોઈ રીતે, દરિયાલાલનું અભય વચન પણ મળ્યું જ હતું. મને ખાતરી છે.



# ખંડ ૩ - ઉત્તર અમેરિકા

## કર્મભૂમિ — મર્મભૂમિ

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. જોકે રાજા અને રાણીઓ હતાં તેટલી જૂની વાત નથી. પરીઓની, જાદુની કે ઝૂરતી રાજકુમારીને છોડાવી જતા રાજકુમારની ચટપટી કહાણી પણ આ નથી. આમ તો એવી કાંઈ ખાસ વાત નથી. દુનિયામાંના સમાચાર કહેવા જેવી કે બહુ અગત્યની કે કામની વાત પણ આ નથી. બસ, એક વ્યક્તિ મુગ્ધ, નચિંત, અભાન, કોશેટા જેવી જિંદગીમાંથી ફંગોળાઈ વિશ્વની વાસ્તવિકતાને કઈ રીતે સમજી એની કૈંક આ વાત છે. વધારે ગૂંચવણ ઊભી કર્યા વગર કહું તો મારી આ વાત છે.

છતાં, કેવળ મારી જ નહીં — અમુક અંશે, દેશ છોડી બીજે વસનારાં બધાં કર્મજીવીઓને અને એ નવા જગતને પણ કહી શકાય કે આ રીતે આવરી લેતી આ વાત છે. એમ પણ કહી શકાય કે આ નિરીક્ષણો છે — જાત તેમજ જગત પ્રત્યેનાં; અનુભવોથી મેળવેલાં તારતમ્યો છે; સમજણથી ઘડાયેલી દૃષ્ટિએ કરેલાં આલેખનો છે, નવાપણા અને જુદાપણા પ્રત્યે ઉદાર કે સહિષ્ણુ થયેલા મનમાં ઉદ્‌ભવતા આ વિચારો છે.

ભારતીય કુટુંબોમાં જતનપૂર્વક પોષાતી, પાંગળી કરી દેતી — કરી રાખતી પેલી મુગ્ધાવસ્થામાંથી આ ‘વિશ્વાવસ્થા’ સુધીનો માર્ગ ઘણો લાંબો રહ્યો; દુર્ગમ, કઠિન, અનિશ્ચિત રહ્યો.



હજી બરાબર યાદ છે કે પરદેશ જવાનું થયું ત્યારે જવું પણ હતું ને નહોતું પણ જવું. જવાની અધીરાઈ કરતાં પણ વધારે, જવાના મહિનાઓ પહેલાંથી વિરહ સાલવા માંડેલો — ઘર, સ્વજનો કે મિત્રોનો જ નહીં. પણ એ ધરતીનો, પરિચિત હવા માત્રનો. ને હજી

તો નાનકડી નદીનો કિનારો મૂકીને નૌકા અફાટ સાગરમાં પહોંચવા નીકળી પણ ન હતી.

ને તોયે, વિરહ, પ્રાણનું ક્રંદન — જન્મભૂમિ માટે, માતૃભૂમિ માટે. ત્યારે તો ભવિષ્ય અંગે કોઈ વિચાર, કોઈ યોજના જ ન હતાં. આ તીવ્ર ઘરઝુરાપો કદી નિર્મૂળ નહીં જ થાય તેવી પોતાની જાત સાથેની ઓળખાણ પણ ન હતી. બસ, કોશેટાના તારેતારનું ઊકલી જઈને પતંગિયાનું ખુલ્લા બગીચામાં છોડી મુકાવું. રંગવિહોણી પાંખો, ઉડ્ડયનથી અનભ્યસ્ત.



શરૂઆતના દિવસો કયારેક યાદ આવે છે. ત્યારે કાંઈ ગમતું જ નહીં. દેશઝુરાપો અને દેશપ્રેમ તો એવો કે હું સાવ અન્યાયી અને એકપક્ષી બની ગઈ હતી. અમેરિકાનું બધું જુદું. તો લાગતું જ, પણ ખરાબ પણ લાગતું. જાણે કશું નહીં ગમાડવાનો નિર્ણય કર્યો હતો. સોનાના બનેલા આ દેશમાં ગરીબી, અજ્ઞાન, નિરક્ષરતા દેખાતાં ત્યારે નવાઈ લાગતી ને સાથે આનંદ પણ થતો, કારણ કે આ કાંઈ દેવોનો દેશ ન હતો — માટીમાંથી ઘડાયેલાં મનુષ્યોનો જ હતો!

અજ્ઞાન તો મારું.

અમેરિકામાં પણ જીવન ઘણી રીતે સીમિત હોઈ શકે છે : દરિયાથી દોઢ-બે માઈલ જ દૂર રહેતાં બાળકોએ દરિયો ના જોયો હોય, વિદ્યાર્થીઓને વાંચતાં-લખતાં ન આવડતું હોય, ટેકનોલૉજીથી ટેવાયાં હોય પણ બુદ્ધિનો વિકાસ ના થયો હોય. અમેરિકામાં પણ ગરીબી છે ને લોકો ભૂખે પણ મરે છે. ઘરબાર, પૈસા, નોકરી વગરના લોકો આ દેશના દરેક શહેરમાં છે. એક ન્યૂયૉર્ક શહેરમાં જ આવાં નાનાં મોટાં અને વૃદ્ધોની સંખ્યા લગભગ ચાર લાખના આઘાતજનક આંકડા પર પહોંચે છે.



ભ્રમણના ગ્રહો ત્યારથી જ ચલાયમાન થઈ ગયા હતા. પહેલા જ વર્ષથી અમેરિકામાં ફરવાનું શરૂ કરી દીધું હતું અને બીજા વર્ષે તો કામકાજ છોડીને ફરવા નીકળી પડી.

ત્યારથી થઈ એ ટેવની શરૂઆત અને ત્યારથી ખૂલી અમેરિકા પ્રત્યેની દૃષ્ટિ ને પછી ધીરે ધીરે વિશ્વ પ્રત્યેની.

અમેરિકાનું પ્રાદેશિક, સામાજિક, નૈસર્ગિક વૈવિધ્ય આભાં બનાવી દે તેવું છે. એની ભૌગોલિક સુંદરતા મનને આનંદથી અભિભૂત કરી દે તેવી છે. ફરીને પૂરેપૂરો સહેલાઈથી જોઈ ના શકાય તેવો મોટો દેશ. થોડું થોડું કરીને જોવો પડે, ટુકડા ટુકડા ગોઠવીને આખું ચિત્ર બનાવવું પડે.



દેશના એક વિભાગમાં રહ્યાં પછી બીજા વિભાગમાં ગોઠવાતાં — ગમાડતાં સમય લાગે. તેનું કારણ પેલું વૈવિધ્ય. રીતરિવાજો જુદાં, રૂઢિઓ અને પ્રથાઓ જુદી. આટલા આધુનિક દેશમાં આચાર, અનુષ્ઠાન અને વિધિઓ હશે એવું માની પણ શકાય?

થોડા સમય પહેલાં, નજીકનાં બે અમેરિકન મિત્રોના લગ્નમાં જવાનું થયું. વર મૂળ પોર્ટોરિકોનો હતો. આ નાનકડો ટાપુ હવે અમેરિકાનો એક ભાગ છે, પણ ત્યાંની મુખ્ય ભાષા સ્પૅનિશ છે. કન્યા યહૂદી હતી. લગ્ન યહૂદી વિધિથી થવાનું હતું. જો એમ ના થાય તો કન્યાનાં માબાપ લગ્નમાં હાજરી પણ ના આપત. એટલું જ નહીં, કૅથોલિક કુટુંબમાંથી આવતા વરરાજાએ લગ્ન પહેલાં યહૂદી ધર્મ-શિક્ષણના વર્ગો ભર્યા અને ધર્મ અપનાવ્યો ત્યારે જ એ પોતાની પ્રેમિકાને પરણી શકયા!

લગ્ન દરમ્યાન હાજર દરેક પુરુષને માથા પર પહેરવા ‘યારમલ્કા’ કહેવાતી યહૂદી ધર્મની રૂઢિગત નાની ટોપી આપવામાં આવી. લગ્નનો વિધિ ત્રણ ભાષામાં થયો — હિબ્રૂ, સ્પૅનિશ અને અંગ્રેજી. વર-કન્યાએ વિધિ દરમ્યાન એક પાત્રમાંથી મદિરા પીધો. છેલ્લે વરે પગથી શુભ શુકન માટે કાચ તોડયો. યહૂદી પાદરીએ “ઇઝરાયેલની પ્રજા અને મોઝિસના કાયદા પ્રમાણે” બંનેને લગ્નગ્રંથિથી જોડાયેલાં જાહેર કર્યાં અને યહૂદી ધર્મ દ્વારા દુનિયામાં પ્રેમ ફેલાવવાના આશીર્વાદ આપ્યા.

કાચની દીવાલમાંથી, નદીને પેલે પાર ન્યૂયોર્કની ગૌરવવંતી, ગગનચુંબી ઇમારતો ભવ્ય ચિત્ર ખડું કરતી હતી. આકાશ ઉજ્જ્વળ હતું. દિવસ સ્વચ્છ હતો. પ્રેમલગ્ન માટે

સંપૂર્ણ સરસ સમય હતો.

આટલી આધુનિકતા અને આટલી રૂઢિચુસ્તતા. બંને સાથે સાથે. બંને સાચાં. આ અમેરિકા.

*

દુનિયાની સૌથી મોટી નદીઓમાંની એક. એના વિશાળ, સર્પિલ વહેણના એક પહોળા વળાંક પર વસેલું શહેર. અમેરિકન, ઇન્ડિયન, ફ્રેન્ચ, સ્પૅનિશ, જર્મન, આફ્રિકન ગુલામો વગેરે વિવિધ પ્રજાની લાક્ષણિકતાઓથી આજે પણ સભર એનું વાતાવરણ. મહાન બંદર તરીકે તેમ જ રમતગમત તથા ધંધાકીય સંમેલનોના મોટા કેન્દ્ર તરીકેની એની નામના. સુવિશિષ્ટ ‘જાઝ’ સંગીતનો એણે આપેલો વારસો. ખાસ પ્રકારની રાંધણ શૈલી માટેની એની ખ્યાતિ. અપૂર્વ, અસાધારણ.

આ સ્રોતસ્વિની તે, અલબત્ત, મિસિસિપિ (Mississippi). વિખ્યાત અમેરિકન લેખક માર્ક ટ્વેઈનના લખેલા ‘હકલબરી ફિન’ પુસ્તકને કારણે આ નદી સાહિત્યમાં અવિસ્મૃત છે. મૂળ ફ્રેન્ચ વસાહત તરીકે વસેલું આ અદ્‌ભુત શહેર તે ન્યુ ઑર્લિઅન્સ (New Orleans). એનાં ઊંચાં, અદ્યતન મકાનો અને પહોળા, ચોખ્ખા રસ્તાઓને લીધે એ સુંદર છે, કૈંક જાદુની જેમ વિખરાઈ જતાં વાહનોની, મોટાં શહેરોને ઉપર્યુક્ત કનડગતથી એ મુક્ત છે; ‘માર્ડિ ગ્રા’ (Mardi Gras)ના જાહેર ઉત્સવના કે નૂતન વર્ષ જેવા ખાસ દિવસોએ આખા શહેરને સંપૂર્ણપણે રંગી દેતા આકલુષિત આનંદને કારણે એ મનહર છે તો એક ચોરસ માઈલના, ‘ફ્રેન્ચ ક્વાર્ટર’ કહેવાતા અવર્ણીય વિભાગને લઈને ન્યુ ઑર્લિયન્સ અમેરિકાના શહેરોમાં સાચોસાચ અદ્વિતીય છે. ટેનેસી વિલિયમ્સ નામના સુખ્યાત નાટયકારે ‘અ સ્ટ્રીટકાર નેમ્ડ ડિઝાયર’ લખીને આ વિભાગને, આ શહેરને અમર કરી દીધાં. ટ્રામ જેવી આ ‘સ્ટ્રીટકારો’ ન્યૂ ઑર્લિયન્સમાં હવે નથી પણ સાહિત્યમાં આવું નામ કરીને જે ઐતિહાસિક થઈ ગઈ છે એવી આ ‘ડિઝાયર’ (desire) નામની એક સ્ટ્રીટકાર હજી શહેરના એક રસ્તા પર ચાલે છે.

નાટકના મુખ્ય સ્રીપાત્ર બ્લાન્ચ (Blanche)ના પ્રેમભગ્ન, કરુણ જીવનને યાદ કરવા, અનુભવવા માટે પણ આ સવારી તો લેવી જ પડે. તે જ રીતે, બે કાંઠે શેરીનાં કારખાનાં તથા મેલા, લીલા પાણીવાળી, અનાકર્ષક મિસિસિપિ મહાનદ પર વરાળથી ચાલતા મોટા

ચક્રવાળી હોડીમાં એક સ્હેલ તો મારવી જ પડે. સાહિત્ય, ઇતિહાસ, ભૂગોળ, જીવન — બધાંના સંદર્ભો એક સાથે વણાઈ જાય છે. કશું જ અકારણ નથી, બધું એકબીજા પર નિર્ભર છે.



આખા દેશમાં ભાષા તો એક જ — અંગ્રેજી, પણ ઉચ્ચારો, સ્વરાઘાતો, અર્થનાં વ્યાપ અને સૂચનો એવાં જુદાં, કૈંક વિલક્ષણ રીતે એવાં અમેરિકન હોય છે કે મનમાં થાય છે 'ઇંગ્લિશ' ને બદલે આ ભાષાનું બીજું કોઈ નામ હોત તો સારું. આ ઉપરાંત, સમાજના બધા જ સ્તરોમાં છૂટથી વપરાતી 'સ્લૅન્ગ' (Slang) બોલી. આપણા શબ્દકોશોમાં એનો અર્થ "અશિષ્ટ, અશ્લીલ બોલી" તરીકે આપ્યો છે. 'સ્લૅન્ગ'માંના ઘણા પ્રયોગો આવા હોય છે પણ ખરા, પણ આ સિવાયના શબ્દપ્રયોગોનો ભંડોળ બહુ મોટો છે. 'સ્લૅન્ગ'ના ખાસ શબ્દકોશ બહાર પડયા છે. કદાચ બ્લૅક પ્રજાના અંગભૂત સ્વભાવમાંથી નિપજેલી આ બોલીમાં હવે તો જાણે રોજેરોજ નવા બનાવીને, નવા ઉપજાવીને શબ્દપ્રયોગો ઉમેરાય છે. રસ્તા પરના જીવનમાંથી જન્મેલી અને હજી યે વધુ ભાગે ત્યાં જ પોષાતી આ વર્ણસંકરની જાણકારી હવે તો ફૅશનેબલ ગણાય છે!

બોલચાલની ભાષા તો એક જ પણ સ્થળે સ્થળે, પ્રાંતે પ્રાંતે એ જુદી રીતે બોલાય. શબ્દોનો ધ્વનિ જુદો, એમના અર્થો જુદા. પ્રયોગો, ઉલ્લેખો અને કહેવતોની લાક્ષણિકતાના વૈવિધ્યની તો વાત જ નહીં. ન્યૂયૉર્ક જેવા મોટા શહેરમાં વિભાગો વિભાગોમાં બોલવાની ઢબ જુદી અને એ લઢણ પરથી વ્યક્તિ કયા વિભાગમાં રહે છે, અથવા કઈ જાતની પાર્શ્વભૂમિકામાંથી આવે છે તે કહી શકાય છે. મારી એક અમેરિકન મિત્ર ન્યૂયૉર્કના 'બ્રોન્કસ' (Bronx) વિભાગમાં રહેતી પણ એનું કુટુંબ છેક ઉત્તરના 'નેબ્રાસ્કા' પ્રાંતમાં હતું. એ ત્યાં મળવા જતી ત્યારે એના ભાઈને ચિંતા થતી કે એની ન્યૂયૉર્કની ને એમાંય 'બ્રોન્કસ'ની ભાષાથી પોતાનાં બોળકોની ભાષા બગડશે!

અમેરિકાનાં સૌથી વધારે જોવાલાયક સ્થળો એનાં નિતાંતસુંદર, નિર્બંધ, નિરુપમ નૈસર્ગિક પ્રદેશો છે. ૩૫૦૦ ચોરસ માઈલનો 'યૅલો સ્ટોન નૅશનલ પાર્ક' — એને વિશે ગમે તેટલું જાણી, વાંચી, સાંભળીને જાઓ તો પણ પૂરતું ના પડે. તળાવ, નદી, લીલા ઢોળાવ, હિમાચ્છાદિત શિખરો, ગાઢ વન, ખુલ્લાં મેદાન, મુક્ત વિચરતાં પ્રાણીઓ, મનપ્રિય એકાંત, પાકા રસ્તા, સૂની કેડીઓ. દુનિયાથી દૂર ને છતાં પાસે. દુનિયાની પાસે ને છતાં દૂર. 'યોસેમટે નૅશનલ પાર્ક' જ્યાં કાળમીંઢ પાષાણનું પ્રાચુર્ય છે અને છે

શારીરિક સુરક્ષિતતતા. ગુમાવ્યા વગર મનથી ખોવાઈ જવાના અનેક અવકાશો. ‘મૃત્યુની ખીણ’ અને ‘ચિતરેલું રણ’ જેવા રોમાંચક અને સૂનો તલસાટ પેદા કરતા નામવાળા સૂકા, રેતાળ, નિર્જન, ભૂમિખંડો, તો હવ્વાઈના દ્વીપો પરની શબ્દાતીત, કલ્પનાતીત, અસાધારણ, ઉષ્ણકટીબંધીય, ઉત્ફુલ્લ લાવણ્યપ્રભા. સાર્થક નામવાળા ‘ગ્રાન્ડ કેન્યન’ નાનકડી કોલોરાડો નદીએ સદીઓથી કરેલા કોતરકામથી બન્યા. શું એનું મહિમ્ન. શું એનું અભિભૂત કરી દે તેવું ગૌરવ, બસોથી વધારે માઈલ લાંબી, એક માઈલ ઊંડી કુદરતીય મહાગર્તોની આ હારમાળાના રંગો સૂર્યના પ્રકાશની સાથે સાથે બદલાતા રહે છે. છેક નીચે નદીનાં પાણી કયારેક ચમકી રહે. નદીનું કામ હજી ચાલુ જ છે. કેડીએ કેડીએ નીચે સુધી અતિકષ્ટે જઈ તો શકાય છે, પછી રાતે તંબુ તાણી ત્યાં જ રહેવું પડે કારણ કે સવારથી સાંજમાં પાછા ઉપર આવી ના પહોંચાય.

‘ગ્રાન્ડ કેન્યન’માં પ્રકૃતિનો વિજય લાગ્યો હતો. અતિવિસ્તૃત આ સ્થાનને તો માણસ નાથી ના જ શકે. કેવું ભોળપણ! એને પાસેથી જોવા માટે — તકલીફ વગર — હેલિકૉપ્ટરની સવારીઓ વર્ષોથી શરૂ થઈ છે; હવે તો એમાં પણ હરીફાઈ વધી છે. આ અકુદરતી અવાજ, એન્જિનની દુષિત હવા વગેરેથી ત્યાંનાં પશુ, પંખી, વનસ્પતિને શું નુકસાન થશે તે સમજાય ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હશે. જોકે આમાં એક વક્રતા છે. તે એ કે હેલિકૉપ્ટરના અકસ્માત વચ્ચે વચ્ચે થયા કરે છે અને લોકો જીવ ગુમાવે છે.

લોકોથી કુદરતને થતી કનડગતના તો અમેરિકામાં ઘણા દાખલા મળતા રહે છે. ‘યૅલો સ્ટોન નૅશનલ પાર્ક’માં “ઓલ્ડ ફેથફૂલ” કહેવાતો એક પાતળો, ઊંચો ફૂવારો છે. એ હમેશાં ચાલુ નથી રહેતો, પણ ચોવીસ કલાક અમુક સમયને આંતરે નિયમિતતાથી, વફાદારીથી અચૂક એ ફૂટી નીકળે. થોડી વાર રહે ને પાછો જમીનની નીચે વહેતા ઝરામાં સમાઈ જાય. કુદરતનો આ જાદુ જોવા હજારો લોકો ઊમટે. આ જ સહેલાણીઓથી થતી ગંદકીને કારણે આ ફુવારો હવે અનિયમિત થાય છે, કયારેક એના ઊછળતાં પાણી સાથે ઝરામાં અન્યત્ર ફેંકાયેલી વસ્તુઓ ઊછળી આવે છે.

એક બાજુ લોકોની બેદિલી અને બેકાળજી. બીજી બાજુ કુદરતપ્રેમીઓ નિસર્ગને નિષ્કલંક રાખવા માટે જેહાદ પોકારે છે. કયારેક ટેલિવિઝન પર આજીજી ભરેલી એક જાહેર વિનંતી જોવા મળે. એમાં એક કિશોર આંખમાં આંસુ સાથે કહેતો દેખાય — ગંદા પાણીવાળું તળાવ બતાવીને કે જો આમ જ ચાલુ રહેશે, તો એની પેઢી મોટી થતાં સુધીમાં કશું બચશે જ નહીં — સુંદરતા, સ્વચ્છતા, સ્વાસ્થ્ય કે સુખ.

❧

વર્ષો સુધી અહીં રહ્યા પછી કોઈ વાર થાય કે આ અવસ્થાન ઘરથી દૂરનું ઘર છે, તો કોઈ વાર લાગે કે દૂર રહી રહીને અસ્તિત્વનું કશુંક એવી સૂક્ષ્મ રીતે ભિન્ન થઈ ગયું છે કે જાણે એકેય ઘર નથી રહ્યું.

તેથી યે વધારે તો, એવી જ કોઈક સૂક્ષ્મ રીતે ઘરનાં વડે પણ પારકાં ગણાઈ જવાતું હોય છે. આનું હૃદયદ્રાવક ઉદાહરણ હમણાં મારી વર્ષો જૂની એક મિત્ર પાસેથી મળ્યું : એની માનું અવસાન થયાના ખબર ચોવીસ કલાક પછી એના જેઠ-જેઠાણીના ટેલિફોન પરથી મળ્યા. દેશમાં એનાં છ ભાઈબહેનો, પણ કોઈએ ફોન કર્યો ન હતો. એ દોઢેક મહિના પહેલાં જ દેશથી આવેલી. ત્યારે મા સાજાં હતાં અને ઘણાં વૃદ્ધ, તેથી કહીને જ આવેલી કે કાંઈ પણ એમને થાય તો એ તરત પાછી આવશે. પણ છતાં ભાઈ-બહેનોએ જ મનથી નક્કી કર્યું કે તરત પાછી એ ખર્ચો કરીને ક્યાં ફરી આવવાની છે? તેથી ફોન કરીને એને જણાવવાની પણ જરૂર નહીં? તે પછી બીજા બે મહિના સુધી આશ્વાસનનો, હૂંફનો કોઈનો કાગળ પણ નહીં? કુટુંબ તરફથી જ આ ક્રૂરતા!

સ્વદેશમાંના ભૂતકાળનો જે અંશ અંદર હોય છે તેને જીવતો રાખવો હોય છે ને ત્યાંના ભાગ બનીને કોઈ પણ રીતે રહેવું હોય છે. મારી મિત્ર કહે, “શું આપણે અહીં જાતને સાવ ખોઈ બેસીએ છીએ?” ભારતમાં કદાચ એવો ખ્યાલ પ્રવર્તે છે કે અમેરિકામાં આવી વસનારાં બધાં બદલાઈ જતાં હોય છે; રીઢા, ધનપ્રેમી, ભૌતિકવાદી થઈ જતાં હોય છે. અહીં બધાં બદલાય છે તેવું નથી હોતું ને તે જ રીતે, ભારતમાં રહેનારું કોઈ બદલાતું જ નથી તેવું પણ નથી હોતું.

અલબત્ત, બધાંમાં પરિપાકની ક્ષમતા હોતી નથી. ઘણામાં ઉપરછલ્લો ઓપ આવી જાય છે, ક્યાં તો જન્મસ્થાનને વીસરીને કોઈ જુદી જ વ્યક્તિઓ થઈ બેસે છે. એવા ને એવા રહી જાય તો ‘દેશી’ કહેવાય ને બહુ બદલાઈ જાય તો ‘દંભી’. બેમાંથી કશાની અતિશયતા સારી નથી. ખરેખર તો એવું સમતુલન ઇષ્ટ છે કે જેનાથી પોતાપણાને દુનિયામાંની શ્રેષ્ઠતાનો ઓપ મળે. સાન, ભાન કે નિજત્વને ખોયા વગર અહીં રહેવા માટેનો ગુરુમંત્ર છે સમ્યક ઉપલબ્ધિ. ભારતીયત્વ જતું કર્યા વગર પશ્ચિમત્વ, નૂતનત્વ, સુંદરત્વ અપનાવવું.

❧

અમેરિકામાં ઘણાં શહેર સુંદર છે. પણ બધું જોયા પછી પણ જે એક શહેર સૌથી વધારે ગમે છે તે છે સાન ફ્રાન્સિસ્કો. ઊંચી ટેકરીઓ પર એ વસેલું છે. એની ત્રણ બાજુ પાણી છે. પ્રશાંત સાગર સુધી દોરી જતા અખાતમાં નાની મોટી હોડીઓ તર્યા કરે છે. પ્રભાવશાળી એના વિખ્યાત સેતુ, શહેરમાં ફરતી સાન ફ્રાન્સિસ્કોની વિલક્ષણતા સમી કેબલકાર, ૧૯મી સદીમાં બંધાયેલાં વિશિષ્ટ પ્રકારનાં રંગરંગીન ઘર, બાગબગીચા, વૃક્ષ ને ઠેર ઠેર ફૂલોની દુકાનો. આ શહેરને માટે શું વિશેષણો વાપરવાં? પરીકથામાંનું નગર, મોહક? આકર્ષક? મિષ્ટ? મધુર?

સાન ફ્રાન્સિસ્કોનું હવામાન સૂર્યસિક્ત નથી. મોટે ભાગે એ ઠંડી, પવન, ધુમ્મસ, વરસાદ વગેરે તત્ત્વોની અસર નીચે હોય છે. ઉનાળાના મહિનાઓમાં પણ શિયાળા જેવું વાતાવરણ થઈ જાય છે. પણ જુદા જુદા એના વિભાગોમાં ફર્યા કરવામાં એવો આનંદ છે! એના રસ્તા એવા ઊંચાનીચા છે કે પેલી બાજુનો ભાગ દેખાય પણ નહીં. પહેલી વાર ત્યાં મોટર ચલાવતી વખતે દ્વિધા થાય કે મોટર ઉપર ચડશે કે નહીં અને પછી તો ચકડોળમાં બેઠાં હોઈએ એવી મજા આવે! નઠારી ઋતુને ભૂલી પણ જવાય.

સાન ફ્રાન્સિસ્કોની મોહિની એવી છે કે ત્યાં હૃદય મૂકીને આવ્યા વગર છૂટકો નથી. પહેલી વાર ગઈ ત્યારે જ ત્યાં રહી જવું હતું ને હજી યે એ ઇચ્છા તો છે, પણ ન્યૂ યૉર્કનો પ્રેમ ત્યારે પણ પાછો ખેંચી ગયો ને હજી પણ છોડતો નથી!

❧

ઘણાં વર્ષો પહેલાં ‘ધ લાસ્ટ પિક્ચર શો’ નામની એક અમેરિકન સિનેમા જોયેલી. આખી વાર્તા યાદ નથી. પણ એમાં એક નાના ગામનાં યુવક-યુવતીઓની પ્રવૃત્તિ, ઉત્સાહ, અર્થ કે ધ્યેય વગરની જિંદગીનું ચિત્રણ હતું. નવાઈ લાગેલી, કારણ કે આવી જગ્યા જોઈ જ ના હોય, તેથી આવી જગ્યા અહીં હશે એનો પણ ખ્યાલ ન હતો. ફરતાં ફરતાં પછી તો નાનાં ગામ જોયાં. “વાલાવાલા” નામના ગામમાં પ્રવૃત્તિ સ્વરૂપે દુકાનોમાં ફરવું, બાગમાં ચાલવા જવું કે સિનેમા જોવા જવું. પેલી સિનેમામાં હતી તેવી જ હોંશ વગરની ઉદાસીનતા. અમેરિકાનું આ પાસું પણ ત્યારે સમજાયું.

શહેરોની નજીકમાં રહેવાનો લાભ એ કે ત્યાં અપરિમેય જીવનની, અપરિસીમ જ્ઞાનની સંભાવનાઓ હાથવગી બને છે. શહેરોની ત્વરિત ગતિને લીધે થતાં ગેરફાયદા પણ ભૂલવા ન જોઈએ. અમેરિકાનું બંધારણ કૈંક એવું છે કે નાનાં ગામોમાં શાંતિનું જીવન હોય કે ગુના થતા જ ના હોય એમ નથી હોતું. વસ્તી ઓછી હોઈ ગુનાનું પ્રમાણ ઓછું હોય એમ જરૂર બને. મધ્ય-પશ્ચિમના પ્રાંતમાં આવા જ એક, મર્યાદિત પ્રવૃત્તિવાળા ગામમાં રહેતાં મિત્રો રાતે સૂતાં પહેલાં બારણાં તો ઠીક, બારીઓ પણ બંધ કરી દે છે. ગૃહિણી કહે, એ વગર રાતે એને નિરાંતે ઊંઘ નથી આવતી.

ગુનાના પ્રકારો જાતજાતના હોઈ શકે, ગુનેગારોની ઉંમર નાનેથી મોટી હોઈ શકે. એક મત એવો છે કે યોગ્ય અને પર્યાપ્ત શિક્ષણના અભાવને આ સાથે સીધો સંબંધ છે, શિક્ષણ પાછળ સરકારે વધારે પૈસા ખરચવા જોઈએ. ઉપરાંત, જે શિક્ષણ છે તે વિદ્યાર્થીઓમાં, સમાજના સદસ્યોમાં જીવનનાં કોઈ મૂલ્યો તૈયાર કરતું નથી. એનો ઉદ્દેશ જાણે પૈસા બનાવવા પ્રતિ જ છે. અહીં પરસ્પર પ્રોત્સાહનને બદલે પ્રતિસ્પર્ધાની રીતિ છે. 'મત્સ્યગલાગલ ન્યાય' અહીં સાર્થક થતો દેખાય છે. વ્યક્તિઓ વિષેનું નહીં પણ સમૂહો ને સંસ્થાઓ વિષેનું આ સામાન્યીકરણ છે.

છતાં કશાને હલકા પાડયા વગર એમ કહી શકાય કે સાધારણ કક્ષાનો અમેરિકન સાધારણ સમજવાળો હોય છે. જાહેરાતોના છેતરનારા, લોભાવનારા શબ્દો એને માટે બ્રહ્મવાકય છે. એની વૃત્તિ 'તરત લાભ ને મહા પુણ્ય' જેવી હોય છે. બધું ટૂંકું, ત્વરિત, તૈયાર હોય તે એને ગમે. એ જિજ્ઞાસુ છે, પણ અલ્પ સમય માટે. જિજ્ઞાસા સંતોષાઈ રહેતાં એક રમકડાથી રમીને કંટાળેલા બાળક જેવો એ બને છે. આ વૃત્તિ અને અમેરિકાનું સંપત્તિશાસ્ત્ર પરસ્પરને પોષે છે. ફેંકી દેવાની ને ફરી નવી ખરીદવાની ટેવો પરદેશની અર્થનીતિનો આધાર છે; પણ અનહદ બગાડ અને અપાર કચરાને લીધે મૂળ તત્ત્વોને થતી ઇજા અત્યંત મોટી સમસ્યા છે.

કોઈ પણ વિષયની વાત કરતાં સિક્કાની બે કે વધારે બાજુ છતી થાય છે. આ જીવન છે ને એ જટિલ છે.

❧

અમેરિકાની પહેલી પળથી જ બધું જુદુ તો લાગવા માંડેલું જ પણ સૌથી પહેલી

નવાઈ મહાશાળાના ચોગાનમાં હજારો મોટરો જોઈને થયેલી. વિદ્યાર્થીઓને ગાડી ચલાવીને આવતા આટલી સંખ્યામાં વળી કોણે જોયા હશે? ત્યારે હજી ભારતીયોનો દરોડો અમેરિકામાં ચાલુ નહોતો થયો. બીજા જ ગ્રહ પરના લોકો હોઈએ તેવું કુતૂહલ આપણે માટે થતું. રસ્તામાં ઊભાં રાખીને પણ લોકો જાતજાતના પ્રશને ભારત વિષે પૂછતા : આપણા રસ્તાઓ પર હાથી અને સાપ વગેરે ચાલે છે. શહેરો આધુનિક છે, લોકો અંગ્રેજી બોલે છે? એક પાદરીએ મને પૂછેલું, ત્યાં ગુનાઓની સજા હોય છે ખરી? આપણે ત્યાં કૉફી વખણાય છે સાંભળીને ઘણાંને નવાઈ લાગતી. કયારેક શાળાઓમાં ભારત વિષે વાત કરવા જવાનું બનતું. ત્યારે વાતો અને પ્રશનેત્તર પછી વિદ્યાર્થીઓને ભૂગોળનાં પુસ્તકોમાંની માહિતી અપર્યાપ્ત અને કાળગ્રસ્ત લાગતી.

સાચા કે સર્વાંગી દૃષ્ટિકોણ મેળવતાં, કોઈ પણ મર્મને આત્મસાત્ કરતાં સમય લાગે છે.

આપણે ત્યાં પણ અમેરિકાના હાર્દ પ્રત્યે બિનજાણકારી અને ખોટા ખ્યાલો હોય છે. માહિતીની ખામી અને અનુભવની ઓછપ ઉપરાંત ગ્રહણ કરવાની પાત્રતા, શક્તિ, તૈયારીની આ પ્રક્રિયામાં ઘણી વધારે અગત્ય છે.

ભારતના એક અધ્યાપકે મને પૂછેલું કે અમેરિકામાં સંસ્કૃતિ, સંસ્કાર (Culture કહેતાં જે આવે તે) છે? નિખાલસતાથી મેં કહેલું કે મારા પક્ષપાતો અને પૂર્વગ્રહો, તેમજ અજ્ઞાન અને બિનઅનુભવને કારણે હું પણ નહોતી માનતી કે અહીં ‘કલ્ચર’ છે. પણ સાચી વાત એ છે કે આ ‘નવું વિશ્વ’ છે, જુદી જ દુનિયા છે; એને સિંધુ નદીની સંસ્કૃતિના માપદંડથી મપાય જ નહીં. એમાં ભૂતકાળની ભવ્યતા હતી, આમાં ભવિષ્યની ગૂઢતા છે.

આ જીવતું, ખીલતું, વિકસતું, દિને દિને જન્મતું ‘કલ્ચર’ છે. એક બાજુ, આ દેશ બસો વર્ષ જ જૂનો હોઈ એનામાં યુવાનીનો તરવરાટ છે, તો બીજી બાજુ, ‘ઇન્ડિયન’ અને ‘બ્લૅક’ પ્રજાને કારણે એની પાસે લોકપ્રથાઓનો કિંમતી વારસો છે. એક દેશ છતાં એમાં અમાપ વૈવિધ્ય છે. આટલી ભિન્નતા છતાં એમાં કશું એકસૂત્રીય છે.

આખી દુનિયાને અમેરિકાનું અનુકરણ કરવું છે. પ્રાચીન સંસ્કૃતિના ગૌરવવાળા દેશોની વર્તમાન પ્રજાને ખંડેરો અને શિલ્પો કરતાં અમેરિકન ફેશન અને લાડીલા ગાયકોમાં વધારે રસ છે.

કળા, વિજ્ઞાન, સંશોધન વગેરે સર્વ ક્ષેત્રે અમેરિકા નામાંકિત છે પણ સૌથી વધારે મહત્ત્વનો એનો ફાળો વ્યક્તિગત જીવનમાં છે. પોતાની જીવંત સંસ્કૃતિના બળ પર એ વ્યક્તિને આત્મવિશ્વાસથી પગભર થવા, માનભર થવા પ્રેરે છે. જે સ્ત્રી માથું ઓઢ્યા વગર પોળની બહાર ના જાય, તે અહીં શર્ટ-પેન્ટ પહેરતી, મોટર ચલાવતી થઈ જાય છે. એની કદાચ આટલી જ ક્ષમતા હોય પણ આ સંસ્કૃતિના ગર્ભમાં જઈ શકનારને મર્મસ્પર્શી, તેમજ વ્યાપક પુરસ્કાર મળવાની શકયતા છે.



અમેરિકાના જીવનમાં સામાજિક તેમજ વૈયક્તિક સ્તરો પર એકલતા છે, પીડા છે, ગુનાઓ અને જોખમો છે, સમસ્યાઓ અને વિભ્રમો છે. પાર્થિવ માટેનો પ્રેમ તો એવો છે કે એ લોકોના આંતરિક દુઃખનું મૂળ બને છે. આ અપ્રતિમ ભૌતિકવાદની સાબિતીરૂપ એક નાની વાત કરું : નાયગરા મહાપ્રપાતની પ્રચંડતા માટે બે અભિપ્રાય ના હોઈ શકે. કુદરતનું એ રૌદ્ર-રમ્ય સ્વરૂપ છે, ભય આદરને પાત્ર છે. એના તરફ જતા એક રસ્તે આવું વાકય લખેલું એક પાટિયું જોયેલું : “આગળ જતાં મહાપ્રપાતનાં વિના મૂલ્યે દર્શન થશે.” શું આવી જાહેરાત જરૂરી છે? શું એને ઢાંકી દેવાની મનુષ્યમાં શક્તિ છે કે જેથી પૈસા આપ્યા વગર એનાં દર્શન જ ના થાય? આ તે ધૃષ્ટતા, મૂર્ખતા કે ઉદ્ધતાઈ?



શા માટે છે આ દેશનો આટલો મોહ? શાને લીધે એનું આવું અદમ્ય ખેંચાણ?

દુનિયાભર માટેનું આ મહાગલનપાત્ર છે. અહીં જીવન કઠિન છે પણ સાથે અનુકૂળતાઓનું પ્રાચુર્ય છે. સારા-નરસાનું અહીં સ્વીકાર્ય વિભાજન છે.

તેથી યે વધારે મોહનીય છે અહીંનું વ્યક્તિ-સ્વાતંત્ર્ય. પોતાના જીવનને પોતાનું કરીને રાખવાની છૂટ. અબાધિત મુક્તિ.

જોકે સમજણના પરિપાક વગર અપનાવેલો આ અમૂલ્ય તત્ત્વનો અતિરેક ઘાતક

બને છે; જે વરદાન છે તે શાપ પણ બની શકે છે.

વ્યક્તિનું જીવન રંગીન કાચના ટુકડા ભરેલા બહુરૂપદર્શક દૂરબીન જેવું હોવું જોઈએ. આકાર ને પરિમાણથી એ નિયંત્રિત છે, અંદરનાં ઘટક દ્રવ્યો એનાં એ જ રહે છે ને છતાં એમાં શોભનીય આકૃતિઓનું અનંત વૈવિધ્ય છે. અગણ્ય શકયતાઓ છે. આ જ છે, ‘બંધનમાં મુક્તિ અને મુક્તિમાં બંધન’નો સાધ્ય અર્થ.

નસીબ તો જાતે પણ ઘડી શકાય, તેની ખબર જ ત્યારે કયાં હતી? ‘ચરિત્ર એ જ નિયતિ’ છે. આપણે જે હોઈએ છીએ તે જ આપણે બનીએ છીએ. તેથી ‘હોવું’ સભાન પ્રયત્નો માગી લે છે. કોઈ વાર લાગે છે કે સમજણની શરૂઆત અમેરિકામાં થઈ; વ્યક્તિત્વનું ઘડતર જ નહીં, વ્યક્તિત્વની પ્રાપ્તિ પણ અહીં જ થઈ.

કેટલોક સમય સંઘર્ષમાં પણ વીત્યો છે. મનનું જગત પૂર્વ તરફ અભિમુખ છે કે પશ્ચિમ તરફ? અસ્તિત્વના અર્કનું ઇપ્સિત કેન્દ્ર કયાં છે? કઈ ધરતી પર મારો અધિકાર છે? કયા જીવનનો સત્ય મહિમા છે?

ને છેવટે પેલા સમ્યક પરિપાકને લીધે નીપજેલું તારતમ્ય મારા જ એક સૉનેટની છેલ્લે બે પંક્તિઓથી પ્રગટ કરું :

અસામાન્યે જાણે સ્થિત અખિલ વિશ્વો પૃથક શાં,

દિશા કે દેશોની અવધિ પરના સૃષ્ટિ-પટ શાં.



# અલાસ્કા

અલાસ્કાના રસ્તાઓ પર કેટલું ફરી? માઈલો હું નોંધતી રહેલી. સ્કાગવે પહોંચીશ ત્યારે ૩૫૦૦ માઈલ થશે — નૌકા, ટ્રેન અને બસો થઈને. તે પછી પણ નૌકામાં હજાર માઈલ થવાના અને બસની પણ થોડી મુસાફરી બાકી રહેવાની. બધાનો સરવાળો કરું તો પહેલેથી છેલ્લે સુધીમાં ૬૩૦૦ માઈલ પર આંકડો પહોંચવાનો. આખા પ્રવાસની ખૂબી તો એ હતી કે એમાંનો ભાગ્યે જ કોઈ માઈલ સૌંદર્યરહિત હશે. દિવસોના દિવસો પ્રાકૃતિક સૌંદર્યનું પાન કરતી રહી હતી ને છતાંયે 'સૌથી સુંદર માર્ગ' કહેવાતો રસ્તો હજી બાકી હતો. ત્યાં હવે હું આવી પહોંચી હતી. પેલું મેઘધનુષ્ય દેખાયું ત્યારથી એ શરૂ થયો હતો.

અધવચ્ચે વળી પાછી સરહદ આવી. ઝટપટ જાંચ-તપાસ થઈ ગઈ ને ઊંચા ઢોળાવો પર જ અમે કૅનૅડામાંથી અમેરિકામાં પ્રવેશ્યાં. 'વ્હાઈટ પાસ' કહેવાતા ઘાટનું ઊંચામાં ઊંચું પોઇન્ટ ૩૨૯૨ ફીટ પર આવ્યું. ચઢાણ સીધું રહ્યું હતું. બધી દિશામાં ભૂખરી-જાંબલી શિલાઓની સમૂહોપસ્થિતિ હતી. કેવળ વર્તુળાકારે એ દૃશ્ય જ નહીં, એ સંપૂર્ણ પથ અસાધારણ હતો. આપણે તો દિગ્મૂઢ થઈને જોતાં રહી જવાનું.

એટલી ઊંચાઈએ એ રસ્તા પર ઋતુમાન ઉત્તર-ધ્રુવીય બને છે. શીતકાળમાં પારો માઈનસ પચાસ ડિગ્રી પર પટકાય છે. વર્ષે બસો ઇંચ જેટલો બરફ ત્યાં વરસી શકે છે. લીલ, નીચાં ઘાસ ને છોડવા સિવાય કશું ત્યાં ઊગી શકતું નથી. રીંછ, મૂસ કે કોઈ બીજું જંગલી પ્રાણી દેખાય તો દૂર રહેવાની સલાહ અપાય છે. એ પ્રદેશમાં જસત અને તાંબાની ઘણી ખાણો પણ આવેલી છે. ઘણી ધાતુ સ્કાગવેના બારા સુધી પહોંચાડવા આખું વર્ષ ટ્રકોની અવરજવર આ ઘાટ પર રહેતી હોય છે. તેથી ખાણના સંચાલકો એ ખાતરી રાખે છે કે એ આખો રસ્તો હંમેશાં સાફ અને સુરક્ષિત રહે. તે છતાં, સારું હતું કે વરસાદથી રસ્તો લપસણો થયેલો ન હતો અને અમે અપૂર્વ દૃશ્યપટ માણતાં, સાંજ થતાંમાં સ્કાગવે પહોંચી ગયાં હતાં.

દક્ષિણ અલાસ્કાના અનેક ખાંચાખૂંચીવાળા કાંઠા અને ટાપુ પ્રદેશમાંની એક દૂર સુધી જતી જળપ્રવેશિકાને કિનારે વસેલું સ્કાગવે ઉત્તર અમેરિકા ખંડના ઇતિહાસમાં અગત્યનું સ્થાન પામ્યું છે. અમેરિકાથી કૅનૅડાની ઉત્તરે જતો, સ્કાગવેથી ડૉસન સિટી સુધીનો પ્રદેશ ક્લૉન્ડાઈક તરીકે ઓળખાય છે. કૅનૅડાના ઉત્તર-પશ્ચિમ પ્રદેશના યુકૉનમાં વહેતી એક નદીનું નામ ક્લૉન્ડાઈક છે. એની એક શાખામાંથી બેત્રણ પ્રવાસીઓને સોનું

મળી આવ્યું. ૧૮૯૬ની આ વાત. થોડા જ સમયમાં આ ખબર સળગેલાં જંગલની જેમ દૂર દૂર સુધી એવી તો પ્રસરી કે શીઘ્ર-ધનપ્રાપ્તિની આશા, તેમજ લોભથી પ્રેરાયેલા લોકોનો ભારે ઘસારો ૧૮૯૭માં શરૂ થયો. દસ હજાર જેટલાં સ્ત્રી-પુરુષો અનેક કષ્ટ — ગરમી, ઠંડી, બરફ, પુર, કાદવ-કિચ્ચડ, મચ્છર, રોગચાળો, ખૂનામરકી, ભૂખમરો, આત્મહત્યા અને ઘોર નિરાશા વેઠીને ઉત્તર તરફ જવા માંડયાં. છસો માઈલને અંતે હતું સોનું — જો ખલાસ થઈ ગયું ન હોય તો. ત્યાં પહોંચતાં છ મહિના થતા. કપરી મુસાફરીની શરૂઆત થતી હતી સ્કાગવેગથી. એ જમાનામાં ત્યાંથી ત્રીસેક હજાર ‘સુવર્ણશોધક’ પસાર થયેલાં. એમની જરૂરિયાતો પ્રમાણે સ્કાગવેગ ફાલ્યુંફૂલ્યું. ત્યાં સિત્તેરેક તો પીઠાં વસ્યાં, જેમાં દારૂ મળતો, રૂપાળી સ્ત્રીઓની હાજરી રહેતી, નાચગાન થતાં અને મારામારી ને ઘાતક ગોળીબાર પણ થતાં. ગામનું સંચાલન ત્યારે ગુંડાઓના હાથમાં રહેતું.

૧૯૦૦ સુધીમાં સોનું ખલાસ થઈ ગયું અને બધી ભીડ જતી રહેતાં, ખાલી ને ઊંઘરેટું ગામ બની ગયું. આજે પણ, ઉનાળાના મહિનાઓ દરમિયાન વેપારીઓ અને પ્રવાસીઓ ઊતરી આવતાં એની વસતિ બારસો જેટલી થાય છે, પણ શિયાળો શરૂ થતાંમાં ઘટીને માંડ ચારસોની થઈ જાય છે! મને સ્કાગવે જવાનું બહુ જ મન હતું — ખબર નથી કેમ. પણ પહેલેથી જ મનમાં થતું હતું કે એ મને બહુ જ ગમશે! એની અંદર ચાલીને ફરાય અને કોઈ વાહનમાં ચડવું જ ના પડે. એવાં નાનકડાં ગામો માટે મને બહુ આકર્ષણ રહે છે. શાંત, અદ્ભુત રીતે સમય વીતે એ ખૂબ ઇચ્છનીય હોય છે.

મેં ધાર્યું હતું એથી પણ વધારે ગમ્યું નાનકડું સ્કાગવે ગામ મને! ત્યાં સુધીમાં ‘પ્રવાસ ઋતુ’ પૂરી થઈ હતી ને ગામ લગભગ ખાલી થયું હતું. થોડા જ દિવસોમાં દુકાનો બંધ કરી ઘણા વેપારીઓ અમેરિકાના દક્ષિણ તરફના ભાગોમાં પાછા જતા રહેવાના. વાહનો આમેય ઓછાં, ગામમાંથી બસ તો એકેય ના જાય, એટલે રસ્તાની વચ્ચોવચ ચાલવું શકય હતું. એમ ચાલવું મને બહુ જ ગમે. વાહનોથી જ્યાં ચોંકવું ના પડે, અકસ્માતની જ્યાં ચિંતા ના હોય, પ્રજાજન (કે આગંતુક) તરીકે ગામના ભૂમિભાગ પર આપણો હક હોય. શું એવું જ ના હોવું જોઈએ જીવન?

આવાં સ્થાન પૃથ્વી પર હજી છે. ભલે કયાંક કયાંક જ ને દૂર દૂર, પણ હું એમને શોધતી ને ઇચ્છતી રહું છું. એમાં વીતતા સમયને હરખથી ઊભરાતો અનુભવું છું.

સ્કાગવેમાં મારો સમય ખૂબ જ સરસ વીત્યો. ઝાડપાનથી સુસજ્જ, રંગીન ફૂલોથી સુશોભિત એના રસ્તાઓ પર ફક્ત ચાલવું જ હતું. બીજું કશું પણ કરવાનો વિચાર સુદ્ધાં

સહન નહોતો થતો. નહોતું જવું મારે બે માઈલ દૂરની ઐતિહાસિક સ્મશાનભૂમિ જોવા કે નહોતું લેવું મારે હેલિકૉપ્ટર કોઈ હિમનદી પર ઊતરવા. સમયને દોડાદોડ કરતો અટકાવવાનો હતો મારે. એને ધીરાં પગલાં લેતાં શિખવાડવું હતું મારે.

જે સાંજે સ્કાગવે પહોંચી તે શાંત ને સરસ હતી. બસમાંથી ઊતરીને સીધી હૉસ્ટેલ તરફ ગયેલી. ત્યાં જગ્યા મળી ગઈ હતી. એક ઘર જ હતું એ. હૉસ્ટેલને ચલાવનાર કુટુંબના લોકો બહુ જ સારા ને મળતાવડા હતા. શાકાહારી પણ હતા. એ રાતે એમની સાથે જ ભોજન લીધેલું.

પણ સવારે કોઈ સરસ જગ્યાએ એકલાં બેસી, નિરાંતે નાસ્તો કરવાનું નક્કી કરેલું. આગલી સાંજે બસ સ્કાગવે પહોંચી ત્યારે બસમાંથી જ એક રેસ્ટોરાં જોયેલી ને થયેલું કે “ત્યાં જ સવારે જઈશ”. જાણે જગ્યા પોતે મને સંદેશો મોકલાવતી હતી. હું ત્યાં પહોંચી ત્યારે એની મોટી જગ્યામાં માંડ ત્રણેક જણ બેઠેલાં. કાચની મોટી બારી પાસે હું બેઠી. રસ્તા પરની થોડી અવરજવર જોતાં જોતાં અને થોડું વાંચતાં વાંચતાં, ધીરે ધીરે આરામથી ખાધું. ખૂબ મઝા આવી.

આકાશ ભૂરું હતું, સૂર્ય પ્રકાશતો હતો, હવા ખૂબ સ્વચ્છ હતી, ગામની ત્રણે બાજુ પર્વતો હતા ને ચોથી તરફ હતું પાણી, જેના પરથી વહાણ લઈને અલાસ્કાને કિનારે થતી થતી હું અમેરિકાના મુખ્ય ભાગ પર પહોંચવાની હતી. દિવસ સરસ હતો, પરિસર સુંદર હતો, રસ્તાઓ ખાલી હતા. ગામ ગમી ગયું હતું.

રસ્તાને એક છેડે નાનકડું ટ્રેન-સ્ટેશન હતું. પ્લૅટફૉર્મ લાકડાંનાં પાટિયાંમાંથી બનાવેલું. પ્રવાસીકેન્દ્રમાં સોનાની પ્રાપ્તિ માટેની મહાયાત્રાને લગતા ફોટાઓનું પ્રદર્શન હતું. બપોરે ત્રણ વાગ્યે ત્યાંથી માર્ગદર્શક સાથેની ગામ વિષે માહિતી આપતી, ચાલીને ફરવાની એક ટૂંકી ‘યાત્રા’ હતી, એમાં હું જોડાઈ ગઈ. મુખ્ય એ એકના એક રસ્તાને પેલે છેડે નગરપાલિકાનું નાનું મકાન હતું. એની ઉપર સંગ્રહાલય હતું. ત્યાં પણ પ્રદર્શન તો એ જૂના સમયની વસ્તુઓનું જ હતું : ફોટા, લોકોનાં કપડાં, રસોઈનાં સાધનો, ટાઈપરાઈટર વગેરે. બીજી એક મોટી સરસ દુકાનમાં અલાસ્કાના ઇતિહાસ પર સરસ પ્રદર્શન હતું. ત્યાંથી જ જાણ્યું કે ૧૮૭૦ના દસકામાં અમેરિકાએ રશિયા પાસેથી અલાસ્કા ખરીદી લીધેલું!

અલાસ્કા માટેની મારી છેલ્લી ઇચ્છાની પૂર્તિ પણ સ્કાગવેમાં જ થઈ. મારી જેમ હૉસ્ટેલમાં ઊતરેલી એક અમેરિકન સ્ત્રીને મેં 'અરોરા' (Aurora) ઉત્તરીય આભાની વાત કરેલી. એણે તો પહેલવહેલું જ એને વિષે જાણ્યું. કુતૂહલ અને રસથી પ્રેરાઈને એ આકાશ સામે જોતી રહેલી. વારંવાર બહાર જાય ને અંધારામાં ઊંચે તરફ જુએ. હું તો 'અરોરા' જોવાની આશા છોડીને ઊંઘી ગયેલી. એ સ્ત્રીએ મધરાતે જુદી જ જાતનો પ્રકાશ આકાશમાં જોયો ને અમારે કશી વાત થઈ ન હતી છતાં મને યાદ કરીને એ મને ઉઠાડવા આવી. સફાળી જાગીને હું નીચે દોડી. ખુલ્લા પગે, ગરમ કશું વીંટાળ્યા વગર, કયાંક એ દૈવી આભા જતી ના રહે.

હા, હા, એ આભા 'અરોરા બોરિઆલિસ' — ઉત્તર ધ્રુવ તરફથી આવતો અરુણપ્રકાશની જ હતી. સફેદ પટ્ટા ને પાતળી લટોના વળાંકો ને ધૂંધળાં તેજ પ્રસરણ. કદાચ સહેજ લીલા રંગનો અંશ હશે એમાં. પણ વધારે તો અપારદર્શક શ્વેત જ લાગે એ તેજ. દરેક તેજપુંજ એક આકાર ધરતો — પટ્ટો કે વળાંક કે પ્રસરણ. થોડી ક્ષણો માટે એ આકાશને વશ રહેતો ને પછી બદલાઈ જતો. તેથી જ તો એને 'નૃત્ય કરતી જ્યોતિ' કહે છે. આકાશના ફલકની અંદર વિદ્યુતરેખની માફક એ આમથી તેમ આવિર્ભૂત થતી, દીપ્ત થતી, નૃત્યમાન થતી રહે છે. એના આકાર અનેકવિધ હોઈ શકે છે. શ્વેત ઉપરાંત એનો રંગ ઘેરો લીલો કે લાલ પણ હોઈ શકે છે. ખાસ કરીને શિયાળાના આકાશમાં આ ધ્રુવીય જ્યોતિ દેખાય છે — તે પણ ખૂબ વહેલી સવારના સમયે. ઓહ, મારા પર શરદઋતુને આરંભે, મધરાતે આ કૃપા થઈ હતી. કદાચ એ તો એનો નિયત સમય પણ નહોતો ને છતાં મને દર્શન દીધાં હતાં.

આ પ્રકાશની તસવીરો પણ લેવાઈ છે ને એ પુસ્તકોમાં જોવા પણ મળે છે. એને માટે એક તો 'તપ' કરવું પડે ને બીજું ફોટોગ્રાફીનાં ખૂબ ઊંચા પ્રકારનાં સાધનો જોઈએ. સારો કૅમેરા હોય તોયે આ આકાશી દીપ્તિને ઝડપવા માટે એ ના ચાલે. મેં તો એવો પ્રયત્ન પણ કર્યો નહીં.

રાત્રી સંપૂર્ણ સ્વચ્છ હતી. તદ્દન અંધારી ન હતી. અગણ્ય તારા જાજ્વલ્યમાન હતા અને છતાં આ અવર્ણનીય, અલૌકિક રજત દ્યુતિ? એ ચંચલા, ચપલા, નૃત્યરત પ્રકાશધારા શરૂ થતી હતી ઉત્તરીય આકાશમાંથી — સ્કાગવે ગામને બાથમાં લઈને ઊભેલા હિમમંડિત શૃંગોવાળા પર્વતોની પેલી તરફથી ને પછી એ અભિસરિત થતી હતી કેન્દ્રમાં, અમારી બરાબર ઉપર. એનાં દર્શનની મારી અદમ્ય અભીપ્સા અલાસ્કામાંની કેટલીયે વાદળછાયી, વર્ષાભીની રાતો પછી પૂર્ણ થતી હતી. બધું જ સિદ્ધ થયું હતું

અલાસ્કામાં — આલ્કાન હાઈવે પર માઈલ ઝિરોથી માઈલ ૧૪૦૯ સુધી ગઈ હતી. વન્ય પ્રાણી જોયા હતાં, સર્વોચ્ચ માઉન્ટ મૅકકિન્લીનો સ્નિગ્ધ સ્પષ્ટ નિખાર પામી હતી, ઍન્કરેજમાં મિત્રોને મળી હતી, વાલ્દેઝ પણ જઈ આવી હતી ને છેલ્લે આ અદ્ભુત આભાનો સાક્ષાત્કાર થઈ રહ્યો હતો. મારે જ માટે એ માયાવી અને ગુહ્યગહન પ્રકાશનું અનુષ્ઠાન યોજાયું હતું ને અડધા કલાક સુધી ચાલ્યું હતું.

મોડી રાતની ઠંડીમાં, ઝાંકળભીના ઘાસમાં મુખ ઊંચું કરી, મુગ્ધ થઈ હું ઊભી રહેલી; અસ્ફુટ સ્વરે આવું કશું બબડતી હતી : “આ અદ્ભુત છે, મનાય નહીં તેવું છે. અહો, આ અત્યંત સુંદર છે.”



## જમૈકા ટાપુ — દેશ

એક કલ્પના કરો : રેશમી રાતના આકાશમાં રૂપેરી પૂર્ણ ચંદ્ર સોહતો હોય, સૌમ્ય સમુદ્ર નાજુક લહરીઓ થકી કિનારાને ચૂમતો હોય, કર્ણપ્રિય સંગીતના સૂરો થોડે દૂરથી આવતા હોય, આવશ્યક એવી શાંતિ હોય ને તમે બદામનાં બે ઘેઘૂર ઝાડ વચ્ચે બાંધેલા મોટા ઝૂલા પર આરામથી, આનંદથી સૂતાં સૂતાં ઝૂલતા હો. કોઈ દૈવી ઉદ્યાનની વાત થતી હોય એવું લાગે છે કે? પણ ખરેખર તો એ સંગીત છે. જગતમાં ખ્યાતિ પામેલું, લોકભોગ્ય ‘રેગે’ (Reggage). એ દેશ છે સૌમ્ય સમુદ્ર કેરેબિયનમાંનો દ્વીપદેશ જમૈકા. એ ઝૂલો બંધાયેલો છે મોન્ટિગો (Montego Bay) નામના શહેરની એક આકર્ષક હૉટેલના ચોગાનમાં. કેરેબિયન સમુદ્ર ૧૭૦૦ માઈલ પહોળો અને ૭૦૦ માઈલ લાંબો છે. જમૈકા ઉપરાંત અને બહામા (Bahama) સિવાય બીજા ૨૮ દ્વીપદેશો છે. જેમાં અરુબા, કયુબા, તાજેતરના યુદ્ધને લીધે વિશ્વ સમાચારમાં આવેલું ગ્રેનેડા, હેઈતી, સેન્ટ લુશિયા, માર્ટિનિક, ટ્રિનિડાડ અને ટોબેગો વગેરેનો સમાવેશ થાય છે. ૧૪૯૨માં જ્યારે ક્રિસ્ટોફર કોલમ્બસ ત્યાં જઈ ચડયા ત્યારે એમણે કહેલા શબ્દો છે : “મેં એટલા બધા ટાપુઓ જોયા કે મને સમજાયું નહીં કોના ઉપર હું સૌથી પહેલા જાઉં.” આ પસંદગી હજી પણ એટલી અઘરી છે! બધા જ મનોરમ, બધા જ મોહક. જમૈકા “ઇન્ડિઝનું પુષ્પ” (Flower of Indies) કહેવાય છે. એટલું આગવું સ્થાન એને મળેલું છે.

એક જમાનામાં શેરડીમાંથી સાકર બનાવવાના ઉદ્યોગમાં જમૈકાને ખૂબ સફળતા મળેલી અને એ અંગ્રેજ રાજ્યની સૌથી સમૃદ્ધ ‘વસાહત’ (Colony) કહેવાતી. તે પછી બૉક્સાઈટ નામના એક ખનિજની નિકાસ જમૈકાના અર્થતંત્ર માટે જરૂરી થઈ પડેલી. હવે એ સમય છે કે જ્યારે સૌથી વધારે આવક પ્રવાસીઓના આગમન, રહેવાસ અને ખર્ચાને લીધે થાય છે. ‘મોન્ટિગો બે’ શહેરમાં એક જાહેરાતનું મોટું પાટિયું જોયેલું, જેના પરનું વાકય જનતાને છડેચોક કરાયેલી અરજી હતી : “પર્યટન-ચાલો, એમાં હૃદયપૂર્વકનો રસ મૂકીએ.” જમૈકાની સરકાર અને ત્યાંનું પ્રવાસખાતું આ ધંધો વધારે ધીકતો કઈ રીતે થાય તેની જ પેરવીમાં રહે છે. જમૈકાનો ગુપ્ત નહીં પણ જગજાહેર સાંકેતિક શબ્દપ્રયોગ છે, “કશો વાંધો નહિ” (No Problem) એટલે કે “અમે તમારી આગતાસ્વાગતા કરીશું. તમારા આરામ અને સાલસ્યનો ખ્યાલ રાખીશું, બધી જરૂરિયાતો પૂરી પાડીશું, જે જોઈતું હશે તેની સગવડ કરી આપીશું.” આખા ટાપુને હોડમાં મૂકવા સિવાય બધું જ કરવા આ લોકો તત્પર છે. મૂળ સરળ સ્વભાવના લોકો મોટે ભાગે હસતા તો છે જ, ને દરેક હોટેલના કર્મચારીઓ ખુલ્લા દિલે સ્મિતાવૃત મુખે, ખડે પગે સેવા કરવા તૈયાર હોય છે. જમૈકાના લોકોના મિત્રાચાર પર સરકાર અને પ્રવાસખાતાને નાજ છે.

બધાં મારી સાથે અમેરિકાના રહેવાસી તરીકે નહીં પણ ભારતીય તરીકે વાત કરતાં. તે વખતે ભારત અને વેસ્ટ ઇન્ડિઝની વચ્ચે ક્રિકેટ મેચ ચાલી રહી હતી. આપણા દેશની જેમ વેસ્ટ ઇન્ડિઝના આ બધા દેશો પણ ક્રિકેટ રમવાના, જોવાના ખૂબ જ શોખીન છે — એ અંગ્રેજ અમલની અસર. તેથી મારી સાથે પણ ક્રિકેટની વાતો કરતા. મહાશાળામાં વર્ગો છોડીને મેદાનમાં ક્રિકેટ જોવા ભાગી છૂટતાં — બસ, ક્રિકેટ સાથે મારો એટલો જ પરિચય! ઉમરીગર, ગાવસ્કર, પટૌડી, કપિલદેવ — જેવાં થોડાં નામ ખબર ને જરૂર પડે તો બેચાર વાકયની ફેંકાફેંક કરતાં આવડે! એ બહાને આ નાગરિકો સાથે થોડી વાતો થાય. વેસ્ટ ઇન્ડિઝ મેચ જીતેલું ને એક ‘ડ્રો’ થયેલો. એક જણ મને હસતાં હસતાં કહે, ‘જો જો, અમે જીતી જઈશું.’ મેં મજાકમાં જવાબ આપ્યો, ‘તો ભારત વતી હું તમારી સાથે લડવા આવીશ.’ થોડા દિવસના સહવાસમાં મિત્રભાવે થોડી આપ-લે થાય તો મજા આવે અને એ સ્થળની મધુર યાદ મન પર રહી જાય.

આખો લેખ લખી તો લીધો, પણ છપાય તે પહેલાં તો બધી ક્રિકેટ મેચ પૂરી થઈ પણ ગઈ અને ભારતની હાર થઈ. મનમાં થયું કે સારું છે જમૈકા જઈ આવી. જો હવે જવાનું હોત તો આવી કોઈ મજાક કરી શકાઈ ના હોત. તેટલું જ નહીં, હારજીત તો રમતગમતમાં થવાની જ, પણ જમૈકાની ‘ફેન્સી’ હોટેલમાં એકના એક ભારતીય પ્રવાસી તરીકે ભારતની હાર જાણે મારી ‘જવાબદારી’ થઈ જાત! અને ક્રિકેટ વિશેની કોઈ વાત હું બહાદુરીપૂર્વક કરી જ શકી ના હોત!

આટલા લાંબા અંગ્રેજ રાજ્ય અમલને કારણે જમૈકાની રાજ્યભાષા અંગ્રેજી છે અને બધા જ નાગરિકો અંગ્રેજી બોલે છે પણ જેમ ભારતનું અંગ્રેજી કે અમેરિકાનું અંગ્રેજી ઇંગ્લેન્ડના 'રાજવી' અંગ્રેજીથી જુદું પડે તેમ તે પણ એની આગવી ખાસિયતો ધરાવે છે. પરંતુ જમૈકામાં અંગ્રેજી સિવાયની પણ એક લોકભાષા છે; વારસાગત અને હકૂમત પ્રાપ્ત શબ્દપ્રયોગોના મિશ્રણથી લોકોએ રચેલી એક બોલી છે. જેને 'પાટવા' (patois) કહે છે. મુખ્યત્વે અંગ્રેજી ઉપર આધારિત હોવા છતાં અભિવ્યક્તિ એવી કે વિલક્ષણ લાગે, આપણને કશી સમજ ના પડે પણ એ લોકો માટે સંપૂર્ણ રીતે ભાવવાહી છે. પારકી ભાષાના દમનને ફંગોળીને પ્રાપ્ત કરેલી આ પણ એક પ્રકારની પ્રતીકરૂપ મુક્તિ હશે એ પ્રજા માટે?

જ્યાં ને ત્યાં બદામનાં ઊંચાં ઘટાટોપ વૃક્ષ જોવા મળે. સરસ મોટાં લીલાં ને ઘેરાં લાલ થઈ જતાં પાંદડાં ને ઉપર બદામનાં લૂમખાં. હોટેલના ચોગાનમાં પણ ઠેર ઠેર હતાં આ ઝાડ. અરે, દરિયાકિનારે રેતીની અંદર પણ ઊગી ગયેલાં ને બધાં જ 'તંદુરસ્ત' હતાં. હું તો ઉપર જોઈને જ ચાલતી કે કયાંક પાકી ગયેલી લાલ બદામ દેખાય છે! હાથ પહોંચે તો તોડી લેતી, નહિ તો નીચે પડેલી ઉપાડી લેતી. કયારેક તો ધોવાની પણ રાહ ના જોતી. એક વાર કિનાર પર બનાવેલી, ઠંડાં પીણાં માટેની હાટડી પર જઈ ત્યાં કામ કરતાં જમૈકનને એક બદામ ધોવા આપી તો એ નવાઈ પામી ગયેલો. કહે, 'તને કોણે કહ્યું કે આ ખવાય?' નાના બાળકની જેમ મેં કહ્યું, 'કેમ, મારા દેશમાં પણ આ ઊગે છે.' બીજા પ્રવાસીઓને સાચે જ આ બદામ કહેવાય ને ખવાય એની ખબર જ ન હતી.

કેરેબિયનનો રંગ તો જાણે નીલમ જ જોઈ લો. દિવસના જુદા જુદા સમયે પાછો બદલાય. એને જોયા જ કરીએ. પાણી પાછું હૂંફાળું — જાણે નાહ્યા જ કરીએ! જ્યારે બદામના ઝાડની ઘટામાં બાંધેલો પેલો ઝૂલો મળી ગયો — શાંત, એકાંત, ધીરે આવીને તટ પ્રક્ષાલન કરી જતાં મોજાંનો મર્મર ધ્વનિ, વાંચવાનું પણ મન ના થાય એવી મજા આવી ગઈ... દિવસને અંતે નિરભ્ર ગગનમાં ધૈર્યહીન મિહિરનું વિપુલ રક્તબિંબ દેખાતું. સંધ્યાના રાગરંગ વિલીન થાય ના થાય ત્યાં ચંદ્રનું આગમન ને તે પણ હતો પૂર્ણિમાનો દિવ્ય રજત શશી. એક વાદળવિહોણી રાતે નિર્બંધ વિસ્તૃત ચંદ્રમંડલ જોવા મળ્યું. અદ્‌ભુત હતું એ દશ્ય. અશુદ્ધ હવા, અતિશય ઘોંઘાટ અને ઇમારતોના અતિરેકવાળા પ્રદેશમાંથી આવનારાંને માટે આ સુભગ અનુભવો જ તો અમૂલ્ય પારિતોષિક સમાન છે.

જમૈકાની કુલ વસતિ વીસ લાખની છે. એમાં આફ્રિકન, યુરોપિયન, ભારતીય, ચીની,

આરબ, યહૂદી અને જર્મન અસલિયતવાળા લોકોનો સમાવેશ થાય છે. 'અનેકમાંથી એક થયેલા લોકો' એમ જમૈકા પોતાને માટે કહે છે. આ જમૈકાની વસતિની વિવિધતા. જમૈકામાં વસતો હજી એક બીજો જનસમૂહ છે, જેની બધાંને જાણ નથી હોતી. આફ્રિકાથી ગુલામ તરીકે પકડી લવાયેલાંમાંથી કેટલાંક તક મળ્યે ભાગી જતાં ને કઠિન પર્વતોમાં આશરો લેતાં. આ ગુલામોને 'મરૂન' (Maroons) નામ આપવામાં આવ્યું. પોતાના આઝાદી સાચવવા અંગ્રેજો સાથે આ મરૂન કહેવાતા લોકો લડી પણ લેતા. આખરે એમણે સરકાર સાથે સમજૂતી કરી, પોતાની આઝાદી જાળવી રાખવાના હક્ક મેળવ્યા; બહારવટું છોડીને હવે આ લોકો શાંતિપ્રિય, મહેનતુ, સુખી ખેડૂતોનું જીવન જીવે છે. જમૈકાના જે ભાગમાં એ બધા રહે છે ત્યાં જવા માટે એમની પરવાનગી લેવી પડે છે. કેરેબિયનના આ સ્વતંત્ર દ્વીપદેશમાંય પાછો એક નાનકડો જુદો 'દેશ' જ ના હોય!

જમૈકામાં જતાંની સાથે તો એની શ્યામશ્રી જ દેખાય. એના પર્વતો અને ઢોળાવો ઉપર ગીચ લીલોતરી છવાયેલી છે. લગભગ અડધો દેશ ૧૦૦૦ ફીટ ઊંચો છે અને ત્યાં પણ શિખર ૭૪૦૨ ફીટ ઊંચું છે. આ પર્વત પર કૉફી ઉગાડાય છે જેને માટે જમૈકા જાણીતું છે. ડૂનસ (Dunn's) રીવલ ફૉલ્સ જેવા અત્યંત સુંદર જળપ્રપાત છે અને ૨૦૦ જેટલાં નદી તેમ જ ઝરણાં છે. અને ફૂલોનો તો પાર નથી. કરેણ, બોગનવેલ, રંગરંગનાં જાસૂદ વગેરે ફૂલો તો આપણાં જેવાં જ પણ બીજાં અનેક એવાં કે જે પહેલાં જોયાં પણ ના હોય. ૩૦૦૦ જાતનાં ફૂલો ત્યાં ખીલે છે અને એમાંનાં ૮૦૦ જેટલાં તો દુનિયાના બીજા કોઈ ભાગમાં જોવા મળતાં જ નથી એમ કહેવાય છે! જંગલી ઑર્કિડ (Orchid)ની જ ૨૦૦ તો જાત છે. આ ફૂલો તો નાજુક અને અસાધારણ હોય છે. કેટલાંક મોટાં વૃક્ષ પર ઑર્કિડ જેવાં લાગતાં, અપૂર્વ જાંબલી રંગનાં ફૂલોનાં ઝૂમખે ઝૂમખાં જોઈને મને નવાઈ લાગી. આવી રીતે ઑર્કિડ ઊગે તેવો ખ્યાલ ન હતો. પૂછતાં ખબર પડી કે એમને "ગરીબ લોકોનાં ઑર્કિડ" કહે છે, કારણ કે આટલી આસાનીથી મળી જાય છે! ઓચો રીઓસ (Ocho Rios) નામના ગામ પાસે ગીચ ઊગેલાં ફર્ન વૃક્ષોનું એક જંગલ છે. કેળની વાડીઓ તો માઈલો સુધી વિસ્તરેલી છે. ખજૂરનાં ને નાળિયેરનાં વૃક્ષોની એક લાક્ષણિકતા મળે છે જે ટાપુઓને અનુરૂપ છે. 'દરિયાની દ્રાક્ષનાં વૃક્ષ' કહેવાતાં, વડ જેવા વિશાળ થડ અને ગોળાકાર પાંદડાં જોઈને નવાઈ લાગેલી. એની ડાળીઓ વાંકીચૂંકી થતી, અમળાતી, મોટા વિસ્તારમાં ફેલાતી. સૌથી વધારે આશ્ચર્ય તો પેલી બદામડીઓને જોઈને થયેલું. બરાબર રેતીની અંદર કઈ રીતે ઊગતી હશે? ભરતી વખતે તો દરિયાનું ખારું પાણી પણ ત્યાં સુધી આવી જાય! આવી વનશ્રીએ જ તો જમૈકાને નંદનવન જેવું બનાવ્યું છે.

આ લોકોના લોહીમાં રહેલો આફ્રિકાનો વારસો એમનાં સંગીત, નૃત્ય અને જીવવાની કેટલીક રીતોમાં દેખાઈ આવે છે. લિમ્બો, કલિપ્સો (Calypso) અને રેગે તરીકે ઓળખાતા

સંગીતના પ્રકારો દુનિયાભરમાં ખૂબ જ પ્રિય બન્યા છે. એના તાલ અને લય એવા છે કે અનાયાસે આપણે ડોલવા મંડી જ જઈએ. એવી મૂળભૂત લોકભોગ્યતા એમાં રહેલી છે. એમનાં નૃત્યોમાં નાટકીયતા છે, જેમ કે અગ્નિનૃત્ય ને સાથે સાથે ઉલ્લાસની સરળતા છે. દર વર્ષે સ્વરાજદિન આવતાં અઠવાડિયા સુધી ઉત્સવ ચાલે છે. ગરીબ પ્રજા માટે દુઃખ ભૂલવાનો આ રસ્તો થઈ પડે છે. મુખ્યત્વે લોકો ખ્રિસ્તી છે, ધાર્મિક છે ને રવિવારે દેવળમાં જતા દેખાય છે. લગ્ન માટે ૨૪ કલાકની મુદત આપવી પડે છે. પણ લગ્ન કર્યા વગર જ સ્ત્રી અને પુરુષ સાથે રહેતાં હોય એવી આદિવાસી વૃત્તિ વધારે પ્રમાણમાં દેખાય છે.

થોડા લોકો ભીખ માગતા પણ જોયા. એક સ્ત્રી માથા પરના ટોપલામાં રંગરંગનાં તાજાં ફળો ભરીને બજારમાં ઊભી હતી. મેં ફોટા પાડવા રજા માગી તો તેણે સામા પૈસા માગ્યા. જો કે ફોટા પડાવવાના પૈસા ઇજિપ્ત, ઇન્ડોનેશિયા, મૅક્સિકો અને ભારત જેવા દેશોના ગરીબ લોકો પણ ઘણી વાર માગે છે. બીજી એક જગ્યાએ એક જમૈકન એક નાનું ગધેડું ફૂલોથી સરસ રીતે શણગારીને, ખરેખર તસવીરને લાયક બનાવીને એક હોટેલ પાસેની દુકાનો આગળ ઊભો હતો. એણે પણ ફોટા પડાવવાના પૈસા માગ્યા. આ જ એની રોજગારી છે. પ્રવાસીઓ ગધેડા પાસે ઊભા રહી પોતાનો ફોટો પડાવતાં હશે, તેથી એણે મને પૂછ્યું કે મારે પડાવવો છે?

અલબત્ત, મારે નહોતો પડાવવો!

ફૂલોનો ઉપયોગ ઘણી હોટેલોના ઓરડાઓને અને મુખ્ય પ્રવેશસ્થાનોને શણગારવામાં પણ થતો દેખાયો. કેટલીક વાર તે જમવાના ટેબલ ઉપર ઘેરાં ગુલાબી બોગનવેલ કે જાંબલી 'ગરીબોનાં ઑર્કિડ' ફૂલો પાથરીને સરસ ભાત કરાયેલી પણ જોઈ. કોઈનું પણ મન આવા સત્કારથી પ્રસન્ન થઈ જાય. તાજાં ફળો પણ ઘણાં જોવા મળે. સવારની ચા સાથે ત્રણ-ચાર જાતનાં ફળો હોય જ. ને હું તો વળી નિરામિષ, તેથી દરેક જમણમાં બધે મારે માટે તો 'ફ્રુટપ્લેટ' જ હોય! ફળ જ — ફળાદિ તો ભાગ્યે જ. એને એ ખાઈને કંટાળી જવાય.

છેલ્લે મને રાસ્તાફારી નામના ધર્મ વિશે સહેજ જાણવા મળ્યું. ઘણાં જમૈકન આ ધર્મમાં માને છે. એમાં નિરામિષ આહારનો આગ્રહ રખાય છે અને કાળા વર્ણના લોકોની શ્રેષ્ઠતા સાબિત કરતાં પ્રવચનો અપાય છે. અસમાનતાને લીધે ભડકી ઊઠેલો આ આગ જેવો સંપ્રદાય ઉદ્દામવાદી સામાજિક ફેરફારનો સતત ઉપદેશ આપે છે. ઘણીવાર ધર્મનો ઉપયોગ ખોટી રીતે, ખોટાં કારણો માટે થાય છે તે મધ્ય-પૂર્વના દેશોના દાખલા પરથી

આપણે જાણીએ છીએ.

દરેક દેશની, દરેક પ્રજાની કેટકેટલી વિગતો હોય — કેટલીક આહ્લાદક હોય, તો કેટલીક જુગુપ્સાકારક પણ હોય. જેમ વધારે જાણીએ તેમ એ બધાં વિશે સમજણ વધે ને તેથી જ મને હમેશાં સમય ઓછો જ પડે. જ્યાં જાઉં ત્યાં વધારે રહી જવાનું મન થાય. જમૈકામાં થોડા વધારે દિવસો મળ્યા હોત તો ત્યાંના લોકો અને એમના જીવન વિશે વધારે માહિતી મેળવી હોત. નહીં તો પથ્થરનાં સોપાન પર થઈને પડતા, ગાઢ લીલોતરીમાં ખોવાયેલ ડૂનસ રીવરના ધોધની મજા માણ્યા કરી હોત. નહીં તો ફૂલોનું અપાર બહુવિધત્વ શોધ્યા કર્યું હોત. નહીં તો રંગીન સઢવાળી હોડીમાં કેરેબિયનની મોહનીય નીલાશને દૂર સુધી પામી લીધી હોત. નહીં તો સુંવાળી રેણુમાં અગણ્ય પગલાં પાડયા કર્યાં હોત. નહીં તો કશું જ કર્યા વગર પેલા ઝૂલામાં પડયા પડયા મૃદુ મોજાંની સાથે શોખથી હિંડોળાયા કર્યું હોત.

બસ, એક કલ્પના કરો!



# ખંડ ૪ –મધ્ય અને દક્ષિણ અમેરિકા

## ગૉતેમાલા

ગૉતેમાલા (Gautemala) દેશનો વિસ્તાર એક લાખ ને દસેક હજાર ચો.કિ.મિ.નો ગણાય. એનો ઉત્તર ભાગમાં આવેલો, અગમ્ય અંધારાં જંગલોથી ભરપૂર, ‘એલ પેતેન’ કહેવાતો ભૂ-અંચલ દેશનો પંદર ટકા જેટલો વિસ્તાર છે. એની અંદર રબરનાં તથા કઠણ લાકડાંવાળાં વૃક્ષોનું પ્રાચુર્ય છે અને ખનિજ તેલની સંપત્તિ પણ છે. એના ઘણા વિભાગોમાં જમીનમાર્ગે જવાતું પણ નથી. નદી દ્વારા જ ત્યાં પહોંચવું પડે. ‘એલ પેતેન’ના એ ઉપપ્રદેશમાં માયા પ્રજાની સંસ્કૃતિ પૂર્ણ વિકસિત થઈ હતી. એ વિશ્વના અગણ્ય ભગ્નાવશેષો એ ઉપપ્રદેશમાં પડેલા છે. થોડા શોધાયેલા તથા ઐતિહાસિક પુનરુત્થાન પામેલા છે — જેમકે સૈબાલ, નારાન્હો, તિકાલ, નાકુન, વાહાક્તુન; પણ એથીયે વધારે માયાકેન્દ્રો ત્યાંનાં દુર્ગમ જંગલોથી ઢંકાયેલાં છે. પુનર્પ્રાપ્ત બધાં કેન્દ્રો જોવા તો કેટલાં જઈ શકે ? એ તો અભ્યાસીનું કામ. પરદેશી પ્રવાસીઓમાં, એ બધાં નામોમાંથી ‘તિકાલ’ નામ વધારે જાણીતું છે ને ત્યાં જવાનો ઘણો મહિમા છે. હું પણ તિકાલ જવાની જ હતી ને એ માટે નજીકમાં કયાંક રાતવાસો કરવાનો હતો. એમાં પણ ફ્લૉરેસ નામનું ગામ સૌથી વધારે પ્રવાસીઓને આકર્ષતું હતું.

ઉષ્ણ પ્રદેશીય અતિગૂઢ વિપિનોની વચ્ચે અંગ્રેજીના ‘યુ’ અક્ષરના આકારનું લાંબું, પાતળું પેતેન સરોવર હતું. એને દક્ષિણ કિનારે ‘સાન્તા એલેના’ કરીને એક નવું વસાવેલું ને કદાચ તેથી જ અનાકર્ષક એવું નાનું શહેર હતું. ત્યાંથી તળાવ પર બાંધેલો એક રસ્તો તળાવની વચ્ચે આવેલા ટાપુ પરના ફ્લૉરેસ ગામને જોડતો હતો. પ્રવાસીઓથી સ્પર્શાઈ સ્પર્શાઈને એ ખાસ્સું વ્યાપારિક બની ગયું હતું પણ તોયે એ ખાસ્સું આકર્ષક રહ્યું જ હતું. મિનિબસ ત્યાં પહોંચી કે છયે જણ છૂટાં પડી ગયાં ને ઇચ્છા પ્રમાણેની હોટેલો શોધી લીધી. તળાવને કિનારે “જુમ કાશ” નામની મોટી હોટેલ હતી. સ્પેનિશ ભાષાની બલિહારી તો જુઓ. લખાય ‘Yum Kax’, પણ બોલાય “જુમ કાશ”. પાછું દેશ દેશનું સ્પેનિશ ઉચ્ચારણ ભિન્ન પણ હોય છે. એની સૂક્ષ્મ લાક્ષણિકતાઓનો થોડો અભ્યાસ ખરો, એટલે ભાષાને હું માણી શકું.

એ હોટેલમાં મારો રૂમ મોટો હતો — ત્રણ ખાટલાવાળો! દિવસે તો સારું હતું. રાતે ઘણી ઠંડક થઈ ગઈ હતી. બાથરૂમમાં ગરમ પાણી આવ્યું નહીં એટલે મેં રૂમ બદલ્યો હતો. સાવ ખાલી જ લાગી આખી હોટેલ.

હું તો તરત ગામમાં ચાલવા નીકળી ગઈ હતી. એવું સુંદર, ટચૂકડું સ્થળ હતું એ ફ્લૉરેસ. આખું ને આખું પથ્થરથી કે સિમેન્ટથી ચણી દેવાયેલું. એક સમયે એ ધૂળિયું, માછીમારોનું ગામ હતું. ઘરો આમ તો સરસ આછાં રંગેલાં હતાં, પણ ઘેરા 'બૉટલગ્રીન' માટે પક્ષપાત જણાય. લીલો ને પીળો, ભૂરો ને ગુલાબી — એવાં દ્વિરંગી જોડાણો ખાસ ગમતાં હોય તેમ લાગે. માટીનાં નળિયાં ના હોય ત્યાં ટિનને એ રંગે રંગી મુકાયેલું હતું. ગણીગાંઠ મોટરો હતી. ના તો એ ઝડપથી જાય, ના તો હૉર્ન મારે. બધું શાંત ને સુંદર. ગૉતેમાલાની હસ્તકળા વેચતી દુકાનો ઘણી હતી. સાવ સાદી, હાથથી બનાવેલી શાળ પર સ્ત્રીઓ શાંતિથી વણાટકામ કરતી લગભગ બધી દુકાનોમાં દેખાય. ચુપચાપ કામ કર્યા કરવાનું. કશું વેચવાનો પણ કોઈને આગ્રહ નહીં કરવાનો. કોઈ સામે જુએ કે મીઠું હસી દેવાનું. કોઈ ફોટો પાડવા માગે તો પાડવા દેવાનો. ગૉતેમાલાને એક તળજાતિની એ સ્ત્રીઓ. નીચું કદ, ચપટાં મોઢાં, લાંબો એક ચોટલો ને હાથવણાટનાં રંગરંગીન કપડાં. જેવો લાક્ષણિક દેખાવ તેવો જ લાક્ષણિક પહેરવેશ.

પહેલે જ દિવસથી કયાં ખરીદી કરવા માંડું? ગૉતેમાલા તો હસ્તકળા માટે ખૂબ જાણીતું ને ચીજો ખૂબ લલચામણી પણ ત્યાં લગભગ બે અઠવાડિયાં ગાળવાની હતી. તેથી ફ્લૉરેસમાં તો ફક્ત બધું જોયા જ કર્યું ને એની ગલીઓમાં ચાલી. ગામની વચ્ચે, જરા ઊંચે ખુલ્લો ચૉક બનાવ્યો હતો. ત્યાં બાસ્કેટબૉલ રમવાની સગવડ હતી. એક જૂનું ઘેઘૂર વૃક્ષ હતું, ને બેસવા માટે થોડી બેન્ચો હતી. ત્યાંનું દેવળ બપોરના સમયે બંધ હતું પણ ગામના નાટયગૃહમાં કિશોર-કિશોરીઓ સમૂહનૃત્યની પ્રૅક્ટિસ કરતાં હતાં. છેક કાંઠા પરની એક રેસ્ટૉરાંમાં બેસીને મેં ચૉકલેટવાળું દૂધ મંગાવ્યું ને જળદર્શન કર્યાં કર્યું. સામા કિનારા પરનાં ઘરોનું તરલ પ્રતિબિંબ સાંધ્ય રંગોમાં સુંદર લાગતું હતું. સ્થાનિક લોકોની નાની હોડીઓ દિવસને અંતે પાછી આવી રહી હતી. કરવાનું બીજું કાંઈ હતું નહીં. ઊંડો શ્વાસ લઈ પર્વતો, જંગલો ને જળની એ ત્રિવિધ સંયુક્તિને માણવાની હતી.

વખત મળતાં 'સાન્તા એલેના' પણ હું જોઈ આવી હતી. એની ને ફ્લૉરેસની વચ્ચેનો તળાવ પરનો રસ્તો હશે તો નવો જ બાંધેલો પણ સાવ તૂટી-ઊખડી ગયો હતો. કામ ઉતાવળિયું, કાચું ને કદાચ ત્રુટિપૂર્ણ સામગ્રીથી થયેલું હશે. કયાં નથી જાણતાં આપણે

એવી મનોવૃત્તિ? સ્થાનિક લોકો માટેનું જ એ લઘુ શહેર હતું. કેટલીક સાધારણ રેસ્ટૉરાં ને હોટેલો ત્યાં હતાં પણ હસ્તકળાની દુકાન એક પણ નહોતી. જાણે પ્રવાસીઓની ત્યાં અપેક્ષા જ નહોતી. જોકે ત્રણ બસ કંપનીઓનાં ધમાલિયાં, અવ્યવસ્થિત સ્ટેશનો ત્યાં હતાં ને એ બસો લઈ આગળ જનારાં પ્રવાસીઓ પણ કયારેક નીકળી આવતાં હતાં. મેં પણ એ બસોની જાંચ-તપાસ કરેલી — ફ્લૉરેસથી દેશના પાટનગર ગૉતેમાલા સિટી જવા માટે. પણ એ હિતાવહ નહોતું એમ બધાં પ્રવાસીઓ મને કહેતાં રહેલાં. રસ્તો ખૂબ જ ખરાબ, ચૌદથી અઢાર કલાકનો રસ્તો, પાંચસોથી વધુ કિ.મી.નું અંતર, ગીચ જંગલોમાંથી જવાનું, આપણી એસ.ટી. જેવી ખખડધજ બસો ને ઉપર લૂંટારાઓનો સંભવ. મને કશાનો ભય નહીં ને અગવડ ઝીલવાની તૈયારી પણ ખરી, પરંતુ મૂર્ખામીની હદ સુધી જવાનું પસંદ ના કરું. તેથી અંતે વિમાનમાર્ગે જવામાં જ હિત માનેલું. સમય બચાવવાની જરૂર પણ સફરની શરૂઆતથી જ લાગવા માંડેલી, તે વધારાનું કારણ!

'સાન્તા એલેના'માં ફરતાં ફરતાં ત્યાંની માર્કેટમાં જઈ ચડેલી. પહેલાં તો કપડાંના સ્ટૉલ હતા. લાક્ષણિક કપડાં નહીં પણ સાધારણ ને શહેરી. ત્યાં તો નજર નાખવાની પણ જરૂર નહોતી. પછી શાકભાજીની કેટલીયે હાટડીઓ આવી. કરિયાણાનો તો પાર નહીં — ધાન, ચોખા, લોટ, મસાલા વગેરે. અંદરની ગલીઓ સાવ અંધારી હતી. એમાંયે દુકાનો ખરી. કશું દેખાય નહીં પણ મેં એમાં ઝંપલાવ્યું. સદ્ભાગ્યે સાંજના સમયે માર્કેટ સાવ ખાલી હતી, તેથી ધક્કામુક્કી ના થયાં. નહીં તો એ અંધારી, સાવ સાંકડી ગલીઓમાં જ્યાં ને ત્યાં હું અથડાયા કરી હોત એની મને ખાતરી છે! ત્યાં ખરીદવા લાયક તો કશું હતું જ નહીં પણ મારે દૂધનાં પૅકેટ જોઈતાં હતાં. દરેક દુકાને પૂછયા કરેલું. કયાંક રેફ્રિજરેટર હોય ને હું ત્યાં દૂધ જોવા જાઉં પણ હોય નહીં. પૂછતાં પૂછતાં, શોધતાં શોધતાં છેવટે એક ખૂણામાંથી પૅકેટ મળ્યાં. ખૂબ મોંઘાં હતાં પણ લીધાં.

ભુલભુલામણી જેવી એ ગલીઓમાં થઈને કોઈ બીજી જ બાજુ નીકળી આવેલી. ઊંધી જ દિશામાં ચાલવા માંડેલી. એ તરફ ગામનાં ઘર હતાં. કશું ખાસ આકર્ષક નહોતું. સારું થયું કે સાઈકલ પર આવતા એક માણસને દિશા પૂછી! નહીં તો આડીઅવળી ફર્યા કરત કયાંયે સુધી!

'સાન્તા એલેના'ને એક છેડે એક રેસ્ટૉરાંમાં જોવા ગઈ કે ત્યાં શું મળતું હતું. હજી સ્થાનિક લોકોના જમવાનો સમય નહીં થયો હોય. કામ કરતી ત્રણ-ચાર સ્ત્રીઓ હસતી હસતી મારી આસપાસ ફરી વળી. મેં સમજાવ્યું કે હું શાકાહારી હતી. ત્યાં મળતી વાનગીઓથી હું પરિચિત હતી. મેક્સિકન ખાવાનાને ઘણી મળતી આવે ને એ તો

ન્યૂયૉર્કમાં વર્ષોથી ખાતી આવેલી. ભાત, લાલ ચોળા ભરેલો ‘બરિતો’ કહેવાતો રોટલો. હવે તો મેંદાનો પણ મળે છે; પણ એ પ્રદેશમાં મકાઈના લોટનો વપરાશ વધારે. એ સાથે ‘આવાકાડો’ ફળની ચટણી ને ‘હાલાપિન્યો’ તીખાં મરચાં. સ્વાદ પણ ખરો ને સત્ત્વ પણ ખરું. ‘તોર્તિયા’ કહેવાતી મકાઈના લોટની રોટલી રસોડામાં તાજી થઈ રહી હતી. ગરમ ગરમ એ પણ મળી. ન્યૂયૉર્કમાં તો મોટી મળે. ત્યાં તો સરસ નાની, જાણે પૂરી જ ના હોય એવી હતી. સ્વાદ કાંઈ જુદો જ હતો. બહુ સરસ હતો. બધું બહુ ભાવ્યું. એટલું જ નહીં, બીજા દિવસ માટે એક ‘બરિતો’ બંધાવી પણ દીધો.

એલાર્મ સવારે સાડા ત્રણ વાગ્યાનું મૂકયું હતું પણ જાગી તો એ પહેલાં જ ગયેલી. ફ્લૉરેસની મોટી, ખાલી, ચીની ‘જુમ કાશ’ હોટેલમાં વધારાનું ઓઢવાનું માગ્યું હતું. કયાંકથી શોધીને એક સુતરાઉ જાડી ચાદર જેવું લાવી આપ્યું હતું. બ્લૅન્કેટ લાગ્યો નહીં એમની પાસે. વહેલી સવારે ઠંડી થવા માંડેલી ને ઊંઘ ઊડી ગયેલી. તૈયાર થઈ રહું એટલામાં નીચે ગલીઓમાં વાહનો ખખડવા માંડેલા. બધી મિનિબસો પરોઢે ચાર વાગ્યે નીકળવાની હતી.

તિકાલનાં જંગલમાં એકલી હું ઘણું ચાલી. સાવ અંધારું હતું ને ઠંડી ઘણી હતી પણ એવી નિઃસ્તબ્ધતા હતી સર્વત્ર. ચાલવું ઘણું અઘરું હતું, કારણ કે ભૂમિ સપાટ નહોતી. ઢાળ ચડતાં શ્વાસ ભરાઈ આવતો હતો. એક કે બે વાર, અંધકારના ઓછાયામાંથી ખંડેરોની આકારરેખ મને દેખાઈ હતી. કે પછી એ મારી કલ્પના જ હતી? કોણ જાણે. પણ મને થયું કે કાચાપોચાનું એ કામ નહોતું — તદ્દન અંધકારમાં પ્રાચીન માયાસંસ્કૃતિથી ભરચક ગાઢ જંગલોમાં થઈને ચાલવું. ગજબનો અનુભવ હતો એ.

હું કયાં જઈ રહી હતી એની કાંઈ ખબર મને રહી નહીં. કેડીને વળગી રહેવા પ્રયત્ન તો કરતી જ હતી અને નકશા પરથી દિશાનો સાધારણ ખ્યાલ પણ મેળવેલો જ હતો, છતાં જંગલની જટિલતા અજેય હતી. ચંદ્રનાં કિરણ પણ કાંઈ હંમેશાં નહોતાં પહોંચતાં જમીન સુધી. છેવટે હું એક ટેકરા પાસે પહોંચી. એની ટોચ જોઈ શકાતી નહોતી. પાષાણશિલાઓ અને બહાર નીકળી આવેલાં જાડાં મૂળિયાની ઉપર લાકડાની સીડીઓ ખીલા મારીને મૂકેલી હતી. સાવ સીધું, જોખમી ચઢાણ હતું. એ સમયે સહેજસાજ ઉજાસ થવા લાગ્યો હતો — અચાનક જ; જાણે ચંદ્ર સાથે હરિફાઈ કરવા માગતો હોય. મારે ભારે ખભાથેલાને લીધે મારું ચડવું ધીમું હતું. સીડીઓ સિવાયનું ચઢાણ પણ હતું. ત્યારે પથ્થરો લપસણા બનતા હતા. મૂળિયાં તો બધે જ હતાં ને પગ મૂકવા માટે સારો આધાર હતાં. એ ટેકરો ચડી રહી પછી જોયું તો ત્યાંથી એક પ્રાચીન મહાકાય ઇમારત શરૂ થતી

હતી.

સર્વસામાન્ય રીતે સ્પૅનિશમાં એ ઇમારત “તૅમ્પ્લૉ કાત્રો” તરીકે ઓળખાય છે. એટલે કે અંગ્રેજીમાં એ “ટૅમ્પલ ફોર”ને આપણી ભાષામાં “મંદિર ચતુર્થ” થાય. તિકાલનાં મુખ્ય સ્થાપત્યોમાંનું એ એક છે. પાંસઠ મિટર ઊંચું હોઈ એ તિકાલનું સૌથી ઊંચું સ્થાપત્ય બન્યું છે ને તેથી જ એના પર ચડીને સૂર્યોદય જોવાની લાલચ પ્રવાસીઓને અપાય છે. ક્રમાંક ઉપરાંત એનું નામ પણ છે : “મસ્તિષ્કદ્વયથી યુક્ત સર્પનું મંદિર”. આવી સર્પાકૃતિ એના આગલા પથ્થરો પર કોતરવામાં આવેલી. એ પરથી આધુનિક પુરાતત્ત્વવિદોએ એની એવી ઓળખાણ નક્કી કરી. વળી, આપણે જાણીએ ને સમજીએ તે પ્રકારનું એ મંદિર નથી; ને કયારેય નહોતું. એમાં કોઈ મૂર્તિ ન રહેતી. એવાં કોઈ ‘મંદિર’ કયારેક પૂજાસમારંભ કે મનુષ્યભોગ માટે વપરાતાં હશે પણ એવાં અતિભીષણ વિશાળ વિરચનો બાંધવાનો માયારાજવીઓને ઘણો શોખ હતો. અગણ્ય માયા અવશેષ સંપૂટોની રચના પરથી એ સિદ્ધ થયું છે કે માયાવિશ્વ સ્વાયત્ત નગર-રાજ્યોનું બનેલું હતું. ધનિક કુટુંબો તથા શક્તિમાન રાજવી પોતપોતાની શકયતા અને ઇચ્છા પ્રમાણે નિવાસકેન્દ્રોની રચના કરતાં. આમ જોતાં એ સમાજ પણ ક્ષત્રિય, બ્રાહ્મણ, વૈશ્ય, શૂદ્ર વર્ગોનો બનેલો હતો, એમ પુરવાર થયું છે. મહાકાય સ્થાપત્યો બાંધીને રાજ્યકર્તા પોતાનો મોભો ને સત્તા પ્રદર્શિત કરતા. “તૅમ્પ્લો કાત્રો” યાશકિન કાન ચાક નામના સત્તાધારીએ ૭૪૦ના દસકા દરમ્યાન બંધાવેલો.

પૂર્વ તરફ પડતા એના આગલા ભાગમાં થોડાં લાંબાં પગથિયાં હતાં. પ્રવાસીઓ એના પર બેસવા માંડયાં હતાં. પણ પાછલી બાજુ પથ્થરની કાળમીંઢ દીવાલને અઢેલીને લોખંડની એક સીડી મૂકેલી હતી. એકદમ સાંકડી ને એકદમ સીધી. દીવાલને બરાબર ચોંટેલી. પગ મૂકતાં પણ ના ફાવે. ને લોખંડ એકદમ ઠંડું થઈને રહેલું. થોડા લોકો એના પર થઈને “તૅમ્પ્લો”ના ઉપરના ભાગ પર જતા હતા. બેએક પળ હું વિમાસણમાં રહી. ખભાથેલાને કારણે. એ લઈને તો ચડી શકાય તેમ હતું જ નહીં. પછી મને એક વિચાર આવ્યો. એને મેં ત્યાં જ એક પથ્થર પર, સીડીની પાસે મૂકી દીધો ને હું ઉપર ચડી ગઈ. સહેજ પણ કાટખૂણો નહીં, તદ્દન સીધી સીડી. નીચે જોવાનું જ નહીં! આજુબાજુ પણ નહીં!

ઉપર પહોંચ્યા પછી પૂર્વ તરફ જોવાનું હતું. વાદળોને વીંધીને સૂર્ય દશ્યમાન થયો. ઘેરું કેસરી એક સંપૂર્ણ વર્તુળ. ફેરો સફળ થયો. ચોતરફ, સર્વત્ર, જ્યાં નજર પડે ત્યાં, માયાજંગલની અતૂટ ગીચતા હતી. એ દશ્ય જ એ કઠિન ચઢાણ (ને પછી એ જ, એવું જ

કઠિન, જોખમી ઉતરાણ)નું મૂલ્ય ચૂકવી દેતું હતું. દૂર તરફ વનરાજિની ઊંચે ઊઠતાં બીજાં બે “મંદિર-શિખર” દેખાતાં હતાં. એક નવો દિવસ તિકાલ પર ઊગી ગયો હતો. “તૅમ્પ્લો કાત્રો”ની ટોચ પરથી આખું તિકાલ નિસ્પંદ અને નિઃસ્તબ્ધ જણાતું હતું.



## હોન્ડુરાસ

મધ્ય અમેરિકાનો પ્રદેશ જો એક પંખી હોય અને એમાંના સાત દેશો જો એનાં પીંછાનો કલાપ હોય, તો એક પછી એક પીંછાનાં રંગ-રૂપ હું પારખતી જતી હતી. કયાં કયાં જવું, કેટલો સમય કયાં ગાળવો, કેટલો સમય કયાં જવામાં જોઈશે વગેરે વિશે આશરે વિચાર કરેલા. પછી જેમ જેમ જગ્યાઓએ ફરતી ગઈ, સમય સાથે સરતી ગઈ, તેમ તેમ સ્પષ્ટ નિર્ણયો કરતી ગઈ. દિવસો તો બધે ઓછા જ પડે, એટલે જગ્યાનો મોહ ત્યજવાનું મનને સતત સમજાવ્યા કરવું પડે. કેટલી મુશ્કેલીઓ નડી, કેટલી તકલીફો પડી, તે બધું ભુલાતું જતું હતું; દરેક સવારે જાણે શાળામાં કાળી પાટી પરનું લખાણ ભૂંસાતું જતું હતું. નવા સ્થાન, નવા સાહસના રોમાંચને ઝીલવા, એના આનંદને પામવા હું તત્પર થઈ જતી હતી. વીતેલા વખતના સ્મરણો મનના પટારામાં અકબંધ ગોઠવાયેલાં રહેતાં હતાં.

સાન સાલ્વાદોરના બસ ડિપોમાંથી નીકળીને પેલા એકના એક હાઈ વે પર આવતાં નં. ૧૧૯ ને ઘણી વાર લાગી. એક તો સમારકામ ચાલતું હતું ને પાછો એક ક્ષણ પણ ના અટકતો ટ્રાફિક. બસમાં બહુ ભીડ ના થઈ. મોટા ભાગના લોકો ટૂંકા અંતર માટે ચડતા-ઊતરતા રહ્યા. હું હોન્ડુરાસ જવા નીકળી હતી. એ બસ મને સરહદ સુધી લઈ જવાની હતી. બેલિઝ, ગૉતેમાલા, એલ સાલ્વાદોર ને હવે ચોથા દેશ — હોન્ડુરાસનો વારો આવ્યો હતો.

સંદિગ્ધ હવાના ઉપરણાએ દૂરના પર્વતોને ઢાંકયા હતા અને નજીકનું ચિત્ર ભારતની યાદ આપતું હતું. અલબત્ત, આ દેશો ખૂબ નાના, એટલે બધું જ ઘણું નાનું અને પાસે હોય. ઘણાં ઝાડ ને ફૂલ ઓળખાય — કેળ, બદામ, પપૈયાં, આંબા, જાસુદ, જાકારાન્ડા, બોગનવેલ, કેળનાં ઝુંડ, નાળિયેરીનાં વૃંદ અને આંબાવાડિયાંમાંના ઘેઘૂર આંબા. બધે મંજરી મ્હોરેલી. પાંચેક રૂપિયા જેવામાં સાત-આઠ નાની કેરીઓ મળે. રસની હોય એવી

લાગે. કાચી અને પાકી કેરીઓ, તેમજ વિવિધ પ્રકારનાં કેળાંનો તો અહીં પાર નહોતો. પાઈનેપલ, પપૈયાં, તરબૂચ, ટામેટાં, કૂબી વગેરેનું પણ એવું જ દેખાતું હતું. દરિયાકિનારે લીલાં નારિયેળ જોયાં હતાં. અહીં પણ એનું પાણી પીવાનો રિવાજ હતો. જાડા અને રસદાર લાગ્યા હતા. કેટલું બધું એકસરખું હતું ને કેટલું બધું ભિન્ન પણ હતું.

સૂકા જેવા, ધૂળિયા, કથ્થાઈ પહાડો — એક વાર મનમાં થયું, "આસામ જેવું લાગે છે." પણ પછી થયું, "આ, એવું સુંદર નથી." એક વાર ગોઆ યાદ આવી ગયું. પછી થયું, "પણ કેસૂડો કયાં છે?" સામ્ય ઘણું લાગે — ગાડું, બળદ, કૂવામાંથી પાણી કાઢતી સ્ત્રી ને ગાયો તો એકદમ સરખી જ હતી. મનમાં થયા જ કરતું, "કેટલાં બધાં ભારતની જ ભૂમિનાં હોય તેવાં હતાં આ દશ્યો!"

રરસ્તાની બંને બાજુનાં ઝાડ પર ધૂળના થર લાગી ગયા હતા. બહુ બરડ હતા એ બધા પહાડ. માટી સહેજ ખોદાય ને સફેદ સફેદ દેખાવા માંડે. કદાચ ચૂનો ઘણા પ્રમાણમાં હતો એમાં. બેએક ઝરણા જેવી નદીઓ પસાર થયા પછી એક જરા મોટી નદી આવેલી. નાનકડી ખીણો પર નાનકડા પુલો હતા. દૂર એક તળાવ દેખાયેલું. ઘરની ગાડીમાં દોઢ કલાક થાય, એ મુસાફરી માટે બસમાં ત્રણ કલાક થયા. જ્યારે પર્વતો પાસે આવ્યા ને રસ્તો ઉપર ચડયો ત્યારે બસ ઘણી વધારે ધીમી પડી ગઈ. માંડ માંડ પાંચ કે દસ કિ.મી.ની ગતિએ જતી હશે એમ લાગે. રસ્તો કયાંક ખૂબ ખરાબ, કયાંક સમારકામ ચાલે. સરહદ નજીક આવતી હતી તે નક્કી હતું. કારણ કે ફોજી પોલીસ દેખાવા માંડયા હતા.

હું લા પાલ્મા નામના પહાડી ગામમાં રાત રોકાઈ જવાની હતી. બસ, એમ જ! ત્યાં એક જ હોટેલ હતી. એમાં જગ્યા મળે તો રહેવાય, નહીં તો સરહદ પર જતાં જ રહેવું પડે એમ હતું. લા પાલ્મા ગામના એક ઢાળ પર બસ ઊભી રહી. બીજું કોઈ બસ સ્ટૅન્ડ પણ ત્યાં નહોતું. મેં જરા પૂછપરછ કરી પણ બીજી કોઈ હોટેલ પણ ત્યાં નહોતી. એના પોતાના કમ્પાઉન્ડમાં જ હોટેલ લા પાલ્મા હતી. એના લાંબા આગલા વરંડામાં, હાથના બનાવેલા, ગેરુઆ રંગના ટાઈલ્સ જડેલા હતા. લાંબા ગળાવાળી મોટી કોઠીઓ અને મોટા ઘડા સુશોભન માટે વરંડામાં મૂકેલા હતા. સામે જૂનું એક વૃક્ષ હતું. સ્પષ્ટ રીતે જ, બહુ સુંદર અને સુરુચિપૂર્વક તૈયાર થયેલી એ હોટેલ હતી. ત્યાં પાંચ-છ રૂમ હોય એવું લાગ્યું. એના મૅનેજર કે માલિક પાછળ થઈ રહેલા બાંધકામમાં વ્યસ્ત હતા. પરિચારિકાએ મને રૂમ કાઢી આપ્યો. ભાવ થોડો ઓછો પણ કરી શકાયો. રૂમ સરસ હતો પણ બાથરૂમમાં ઠંડું જ પાણી આવે. ગરમ પાણી કાલે મળશે, એમ માની ધૂળ અને ગરમીથી બગડેલા

વાળ ધોવાનું ટાળ્યા કર્યું હતું. પણ વધારે મુલત્વી રખાય તેમ નહોતું. ઠંડા પાણીથી ઉતાવળે વાળ ધોઈને સૂકવવા માટે આછા આછા તડકામાં ફર્યા કર્યું!

ગામમાં ટ્રાફિક જેવું કશું હતું જ નહીં. દિવસે બે કે ત્રણ વાર બસ આવે તે જ. છતાં એના પાછલા શાંત રસ્તાઓ ઉપર આખો દિવસ ચાલતી રહી. લાકડા પર કરાતા મીના જેવા રંગોના કામ માટે લા પાલ્મા ગામ જાણીતું હતું, તેથી મારે ખાસ ત્યાં જવું હતું. વળી, એ નીકળ્યું પણ હોન્ડુરાસની સરહદને રસ્તે, એટલે ત્યાં રોકાઈ જવાનું જ રાખ્યું. એની સંપૂર્ણ શાંતિ તથા સ્વાભાવિક નિસ્પંદતા, ખૂબ હૃદ્ય લાગ્યાં. બે સારી, ચોખ્ખી રેસ્ટોરાં હતી. એમાંની એકમાં બેસી કૉફી પીધી. પેલા કાષ્ઠકામની ચીજો વેચતી, ચાર-પાંચ દુકાનો હતી. એમાં ફરી એકમાંથી ચારેક નાની ડબ્બીઓ ખરીદી. સામાન જ એવો નાનો હતો કે મોટી કોઈ વસ્તુ ખરીદાય જ નહીં. પણ જ્યાં વસ્તુ બનતી હોય ત્યાં જઈ એને બનતી જોવાનો, ખરીદવાનો મને બહુ રોમાંચ હતો ને તે સિદ્ધ થયો.

ગામની કેટલીક દીવાલો પર એ કાષ્ઠકામ પર જોવા મળતી લાક્ષણિક આકૃતિઓ ચીતરેલી હતી : એક ઘર, એક કૂકડો, એક ફૂલ કે ઝાડ, એકાદ બાળક — એવું બધું. ગામના એકના એક દેવળની સફેદ આગલી દીવાલ પર કાળી જાડી રેખાઓથી કરેલાં ચિત્ર હતાં. કબૂતર શાંતિનું પ્રતીક હતું. એની નીચે હારબદ્ધ ઘરો અને બીજી તરફ એક સ્ત્રી અને પુરુષ ચીતર્યાં હતાં. સાડા ચાર વાગ્યે એનાં દ્વાર ખૂલ્યાં ને માથાને સ્પૅનિશ પ્રથા પ્રમાણે ફીતના સુંદર કટકાથી ઢાંકીને ઘણી સ્ત્રીઓ આવવા માંડી.

થોડી વાર રાહ જોયા પછી ઓચેતેપેકે જતી બસ આવી. હોન્ડુરાસના એ ગામેથી મને દેશમાં આગળ જવા માટેની બસો મળવાની હતી. હાઈ વે પર ચડયા પછી એક જ મિનિટમાં પરિસર બદલાઈ ગયેલો. જાણે કોઈ અગમ્ય રીતે કુદરતને પોતાને જ ખબર પડી જતી કે હવે એ કોઈ બીજા દેશ સાથે સંયુક્ત હતી. બધું વધારે સુંદર દેખાતું હતું. દશ્યોમાં વધારે તાજપ હતી — કદાચ લીલોતરીને કારણે. અતિ દૂર રહેલાં ગિરિશૃંગો ઉન્નત હતાં — ૨૫૦૦ મિટર કે વધારે. પાસે રહેલી ગિરિમાળા આકાશને ભરી દેતી હતી. માર્ગ પાકો ચણેલો હોઈ ધૂળ પર દાબ રહેલો હતો. બંને બાજુનાં ઝાડ ધૂળથી સફેદ થયેલાં નહોતાં. પછી તો ધરતીનો રંગ પણ બદલાયેલો. ઢીલી ને સફેદ નહીં રહેતાં માટી સખત ને લાલ બની હતી. રસ્તે કોઈ ગામડાં આવ્યાં નહીં. જ્યારે પણ એકાદ વસાહત આવી ત્યારે એમાં ઇંટથી ચણેલાં, સુઘડ રંગેલાં નાનાં કમ્પાઉન્ડવાળાં ઘર હતાં.

મારી બસ ઓચેતેપેકેના ચાર રસ્તે હજી ઊભી રહે તે પહેલાં એક છોકરો દોડતો

આવ્યો,મારા સામાનનો કબજો ઉપરથી લઈ લીધો ને અદશ્ય થઈ ગયો. હું નીચે ઊતરી ત્યારે એ કયાંયે દેખાતો નહોતો. ત્યાં ઊભેલા બીજા પુરુષોએ એ જે તરફ ગયો હશે ત્યાં આંગળી ચીંધી. સાન્તા રોસા જતી બસ ઉપર એ સામાન ગોઠવી રહ્યો હતો. એ બધાને ખબર કે મારે ત્યાં જ જવું હતું?

બે કલાકનો રસ્તો હતો. સ્થાનિક લોકો થોડા અંતર માટે આવતા ને ઊતરતા ગયા. ખાવાનું વેચનારા પણ આવ્યા પરંતુ એલ સાલ્વાદોર જેટલા નહીં. મારે માટે તો દશ્યાવલિ પ્રસન્નકર હતી. ઘણી વધારે સુંદર. એ જ ભૂમિભાગ, એ જ પર્વતજૂથ ને છતાં ભિન્ન. એક દેશથી બીજો દેશ આમ તરત જુદો કઈ રીતે પડી જતો હશે?

પછી બસ ૧૫.. મિ. ઊંચા ઘાટ પર જવા માંડી. હવામાં એવી સરસ ઠંડક થઈ ગઈ. મધ્ય અમેરિકામાં ત્યાં સુધી ગાળેલાં ત્રણ અઠવાડિયામાં એ પહેલી જ વાર હાઈ વે તદ્દન સારી સ્થિતિમાં તથા એકદમ સરસ પાકો ચણેલો હતો. બસમાં સંગીત તો વાગતું જ હતું. આમ તો મોટેથી જ, પણ બહુ જ મોટેથી નહીં! કયારેક અમે ઊંચાં મેદાનો પર હતાં. એમાં શાકભાજી વાવેલાં રહેતાં. કયારેક અમે સળંગ ટેકરીઓમાંથી જતાં. એ બહુ સરસ લાગતું. રસ્તો એક ટેકરી પરથી બીજી ટેકરી પર જતો — ઊંચો ચઢતો, નીચે ઊતરતો, આસપાસ વળતો. દૂરથી એ મને કેટલીક ટેકરીઓ પર અમળાતો દેખાતો ને થોડી ક્ષણોમાં અમે જ ત્યાં સફર કરવા માંડતાં. પાછળ રહી ગયેલો રસ્તો કયારેય ના દેખાતો. જે છૂટી ગયું તેને નજરથી પણ શા માટે પકડી રાખવું? એવો કાંઈ પ્રકૃતિનો નિયમ હશે? વળી ભૂમિઅંશ બદલાયો અને ઘણા સમય માટે બસ શંકુદ્રુમના વનમાંથી પસાર થઈ. સર્વત્ર એ જ વૃક્ષો -- ચીડ, દેવદાર, સરુ. જેને “આલ્પાઈન સીનરી” — ઊંચા શીતપ્રદેશનો દશ્યપટ કહે છે તે. ખરેખર, કયારેક મને યુરોપનાં સ્થાનોની યાદ આવી જતી હતી — ઘરો જુદાં હતાં છતાં.

સાન્તા રોસા આવતાં ફરી એક વાર, આગળ જતી બસોમાં મારો સામાન કોઈએ દોડીને ચઢાવી દીધો. એ ‘કોપાન દ રુઈનાસ” — ખંડેરો પાસેનું કોપાન ગામ એ દિવસનું મારું અંતિમ ધ્યેય હતું. ડ્રાઈવરે કહ્યું કે બસ સીધી જ જવાની હતી ને બદલવી નહીં પડે. પણ એણે એમ ના કહ્યું કે લા એન્ત્રાદા આગળ એક કલાક બસ ઊભી રહેશે. બધા પૈસા આપી દીધા ના હોત તો રાહ જોયા વગર, બીજી બસ લઈને હું જતી રહી શકી હોત. મારગનો છેલ્લો હિસ્સો સતત ચઢ-ઉતરને લીધે બહુ ધીમો પસાર થયો.

આખો દિવસ મોટી હેટ પહેરેલા પુરુષોને હું જોતી રહેલી. એલ સાલ્વાદોરના

અમુક ભાગમાં અને હોન્ડુરાસમાં, કોઈ એક સમૂહના પુરુષો યુરોપી અશ્વપ્રદેશોની લાગે એવી નૅતરની હેટ પહેરતા જોયેલા. સદીઓથી અપનાવેલી એ સ્પૅનિશ પ્રથા હતી. બીજા કોઈ જાતિ-સમૂહના પુરુષો હાથમાં મોટી તલવાર રાખતા હતા. મોટે ભાગે એ ફૂમતાં બાંધેલી, ચામડાની લાંબી મ્યાનમાં રહેતી. કેટલાંક પર ખભે લટકાવવાની દોરી પણ રહેતી. પ્રતિષ્ઠાનું પ્રતીક હોય એમ મને લાગ્યું. જો કોઈ પુરુષ મ્યાન વગરની તલવાર લઈને બસમાં ચડતો, તો એ ખુલ્લા તીક્ષ્ણ હથિયારને આગળ, ડ્રાઈવર પાસે મૂકી દેતો. બસમાં કોઈને બીક લાગે કે વાગી ના જાય એ જ ઉદ્દેશ.

હોન્ડુરાસના પહેલા અડધા દિવસમાં મેં ત્રણ બસ લીધેલી. એમાં પણ કેટલો તફાવત! ચોખ્ખી, ચાલે સારી, કાળો ધુમાડો ઘણો ઓછો, હૉર્ન નહીં મારવાનાં વગેરે. છેલ્લે રસ્તાની એટલી નજીક લીલાં, ગાઢ છોડ ને ઝાડ ઊગેલાં કે જાણે રસ્તો કોઈ બાગમાં થઈને જતો ના હોય. એ પછી વળી બંને બાજુ મોટાં ખેતર આવી ગયાં. નવાં ઊગવા રોપેલાં શાકભાજીનો તાજો પોપટી રંગ એમાં લહેરાતો હતો. છેલ્લા થોડા કિ.મી. સમારકામમાં હતા, પણ ત્યાં સુધીમાં તો ખ્યાલ આવી ગયો હતો કે પહોંચવામાં વાર નથી. નવ કલાકથી ચાલી રહેલી મુસાફરી પૂરી થવામાં હતી.

કોપાઈ દ રુઈનાસ જાણે એક વિશાળ ખુલ્લી જગ્યામાં વસ્યું હતું. નજીકમાં ખાસ ટેકરીઓ નહોતી. બસ ગામમાં દાખલ થઈ કે એક છોકરો બસમાં ચડી ગયો. બસમાં મારા સિવાય કોઈ ત્યાં સુધીમાં રહ્યું જ નહોતું. મારી સામે જોઈને ઉતાવળે એ કોઈ હોટેલનું નામ ને રૂમના દર બોલી ગયો. પછી એની સાથે જઈને મેં રૂમ જોયો. એક ઘરના કમ્પાઉન્ડમાં ચાર-પાંચ રૂમ ઉપર-નીચે બાંધ્યા હતા. અગત્યના, ઐતિહાસિક ખંડેરો જોવા વિદેશીઓ ત્યાં ખૂબ આવે, એટલે ગામના ઘણાં રહેવાસીઓ રૂમો ભાડે આપવાના ધંધામાં પડી ગયેલાં જોયાં. બે-ત્રણ સારી હોટેલો પણ ત્યાં હતી જ, પણ મને તો એ નાનો, સાદો રૂમ ચાલે તેમ હતો.

નાનું જ ગામ હતું. બાવીસેક હજારનું. મને ગમી ગયું. નાના નગરચૉકની આસપાસ થોડી દુકાનો હતી, સાદું એક દેવળ હતું. રાત પડતાં અમુક ગલીઓ સાવ અંધારી થઈ ગઈ પણ ચૉકમાં સારો એવો પ્રકાશ હતો. ઠંડક પણ સરસ થઈ અને નહીં વાહનો કે નહીં એનો અવાજ. એ અનુભવ જ ઘણો આવકાર્ય હતો!



# એમેઝોન

અહો, અનુપમા સ્રોતસ્વતી, શબ્દાતીત શૈવલિની. વિસ્મયકારીન, નિમ્નગા. મહાતિમહાસિંધુ. અતિવિસ્તૃતા સરિત ઍમેઝૉન. ઍમેઝૉન.

સાડા છ હજાર માઈલ લાંબી આ મહાનદી દુનિયાનું પાંચમા ભાગનું પાણી વહન કરે છે. દક્ષિણ પેરુના માઉન્ટ હુવાગ્રામાંથી નાનકડા ઝરણા તરીકે એ નીકળે છે ને અપુરિમાક નામની નદીના દેહમાં પ્રવેશી, માઈલે માઈલે વધતી જતી, ત્રણ નામ બદલીને છેલ્લે ઍમેઝૉન નામ ધારણ કરે છે. ને ત્યાં સુધીમાં એનું સ્વરૂપ અપરાજિત, અજેય, ભયવાહી, જીવનદાયી બની ગયું હોય છે. હજારથી વધારે નદીઓના જળાર્પણથી એને પોતાનું અદ્વિતીયત્વ પ્રાપ્ત થયું છે. આવી મળતી આ નદીઓમાં કેટલીક નાની છે, અકિંચિત્કર છે; પણ કેટલીયે દોઢ હજાર માઈલ લાંબી પણ છે — પાંદડાં પરની નસો જેવી. ફેલાઈ પડેલી આ વારિવાહિનીઓના જે વિસ્તારને 'ઍમેઝૉનિયા' કહે છે તે નવ દેશોના ભાગમાં વહેંચાયેલો છે. કયાંક કયાંક એ ૧૧ કિલોમીટર પહોળી છે. જ્યાં એ ઍટલાન્ટિકને જઈને મળે છે ત્યાં એ ૩૦૦ માઈલ પહોળી છે, સ્વિત્ઝરલૅન્ડના પરિમાણનો એક 'મારાહો' નામનો દ્વીપ એની વચમાં બનેલો છે. બાકી, એ હજી એના પ્રવાહ બદલ્યા કરે છે — ટાપુઓને ડૂબાડતી, જંગલોને ગૂંગળાવતી, કિનારા પરની વસ્તીનો સંહાર કરતી.

દુનિયાની કોઈ નદીમાં હોય તેથી વધારે જાતની માછલીઓ ઍમેઝૉનમાં છે. મીઠા પાણીની નિર્દોષ ડૉલ્ફિનથી માંડીને, પાંચ મિનિટમાં હાડકાં સુધી પહોંચી જઈને જાન લઈ લેતી, દેખાવે નાનકડી, સ્વભાવે ક્રૂર ભયાનક પિરાન્હા. એના પરનાં વર્ષામૂલક વન વિશ્વમાં સૌથી મોટાં છે અને આ ગ્રહ પરનાં બધાં જંગલોનો ત્રીજો ભાગ છે. એની અંદરની વન્ય-પ્રાણી-પંખી-જિંદગીની તો શી વાત કરવી! કરોળિયા એવા મોટા થાય છે કે પંખીઓને ખાય છે, પતંગિયાંની પાંખો સાત ઇંચ પહોળી હોઈ શકે છે; દુનિયામાંનાં પંખીની અડધી જાત ઍમેઝૉનિયામાંથી મળે છે ને હજી ત્યાંની અડધી જ જાતોની નોંધણી થઈ છે.

પૃથ્વી પરનું સૌથી ગોપિત સ્થાન તે ઍમેઝૉનિયા. એનાં કેટલાયે જંગલો નકશા પર પણ નથી. કેટલાંયે ઝેરી અને જીવલેણ જંતુઓની કિંવદંતીઓ ત્યાંથી શરૂ થાય છે. એની ગાઢ ખૂણાઓમાં રહેતી કેટલીયે આદિજાતિઓ હજી પંખીઓ, વાંદરાંનો શિકાર કરે છે, ધનુષ્યબાણથી માછલી પકડે છે. ને હજી કેટલીયે જાતિઓ તો શોધાઈ પણ નથી કે આધુનિક માણસની આંખે દેખાઈ પણ નથી. એનાં વર્ષાવનો ખૂબ ગીચ, લીલાં ને ઘેઘૂર

લાગે છે પણ હજારો વર્ષોનાં વરસાદથી ધોવાઈને માટી નિઃસત્ત્વ બની ગઈ છે. વૃક્ષો પોતાનાં કોહવાતાં પાંદડાંમાંથી પુનર્જીવન મેળવતાં રહે છે.

લિઝી હેસેલ નામની એક યુરોપિયન પત્રકારિકાએ ૧૮૯૬માં ઍમૅઝૉન નદી પર ચાર હજાર માઈલોનો પ્રવાસ ખેડેલો. સાહસ તો એ કહેવાય. દૃઢસંકલ્પ તો એ થયો. આવું કશું તો આપણે કરવાનાં જ નહીં.

ઇકીતોસની એ પહેલી સવારે નીચે આવીને એ નદી જોઈ, ઍમૅઝૉન. શું ધારેલું એને વિષે? શું કલ્પના હતી? હતો રોમાંચ, એની ગુરુતા પ્રત્યે અહોભાવ. અહીં એનો પ્રવાહ માઈલથી પણ વધારે પહોળો છે. પાણી ડહોળું છે. એ કાંઈ કમનીય કે સુંદર નથી. એ વિસ્મયકર, આદરોત્પાદક, મંત્રમુગ્ધકર છે.

આ નદીની મારે સહેલ લેવી હતી. હું કિનારે ગઈ. લાકડાનાં સાંકડાં પગથિયાં મંચની જેમ બાંધેલાં હતાં, જે પાણી સુધી જતાં હતાં. બે અમેરિકન દંપતી પણ આ જ હોડીમાં આવવાનાં હતાં. લગભગ તરત જ એમણે મારી સાથે વાત કરી. એ ચારે ‘જેહોવના સાક્ષી’ કહેવાતા ધર્મપંથી હતાં. લાંબા સમય સુધી પિતા અને બાળકો, ભગવાનના રાજ્ય, પ્રભુની સરકારની વાતો કર્યા કરી; એને લગતી એક પુસ્તિકા પણ મને આપી. માથું હલાવીને નમ્ર ભાવે સાંભળ્યા કર્યા સિવાય મારી પાસે બીજો ઉપાય નહોતો.

અમે ઍમૅઝૉનના પ્રવાહની વચમાં હતાં. પ્રવાહ લાંબા એક ટાપુને લીધે વહેંચાઈ જતો હતો ને છતાં કેટલો પહોળો હતો! લ્યુસિએ મને કહ્યા કરેલું કે આ વરસાદનો સમય હતો તેથી મને કદાચ નડશે અને વરસાદ હશે તો વિમાન ઊતરશે પણ નહીં. મનમાં આવું થયાનો ભય હતો ને તે અસ્થાને થયો. વાદળ ઘેરાતાં રહ્યાં પણ વરસ્યાં નહીં. વચ્ચે વચ્ચે સરસ સૂર્ય નીકળતો રહ્યો.

વર્ષાઋતુ હોવાથી નદીમાં પાણી ખૂબ ચડેલું હતું. ઉનાળામાં પાણી ઉતરી જાય છે, ત્યારે કિનારે રેતી હોય છે. દરિયાકિનારાની જેમ જ આ નદીકિનારે પણ લોકો ફરવા, સૂર્યને માણવા, નહાવા આવે છે. છ-સાત મીટર પાણી ભરવરસાદે ચડી જતું હોય છે. એ જોવા મળ્યું તે વધારે સારું થયું. ભર્યા દરિયાની જેમ વહેતી એને જોવા તો આવી હતી.

એના અસંખ્ય ફાંટાઓ પર હોડી અત્યારે જઈ શકતી હતી, અત્યારે એમાં ત્રણ મીટર પાણી હતું. ઉનાળામાં તો સાવ સુકાઈ જાય ને છોડ-વૃક્ષો પાણીમાં ગળાડૂબ હતાં. ગીચ ઉગેલી વેલીઓની વચમાંથી નાવ નિઃશબ્દ સરકી રહી. લાકડામાં ખાડો પાડીને બનાવેલાં નાનાં હોડકાં (Canoe) તો જળમાર્ગ ના દેખાય ત્યાંથી પણ જાય. નરી આંખે વનસ્પતિ ને જમીન લાગે ને ત્યાં તો આવું એકાદ હોડકું આવતું નજરે પડે.

બીજી એક નાનકડી હોડીમાં અમે જંગલની અંદર અંદર સુધી ગયાં. ઝાડનાં થડ અને ડાળીઓ પર ઊધઈ કે કીડીઓનાં મોટાં દર આવતાં હતાં. પાણી ગાઢ અને કથ્થઈ હતું, વનસ્પતિ ગાઢ અને લીલી. કયારેક પંખી ટહૂકી ઊઠતાં — પહેલાં ના સાંભળ્યો હોય તેવો ઘૂંટાતો સાદ. ઘાસ અને વૃક્ષ ખૂબ ઊંચા હતાં અને મજબૂત. આ શક્તિમાન સરિત સાથે બચી રહેવું હોય તો એવાં થવું જ પડે ને! કેટલાંક ઝાડનાં થડ ઊંચાં, સુંવાળાં, સફેદ હતાં ને છેક ટોચ પર હતાં ડાલી-પાંદડાં. સાવ ગંદું, કાદવિયું લાગતું પાણી ને એમાં કયાંક છોકરાં આનંદથી નહાતાં દેખાતાં.

અમે યાહ્વા (Yagua) આદિજાતિના ઇન્ડિયન લોકોની વસાહત જોવા જતાં હતાં. છેક કિનારે હોડી જઈ ના શકી. અમારે બૂટ-ચંપલ કાઢી લપસણા, ચીકણા, કાળા કાદવમાં ચાલીને એમના સુધી જવું પડયું. દરેક સ્ત્રી અને પુરુષે શણના રેસાઓમાંથી બનાવેલાં ‘આભૂષણ’ હાથ અને પગ પર બાંધ્યાં હતાં અને એનાં જ સ્કર્ટ અને ગળામાં ઝાડુ જેવા ‘હાર’ પહેર્યા હતા. દરેકનું શરીર પાતળું અને પેટ ફૂલેલું હતું. ખોરાકની સત્ત્વહીનતાને લીધે આમ હશે. સ્ત્રીઓ લાગતી હતી નાની પણ ચહેરા ઉપર બહુ જ અકાળ ઉંમર દેખાતી હતી. પુરુષોનાં મોઢાં પર વધારે નૂર હતું. થોડાં બાળકો આસપાસ ફરતાં હતાં. એ લોકો સ્પૅનિશ નહીં પણ કોઈ બીજી જ બોલી બોલતાં હતાં. એક પુરુષ એમનો મુખી હતો. એણે માથા પર પણ શણમાંથી બનાવેલું ‘શિરસ્ત્રાણ’ પહેર્યું હતું.

દરેકના મોઢા પર લાલ મોટાં મરચાંમાંથી બનાવેલો લેપ લગાડેલો હતો. સ્વાગત કરવા માટે એમણે અમારા ગાલ, નાક અને હડપચી પર પણ આ લેપ લગાડયો. અમે તો લાલ મોઢાંવાળાં લાગતાં હોઈશું!

મને ડર હતો એવી ગરમી ન હતી. નદીના પ્રવાહમાં ખંજન હતાં, વેગ હતો. સાંજે સૂર્ય કાળાં વાદળ પાછળ ગયો, ચંદ્ર ઊગતો હતો. અમારી મોટી નૌકા એન્જિન બગડી જતાં અધવચ્ચે અટકી ગઈ. તણાઈને, તૂટીને આવતા લઘુ ભૂમિખંડો સાથે અથડાઈને નૌકા ફસાઈ ગઈ. પવન થોડો વધ્યો ને ભય પણ. રેડિયો પણ નહોતો ચાલતો, તેથી

કલાક સુધી કાંઈ જ ન થયું. નદી અહીં બે-અઢી કિલોમીટર પહોળી અને પચાસ મીટર ઊંડી હતી. પછી એક હોડી થોડે દૂરથી જતી દેખાઈ, એને બૂમો પાડીને રોકી, સમજાવી-મનાવીને અમને કિનારે લઈ જવા તૈયાર કરી ને અંતે પાર ઊતર્યાં.



## બ્રાઝિલ

રિઓ દ જનેરો શહેર પોતાની વચ્ચે આવેલા પર્વતોને લીધે ઉત્તર અને દક્ષિણ ભાગોમાં કપાઈ ગયેલું છે. આ શહેરમાં પૂર્વ અને પશ્ચિમ દિશાની કોઈ વાત જ નથી કરતું. કારણ કે પૂર્વ તરફ દરિયો આવે અને પશ્ચિમ તરફ જતાં પહાડ. શહેર પંદર માઈલ લાંબી પટ્ટી પર આવેલું છે, કયાંક એની પહોળાઈ વધારેમાં વધારે દસ માઈલ છે તો કયાંક બે જ માઈલ. ઉત્તરના વિભાગમાં સિત્તેર ટકા વસ્તી રહે છે ને એ વધારે સારો, વધારે ફૅશનેબલ વિભાગ છે ને છતાં વક્રતા એવી છે કે દક્ષિણ તરફ જ વધારે ઝૂંપડપટ્ટી પણ છે.

બ્રાઝિલનાં વિરોધો અને વક્રતાઓ ભૌગોલિક, સામાજિક તેમ જ આર્થિક સ્તરો પરનાં છે. ફૅશનેબલ હોટેલો અને નિવાસોની નજીકમાં ઝૂંપડપટ્ટી; સફેદ, કાળા, કથ્થઈ, પીળાં લોકો; મધ્યમવર્ગ વધતો જતો હોવા છતાં અત્યંત શ્રીમંત અને અત્યાધિક દરિદ્ર પ્રજા. બ્રાઝિલમાં ઝૂંપડપટ્ટીને ‘ફાવેલા’ (ચ્ષ્Xફ્ષ્Xિ કહે છે. રિઓના ‘ફાવેલા’ દૂરથી પહાડોના ઢોળાવો પર દેખાય. લાકડાંનાં કૉટેજ જાણે આરામદાયક ગ્રીષ્મનિવાસો હોય તેવાં લાગે. પાસેથી દેખાય કહોવાઈ ગયેલું લાકડું, એક પર એક બાંધેલી ઝૂંપડીઓ, ગંદકી, વાસ, પાણીના એકાદ નળ પાસેની ભીડ, નાગાં રખડતાં છોકરાં, કામ વગરનાં સ્ત્રી-પુરુષો — નૈરાશ્ય અને નિર્ધનતાની આ બધી નિશાનીઓ.

૧૯૨૦થી ૧૯૪૦ બ્રાઝિલનાં બધાં શહેરોમાં ‘ફાવેલા’ની સંખ્યા ખૂબ વધી ગઈ. કામની આશાએ આવેલા અભણ, અશિક્ષિત લોકો જાય કયાં, રહે કયાં? રિઓના બે સૌથી મોટા ‘ફાવેલા’ માર્ગદર્શકો મુસાફરોને ચીંધી બતાવે છે. ‘વિદિગાલ’માં બે લાખ ને ‘રોસિન્યા’માં લગભગ ત્રણ લાખની ઊભરાતી, બણબણતી જનસંખ્યા હોવાનું મનાય છે. અહીં રહેનારાં નાનપણથી જ કઠોર, ક્રૂર, નિર્દય, નિર્લજ્જ, સમર્થ, અમાનુષી ગુંડા અને ગુનેગાર બની જાય છે.

ઘર વગરના પુરુષો જાહેર રસ્તા પર, આલીશાન મકાનોની નજીકની બેંચો પર સૂતેલા દેખાય છે. કાપોકબાના પરની રેસ્ટૉરાં પાસે ભિખારીઓ હોય છે. બ્રાઝિલના કોઈ પણ શહેરમાં રાત-દિવસ તમારે તમારી વસ્તુ-સંપત્તિઓની કાળજી રાખવાની હોય છે. આ કિશોર અપરાધીઓ સમૂહ હુમલામાં કુશળ હોય છે. અરે, એકલદોકલ પણ આવીને ખીસું કાતરી જાય કે ખભાથેલી, કૅમેરા, ઘરેણું ખેંચી જાય. હું કાફેમાં ખાવા બેસું ને એક હાથ અને એક આંખ કૅમેરાબૅગ પર રાખું. એમાં ફક્ત કૅમેરા જ નહીં પણ પાસપોર્ટ, પૈસા ટિકિટો બધું જ હોય. ફ્લૅટ પર મૂકીને આવવાની હિંમત પણ કેટલીક વાર કરેલી પણ તે પણ ખોટું જ. વિમાનમથકે જ પ્રવાસખાતુ ચેતવી દે કે કામનાં કાગળ ખૂબ સાચવવાં ને ખોવાય કે તરત પોલીસમાં ખબર કરવી.

એક બપોરે રિઓના ઇપાનેમા કિનારા પર હું ગઈ. દરિયા પરની રેતીનો પટ બહુ સાંકડો છે. આ કિનારો પણ બહુ જ લોકપ્રિય છે પણ કોપાકબાના જેવો સરસ નથી. ભીડ ખૂબ જ હતી. મેં તો પૂરાં કપડાં પહેરેલાં. બીજાં હજારો લોકો ખુલ્લા શરીરે — લગભગ નગ્નાવસ્થામાં — સૂર્યસિક્ત થઈ રહ્યાં હતાં તેથી હું રેતી પર ગઈ જ નહીં. બીજા કેટલાક લોકોની જેમ ફૂટપાથ પર ચાલતી રહી. એક બાફેલો મકાઈ ખરીદ્યો ને ઊભી ઊભી ખાતી રહી — કૈંક બેધ્યાનપણે સમુદ્ર તરફ જોતાં જોતાં. અચાનક એક 'મુલાટા' છોકરો, પોર્ટુગીઝ અને આફ્રિકન મિશ્રિત વ્યક્તિને 'મુલાટા' કહે છે — ઘેરાં ગુલાબી કપડાં પહેરેલાં, આંખો કઠોર, હાથમાં જોર — એ આવ્યો ને મારા ગળામાં પાચળી ચેન પર લટકતું પેન્ડન્ટ બળથી ને ઝડપથી ખેંચ્યું. ચમકીને મારાથી નાની ચીસ પડાઈ ગઈ. કદાચ કોઈએ કાંઈ જોયું નહી, કાંઈ સાંભળ્યું નહીં. લોકો તો અગણિત હતાં. એક પલકમાં બધું બની ગયું.

એક વાર સ્પેઇનથી આ પેન્ડન્ટ અને સરખી બુટ્ટીઓ ખરીદેલી. કિંમતે કાંઈ જ ન હતી પણ સોનાની લાગે ખરી કારણ કે તોલિડોની લાક્ષણિક સોનેરી કામ હતું ને એને માટે મને કશી ભાવનાવિવશતા પણ ન હતી, તેથી તે ચોરાયાનું દુઃખ થાય તેમ ન હતું. પણ બીજી મિનિટે જોયું તો ગળામાં ચેન તો રહી જ ગઈ હતી, પેલા મુર્ખ છોકરાના હાથમાં પેન્ડન્ટ જ આવ્યું કે જે એણે નિરાશ થઈને ફેંકી પણ દીધું હશે.

સ્હેજે અસ્વસ્થ થયા વગર હું એ જ અદ્ભુત ગતિએ આગળ ચાલવા માંડી. સરસ વૃક્ષોવાળી ફૂટપાથ હતી ત્યાં. સરસ અસલ વાતાવરણ હતું. સામેથી એ જ છોકરાને આવતો જોયો. એનાં કપડાંના રંગથી ઓળખ્યો. એને એમ કે ફરી એ મને જોશે જ નહીં. તેથી મને જોઈને, ઓળખીને એ ગભરાયો. મેં એની સામે જોઈ હાથ ઊંચો કર્યો

ને અંગૂઠો હલાવી ડિક્કો બનાવ્યો. ચાટ એ પડયો હતો. હવે હસવાનો વારો મારો હતો. એની બહાદુરી નિષ્ફળ ગઈ. થોડું કૈંક ગુમાવ્યું છતાં એક પ્રવાસીએ રિઓના, બ્રાઝિલના ગુનાખોરો પર નાનો અમસ્તો વિજય તો મેળવ્યો જ હતો!

રિઓ દ જનેરોમાં તેવીસ સાગરકિનારા છે. બધા જ જાહેર છે. બધા જ પ્રજાજનોને ક્યાંય પણ જવાની છૂટ. દૂર બંધાયેલી નવી આધુનિક હોટેલોમાંની કેટલીકના પોતાના નાના તટ છે, ત્યાં જનતા ના જઈ શકે. ઘણા તટ પર શિલાઓ અને પાષાણો છે, મોજાં તેમના પર વીર્ય સાથે અફળાય છે. ઊંચે ઊછળે છે ફીણસીકરો અને હવામાં ભળતો રહે છે ઘુઘવાટ. મોટા ભાગના તટ પર સુંવાળી રેણુ છે. ત્યાં પણ મોજાં તો વીર્યવાન જ હોય છે, પણ રિઓના સાગરતીર પર જનારામાંથી પાણીમાં જનારાં ખૂબ જ ઓછાં હોય છે, બધાં જાય છે સૂર્યને ઝીલવા, રેતીમાં સૂવા. સાગર છે, સૂર્ય છે, આવી ખુલ્લી જગ્યા છે, તો શું કામ આ જ પરિસરમાં સમય ના ગાળવો?

આવા સાગરકિનારા, આ વાતાવરણ, આ માહોલ ક્યાંયે નથી જોયા. સવારથી મોડી રાત સુધી આ બધાંનું સાન્નિધ્ય પ્રજા માણ્યા કરે. સૂર્ય કૂણો હોય ત્યારે સ્વાસ્થ્ય માટે ચાલનારાં, દોડનારાં શરૂ થઈ જાય. નવેક વાગ્યામાં ઉનાળાનો ભાસ્કર તેજે તપતો હોય ને રિઓનાં નાગરિક દુનિયામાંનાં કાર્યક્રમો, ફરજો, પ્રવૃત્તિઓ ભૂલી જાય. શનિ-રવિ તો અસંખ્ય લોકો હોય જ, પણ રોજેરોજ પણ ઘણી જ ભીડ. એમ થાય, કોઈ કામધંધો-નોકરી કરે છે કે નહીં! મોટે ભાગે યુવાન અંગોપાંગ અને મનોવૃત્તિવાળા જીવો ત્યાં દેખાય — ટહેલતા, ચાલતા, દોડતા, બેઠેલા, વાતો કરતા, ખાતા-પીતા, સાઈકલ ચલાવતા, કસરત કરતા, વૉલિબૉલ રમતા, પતંગ ઉડાડતા, દૂરના પાષાણ પર ઊભા રહીને માછલી પકડતા. રેતી પર બેસવા-સૂવાના ટુવાલ, આરામખુરશી ને સ્હેજ છાંયડા માટેની છત્રી ત્યાં ભાડે મળે. ખાવાપીવાનું પણ મળે. લીલાં નાળિયેરનું પાણી તો મેં પણ પીધું.

ફૂટપાથને અડીને રેતીમાં ઊગેલી થોડી નાળિયેરી હતી. એના આછા છાંયડામાં બેસવાનો હું પ્રયત્ન કરતી, નહીં તો દસ વાગ્યામાં જ માથું દુઃખવા આવે. બપોર પડે ને ભીડ ઘટે. સાંજે કુટુંબો, પ્રેમીઓ, છોકરીઓનાં વૃંદ, છોકરાઓની ટોળકી ફરવા નીકળે. ભૂરા આકાશમાં હલકા ગુલાબી રંગના લિસોટા પડે, પાણી રજતનીલ થઈ જાય.

સાગરતટ અને મકાનોની હારની વચ્ચે પહોળા પહોળા ત્રણ ચરણમાર્ગો છે અને બંને દિશામાં જતા એકમાર્ગી રસ્તા. આ ચરણમાર્ગો પર આખો દિવસ જાતજાતની ચીજવસ્તુઓ વેચાય. કપડાં, હૅટ, તરવાના પોશાક. સાંજ પડે એટલે જાણે હસ્તકળામેળો

ભરાય — ચિત્ર, શિલ્પ, ભરતકામ, ગૂંથણકામ, ચર્મ, ધાતુ, મહોરાં, પથ્થર. રસ્તા પરની તેજસ્વી બત્તીઓનું અજવાળું છેક દરિયા સુધી જાય, મોજાંના બધા આકારવિકાર દેખાય. આ બૃહત્ ચરણમાર્ગો પર સફેદ અને કપચીઓથી કરેલી આકર્ષક આકૃતિઓ છે — ભૌમિતિક, અસમપ્રમાણ, ફૂલવેલની, લહેરિયાની. સાગરનું સંગીત, આ મોહક ભાત, ચાલતાં ચાલતાં વિભ્રમિત થઈ જવાય.

સૂર્ય-સાગરપ્રેમીઓ સાવ ખાલી હાથે નીકળી આવે. જે વસ્તુ ખોવી ના હોય તેને સાગરતીરે લઈ જ ના જવી, એમ સૂત્ર છે. તેથી ટુવાલ પણ નહીં, ચંપલ પણ નહીં. જેમને ઘર બંધ કરવાનું હોય તે ચાવી સેફ્ટી પિનથી સૂર્ય-સાગરસ્નાનના પોશાક પર લગાડી દે. આ પોશાક તે વળી કેવો — નહીં જેવો જ. તન્વી, કમનીય લલનાઓના સુડોળ દેહ નિહાળવામાં અકલુષિત આનંદ હતો. એમની સહજ, સ્થાન સ્વાભાવિક અનાવૃત્તતામાં અશ્લીલતાને અવકાશ જ ન હતો. ને આજ રીતે, પૌરુષભર્યા, સૂર્યતપ્ત, સશક્ત, સ્વરૂપવાન નરદેહો, રસ્તા પર પણ આમ જ નીકળી પડયાં હોય. અત્યંત, સતત સૂર્ય શરીરને રોગગ્રસ્ત કરે છે એનું જ્ઞાન કે ભાન જ નથી આ લોકોને? સુખાનંદ વિષયક આ જીવન. અદ્ભુત આ જીવનરીતિ.



## ઇગ્વાસુ મહાપ્રપાત

નકશો તો ફૉઝ દો ઇગ્વાસુનો પણ મળી ગયો હતો. એ લઈને, હૉટેલમાં પૂછીને બાજુના રસ્તા પર બસને માટે ગઈ. બસસ્ટૅન્ડ પર એકબે વાર કોઈને પૂછ્યું, 'આ બસ? આ બસ?' એમાંનો એક યુવક મારી સાથે વાત કરવા લાગ્યો. એ ચિલેનો નાગરિક હતો, અહીં કામ કરતો હતો. અંગ્રેજી અને સ્પૅનિશની મદદથી વાત થતી રહી. અહીં એને ખાસ મિત્રો હતા નહીં. કહે, 'સંસ્કૃતિ અને પ્રથાઓ અહીં ખૂબ જુદાં છે. ચિલેમાં માન-આદર ને પ્રતિષ્ઠાની પ્રથા ચાલી આવે છે. બ્રાઝિલિયન આમાં કાંઈ સમજતાં જ નથી.'

દક્ષિણ અમેરિકાના આ સંલગ્ન પ્રતિવેશી દેશોમાં જરા હસવા જેવી, જરા નવાઈની વાત એ કે જેને મળો તે પાડોશી દેશની કૂથલી કરે. એક દેશનો નાગરિક બીજા દેશના નાગરિકને વખોડે. વારંવાર આવા અનુભવ મને થતા રહ્યા. જોકે હું ભારતીય છું એમ

જાણે એટલે બધાંની આંખો ચમકી જાય. દિવસમાં એક કે બે વાર તો પુછાય જ કે હું ક્યાંની છું. એમાં પણ હસવા જેવું જ થાય — જે દેશમાં હોઉં કે જેની સાથે વાત કરતી હોઉં તે પોતાના દેશની નહીં પણ પાડોશી દેશની મને નાગરિક ગણી બેસે. એમને એમ લાગે ખરું કે હું આસપાસની હોઈશ જરૂર — બ્રાઝિલિયાના? ચિલેના? આર્જેન્ટિના? કોલમ્બિઆના? ને પછી હું કહું, ના, ઇન્ડિયાના. (પુલ્લિંગમાં ચિલેનો, આર્જેન્ટિનો, ઇન્ડિયાનો વગેરે વપરાય છે.)

પેલો ચિલેનો યુવાન એદવાર્દો મારી સાથે આવ્યો. રવિવાર હતો તેથી એની પાસે સમય હતો ને એ હતો પણ એકલવાયો. મારે કંપનીની જરૂર ન હતી એ દિવસે, પણ લાગ્યું કે એને ગમશે! ધોધ જોઈને પાછાં આવતાં એણે કહ્યું કે હવે એ એકલો બેસીને કોકાકોલા પીશે. ત્યારે હું વિદાયનો હાથ મેળવીને છૂટી પડી. કેટલી ભીડ ભાંગત એની?

ગરમી, ધૂળ, લાલ માટીથી ચોખ્ખા થવાની પણ જરૂર હતી. નાહીને, હોટેલમાં જ શાકાહારી શોરબા અને ભાત ખાઈને રાતની ઠંડકમાં થોડું ચાલવા નીકળી ખરી. થોડો ફેર પડેલો, કાંઈ બહુ ઠંડક નહોતી થઈ. નજીકમાં જ એક મેળો ભરાયેલો. ત્યાં થોડું ચક્કર માર્યું. મૂછમાં હસતા યુવાનો આ એકલી છોકરીને ફરતી જોઈ રહ્યા હતા. જરા જ વારમાં હું પાછી હોટેલમાં પહોંચી ગઈ.

એ રવિવારે સાંજે તો ધોધ પાસે ખૂબ ભીડ હતી. ફરવાનું સારું સ્થળ, એટલે લોકો ને કુટુંબો નીકળી પડેલાં. બસ છેક સુધી જાય. જંગલ સાફ કરીને રસ્તો બનાવ્યો છે. દૂરથી જ ઘૂઘવાટ સંભળાય પણ એનું દર્શન શબ્દાતીત છે. ઇગ્વાસુ નદીનાં પાણી તે જાણે સિંદૂર ધોવાયું ના હોય! લાલ માટીનો રંગ પાણી સાથે આત્મસાત્ થઈ ગયો હતો. ત્રીસ જેટલી બીજી નદીઓ અને ઝરણાં દૂરથી ઇગ્વાસુના વહેણમાં ભળતાં આવે છે. ખૂબ પહોળો પટ, શાંત સૌમ્ય પાણી, ઘૂંટાયેલો કેસરિયો વર્ણ ને પછી બસો ફીટનો નિમ્નવેગ, ભીષણ ગર્જન, સંહારક શીઘ્રતા, ઘોર ગર્ત, દશ્યાવરોધક શીકર.

કાળમીંઢ શિલાઓ ઉપર પડતા, નાનાં-મોટાં જંગલમાંથી વહેતી વારિ-ધારાઓમાંથી અનેક રીતે ઊંડે ઝંપલાવતા આ જળપ્રપાત સમૂહનું પ્રથમ દર્શન મંત્રમુગ્ધ કરી દે છે. લાકડાનો એક મંચ નદીના ધોધ પછીના તરતના નીચે વાસમાં અડધા માઈલ સુધી જાય છે. જતાં જતાં ઊછળતા પાણીની ઉલ્લાસ-શીકરોથી સાવ ભીનાં થઈ જઈએ. તપતા સૂર્યની હાજરીમાં તો આ એવું સારું લાગે! મંચને છેડે પહોંચીએ ત્યારે ધોધની ઉપર હોઈએ, ધોધની નીચે હોઈએ, ત્રણ બાજુ પર પણ પાસે-દૂરના ધોધ હોય. કેટલા પાસે,

શું પ્રવાહ, શું સામર્થ્ય! કહેવાય છે કે દરેક સેકન્ડમાં ૬૨૦૦૦ કયુબિટ ફીટ જેટલું પાણી વહી જાય છે ને પૂરના મહિનાઓમાં મે થી જુલાઈ ૪૫૦૦૦૦ કયુબિક ફીટ જેટલું પાણી આ બધા — કુલ ૨૭૩ પ્રપાતોમાં થઈને નીચે પડે છે. મંચની સામે જ છે 'વાર્ગાન્તા દેલ દિઆબ્લો', એટલે કે 'રાક્ષસનું ગળું'. આ કોપાકુલ, ઉગ્ર, ઉન્મત્ત મુખ્ય પ્રપાત છે. એના ગાંડા ઉન્માદમાં આખા ભીંજાઈને પછી નાની પગથી અને કેડીઓ લઈને વળી મૃદુ મર્મર ધ્વનિથી, શાંત નિર્દોષ ભાવે વહેતી ઉપરવાસની નદી પાસે પહોંચી જવાય. અસાધારણ વીર્ય પછી રસિક ઋજુતા. જાણે નર-નારીશ્વરનું નૈસર્ગિક અવતરણ.

રવિવારની સાંજે બધું જ જોયું હતું. ભીડ છતાં નિરાંતે આ અલૌકિક ઘટન માણ્યું હતું. સોમવારે સવારે તો આખું સ્થાન લગભગ ખાલી જ હતું. થોડા જ પ્રવાસીઓ-લોકો હતા. બીજી વાર જવાથી સભાનતા પણ હતી. ફરી ફરી બધું જોયું. પથ્થરિયા કિનારા પર જઈ, કિંચિત્ ખંજનવાળા રાતુલ પાણીમાં હાથ ને પગ ધોયા. પાણીનો અને માટીનો રંગ બધે જ — શરીર, કપડાં, વાળ, મન પર ચડતો જતો હતો. ફરી દશ્યમિનાર પર ચડી, મંચ પર ખુલ્લા પગે ચાલીને, જળસિક્ત થઈને દુર્દાંત 'વૈતાલ-કંઠ' પ્રપાત પાસે પણ ગઈ. સતત છાંટણાંથી કાદવવાળી થયેલી કેડીઓ ને બીજી તરફ ગર્તની પેલી બાજુ પરના વિવિધ ધોધ. અપ્રતિમ દશ્ય, અપૂર્વ અનુભવ.

આ ગતિ, આ ગમન, આ વીર્ય, આ ઘોષ — ઇગ્વાસુ પ્રપાતગણનું અવલોકન એટલું નાટયાત્મક હતું કે મહાનદ ઍમૅઝૉન કરતાં વધારે કૌતુકમય, આવકારક લાગ્યું. એટલું જ નહીં, સમીપવર્તી વનરાજિ પણ જીવંત, પ્રફુલ્લિત, પરિસ્ફુટ લાગતી હતી. ઍમૅઝૉનનું ગહન ગાંભીર્ય હતું, અહીં પ્રકૃતિનાં વિભિન્ન રૂપો હતાં.

લીલોતરી હતી સરસ ને જંગલમાં પણ રોમાંચ હતો પણ જીવાત એવી ગરમીને લીધે ખુલ્લા રાખેલા હાથપગ પર ચટકયા જ કરે. આનો તો વિચાર જ કર્યો ન હતો, તેથી રવિવારની સાંજે બહુ હેરાન થઈ. ઍમૅઝૉનના મચ્છરો વિષે સાંભળ્યું હતું ને બચાવની તૈયારી રાખી હતી. અહીં હું પકડાઈ ગઈ. બીજી સવારે, અલબત્ત મચ્છર-જીવાતનું મારણ લઈને નીકળી હતી પણ આગલી સાંજે થયેલા ચટકા દિવસો સુધી લાલ થઈને રહ્યા.

પરાના નદી, ઇગ્વાસુ નદી અને ઇગ્વાસુ ધોધનો આ 'ત્રણ સીમાનો વિસ્તાર' કહેવાય છે — બ્રાઝિલ, આર્જેન્ટિના અને પારાગ્વાઈ (Paraguay). ત્રણે દેશની અંદર-બહાર અહીંથી બહુ જ સહેલાઈથી થઈ શકે. આ ધોધ બ્રાઝિલ અને આર્જેન્ટિનામાં વહેંચાયેલો છે. પરાના નદી પર થોડાં જ વર્ષ પહેલાં બાંધેલો બંધ બ્રાઝિલ અને પારાગ્વાઈને લાભ

આપે છે.

મારી પાસે સમય હતો તેથી પરાના નદીને પાર આવેલા પારાગ્વાઈ દેશમાં જવા મેં બસ લીધી. પરવાનો જોઈતો નથી, એમ મેં સાંભળેલું. બસમાં ઊભા રહેવાની પણ માંડ જગ્યા હતી. થોડી જ મિનિટોમાં સરહદ આવે, વાહનો સહેજ ધીમાં થાય પણ કોઈ મોટરને કસ્ટમ્સના અમલદારો રોકે નહીં. નદી પરનો પુલ વળોટયા પછી તરત આગલા લોકોના ધસારાનું કારણ દેખાય. ત્યાં જ આંતરરાષ્ટ્રીય બજાર છે. અંત વગરની દુકાનો, ફેરિયા, લારીવાળા. ભીડનો પાર નહીં. ખીચોખીચ છત્રીઓ, એના થોડા છાંયડામાં વસ્તુ લઈને ઊભેલા પુરુષો. મોટી, મૉર્ડન દુકાનોમાં સ્ત્રીઓ પણ વેચતી દેખાયેલી — જે જોઈએ તે મળે : વીજળીનાં સાધનો, કૅલ્કયુલેટર, ઘડિયાળ, રમકડાં, કપડાં, પ્રસાધનો. દુનિયાભરમાંની બધી જ વસ્તુઓ. ‘પારાગ્વાઈમાં બનાવેલું કાંઈ નથી, બધું બહારનું છે’ — આમ ભારપૂર્વક બધા કહે. જાણે એનું ગૌરવ. પારાગ્વાઈમાં થોડા જ ઉદ્યોગો છે — જેમકે હળવાં પીણાં, નાગરિકોના જ વપરાશ માટેનું કાપડ, પિપરમીટ. બાકી, આખા દેશમાં બધી વસ્તુઓ બ્રાઝિલ, આર્જેન્ટિના, તાઈવાન, હૉન્ગકૉન્ગથી આવે છે.

ફૉઝ દો ઇગ્વાસુ આ બે કારણે તો ટકી રહ્યું છે : ધોધ અને આ બજાર. સરહદ પરના આ ગંદા, ભીડવાળા ગામનું નામ પુએર્તો પ્રેસિદેન્તે સ્ત્રોસ્નર. લગભગ બત્રીસ વર્ષથી જનરલ સ્ત્રોસ્નર પારાગ્વાઈના પ્રમુખ છે. ત્યાં ‘મીનાબજાર’ નામની દુકાનમાં હું જઈ ચડી. એના માલિક બે આગાખાની ભાઈઓ હતા — સલીમ અને વજિબ. છ-સાત વર્ષથી ત્યાં છે, ત્રણ-ચાર દુકાનો છે; કુટુંબીઓ હૉન્ગકૉન્ગ અને લંડનમાં દુકાન ચલાવે છે. અઠવાડિયામાં સાડા છ દિવસ કામ કરે છે. આ બજાર તો રાતે બાર વાગ્યા સુધી ખુલ્લું રહે. ‘કામ કરીએ છીએ ને સૂઈ જઈએ છીએ.’ એમ એમણે કહ્યું. ૮-૧૦ ભારતીય ત્યાં રહે છે ખરા. આ બે ભાઈઓ હજી પરણ્યા ન હતા. ગુજરાતી છોકરીને આમ એકલી પ્રવાસ કરતી તો એ કલ્પી પણ નહોતા શકતા.

સદ્‌ભાગ્યે એમની મોટર બ્રાઝિલની સરહદે જતી હતી. હું એમાં પાછી ફરી ગઈ. તે સારું થયું, કારણ કે પાછી જતી બધી બસો અને કેટલીક ગાડીઓને કસ્ટમ્સ માટે રોકવામાં આવતી હતી. બસોમાંથી બધાંને ઉતારી, એમની ખરીદી તપાસી, કદાચ દંડ કરી, પછી બસો પાછી ઊપડતી હતી. વગર કારણે, ગરમીમાં હેરાન થાત ને ઘણો સમય બગડત.

અજાણ્યો દેશ, સાવ નાનકડું ગામ. ત્યાંના પાટનગર આસન્સિઓનથી પણ ૩૫૦

કિ.મી. દૂર ને ત્યાં આમ ગુજરાતીઓ સાથે અચાનક મુલાકાત!



## પેરુ દેશ

પ્રભાત થતાંની સાથે જ સ્વચ્છ, સુંદર નવા એક દિવસનો અણસાર મળી ગયો. ખાસ ઠંડી ન હતી પણ કદાચ લાગે એમ માની મેં બે શર્ટ, સ્વેટર અને પગમાં બે જોડી મોજાં પહેરી લીધાં. પ્રવાસ-પુસ્તકે તો બ્લૅન્કેટ સાથે રાખવાની ભલામણ કરી હતી. તો તો હાસ્યાસ્પદ જ લાગત. પ્રવાસીઓ માટેની ટ્રેન સરસ, આધુનિક અને આરામપ્રદ બેઠકોવાળી હતી. નાગરિકો માટેની ટ્રેન તો ખટારો જોઈ લો. એમાં જવું સસ્તું પડે પણ એમાં પ્રવાસીઓને હેરાન કરવાના અને ચોરી થવાના કિસ્સા ખૂબ બનતા રહે છે.

સવારે સાત વાગ્યે આ નાની ટ્રેન કઝૂકોથી ઊપડી. આન્દેસ પર્વતના એક ઢોળાવ પર બરાબર સર્પાકારે, પણ વળાંક વળ્યા વગર, ટ્રેન ચાલે છે. છેક ઉપર ચડી જઈએ પછી આ વિશિષ્ટ રીતની ગતિનો ખ્યાલ આવે છે. પહાડ પર વળવા જેટલી જગ્યા નહીં હોવાથી આખી ટ્રેન એક દિશામાં જાય, પછી જરાક ઉપર આવી ઊંધી દિશા લાગે તેવી રીતે ચાલે. આમ કરતાં આખો પહાડ ચડી જાય; લાલ છાપરાંવાળું ગામ નીચે ને પછી પાછળ રહી જાય ને ટ્રેન પહાડી ઉચ્ચ પ્રદેશમાં આગળ વધે. દૃશ્ય મનહર અને સહજોદાર દેખાય. થોડાં ઘેટાં અને ગાયો ચરતાં હોય. અહીં ખાસ કશું ઊગેલું નજરે ના પડે. પર્વત-કૃષિઓ બટાકા અને કઠોળની શિંગોનું વાવેતર કરી ગુજરાન ચલાવે.

ધીરે ધીરે દૃષ્ટિગત સ્થલીનું રૂપ બદલાય. અદ્રિપંક્તિ ઉચ્ચતર બને, દૃશ્યાવલિ રુક્ષ બને, કાળકર્કશ શિલાઓ અને પાષાણો ચોતરફથી ઘેરી લે. આ વિલ્કાબામ્બા ગિરિ ગહ્વરોમાં જ તો ઇન્કા પ્રજા છુપાઈ રહેલી. આકરા, અભેદ્ય આ ભૂભાગમાં હજી આ આદિજાતિ શ્રમ અને શ્રદ્ધાપૂર્વક જીવી રહી છે. જોકે સ્પેનિશ યોદ્ધાઓએ અત્યંત વિકસિત એક પુરાતન સંસ્કૃતિનો સદંતર નાશ કરી નાખ્યો. હવે ઇન્કા વારસામાં સ્પેનિશ તત્ત્વો ભળી ગયાં છે. ઇન્ડિયન અને સ્પેનિશ લોહીના મિશ્રણવાળા લોકોને ‘મેસ્તિઝો’ કહે છે.

ટ્રેનના રસ્તામાં પછી ઉરુબામ્બા નદી આવી મળે — અધીરી, ચંચળ, ધવલ, મંજુલ;

પરંતુ એણે બનાવેલાં કોતરો અને કરાડો તીક્ષ્ણ, મહોચ્ચ, ભયાનક અને દુર્ગમ્ય હતાં. કેટલાંક પાષાણ શિખર પર બરફ છવાયેલો હતો. હવે પર્વતો પર ગાઢ જંગલ હતું. ઇતિહાસના કોઈ ગોપન રહસ્ય તરફ આ ગતિ હતી. કઝૂકોની ૧૨૦ કિ.મી. જતાં ત્રણ-સાડાત્રણ કલાક થયા. વચમાં ત્રણ-ચાર નાનાં સ્ટેશન આવ્યાં ત્યારે હાસ્યવિહીન ઇન્ડિયનો મકાઈ, કેળાં જેવું ખાવાનું કે હસ્તકળાની નાની વસ્તુઓ વેચવાનો પ્રયત્ન કરી રહ્યાં. પ્રવાસી ટ્રેનમાં અમેરિકન અને યુરોપિયન સહેલાણીઓનો કલબલાટ હતો.

વરસાદનું નામનિશાન ન હતું. કેવું સદ્‌ભાગ્ય! મેં વધારાના વાઘા ઉતારી નાખેલા. છેલ્લા સ્ટેશને ટ્રેન ખાલી થઈ ગઈ અને બધાં ત્યાં ઊભેલી બસો તરફ દોડયાં. ચાર-છ પૈડાંના વાહનો માટે રસ્તા કાચા, ઊબડખાબડ, પથ્થરિયા હતા. બસના ચાલકો ગાંડા માણસો હતા? મરણિયા હતા? તીરવેગને કારણે બસો ઊછળતી રહી. સતત આવતા ‘ળ’ આકારના વળાંકો પર બસ પડું પડું થતી રહી. વીસ-પચીસ મિનિટ પછી આ ‘હિંસક હુમલા’નો અંત આવ્યો. ત્યાં પ્રવાસીઓ માટેની એક નાની હોટેલ છે. મોટી પરસાળમાં પ્રવાસીઓનાં ટોળાં માટે ભોજનની વ્યવસ્થા થાય છે. એક કેડી આ બધાંથી દૂર જતી દેખાય છે. બસ, ત્રણેક જ ક્ષણનું ચઢાણ, એક નાના દરવાજામાં પ્રવેશ અને સંમુખ થાય છે, ઇન્કાનું વિસ્મૃત, લુપ્ત, ત્યક્ત, ગુપ્ત પુરમ.

આ અદ્‌ભુત, ચિત્તનિષ્ઠ, પૂર્વોપસ્થિતિ તે માચુ પિછુ (Machu Picchu). દક્ષિણ અમેરિકા આખું જે એક નામ સૌથી વધારે સંકળાયેલું છે તે દુર્જ્ઞેય, દુર્બોધ સ્થાન. ઇન્કા રાજાઓ એને છોડીને આથી પણ વધારે કઠિન પર્વતીય આવેષ્ટનોમાં ભાગી ગયા હતા, જરૂર પણ એ સ્થાનથી એ પ્રદેશની ઇન્કા પ્રજા અજ્ઞાત ન હતી. ફક્ત પાશ્ચાત્ય જગતની સૌથી પ્રથમ વ્યક્તિની આંખે એ છેક ૧૯૦૮માં ચડયું અને ત્યારથી ‘ઇન્કાનું વિસ્મૃત, લુપ્ત નગર’ તરીકે વિખ્યાત બન્યું. હાઈરામ બિન્ગહામ (Hiram Bingham) નામના એક અમેરિકન વિદ્વાન અને ઉત્ખનન નિષ્ણાત ત્યાં આવી ચડયા ત્યારે વેલા-વનસ્પતિ સદીઓનાં ધૂળ-ઢેફાં નીચે આ નગર ઢંકાયેલું, દટાયેલું હતું. ત્રણ વર્ષના ઉત્ખનન પછી એની આખી રચના દૃષ્ટિગોચર થઈ અને ત્યારથી ઇન્કા લોકોનાં વિદગ્ધતા, મેધા, પ્રજ્ઞા, નૈપુણ્ય અને સ્થાપત્ય વિશ્વ પ્રશંસા પામ્યા છે.

કયાંથી, કઈ રીતે આટલા ઊંચાણ પર આટલા પથ્થરો લાવ્યા હશે? શું સાધનો વાપર્યાં હશે? કેટલું સંગઠન લાગ્યું હશે, કેટલો શ્રમ ઉઠાવ્યો હશે, શું આયોજન, શું નિષ્પત્તિ. વચ્ચેના ભાગમાં, ઢોળાવ પર નીચે જતાં ખેતી માટેનાં સોપાનક્ષેત્રો છે. એની ઉપર અને બાજુની તરફ કારાવાસ, મંદિરો, બલિદાન ગુફા, બૌદ્ધિક નિવાસો, ગરીબો

માટેના નિવાસો, મહેલો વગેરે વિભાગો છે. વિશાળ એક નગરચૌક પણ ખરો. નાનાં, સાંકડાં પગથિયાં જુદા જુદા વિભાગો તરફ લઈ જાય. ફક્ત દીવાલો જ રહી છે, છત ક્યાંય નહીં.આખા નગરમાં પાણી પહોંચાડવાની વ્યવસ્થા પર તો અભ્યાસીઓ ન્યાલ થઈ જાય છે. કયો એ જમાનો અને શું એ ઇન્કાની બુદ્ધિસંપદા! એ લોકો પૃથ્વીને અને સૂર્યને પૂજતાં. વર્ષમાં બેવાર સૂર્યાસન વખતે સૂર્યબિંબને નાથી રાખવાની પૂજા થતી. હજી માચુ પિછુ તેમ જ નજીકના અવશેષોમાંથી મૃતદેહો, હાડકાં, ધાર્મિક વસ્તુઓ વગેરે મળતું જાય છે. એક જમાનામાં વિલ્કાબામ્બા તરીકે ઓળખાતા આ સ્થાનનાં બધાં રહસ્ય હજી અનાવરિત નથી થયાં.

હું એકલી જ ગયેલી. પ્રવાસીઓના કોઈ ટોળામાં જોડાઈ નહીં. આકર્ષક વીગતો નાખીને ચટપટ બનાવેલી માગદર્શકોની કોઈ વાતો સાંભળવા પાછળ પાછળ ફરી નહીં. એકલી જ ફરતી રહી — પથ્થરની સીડીઓ પર ઉપર, નીચે; દીવાલો પર ચડતી; પાષાણોને સ્પર્શતી; કાળક્રમે અનાકાર બનેલાં બાંધકામોને જોયા કરતી. સૂર્ય ઉગ્ર હતો પણ પવન શીતળ હતો. છાંયડામાં વારંવાર બેઠી, જુદા જુદા વિભાગોમાં પુનઃ પુનઃ ફરી. આખું દશ્ય અવર્ણનીય છે. ચોદિક ઊંચાં પર્વતાંગો. બધાં જ ગાઢ, ઘન હરિત ને છતાં ભર્ત્સનકર્તા. ભીષણ ગિરિદુર્ગો બહારની દુનિયાનો વિચારમાત્ર જાણે પ્રતિરુદ્ધ. સામેનો ‘પ્રાચીનગિરિ’ તે માચુ પિછુ, પેલો તીક્ષ્ણાગ્ર ‘યુવગિરિ’ તે હ્વાયના પિછુ. અહીં તો એ જ સમ્રાટ અને એમનો જ રાજ્યાધિકાર. છેક નીચે ક્યાંને ક્યાં ઉરુબામ્બા નદીની રૂપેરી લિપિ કિંચિત ઉકેલાઈ જાય. અંખંડ, વર્તુળ દશ્યાવલિ. કેન્દ્રમાં માચુ પિછુ પુરમ્. નયન સમક્ષ, હસ્તગત તો હતું ને છતાં આપણા અસ્તિત્વથી કેટલું અનિકટ. શું વિચક્ષણ રચના, શું કલ્પનસભર પ્રયુક્તિ! આપણી અલ્પવયી ગ્રહણશક્તિથી માચુ પિછુનું માહાત્મ્ય કેટલું સમજાય? ને વર્ણવાય તો શું?

પ્રવાસીઓ જુદી જુદી જગ્યાઓએથી પોતાના ફોટા મિત્રો દ્વારા પડાવતા હતા. માચુ પિછુ નગર પ્રાચીન છે, શાશ્વત છે. એને પાશ્વાદ્ભૂમાં રાખીને ફોટા પડાવવાની ક્રિયા મને અર્થશૂન્ય અને કૈંક બાલિશ લાગી. ચૂપચાપ એની અસાધારણ ઉપસ્થિતિની અનુભૂતિ મર્મને આર્દ્ર કરતી રહી.



# ખંડ ૫ — આફ્રિકા

## મોરોક્કો

દક્ષિણ આકાશમાં એકચક્રી રાજ્ય કરી રહેલા તપ્ત, તેજરવી પૂર્ણસૂર્યની સ્પંદિત, અસ્પષ્ટ હવામાં જિબ્રાલ્ટરના મહાપાષાણનો નિર્વિકાર, નિરાસક્ત આકાર દેખાતો હતો. દુનિયાની અજાયબીઓમાંનો એક. આ વર્ષે એને જોતો તો હતો જ. કદાચ દૂરથી જ. પાસે જવાનો સમય આ વર્ષે કદાચ નહીં કાઢી શકું. મોટી, સફેદ નૌકા આફ્રિકાના જે કિનારા તરફ જઈ રહી હતી તેનાથી એ ઘણો દૂર હતો.

ઉત્તર આફ્રિકાના કિનારા પર પહાડો દેખાતા હતા — ગાઢ, નિર્ભેદ્ય, જાણે ભૂમધ્ય સમુદ્રના પરિરક્ષકો. ધીરે ધીરે નૌકા તાન્જિએરના અખાતમાં પ્રવેશી. બંને બાજુ પર ધરાએ ગોળાકાર વળીને અહીં અકૃત્રિમ બંદર બનાવ્યું હતું. સ્પેનના અલ્જેસિરાસ બંદરથી ઉત્તર આફ્રિકાના મોરોક્કો દેશના આ તાન્જિએર બંદર સુધી આવતાં નૌકાએ ફક્ત અઢી કલાક લીધા.

એકલાં મોરોક્કો જવા અંગે મનમાં થોડી અનિશ્ચિતતા કયારેક થઈ હતી, પણ જવાનું મન અદમ્ય. તેથી ગયા વગર કાંઈ રહેવાય? એ જમીન પર ઊતરતાં પણ પહેલાં આ અનિશ્ચિતતામાં વધારો થયો. નૌકામાં ઘણા મોરોક્કન પુરુષો હતા. મને એકલી જોઈને એમને નવાઈ તો લાગી જ હતી પણ જ્યારે જાણ્યું કે હું એ રાત તાન્જિએરમાં રોકાવાની છું ત્યારે એ પુરુષો પણ દિગ્મૂઢ થઈ ગયા. કહેવા માંડયા, “અરે એ હિતાવહ નથી. એમાં જોખમ છે. એવું ના કરો.” મને થોડી ચિંતા ના થઈ એમ કેમ કહેવાય? પણ મેં રહેવાનું નક્કી કર્યું હતું ને સવારે નીકળી હું આગળ જવાની હતી. એ લોકો કહે, તાન્જિએરમાં જ ભય છે, મુશ્કેલી છે. ત્યાંથી ટ્રેન કે બસ લઈને રાતે દસ વાગ્યે રબાત પહોંચી જવું વધારે સારું છે. એટલી રાતે કયાંક પહોંચીને હોટેલ શોધવા જવાનું મને વધારે સહેલું કે સારું લાગ્યું નહીં. આમાંનો એક વૃદ્ધ પુરુષ તાન્જિએરમાં જ રહેવાનો હતો. એણે મને કહ્યું કે એ મને મદદ કરશે ને હોટેલ શોધી આપશે.

બંદર એટલે ચોરોનું ગામ અને ખલાસીઓ એટલે રંગીલા જીવો. વિશ્વભરમાં આ વાતનું પ્રતિપાદન મળી રહે. અમેરિકાના વિખ્યાત લેખક માર્ક ટ્વેઈન (Twain)ના શબ્દોમાં તાન્જિએર એટલે 'આફ્રિકાનો અધઃપાત'. બંદર પર જ પ્રવાસીઓ પર તૂટી પડીને, ભદ્ર ભાષાથી અને સજ્જનના દેખાવથી એમને છેતરનારા શાકુનિકો માટે તાન્જિએર કુખ્યાત છે. મેં એવા બહુ પુરુષો ના જોયા ને સદ્‌ભાગ્યે કોઈ મારી પાસે આવ્યું નહિ. પેલા વૃદ્ધ મોરોક્કને પછી મને કહ્યું કે મને કોઈ ખાસ હેરાન નહીં કરે કારણ કે હું મોરોક્કન જેવી લાગતી હતી. અર્થાત્ પ્રવાસી જેવી, વિદેશી જેવી નહોતી લાગતી. પછી એણે મને પૂછ્યું કે મોરોક્કોમાં કયાંયે મારા કુટુંબનું કોઈ હતું કે શું?

પહેલી જ જે હોટેલ જોઈ તે સારી નહોતી પણ કદાચ એ ઓરડો પણ હું રાખી લેત, કારણ કે બીજી શકયતાઓની મને જાણ ન હતી. પણ હોટેલના માલિકે મને રૂમ આપવાની ઘસીને ના પાડી. કેમ? તો કહે, હું સ્ત્રી હતી એટલે. એ એની હોટેલમાં સ્ત્રીને એક રાત માટે પણ રહેવા દેવા માગતો ન હતો. વાહ ભાઈ, બધી વાત અરબીમાં થઈ, તેથી હું એનાં કારણ સમજી ના શકી. આ કેવો દેશ? અહીં શું અનુભવો થવાના હતા મને?

ખેર. બીજી, વધારે સારી, વધારે સભ્ય હોટેલમાં મને તરત કક્ષ મળી ગયો. પહેલી જગ્યાએ હું નકારાઈ એમાં કદાચ કોઈ સંકેત હતો. મોરોક્કોમાંના પ્રથમ વિપરીતમાંથી કદાચ હું આપોઆપ ઊગરી ગઈ હતી. પણ મોરોક્કોમાં ફરવું કઠિન અવશ્ય હતું. પ્રત્યેક યુવાનની આંખ નિર્દોષ મુસાફરને છેતરવા તરફ, લૂંટવા તરફ. મિત્રતા બતાવે, મીઠું મીઠું બોલે પણ આશય ખિસ્સું કાતરવાનો, કૅમેરા ચોરવાનો, મફત ભોજન પામવાનો. શંકાશીલ સ્વભાવ નહીં, તેથી સતત સજાગ રહેવામાં અને દરેક ક્ષણે દરેક જણથી સાવધાન રહેવામાં થાક લાગી જાય. વળી, મુસ્લિમ દેશ. સ્ત્રીઓ એકલી ફરે જ નહીં. પોશાકે પાશ્ચાત્ય લાગે પણ આચાર તો સ્થાનનુરૂપ જ હોય ને. ન્યૂયૉર્કથી નીકળતાં પહેલાં મોરોક્કો માટેનો પરવાનો લેવા ગઈ ત્યારે ત્યાં મેં પૂછેલું, 'મોરોક્કો આધુનિક છે? કોઈ છોકરી એકલી ફરતી હોય તો અજુગતું લાગે?' ત્યાં કામ કરનારી છોકરીએ તો જવાબ આપ્યો કે કશો વાંધો નહીં આવે પણ મને ખાતરી છે કે મોરોક્કો એનો પોતાનો દેશ હોવા છતાં એ જ ત્યાં એકલી ફરી નહીં હોય કે ના એ એકલાં ફરવાનું પસંદ કરે. ભારત પણ કેટલું આધુનિક છે પણ ભારતીય છોકરીને ત્યાં એકલાં ફરવામાં શું તકલીફ પડે તે તો એ જ કહી શકે.

કોઈ પણ નવી જગ્યાએ ભાષા, ભોજન, આહાર, નિવાસ, પર્યટન, પુરુષો ઇત્યાદિ

એટલી બધી તકલીફો પડે જ. બધાંમાંથી આરોગ્યવત, અણીશુદ્ધ પાછાં આવવાનું. પરિભ્રમણ તે જાણે અગ્નિપરીક્ષા! મોરોક્કોના વિચરણ પરથી આવીને તો મને પોતાને જ થયું કે મેં ખરેખર બહાદુરી કરી. અમદાવાદની નાગરિક અને અમદાવાદની સ્થાપનાની કિવદંતી યાદ આવી : “જબ કુત્તે પર સસ્સા આયા, તબ બાદશાહને શહર બસાયા.” મને થયું કે જે આશાથી અહમદશાહે આ નગરનું નિર્માણ કર્યું તેને મેં કદાચ કૈંક અંશે સાર્થક કરી! પોતાને જ માટેની આ જાહેર ઉક્તિમાં. અલબત્ત, હળવા કટાક્ષમય વિનોદ છે અને સ્વાનુભવગત નિર્વ્યાજ સત્ય પણ.

તાન્જિએરમાંનો એ દિવસ કાંઈ ખોટો ના ગયો. હોટેલનો ઓરડો નાનો પણ સ્નાનગૃહ સાથેનો, આરામદાયક અને સ્વચ્છ હતો. એનાં એકાંત અને શાંતિ એવાં સારાં લાગ્યાં. ઉપર તરફ, પાછળના ઊંચા ઢોળાવ પર જૂનું શહેર હતું. મોરોક્કન સ્ત્રીઓ વિભિન્ન વેશમાં ફરતી હતી — કોઈ ‘જલેબા’ કહેવાતા લાંબા ઝભ્ભામાં, કોઈના માથે રૂમાલ બાંધેલો, કોઈએ નાકની નીચેનું મોઢું ઢાંકેલું. અંદરનાં ગામડાંમાંથી આવતી બાઈઓએ માથે નેતરની ટોપીઓ ઓઢેલી અને યુવાન સ્ત્રીઓએ બહાર નીકળતાં પહેલાં પાશ્ચાત્ય પોશાકની ઉપર પાતળો, રેશમી જેવો ઝભ્ભો પહેરી લીધેલો. દરિયાને સમાંતરના રસ્તા પર મકાનો, હોટેલો, આહારસ્થાનો હતાં. પછી ટ્રેનના પાટા ને પછી સુંવાળા રેશમ જેવી રેતીની ફરફરતી ચાદર. ત્યાં જ સાગરનો ઘુઘવાટ, તોફાની મોજાં, પવનનો હુમલો અને ધસી આવતું રેતીનું લશ્કર. જાણે આખા અનંતમાં કાંઈ ચંચળતા જાગી હતી. દરિયા તરફ ચાલવું શકય ન હતું કારણ કે એના પરથી વીંઝાતા વાયરાનો સામનો થઈ શકતો ન હતો. એના સૂસવાટામાં સમુદ્રનું સંગીત પણ ડૂબી જતું હતું. પણ પવન અને પાણી તરફ પીઠ કરતાં એકનો નાદ શમતો અને બીજાનો સંભળાતો. કેવું કૌતુક! થોડો સમય મેં આ રમતમાં ગાળ્યો! દૂરના વળાંક પર દસ કિ.મી. સુધી મોટી મોટી હોટેલો બાંધેલી દેખાતી હતી અને ઑફિસ તેમજ આવાસ માટેનાં નવાં, નીરસ બહુમાળી થોડાં મકાનો. આ કાંઈ નાનકડું, સાધારણ બંદર ન હતું. રસ્તા પર ફેન્સી, મોંઘી, યુરોપિયન ગાડીઓ ફરતી હતી. હું કયાંયે ચાલવા ગઈ નહીં — મદીના કહેવાતા જૂના શહેરમાં પણ નહીં.

સવારે બસ રબાતને રસ્તે પડી. બંને બાજુ લીલી તાજગી હતી. નીચી ટેકરીઓ અને ચંચળ સાગર પાછળ રહી ગયાં. સમતલ મેદાનો અને લીલાં વૃક્ષનાં ઝુંડ વારાફરતી આવતાં ગયાં. ધીરે ધીરે નભમાં વાદળ ચડી આવ્યાં, ‘પડું કે ના પડું’નો નિર્ણય વરસાદ કરી શકયો નહીં. વાતાવરણ એવું સુંદર અને રોમાંચક હતું. આ કયા જાદુઈ પ્રદેશ તરફ પ્રયાણ હતું? અજબગજબનો આ દેશ હતો. કદાચ પરીઓનો હોય, કદાચ રાક્ષસોનો હોય જે પણ હોય તે. રોમાંચ, જાદુ અને મોહમયતા તો હોય છે મનના અપહરણમાં; નવ્ય અને અવિભાવિત પ્રતિ જવાની ક્રિયામાં.

રસ્તામાં, ઉચ્ચારવા ગમે તેવાં નામોવાળાં — એલ હર્હૂરા, સેલ્બ એદેબ, સ્ખિરાત, બૂઝનિકા મહમ્મેદિયા — ગામ આવે, પણ એ પ્રયાણનું અંતિમ સ્થાન હોય કાસાબ્લાન્કા. વર્ષોથી એ નામનો નાદ મનમાં ઘૂંટાઈ ગયો હોય અને રોમાંચના સૂરે ગૂંજતો હોય. 'કાસાબ્લાન્કા' એટલે 'સફેદ ઘર' જે હવે ત્યાં કયાંયે જોવા ના મળે. નાના ગામમાંથી ફ્રેન્ચ અમલમાં એ ધીકતું બંદર અને ઔદ્યોગિક, ધંધાકીય કેન્દ્ર બન્યું. બાર લાખથી ઉપરની એની વસ્તી હશે. એના કેટલાક વિભાગ સ્વચ્છ, વિસ્તૃત, અદ્યતન, સુંદર છે. તો કયાંક કયાંક એ સાધારણ અને ગંદું છે. એના નામના ગુંજારણને અનુરૂપ એનું દર્શન ના લાગે.

હું પહોંચી ત્યારે રવિવારની સવાર હતી. બધું સૂમસામ. આખું ગામ જાણે મરશિયાં ગાવા ના લાગ્યું હોય. પણ હોટેલ શોધી, સામાન મૂકી ચાલવા નીકળી ત્યારે ઘણા રસ્તાઓ પર લોકો જોયા. દુકાનો બંધ હતી પણ આઈસક્રીમ અને કેકની દુકાનો બહાર, રસ્તા પરના ટેબલ-ખુરશી પર મોટા ભાગે પુરુષો બેઠેલા. મોઢું રસ્તા તરફ, ફુદીનાવાળું ચાનું પાણી પીતા જાય, વાતો કરતા જાય, જતાં-આવતાંનું હલનચલન જોતા જાય. રસ્તાં પરના કાફેનો રિવાજ કદાચ ફ્રાન્સથી શરૂ થયો હશે પણ આ વાતાવરણ, આ માહોલ તો મોરોક્કોનું જ વિશિષ્ટ લક્ષણ.

હસ્તકળાની એક નાની દુકાન પ્રવાસીઓની આશામાં ખુલ્લી હતી, તેથી થોડું દિશાભાન મેળવ્યું. એ સજ્જને વળી મને કાસાબ્લાન્કાનો એક નકશો પણ આપ્યો. જોકે નકશો ખૂબ અપૂરતો હતો. ગામમાં ચાલી તો ખરી પણ પાછાં હોટેલ પર કેમેય અવાય જ નહીં. નગરચૉક મહમ્મદ પંચમ પર તો ઉત્સાહ અને ચમકાટ હતો. એમાં મુખ્ય સ્થાને એક ફૅન્સી હોટેલ હતી. બહાર દેશદેશના ધ્વજ ફરકતા હતા. ચમકતા કાળા આરસની ફર્શ પર પડતાં પગલાં સતત એક મોરોક્કોન લૂછતો જતો હતો. પશ્ચિમના પરિચિત જગતની આ ઝાંખી હતી. મોરોક્કો તો હતું બહાર, એના બજારમાં. લોકોની ભીડ, સાવ સાંકડી ગલીઓ, ખીચોખીચ દુકાનો, ઘોંઘાટ, રવિવારની સાંજે ટહેલવા નીકળેલા જુવાનિયા. અહીં તો ચાલવામાં પણ ચતુરાઈની જરૂર હતી. ત્યાં પણ હું લાંબું રહી નહીં.

શહેર બહુ મોટું છે. ચાલીને બધે જવાય નહીં. વચ્ચોવચ નયનરમ્ય ઉદ્યાન છે — આજુબાજુ બૅન્ક, ન્યાયાલય, નાટયગૃહ, મુખ્ય ટપાલખાતાની કચેરી છે. આ શહેરમાં પ્રભાવશાળી, સુંદર, યુરોપિયન સ્થાપત્યના નમૂના જેવાં ગિરજાઘરો છે અને જોવાલાયક મસ્જિદો પણ. કાસાબ્લાન્કાનું મદીના — જૂનું શહેર, દૂરથી કે પાસેથી ખાસ રસ પડે તેવું લાગ્યું નહીં. મોટી મહેલાતો અને નવી મોટરોની સાથે સાથે ગરીબી અને ભિખારીઓની

આ કેવી સંગતિ. સ્ત્રીઓનાં મોઢાં પર, કપાળ પર, હડપચી પર છૂંદણાં કરેલાં હતાં. આપણે ત્યાં રબારી, ભરવાડ જાતોમાં હોય તેમ. વળી હાથ રંગેલા જોયા — હશે તો મેંદીથી જ પણ રંગે કાળા હતા. પુરુષો તો એમની જન્મજાત રીત પ્રમાણે જુએ, ધ્યાન દોરવા પ્રયત્ન કરે, પણ બીજી કોઈ હેરાનગતિ નહીં. ખાલી રસ્તા પર કોઈ એકાદ જણ દેખાય ને દિશા પૂછું તો પણ સારી રીતે જવાબ આપે, ટેક્સી લઉં તો ચાલક પણ મદદરૂપ થાય. હોટેલની પાસેની રેસ્ટોરાંમાં ખાવા ગઈ તો માલિક, નોકર, બેઠેલો એક નાસર નામનો યુવાન — બધા જ શિષ્ટ હતા. મને જોઈને નવાઈ પામે, પૂછી લે કે હું મુસ્લિમ છું? પણ છેડતી નહીં. આહ, કેવી શાંતિ. નાસર દૂરના પર્વતો પરથી આવતો હતો. કહે, એનાં માબાપ ફ્રેન્ચ કે અરબી નહીં પણ ફક્ત બર્બર ભાષા જ બોલી શકતાં હતાં. આ ભાષા ફક્ત ભાષ્ય છે, લેખ્ય નથી. આને શીખવાડાય નહીં.

હજી સુધી મોરોક્કોમાં મને કોઈ તકલીફ નડી ન હતી. હજી આ સંગ્રામ ન હતો ને તેથી જ કદાચ હું નિશ્ચિંત અને સપ્રશ્રય બની ગઈ. દોડાદોડ સ્ટેશને પહોંચી, ટ્રેનની પ્રથમ શ્રેણીના યુરોપિયન, આરામદાયક કક્ષમાં બેઠાં પછી જોયું તો આકાશ ઝાંખું, ભૂખરું, નીરસ હતું. કાસાબ્લાન્કા છોડી જવાનો આ સારો સમય હતો — કદાચ બીજી જગ્યા વધારે સારી હોય. અડધા કલાક સુધી કાસાબ્લાન્કાનાં કુરૂપ પરાં, ઔદ્યોગિક બાંધકામો ખેંચાયાં કર્યાં — પાટાની બંને બાજુ. ને પછી ટ્રેન એવા પ્રદેશમાં આવી કે જે આકાશની જેમ વારંવાર બદલાતો રહ્યો. દૂર સુધી જતા લીલા ઢોળાવો. તરુકુંજો. લાલ માટીની બનેલી વંધ્ય ટેકરીઓ. કયાંક ખડકાળ, કર્કશ ધરા; કયાંક વિસ્તૃત ક્ષિતિ પર નીચા, ગોળાશ પડતા વલ્મિક. લાંબા સમય પછી, એક વાર થોડા થૉર. જાણે લાલ રંગનું રણ — અગમ્ય, અસ્પૃષ્ટ, અસ્પંદ. એની આ પ્રયોજનહીનતામાં મ્લાનિ હતી. લોકો, પ્રાણીઓ, વનસ્પતિથી તરછોડાયેલું. માઈલોના માઈલો સુધી ભૂમિનું બસ હોવું જ જાણે નિરર્થક કોઈ અસ્તિત્વ.

કયાંક કયાંક વિરલ ગામ — મૂઠીભર ઝૂંપડાં — માટીનાં બનેલાં — થૉરનો ઉછેર(ઉછેર ને તે પણ થૉરનો!) ને ત્રણ-ચાર ખજૂરીઓ રણપણાને જાણે સુદઢ કરવા. કેવો આ અભૂતપૂર્વ પ્રવાસ નેત્રો વિસ્મિત, હ્રદય ચકિત.

+અંતે પાટાને સમાંતર એક પાકો રસ્તો દેખાયો ને લીલું ઘાસ. માટીની રંગીન, ગુફા જેવી ચોરસ ઝૂંપડીઓના સમૂહ આવતા ગયા, લાલ દશ્યપટમાં ભળતા ગયા. થોડા ગર્દભ શાંત એકાંતમાં ચરતા હતા, કયાંક ઘેટાંનું ટોળું હતું. એક સ્ટેશન અને ગુલાબી રંગેલા થોડાં ઘર. જીવનનો જરા ભાસ.

પછી શરૂ થઈ ટેકરીઓ. એકબીજાનું સાહચર્ય છોડવું ના હોય તેમ સાથે સાથે. અબહુલ, શુષ્ક પરિસર અને છતાં કૈંક રુક્ષ રીતે પણ સુંદર. આખો વખત ટ્રેનના કક્ષમાં હું એકલી હતી. કેવું અમૂલ્ય પ્રતિકૂલ! આટલું વૈવિધ્ય ને થયા હતા તો ચાર જ કલાક.

સ્ટેશન જેવું કાંઈ હતું જ નહીં. એક જ ઓરડો ને મદદ કરનાર કોઈ નહીં. આશરે એક દિશામાં ચાલવા માંડયું. થોડે દૂર બે અમેરિકન મહિલાઓ મળી, એમને પૂછીને પ્રવાસખાતાની કચેરીનો રસ્તો શોધ્યો. એ તો બંધ થઈ ગઈ હતી પણ નજીકની એક પ્રવાસ ઑફિસમાંથી નકશો મેળવ્યો ને પછી હોટેલ પણ. આખું ગામ ગુલાબી રંગનું અથવા ઇંટના રંગનું હતું — હોટેલો, ઘરો, સરકારી મકાનો — જૂનું, નવું, બધું જ. આ શહેર તે માર્રાકેશ (MArrakesh) પર્વત અને રણનું સમુચિત મિલન. એના નામનું સંગીત જ અવનવાં કલ્પન ઊભાં કરે છે, એનો સાક્ષાત્કાર એ બધાંને સાર્થક કરે છે. માર્રાકેશ. માર્રાકેશ. અદ્વિતીય, અનુપમ, મોહક, મનપ્રિય. મોરોક્કોની મુસાફરીનો સ્મર્તવ્ય આરંભ અહીંથી થયો.

માર્રાકેશના પહોળા રસ્તા શાંત હતા, વાહનો ઓછાં હતાં, પહોળી ચરણવીથિઓ પર લોકો આરામથી ફરી શકતા હતા. બુરખા જેવા લાંબા ઝભ્ભા પહેરેલી સ્ત્રીઓ નાની મોટરસાઈકલો ચલાવીને જતી હતી. આંખો સિવાયનું મોઢું નકાબ પાછળ ઢંકાયેલું હતું. આંખો તો એવી સુંદર લાગે, મોઢાં તો કેટલાંનાં રૂપમય હશે? પણ આ પ્રચ્છન્નતા અને રહસ્યમતામાં જ તો મોહમંત્રીયતા અને વશીકરણતા હોય છે ને!

અચાનક એક નાકું વળતાં અસાધારણમાં પહોંચી જવાય છે. કારીગરો, જેમને ખરેખર તો કલાકારો જ કહેવા જોઈએ, પોતપોતાના કૌશલ્યમાં મગ્ન હોય છે. કાષ્ઠ, ચર્મ, ધાતુ, વસ્ત્ર વગેરે પદાર્થોમાંથી બનતી વસ્તુઓનું વૈવિધ્ય અને સૌંદર્ય શબ્દાતીત છે. ઊનમાંથી વણાતી જાજમોની ખ્યાતિ દુનિયાભરમાં ફેલાયેલી છે. પુરુષોની સાથે કિશોરો પણ કામમાં રત હતા અને નિપુણ પણ. કળાના સર્જનમાં પોતાની જાતને પ્રયોજતા આ લોકોને જોઈ મનમાં સારું લાગ્યું, કારણ કે ગરીબીની હદ નથી, ભિખારીઓની અછત નથી. માર્રાકેશની સાંકડી ગલીઓમાં હાથ લાંબો કરીને બેઠેલા પુરુષો, રખડતી સ્ત્રીઓ, હારબદ્ધ ઊભા રહીને ભીખ માગતા દસ-બાર અંધ વૃદ્ધો — જોઈને હતાશ થઈ જવાય. ઉપાય કાંઈ નહીં. કૈંક અંશે કયારેક કોઈકને ઉગારી શકાય પણ આખા દેશના આ ચિત્રને કેવી રીતે બદલાય?

માર્રાકેશ હજી પણ એક હકીકતને કારણે આખા મોરોક્કોમાં બેનઝીર છે. તે છે

દ્જેમા-એલ-ફ્ના (Djeman-el-Fna) કહેવાતો નગરચોક. એનો અર્થ 'મૃતોનું સભાગૃહ' જેવો કરી શકાય. એક જમાનામાં ત્યાં ગુનેગારોનાં કપાયેલાં માથાનું પ્રદર્શન થતું. આજે તો એનો અંશેઅંશ જીવંત છે, જીવનથી ઊભરાય છે. વહેલી સવારથી ત્યાં લોકો આવવા માંડે — પ્રેક્ષકો, કલાકારો, નૃત્યકારો, વાદ્ય અને સંગીતકારો, જાદુગર, અંગમરોડના ખેલ કરનારા, સર્પ-ગારુડિકો, વેચનારા, ખરીદનારા, છેતરનારા, ભીખ માંગનારા, ચોરી કરનારા. બધાં માટે આ એક ચુંબકસ્થાન છે. દેશ અને દુનિયાનું આ લઘુ એક પ્રતિનિધિત્વ છે. જાહેરમાં અહીં વાળ કાપનાર પણ મળે. દાંત ખેંચી આપનાર પણ મળે. પૈસાના બદલામાં પાણી પાનાર પણ મળે અને ચારણ, વિદૂષક, રંગલાના સંમિશ્રણ જેવો કોઈ વાર્તાકાર પણ મળે. અમિઝમિઝ ગામના નટો અંગમરોડના ખેલો માટે ખૂબ પ્રસિદ્ધિ પામ્યા છે. તો મૉરિટાનિયાના નૃત્યકારો ભારે ટોળું ભેગું કરે છે. વાંદરાના ખેલ અને સાપની મંત્રમુગ્ધતા જ્યાં જોવા મળે, ત્યાં જ આગ ખાનારા અને તલવાર ગળનારાના પ્રયોગો પણ આશ્ચર્ય પમાડે. બપોરની ગરમીમાં આ અપ્રતિમ નગરચૉકમાં થોડી ભીડ ઘટે, પણ સાંજ નમતાં પાછી બમણી વધે. આજુબાજુ કાફે અને રેસ્ટોરાં છે. આખો દિવસ ત્યાં પણ અવરજવર ચાલુ જ રહે. સમય થાય ને મુઅઝ્ઝિનનો સાદ પડે અને ધર્મનિષ્ઠ લોકો નમાજ પઢવા ચાલ્યાં જાય. મસ્જિદોના મિનારા પર બત્તીઓ થાય. દ્જેમા-એલ-ફ્નાની કિનારી પરની દુકાનોમાં બત્તી ને ફાનસોનો ઝાંખો પ્રકાશ બળી રહે ને છેલ્લે, સદીઓથી ચાલતું આ કૌતુકભર્યું, સ્વેચ્છાનુરૂપ આશ્ચર્યસભર, અવર્ણનીય અવસ્થાન રાતના થોડા કલાકો માટે અટકે.

પ્રવાસીઓને માટે તો આ આખી વાત રસગર્ભ હોય જ પણ મોરક્કનો પણ રોજિંદી આ બીના માણતા દેખાય. દરેક કલાકારની આસપાસ પુરુષો ગોળ વળીને ઊભા જ હોય. ગાનારા કે વગાડનારાને ગેરલાભ — કારણ કે એમની કળા તો જોયા વગર પણ માણી શકાય. એક બાજુ પર ગરીબ દેશના જીવનની રંગહીનતા, બીજી બાજુ લોકકળાઓનું આ બહુવિધ બાહુલ્ય. એક તરફ દરિદ્રતાને લીધે હ્રદય દ્રવી જાય, બીજી તરફ લોકોની દુર્વૃત્તિ અને પશ્ચાત્તાપ વગરની વર્તણૂક પર ગુસ્સો અને ઘૃણા થાય.

મારાકેશથી ફેઝ ૫૦૦ કિ.મી. દૂર છે. બસમાં દસ-સાડા દસ કલાક થયા. બહુ તકલીફ ના પડી. થોડા તાત્ત્વિક તો થવું જ પડે. લગભગ આખો વખત દૃશ્ય પર્વતીય રહે છે — સૂકું, દુષ્કર, મરુભૂમિ સમ. પહેલાં તો ધૂળના ડુંગર આવ્યા — ભૂખરા ને કર્કશ. પછી રણ શરૂ થયું. માઈલો ને માઈલો સુધીની શૂન્યતા. ધરા લાલાશ પડતી હતી. કયાંક થોડા થૉર, ક્વચિત ઘાસનાં મેદાન. કયારેક સ્પંદિત કેસરી રંગનાં પૉપી પુષ્પોની અપરિમિતતા દેખાતી ને આંખો ચમકી જતી. રણદ્વીપ જેવાં બેચાર ગામ આવ્યાં પણ ખાસ કાંઈ નહીં. ઝરણા જેવું કાંઈક દેખાતું ને મનને શાતા વળતી. મોરોક્કોના દક્ષિણ

ભાગમાં પાણીની ખૂબ તંગી છે. મધ્ય ઍટલાસ પર્વતમાળામાં થઈ થઈને રસ્તો જાય છે. દૃષ્ટિગોચર સઘળો પ્રદેશ વિચક્ષણ છે : કૈંક રીતે મનપ્રિય છે, પણ આમંત્રક નથી. કઠોર છે પણ ત્રાસજનક નથી. માઈલો સુધી એક પણ વૃક્ષ ના દેખાય ને પછી નારંગી, બદામ, દેવદાર કે યુકિલિપ્ટસનાં ઝુંડ પણ આવે. ફેઝથી ૫૦ માઈલ દૂર સરોવરો છે. આઝરૂ, ઈફ્રેન વગેરે ગામોને આમોદ અને આરામસ્થાનો તરીકે વિકસાવ્યાં લાગ્યાં. નગર સુધી પહોંચતો રસ્તો વાવટા અને પતાકાઓથી શોભિત હતો. તે શા માટે, તે ખબર તો પછી પડેલી. હોટેલ શોધવા માંડી ત્યારે કહેવામાં આવ્યું કે રાજા ફેઝમાં થોડા દિવસ માટે આવેલા હોઈ એમના રક્ષકો અને સેવકોથી હોટેલો ભરાયેલી હતી. બસ સ્ટેશનની પાસે જ સદ્ભાગ્યે મને કલાકેકની રાહ જોયા પછી ચોખ્ખો કરાયેલો ઓરડો મળી ગયો.

હાથમાં નકશો પકડીને હું નગરદર્શને નીકળી પડી અને એ જ હતું મોરોક્કોનું અતીવ સુંદર, શ્રેષ્ઠ, નયનરમ્ય, હૃદયગમ્ય, રુચિરતમ પુર ફેઝ (Fes). નવો વિભાગ યુરોપનું સાધારણ અનુકરણ લાગે — ખાસ કરીને રસ્તા પરનાં કાફેની લીધે. પણ બંને બાજુનાં સુગંધી ફૂલોવાળાં નારંગીનાં ઝાડનું શું? મહામાર્ગ હસન દ્વિતીય સાચે જ અદ્વિતીય છે. એની વિશાળતાની વચમાં નાળિયેરી-ખજૂરી અને બેસવાની બેન્ચોવાળો લાંબો બાગ છે. બે બાજુ ઑફિસો, હોટેલો, રેસ્ટોરાં. એની પર બાહ્યગત કાફે નથી કે નથી હજાર હજાર આંખોથી તાકી રહેલા પુરુષો. રબાત અતિઆધુનિક હતું પણ અંતરે હતું. કાસા સમકાલીય હતું પણ સ્થૂળ હતું; માર્રાકેશનો રંગ ગુલાબી ખરો પણ એ તો એક દેખાવ જ. પણ ફેઝ! આ ફેઝ સંપૂર્ણ રીતે મોહક, કમનીય, તુષ્ટિકર, હૃદયાભિરામ છે. અહીં અટકાવાયા વિના ટહેલવું શકય છે. આ મહામાર્ગને એક છેડે હસ્તકળાકેન્દ્ર છે. તે બધી આવશ્યક્તાઓથી સજ્જ છે. બૅન્ક, પોસ્ટઑફિસ, દવાખાનું, દુકાનો, કળાકારોના કાર્યકક્ષ, આઈસક્રીમની હાટડી, ફૂલો, ફુવારો અને નમાજ પઢવા માટેનો એક કમરો. આખો દેશ ધર્મ પ્રત્યે ગંભીર છે. મુખ્યત્વે સુન્ની મુસ્લિમ છે. બધી જ મસ્જિદોની સંભાળ સરકાર લે છે ને એના બધા જ અધિકારીઓને — આલેમ, ખતિબ, ઇમામ, મુઅક્કિત, મુઅઝિઝન વગેરેને પગાર આપે છે.

જૂના શહેરના બે ભાગ છે : ફેઝ એલ બાલિ અને ફેઝ જદિદ. ફરતે કિલ્લાની દીવાલ અને ચૌદ દરવાજા છે. નવા વિભાગથી એ પાંચ કિ.મી. દૂર છે. બસ લઈને અમે બાબ ફતૂહ સુધી ગયાં. આ મદીનાની ગલીઓની ગૂંચવણ જેવી તો કયાંયે ના જોઈ. બે જણ પણ માંડ ચાલી શકે જેવી પહોળી ગલીઓ. તેમાંયે માલથી ખડકાઈને જ્યારે ગધેડાં સામેથી આવે ત્યારે જીવનું જોખમ થઈ જતું. કયાં નવા વિભાગમાંની ફૅન્સી મોટરો ને કયાં આ અતિપુરાતન રીત! ગલીઓની બે બાજુ પર જ્યારે દુકાનો નહોતી ત્યારે ત્યાં ફક્ત બંધ બારણાંવાળી સળંગ દીવાલો હતી. પાછળનાં ઘર, આંગણાં, મસ્જિદોની તો આપણે

કલ્પના જ કરવાની. અગંત આવાસોને આ રીતે છુપાવી રાખવાની મોરોક્કોની લાક્ષણિક પદ્ધતિ છે. મદીનામાં ૩૦૦થી પણ વધારે મસ્જિદો છે ને ભાગ્યે જ કોઈનાં દ્વાર ખુલ્લાં હોય.

દરેક પેટા વિભાગમાં પાંચ વસ્તુ હોવી આવશ્યક હતી : (૧) રોટી બનાવી આપનાર. લોકો ઘેરથી લોટ બાંધીને આપી જાય, પાઉં રોટી એ પકાવી આપે, (૨) જાહેર શૌચાલય, (૩) ફુવારો અથવા પાણીનો નળ. ઘણાં ઘરોમાં આ ત્રણેની વ્યવસ્થા હોતી નથી, (૪) બાળકોને કુરાન ભણાવવા માટે પાઠશાળા અને (૫) મસ્જિદ. ખરેખર, થોડે થોડે અંતરે આ પાંચે બાબતો દેખાતી. આખી મદીના ઘણી ગંદી, બદબૂવાળી છે. પથ્થરિયા, ઢાળવાળા રસ્તા લપસણા છે; આખો આ જૂનો વિભાગ સાંકડો અને બંધિયાર છે. કયારે નીકળું એમ થતું રહ્યું.

અહીં પણ કારીગરો કાષ્ઠ, ધાતુ, ચર્મ પર કામ કરી રહ્યા હતા. નાના નાના છોકરાઓનું પાટવ જોઈને નવાઈ થયા વગર રહે નહીં. ચામડાં ધોવાની જગ્યા જોવા જવાની કોશિશ કરી પણ વાસ એવી અસહ્ય કે દૂરથી જ પાછાં ફરી જવું પડયું. સૂક એલ અત્તરિનમાં જાતજાતનાં તેલ અને અત્તર વેચાય છે. મદરેસા એલ અત્તરિન સ્થાપત્યની દૃષ્ટિએ અત્યુત્કૃષ્ટ માનય છે. કારાઊયિન (Qaraouyine) મસ્જિદ ફેઝમાં મોટામાં મોટી છે. નસીબજોગે એનાં દ્વાર ખુલ્લાં હતાં, તેથી એના ખુલ્લા પ્રાંગણમાં ડોકિયું થઈ શકયું. લોકો નમાઝ પઢી રહ્યા હતા. નેજ્જારિન ચૉક અસામાન્ય છે. મદીનામાં આ પહેલી જ ખુલ્લી જગ્યા જોઈ. એના મંડપની છત અતિશોભમાન છે. એનો સુવિદિત ફુવારો સર્વાંગ સુંદર અને અખંડ છે. આ ઇમારતો ૧૨મી સદીમાં બનેલી.

અહીં ‘બૉમ્બે રેડિયો’ નામની એક દુકાન જોઈ, જેમાં હિન્દી સિનેમાની રેકૉર્ડ અને કૅસેટ મળતાં હતાં. સિનેમાનાં પોસ્ટર પણ હતાં. મને મોરોક્કોમાં ઘણી વાર પૂછવામાં આવતું કે મારી પાસે હિન્દી સંગીત છે? આપણા ફિલ્મ ઉદ્યોગનો પ્રચાર કયાં કયાં નથી થયો. સામાન્ય વ્યક્તિ માટે ભારત સિનેમાઓ, સવિર્ય અભિનેતાઓ અને સુંદર અભિનેત્રીઓનો પ્રદેશ છે. જોકે એકાદ માણસે મને જોઈને વળી ‘મોરારજી દેસાઈ’ની બૂમ પાડેલી ખરી! કયારેક કોઈ મને જોઈને ‘ઇન્ડિયન’ ‘ઇન્ડિયન’ પણ કહી ઊઠતું. સાડી પહેરીને ફરું તો જરૂર ટોળું વળી જાય!

એક સાંજે હોટેલની સામેની, ખૂણા પરની નાની રેસ્ટોરાંમાં બટાકાની કાતરી તળાતી જોઈ તે ખાવા ગઈ. ઘણી વાર દૂધ, કેક, નારંગીનો રસ વગેરેથી ચલાવેલું, પણ ના ખાઈને

પછી અસ્વસ્થ લાગતું હતું. બહાર જ ચાર-પાંચ ટેબલ હતાં. એક ખાલી હતું ત્યાં હું બેઠી. થોડી જ વારમાં ચાર મોરોક્કન આવ્યા. ત્રણ તો અચકાયા, કારણ કે બીજું કોઈ ટેબલ ખાલી હતું જ નહીં. મારાવાળા પર ત્રણ ખુરશીઓ ખાલી હતી. ચોથો યુવાન, જે અગ્રણી હશે એ લોકોમાં તે તો બાજુમાં બેસી જ ગયો. બીજા પણ બેઠા. કોઈએ સામે જોયું પણ નહીં, તો ઠેકડી કે છેડતીની કયાં વાત. એમણે ચણા અને મેંદાની સેવોના શોરબા જેવું કાંઈ મંગાવ્યું. તે જોઈને વેઈટરને મેં પૂછવા પ્રયત્ન કર્યો કે એ નિરામિષ હતું કે નહીં. એ તો અંગ્રેજી ના સમજ્યો પણ આ ચારે સમજ્યા. એમણે આ નિરામિષ ખાણું મારે માટે મંગાવ્યું ને પછી સાધારણ વાતો શરૂ કરી. પેલા અગ્રણીએ પૂછી લીધું, “તમે મુસ્લિમ છો?” આ પ્રશન્Xમને કેટલીક વાર પૂછાયો હતો. લાગું કદાચ મોરોક્કન જેવી પણ મુસ્લિમ છોકરીઓ આવી રીતે એકલી ફરે નહીં, તેથી લોકો ગૂંચવાય ને જાણવા માગે કે હું કોણ છું ને કયાંથી આવું છું. દર સાંજે ફેઝમાં લોકો ફરવા નીકળે. બે છોકરીઓ સાથે જતી ભાગ્યે જ દેખાય — કયાંક બેસીને કૉફી પીતી તો નહીં જ. પોતાના ભાઈઓ કે સગા સાથે આવેલી હોય એવી છોકરીઓ કયારેક જોવા મળે પણ પરણેલી સ્ત્રી તો બહાર નીકળેલી દેખાય જ નહીં. આ ચારે યુવાનો ખાવાનું પતાવી, મને ‘શુભ પ્રવાસ’ ઇચ્છી રસ્તે પડયા. આ સભ્ય, શિષ્ટ, કુલીન વ્યવહારથી મનમાં એવું સારું લાગ્યું. સ્ત્રી તરીકેનો આદર જ્યારે ના મળે ત્યારે દુઃખી થઈ જવાય છે. આ આખી સાંજ એવી સુંદર હતી. ભીની સુગંધવાળાં પેલાં નારંગીનાં ઝાડ અને આ પરિપક્વ પુરી ફેઝ.

ચેચ્વાએન ગામ બહુ સુંદર છે એમ વાંચેલું. સ્પેન પાછા જતાં ત્યાં થઈને જવાનું વિચાર્યું. બસમાં એક માણસ બાજુમાં બેઠો, એને તો બીજી ખાલી જગ્યા પર જવા આદેશ કર્યો ને વળી એ તો ગયો. બીજા રોકાણ પર બીજો પુરુષ બેઠો. ત્યાં સુધીમાં બસ ભરાઈ ગઈ હતી તેથી એને ભગાડી ના શકી. ધીરે ધીરે એણે ભાંગેલા અંગ્રેજીમાં વાત શરૂ કરી. હું ઝોકાં ખાતી રહી. મનમાં હિંમત ભેગી કરીને એણે મને કહ્યું, “ચેચ્વાએન શું કામ જાઓ છો? મારે ગામ વાઝાન (Oazzane) આવો ને. અમારે ત્યાં રહેજો.” વાઝાનનું તો નામ પણ મેં વાંચ્યું નહોતું કયાંયે. મારી આંખ ફરી મળી ગઈ. મને જગાડીને કહે, “હમણાં જ વાઝાન આવશે. ઊતરો છો ને?” જાઉં કે ના જાઉં? મેં કહ્યું, “ઘેર નહીં આવું. તમારા ગામમાં હોટેલ છે.” એ કહે, “મને ખબર છે કે તમે શું વિચારો છો. પણ હું ખરાબ માણસ નથી.” કયાંકથી છંછેડાઈને ફરી ગુસ્સો ચડી આવ્યો. મેં કહ્યું, “મોરોક્કોના બધા માણસો આવું જ કહે છે.” એ કાંઈ બોલ્યો નહીં. મેં વિચાર્યું કે બંને જગ્યા અજાણી છે. બેમાંથી કયાંયે જઈને પસ્તાઈ શકું કે મઝા પણ પડે. અનુભવ કર્યા પહેલાં શી ખબર પડે? વાઝાન પર હું ઊતરી તો ગઈ જ પણ હોટેલનો આગ્રહ તો રાખ્યો જ.

નાના ગામની નાની હોટેલ. કહેવાનું શું હોય? પણ ઉપરનો કમરો ચોખ્ખો ને સારો

હતો. આ યુવાનનું નામ અઝીઝ હતું. ઘેર જઈ, એની બહેનને લઈને પાછો આવશે એમ કહી એ ગયો. મને હતું હું અક્ષમ્ય સાહસ કરી બેસું, એને હતું એની સાથે એકલાં રહેવાથી હું ગભરાતી હતી. મને થયું, કદાચ એ હવે પાછો જ નહીં આવે. કોના પર વિશ્વાસ મૂકાય? ને છતાં, મૂકીને તો હું આમ બસમાંથી ઊતરી પડી હતી. કલાકમાં એક મિત્રને લઈને અઝીઝ પાછો આવ્યો. સાંકડી, ઊંચા ઢાળવાળી ગલીઓ જુગજૂના પથ્થરોથી બનેલી હતી. બે મોરોક્કન ઘર મેં માર્રાકેશમાં જોયાં હતાં. એવું જ નાનું ઘર મેં અહીં પણ ધાર્યું હતું. પણ આ મોટું, સુંદર, સ્વચ્છ ઘર હતું. વચમાં ચૉક, ચોતરફ પાંચ કક્ષ અને આંગણની વચ્ચોવચ નારંગીનું એક ઝાડ. આહ, શું આશ્ચર્ય, શું સૌભાગ્ય.

પછી તો બે બહેનો આવી. હરિયા મોટી હતી, પરણેલી હતી. એને એક નાની દીકરી હતી. બે ભાઈઓ આવ્યા : અબ્દેલ ઇલ્લાહ અને અદ્રફે. મા એની માંદી બહેનની ખબર કાઢવા બહારગામ ગયેલી. પિતા મૃત્યુ પામેલા. બધાંએ આનંદથી મને આવકારી — જાણે મને ઓળખતાં હોય, જાણે જાણતાં જ હોય કે હું આવવાની છું. શું અકસ્માત, શું આશીર્વાદ. ફરી મને ત્યાં રહેવા માટે આગ્રહ કરાયો — ખાસ કરીને અબ્દેલ ઇલ્લાહ તરફથી. એ હસમુખ અને વાચાળ હતો. બધાં જ સદસ્ય એટલાં સરળ, એટલાં સહજ. આ કુટુંબ, આ ઘર — ત્યાં નહીં રહેવાનું કોઈ કારણ ન હતું. આવો અનુભવ, આવું ભાગ્ય ફરી કયારે મળે? હોટેલમાં આપેલા દિરહામ તો એણે પાછા ના આપ્યા — તો કાંઈ નહીં. સામાન તો થોડો જ હતો. એક હૅન્ડબૅગ, તે ઘેર લઈ આવ્યાં.

જમીને બધાં ચાલવા નીકળ્યાં. શહેરોમાં તો કાંઈ પણ કરવાનું હોય. આ તો નાનકડું ગામ, એનો એક જ રસ્તો. જેના પર મોટરો જાય. ચાલવા જવા સિવાય બીજું શું પ્રવૃત્તિ હોય? ઢોળાવ પર શેરીઓ ઊંચી-નીચી જતી હતી. ગધેડાં સાથે લોકો જતાં-આવતાં હતાં. સ્ત્રીઓએ જુદી જ જાતની રીતે પોતાની જાતને ઢાંકી હતી. ઊનના ગરમ, મેલા સફેદ રંગના ધાબળાને જટિલ રીતે માથે અને આખું શરીર ઢંકાય તેમ વીંટાળ્યો હતો. એને 'હાયક' કહે છે. એક જ સ્ત્રીને વળી ભૂરા રંગના હાયકમાં જોઈ. પુરુષો એક જ સરખા રંગે અને કાપડના જલાબા (ઝભ્ભા) પહેરેલા હતા. હાયક પહેરેલી નાની છોકરીઓ તો એવી સરસ લાગે! ફક્ત કુતૂહલથી જોતી આંખો જ દેખાય. એક સ્ત્રીએ હાયકની અંદર વળી નાના બાળકને પીઠ પર બાંધ્યું હતું. મેં તસ્વીર ખેંચવા માટે એની રજા માગી. એણે તો હા કહી, પણ સાથે આવતા એના પતિએ ભવાં ચડાવીને ના પાડી દીધી. થોડાં પગલાં ચાલીને મેં પાછું જોયું. એ પણ પાછું વળીને જોઈ રહી હતી અને સ્મિત આપી રહી હતી. મેં હસીને હાથ ઊંચો કર્યો. એણે પણ ઊંચો કર્યો. બે સ્ત્રીઓ વચ્ચે તત્કાલ એક સેતુ બંધાઈ ગયો. અમે બંને જીવનની વાસ્તવિકતા સમજ્યાં. એનાથી એને અસંતોષ નહોતો એ સારું હતું.

મોરોક્કોમાં એક પ્રાચીન સુવાક્ય છે : “તમે જ્યારે અમારે ઘેર આવો ત્યારે અમે તમારા મહેમાન બનીએ છીએ, કારણ કે આ ઘર તમારું છે.” આની યથાર્થતા હું જીવી શકી. કટુ અનુભવથી ક્યાંયે અધિક થયાં મોરોક્કનોની માનવતાનાં દર્શન.

એ અંતિમ રાતે ઘેરી રાતમાં ઊગ્યો હતો કેસરિયા દૂધમાં ઝબોળ્યો હોય તેવો અભૂતપૂર્વ સુવર્ણ ચંદ્ર : બૃહત્, પૂર્ણપ્રસ્ફુરિત, સંપૂર્ણ સુંદર. જાણે મારા સૌભાગ્યનું અલૌકિક પ્રતિફલન.



## સીદી બૂ સઈદ

કાર્થાજથી નીકળી દોઢસોએક કિલોમીટર સુધી ઉત્તર દિશામાં જઈએ તો બિઝેર્તે નામના ગામથી જરા આગળ ‘કાપ બ્લાન્ક’ કહેવાતી ભૂશિર પાસે પહોંચીએ. આખા આફ્રિકા ખંડનું — ફક્ત ટ્યુનિશિયાનું જ નહીં — સૌથી ઉત્તરનું એ સ્થાન છે. છેક ત્યાં સુધી જવાનું તો બન્યું નહીં. શરૂઆતમાં દરિયો દેખાય તેમ પહાડી ઢોળાવોમાંથી જતા રસ્તે લા માર્સા નામિઆ ગામ સુધી યજમાન લઈ ગયાં. એક વળાંક પછી, નીચે જમણી તરફ ભૂમધ્યનાં સ્પંદિત પાણી દેખાયાં. બીજા પહાડી વળાંકે તદ્દન અદશ્ય પણ થઈ ગયાં. લા માર્સાનો મુખ્ય ભાગ જરૂરિયાતોની ચીજોના બજારથી ભરેલો છે. ઘેઘૂર ઝાડની નીચેની ખુલ્લી જગ્યામાં છોકરાઓ રમી શકે છે. નજીકમાં લોકપ્રિય કાફે છે. ભૂરી રંગેલી છાપરીઓ નીચે ગોઠવેલાં ટેબલ-ખુરશીની સરસ, સાદી ગોઠવણી ગમી. વચ્ચે એક કૂવો હતો. એનું લાકડાનું ચક્ર એક જમાનામાં ઊંટ વડે ફેરવવામાં આવતું. ત્યાં અને છેક નીચે દરિયાકિનારે ઘણી રેસ્ટોરાં છે. ‘ધ કોર્નિશ’ નામના મુખ્ય રસ્તા પર દરિયો દેખાય તે રીતે બનાવેલો પહોળો ચાલવા માટેનો પથ છે. એની એક તરફ લાલતરુ ઉગાડેલાં છે. ગામ સફેદ અને રમણીય લાગે છે.

લા માર્સાની પાસે પર્વતો પર વસેલું એક બહુ જ સુંદર ગામ છે. સીદી બૂ સઈદ. એની નજીક જતાં મહામાર્ગ બે રસ્તે વહેંચાઈ જાય છે. જમણો વાહન ઊભાં રાખવાના

ચોગાનમાં જાય છે અને ત્યાંથી જ બજાર શરૂ થાય છે. ઊંચી-નીચી ગોઠવેલી ઈંટોના બનેલા, ખાસ્સા ઢાળવાળા એ રસ્તાની બે બાજુ નાની દુકાનો હતી. દીવાલોને અઢેલીને, રસ્તા પર પાથરીને, દુકાનોની બહાર જ કેટલીયે રંગરંગીન, આકર્ષક, લોભામણી સુંદર ચીજો મૂકેલી હતી. હસ્તકળાની વસ્તુઓ પર તો હું વારી જાઉં છું. ત્યાં મને થયું, હું શું ખરીદીશ? માટીકળાના નમૂના સરસ છે અને જાજમો પણ એટલી જ સરસ. ચામ્રકળા, કપડાં, ઘરેણાં, ચિત્ર, ધાતુ, અરીસા...? કે પછી ફક્ત ખજૂર?

નવમી સદીમાં તો આ જગ્યાએ કશું જ નહોતું. દરિયો દેખાય તેમ એક ટોચ પર કિલ્લા જેવો એક મઠ હતો. પાંચ શતાબ્દીઓ સુધી ત્યાં સૂફી ધર્મના ઘણા વડાઓ શાંત વાતાવરણમાં વસતા રહ્યા. પછી ટ્યુનિશિયાના શ્રેષ્ઠીઓએ ત્યાં ગ્રીષ્મનિવાસો બાંધવા માંડયા અને એનાં શાંતિ ને એકાંત તો ગયાં. લેખકો, કવિઓ, કલાકારો વગેરેમાં એ પ્રચલિત બનવા માંડયું અને ધીરે ધીરે પ્રવાસીઓમાં. ત્યાંનો સૂર્યાસ્ત જોવા લોકો ખાસ જાય છે. રજાને દિવસે કાર્થાજ ને છેક ટ્યુનિસથી જુવાનિયાં ત્યાં ફરવા નીકળે છે. કાફે ને રેસ્ટૉરાં ત્યાં અસંખ્ય ઊભાં છે.

સીદી બૂ સાઈદ (Sidi bou Said) ગામ અસાધારણ સુંદર છે. એનું કારણ છે એનાં મુખ્યત્વે છાપરાં વગરનાં મકાનો, ઈંટાળા રસ્તા, પર્વતીય પરિસર, સાગરદર્શન, નીરભ્ર આકાશ ને તાજગીવાળી હવા. છતાં એની વિશેષતા છે આખા ગામને આવરી લેતા રંગોમાં. બધાં જ ઘરો, દીવાલો, પગથિયાં ફરજિયાત રીતે સફેદ રંગેલાં હોય છે. અરબી-મુસ્લિમ શૈલીનાં બારીબારણાં, જાળી કે લાકડાંના લંબચોરસ આકારોથી બંધ કરેલા ઝરૂખા, કઠેડા, થાંભલા વગેરે બાકીનું બધું એક જાતના ભૂરા રંગે રંગવાનું હોય છે. તાજો હોય ત્યારે એ રંગ આકાશના અને ભૂમધ્ય સમુદ્રના લાક્ષણિક નીલ રંગને બરાબર મળતો આવે છે. ૧૯૧૫થી આ ધારો ચાલુ થયો અને હજી અપવાદ વગર એનું પાલન થાય છે.

ભૂરાં બારણાં અને દરવાજાના સ્વરૂપની પણ પાછી ખાસિયત છે. એનાં લાકડાં પર મોટા, ગોળ, કાળા ખીલા કલાત્મક રીતે, સુડોળતાથી ઠોકી ચિત્રાકૃતિ ઉપસાવવામાં આવેલી હોય છે. પછી આ જ કળા કયારેક બારીઓ પર ને પટારા પણ જોવા મળે. એક જગ્યાએ મેં ભૂરાને બદલે કથ્થઈ રંગેલાં કમાડ જોયાં. એનું અપવાદરૂપ વૈવિધ્ય સારું લાગ્યું.

આમ જુઓ તો ગામડું અને તે પણ ત્રીજા વિશ્વના દેશમાંનું, પણ ચોખ્ખાઈનો પાર નહીં. અસલમાં, ટ્યુનિશિયાનાં બધાં શહેરોમાં રસ્તા વળાય છે અને દિવસમાં બે વાર

નગરપાલિકા દ્વારા કચરો ઉપાડાય છે. ઉપરાંત, નાગરિકતાની સભાનતા પણ હશે, ત્યારે જ આવી ચોખ્ખાઈ જળવાયને. ફરીથી એક તરફ આનંદ થયો અને બીજી તરફ ભારતની હાલત માટે જીવ બળ્યો.

સીદી બૂ સઈદના બજારના રસ્તાની સામે ઊંચાં પગથિયાં પછી ઉપરના ઓરડામાં એક કાફે છે. તરત નજરે ચડે એટલે ત્યાં હંમેશાં ભીડ રહે. પણ રસ્તો તો એની પાછળ થઈને આગળ આગળ જાય. દીવાલો અને બંધ દરવાજાની પાછળના બગીચાનો ખ્યાલ ઝાડની થોડી ટોચ જોઈને કરી લેવાનો. અંતે દરિયા પર પડતી ભેખડ ઉપર એક અગાશી જેવી જગ્યામાં એક કાફે હતું. પાળી તે બેઠક. નીચાં, નાનાં સ્ટૂલ તે ટેબલ. ભૂમધ્યનો ભૂરો, ઉન્મુક્ત વિસ્તાર. સૂર્યના તેજ ને ઉષ્ણતાની સામે ટક્કર મારતો પવન. ત્યાં એકલી કાળી, કડક કૉફી અને લાક્ષણિક પરંપરા પ્રમાણેનું ચાનું ગળ્યું પાણી મળે. એક માણસ સિગરેટ ફૂંકવામાંથી નવરો પડે ત્યારે પીણાંનું પૂછવા કે આપવા આવે; તે પણ સિગરેટને આંગળી વચ્ચે પકડીને.

ટ્યુનિશિયાના પુરુષો ઊંચા, પાતળા, સહેજ વાંકડિયા વાળવાળા અને સાધારણ રીતે શાંત મુખભાવવાળા લાગ્યા. કશીક રોચક પ્રકૃત્તિનો ભાવ આવે. કોઈ પણ ગામમાં, કોઈ પણ સમયે કાફે ત્યાં બેઠેલા પુરુષોથી ભરેલા જ હોય. એક શનિવારની સાંજે લોકલ ટ્રેન લઈને હું એકલી ફરી સીદી બૂ સઈદ ગઈ. બધાં જ ટ્રેનમાંથી નીકળીને અમુક દિશામાં જતાં હતાં. મારા પોતાના અનુમાન પ્રમાણે હું પણ એમ જ ગઈ. થોડી જ વારમાં બીજા રસ્તાઓ, લોકોની ભીડ, અનેક કાફે દેખાયાં. એક રસ્તો ઉપરના બજાર તરફ જતો હતો. ઢાળ ચડીને હું ત્યાં ગઈ. એટલી સરસ વસ્તુઓ ફરી નજર સામે આવી. દુકાનો ઉપરાંત લારીઓ લઈને પણ ફેરિયા ઊભેલા. એમાં ખાસ કરીને ઘરેણાં, ડબ્બીઓ જેવી નાની ચીજો હતી. મારી નજર ફરી ફરીને માટીની તપાવેલી, ચીતરેલી આકર્ષક વસ્તુઓ પર જતી હતી. વાડકા ને તાસકો તો મારે લેવા જ પડયાં. એક તાસક પર અરબીમાં ‘અલ્લાહ’ લખેલું છે. ભાવતાલ પણ અહીં થોડો તો કરવો જ પડે. રિવાજ જ એ.

કૉલેજિયન જેવાં દેખાતાં અસંખ્ય છોકરા-છોકરીઓ બજારના રસ્તે ફરવા નીકળેલાં. પણ પરદેશી સહેલાણીઓ જતાં રહ્યાં હતાં. રાત પડવા આવી હતી. ઘણાં સ્ટૉલ બંધ ને ખાલી હતા. હું એકલી — નહીં નાગરિક કે નહીં સહેલાણી. વલણને લીધે એ બેની વચ્ચેની. નહોતું મારે ઘણું ખરીદવું કે નહોતો મને ચીટકવામાં ફેરિયાઓને રસ. બધાં જ જુવાનિયાઓ ત્રણ-ત્રણ કે ચચ્ચારનાં ટોળાંમાં હતાં. કયારેક ભેગાં, મોટે ભાગે એકલા છોકરાઓ કે એકલી છોકરીઓના સમૂહો. આવા દશ્યપટની વચમાં મારું એકલાં હોવું

કદાચ થોડું વિચિત્ર હતું, પણ હું શાંત ભાવ રાખીને ફરતી રહી.

દીવાલો પર લટકાવેલી જાજમોવાળી દુકાનો અને કાફે પૂરાં થયાં પછી મીઠાઈની દુકાનો આવી. જાતજાતની ટ્યુનિશિયન મીઠાઈ લીલા, ગુલાબી, બદામી જેવાં રંગોમાં, સૂકો મેવો ચોંટાડેલી, બરફી જેવા ઘાટમાં મળતી હતી. તળેલા, કાણાવાળા વડા જેવી લાગતી મીઠાઈ બહુ લોકપ્રિય લાગી, કારણ કે બધાં જ ચાલતાં ચાલતાં એ ખરીદીને ખાતાં હતાં. ખજૂર પણ ઘણાં વેચતાં હતાં.

દરિયા તરફ જતો એક રસ્તો જોઈ હું એ તરફ ગઈ. ઘણા લોકો જતા-આવતા હતા. ઢાળ ચડીને આવતા લોકો જરા હાંફતા હતા. વળતો વળતો રસ્તો નીચે છેક દરિયે જતો હતો. ત્યાં અનેક હોડીઓ નાંગરેલી હતી. પૈસાદારો રજાના દિવસોએ સહેલ લેતા હશે. છેક ત્યાં હું ગઈ નહીં. ઘણી વાર લાગત. પહોળી પાળી પર થોડી વાર બેઠી. સાગરને, હોડીઓને, પર્વતોને, સરસ કપડાં પહેરીને મિત્રો સાથે ફરવા નીકળેલા લોકોને જોતાં જોતાં સાંજને માણી રહી.

ગામની બીજી તરફ, એક હોટેલ ને એના ઉદ્યાનની પાસેથી દેખાતા દશ્યમાં કાર્થાજ, એનું મહાદેવળ, એક મસ્જિદ, દરિયા પરથી જતો રસ્તો, ટ્યુનિસ ને એથીયે દૂર સુધીનો વિસ્તાર સમાતો હતો. આ બધું અને ભીડથી સાવ દૂર. ગામના શાંત, ઢાળવાળા, ઇંટાળા રસ્તા પર એક છોકરો બે હાથમાં બે આઈસ્ક્રીમ લઈને પોતાને ઘેર જતો હતો. મારા કૅમેરામાં એ ઝડપાઈ ગયો. એક નાની હોટેલનું બારણું ખુલ્લું જોઈ હું અંદર ગઈ. ખુલ્લા, નાના ચોકમાં વાંકાચૂંકા થડવાળું અંજીરનું ઝાડ ને ફૂલો હતાં. સીદી બૂ સઈદનું શાંત સ્વરૂપ પણ જોવા પામતી હતી.

હજી એક ખૂણે ‘લેસ ફારેસ’ નામવાળી દીવાદાંડીની સંજ્ઞા જોઈ હું એ તરફ ગઈ. સંભાળ ને સાફસૂફી માટે રાખેલા માણસે મને પગથિયાં ચીંધ્યાં. ઉપર ગોળ ફરતી સાંકડી અગાશી હતી. શું સદ્ભાગ્ય! શું વિહંગાવલોકન! બીજું કોઈ જ ત્યાં હતું નહીં. ભૂશિર ‘બ્લાઁક’ ને ભૂશિર ‘બોં’ની વચમાં ઉપસ્થિત હું જાણે કોઈ પ્યુનિક રાજકુમારી હતી. ચોતરફ નિર્બંધ સમુદ્ર હતો. વિશ્વ — પ્રાચીન અને નૂતન — મારી આસપાસ નીચે પથરાયેલું હતું. તુષ્ટ માતરિશ્વા આનંદ પમાડી રહ્યો હતો. ભૂમધ્ય સ્થાનિય વાતાવરણમાંનું એ અલભ્ય એકાંત મને આકસ્મિક રીતે, ઇનામની જેમ પ્રાપ્ત થયું હતું, નિસર્ગનું એ અદ્ભુત સૌંદર્ય મારે જ માટે હતું. ચારેબાજુ હું ફરતી રહી, ઊભી રહી. સંપૂર્ણ શાંતિ, સભર એકાંત. દુનિયા ભુલાઈને પાછળ કયાંયે રહી ગઈ હતી — એટલા સમય માટે. મારા

મનમાં સર્વત્ર અશેષ આનંદનો સ્પર્શ થઈ ગયો હતો.



## સહરા

ધીરેથી, અચાનક કયાંકથી વાલુકા-કૂટ શરૂ થયા હતા. આ જ હોય છે રણની ઓળખાણ. કશું ગુપ્ત નહીં, પણ જાણે અગોચર; કશું અદૃશ્ય નહીં પણ જાણે અપ્રત્યાશિત. આ જ એની ઓળખાણ અને આ જ એનું આકર્ષણ.

રણને આવી જ, અનનુમાનિત ગતિથી આગળ વધતું અટકાવવા માટે રેતીની ઊંચે ટેકરીઓની ટોચે, સૂકાં તાડ-ખજૂરનાં પાનની લાંબી લાંબી વાડ કરેલી હતી. કેં કેટલીયે જગ્યાઓએ આ વાડ વધતી ગયેલી રેતીમાં દટાઈ ગઈ હતી, કયાં તો તૂટી ગઈ હતી. એકમાં રણનો પ્રતાપ અને બીજામાં લોકોનો ઉત્પાત કારણભૂત હતા. કુદરતનાં તત્ત્વોને નાથવાનું કાર્ય પણ ભગીરથ કાર્ય જ થયું ને. આવી વાડનું સતત ધ્યાન રાખો તો જ એ કદાચ ટકવાની.

બસ ઊભી રહી અને અમે ટેકરીઓ તરફ ગયાં. સૂર્ય આકાશમાં ઉચ્ચસ્થાને હતો અને શક્તિસંપન્ન હતો. ટોપી કે રૂમાલથી માથું ઢાંકવાનું અમને કહેવામાં આવેલું. ખરેખર માથું ફાટી જાય તેવો તાપ હતો. અરે, સહરાનું રણ હતું, કાંઈ જેવી તેવી વાત હતી!

રેતીની સપાટી પર જાણે ઠરેલું પડ હતું. એના પર પવનની ફરફરથી આછી લહેરીઓ અંકાઈ હતી. પણ પગ મૂકતાં એ પડની નીચેની રેતીની સુંવાળપનો સ્પર્શ થતો હતો. એ રેતીમાં સહેજ પણ કણીઓ કે કરકર નહોતી. જાણે બારીકમાં બારીક પાવડર જોઈ લો કે પછી જાણે રેશમ. એવા ઊંચા ઢોળાવ પર ચડતાં ખાસ્સી મહેનત પડી. પગ મૂકયો કે તરત કયાં તો એ દટાઈ જતો, કયાં તો લપસી પડતો. પણ એની મજા બહુ આવી. માંડ માંડ એક વાર ટોચ સુધી પહોંચ્યાં તો પેલી બાજુનો દૃશ્ય વિસ્તાર તદ્દન જુદો જ હતો.

ઢોળાવની ઊંચાઈ જોતાં થયેલું, ચડાશે? નહીં ચડાય? જરા બીક પણ લાગી હતી. પણ બધાં જ જતાં હતાં એટલે જવાનું તો હતું જ. એમ કરતાં કરતાં ટોચ પર આવ્યાં અને પછી બસ, સામે પથરાઈને પડયો હતો રેતીનો દરિયો. પીળો પીળો, લીસો લીસો, દૂર દૂર, સુંદર સુંદર. રેશમના તાકાના તાકા ઉકેલાઈને પડયા હતા જાણે. કાંઠાને અવગણીને રેતીનું પૂર ઊમટયું હતું જાણે. રણ લાગતું હતું તો દરિયા જેવું, પણ એમાં ડૂબી જવાય તેમ નહોતું. ત્યાં તો દટાઈ જવાય તેમ હતું.

દૂર દૂર સુધી ઊંટના રંગની રેતીએ સુંદર સુંદર મસૃણ આકારોના પરિલેખ રચ્યા હતા. રંગની એકવિધતાથી એની આકર્ષકતા કોઈ રીતે ઓછી નહોતી થતી. છેક પણે તાડવૃક્ષોનાં થોડાં ઝુંડ હતાં. ત્યાં સુધી પહોંચવા જાણે રણ આમંત્રણ આપતું હતું, પણ એ સ્વીકારવામાં બિન-અનુભવી શહેરીઓનું હિત નહોતું. સૂર્યનાં કિરણો રેતી પર પડીને એને સોનેરી ઝાંયથી શણગારતાં હતાં. પાછલા એ ઢોળાવ પર લપસીને અમે રણ પર ચાલવા માંડયાં. અમે પગલાં મૂકતાં જતાં હતાં, જે લાંબો સમય ત્યાં ટકી રહેવાનાં નહોતાં. રણ વધશે અને વધતું રહેશે; ને તે સાથે જ, એ ત્યાંનું ત્યાં પણ રહેશે જ. નહીં રહે અમારાં પગલાં અને અમે.

થોડે દૂર એક ઊંચું, પાતળું તાડ તરુ હતું. કેટલી પાંખી એની છાયા હતી. પણ તોયે થોડી ક્ષણો એની નીચે બેસી, તપ્ત સૂર્યથી જરાક રાહત મેળવવા માટે એ પૂરતી હતી. બધાં ફોટા પાડવા-પડાવવામાં રત રહ્યાં. રણ મને બહુ પ્રિય છે, તેથી એની સાથે એકાદો ફોટો મેં લેવડાવ્યો અને એના ઊંચાનીચા વર્તુળાકારોના થોડા ફોટા પાડયા. રણ પર એક કવિતા પણ લખી. એની સુંવાળી વ્હાલપ પર જાણે ચાલ્યા જ કરું, પણ અલ્પ સમયનો હતો એ સંગ.

અમુક અંતરે જઈને, ત્યાં રાહ જોતી બસમાં ફરી બધાં ગોઠવાઈ ગયાં. આખરે અમે પ્રવાસી હતાં, આ પ્રદેશનાં મુલાકાતી હતાં. જગ્યા સાથે પ્રેમમાં પડયા પછી પણ અમારે આગળ ધપતાં જ રહેવાનું હતું.

રેતીના એકરંગી પ્રસ્તારવાળા, સપાટ, સૂકા માર્ગ પર પચીસેક માઈલ ગયા પછી મીઠાના પડવાળી જમીન શરૂ થઈ. દૂર પાણી દેખાતું હતું, તે ખરેખર તો નકશામાંનું તળાવ હતું. પણ મીઠાનો ભાગ એટલો બધો કે પાણી સહેજ સુકાય અને મીઠાના પોપડા વળી જાય. આવી જમીન પર જ ચાલીસ માઈલ જેટલો એ રસ્તો બનાવાયો હતો. તળાવ હતું કેટલું વિશાળ, તેનો ખ્યાલ નકશો ખોલતાં આવતો હતો; નહીં તો નરી આંખે પાણી

એટલું દૂર દેખાતું હતું કે સાચું પણ ના લાગે. આવાં કુલ ત્રણ 'ચોટ' (તળાવ) દક્ષિણ ટ્યુનિશિયામાં છે. અમે જોયું તે 'ચોટ એલ જેરિદ' સૌથી મોટું હતું. જમણી બાજુ, એટલે કે ઉત્તરે પર્વતો દેખાતા હતા અને સામે ડામરના રસ્તા પર મૃગજળ તરવરતાં હતાં.

એક બાજુ બસ ઊભી રાખીને અમે જ્યાં ઊતર્યાં તે પડ લાગતું હતું સૂકું પણ હતું પોચું, ભીનું અને લપસણું. જુદો જ અને કૈંક વિચિત્ર અનુભવ હતો — એટલા મોટા, ખુલ્લા, ખાલી પ્રદેશ પર ઊભેલાં હોવાનો. શું હતી એ જગ્યા? જળ પણ નહીં ને સ્થળ પણ નહીં ને શું હતાં અમે? પાંડવો પણ નહીં ને કૌરવો પણ નહીં.

આગળ જતાં જમીન તદ્દન સફેદ થઈ ગઈ. મીઠાનું પડ ખાસ્સું જાડું હતું ત્યાં આ 'ચોટ' ટ્યુનિશિયાની ભૌગોલિક અજાયબી ગણાય છે. એક જમાનામાં ત્યાં સમુદ્ર હશે અને હવે હતો એ ભાગની રણની વચ્ચોવચ. કયાંક કયાંક મીઠું સ્ફટિક જેવું થઈ ગયેલું અને સૂર્યમાં એટલો ભાગ હીરાની જેમ ચમકતો હતો. આકાશનો રંગ આછો ભૂરો હતો અને દૂરના પર્વતો જાંબલી-રાખોડી રંગના હતા. કૅમેરા એ સામાન્ય સૌંદર્ય ઝડપવા સફળ થાય તેમ નહોતો, બાકી એ દૃશ્ય હતું ચિરસ્મરણીય.

એ રસ્તો આગળ ને આગળ છેક અલ્જિરિયા પહોંચતો હતો. એની સરહદથી પચીસ માઈલ પહેલાં નેફ્તા નામનું ગામ આવતું હતું. એ ખૂબ સુંદર અને જાણીતા એક રણદ્વીપની આસપાસ વસેલું હતું. માઈલોના માઈલો લાંબી તાડવૃક્ષોની ગાઢ વાડીની આખી રચના દૂરથી, ઊંચેથી જોવાય તો જ પરિપ્રેક્ષ્ય આવે. આ માટે ખાસ એક ભેખડ પર જોવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. અગાશી, પાળી, તરત છીપાવવા જરૂરી એક નાની રેસ્ટૉરાં અને પ્રવાસીઓ જ્યાં જતા હોય ત્યાં જે હોય જ તેવી દુકાન ત્યાં બનાવાયાં હતાં. ગીચ તાડની વચ્ચે થઈને પાણી વહેતું હતું. વળી, એ ઝરણ જમીનમાંથી જ ગરમ નીકળતું હતું, તેથી ગામમાં પુરુષો અને સ્ત્રીઓ માટેના જુદા સ્નાનહૉજ પણ હતા. અમે ગામમાં ગયાં નહોતાં. દૂરથી જ લીલું રણોદ્યાન અને ગામનાં પીળચટ્ટાં ઘર જોઈ લીધાં.

તાડની વચમાંથી પાણી વહેતું હોય એવું બીજું પણ એક રણોદ્યાન જોયેલું. રણમાં આમ પાણી હોય તે આખી વાત વર્ષોથી જાણેલી હોય તો પણ જોઈને તો આશ્ચર્યજનક લાગે જ.

તઝર નામના ગામમાં પણ તાડવૃક્ષોથી બનેલો એક નાનો રણદ્વીપ હતો. નાના, ઊંડા ઝરણા રૂપે વચમાં થઈને પાણી વહેતું હતું. એ તો બરાબર જોયું અને નજીકથી, કારણ કે ઊંટ પર સવાર થઈને એ ગીચ લીલાશમાંથી અમે નીકળ્યાં હતાં. બધી બાજુ ખૂબ પ્રમાણમાં તાડ, કેળાં, દાડમ, પીચ ને બીજાં ફળોનાં ઝાડ ઊગેલાં હતાં. એ બધા વિસ્તારમાં પાણી જાય તે માટે મુખ્ય ઝરણને નાનકડી, નીક જેવી નહેરોમાં વાળવામાં પણ આવતું હતું. સરસ ફૂલ્યુંફાલ્યું ઉદ્યાન હોય તેવું એનું સ્વરૂપ હતું. વાર્તાઓમાં વાંચીને રણદ્વીપનો અર્થ આપણે ‘રણની વચ્ચે સૂનાં જેવાં ઊભેલાં થોડાં તાડ અને ખોબા જેટલું પાણીનું તળાવ’ જેવો કરતાં હોઈએ. વસ્તી અને વનસ્પતિથી ભર્યું ભર્યું આવું અને આટલું મોટું રણોદ્યાન જોઈએ ત્યારે એ આપણા મનમાંના ‘રોમાન્ટિક’ ચિત્રને મળતું ના આવે, પણ કોઈ કુદરતી ચમત્કાર જેવું અવશ્ય લાગે.

ટ્યુનિશિયાના દક્ષિણ ભાગને આવરીને રહેલા રેતાળ, શુષ્ક રણની વચમાં કુદરતી રીતે વહી નીકળેલા પાણીના વિપુલ વહેણની આસપાસ ગીચ ઊગેલાં તાડવૃક્ષોની સાથે સાથે એક ગામ વસી ગયું છે. તે જ તઝર. અરબી ઉચ્ચાર કેવો સહેલો લાગે છે. અંગ્રેજી બારાખડી પ્રમાણે લખતાં નામ અઘરું બને છે : Tozeur, અને ફ્રેન્ચ ઉચ્ચાર તો એથી પણ અઘરો.

તઝરમાં પ્રવાસીઓને માટે રણદ્વીપ સિવાય પણ બીજી કેટલીક જગ્યાઓ છે. એક તો ‘સહરામાંનું પ્રાણીગૃહ’, બીજી તે ‘સ્વર્ગીય ઉદ્યાન’ અને ત્રીજું ત્યાંનું સંગ્રહાલય. પ્રાણીગૃહ જોઈને મને તો દયા આવી ગઈ. પ્રાણી ને પંખીઓની જ તો! થોડાં હરણ, નાનાં પ્રાણી અને થોડાં ‘રેપ્ટાઈલ’ હતાં. કોઈ પાંજરાંનાં ઠેકાણાં નહીં. કયાંય કશી ‘જીવંતતા’ નહીં. એક ઊંટ હતું, તે અમને જણાવવામાં આવ્યું એ મુજબ કોકોકોલાની લતે ચડી ગયું હતું. પંખીઓ માટેના એક મોટા જેવા પાંજરામાં સાવ એકલું એક વાંદરું હતું. તદ્દન શાંત બેઠેલું અને મને તો ઉદાસ જ લાગ્યું. વચમાં એક જગ્યાએ ઢગલો કરીને ખડકાયેલાં ઘણાં બધાં હાડકાં હતાં — ત્યાં મરી ગયેલાં પ્રાણીઓનાં જ હશે.

હું તરત નીકળવાના દરવાજા પાસે, બહાર જવા માટે બાકીનાની રાહ જોતી ઊભી રહી ગઈ. જ્યારે જીવોને સાચવવાના પણ પૈસા ના હોય ત્યારે ‘ઝૂ’ બનાવવાનો વિચાર પણ કોઈને કઈ રીતે આવતો હશે? બાજુમાં જ ઉદ્યાન હતું. એ તો ઘણું વખણાય છે અને સારું હતું. જુદી જ જાતનાં ફૂલો જોવા મળ્યાં. ચાલવાના પથોની બે તરફ ફળોથી લચેલાં થોડાં ઝાડ હતાં. પણ સુકાઈને સાવ મરી ગયેલી એક નાનકડી કેળ કશીક ઉપેક્ષાના સૂચન જેવી લાગી.

દાર શેરત (Cheraiet) નામનું જે સંગ્રહાલય હતું તે ખરેખર બહુ જ સરસ હતું. નવું જ બંધાયેલું એનું મકાન જોઈને જ ખુશ થઈ જવાય. અરબી સ્થાપત્ય એટલે કે થાંભલા, કમાન, ઝરૂખા, ગુંબજ અને આખું સફેદ રંગેલું. કામ તો હજી ચાલુ જ હતું. બાંધકામને લગતો ઘણો સામાન મકાનના જુદા જુદા ભાગોમાં હજી દેખાતો હતો. પ્રવેશ કર્યા પછી આવતા ચૉકમાં, નાના પાંજરામાં પુરાયેલા પ્રાણીની જેમ પવન અફળાતો હતો. દીવાલો પર બધે જ સુંદર, રંગરંગીન, લાક્ષણિક ટાઈલ્સનું પ્રાચુર્ય હતું. જેટલી સુશોભિત ઇમારત હતી તેટલું જ જોવાલાયક એમાં સંગ્રહિત કળાધન હતું. મોટે ભાગે ૧૯મી સદીમાંના ટ્યુનિશિયન જીવનનાં સાંસ્કૃતિક અને સામાજિક પાસાં એમાં પ્રદર્શિત કરાયાં હતાં. એક કક્ષમાં કાચ પર ચિતરાયેલાં વર્ષો જૂનાં ચિત્ર હતાં, તો બીજામાં આધુનિક ચિત્રો હતાં. એક ચૉકને ફરતે બનાવેલા નાના કેટલાક ઓરડાઓમાં પરંપરાગત પોષાકો, આભૂષણો ને સામગ્રીઓ ગોઠવેલી હતી. એમાંની કેટલીક ચીજવસ્તુઓના અણસાર અરબ સંસ્કૃતિ ને ઇસ્લામની સાથે આપણી ઘણીયે ચીજવસ્તુઓમાં આવી વસેલા છે તે યાદ આવ્યા વગર રહે નહીં.

એકાદ કળાકક્ષમાં હું જોતી ફરતી હતી ત્યાં એક યુવાન ટ્યુનિશિયન કશુંક ‘ગાવા’ માંડી ગયો. મારી સામે જોઈને હસ્યો અને ગાવાનું ચાલુ રાખ્યું. હું ભારતીય છું તે એ સમજી ગયો હતો અને એના મનમાં તો એમ જ કે એ હિન્દી ફિલ્મી ગીત ગાઈ રહ્યો હતો. મને એવું કાંઈ લાગ્યું નહોતું. ઊલટું, મેં તો એને બીજા આવું કરનારા જેવો મૂરખ જ માન્યો. આવાઓથી બહુ કંટાળો આવતો હોય છે. બધી ભારતીય સ્ત્રીઓ હિન્દી ફિલ્મોની હિરોઈનો જેવી નથી હોતી અને વાત કરવા આવનારા રસ પડે તેવા બુદ્ધિવાળા હોય તો વધારે જ ગમે ને?

તઝર ગામ મને યાદ રહી ગયું એની એક અનન્ય સ્થાપત્યશૈલીને કારણે. એને આપણે ઇંટકળા કહી શકીએ. સાધારણ રીતે હોય છે તેનાથી અડધા જેટલી ઊંચી, એટલે કે ખૂબ પાતળી ઇંટોની ગોઠવણી કરીને સુંદર, ભૌમિતિક શોભાકૃતિઓ ઉપસાવી હોય. મસ્જિદના મિનાર, દીવાલો, પ્રવેશદ્વાર, બારીઓ — બધે જ આ કળાનું નિરૂપણ જોવા મળે. ઇંટોનો રંગ લગભગ હંમેશાં બદામી કે ઊંટના જેવા રંગનો જ હોય — રણને અનુરૂપ, પણ દર્શન વિશિષ્ટ. આ કળા દક્ષિણ-પશ્ચિમના આ રણપ્રદેશની જ ખાસિયત છે એમ જાણવા મળ્યું. બીજે ક્યાંયે ફરી એ જોવા ના મળી, પણ તઝરમાં ખૂબ જોઈ અને ઘણા ફોટા પણ લીધા.

શાકભાજીની માર્કેટના દરવાજા પર આવી સરસ આકૃતિઓ હતી. મસ્જિદનો મિનાર વધારે પડતો ઊંચો હોઈ કઢંગો હતો, પણ આ ઇંટકળાથી પૂરેપૂરો શણગારાયેલો હોઈ લાગતો હતો ખૂબ સુંદર. ગામના પુરાણા ભાગમાંની સાંકડી ગલીઓમાં, કમાનો નીચે થઈને, ઇંટકળા-ખચિત દીવાલોને વખાણતાં અમે ઘણું ફર્યાં. વચમાં થોડી ખુલ્લી જગ્યા આવે તો પડોશના છોકરાઓ ત્યાં રમતા દેખાતા. સ્ત્રીઓને બારણાના પડછાયાના અંધારામાં અંદર તરફ બેઠેલી જોઈ. એવા એક પ્રવેશદ્વારમાં ડોકિયું કર્યું તો જોયું કે સાફસૂફી કર્યા વગરના, પથરાથી અસ્તવ્યત રખાયેલા એ ભાગ પછી આંગણું આવતું હતું અને એની આસપાસ રહેવાના ઓરડાઓ બંધાયેલા હતા. જુદી જ રચના હતી એ બધાં ઘરોની. હવે કદાચ એવાં ઘર બંધાતાં પણ નહીં હોય. ધૂળિયા રસ્તાઓવાળા એ બધા મહોલ્લામાં ખૂબ ઓછી અવરજવર હતી. એક વાર એમાંની શાંતિ ભાંગી હતી — જ્યારે કોઈ અંધારા ઓરડામાં એક માણસ એક છોકરીને બેતરહ મારી રહ્યો હતો અને એ છોકરી જોરથી ચીસો પાડી રહી હતી. શું ગુનો થયો હશે એનો? શું ભૂલ કરી હશે એણે?

તઝરના મુખ્ય રસ્તાઓ પર જાતજાતના કફતાન, સલવાર અને શિરવસ્ત્રોવાળા પુરુષોની અવરજવરની વચ્ચે દેખાઈ જતી સ્ત્રીઓ એવાં આચ્છાદનમાં ઢંકાયેલી હતી જે પહેલાં કયાંયે જોયાં નહોતાં. રંગીન કે ચોકઠાંવાળાં કાપડ તો ગયાં જ. કયારેક સફેદ જોવા મળી જાય પણ તઝર ગામની વિશેષતા હતી સંપૂર્ણ કાળાં આચ્છાદન. પછી તો મેં ધ્યાનપૂર્વક એમની તરફ જોવા માંડયું. કેટલીક સ્ત્રીઓ તો સદંતર ઢંકાયેલી હોય — પગનાં મોજાં, હાથનાં મોજાં ને માથાથી પગની પાની સુધી, ભુજાઓ અને મોઢાં પણ એ જ કાળી ચાદરમાં છુપાવી દીધાં હોય. એ સુતરાઉ પડદામાં થઈને એ ગામની દુનિયાને જુએ. કોઈ ઓળખીતી મળી જાય તો એકમેકની સાથે વાત કરવા ઊભી પણ રહી જાય. કઈ રીતે કોઈને ઓળખી પણ શકતી હશે, એ જ નવાઈ લાગે આપણને. ખરીદી કરીને જતી હશે, એમ પણ એમની ગડીઓની અંદરથી સ્પષ્ટ થતા આકારોથી લાગે. ચાલે તો એવી ઝડપથી કે જોતાં જ રહી જઈએ. આગળ-પાછળથી સરખી જ ઢંકાયેલી હોય, પણ તોયે કૅમેરા તાકીએ તો ઊંધી ફરી જાય! ખાસ્સો કૌતુક ભરેલો પોષાક, ખાસ્સું કૌતુક ભરેલું વર્તન!

ટ્યુનિશિયાનાં ગામડાંની સ્ત્રીઓ પર છૂંદણાં પણ ઘણી વાર જોયાં. હાથે, બરાબર કપાળની વચ્ચે, હોઠ પર થઈને ચિબૂક પર. એ પણ જુદી જ રીતો. બુરખાની જેમ સીવેલાં ઢાંકણ નહીં, પણ ચાદર જેવા ખુલ્લા-પહોળા કાપડથી પોતાને ઢાંકતી આ સ્ત્રીઓ છેડા પણ ઘણી જુદી જુદી રીતે સંભાળતી રહેતી હતી. હાથમાં છુટ્ટો હોય, ખભા પર નાખેલો હોય કે હોઠમાં દબાવેલો રાખ્યો હોય. દાંત વચ્ચે ભરાવેલા છેડા તો ઘણી વાર જોયા. અંગેઅંગ ઢંકાયેલું રહે અને હાથ છુટ્ટા કે ચીજો પકડતા રહે. ભારે કૌતુક, ભાઈ!

બધું જોઈ કરીને હોટેલ પર પાછાં ફરીએ ત્યારે તાપથી હાંફી-થાકી ગયાં હોઈએ. આખા દિવસની ગરમી ખંખેરવા માટે હું હોટેલના સ્વિમિંગ પુલમાં પડી. આહ, કેવી ઠંડક! રણના તાપને અને ધૂળ દૂર રાખતું એ આધુનિક સગવડોવાળું જીવન હતું. અમારું જીવન. ગ્રામ્યજનોનાં ઘરોથી ક્ષણોને જ અંતરે. એ શું ઓછું વિસ્મયપ્રદ હતું?



## દક્ષિણ આફ્રિકા

ઘણી વાર મારી સાથે એવું બને છે કે સ્થાનને જોયા પહેલાંથી જ હૃદય એને માટે સ્નેહાર્દ્ર બની ગયું હોય. એને વિષે જે વાંચ્યું હોય, જાણ્યું હોય તે જ પ્રેમભાવ માટે પૂરતું બની જાય. એક વર્ષ પહેલાં આવું થયેલું દક્ષિણ આફ્રિકાની બાબતમાં. એનો સંદર્ભ તો છેક નાનપણથી મળેલો. ત્યારે ભૂગોળનો તો જરાયે ખ્યાલ નહીં ને વાસ્તવિકતાની ક્રૂરતાની કશી સમજણ જ નહીં. પણ નામ સાંભળેલું ગાંધીજીનું ને ટ્રેનમાંથી એમને કેવા ઉતારી પાડેલા, એવું કાંઈ સહેજ યાદ રહી ગયેલું. પછીથી "દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ" જ્યારે વાંચવાનું આવ્યું ત્યારે અનેક તવારિખો ને વિગતોમાં ગૂંચવાઈ જવાયેલું. વય સહજ રમૂજમાં એનું નામ 'દક્ષિણ આફ્રિકાના ઇતિહાસનો સત્યાગ્રહ' પાડેલું! જોકે તે તો થોડો જ સમય. ફરીથી એ કથાનક હાથમાં લીધું ત્યારે વય ખાસ વધી ન હતી પણ મનમાં ગંભીર આદર્શવાદ આવી વસ્યો હતો. પુસ્તક વાંચતાં હૃદય સતત દ્રવતું રહ્યું હતું : "આવાં અપમાન? આવો તિરસ્કાર?"

કાળક્રમે દક્ષિણ આફ્રિકાની બ્લૅક પ્રજાના જીવનની કરુણતા અને યુરોપી શાસકોએ લાદેલી "ઍપાર્થાઈડ" એટલે કે રંગભેદનીતિની ભયંકર ક્રૂરતાથી પરિચિત હું થયેલી. નૅલ્સન માન્ડેલાના આદર્શવાદ અને આત્મગૌરવના સિદ્ધાંતો માટે અપાર માન અનુભવેલું. નેડિન ગૉર્ડિમર જેવાં સિદ્ધહસ્ત સર્જકની સાહિત્યિક કલમ દ્વારા કંડારાઈને ત્યાંની કારમી વાસ્તવિકતાને સમ્યક્Xમોભો પામતી જોયેલી. વિખ્યાત 'ક્લર્ડ' નાટ્યકાર, ઍથૉલ ફ્યુગાર્ડની સચોટ લેખિનીથી પ્રભાવિત થઈને એક તરફ એમનાં નાટકોને માણેલાં ને બીજી તરફ, એમાં નિરૂપાયેલાં અપમાન તથા તિરસ્કાર તાદૃશ થતાં ઊંડે સુધી વેદના ભોગવેલી. એ દરમ્યાન, પ્રવાસી તરીકે ને તે પણ ભારતીય સ્ત્રી, એકાકી — દુનિયાભરમાં હું પણ

અનેક પ્રકારે અપમાન તથા તિરસ્કારનો ભોગ બનતી રહેલી. એ પીડાજનક સ્વાનુભવોને કારણે, કોઈ પણ અન્યાયનો ભોગ બનતી કોઈ પણ વ્યક્તિ પ્રત્યે હૃદય પક્ષપાતી રહેતું આવ્યું છે.

દક્ષિણ આફ્રિકાનાં દર્શન કરવાની ઉત્સુકતા મનમાં ઘણા વખતથી હતી. પણ રાજનૈતિક નિયમાનુસાર, પાસપોર્ટમાં "દ. આ. જવાની મનાઈ"નો સિક્કો મરાયેલો હતો. સંજોગવશાત્ છેવટે નિયમો બદલાયા. દ. આ.ના ભાગ્યમાં પણ પલટો આવ્યો. છવ્વીસ વર્ષે નૅલ્સન માન્ડેલા જેલમાંથી રિહા થયા અને એમની દેશભક્ત આગેવાની હેઠળ ૧૯૯૪માં દ. આ. નવ્ય સ્વાયત્ત રાષ્ટ્ર બન્યું.

જો હું હંમેશ મુજબ એકલી, સ્વનિર્ભર રીતે દ. આ. જવા નીકળી પડી હોત તો જેમના ત્યાંના વસવાટની ખૂબ ઐતિહાસિક અગત્ય છે તેવી, ત્યાંની ભારતીય પ્રજાના અંતરંગ જીવનની ઝાંખી હું પામી જ ના હોત. દૈવી નિર્ધારને લીધે દ. આ.ના પ્રવાસ અંગેનું મારું સૌભાગ્ય સંપૂર્ણ બન્યું. જોહાનિસબર્ગ અને પ્રિટોરિયાના ગુજરાતી સમાજ તથા ગાંધી સ્મારક સમિતિ તરફથી મને ત્યાં જવાનું આમંત્રણ મળ્યું. ગુજરાતીઓ સાથે વાર્તાલાપ કરવાની અને વિભિન્ન સ્લાઈડ દ્વારા દૃશ્ય-શ્રાવ્ય રજૂઆતો કરવાની તક પરદેશમાં મને પહેલી વાર મળી રહી હતી. મહેમાન તરીકે કયાંયે ને કોઈને પણ હું તકલીફરૂપ નહીં બનું એની મને ખાતરી હતી.

પ્રથમ દર્શનથી જ થવા માંડેલો આનંદ બે મહિના જેટલા ગાળા દરમ્યાન પ્રત્યેક દિવસે મારા મનને સ્પર્શતો જ રહ્યો. સર્વત્ર પશ્ચિમસહજ સ્વચ્છતા અને શીઘ્ર ગતિને અનુકૂળ મહામાર્ગો. એ પછી ધ્યાન ખેંચે સઘળે દેખાતી મોંઘી મોંઘી યુરોપી અને નિવાસવિભાગોમાં આવેલાં સુઘડ ઘર તથા સુંદર સ્થાપત્યવાળા વિશાળ બંગલા.

મારી પહેલી યજમાન હતી મારી મિત્ર મંદાકિની. એના ઘર આગળથી "જો-બર્ગ"ના હુલામણા નામે ઓળખાતા શહેરની કાચ ને સ્ટીલની અદ્યતન ઊંચી ઇમારતો દેખાતી હતી. મને થાય, જાણે કયારે જાઉં એમની વચમાં! એ પહેલે-બીજે દિવસે ખૂબ વરસાદ પડતો રહ્યો. મેં કહ્યું, "સરસ. વરસાદ તો મને બહુ ગમે." પણ ત્રણ દિવસ પછી થવા માંડયું કે "બસ, હવે બંધ થાય તો બહાર જઈને રસ્તાઓ પર ચાલુ!"

જાહેર કાર્યક્રમમાં હાજરી આપવાના પહેલા પ્રસંગે પણ વરસાદ ચાલુ જ હતો. દર

વર્ષે યોજાતી "સમૂહ કદમકૂચ"માં ભાગ લેવા નાના-મોટાં બે-અઢી હજાર ભારતીયો ભેગાં થયાં હતાં. ગાંધી સભાગૃહના ચૉગાનમાં વાતાવરણ મેળા જેવું. પણ પંદરેક માઈલની કદમકૂચમાં જોડાનારાં માટે જો-બર્ગના પેટા વિભાગ લેનેશિયાના રસ્તાઓ પર પોલીસનો સરસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. ચાલનારાંનો ઉત્સાહ વરસાદ મંડ પાડી શકયો ન હતો. ગાંધીજીનાં પૌત્રી ઇલાબહેન અને હું મુખ્ય મહેમાન હતાં. એ તો ત્યાં જાણીતાં; પણ મારી સાથે વાત કરવા, ઓળખાણ કરવા ઘણાં જણ હસતે મોઢે પાસે આવ્યાં. એમાંના કેટલાંક — જયંતિભાઈ, શાંતિબહેન, છોટુભાઈ, પ્રો. કાંતિભાઈ — તરત જ મારી સાથે મિત્ર જ નહીં, સ્વજનની જેમ વર્તવા માંડી ગયાં. દરેક શહેરમાં મળેલી આવી સહૃદયી વ્યક્તિઓને લીધે દ. આ.માંનો મારો સમય યથાર્થ બનતો રહ્યો.

જો-બર્ગ તો બહુ જ ગમી ગયું. ત્યાંથી નીકળીને ચાર-પાંચ વાર હું બહાર ગઈ ને પાછી આવી. પાડોશી દેશો બૉટ્સ્વાના અને ઝિમ્બાબ્વેની મુસાફરી બસ માર્ગે કરી. ટાન્ઝાનિયા વિમાનમાર્ગે જઈ આવી તો કેપટાઉનથી જો-બર્ગ પાછાં આવવા માટે સત્તાવીસ કલાક ટ્રેનમાં ગાળ્યા. ઉદ્દેશ દ્વિવિધ લોકજીવન જોવાનો અને ભૂમિનું સૌંદર્ય માણવાનો. દ. આ.માં છેક ઉત્તરના ગ્રામ્ય પ્રદેશથી માંડીને એના દક્ષિણતમ સ્થાન 'ગૂડ હોપની ભૂશિર' સુધી અનેક સ્થાનો જોયાં ને એમનાંથી એવી તો મોહિત થઈ ગઈ કે જાણે દ. આ.માં જ રહી જાઉં! એટલો બધો સુંદર હશે એ દેશ, એવી તો કલ્પના પણ નહોતી કરી. એનું ભૂરું આકાશ, એના ભૂરા અર્ણવ. ભૂખરા-જાંબલી પર્વતો ને સફેદ વેળુ-તટ. ઘનશ્યામ વનપ્રદેશ ને હર્યાંભર્યાં ખેતર. યુરોપીઓ સાથે સોળમી સદીમાં આવેલાં કૉસ્મૉસ ફૂલોનાં સફેદ ને ગુલાબી લહેરાતાં મેદાનો. લીલી જાજમ જેવો દેખાતો શેરડીનો ઊભો મોલ. કુદરતની મહેર થયેલી મને સર્વત્ર દેખાઈ.

છેક ઉત્તરનો પ્રદેશ પહાડી ને જંગલછાયો છે. પણ દશ્યાવલિ જુઓ તો વધુ ભાગે સૂકી ને પીળચટ્ટી લાગે. તેના વિસ્તારમાંથી પસાર થતા કર્કવૃત્તની નોંધ એક સ્તંભ બાંધીને લેવાઈ છે. ઢોળાવો ચડતા-ઊતરતા એના મહામાર્ગો વાહનોની રાહમાં સૂના સૂના હોય છે. એકાદી ટ્રક પસાર થતાં ધૂળના ગોટા બનીને માર્ગ એની પાછળ પડે છે. લુઈસ ત્રિખાર્ડ અને થોહોનાન્ડુ જેવાં બે નાનાં શહેર સિવાય ત્યાં છૂટાં ગામડાં કે વન્ય વસાહતો છે. વસ્તી એન્ડેબેલી જેવી જાતિઓની. કુટિરો જેવી ગારમાટીની સરસ ઝૂંપડીઓમાં વસવાટ, એમની ગોળ દીવાલ પર ચૂનો ને ગેરુના રંગથી ચિતરામણ કરેલાં દેખાય. દોડીને છોકરાં મોટર પાસે આવે. એમનાં હસતાં મોઢાં જોઈને બહુ સારું લાગે.

ત્યાંથી ત્રણ-ચાર કલાક દક્ષિણે છે દેશનું પાટનગર પ્રિટોરિયા. સુંદર શહેર છે. દ.

આ.નાં શહેરો મને શરૂઆતથી જ બહુ ગમી ગયાં. એમ પણ થયેલું કે ઑસ્ટ્રેલિયાનાં શહેરો જેવો સરસ દેખાવ છે એમનો. તાળો પણ પછી તરત મળી ગયો : “સરખાં હોય જ ને. દ. આ. ને ઑસ્ટ્રેલિયા — બન્નેનું વિરચન કરનારા શાસકો એક જ હતા ને. અંગ્રેજો વળી!” ન્યાયાલય, નગરપાલિક, મુખ્ય પોસ્ટ ઑફિસ, મહાવિદ્યાલય વગેરે ઇમારતોના સ્થાપત્ય લાક્ષણિક રીતે ‘વિક્ટોરિયન’, ‘ગૉથિક’ ને ‘બારોક’ પણ હોય. આપણા દેશમાં પણ જોવા મળે છે તેવાં — જેમ કે અમદવાદની ગુજરાત કૉલેજ, મુંબઈનો રાજાબાઈ ટાવર, કલકત્તાનું વિક્ટોરિયા મેમોરિયલ ઇત્યાદિ. પ્રિટોરિયામાંનું સંસદભવન નવી દિલ્હીની જેમ જ ઉષ્માવંત ગુલાબી પથ્થરોનું બનેલું અને કમાનો-સ્તંભોથી શોભતું છે. એ તો પાછું એક ટેકરી ઉપર છે, એટલે શહેર આખામાંથી એ દેખાય; અને એના પરથી આખા શહેરના પ્રસ્તાર નજરે ચડે. શું ભવ્યતા છે એ ભવનની. નીચે છેક શહેર સુધી પહોંચતાં ઢોળાવો પર સળંગ બાગ-બગીચાઓ બનાવાયેલાં છે. સુઘડ કાપેલું લીલું ઘાસ, રંગરંગીન ફૂલો, વિક્ટોરિયન શિલ્પો, સમકાલીન સ્મારકો ને બધે વિચરણ પથ. મોકળી ને મનોરમ જગ્યા. ઇમારત તેમજ ઉદ્યાન જોવા જનારને કોઈ રોકટોક નહીં. કોઈ પોલીસ તો શું પણ દરવાન-ચોકીદાર કોઈ જ નહીં. માળીઓ હોય તે તો પોતાનાં કામમાં મશગૂલ! નવા લોકશાહી રાષ્ટ્રનું શાસનકેન્દ્ર. કેવું શાંત ને સુંદર.

પ્રિટોરિયાના નગરકેન્દ્રમાં ત્યાંના ડચ શાસકોની અસર દર્શાવતાં લાણક્ષિક ડચ સ્થાપત્યનાં મકાનો છે. એ ઇંટનાં બનેલાં લાગે. છાપરાં તથા અગાશીની પાળીની ‘ગેબલ’ શૈલીથી એ ઓળખાય. અડોઅડ હવે તો બધે સમકાલીન બાંધકામો પણ થઈ જ ગયાં છે. પણ ત્રિવિધ પ્રકારનાં સ્થાપત્યની સહોપસ્થિતિ દ. આ.નાં શહેરોને અપૂર્વ શોભા બક્ષે છે.

ત્યાંનું જૂનામાં જૂનું ભારતીય મંદિર દક્ષિણ ભારતીય ગોપુરમ્થી યુક્ત છે. એની સાદગી મને બહુ ગમી. ગર્ભગૃહની આગળ ખુલ્લો, પરસાળ જેવો એક ઓરડો. બાજુમાં મોટું ઘેઘૂર એક વૃક્ષ. એની ઠંડક અને શાંતિમાં થોડી વાર બેસવું ગમે એવું છે. પણ એ મંદિર થોડું એકલું પડી ગયું લાગે છે, કારણ કે આસપાસ હવે ભારતીયો રહેતાં નથી. હવે એ માર્કેટનો વિસ્તાર થઈ ગયો છે. ગુજરાતીઓ જ્યાં સંપત્તિમાં રહે છે તે સરસ વૃક્ષોની હારવાળી ગલીઓથી બનેલા લોડિયમ વિસ્તારમાંના નવા હિન્દુમંદિરમાં જવાનું પણ થયેલું. રોજ સાંજે આરતી માટે પીઢ સ્ત્રી-પુરુષો ત્યાં ભેગાં થાય છે. મારી રજૂઆત વખતે તો ખૂબ લોકો આવેલા. બૂટ-ચંપલ કાઢવા માટેના બહારના ઓરડાની, પ્રવેશદ્વારની સામેની દીવાલ પર બનાવેલા ભિત્તીશિલ્પ તરફ મારું ધ્યાન દોરવામાં આવેલું. અયોધ્યામાં બાબરી મસ્જિદ તૂટવાનો પ્રત્યાઘાત છેક પ્રિટોરિયામાં પડેલો. પ્રવેશમાં ફેંકાયેલા એક બૉમ્બથી એ શિલ્પને અને દીવાલને નુકસાન પહોંચ્યું હતું. મેં બધે નોંધેલું કે હિન્દુ અને મુસ્લિમ — એ બન્ને પ્રજા સારા એવા સુખમાં, તેમજ બાજુબાજુમાં રહેતી હતી પણ

બન્ને વચ્ચે મૈત્રીના સંબંધ ભાગ્યે જ હતા. એક જ ગલીઓમાં, ગુજરાતી છોકરાં જ્યારે ગુજરાતી શીખવાના વધારાના વર્ગો પરાણે ભરીને ઘેર આવતાં હોય ત્યારે મુસ્લિમ છોકરાં, કપડાં બદલીને, કુરાનશાળાઓ તરફ જતાં હોય. મોટે ભાગે તો કોઈ કોઈને દખલ કરતું નથી. નજીક ખરાં ને ઘણે દૂર પણ ખરાં. અણબનાવનો કશો ગર્ભિત ભાવ કદાચ અંદર ને અંદર સંકોરાયા કરતો હશે.

ભૂલાભાઈ અને એમનાં પત્ની મને એક જુદી જ જગ્યાએ લઈ ગયેલાં. એનું નામ “સનસિટી”. આંશિક સ્વાયત્તતાવાળા આદિવાસી રાજ્ય બોફુથાટ્સ્વાનાના સૂકા, ગ્રામ્ય પ્રદેશમાં રચાયેલું અદ્ભુત મૃગજળ જાણે. રક્તિમ પાષાણોના પરિસરમાં સર્જિત એક એવું સ્થળ કે જયાં ગયા પછી દુનિયાને યાદ કરવાનું કોઈ કારણ ના રહે! ત્યાંનું બધું જ એક છલના જેવું છે. મહાશિલાની પાછળથી ડોકાતો શાર્દુલ ખોટો; પહાડ ફાડીને વહેતો સળગતો લાલ લાવા કેવળ એક રજૂઆત. વીજળીથી બનાવાતાં મોજાં અને સૂર્યને ભોગવવા માટે પાથરી દીધેલી સફેદ રેતીથી કરાયેલો સાગરકિનારાનો આભાસ. ઊંચા ધોધ સાથેનું ખાસ ઉગાડાયેલું ગાઢ જંગલ નકલી. પ્રાચીન રોમન અર્ધગોળાકાર નાટ્યમંચનાં ખંડેર, તે નવાં જ બનાવાયેલાં! ને જુઓ, જુઓ, તીક્ષ્ણ શિંગડાંવાળાં પેલાં હરણાં છલાંગ મારીને જતાં ના રહે. પણ અરે, કયાંથી ભાગવાનાં? એ તો છે ધાતુમાંથી બનાવાયેલાં! આમ, “સનસિટી”માં જ્યાં જુઓ ત્યાં જે છે તે ખરેખર નથી!

કદાચ “સનસિટી”નું મુખ્ય આકર્ષણ હશે ત્યાંનું જુગારકેન્દ્ર, એટલે કે સભ્ય ભાષામાં જેને “કસિનો” કહે છે તે. અંદર કયાંક ગુફા જેવી રચના કરેલી હતી, તો કયાંક દીવાલો. અને છત પર જંગલ ચીતરવામાં આવ્યું હતું. આખા “સનસિટી”માં એક જ બાબત “સાચી” હતી : જુગાર રમવામાં ગુમાવાતું નાણું! બે-ત્રણ આલિશાન હોટેલો પણ ત્યાં બની છે. એમાંની એક તો ઘુમ્મટો ને મિનારાવાળો મહેલ જાણે, અંદરથી એવી તો અદ્યતન અને કળાત્મક કે આંખો પહોળી થઈ જાય.

આવી પાસે કહેવાય તેવી બે-એક જગ્યાએ તો કોઈ ને કોઈ મને લઈ ગયું પણ મારે તો દૂર પણ જવું હોય. દા. ત. ડર્બન. ત્યાં જવા મેં જાહેર બસ લીધી. ભારતીયો ભાગ્યે જ બસમાં મુસાફરી કરે. એટલું જ નહીં, બસ સ્ટેશન પર જવાના વિચારથી જ ગભરાય. દ.આ.માં ગુનાનું પ્રમાણ ઘણું હશે એ વાત સાચી પણ એ સિવાય, ભારતીયો ત્યાંના કાળા લોકોને જોતાં જ છળી ઊઠે છે અને એવી કોઈ જગ્યાએ જતાં નથી જ્યાં કાળા લોકો હોઈ શકે. સરકારી સ્તરેથી રંગભેદ ભલે નાબૂદ થાય પણ આપણી પ્રજાનાં મનમાંથી એ નહીં જવાનો. કાળી પ્રજાને ‘કાળિયા’ ને વધારે તો “કારિયા” તો લગભગ બધાં કહે છે. મને

તો એ સાંભળીને જ કચવાટ થાય. પછી તો આપણા લોકોને ડચને "ડચડા" અને જ્યૂ (યહૂદી)ને "જૂટલા" કહેતા સાંભળ્યા ને ત્યારે તો લમણે હાથ મૂકવાનું મન થયું.

દ. આ.ની બસો તો ખૂબ જ સરસ. દુનિયામાં કયાંયે એવી જોઈ નથી એમ કહું તો ચાલે. અંદર નાસ્તો આપે, ચ્હા-કૉફી જ્યારે માગો ત્યારે લાવે. પીપરમીટોની લ્હાણ તો ચાલતી જ રહે. દરેકને માટે નાનું ઓશીકું અને ચોખ્ખો બ્લૅન્કેટ. ખાસ કરીને આખી રાતની મુસાફરી હોય ત્યારે. સૌથી વધારે મને જે સગવડ ગમી તે હતી દરેક પ્રવાસીને અપાતા "હૅડફોન". વિડિયો પર અંગ્રેજી ફિલ્મ ચાલુ રહે ખરી પણ એના ઘોંઘાટ ને કકળાટથી આખી બસને કનડગત ના થાય. જેને જોવી હોય તે પોતાનો "હૅડફોન" સીટની ઉપરના પ્લગમાં ભરાવી દે અને પોતાને પસંદ હોય એ પ્રમાણે અવાજ ઓછોવત્તો રાખી શકે. બધી બસો પાછી નવીનક્કોર. મને તો ભઈ, દ. આ.ની બસોમાં ફરવાની બહુ મઝા પડી ગઈ. કાળાં જણ અને ભારતીયો કયારેક જ હોય. મોટે ભાગે ડચ અને અંગ્રેજ જ હોય. મને તો રંગોમાં તફાવત દેખાતો જ નથી એટલે બધાંની સાથે હસું ને વાતો કરું.

દ. આ.ના મહામાર્ગો એવા કે જાણે બસ ભલેને ચાલ્યા જ કરે! ને ત્યાંની કુદરતનો દર્પ એવો કે જાણે જોયા જ કરીએ. એ સમગ્ર ભૂમિ પર્વતોથી છવાયેલી લાગે છે. મેદાનો ને ખેતરો આવે ત્યાંયે પહાડો નજીકમાં જ હોય. દૂર દૂરના ઢોળાવો પર એકલદોકલ ઝૂંપડું દેખાય ત્યારે એ કુટુંબનો મને વિચાર આવે. કંઈક મોટું કહેવાય એવું એક શહેર વચમાં આવ્યું — પિટરમૅરિટસબર્ગ. બીજાં નામોનાં પાટિયાં દેખાય ત્યારે રસ્તાના ફાંટા એ તરફ વળી જાય.

પછી પથમાં તદ્દન ભિન્ન એવો ભૂમિખંડ આવ્યો. ત્યાં પહાડની ટોચો સપાટ હતી પણ એમની આસપાસ કોતરો બની ગયેલાં હતાં. અનેક હજાર વર્ષો ઋતુઓનાં પરિબળોએ એ કામ કર્યું હશે. ઘણા માઈલો આ દૃશ્યપટ ચાલ્યો. સાથે સાથે, એવા બુઠ્ઠા મહાકાય ખડકાકારો સ્વતંત્ર ઊભેલા પણ હતા — જાણે એમની ચોતરફથી બધું ખવાઈ કે ખોતરાઈ ગયું ના હોય. ઊંચી ડોક કરીને હું આશ્ચર્યજનક વિભાગ જોયા જ કરું. ફોટા લેવાનું બહુ જ મન થયેલું. થોડી વારે બસ વિરામ માટે ઊભી રહી, પણ ત્યાંથી એ અસામાન્ય વિચરનો દૂર થઈ ગયાં હતાં. એક એવો બુઠ્ઠો પહાડ પાછલી બાજુ દેખાતો હતો. પાસેથી એનો ફોટો લેવા હું એક ઢોળાવ ચઢી. એના પર ઊંચું ઘાસ ઊગેલું હતું. પહાડ આમ તો દૂર જ હતો ને બહુ આગળ જવાય તેમ ન હતું. ક્ષિતિજને રૂંધતા એ વિચિત્ર બૃહદકારનો ફોટો પછી શકય હતું ત્યાંથી લઈ તો લીધો જ.

એ આખો પરિસર બ્રેકનબર્ગ પર્વતમાળા તરીકે ઓળખાય છે. એનાં શૃંગો અને ઢોળાવોને જાણે અંત જ નથી. એમાં ફરવાની ઘણી જગ્યાઓ છે, એમ પછી મને માહિતી મળેલી. ફરી કયારેક દ. આ. જાઉં ત્યારે ગાડી જ ભાડે કરવી પડશે!

ડર્બન શહેરનો તો શું દમામ. કેન્દ્રભાગમાં લાક્ષણિક વિક્ટોરિયન સ્થાપત્યો ખરાં પણ એ સિવાય બધે અદ્યતન બહુમાળી મકાનો બની ગયા છે. ડર્બન તો પાછું આપણા હિન્દી મહાસાગર પર. એના પ્રસ્તારની તદ્દન સામે અર્ધચંદ્રાકારે જે ચકચકાટ ગગનચુંબી ઇમારતો થઈ છે તે અત્યારે મુંબઈના મરીન ડ્રાઈવને સહેલાઈથી ટક્કર મારે છે. હું કાંઈ સાવ ગામડાંમાંથી આવતી હોઈશ કે તરત આમ અધધધ થઈ જાય! હવે ત્યાં રવિવારે બજાર ભરાય છે. સાવ ‘ગુજરી’ જેવું નહીં પણ ખાણી-પીણી ને ચકડોળ સાથે મેળો લાગે તેવું. બધી જાતના અને બધા રંગના, લોકો ત્યાં ખરીદવા, હરવા-ફરવા આવે છે. સફેદ રેતીના પહોળા પટવાળા એના સાગરકિનારાઓને હવે પ્રજા છૂટથી માણે છે, પણ ‘અપાર્થાઈડ’ના સમય દરમ્યાન કિનારાઓના સ્પષ્ટ ભાગ કરતાં ચાર પાટિયાં મુકાયેલાં રહેતાં : “ફક્ત સફેદ પ્રજા માટે”, “ફક્ત કલર્ડ લોકો માટે”, “ફક્ત ભારતીયો માટે”, “ફક્ત કાળી પ્રજા માટે”. અત્યારનું ડર્બન જોઈને એ ક્રૂર ભેદભાવની કલ્પના પણ નથી કરી શકાતી.

છતાં વાસ્તવિકતા એવી છે કે પ્રજાનાં એ મુખ્ય ચાર જૂથ પોતપોતાના વાડામાં જ રહ્યાં છે. દ. આ.ની નવી સરકારની રંગભેદ નાબૂદ કરવાની નીતિ સહન નહીં થતાં શ્વેત પ્રજાનાં અગ્રગણ્ય સભ્યો ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, ઇંગ્લૅન્ડ જેવા અંગ્રેજી હકૂમતવાળા બીજા દેશોમાં હિજરત કરી ગયાં. નિવાસ વિભાગોની વિભક્તતા પણ હવે રહી નહીં. શ્રમ તથા દીર્ઘદૃષ્ટિ દ્વારા ધનવંત બનેલાં ભારતીયો મોટાં, સુંદર ઘર ખરીદવા માંડયાં. રહ્યાંસહ્યાં ગોરાં પડોશીઓએ સહેવાસ પસંદ નહીં કરતાં બીજે રહેવા જતાં રહ્યાં. ગોરાં માટે રહેવાની નવી, ખાસ વસાહતો પણ કયાંક કયાંક બની છે. કોઈ વચ્ચે દુશ્મનાવટ કશી નથી પણ ખાસ મૈત્રી કે ઘનિષ્ટતા પણ ભાગ્યે જ છે.

ડર્બન છોડીને બહાર જવા માંડો કે તરત ઝૂંપડપટ્ટી શરૂ થઈ જાય. જમણી બાજુની ટેકરીઓ પર માઈલો સુધી ગંદી, ગોબરી કોટડીઓની વસાહત બની ગયેલી છે. નથી ત્યાં વીજળી કે પાણીના નળ. શહેરમાં પૈસા કમાવાના ખ્યાલથી આવેલા કમભાગી કાળા લોકો આવી રીતે વસી ગયા છે. જોહાનિસબર્ગથી થોડે દૂર જતાં પણ આવી વસાહત જોઈ હતી. એ મેદાન જેવા ભાગમાં હતી. ત્યાં કેટલીક કોટડીઓની બાજુમાં છાપરીઓ કરેલી હતી. ભલે લોકો પાસે પાણી કે વીજળી ન હતી, પણ છાપરીઓની નીચે મર્સિડિઝ ગાડીઓ

પડેલી દેખાઈ હતી. નવી સરકાર બહુસંખ્ય કાળી પ્રજાની રહેઠાણ વિષયક જરૂરિયાત હજી પૂરી નથી કરી શકી. ફળ એ આવ્યું છે કે કંટાળેલી, કૃદ્ધ થયેલી એ ગરીબ, મુખ્યત્વે શિક્ષણહીન પ્રજા જ્યાં ને ત્યાં ખાલી જગ્યા પચાવી પાડવા માંડી છે. આનું સૌથી દુ:ખદ ઉદાહરણ છે ગાંધીજીનો ડર્બનની નજીક આવેલો 'ફિનિક્સ આશ્રમ'. ગાંધીજીએ એને વસાવેલો દુ:ખિયારાં કોઈ પણ જણની સહાય માટે, પણ હવે કાળી પ્રજાએ બળજબરીથી એની જમીનનો કબજો લઈ લીધો છે. આશ્રમ જોવા જવાની મારી ખૂબ ઇચ્છા હતી પણ મને કહેવામાં આવ્યું કે સાથે પોલીસનો રસાલો ના હોય તો ત્યાં જવું શકય જ નથી. એ લોકો તરત મોટરો પર પથરા નાખવા માંડે છે.

શહેરની સીમા છૂટી જાય પછી પાછી ભૂમિ નિતાંત સુંદર બની જાય છે. તાજા ઘેરા લીલા રંગની જાડી જાજમ ડાબી બાજુ પરના ઢોળાવોને ઢાંકી રહી છે. એ છે શેરડીનો મબલખ પાક. એક સરખી ઊંચાઈ, એક સરખી પુષ્ટતા. હું એ હરિત રમ્યતાને જોતી રહું ને "કેટલું સરસ લાગે છે, કેટલું સરસ લાગે છે" — એમ બોલ્યા કરું! રસ્તાના કોઈ વળાંકે જમણી તરફ હિન્દી મહાસાગરની મોકળાશ જોવા મળી જાય. એ કેટલાક ભાગમાંનો કાંઠો ખૂબ ખડકાળ છે. મોજાં એમના પર અવિરત અથડાયાં કરે છે. ખારાં પાણીની અસર હજારો વર્ષોથી પામીને ખડકો ખવાઈ પણ ગયા છે. દરિયાનું અત્યંત સ્વતંત્ર મિજાજી સ્વરૂપ છે. અહીં "વાહ, ભાઈ" કહેવાઈ જાય એવું!

હજી મારે દ. આ.ના દક્ષિણ ભાગમાં જવાનું હતું. ડર્બન, કેપટાઉન બે જુદા જુદા માર્ગે બસો જાય છે. કોઈ પણ એક તો બાકી રહી જ જવાનો હતો. મેં દેશની વચમાં થઈને જતી બસ લીધી — કુલ સત્તર કલાક થયા. બીજો 'ગાર્ડનરૂટ' કહેવાતો માર્ગ કિનારાનાં ગામોમાં થતો થતો જાય છે ને બહુ સુંદર ગણાય છે. તે ફરી કયારેક જોવાશે. બાકી દેશ આખો છે જ બહુ સુંદર. કોઈ પણ રસ્તે જતાં મનને આનંદ જ થાય.

આખા દેશમાં શિરમોર ગણાતા કેપટાઉન નગરનું સૌથી જાણીતું પ્રતિક છે 'ટેબલ ટૉપ' કહેવાતો ખૂબ મોટો પર્વત. એ દેખાય તો શહેરના ખૂણે ખૂણેથી, પણ એની ઉપર જવાનો તો ખાસ મહિમા. દોરડા પર બાંધેલી લિફ્ટ ઝૂલતી ઝૂલતી, પાષાણપ્રાચિરને લગભગ અથડાતી, ખૂબ ઊંચે ચડે. જરા ભય પણ લાગી જાય. ભૂખરી શિલાઓથી ખડકાયેલો એનો ઉપલો 'સપાટ' ભાગ આટલો વિશાળ હશે, એનો ખ્યાલ પણ ઉપર ગયા વગર ના આવે. ખોવાયા વગર પ્રવાસીઓ ત્યાં થોડું ટહેલી શકે એ માટે સરસ સંજ્ઞાઓ મૂકી છે ને પગથીઓ ચણી છે. 'ટેબલ ટૉપ' પરથી નીચે પથરાયેલું શહેર, પાછલી બાજુના સાગરકિનારા, દૂરના બંદર પરનાં વહાણ વગેરે જોવાનું પણ ઘણું રોમાંચક છે.

'ટેબલ ટૉપ' પર જઈ શકવું પાછું હંમેશ શકય નથી હોતું. ઉપર પવન અમુકથી વધારે વેગે ફૂંકાતો હોય કે ધુમ્મસ થવાની આગાહી હોય તો લિફ્ટ બંધ કરી દેવામાં આવે છે ને પર્વતની ટોચને ઝટપટ ખાલી કરી નાખવામાં આવે છે. હું ઉપર ચડવા ગઈ એ સવારે પહેલાં લાગ્યું કે લિફ્ટ બંધ હતી ને "અરેરે" થઈ ગયું. પણ એટલામાં જ વળી એ ચાલુ થઈ ગઈ ને મારા જેવાં બીજાં પ્રવાસીઓ સાથે હું ઉપર ગઈ. ત્યાં તો જાણે કોઈ બીજી જ ઋતુ હતી. સારી એવી ઠંડક હતી, પવન પણ હતો ને નીરવપણે નજીક આવતું હતું ભીનું ધુમ્મસ. પછી થોડી જ વારમાં જાહેરાત થઈ કે પંદર મિનિટ પછી પર્વતની ટોચને ખાલી કરવાની રહેશે. ચાલવાનો સમય મળી ગયો ને જોવાનું કશું ચુકાયું નહીં. સદ્ભાગ્યે બહુ જ સમયસર શરૂ થયો હતો મારો દિવસ.

આખા આફ્રિકા ખંડનું દક્ષિણતમ સ્થાન એટલે "કેપ ઑફ ગૂડ હોપ". બધાં એને વિષે નાનપણથી ભણ્યાં હોય. માન્યતા એ પ્રવર્તે છે કે ફક્ત ભૂશિરનો ભાગ જ 'ગૂડ હોપ' કહેવાય છે, પણ એ દિવસે જાણ્યું કે પચાસેક ચો. કિ. મી.ના સમગ્ર ભૂશિરપ્રદેશનું નામ 'ગૂડ હોપ' છે. બે મહાસાગર — હિન્દી અને પ્રશાંતનાં પાણી અહીં ભેગાં થાય છે. ભૂશિરની ભેખડ પર થાણું બનાવવામાં આવ્યું છે. જ્યાં ઊભા રહીને પ્રવાસીઓ દૂર દૂર ક્ષિતિજ તરફ જોતાં રહે છે. કોઈ કોઈ દીવાલ પર નામ લખવાનું ચૂકતાં નથી! ભૂમિનો પરિસર ગાઢ લીલો છે — ચોતરફ. કિનારા પર કર્કશ શિલાઓ છે જેની સાથે મોજાં ઘર્ષણમાં ઊતરતાં રહે છે. એટલું જ હલનચલન. બાકી બધું સ્તબ્ધ.

જો-બર્ગના નગરકેન્દ્રની જાહોજલાલીની તો હવે વાતો જ રહી છે. સ્વચ્છ ને સુંદર એ વિભાગ હતો. સરસ અદ્યતન દુકાનો હતી. નજીકમાં જ રહેતી ગોરી પ્રજા સાંજ પડયે ત્યાં વિહાર કરવા નીકળતી. અત્યાર સુધીમાં તો એ બધું છોડીને કયાંયે દૂર રહેવા જતી રહી છે, બ્લૅક જનતા જનાર્દને એ વિભાગમાં એવો ઠેકો બેસાડી દીધો છે કે એમના સિવાયના રંગનું કોઈ ત્યાં ભાગ્યે જ જાય છે. એ વિશાળ ફ્લૅટો — અરે, બિલ્ડિંગનાં બિલ્ડિંગ જ — પચાવી પાડયા છે. દરેકમાં ત્રીસ-ચાલીસ કે વધારે જણ પડાવ નાખીને રહે છે.

મિત્રો દિવસે મને મોટરમાં ત્યાં ફેરવી લાવેલા. એમ તો નવી, ચકચકાટ, ઊંચી ઇમારતો ઘણીયે છે. પણ રસ્તા પર કચરાનો, ગંદકીનો પાર નથી રહ્યો. રસ્તા પર કયાંયે નહીં ચાલવા, કયાંકે એકલાં નહીં જવા મિત્રોએ મને ઘણું સમજાવ્યું હતું. દ. આ.માં ગુનાની રીત જુદી જ છે એમ એ કહેતાં રહેલાં. ખેર, હું તો ગામે ગામ એકલી ચાલી, જાહેર

વાહનોમાં બેઠી, બસો ને ટ્રેનમાં મુસાફરી પણ કરી. જો-બર્ગના કેન્દ્રમાં પણ મારે એક વાર તો ચાલવું જ પડે. એક દિવસ જાહેર બસ લઈને ત્યાં પહોંચી, રસ્તાઓ પર ચાલી, જોયું, ફોટા લીધા. કાર્લટન ટાવર લગભગ આખા આફ્રિકામાં ઊંચામાં ઊંચું મકાન ગણાય છે. એની ટોચે પણ ચડી આવી. જોકે મને ન્યૂયૉર્કમાં અનેકગણાં ઊંચાં મકાનોની ટેવ, એટલે એ ટાવર પરથી આખું શહેર મને ઘણું પાસે જ લાગ્યું! જાહેર પુસ્તકાલય દેખાતાં એની અંદર આંટો મારી આવી. સાંજના પાંચ થવા આવ્યા કે બધું ખાલી થતું લાગ્યું. સાડા પાંચ-છ પછી તો મને બસ પણ ના મળે. ભયકાર ભેંકાર છવાઈ જતો હશે, એવી અનુભૂતિ મને થઈ. પાછળ રહેતાં હશે તોફાની ટોળાં અને એમનું અર્થહીન ગાંડપણ.

એક સમયે જો-બર્ગ “સુવર્ણપુરમ્” ગણાતું. શહેરના વિસ્તારમાં જ ઓગણીસ તો સોનાની ખાણો હતી. હવે તો એ બધી બંધ છે. એમાં પર્યાવરણનો ખ્યાલ પણ ખરો. ખોદી કઢાયેલી માટીના મોટા મોટા ઢગલા જોઈએ એટલે જાણીએ કે ત્યાં જ હશે ખાણનું મોઢું. માટીમાં પણ સોનાના કણ એટલા કે ઢગલા સૂર્યના તડકામાં ઝગમગ થતાં લાગે. જો-બર્ગમાં એક તરફ આવી રીતે બંધ પડેલી ખાણની આસપાસ બહુ સુંદર ઉદ્યાન બનાવવામાં આવ્યો છે. સહેલ માટેની નહેરમાં નાની હોડીઓ તરે છે. દર બપોરે ત્યાં લોકનૃત્ય થાય છે. એ સમયે બધાં પ્રવાસીઓ કૅમેરા સાથે હાજર થઈ જાય. ખાણની મુલાકાત માટે ટિકિટ જુદી લેવાની. ખખડધજ લિફ્ટમાં છેક નીચે લઈ જાય. સરસ વિનોદ સાથે અનેક વિગતો અપાતી રહે. ઉપરના સભાગૃહમાં સોનાની એક પાટ ગોઠવેલી છે. જો કોઈ એને ઊંચકી તો શું પણ હલાવીયે શકે તો તે વ્યક્તિ ઇનામને પાત્ર બને. પણ એ સહેજે ચસકે તો ને! “ગોલ્ડ સિટી” કહેવાતા, જો-બર્ગનો સુવર્ણ ઇતિહાસ દર્શાવતા એ સ્થાને બહુ મઝાથી એક બપોર ગાળી.

જો-બર્ગના માર્કેટ થિયેટરની પ્રવૃત્તિઓ વિષે મેં ન્યૂયૉર્ક ટાઈમ્સમાં વાંચેલું. ૧૯૫૦ સુધી ત્યાં ભારતીયોનું શાકબજાર ભરાતું. પછી તો એ જગ્યા સરકારે ખાલી કરાવી. શહેરના કેન્દ્રની નજીક થઈ ગઈ હતી ને. કાળક્રમે ત્યાં નાટયગૃહ વસાવવામાં આવ્યું. દ. આ.નું મૌલિક કોઈ નાટક જોવાની જે ઇચ્છા હતી તે પણ પૂરી થઈ. બાજુમાં જ સંગ્રહાલય છે. કેટલું મોટું છે એનો ખ્યાલ બહારથી નથી આવતો. જોવા માટે કલાકો લાગી જાય, અનેક કળા પ્રદર્શનોની સાથે દેશના પૂરા ઇતિહાસની રજૂઆત બહુ રસપ્રદ હતી. ગાંધીજીનો ફોટો અને એમના હાથે લખેલા કાગળો પણ મૂકેલા હતા.

જોહાનિસબર્ગ ગાંધીજીનું કાર્યક્ષેત્ર વર્ષો સુધી રહ્યું હતું. ત્યાં જ એમણે સ્થાપેલ “ટૉલ્સ્ટૉય ફાર્મ” કહેવાતો આશ્રમ. પાછળના ધૂળિયા કોઈ રસ્તા પર થઈને એક બપોરે

ત્યાં મને એક મિત્ર લઈ ગયા. આમ તો એ બધો પરિસર મોટી એક ફૅક્ટરીની માલિકીનો હતો પણ ‘ફાર્મ’ના મકાનના આજુબાજુની થોડી જમીન, એની ઐતિહાસિકતા જોતાં યુરોપી ઉદ્યોગપતિએ દાનરૂપે બાકાત રાખેલી હતી. ચોતરફ વાડ હતી, ઝાંપાને તાળું હતું. ભારતીય સમાજ તરફથી નિમાયેલો ચોકીદાર સદ્‌ભાગ્યે ત્યાં હાજર હતો. એણે તાળું ખોલી આપ્યું.

બધે ઘાસ ઊગી ગયું હતું. જમીન પડતર જેવી દેખાતી હતી. લાલ છાપરાં અને ફરતાં વરંડાનું મકાન દૂરથી તો ઠીક લાગતું હતું. પાસે જતાં એની બિસ્માર હાલત સ્પષ્ટ થતી હતી. આગલો રૂમ ધૂળ ખાતો હતો. દીવાલો ગંદી હતી. બીજા રૂમની ફર્શના લાકડાનાં પાટિયાં પણ ચોરાઈ ગયાં હતાં. રસોડામાં મેં ડોકિયું કર્યું. ઓહ, ત્યાં કશુંયે હતું જ ક્યાં? એની પછીની કોટડીમાં એક ખાટલો હતો — ચોકીદારને સૂવા માટે. તે સિવાય કોઈ ચીજ-વસ્તુ હતી નહીં. નહોતી ત્યાં વીજળી કે નહોતો પાણીનો નળ. ચોકીદાર કઈ રીતે દિવસો ને રાતો કાઢતો હશે ત્યાં? કોઈ જાણે મારો શ્વાસ ઘૂંટી રહ્યું હતું.

ડાબી બાજુ પર, સહેજ પાછળ, ૧૯૧૪-૧૫ના અરસામાં ગાંધીજીની કુટિર હતી. એનું કોઈ નિશાન નથી રહ્યું. નકામું ઘાસ ઊગેલું હતું તે જ. મન દુઃખથી ભરાઈ આવે એવી હાલત થઈ છે ‘ટૉલ્સ્ટૉય ફાર્મ’ની. એનું પુનઃનિર્માણ કરવાના પ્રયત્નો ત્યાંના ભારતીય સમાજ અને ભારતીય સરકાર તરફથી શરૂ થયા છે ખરા.

દ. આ.ની યાત્રા માટે જે ઉત્કંઠા હતી તે સંપૂર્ણપણે સંતોષાઈ હતી અને એની બધી સ્મૃતિ ઉમંગથી સજ્જ બની હતી. એની સાથેના અનેકવિધ અનુભવો દ્વારા સ્નેહના તાંતણે મારું હૃદય જોડાઈ ગયું હતું. કલ્પ્યું પણ ન હતું એ રીતે દ. આ. મારું બની ગયું હતું. દુનિયામાં મારું એક ઘર વધ્યું હતું.



# ખંડ ૬ - ઑસ્ટ્રેલિયા

## ઑસ્ટ્રેલિયા

વાદળિયો કચરો વાળી-ઝૂડીને આઘે ફેંકી દીધા પછીનું એકરંગી, નીરસ આકાશ હતું. ઍલિસ સ્પ્રિન્ગ્સથી ૪૬૫ કિ.મી. દક્ષિણ-પશ્ચિમે રણની વચ્ચોવચ અબોધ્ય રીતે આવી પડેલા 'ઍયર્સ રૉક' (Ayers Rock) પર અમે આરોહણ કરવાનાં હતાં. 'સૅન્ડ સ્ટોન'નો બનેલો એકાંગી, અખંડ (Monolith) મહાપાષાણ આકારે સૂતેલા સાંઢ જેવો દેખાય છે. એ લગભગ સાડા ત્રણ કિ.મી. લાંબો, અઢી કિ.મી. પહોળો અને નવેક કિ.મી. ના ઘેરાવાવાળો છે. ૩૫૦ મિટર એ ઊંચો છે. પ્રચંડ, ભીષણ, પ્રાગૈતિહાસિક અવર્ણનીય મહોપસ્થિતિ.

૧૮૭૩માં 'દક્ષિણ ઑસ્ટ્રેલિયા' કહેવાતા રાજ્યના પ્રમુખના નામ પરથી આને ઍયર્સ રૉક કહેવામાં આવ્યો. પણ ઍબોરિજિનિસ માટે એનું પ્રાચીન, પૂજ્ય, સંગીતમય નામ 'ઉલુરુ' (Uluru) છે. બે ખૂબ અગત્યની ઍબોરિજિનલ જાતિઓ — યાન્કુન્ત્જાત્જારા અને પિત્જાન્ત્જાત્જારાની આ આદિપ્રસ્તર પર કાયદેસરની 'માલિકી' છે. એમને માટે ઉલુરુ, એમાંની ગુફાઓ, પથ્થરો, છૂપાં જળસ્થાનો વગેરે અત્યધિક ધાર્મિક, પવિત્ર, પૂજનીય, આદરણીય અને જીવંત સંનિવેશો છે. વિશ્વના આરંભ પહેલાં, 'સ્વપ્નકાળ' દરમ્યાન આદ્યપૂર્વજોએ આ પ્રાક્કાલીન, ઉત્કૃષ્ટ, ભયાદરયુક્ત, વિસ્માયક, મહાપ્રભાવ સંસ્થિતિની રચના કરી. દેશની આખી પ્રજા હવે ઉલુરુને સમુચિત સન્માન આપે છે. પણ એની કેટલીક અતિપૂજ્ય જગ્યાઓ અને ગુફાઓમાં ફક્ત ઍબોરિજિનિસ જ જઈ શકે છે.

ચારે તરફથી ઉલુરુના ઉત્સંગ એવા તો અકુટિલ ને તદ્દન સીધા ખૂણાવાળા છે કે એના પર ચઢવું અશકય બને છે. ઉત્તર-પશ્ચિમે ફક્ત એક ઢોળાવ એવો છે કે જ્યાંથી ચડી શકાય. આ ચઢાણ પણ વિષમ અને ભીતિપ્રદ તો છે જ ને હિંમત અને સાહસવૃત્તિ માગી લે છે. આ ઢોળાવને ઍબોરિજિનિસ 'વેબો' (Webo) કહે છે — અર્થાત્ પૃચ્છ. અહીં કાન્ગારૂ-મૂષક આદિ પુરુષો કે જે સ્વભાવે પશુ તેમજ માનવીય હતા તેઓ, ધીરેથી પોતાનું પૂંછડું પ્રસારીને બેઠા હતા. આ 'વેબો' પર પ્રવાસીઓને ચડવા દેવાય છે કારણ

કે નજીકમાંની ગુફાઓ જેટલી આ જગ્યા પવિત્ર નથી. ૧૯૬૩માં પેલી બે અધિકારી જાતિઓએ આ ઢોળાવ પર જાડી, લોખંડી શૃંખલા મૂકવાની અનુમતિ આપી. હવે એને પકડીને પ્રવાસીઓ આ અદ્‌ભુત મહોપસ્થિતિ પર ચડી-ઊતરી શકે છે.

પણ આ આરોહણ-અવરોહણની તો શું વાત કરવી. ડેરાતંબુથી ૨૫ કિ.મી. દૂરની જગ્યાએ સવારે આઠેક વાગ્યે અમે આવી પહોંચ્યાં. સામે જ ઉલુરુ પ્રસ્તુત હતો. આ એનું આહ્વાન હતું, આમંત્રણ હતું, આદેશ હતો કે અનાદર હતો? એ નિર્મમ, નિગૂઢ, અજેય હતો. હું મનથી મંત્રમુગ્ધ, અપહ્યત, ક્ષુબ્ધ હતી. પગ ઊપાડવામાં ભય હતો, પાછળ રહી જવામાં લજ્જા હતી. ત્યાં સુસ્પષ્ટ એક જાહેરાત કરેલી છે અને ચેતવણી આપેલી છે કે જે સંપૂર્ણ સ્વસ્થ હોય તેણે જ ઉપર ચડવું. હૃદયની બીમારી, ખૂબ દમ અથવા ઊંચાઈ કે ઊડવાનો જેને ડર હોય તેણે આ દુઃસાહસ ના કરવું. અહીં બારેક જણ તો જીવ ગુમાવી બેઠા છે : ચાર-પાંચ જણ પડીને અને બાકીના હૃદયના હુમલાથી. એમ તો હિમાલયનાં બધાં યાત્રાધામો સહેલાઈથી ચડી આવી છું ને સ્વાસ્થ્ય પણ સારું; પણ આ લપસણો, એંશી અંશે પડતો, નિર્દય, સાવ સીધો પાષાણી ઢાળ. મને ખબર ન હતી હું કયાં સુધી જઈશ.

નીચેથી શરૂ કરતાં જ ભયજનક ઢાળ હતો. એકદમ ગોળાકારે. તદ્દન સીધો. ખૂબ લપસણો. હું હાથે-પગે થઈને ચડી. પછી પેલી જાડી સાંકળ શરૂ થઈ. ઉલુરુના પાષાણદેહમાં લોખંડી સળિયા ઊંડે ખોડી એના પર આ સાંકળ બાંધેલી — ઊંચે ને ઊંચે જતી. હજી સૂર્ય એટલો ઊંચો નહોતો આવ્યો, તેથી સદ્‌ભાગ્યે આ પથ હજી છાયામાં હતો. મને થયું, સૂર્ય જો આંખમાં આવતો હોત તો શું થાત? સ્હેજે ઉપર જતાંમાં તો પવન વીંઝાવા લાગ્યો. નીચે ચારેબાજુ સાવ સપાટ, જાંબલી-લાલ થતી જતી પૃથ્વી હતી. અનતિદૂરે, ૪૦ કિ.મી.ના અંતરે ‘ઑલ્ગા’ના આકારો દેખાતા હતા. એક ફિલિપ્પિના બેસી પડીને સાંકળ પકડીને નીચે આવતી હતી. કહે, એને બીક લાગવા માંડી હતી. વિજયીની જેમ નીચે આવતા લોકો વગર પૂછ્યે કહેતા ગયા કે હજી તો શરૂઆત જ છે, હજી ત્રીજા ભાગનું પણ નથી પત્યું, હજી આગળ ઘણું જવાનું છે. મને થાય, જઈને ઉપર હજી કયાં જશે?

સાંકળ પૂરી થઈ ત્યાં સુરક્ષિત, મોટી એક ખુલ્લી જગ્યા હતી — અર્ધગોળ નાટ્યગૃહ જેવી. ધૂળ અને દળાયેલા પથ્થરથી એ જમીન છવાયેલી હતી. વરસાદ વખતે ત્યાં પાણી ભરાતું હશે. સૂર્ય અને ત્યાં વાગતા પવનના ચાબખાને લીધે વાર્ષિક વરસાદ કરતાં લગભગ દોઢસો ગણું બાષ્પીભવન ને તે પણ અવિરત, ઉલુરુ પર થયા જ કરે છે

પણ રેતાળ જગ્યાઓમાં અને પથ્થરો વચ્ચેની સળો-સુરંગોમાં પાણી સરસ જળવાઈ રહે છે. ઍબોરિજિનિસને માટે આ ગુપ્ત જળસ્થાનો જીવનરક્ષક પૂજાસ્થાનો બને છે. ઉલુરુના બહોળા પથરાટ પર નાના જળકુંડો ઘણા જોયા.

હવે પછી ચઢાણ આકરું ના રહ્યું. હવે એની સપાટી તદ્દન લપસણી નહોતી, પણ એમાંની તડો, સળો, એનાં ખાંચાખૂંચી અને ચડતા-ઊતરતા એના વળાંકોને કારણે પગ ભેરવવા, હાથ ટેકવવા શકય બન્યા. આ અલૌકિક ઉપસ્થિતિનો અતિબૃહત્ વિસ્તાર, ઋત્યાહત એનું સ્વરૂપ, કાળજર્જરિત ઉત્સંગ, એનો અભિતપ્ત શોણિત વર્ણ, સમથળ અચલા પર એનું આમ અચાનક ઉત્તિષ્ઠમાન થવું — બધું જ વિસ્મયાકુલ કરતું હતું. અનિયંત્રિત વેગે માતરિશ્વા તાડન કરતો હતો, પ્રહાર કરતો હતો; ચૂર્ણ કરવા, હરાવવા, હંફાવવા મથતો હતો. કોને? અમને? અમને તો એ આહ્લાદિત કરતો હતો. મારાં કપડાંમાંથી પવન વહેતો હતો; મારામાંથી, મારાં ગાત્રોમાંથી વહેતો હતો. એ સ્પર્શ, એ સંવેદન, એ પ્રમોદન, એ પ્રરોચન. હારી રહ્યો હતો તો મિહિર. મરુતના આ વીર્યને લીધે ગરમી તો નષ્ટ જ થઈ જતી હતી, પ્રકાશ પણ સહ્ય બનતો હતો. આખી દુનિયા પગ નીચે ફેલાયેલી પડી હતી ને આખી દુનિયા સાવ ભૂલાઈ ગઈ હતી. દૈવી તત્ત્વોના સામીપ્યમાં બીજું કશું જ ભાન ન હતું.

જ્યાં થઈને અમે આવ્યાં તે પ્રારંભ તો કયારનો દેખાતો બંધ થયો હતો. મારાં ફેફસાંમાંના ‘શહેર’ને બહાર કાઢતાં ચઢવું ભારે પડયું હતું. પેલા જર્મન ચાર્લી અને સ્વિડિશ ક્રિસ્ટિનાએ આગ્રહ કરી કરીને મને અડધેથી પાછાં ફરતાં અટકાવી. આડાઅવળાં જઈને ખોવાઈ ન જવાય તે માટે સફેદ રંગમાં બોળેલાં પગલાંથી રસ્તો છાપ્યો હતો. આગળ ને આગળ, ઉપર ને નીચે, સરકતાં ને ચડતાં, એક વળાંક પરથી બીજા, દોઢ કિ.મી. અમે ચાલ્યા કર્યું. અંતે મંઝિલે પહોંચ્યાં. ૧૯૭૦માં ત્યાં એક નાનું સ્મારક બનાવ્યું છે જેના પર માઈલો ને માઈલો દૂર આવેલાં પર્વત, તળાવ, શહેર, પ્રદેશો ચિહ્નિત કરાયાં છે. ત્યાં રાખેલા એક ચોપડામાં સફળ પ્રવાસીઓના નામ લખે છે. મેં પણ લખ્યું — ભારતીય તરીકે. મને પ્રશ્ન્ થયા કે કેટલાં ભારતીય ચડયાં હશે અહીં?

બધાં જ આનંદમાં હતાં. કોણ ના હોય! આ આખું આરોહણ અને એની અનુભૂતિ અદ્વિતીય હતાં. થોડી ક્ષણો અમે ત્યાં ગાળી. ચાર્લીએ શીર્ષાસન કર્યું — ખરેખર તો પ્રયત્ન કર્યો, કારણ કે પવનના ગાંડપણ સામે એ ટકી શકે તેમ નહોતો — ઊંધે માથે તો નહીં જ. આ પરાકાષ્ઠાની પળો હતી ને પરાકોટિનું સ્થાન પણ. અહીં પણ જાત ભૂલાઈ હતી. હતો કેવળ ઉત્તેજિત, અવ્રીડિત પવન.

ઊતરવું સહેલું, સરસ હતું. સરકતાં, કૂદતાં, દોડતાં, પગલાંનાં ચિહ્નથી રસ્તો શોધતાં જવામાં જરા ઉન્માદ હતો. પછી ફરી સાંકળ આવી. હવે ત્યાં પ્રખર સૂર્યનો તાપ હતો. વિજયના વિશ્વાસ સાથે ઘણાં સાંકળ પકડયા વગર ચાલતાં હતાં. હજી હવે કેટલાંક ઉપર ચડતાં હતાં. જેનો મને ડર હતો તે છેક છેવટનો ઢોળાવ આવ્યો. સાચવીને, ધીરે ધીરે હું ઊતરતી રહી. છતાં પગ લપસ્યો. બાટાની વર્ષો જૂની, પકડ વિનાનાં તળિયાવાળી સ્નીકર્સ આ કાર્ય માટે ક્ષમ્ય ન હતી. હું વધારે ગતિથી લપસવા માંડી. આગળ જતી સ્વિડિશ બાઈને વાગે નહીં તેથી ખસી જવા મેં બૂમ પાડી. પણ અંગ્રેજી નહીં સમજતાં એણે મારે માટે હાથ લાંબો કર્યો ને મેં પકડી લીધો. એ આધાર મળતાં હું અટકી. નહીં તો કયાં અથડાઈ હોત, કેટલી ઇજા પામી હોત તે કહી શકતી નથી. વિચાર કરતાં હજી ધ્રૂજું છું.

અમારા ચાલકે મારો આ અવપાત જોયેલો. હું નીચે આવી એટલે કહે, "તું હમણાં જ, અહીં જીવ ગુમાવી બેઠેલી પહેલી ભારતીય વ્યક્તિનું બિરુદ પામવાની હતી."

એક દિવસ કેન્સથી ૧૫૦ કિ.મિ. ઉત્તરે જતી સમૂહ-સફરમાં હું જોડાઈ. 'દુઃખનો પહાડ' કે 'ક્લેશની ભૂશિર' નામો કાનને અપ્રિય લાગે છે પણ એ ભાષામાં Mount Sorrow (માઉન્ટ સૉરો), Cape Tribulation (કેપ ટ્રિબ્યુલેશન) કે Darling Down (ડાર્લિંગ ડાઉન) રોમાંચક લાગે છે. કેપ ટ્રિબ્યુલેશનના રસ્તે અમે બીજી ઘણી જગ્યાઓ જોવાનાં હતાં. આ સફર અમે જાડાં આઠ ટાયરોવાળા, ઊંચા, ભારે વાહનમાં કરવાનાં હતાં. શેરડીનાં ખેતરો વળોટી, પહાડોના ઢોળાવો પર થઈ ક્વીન્સલૅન્ડના વિખ્યાત વર્ષાવનમાં પ્રવેશ્યાં પછી મોટે ભાગે રસ્તો કાચો રહ્યો. હાથીની અંબાડી પર બેઠાં હોઈએ તેવું આ ગમન હતું.

વર્ષાવનમાં ઊંચાં ઝાડ, મોટાં પાન, ગીચ ઊગાડ, લટકતી ડાળીઓ અને ઉદ્યમી મચ્છરો હતાં. મચ્છરો દેખાય કે સંભળાય નહીં, ચટકે ત્યારે જ જણાય. ને આ ચટકા પણ કાંઈ સાધારણ નહોતા. એના લાલ લાલ ડાઘા પંદર દિવસ સુધી રહ્યા હશે અને ચળ પણ આવ્યા જ કરી.

દુ:ખનો પહાડ અને ક્લેશની ભૂશિર — ઑસ્ટ્રેલિયામાંનાં ઘણાં નામોની જેમ આ બે પણ ઐતિહાસિક છે. ૧૭૭૦માં કૅપ્ટન કૂક જ્યારે આ દેશને કિનારે ઊતર્યા ત્યારે એ એમનો ત્રીજો પ્રયાસ હતો. પહેલી બે વખતે એમનાં વહાણ આ ઉત્તર કિનારાની જળગત

શિલાઓમાં ફસાયાં હતાં ને નુકસાન પામ્યાં હતાં. કૅપ્ટન કૂકનાં ક્લેશ અને હેરાનગતિ અહીંથી શરૂ થયાં હતાં, તેથી એમણે આવાં નામ આપ્યાં, જે હજી બદલાયાં નથી.

એક છુપાયેલો તટ સુંવાળા, ચળકતા, ગોળાકાર, કાળા પથ્થરોથી છવાયેલો હતો. એમને"ઊછળતા પથ્થર" કહે છે. એકને ઉપાડીને ફેંકતાં એ કૂદતો કૂદતો, બીજા પથ્થરો સાથે અથડાતો જાય છે. એમાં પથ્થરમાંનું ગરમ તત્ત્વ અને દરિયાના પાણીમાંની ઠંડકને લગતું વૈજ્ઞાનિક કારણ લાગુ પડે છે. નાના નાના પથ્થરો શોધી એમને ઉછળતા-કૂદતા જોવાની મઝા અમે થોડીવાર લીધી.

રસ્તામાં લિસોટા જેવી નાની નદીઓ પણ આવી. છીછરી અને કાંકરાવાળી લાગતી હતી. દરેક પર ચેતવણી હતી કે વર્ષા ઋતુમાં પૂર આવતાં વ્હેણ ખૂબ ઝડપી બનવાનો સંભવ છે. એ વખતે કાંઠા તોડીને એ આસપાસ ફરી વળે છે. ડેઈનટ્રી (Daintree) નામની નદી ખૂબ મોટી છે. એમાં પાણી ઘણું હતું ને પટ બહુ પહોળો હતો. પેલાં નાનાં વ્હેણોને તો અમારું ગજરાજ વાહન નિરાંતે વળોટી જતું હતું. ડેઈનટ્રી નદીની પાર જવા માટે મોટી સાંકળ સાથે બાંધેલી, વીજળીથી સાંકળ ખેંચીને ચલાવાતી તરાપા જેવી હોડીની વ્યવસ્થા છે. આ બધે મગરનો વસવાટ છે. સ્હેજ છેડાતાં એ માણસખાઉ બને છે. દરેક જગ્યાએ મૂકેલી ચેતવણી છતાં દર વર્ષે થોડા લોકો આ રીતે જીવન ગુમાવે છે. 'ઉત્તર પ્રદેશ' કાન્ગારૂના, તો આ 'ક્વીન્સલૅન્ડ' મગરમચ્છના પ્રાચુર્ય સાથે સંકળાયેલો છે. પાણીમાં તરતાં લાકડાં જોઈ દરેકને થતું, "છે કે શું?!" પણ એક પણ મગર જોવા ના મળ્યો. સારું જ થયું એ તો! કારણ કે જોઈને ચિતરી જ ચડત!

કેન્સમાં વાર્ષિક ૮૦" વરસાદ થાય છે. ઉત્તર ક્વીન્સલૅન્ડમાં વળી એથી યે વધારે. કહે છે કે ત્યાં થતો વરસાદ મિલિ મીટરમાં નહીં પણ મીટરમાં માપી શકાય! એ દિવસે પણ વરસાદ પડતો રહેલો ખરો પણ અમને નડયો નહોતો. ઉતરીને કશું જોવા જવાની વખતે બંધ થઈ જતો હતો! ફક્ત ભીનું હોવાથી સાગરકિનારે બપોરનું ખાણું લઈ શકાયું નહીં. એ માટે નજીકના આહારગૃહમાં જવું પડયું. પ્લાસ્ટિકના ડબ્બાઓમાં 'સલાડ' અને આમિષ કશુંક ગોઠવીને જ રાખેલું. ત્યાંનો માલિક-સંચાલક મને કહે, "થોડું જ છે. ઊંચકીને લઈ જઈ શકશો. પછી બાકીનું ખવાશે." મેં ઘસીને ના પાડી કે આમિષ ઉપાડી લેવાથી બાકીનું નિરામિષ થઈ નથી જતું ને જેટલી વાર મને સલાડ ખાવાનું કહેવામાં આવે છે તે જ ખાઈને શાકાહારીપણું ટકાવવાની ચેષ્ટા કરી હોત તો સત્ત્વ, પોષણ અને પૂરતા ખોરાક વગર કયારની મરી ગઈ હોત. એ દિવસે, છેવટે, ચીઝ-સૅન્ડવિચ પામી ને વળી એક વાર બચી ગઈ!

❧

શુક્રવારની રાતે કેન્સમાં દુકાનો નવ વાગ્યા સુધી ખુલ્લી હોય છે. શહેરકેન્દ્રમાં જનતા માટે સંગીતના કાર્યક્રમો પણ તે વખતે થાય ને લોકો સાંભળવા ભેગા થાય. ક્વીન્સલૅન્ડમાં ખનીજ તત્ત્વો ઘણાં મળી આવે છે. વિશેષતઃ ઓપલ (Opal) તો અઢળક મળે છે. આની દુકાનોમાં આંટા મારવા ગમતા, એવા સુંદર વિમલક પ્રસ્તર જોયા. જે આંખોમાં વસી જાય તે હજારો ડૉલરનો હોય. કાર્યકર વ્યક્તિઓ વિનયી, હસતી ને સારી રીતે વાત કરતી હોય. શોખતી બતાવે, હાથમાં લેવા દે. મોંઘો ટુકડો બતાવીને કહે, “કોઈ શ્રીમંત અમેરિકન આવે ને ખરીદી લે એની રાહ જોઈએ છીએ!”

એક સાંજે એસ્પ્લૅનેડ માર્ગની બેઠક પર બેસી શાંતિથી દહીંનું ભોજન કરતી હતી ત્યાં એક છોકરી આવી ને ઇશુ ખ્રિસ્ત જ ભગવાન છે અને દરેકને ફરી જન્મવા કહે છે વગેરે વાતો કરવા માંડી. પહેલી પાંચ મિનિટમાં જ મેં એને કહ્યું કે એની માન્યતાઓ માટે મને ખુશી છે પણ મારી માન્યતાઓ બદલવા પ્રયત્ન કરવાની એણે જરૂર નથી. બીજી પચીસ મિનિટનું એને દાન કર્યા પછી પરાણે પણ મારે ઊઠી જવું પડ્યું.

પહોળા અખાતને કિનારે વસેલું ગામ સેન્ટ હેલન્સ ઉત્તર તાસ્મેનિયાનું હૃદય આરામસ્થાન ગણાય છે. એક જમાનામાં ત્યાંથી પતરાંની ખાણોમાંથી નીપજતો માલ વહાણ વાટે દેશના બીજા ભાગોમાં મોકલાવાતો, હવે એ ટાપુ પરનું માછલી પકડવાનું મુખ્ય, જાણીતું ને જનપ્રિય સ્થાન છે. તાસ્મેનિયાના હિસાબે, આસપાસના ઇલાકામાંનું એક મોટું ગામ એ ગણાય છે. વસ્તી એક હજારની. રજાઓ દરમ્યાન દેશ તથા પરદેશનાં મુસાફરોથી આ સંખ્યા ખાસ્સી વધે. સેન્ટ હેલન્સની માધ્યમિક શાળા એ તાલુકામાં બહુ વખણાય છે. એમાં પાંચસો તો વિદ્યાર્થી છે, એમ ખાસ કહેવામાં આવે છે. તદુપરાંત, સેન્ટ હેલન્સમાં એક પુસ્તકાલય છે જે ત્રણ દિવસ ખુલ્લું રહે છે, એક ઇતિહાસકક્ષ છે જે સોમથી શુક્ર અડધો દિવસ ખુલ્લો હોય છે અને એક નાનું વિમાનમથક છે. તે સિવાય, દસેક કિ.મી. દૂરના રેતાળ સાગરતટ. વાહ! આથી વધારે જોઈએ શું?!

આ ઇસ્ટરના ધાર્મિક પર્વના દિવસો હતા. પૅસિફિકના આ દેશો માટે વર્ષની પ્રવાસ યોગ્ય આ છેલ્લી રજાઓ. પછી શિયાળાની ઠંડી શરૂ થાય. વળી હું ત્યાં બરાબર ‘ગૂડ ફ્રાઈડે’ — એ શુક્રવારે જ્યારે ઇશુને ક્રૂસારોહણ કરેલું તે દિવસે હતી. ખાવાપીવાનું કદાચ

ના પણ મળે, એ માટે મેં મનને તૈયાર કર્યું. જે પાંચ-છ દુકાનો અને આહારગૃહો ગામના એકના એક મુખ્ય રસ્તા પર હતાં તે બધાં બંધ હતાં. ફક્ત છાપાંની દુકાન અને બે નાનાં કાફે આ દિવસે પણ મહેનત કર્યે જતાં હતાં. એક કાફેના માલિકે કહ્યું કે રજાઓમાં ઘણી અવરજવર રહે છે ને ધંધો સારો ચાલે છે તેથી એ લોકો દુકાન ચાલુ રાખે છે ને વ્હેલી સવારે કે મોડી સાંજે દેવળમાં જઈ આવે છે. એને માટે જે ધંધાકીય ડહાપણ હતું તે મારે માટે સ્વરક્ષાનું સદ્ભાગ્ય હતું!

ચૉકલેટનું દૂધ હાથમાં લઈ હું અખાત તરફ ગઈ. કયાંય છાંયડો ન હતો. જમીન સૂકી હતી. બે-ત્રણ પુરુષો વારાફરતી આવ્યા. મોટર સાથે હોડીઓ બાંધેલી તે પાણીમાં છોડી. પત્નીઓ પણ મદદ કરતી હતી. પછી પુરુષો પોતપોતાની હોડીઓ લઈ માછલી પકડવા ગયા ને પત્નીઓ પોતપોતાની મોટરોમાં ઘેર જતી રહી. થોડા કલાકોમાં પાછી એ આ આધુનિક માછીમારોને લેવા આવશે! ચારેક બાળકો છીછરા પાણીમાં રમતાં હતાં. એમાંનાં બે મારી પાસે આવ્યાં ને “સરસ લાગો છો” કહી વાતો શરૂ કરી. એમની મેળે જાતજાતની વાતો બંને કરતાં ગયાં. ‘સારા’ નામની છોકરી અને ‘જેમ્સ’ નામનો છોકરો બંનેના વાળ સોનેરી હતા. બંને પાંચ વર્ષનાં હતાં, જોકે સારા મને આઠની લાગેલી. દોઢ કલાક સુધી એ બંને મારી આસપાસ રહ્યાં, ગીતો ગાયાં, દાદીમાની ને આવનારાં મહેમાનોની વાતો કરી. જતાં જતાં જેમ્સ મને કહે, “કદાચ આપણે ફરી એક દિવસ મળીશું અને ત્યારે વધારે લાંબી વાત કરીશું.” એવો મીઠ્ઠો હતો ને પાછો ડહાપણનો ભંડાર! એ ઉંમરે એને સમય કે સ્થળના વ્યવધાનની કયાં સ્હેજે ખબર હતી!

તે પછી હું ગામની પાછળ જતા રસ્તે ચાલી. દિવસ તો પસાર કરવાનો જ હતો. પાછલી તરફના પાણીમાં બતકો અને કાળા હંસ તરતાં હતાં. કિનારે સૂકું, પીળું ઘાસ ને સામી બાજુ પર પહાડના ઢોળાવો. બધે શાંતિ, આછો આછો તડકો. બે ઘરની વચ્ચેની ખાલી, કાંકરાવાળી, ધૂળવાળી જમીન પર પાણી અને હંસ તરફ મોઢું કરી હું બેસી ગઈ. શાંત, સંતુષ્ટ ચિત્તે સેન્ટ હેલન્સને માણી રહી હતી ત્યાં થોડી જ ક્ષણોમાં એક યુગલ મારી તરફ આવતું દેખાયું. રસ્તા તરફ મારી પીઠ હતી પણ અણસાર આવતાં મેં મોઢું ફેરવ્યું. મને થયું કે એમની જમીન હશે ને મને ઊઠી જવાનું કહેવા આવ્યાં હશે પણ બંનેનાં મુખ પર સ્મિત હતાં. કહે, મને આમ બેઠેલી જોઈ હું આગંતુક જ હોઈશ એમ માનીને એમણે મોટર ઊભી રાખી હતી. પછી તરત જ ‘યેશોવાહના સાક્ષી’ પંથનાં અનુયાયી તરીકે પોતાનો પરિચય આપ્યો.

ચાલો, બીજો એક પંથી અને મારો ધર્મપલટો કરવા બીજું એક યુગલ! ધર્મના

ટુકડે ટુકડા પ્રત્યે મને હંમેશાં વિસ્મય થયા કરે છે. સંગઠિત ઐકયને બદલે કેટકેટલાં વિભાજનો? એ સવારે આ અપરિચિતોએ થોડી વાતો કરી ને મને ઘેર જમવા આમંત્રી. મેં કહ્યું, આનંદ તો મને થશે જ પણ હું શાકાહારી છું એ તકલીફ જેવું લાગતું હોય તો મને જમાડવાની જરૂર નથી. પણ એમણે ઘણો આગ્રહ કર્યો. ઉપરાંત, આ પંથ માટે ઇશુના બલિદાનનો આ દિવસ સૌથી અગત્યનો ગણાય છે અને એક સંસ્મરણીય કાર્યક્રમ હોય છે. એમાં આવવા પણ જેફી અને હેલને મને વિનંતી કરી. મેં કહ્યું, હું આવું તો ખરી પણ કોઈ મારા ધર્મપલટા માટે દલીલો કરશે ને હું મચક નહીં આપું તો એમને ખરાબ લાગશે. જેફી કહે, એવું કોઈ નહીં કરે.

ત્રણ-ચાર કલાક પછી આવીને મને લઈ જશે કહીને એ બંને અને એમનાં ત્રણ બાળકો ચાલી ગયાં. સાવ નાના, વિયુક્ત, લગભગ નિર્જન આ સ્થાનમાં હું સાવ એકલી, નિષ્ક્રિય હોત ત્યાં આ આમંત્રણ અને રાત સુધીની વ્યસ્તતા! કેવો વિસ્મયકારક અકસ્માત! હું બહુ ખુશીમાં આવી ગઈ ને રવીન્દ્ર-સંગીત ગાયું! પવન વધ્યો, થોડી ઠંડક થઈ. ધીરે ધીરે ગામમાં ફરતાં હું પાછી પાણી પાસે ગઈ. બાળકો હિંચકા-લપસણી પર રમતાં હતાં. મા-બાપો મોટરમાં બેસીને એમના પર નજર રાખતાં હતાં. ચકલીઓ ચીં ચીં કરતી હતી ને દરિયાઈ પંખી તદ્દન નીરવ હતાં. પાણીમાં બેત્રણ હોડીઓ દેખાઈ. એક છોકરી ઘોડો દોડાવતી ગઈ. બે-ત્રણ છોકરાઓ સાઈકલ પર ચડી આવ્યાં. કયાં ‘મરેલું’ હતું આ સ્થળ? મેં ચૂપચાપ એને માણ્યા કર્યું. ફરી કયારેય એને નહીં જોઉં. બસ, આટલામાં તો મન અનુરક્ત થઈ ગયું હતું.

જેફી અને હેલન સમયસર લેવા આવ્યાં. પહેલાં એ લોકો મને પથરાળા, પર્વતીય રસ્તા પર લઈ ગયાં. એક તરફ સાગર, બીજી તરફ પહાડ. ચારે તરફ ગીચ ઝાડી. સાગરનો નીલ, સૂર્યની લાલાશ અને ભૂખરા આકાશી રંગમાં ઝાંખો ચંદ્ર. સુંદર દૃશ્યનું વિહંગાવલોકન. પાછલા રસ્તેથી ઊતરીને અમે વળી તાસ્માન હાઈવે પર આવી ગયાં. સ્કામાન્ડર નામના નાના ગામમાં એ કુટુંબ રહેતું હતું. વસ્તી ૨૫૦-૩૦૦ની. સરનામું હાઈવે પરનો એક ક્રમાંક. દુકાનો, શાળા કે બીજું કશું ત્યાં નહીં. જેફી પાસેના બે ગામમાં વાળ કાપવાનો ધંધો કરતો હતો. બંનેમાં એના સિવાય કોઈ નાઈત હતો જ નહીં. હેલનને, જોકે, આ જીવન બહુ વધારે પડતું શાંત લાગતું હતું. એ કહે, “અહીં તો બધાં વિષે બધું દરેક જણ જાણતું હોય છે.” એ યુવાન, દેખાવડી, નિખરતી, ગુલાબી ઝાંયવાળા ગાલવાળી હતી — થોડી ચંચળ અને કશુંક જુદું, કશું વધારે જોઈતું હતું. મને થયું. શું એ કયારેક પણ અસંતુષ્ટ થઈ જશે? ને તો શું થશે?

હેલને ઘેર ઉગાડેલાં શાક બાફેલાં, મીઠું-મરી પણ નહીં, તોયે સ્વાદિષ્ટ હતાં. સાથે થોડો ભાત પણ આપ્યો હતો. ભોજન સારું જ થયું. બહાર ગુલાબી રંગ ઘેરો થયો હતો, ચંદ્ર વધારે તેજસ્વી થયો હતો. પછી અંધારું થતાં એનો રજત વર્ણ દરિયાનાં પાણીમાં સુરેખ એક રૂપેરી પથ પાડી રહ્યો.

ઉત્તર તાસ્મેનિયામાં ઠેર ઠેરથી સોએક પંથીઓ આ પ્રસંગે ભેગાં થયેલાં, આમ તો ત્યાંનાં નિયમિત સદસ્યો ૨૫-૩૦ જ છે. બધાં સરસ કપડાંમાં હતાં. બધાં સભ્ય સ્વસ્થ, સસ્મિત અને પ્રેક્ષણીય લાગે. 'ભજનો' બધાંએ મળીને ગાયાં. આ પંથમાં કોઈ પૂજારી નથી કે કોઈને વેતન મળતું નથી. પ્રમુખે બાઈબલમાંથી કેટલાક અંશ વાંચ્યા. દરેક જણ એક કે વધારે બાઈબલ લઈને જ આવેલું. હું બહારની હતી ને જોતી-સાંભળતી રહી. કેટલાંકે મારી સાથે થોડી વાતો જરૂર કરી અને સફરમાં શુભેચ્છા ઇચ્છી.

જેફ્રી, હેલન અને બાળકો મને ઉતારે પહોંચાડવા આવ્યાં ને વિદાય સાથે બાઈબલની એક નવી પ્રત આપી. હું કદાચ એને સુંદર સાહિત્ય તરીકે જ સમજી શકું પણ આ સહૃદયયુગલની લાગણી હું અવગણી ના શકી. 'ગૂડ ફ્રાયડે'નું પવિત્ર પર્વ મને ખરેખર ફળ્યું હતું.

"Now, however, there remain faith, hope, love, these threes; but the greatest of these is love." (I corinthians 13 : 13, from New world Translation of the Holy Scritures.)



## ન્યૂઝીલૅન્ડ

એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં ફરી એક દિવસ ખર્ચાઈ રહ્યો હતો. ન્યૂઝીલૅન્ડના મહત્તમ શૈલપ્રદેશને છોડીને ઉત્તર ભણી પ્રયાણ થઈ રહ્યું હતું. જેને નેત્રગોચર કરવાની અભીપ્સા રાખી હતી તે ગોપન રહ્યું હતું.

બસ રસ્તો કાપતી રહી તેમ તેમ ધીરે ધીરે આકાશ હલકું થયું, વરસાદ બંધ થયો. એકસો કિ.મિ. સુધી નદી, તળાવ, હરિયાળા ઢોળાવ અને ભૂખરા-લીલા પર્વતોનું સંમિશ્રણ સતત સાથે રહ્યું. ને તે પછી પણ એવું જ વળી. બીજા ૮૦ કિ.મી. પછી હોકિતિકા ગામ આવ્યું. ઊંચા રસ્તા પરથી, નદીની ઉપરથી, ખીણ અને બે બાજુની ટેકરીઓથી સર્જાતું એવું તો લલિત-ચારુ દશ્ય દેખાયું કે મન જરા શાંતિ પામ્યું. પણ જાહેર વાહનો પાસેથી તસ્વીર માટે ઊભાં રહેવાની અપેક્ષા કયાંથી રખાય?

ગ્રેમાઉથ આવતાં આગળ પ્રયાણની શકયતાઓ પૂરી થઈ ગઈ. બીજે દિવસે શનિવાર ને તેથી, હોય તેથી પણ ઓછી બસો દોડવાની. તેથી, આડાંઅવળાં બીજે કયાંક ના જતાં રાત ત્યાં જ ગાળી. ૮૦૦૦થી પણ ઓછી વસ્તીનું ગામ. મુખ્યત્વે કોલસાની ખાણોનો ઉદ્યોગ અને દક્ષિણ દ્વીપના પશ્ચિમ કિનારા પરનું મુખ્ય વેપારકેન્દ્ર. હજી એમ તો, આ આખા વિભાગની નદીઓનાં પાણીમાં સોનાની રજ પણ મળી આવે છે અને નજીકના પહાડોમાંથી નીલમ જેવો પથ્થર.

સાંજના પાંચ-સાડા પાંચ થતાંમાં તો ગ્રેમાઉથની પ્રજા પોતપોતાને ઘેર પહોંચી ગઈ. આહારની શોધમાં જતાં નાનકડા કેન્દ્રના એક મુખ્ય રસ્તા પર સાડી પહેરેલી યુવતી જોઈ, પછી કાંઈ 'કેમ છો' કહ્યા વગર ચાલે? મેં ધાર્યું કે એ દક્ષિણ ભારતીય હશે પણ એ શ્રીલંકાની હતી. તામિલ તો ખરી જ. એ ત્યાં ડૉક્ટર હતી ને ત્રણ વર્ષથી ગ્રેમાઉથમાં રહેતી હતી. એણે કહ્યું કે બીજાં ૩-૪ શ્રીલંકન કુટુંબો ત્યાં હતાં — બધાં જ ડૉક્ટર. સંજોગો લોકોને કયાં કયાં લઈ જાય છે. કહે છે કે જ્યાં હૃદયને ગમી જાય તે જ ઘર. પણ જો હૃદય તૂટેલું હોય ને ગોઠવાઈ ના શકે તો?

વહેલી સવારની બસમાં નવો દિવસ શરૂ થવાનો હતો. ગ્રેમાઉથથી પિક્ટન, પિક્ટન (Picton) દક્ષિણ દ્વીપનું સૌથી ઉત્તરના છેડા પરનું ગામ. ત્યાંથી નૌકામાર્ગે ઉત્તર દ્વીપને દક્ષિણ છેડે આવેલા, દેશના પાટનગર વેલિંગ્ટન (Wellington) જવાય. દેશના આ બે ખંડોને જુદાં પાડતાં પાણીને માર્લબૉરો (Merlborough) સાઉન્ડ કહે છે. પહાડો, ખીણો, નાના ટાપુઓમાં થઈને ખાંચાખૂંચી કરતું જતું પાણી ૬૦૦૦ માઈલના જળમાર્ગો બનાવે છે. ક્રાઈસ્ટચર્ચથી વાહનમાર્ગે આવતાં આ જળ અને સ્થળ પ્રદેશ ૨૧૭ માઈલ દૂર થાય પણ સામે વેલિંગ્ટનથી જલમાર્ગે ૫૨ માઈલ જ પડે. પિક્ટન ગામની વસ્તી આમ તો ૩૦૦૦ જેટલી પણ રજાઓના દિવસોમાં ફૂલીને ૧૦,૦૦૦ની થઈ જાય! મનમાં થતું હતું કે આ જળસફર દરમ્યાન દિવસ સારો હોય ને દરિયો શાંત હોય તો સારું. દરરોજ કાંઈ જુદી મુશ્કેલીનો સામનો! બસમાં સાત કે આઠ યાત્રીઓ હતાં. બધાં જ વિદેશી મુસાફરો

હતાં. સાત-આઠ કલાકની સફરમાં ચાર કે પાંચ નાગરિકોને બસ લેતાં જોયાં. ચાલક એકદમ યુવાન હતો ને આખે રસ્તે એક પણ શબ્દ બોલ્યો નહીં. આ તો વિચિત્ર વર્તાવ હતો. કયા ગામે નાસ્તા માટે બસ ઊભી રહી તે પણ કોઈ દીવાલ પર વાંચ્યું ત્યારે ખબર પડી. હું તો દેશનો મોટો નકશો ખોળામાં ખુલ્લો જ રાખું ને પ્રવાસનો પંથ નોંધ્યા કરું.

છીછરાં ઝરણાં ને તોયે કેવી ત્વરા! મેદાનો અશુષ્કતમ હરિત વર્ણનાં હતાં ને ટેકરીઓનાં આકુંચનો મૃદુ-મસૃણ હતાં. એ જ બધાં તત્ત્વો, દરરોજ, કેટલાયે દિવસોથી, પણ જોવાનો થાક નથી લાગતો. બધે પ્રાણીઓ ચરતાં હતાં — ઘેટાં, ગાયો, હરણ. પ્રાકૃતિક આ પ્રદેશમાં જનરવ ને માનવ-વિવાદનો એવો સુખદ અભાવ છે કે એ મને અત્યંત નિરુદ્વેગ, કામ્ય તેમજ ઇષ્ટ લાગે છે!

આખે રસ્તે પર્વતો નજર સમક્ષ રહ્યા. અંત વગરનો અભિવ્યાપ. માની ન શકાય તેવી રીતે આ દેશ પર્વતમય છે. દૂરના પર્વતો પર સફેદ વાદળ કટિમેખલા કયાં તો શૃંખલા જેવાં બધ્ધ હતાં. એ જ વાદળ પછી સરકતાં દેખાતાં — ધરા પર થઈને રસ્તાની બાજુમાં ને પછી આ ઢાંકી રહેતાં રસ્તાને, બસને, આખા પરિસરને. ખૂબ કોમળ હતું એ પ્રસરણ — જાણે કે લાલન, કોઈ તર્જન નહોતું એમાં ને તોયે મને જરા ચિંતા થતી રહી કે દિવસ કેવો જશે? હજી તો પેલી નૌકાસફર બાકી હતી, દરિયો ઉદ્દામ ને તોફાની હોઈ શકે ને એવા સમયે નૌકા જતી પણ નથી. પ્રત્યેક દિન એક નવી પ્રાર્થનાની આવશ્યકતા ઊભી થાય છે, એક નવી વિનંતી કરવામાં આવે છે!

પિક્ટન નાનકડું, સરસ ગામ લાગ્યું. વ્હાણના ધક્કા પાસેના ભાગમાં ફૂલો ઊગાડેલાં હતાં. બારું નાની-મોટી હોડીઓથી ભરેલું હતું. યાત્રીઓ અને વાહનો માટેની નૌકા તો ઘણી મોટી હતી — ૪૦૦૦ ટનથી પણ વધારે મોટી આગબોટ જ. પિક્ટનથી વેલિંગ્ટન ૯૮ કિ.મી. છે. આમ સાડાત્રણ કલાક થાય, પણ હવામાન પ્રતિકુળ હોય તો વધારે પણ થાય. માર્લબૉરો સાઉન્ડનો આ પ્રવેશ ખૂબ સૌંદર્યમંડિત ગણાય છે. એમાંથી થતા નૌકાગમનને એક વાર તો અનુભવવું જ જોઈએ એમ કહેવામાં આવે છે. અટકયા વિના બે બાજુ દેખાતાં ગીચ જંગલ, પર્વતો ને ટાપુઓ વચ્ચેથી નૌકા ચાલે છે. રંગોનો શું આકલીકૃત સોહાગ. ઘેરાં લીલાં સરુનાં વન, પીળાં ફૂલોથી સોનેરી થતા ઢોળાવો, ગાઢ શ્યામલ થતી જતી દૂરની ટેકરીઓ, ભૂરું આકાશ, ઘૂંટાયેલા મોરપીંછ રંગનું પાણી. બહાર તૂતક પર વાયુ સવીર્ય વીંઝાતો હતો પણ અનુગ્રાહી વારિ પર રંગીન શઢવાળી હોડીઓ સુખેથી રમતી હતી!

કૅપ્ટન કૂક ૧૭૭૦માં સૌ પ્રથમ અહીં આવી ચડેલા ને ઇંગ્લૅન્ડના રાજા જ્યૉર્જ તૃતીયના સેવક તરીકે આ નૂતન દેશનો કબજો લીધેલો. માર્લબૉરો સાઉન્ડ પૂરો થતાં આવતી સામુદ્રધુનીને 'કૂક સ્ટ્રેઈટ' (Cook Strait)નું નામ અપાયું છે. આ સામુદ્રધુનીમાં આવતાં પૃથ્વી દૃષ્ટિથી વિલુપ્ત થઈ જાય છે. હવે બસ, બધે પાણી જ પાણી. દરિયો જ વળી. ક્યાંયે કાંઈ જ નહીં — પેલી બાજુ હજારો માઈલ દૂર જતાં ચિલે અને આર્જેન્ટિના આવે, બસ, તે જ. નહીં તો ફક્ત પ્રશાંતનું આ નિર્મર્યાદ પ્રવર્તન.

વેલિંગ્ટન પહોંચતાં સૂર્યાસ્ત થઈ ગયેલો. તે સાથે અંધારું ને તે સાથે રસ્તા નિર્જન. શહેર ટેકરીઓ પર વસેલું છે ને એના દીવા ચોતરફ ઝગમગી રહ્યા હતા. હૉસ્ટેલ નકશામાં જોતાં ગામની બહાર લાગી, તેથી ટેક્સી લેવી પડી પણ તે પછી ચાલીને કે બસમાં બધે ફરી શકાયું. હૉસ્ટેલનું મકાન મોટું હતું. હારબંધ ઓરડાઓ પર ઓરડાઓ હતા. એના જાહેર કક્ષમાં ૨૦-૨૫ વિદેશી મુસાફરો જાણે ઢગલો થઈને પડયાં હતાં. ટેલિવિઝન ચાલતું હતું, કોઈ કોઈની સાથે વાત કરતું ન હતું. રસોડામાં ગૅસનો ચૂલો પણ બરાબર ચાલતો નહોતો. ઓરડા સ્વચ્છ હતા પણ આ વાતાવરણ એવું વિચિત્ર લાગ્યું કે પછી હું નીચે ઊતરી જ નહીં.

મહોલ્લો શાંત ને સારો હતો. પાસેની નાની દુકાનમાં દૂધ લેવા જતાં જોયું કે એનો માલિક એક ભારતીય દેશાંતરવાસી હતો. ઉપર જ એ રહેતો હોય તેવું લાગ્યું. કેટલા વખતથી ત્યાં, એ દેશમાં રહે છે પૂછતાં "ઘણા લાંબા વખતથી" એમ એણે કહ્યું. પછી તો ભારતીયોથી ચલાવાતી આવી દુકાનો વેલિંગ્ટનમાં ઘણે જોઈ. દરેક જગ્યાએ જઈ ચડતાં વાત નહોતી કરતી, કારણ કે બધાં સાથે વાત થાય પણ શું ને પ્રશ્ને પૂછવા ગમે કે આવડે પણ નહીં. વળી, દરેકના મોઢા પર વાત કરવાનો રસ દેખાય પણ નહીં. એક દુકાનમાં દૂધ, ફળ વગેરે જ શોધતી હતી, ત્યાં પાછલી બાજુ પર જતાં બીજું એક બારણું દેખાયું ને સરસ, મસાલેદાર સુગંધ આવી. એક બ્હેન વાસણ ધોઈ રહ્યાં હતાં. દેખાવે જ ગુજરાતી લાગ્યાં ને હતાં પણ એ જ! એમણે તો ઘણી વાતો કરી. એ લોકો વલસાડનાં હતાં. બે વર્ષ પહેલાં લગ્ન કરીને આવ્યા ત્યારથી આ દુકાન હતી. ઉપર જ રહેવાનું. વર તે પહેલાં પણ દુકાન જ ચલાવતા હતા. વલસાડનાં ઘણાં ગુજરાતીઓ અને સગાં વેલિંગ્ટનમાં રહેતાં હતાં. દિવાળી, નવરાત્રિ વગેરે તહેવારોની ઉજવણી ઉત્સાહથી થતી હતી એમ બ્હેને કહ્યું. સુગંધથી નાક તર થતું હતું. શું બનાવતાં હતાં એ વિષે મેં પૂછયું. મગ ને ભાત ને ડુંગળી — એવું કાંઈક એમણે કહ્યું. ચાખવાનું એ બોલ્યા નહીં. સંકોચ ત્યજીને હું ચાખવા માગી ના શકી પણ મનમાં થયા કર્યું, (ઘણા દિવસથી કયાં ઘરનું બનાવેલું અને દેશી ખાવાનું ખાધું હતું?) કે ચાખવાનું કહ્યું હોત તો સારું થાત!

રવિવાર હોઈ નગર નિવૃત્ત, લગભગ નિર્જન હતું. મને ગમે છે આવાં શાંત, પરિશૂન્ય, અલ્પમાનુષ સ્થાન. જાણે એ મારે જ માટે હોય છે. ને છતાં, અહીં અઠવાડિયે એક જ રવિવાર આવે છે તે ભગવાનની કૃપા છે! આ રાજનૈતિક નગરના કેન્દ્રમાં આધુનિક, પ્રવૃત્તિશીલ, ઉદ્યોગરત, નાગરિકોની અવરજવર જોવી ગમી હોત.

મેં એક દિવસ માટેનો બસનો પાસ લઈ લીધો ને ઠેર ઠેર ફર્યા કર્યું — પાણી પાસેના વિભાગોથી પર્વતની ટોચ સુધી. આગલી રાતે બધાંએ — ટેક્સીચાલક, પેલો ભારતીય દુકાનદાર, હૉસ્ટેલમાંનાં એક-બે જણ વગેરેએ કહ્યા કરેલું કે વરસાદ પડવાનો છે. હું હતાશ થઈ હતી. દરરોજ ઋતુની ચિંતા કરીને હવે થાકી હતી. પણ ભાગ્યવશાત વરસાદ ના પડયો. વેલિંગ્ટન ગઈ તેના ત્રણેક દિવસ પહેલાં જ ત્યાં કસમયનું, અનપેક્ષિત વાવાઝોડું થયેલું. એનાથી પણ સરસ બચી જ ગઈ હતીને.

દરિયાકિનારાના લત્તાઓમાં જૂનાં, નીચાં ઘર હતાં. કશું નવું બાંધકામ ત્યાં થયું જ નહોતું. ‘મીના માર્કેટ’ અને ‘દયાલની દુકાન’ જેવાં નામ વંચાયાં. ઊંઘરોટ રવિવારે પણ ‘દેશીઓ’ કાર્યપરાયણ હતાં. હવે ખ્યાલ આવતો જાય છે કે અનિકટના આ દેશમાં ભારતીયો કેવી દૃઢ રીતે વસેલાં છે. બેએક ભારતીય રેસ્ટોરાં પણ વેલિંગ્ટનમાં છે એમ મેં સાંભળ્યું. એક બસસ્ટૉપ પર બસની રાહ જોતી હતી ત્યારે એક માઓરી સ્ત્રી વાત કરવા માંડી કે ફૂટબૉલની રમત જોવા જતાં એની ચાવીઓ ચોરાઈ ગઈ હતી. સાંભળીને મારી બાજુમાં બેઠેલી એક કીવી વૃદ્ધા ચાવી ચોરાવાનો પોતાનો અનુભવ કહેવા માંડી. ગુલાબી અને રાખોડી રંગના સરસ પોષાક અને સમરંગી પાદત્રાણ અને પર્સમાં એ બહુ શિષ્ટ લાગતી હતી. એટલી સહજ રીતે અહીં નાગરિકો વાત કરવા લાગે છે. એવું સારું લાગે છે.

શહેરના કેન્દ્રના વિક્રયમાર્ગમાં કિશોરાવસ્થાના છોકરાઓ રખડી રહ્યા હતા. કૈંક અનિષ્ટનો, અરક્ષિતતાનો ભાવ ત્યાં થોડો થયો ખરો. કે પછી ટ્રેનમાં પેલી છોકરીએ વાત કરેલી એની અસર હશે? રવિવારના ખાલી શહેરમાં આખો દિવસ જોરજોરથી ભૂંગળાં વાગતાં રહેલાં — પોલીસનાં, એમ્બ્યુલન્સનાં, આગબંબાનાં. એક વાર હરીફાઈ કરતી હોય તેમ ખૂબ ઝડપથી, મોટો અવાજ કરતી જતી બે મોટરો જોઈ હતી. જાણે નિષ્ક્રિયતાને કારણે થતી અકળામણ નાગરિકો અનિચ્છનીય વર્તનથી કાઢતાં હતાં.

પહાડની ટોચ પરથી શહેરનો પરિસર સરસ દેખાયો. ત્યાં જ બોટાનિકલ ઉદ્યાનની શીતળ હરિયાળી છે અને અનતિદૂરે મહાવિદ્યાલયની ઇમારતો. વેલિંગ્ટન એટલું પર્વતીય છે કે કેટલાંયે મકાનોનું એક બારણું એક રસ્તા પર પડતું હોય ને બીજું બે-ત્રણ માળ

ઉપર બીજી બાજુ, બીજા રસ્તા પર પડતું હોય. બધાં જ સરકારી મકાનો શહેરના મુખ્ય ભાગમાં છે. સંસદ, ન્યાયાલય, નગરપાલિકા વગેરે ઇમારતો પ્રથાગત સ્થાપત્યમાં છે, તો વળી સંગીતગૃહ અને બજારનો કેટલોક અંશ અતિસમકાલીન શૈલીમાં છે.

દક્ષિણ ગોળાર્ધના આકાશમાં દેખાતા તારા અને નક્ષત્રોને જોવા માટે ખાસ હું ગ્રહદર્શનગૃહમાં ગઈ. મકાનની અંદર તંબુ બનાવીને એમાં આ રાત્રિદર્શન બતાવાતું હતું. એ દિવસનો મુખ્ય વિષય ગુરુ અને એના ઉપગ્રહોને લગતો હતો. તે પછી દક્ષિણ આકાશનાં ઝુમખાં નિર્દિષ્ટ થયાં. દાઢીવાળો એક મહાકાય કીવી આ સેવા બજાવતો હતો. એની બોલવાની રીત અને લઢણ એવાં હતાં કે એનું ઘણું ભાષ્ય મને સમજાયું નહીં. આમેય અમે પાંચ જ શ્રોતા-પ્રેક્ષકો હતાં. અંધારા સમ્યક્xવાતાવરણમાં મને તો ઊંઘ આવવા માંડી, જે માંડમાંડ મેં સંયમમાં રાખી!

વેલિંગ્ટનના કળાસંગ્રહના ચોગાનમાં જ ત્યાંનું યુદ્ધસ્મારક છે. બહાર ઊંચો એક મિનાર છે, અંદરની દીવાલો પર યુદ્ધ સ્થાનોનાં નામ છે. અતિગંભીર ભાવ અહીં સ્વાભાવિક હતો. માતા અને સંતાનો દર્શાવતું એક શિલ્પ વિગલિતકર હતું. મુખ્ય મકાન રોમન સ્તંભની બાંધણીવાળું હતું. એના કક્ષોમાં અંગ્રેજોના સમયની વસ્તુઓ, માઓરી તેમજ પોલિનેશિયાની કળા, દેશના ભૂતત્ત્વ અને જીવ ઇતિહાસ અંગેની સામગ્રી વગેરે પ્રદર્શિત થયાં હતાં. મારે માટે સૌથી રસપ્રદ હતું માઓરી સ્ત્રી-પુરુષો, યુવાન-યુવતીઓના એક સમૂહ વડે કરાતું તળપદ્દુ નૃત્યગાન. આ નૃત્યકારોની મંડળી આખા દેશમાં કાર્યક્રમો આપતી રહે છે ને દર રવિવારે સંગ્રહાલયના પ્રવેશકક્ષમાં, માઓરી કળા અને જીવનને છતું કરતી કૃતિઓની વચમાં તાલીમ અને પૂર્વપ્રયોગાભ્યાસ માટે ઉપસ્થિત થાય છે. ત્યાંની દુકાનમાં પણ માઓરી કળા, સંસ્કૃતિ, ભાષા વગેરે ઉપરનાં ઘણાં પુસ્તકો હતાં.

વેલિંગ્ટનમાં દોઢ દિવસ પૂરતો ગણેલો. સમય હોય તો આજુબાજુનું બીજું ઘણું જોવાય. પણ સમય બચાવવા રાતની ટ્રેન લેવાનું નક્કી કરેલું — આ પહેલી વાર ને તોયે વિલોભનીય નિસર્ગદર્શન ગુમાવીશ એનો રંજ હતો.



## ઍન્ટાર્કટિકા

નાનાં હતાં અને માને એમ કહેતાં સાંભળતાં કે ‘શ્રીનાથજીબાવાનો (અથવા મથુરાધીશનો વગેરે) કૉલ આવશે ત્યારે શ્રીનાથજી (અથવા મથુરા) જવાનું થશે’ ત્યારે હસતાં. કૉલ આવવાની તે આ શી વળી વાત! મન થાય ત્યારે જવાનું વળી, એમાં ભગવાનની ‘આજ્ઞા’ અને ‘કૃપા’ અને ‘કૉલ’ વળી કેવાં!

આમાં અશ્રદ્ધા અને અવિશ્વાસના ભાવ કરતાં અનુભવ અને સમજણનો અભાવ વધારે હતો. છેલ્લાં કેટલાંક વર્ષોથી, જ્યારે કોઈ પૂછે છે કે અમુક જગ્યા કે તમુક જગ્યા (સ્થાન, શહેર કે દેશ) કઈ રીતે પસંદ કરી, ત્યારે બરાબર મારી ધર્મશીલ મા જેવી જ વાત કરું છું કે સમય થાય છે ત્યારે તે તે જગ્યા જ મને બોલાવે છે અથવા તે તે જગ્યા જ મારા મનોવિચારમાં પ્રગટ થાય છે. સમય પાકે અને એ સ્થાનનો ‘કૉલ’ આવે ત્યારે જ જવાય છે. ફક્ત મન થાય એટલે જવાતું નથી.

આ વાત કોઈ પણ સ્થાનને લાગુ પડે છે, કેવળ જાત્રાધામ કે દેવધામને નહીં. છતાં, સમજણ વધતાં એ પણ ખબર પડી છે કે દરેક પ્રજા ઇશ્વરમાં માને છે અને દરેક સ્થાનના દેવો અથવા દૈવીશક્તિ હોય છે. આથી, જે જગ્યાએ જાઓ તે દેવધામ છે. ઉપરાંત, સૌંદર્યસભર કોઈ પણ સ્થાન એક રીતે જાત્રાધામ છે.

(પેલો અનુભવ અને સમજણનો અભાવ કેવો શાશ્વત સંવેદનશીલતામાં પરિવર્તિત થઈ ગયો! વર્ષોથી અનેક સ્થાનોમાં પાડેલાં પગલે પગલે, ધીરે ધીરે આ પરિવર્તન થતું રહ્યું — જાણે ખબર પણ ના પડી.)



જાન્યુઆરીને પહેલે દિવસે, નવા પ્રવાસ માટેની નવી નોંધપોથીમાં લખ્યું કે આગલું વર્ષ સારી રીતે પત્યું હતું અને આ વર્ષ અસામાન્ય રીતે શરૂ થવાનું હતું.

ઍન્ટાર્કટિકા : ચરમ ગંતવ્ય સ્થાન. અંતિમ અધ્વગમન. પૃથ્વી ઉપરનું છેલ્લું સ્થળ,

પૃથ્વી નીચેનું છેલ્લું સ્થળ. કાળ અને અંતરાળનો પોતાનો તાણો સફેદ, વાણો સફેદ. પ્રશ્નો અને આશ્ચર્યો ઉત્પન્ન કરતો વિશદ હિમખંડ. વિશ્વ આખાના અધિકારમાંનો, આખા વિશ્વથી અતિદૂરનો શીતપિંડ. નકારનો પ્રદેશ, નહીંવત્તાનો પ્રદેશ.

અમાનવીય, અપ્રવેશ્ય, વિપરીત, શાપિત.

ધવલ ધરા, ધવલ ગગન,

ધવલ શબ્દ, ધવલ શાંતિ,

ધવલ આલોક, ધવલ અંધાર,

ધવલ પ્રતિદિન, ધવલ રાત્રિ.

અદ્‌ભુત, અપરિચિત, ચુંબકીય, સુવિશિષ્ટ.

ઍન્ટાર્કટિકા — પ્રવાસ વિષયક સર્વ ઇચ્છાની પરાકાષ્ઠા. મહાપ્રયાણ, મહાભ્રમણ.



કોઈ પણ પ્રવાસની તૈયારી કેટલા સમય પહેલાંથી શરૂ થતી હશે? મનને સજ્જ થતાં તો શું વાર? પણ વાસ્તવિક વિરચનાઓ ઘણો વધારે સમય અને ઘણી દોડાદોડી માગી લે છે. ઍન્ટાર્કટિકા જવાના વિચારનો તણખો મનમાં પડ્યા પછી ત્યાં ખરેખર જવા સુધીનાં બે વર્ષમાં તો મનમાં જાણે આગ લાગી ગઈ હતી? ક્યારે જઈશ? કેવી રીતે જઈશ? શું થશે? કેવું હશે? કેટલી જાતની અનિશ્ચિતતા અને અધીરાઈ.

૧૯૮૭માં દક્ષિણ અમેરિકામાં પહેલવહેલી વાર ઍન્ટાર્કટિકા પ્રવાસીઓ જાય છે તે સાંભળ્યું. ત્યાં સુધી સભાન પ્રવાસેષણામાં એનું નામ પણ ન હતું. બે દક્ષિણ અમેરિકી વ્યક્તિઓ એવી મળી કે જે આ ગોપન પ્રદેશમાં જઈ આવી હોય. લાકડી લઈને ચાલતી એક વૃદ્ધા વહાણમાર્ગે ગઈ હતી અને ગુરુવયસ્ક અને ભદ્રજન ચિલેથી વિમાનમાં એનું વિહંગાવલોકન કરી આવ્યા હતા. ત્યારથી આંચકો લાગી ગયો મનને અને થઈ ગયું રટણ શરૂ ઍન્ટાર્કટિકાનું.

બીજે જ વર્ષે જવા માટે માહિતી મેળવવા પણ માંડી. મારે આર્જેન્ટિનાથી જવું હતું, કારણ કે એમ કરતાં બુએનોસ આઈ રેસમાંની મારી મિત્રને પણ ફરી મળી શકાય. અને

પ્રવાસમાં સ્થાનોની છે તેટલી જ અગત્ય જનોની પણ છે. જોકે થોડો વિચાર કરીને પછી તરત બીજે જ વર્ષે ફરી દક્ષિણ અમેરિકા જવાનું માંડી વાળ્યું. હજી ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલૅન્ડ બાકી હતા. અને ઍન્ટાર્કટિકા જેવી જગ્યાને — દુનિયાના સાતમા અને છેલ્લા ખંડને — અંતિમ પ્રવાસની સર્વોચ્ચ પદવી જ શોભે.

આ સારું જ થયું, કારણ કે પાછળથી ખબર પડી કે આર્જેન્ટિનાની જે કંપનીમાં ઍન્ટાર્કટિકાની સાગરસફર માટે હું પૈસા ભરવાની હતી તે તો દગાખોર હતી. અનેક ઉત્સુક પ્રવાસીઓના પૈસા લઈને એ બંધ અને લાપતા થઈ ગઈ.

પછી ૧૯૮૯ માટે બીજી શકયતાઓ શોધવા લાગી. માંડ ત્રણ કે ચાર જ પ્રવાસ કંપનીઓ આ કઠિન સફરે જાય છે. એમાં એક ચિલેથી વિમાનમાર્ગે જાય, જે મને સ્વીકાર્ય ન હતું; બેનો ભાવ ખૂબ જ ઊંચો હતો અને એટલો ખર્ચો ખૂંચતો હતો; બાકી રહી છેલ્લી કંપની. આવા અસાધારણ દેશમાં લઈ જતી દરેક સફર મોંઘી તો હોવાની જ. પૈસા ઓછા થઈ થઈને પણ કેટલા થવાના ? પણ દરેક નૌકાગમનનો માર્ગ એકસરખો જ હતો, તેથી મેં છેલ્લી, આર્જેન્ટિનાની બીજી એક કંપની જ પસંદ કરી. એ ‘ઍન્તારતુર’ના એક પ્રતિનિધિ, પિટર, ન્યૂયૉર્કમાં જ હતા, એ બાબત મને આસાયેશ જેવી લાગી.

પહેલાંના અને હવે પછીના બધા પ્રવાસોને જે ઝાંખો પાડશે તે આ અપૂર્વ પ્રવાસ. એકથી વધારે વાર કરવું લગભગ અશકય આ અતિક્રમણ. આ એક પ્રયાણ સફળતાથી પાર પડે તે મારે માટે અત્યધિક અગત્યનું હતું. આ એક સફર એવી હતી કે જે હું જાતે જ, એકલાં ના ખેડી શકું. વહાણ, ખલાસી અને ટંડેલ તો જોઈએ જ ને.

(એક વાર નીકળી તો જઈએ, પછી કરીશું વિચાર સાહિલનો કે મઝધારનો. બસ, આ સફર આપો. ધવલખંડના દેવ! ફરીથી આવી વિષમ વિજ્ઞાપના નહીં કરું.)

❧

મારા મનમાં પણ ઍન્ટાર્કટિકા વિષે ઘણા પ્રશ્નો તો હતા જ પણ કશો જ ખ્યાલ ના હોય એવું પણ ન હતું. લોકો સાથે આ મુસાફરી વિષે વાત થવા માંડી ત્યારે જોયું તો મોટા ભાગનાને તો કશી જ ખબર ન હતી. એમના સર્વસામાન્ય પ્રશ્નો આવા હતા :

ત્યાં શું છે? ત્યાં કઈ જાતના લોકો રહે છે? એમની સંસ્કૃતિ કેવી હશે?... એ વિષે કંઈક સરસ લખજે. દાખલા તરીકે, ત્યાંની સ્ત્રીઓની સ્થિતિ... ઍન્ટાર્કટિકા? હમણાં? અત્યારે ત્યાં થીજી નહીં જવાય?... તો તમે લોકો ત્યાં ઇગ્લૂમાં રહેવાનાં?... ત્યાં વનસ્પતિ અને પ્રાણીઓ કેવાં હશે?

કેટલાક લોકોને જાણ જ નહોતી કે એ પ્રદેશ કયાં આવ્યો, તો મોટા ભાગનાઓ એને ખોટા ગોળાર્ધમાં મૂકી દેતા. આર્કટિક અને ઍન્ટાર્કટિક વચ્ચે બધાં જ ગૂંચવાયેલાં હતાં. ઉત્તર અને દક્ષિણ ધ્રુવના પ્રદેશોની વચ્ચેના તફાવતોની જાણ ભાગ્યે જ આ બધાંને હતી. ઍન્ટાર્કટિકા એટલે બરફનું રણ. એમાં કયારેય પ્રજા કે માનવજીવન હતાં જ નહીં. ત્યાં સ્ત્રીઓની સ્થિતિ કે સંસ્કૃતિ કેવી? વળી, દક્ષિણ ગોળાર્ધમાં ઋતુ આપણાથી બિલકુલ વિરોધી. આપણો શિયાળો તે ત્યાં ઉનાળો. ત્યાં જાન્યુઆરીમાં જ જવાય. એ પહેલાં ને પછી — અલબત્ત, એ દરમ્યાન પણ ત્યાં ઠંડી જ હોય અને જૂનમાં તો ત્યાં હોય છ મહિનાની રાત અને સૂકા, સૂના, હિંસ્ર હિમનું સામ્રાજ્ય.

હું ઍન્ટાર્કટિકા જવાની છું સાંભળીને દરેક વિસ્મિત થઈ જતું. પ્રત્યાઘાતો પણ સર્વસામાન્ય જ હતા : શું, ઍન્ટાર્કટિકા? ખરેખર?... શું આ મજાક છે?... તું ખરેખર સાહસી છે... તું ખરેખર બહાદુર છે... અરે વાહ, ઍન્ટાર્કટિકા! શું વાત છે!

એક ગુજરાતી ઓળખીતી સ્ત્રીએ જુદો જ જુસ્સો બતાવ્યો. ભારત સરકાર તરફથી વિજ્ઞાનાર્થે ત્યાં જઈ આવેલી બે ભારતીય વિજ્ઞાની સ્ત્રીઓને યાદ કરીને એણે મને દબડાવી કાઢી કે હું કશી નવાઈ નહોતી કરી રહી.

(આવી અકારણ, અનપેક્ષિત, હિંસક પ્રતિક્રિયાથી હું ગભરાઉં છું, કારણ કે હું કેવળ મારા શોખની રીતે, સાધારણ ભાવે જીવું છું. ફરવામાં ફક્ત ‘ફન’ નથી, ઘણી મુશ્કેલીઓ પણ વેઠું છું. પણ જાઉં છું, ગયા કરું છું કારણ કે એથી મન આનંદમાં રહે છે.)

વાત નીકળતાં બીજાં કેટલાંય મિત્રો ને ઓળખીતાં, પોતાને જાણીતી, ઍન્ટાર્કટિકા જઈ આવેલી વ્યક્તિઓના ઉલ્લેખ કરતાં રહ્યાં, પણ આવા હુમલારૂપે નહીં.

ઋતુ કેવી હશે અને ઠંડી કેટલી હશે — એ ચિંતા તો હતી જ પણ બરફના ફોટા પાડવા અંગે તો મનમાં બહુ જ સંશય હતા. (કેવી રીતે પાર પડશે બધું? કેટલું મહત્ત્વનું હતું આ પ્રસ્થાન મારે માટે. સારું નહીં જાય તો શું કરીશ? ફોટા સારા નહીં પડે તો શું કરીશ?)

ઍન્ટાર્કટિકાને સ્પષ્ટપણે કલ્પી શકતી નહોતી ને છતાં મનની આંખે જોઈ શકતી હતી. (ભારા મનના અતિતીવ્ર મનોરથનું આ તીર્થાટન હતું. સારી રીતે પાર નહીં પડે તો શું કરીશ?)



નૌકાસફર શરૂ કર્યાં પછી પચીસેક કલાકે અમે ઍન્ટાર્કટિકાનાં પાણીમાં પ્રવેશ્યાં હોઈશું. સાગરમાંથી સાગર — એક પાણીમાંથી બીજા પાણીનો ભેદ કઈ રીતે જાણવો? ત્રીસેક કલાકે આ સુદૂરસ્થિત, રહસ્યરક્ષિત હિમક્ષેત્રની ભૌતિક સાબિતીઓ જોઈ : શૅટલૅન્ડ (Shetland) દ્વીપસમૂહના તીક્ષ્ણ, વીર્યવાન ગિરિશૃંગો. એમાંના લિવિન્ગ્સ્ટન (Livingston) દ્વીપના તિમિરવર્ણ પાષાણશિખરો વધારે નજીક હતા. હિમના ધવલ આવરણને લીધે શ્વેત-શ્યામ ભયાનકતા છતી કરતા આ પર્વતો સામાન્ય રીતે ગાઢ ધુમ્મસના છેતરામણા અવગુંઠનમાં રહે છે અને ખતરનાક બને છે. ૧૯૭૯માં ન્યૂઝીલૅન્ડનું એક વિમાન આ દ્વીપ પરના માઉન્ટ ઍરેબસ (Erebus)ને અથડાયેલું અને બધાં જ પ્રવાસીઓ કુલ ૨૭૫ નાશ પામેલાં. ધુમ્મસ એટલું સઘન હતું કે ત્યાં પર્વત છે તે જ વિમાનીને ખબર ના પડી. વિમાનમાંનાં યંત્રોએ પણ છેહ દીધો હશે ને?

પણ અમારો ઍન્ટાર્કટિક જળમાંનો એ પહેલો દિવસ સુંદર, સ્પષ્ટ, સૂર્યપ્રકાશિત અને ઉષ્માસભર હતો. તાપમાન ૩૫ F હશે. બધાં એટલાં ખુશ હતાં. (આવી ઋતુથી વધારે ક્યાં કશું જોઈતું હતું? ઝળહળ દિન, ઝળહળ મન.) દરેક પ્રવાસ-સફર વખતે આવું સ્વચ્છ આકાશ મળતું નથી. એકથી વધારે વાર ઍન્ટાર્કટિકા આવેલાં કાર્યકરોએ અમને કહ્યું કે એમણે પણ આવો ઉઘાડ ભાગ્યે જ અહીં જોયો હશે. (ત્યારે, આ સૌભાગ્યનાં જ ચિહ્ન હતાં ને?)

આ હિમખંડના સુસ્થિર પર્વતીય અંચલોને અમે પહેલી વાર જોઈ રહ્યાં હતાં. (બધી

ઇચ્છાઓ પરિપૂર્ણ થઈ હતી. હું હતી માયાવી મહાધામમાં — હું સાચે જ હતી.) પણ કદાચ એથીયે વધારે રોમાંચ એના ચલિત, ચંચલ જીવન અંશો જોઈને થયો હતો. (ઓહ! આ દૃશ્ય, આ સૌંદર્ય, આ માહોલ, આ નિખાર — હોઈ શકે બીજે કયાંયે? બધું જોયા પછી, બધે ગયા પછી જે બાકી રહે તે આ હતું. શ્રેષ્ઠતમ વરદાન, અપ્રાપ્યનું દર્શન, ઉપાસનાનો પરિપાક અથવા જીવનનો અંતિમ શ્વાસ — બસ, એવું જ હતું આ પારલૌકિક ભુવનમાં મારું હોવું.)

ઍન્ટાર્કટિક નિર્બંધ, અમલિન, અવિકળ, નીલ પાણીમાં વ્હેલ (Whales) માછલીઓ તરતી હતી. નિશ્ચિંતપણે ક્રીડા કરતી હતી એમ જ કહેવાય. આ વારિસંચય એમનું જ પટાંગણ હતો ને. સદ્‌ભાગ્યે અજાણ્યા પ્રદેશથી આવેલા વહાણથી એમને દખલ નહોતી પહોંચી. પાણીમાંથી બહાર નીકળતા, ડૂબકી મારતા, વેગથી પાણી કાપતા, પાણી ઉડાડતા મહામત્સ્યો પછી તો બીજી ઘણી વાર જોયા. એમની લાક્ષણિક ચાલથી સાગર-નીરમાં કુંડાળાં પર કુંડાળાં રચાતાં જતાં. આ રમ્ય વર્તુલાવલિઓ જોઈને હરખાતાં હોઈએ ને ત્યાં આ પટુ તિમિ-યુગ્મો આગળ નીકળી ગયાં હોય. એમના જળમાર્ગની ધારણા કરીને આંખો તૈયાર કરી રાખીએ ને ત્યાં એ ડૂબકી લઈ બીજે પહોંચ્યાં હોય. એમનાં માથાં બહાર આવતાં જોઈએ ના જોઈએ ત્યાં એમનાં સુંવાળાં, ભૂખરાં, લાંબાં શરીર જળગત, અદૃશ્ય થઈ ગયાં હોય. આ સરળ, આનંદી, રમતિયાળ પ્રાણી હંમેશાં યુગલરૂપે જ જોયાં. સમાગમનો સ્વભાવ ફક્ત માણસોમાં નથી હોતો.

અમે ત્રણ જુદી જુદી જાતની વ્હેલ એ દિવસોમાં જોઈ. સીલ (Seal) માછલીઓ પણ ત્રણ પ્રકારની જોવા મળી. એ એવું પ્રાણી છે કે પાણીમાં તરી શકે છે ને જમીન પર ચાલી પણ શકે છે — પણ પેટેથી ઘસડાઈને. એલીફન્ટ સીલ કહેવાતી જાતિની માછલીઓ એક કિનારે મોટી સંખ્યામાં વસાહત કરીને પડેલી હતી. ચાઠાંવાળી ભૂખરી ચામડી, સ્થૂળ શરીર, કદરૂપો દેખાવ. એમની ઘણી પાસે અમે જઈ શકયાં. પડયાં પડયાં ઝીણી, ઊંઘરેટી આંખો માંડ માંડ ખોલી અમારી સામે જોતાં હોય એવું લાગતું હતું. એમનાં મોઢાંમાં વાઘનાં મોંનો થોડો અણસાર હતો. કોઈ બગાસું ખાતી તો નાના દાંત દેખાતા. કોઈ વળી નૈકટયના ભાવથી બીજાના આળસભર દેહને સ્પર્શતી. આ પણ માનવ-સહજ વર્તન થયું.

ઍન્ટાર્કટિકાના પ્રાણીજીવનમાં આ બે જાતની ગુરુકાય માછલીઓ ઉપરાંત બીજાં નાનાં જળચર છે જરૂર. કુદરતે આ શીત-જડ પ્રદેશમાં અદ્‌ભુત જીવનરચના કરી છે. 'મત્સ્યગલાગલ' અહીં સંપૂર્ણપણે સિદ્ધ થાય છે. આ જીવનિર્વાહના આધારરૂપ પહેલે પગથિયે છે બે ઇંચની, નાનકડી, ક્રિલ (Krill) નામની માછલી. અબજોની સંખ્યામાં આ

માછલીઓ ઍન્ટાર્કટિકાનાં પાણીમાં વસે છે. સામાન્ય રીતે, એક વ્હેલ રોજની ચાર ટન ક્રિલ પર નભતી ગણાય છે. આ ક્રિલ માછલીઓ પ્રોટિનથી ભરપૂર હોઈ માણસજાતને પણ ખૂબ ઉપયોગી થઈ શકે તેમ છે અને તેથી એનો શિકાર ૧૯૬૪માં જુદા જુદા ઘણા દેશો — જેમકે, જાપાન, ચિલે, બલ્ગેરિયા, પશ્ચિમ જર્મની, દક્ષિણ કોરિયા, તાઈવાન, રશિયા વગેરેએ કરવા માંડયો અને પછી યોજનાપૂર્વક એમનો ઉછેર પણ. કુદરતે રચેલું અસામાન્ય સમતોલન શીઘ્રક્ષોભ્ય, અતિમૃદુ છે, જેની અંદર, માણસની સ્વાર્થબુદ્ધિથી થતા ક્રિલની સંખ્યામાંના અત્યંત વધારા કે ઘટાડાને લીધે ખૂબ ક્ષતિ થવાનો સંભવ છે. જ્યાં જીવન મેળવવું અને ટકાવવું ખૂબ દુષ્કર છે ત્યાં જો જીવનને હાનિ પહોંચે તો ફરી સ્વસ્થ સમતોલન મેળવતાં વર્ષોનાં વર્ષો લાગી જાય. (શું વિશ્વનું બધું માણસના વપરાશ માટે છે? સૂર્ય, ચંદ્ર, તારા, પૃથ્વી, સાગર? ઋજુ હૃદય?)

આ ઉપરાંત, ઍન્ટાર્કટિકામાં કરોડો અને અબજોના આંકડામાં જતો ખનીજ અને વાયુ-દ્રવ્યોનો જે જથ્થો છે તેના પર પણ દુનિયાની નજર છે જ. પણ માઈલ ઊંડા ને થીજીને નિર્મમ શિલા બનેલા હિમસ્તરોને ભાંગવા કઈ રીતે? અત્યારે તો, છે તેના ત્રીજા ભાગની સંપત્તિ પ્રાપ્ત થઈ શકે તેમ ભૂખંડીય પરીક્ષણો બતાવે છે પણ વિજ્ઞાનયુગની આ મેધાવિની માણસજાતનું કાંઈ કહેવાય નહીં.



દક્ષિણ અમેરિકાથી નીકળ્યા પછી અડતાલીસ કલાકે, શેષે, અમે ઍન્ટાર્કટિકાના મોહભર્યા, માયાવી ઉપાન્તે પદક્ષેપ કરવાનાં હતાં. (ના, આ તો ચરણસ્પર્શ, હૃદયસ્પર્શ.) શું જોવાનું હતું? શું સમજવાનું હતું? (હું જે જોઈ રહી હતી તે સભાન અભિજ્ઞાથી બહારનું હતું. એને સમજવાનાં જ્ઞાન કે અનુભવ કયાં હતાં? આ વિશ્વ કલ્પનોત્તર, કથતોત્તર હતું.)

કિનારાથી અનતિદૂરનાં પાણીમાં, એક હાથ જેટલાં નાનાં, કાળાં, અનેક પેન્ગ્વિન (Pengvin) ખાબકી રહ્યાં હતાં, જાણે કૂદાકૂદ કરી રહ્યાં હતાં. ચિબુક પર પાતળી કાળી પટ્ટી હોઈ 'ચિન સ્ટ્રૅપ' કહેવાતાં આ પેન્ગ્વિન હતાં. પાણીમાં જ ઊછરવાનું ને પાણીમાંથી જ ખોરાક મેળવવાનો, તેથી આખો દિવસ એમની ડૂબાડૂબ ચાલ્યા જ કરે. કિનારે પહોંચ્યાં પછી અમે ઘણાં 'જેન્ટૂ' જાતિનાં પેન્ગ્વિન જોયાં. નાનકડાં, પ્રીતિકર પ્રાણી. શરીરનો આગળનો ભાગ સફેદ, પાછળનો રાખોડી ને ચાંચ લાલ. તરે તો માછલીની જેમ સપાટાબંધ ને ચાલે તો ડાહી ડોશીની જેમ ડગુમગુ. એવાં તો મીઠાં ને મનોરંજક લાગે. દોડે તો ટૂંકા કૂદકા મારતાં ને એમાં દડી પણ પડે. આ ખરેખર પંખીની જાતો છે જે ઊડી

નથી શકતી. ઉત્ક્રાંતિ દરમિયાન એમની પાંખો નિરર્થક બની. બતક જેવા ત્રણ પાંખિયા પગ, ચાલે ત્યારે મોરના પગ જેવી ભાત પડતી જાય અને નાનકડી પૂંછડીની મદદથી એ સમુદ્રમાં ઊંડે સુધી આરામથી તરી શકે છે. પીંછાંની જાડી ગોદડીને લીધે ઍન્ટાર્કટિકની નિર્દય ઠંડીનો પણ સામનો કરી શકે છે.

મીઠડાં અને નાના કદને લીધે વ્હાલાં બચ્ચાં જેવાં લાગતાં આ પેન્ગ્વિન કયારે છંછેડાશે ને ચાંચ મારી બેસશે તે કહેવાય નહીં; તેથી અમને બહુ પાસે નહીં જવાનું અને અડકવાનો લાભ ખાળવાનું કહેવામાં આવેલું. એક સ્થળે તો ભીનાશ પડતા, પથરાળા કિનારા પર અસંખ્ય 'ચિન સ્ટ્રૅપ' પેન્ગ્વિનને જુદી જુદી ઢબમાં બેઠેલાં, ઊભેલાં, વાંકાં વળેલાં, ઊંચા થઈ જાણે આળસ મરડતાં વગેરે જોયાં. ફોટા અને ફિલ્મ પાડતાં અમે જાણે ધરાયાં નહીં. થોડી વારે એ બધાં ઊભાં થઈ, રસ્તો વળોટી, ઢોળાવની પેલી બાજુ પર હરોળબંધ ચાલી ગયાં!

દુનિયામાં પેન્ગ્વિનની જુદી જુદી સત્તર જાત છે. ઍન્ટાર્કટિકમાં મુખ્યત્વે ચાર કે પાંચ જ જાત વસે છે. એમાં કિન્ગ પેન્ગ્વિનની જીવનચર્યા તો ગજબની આશ્ચર્યકારક છે. ટૂંકમાં કહીએ તો ચાર મહિના પેટ ભરીને ખાવું પછી શિયાળામાં ઊભાં ઊભાં શરીરની ગરમીથી ઇંડાં સેવવાં વગેરે. આ કાર્યો નર ને માદા વારાફરતી કરે છે. લાવાના તીક્ષ્ણ, મોટા પાષાણોથી બનેલી એક ટેકરી પર એડેલાઈ પેન્ગ્વિનની મોટી વસાહત હતી. અનેકસો બચ્ચાં કલબલાટ કરતાં હતાં. મરઘીનાં બચ્ચાં જેવાં, અસ્તવ્યસ્ત પીંછાંથી ઢંકાયેલાં ભૂખરાં શરીરવાળાં આ બાળ પેન્ગ્વિનોમાંનાં કેટલાંયે માતાઓને હેરાન કરતાં હતાં. થોડાં મૂઢ થઈ બેઠાં હતાં, તો જરા મોટાં થયેલાં બાળ આસપાસ ફરવા નીકળ્યાં હતાં. નર પેન્ગ્વિનો છાતી ફુલાવી, માથાં ઊંચાં કરી પૌરુષ બતાવતા હતા; ગળું ફાડીને સાદ પાડી માદાઓને આકર્ષવા પ્રયત્ન કરતા હતા.

આ બધાં પ્રાણી-પંખીઓની પાસે જતાં અથવા પવનની દિશા હોય તો દૂરથી પણ અસહ્ય ગંધ મારે છે. શ્વાસ લેવો ભારે પડે છે. અમારાંમાંનાં કેટલાંકને આ જીવોમાં ઘણો રસ હતો. મને બહુ રસ નહીં, પણ પછી કયાં આ જોવા મળવાનાં? તેથી થોડું ધ્યાન આપતી રહી.

ઍન્ટાર્કટિકામાં વસતાં પંખીઓની કેટલીક જાત પણ જોઈ — લાંબી, કથ્થઈ પાંખોવાળાં 'જાયન્ટ પેટ્રેલ'; કાળા ને સફેદ ધાબાંવાળાં 'કેવ પિજન્સ'; અંગ્રેજ કવિ કોલરિજ દ્વારા અમર બનાવાયેલાં 'આલ્બાટ્રૉસ'. આ પંખીઓ પોતાનાં રહેઠાણો છોડી

સો-સો માઈલો સુધી ઊડી, વહાણની ગતિથી પાણી સાથે ઊછળતી નાની માછલીઓ કે કચરાના ભોજન માટે આખો દિવસ વહાણની આસપાસ ઊડયાં કરતાં. (વહાણની પાછળ સામટાં ઊડતાં દેખાતાં ને મને થતું જાણે આ ઊડતા સૈનિકો છે.) કહે છે કે એ મૃત ખલાસીઓના આત્મા છે, જે વહાણની સુરક્ષા માટે અને એને સાચો રસ્તો બતાવવા માટે સાથે આવે છે. યંત્રયુગના રીઢા માણસો આવી સીધી-સાદી, સરલમતિ કલ્પનાને હસી જ કાઢવાના ને? (કયાંનાં કયાં ઊડી આવતાં આ વિહંગસૈન્યને કાંઈ દૂર ન હતું, કાંઈ પાસે ન હતું; કશો થાક ન હતો, કશું અજાણ્યું ન હતું. ગમનની ક્રિયા એ જ અભિવ્યક્તિ. ઉડ્ડયન — દેહનું કે મનનું — એમાં જ મુક્તિ. ઘર જ ના હોય તો? તો પાછાં ફરવું ના પડે, તો દિશાઓની જરૂર ના પડે.) સાંભળ્યું છે કે ઍન્ટાર્કટિકાના હિમ-નિરુદ્ધ સાગરોમાં દક્ષિણ ધ્રુવના સર્વોપરિ ચુંબકત્વને લીધે વહાણનાં યંત્રો નક્કામાં થઈ જાય છે, દિશાસૂચક સોયો દિશા બતાવવાને બદલે ગોળ ગોળ ફર્યા કરે છે.

ઍન્ટાર્કટિકાની પહેલી સવારે શ્વેત અંશ અંશ થઈ એને છૂટું પડી જતું જોયું હતું. (આમ ને આમ શું ધ્રુવનો વિમલ અંશ આવી જવાનો હતો પરમ સમીપે?) એ માનસરોવરમાં તરતા દૈવી રાજહંસ હતા કે સ્વર્ગના કોઈ કુંડમાં ઊગેલાં પુંડરીક હતાં? ઍન્ટાર્કટિકાને લાક્ષણિક એવા હિમખંડો (icebergs)નું અમારું આ પ્રથમ દર્શન. બરફના તરતા અલ્પતનુ પહાડ. અવનવા આકાર, અવનવી આકૃતિ. ભૂરા ગગનમાં શુભ્ર વાદળ, ભૂરા સાગરમાં શ્વેત બરફ. (કોણ મૂર્તિ ને કોણ મુકુર? કયું ઊર્ધ્વ ને કયું નિમ્ન? રૂપ-પ્રતિરૂપ. એક જ દેવનાં બે સ્વરૂપ. બંને આરાધ્ય. બંને આસ્વાદ્ય.)

નાના-મોટા બરફના ટુકડાઓ થીજેલી નદીઓ કે કિનારીઓમાંથી તૂટીને દૂર દૂર જતા હતા — તરતા, ડૂબતા, ઓગળતા. એમને પાછળ મૂકીને વહાણ નીકળી જાય. સહેજ વારે ઝૂકીને જોઈએ તો નાનકડા ટુકડાઓ વધુ નાના થયા લાગે. નાના-મોટાનું વાસ્તવિક માપ શબ્દોમાં સમજાવવું અઘરું છે. પણ નાના કહું, ત્યારે પણ ઘરના ઓરડાના પરિમાણના તો ખરા જ ને મોટા એટલે ઘર જેવા કદના. આ તો અમે સાધારણ રીતે જોયા તે. દૂર હશે તે માઈલો લાંબા પણ હોઈ શકે. ૧૯૨૭માં એક દેખાયેલો જે ૨૫૦ માઈલ લાંબો અને ૧૧૦ ફીટ પાણીની બહાર હતો. કહે છે કે હિમખંડ બહાર દેખાય તેનાથી અનેક ગણો અંદર હોય છે. ૧૯૬૫માં નોંધાયેલો એક ૨૨૫ માઈલ લાંબો હતો અને એનું ક્ષેત્રફળ ૧૦,૦૦૦ ચોરસ ફીટથી વધારે હતું. આ તો હિમદ્વીપો જ વળી.

દર વર્ષે ઍન્ટાર્કટિકામાંથી ૫૦૦૦ હિમખંડ છૂટા પડે છે. દરેક ખંડ સરેરાશ દસ લાખ ટન શુદ્ધ જળનો બનેલો હોય છે. આ બધા હિમસ્તર કે હિમજિહ્વા કે હિમનદીઓમાંથી

તૂટીને થયેલા હોય છે, તેથી સપાટ મેદાન જેવા દેખાતા હોય છે. દરેક ખંડ દિવસના સરેરાશ ૧૪ થી ૨૫ માઈલ કાપે છે. નાના ટુકડા તો ઉનાળાના બે-ત્રણ મહિનામાં ઓગળી જાય છે. મોટા બે-ચાર વર્ષ પણ ટકી રહે છે. એક મહાખંડ થીજતો-ઓગળતો ૧૧ વર્ષ સુધી દેખાયો હતો.

હિમખંડોને પણ જીવન છે, વ્યક્તિત્વ છે. એમનું પણ શાસ્ત્ર છે. ઍન્ટાર્કટિકાના એ પ્રતિનિધિ છે. જોનારમાં આદર અને વિસ્મય ઉત્પન્ન કરે છે. એમનાં પરિમાણ, શિલ્પભંગિ, પ્રકાશ ને ધુમ્મસની સાથે બદલાતા રહેતા રંગ — ભૂરાશ, લીલાશ, દૂધિયો, ભૂખરો, મોતી જેવો, હાથીદાંત જેવો અને પરિસર સાથેનું એમનું સંવિધાન — આ બધું પ્રેક્ષકને મુગ્ધ કરી રહે છે. નિશ્ચલ મહાહિમખંડ ઍન્ટાર્કટિકાની પરિસ્થિતિથી આ સ્થાનાંતર-પરાયણ હિમઅંશો બચી જાય છે. રંગહીન કે વિરોધહીન એ મરુભૂમિ એની અનન્ય સરળતાને કારણે અનુપલબ્ધ, અસ્પર્શ્ય રહે છે, જ્યારે આ અંશોનું વ્યક્તિત્વ, સૌંદર્ય આપણને કળા, ઇન્દ્રિયો અને બુદ્ધિ દ્વારા પ્રાપ્ત થાય છે. છૂટાં પડી જઈને એ પોતાની ગતિ, પોતાની મતિ કેળવે છે. હિમને હિમથી જ નહીં પણ એ હિમને આકાશ, અર્ણવ, ઇલા સાથે જોડે છે. એની આસપાસ ઊડતાં પંખીના અવાજથી, મોજાંની થપાટોથી, તડતડ તૂટતી તડોથી એ મહોપસ્થિત હિમની અનંત નિઃશબ્દતાને ભાંગે છે.

ઍન્ટાર્કટિકામાં જે જટિલ છે તે સ્પષ્ટ છે, જે સરળ છે તે વિચક્ષણ છે. એક જ તત્ત્વ-જળમાંથી આ વિશ્વ બનેલું છે. પૃથ્વીચિત્ર અહીં હિમચિત્ર બન્યું છે. હિમખંડોની દીવાલોમાં તાજી, નિર્દોષ સમુદ્રનીલ ઝાંય છે અને એના પાયાની આસપાસના પાણીમાં પણ એ જ વર્ણ દેખાય છે; જ્યારે એના કદનો રંગ મલિન, ‘અનુભવી’ સફેદ છે. વિરાટ હિમદ્વીપો પોતાનું જ વજન ઊંચકી શકતા નથી અને કિનારીઓમાં કાપા પડી તૂટી જાય છે. મોટા કટકા પાણી ઉછાળે છે, મોટા અવાજ સાથે ભાંગી પડે છે. (કેટલો ઇતિહાસ, કેટલી દંતકથા. કેટલું ગાંભીર્ય, કેટલું હાસ્ય. કેટલું પ્રચ્છન્ન, કેટલું નિગૂઢ. કેટલું સુંદર, કેટલું અસુંદર). આ ખંડિત વિશ્વ છે ને તો યે અખિલ છે; પૃથ્વીલોક છે ને છતાં અલૌકિક છે.

હિમખંડોની ધાર પરથી બરફની ભૂંગળીઓ લટકતી હતી. બરફને પાણી થઈને સરકી જવાની તક નહોતી મળી. કૅમેરામાં આંખો દ્વારા આ કળાદશ્ય ઝડપાતું નહોતું પણ શક્તિમાન દૂરબીનથી જોતાં હિમખંડ ખૂબ પાસે દેખાતા હતા અને એમનાં રૂપ, રંગ ને લક્ષણો અતિસ્પષ્ટ થઈ આનંદાશ્ચર્ય પમાડી રહેતાં હતાં. કહે છે કે ઍન્ટાર્કટિકામાં અત્યંત રોમાંચની બે ક્ષણો છે : સર્વ પ્રથમ હિમખંડનો સાક્ષાત્કાર થવો અને ત્યાંના અનતિરુદ્ર સૂર્યનાં કિરણથી પ્રજ્વળતા, એ પ્રવાસના અંતિમ હિમખંડની વિદાય લેવી. આ પ્રમાણે

રોમાંચની બીજી ઘડી અમારી બાકી હતી ને એની અમને ઉતાવળ પણ નહોતી.

કયારેક આ તરતા ખંડના સપાટ સ્તર પર એકાદ સીલ વામકુક્ષી કરી રહેલી દેખાતી; તો કયારેક વહાણની હાજરી અનુભવીને કિનારીઓ પરથી કૂદીને સાગરમાં પડતાં પેન્ગ્વિન જોવા મળતાં. કેટલાક હિમઅંશ લંબચોરસ અને સમતુલિત હતા; તો કેટલાક વારિ અને વીચિના કોતરકામને કારણે કાણાં, કમાનો અને ગુફાઓથી મોહક તેમજ વિસ્મયકર બન્યા હતા. એક દિવસ તો સો સો માઈલ સુધી અવિરત અગણિત હિમખંડો સાથે રહ્યા હતા. ખરેખર કૌતુકરંજક ઉપાદાન ઍન્ટાર્કટિકાની આ વિલક્ષણ રંગભૂમિ પર એમનું જ હતું ને? દક્ષિણોદધિના અવિચ્છિન્ન વર્તુળાકારનું ખંડન બરફના આ પહાડ, ટુકડા, કટકાથી થતું હતું. કેવું સુચારુ હતું. (વિશ્વનો આ આરંભ હોઈ શકે. કશું આદિમ, કશું અદીક્ષિત, કશું અભ્રષ્ટ, કશું ઉદાત્ત.)

કેટકેટલું વૈવિધ્ય. હિમખંડના જુદા જુદા દેખાવોનું વર્ણન ન્યાયપૂર્વક કોઈ કરી શકે ખરું? એક વાર મોટા, સપાટ સ્તરના હિમખંડોનો એક સમૂહ જોયો. એ જાણે હિમસમાજ હતો અથવા હિમખંડોનું નગર. કયારેક અસામાન્ય આકારો ઉપસ્થિત થતા. એકની રચના ખૂબ જટિલ હતી. અંદરથી મોજાંથી ખવાઈને એ કળાકૃતિ બન્યો હતો. એના શિલ્પીકૃત અંતર્ભાગમાંથી પેલી સમુદ્રનીલ ઝાંય ઊપસતી હતી. ભલેને બરફની ઘનતા આ વર્ણનું વિજ્ઞાની કારણ હોય, મને તો અદ્‌ભુત જ લાગતો હતો. દક્ષિણ ધ્રુવ પર પડતી બરફની કણીને ખસતાં ખસતાં, રૂપ બદલતાં, હિમનદી કે હિમજિહ્વાનો ભાગ થઈ કાંઠે આવતાં પાંચેક લાખ વર્ષો થાય છે, એમ વિજ્ઞાન કહે છે. ઍન્ટાર્કટિકામાં અમે જે જોતાં હતાં તે અતિપૂર્વકાલીન હતું. (અને અહીં અમે? અર્થહીન, ઇતિહાસશૂન્ય.)

એમ લાગતું હતું કે જાણે આ તુષારપુંજો આલોકમાંથી જન્મ્યા છે, દૂરસ્થ ક્ષિતિજમાંથી આવિર્ભાવ પામ્યા છે. શીતવિશ્વના આ પ્રતિનિધિઓ હશે? લઈ જતા હશે વહી સંદેશ સીમાંતરે? લાગે છે કેવા ભવ્ય, નિજમગ્ન, સ્વપ્નસ્થિત અથવા સમાધિસ્થ. જાણે કોઈએ નવું એક વિશ્વ બનાવી એને તરતું મૂકયું હતું.

આકાશમાં તરતાં વાદળ, સાગરમાં તરતા હિમપિંડ. સૃષ્ટિના સંપૂર્ણ સામંજસ્યનું ચિત્ર ને એમાં બે જ રંગ : નીલ અને ધવલ, ધવલ અને નીલ. કશો સંઘર્ષ નહીં, કશું ઘર્ષણ નહીં. અર્ણવ કદાચ અભ્રના દર્પનું પરાવર્તિત રૂપ થવા જ સર્જાયો હતો. પણ જાણું છું કે આ ઋતુ અનિત્ય છે. જો અમને સર્વસામાન્ય વાદળિયું કે વરસાદિયું આકાશ મળ્યું હોત તો કયાં કશું દેખાત? અમારું ભાગ્ય, ખરેખર કોઈ અજેય વરદાનની જેમ ટકી રહ્યું હતું.

(ઍન્ટાર્કટિકાના મહાધિપત્યનું મને તો જાણે મુહૂર્ત દર્શન જ થવાનું હતું ને છતાં મન હર્ષ અને સંતોષથી ભરાઈ રહ્યું હતું. સાથે જ જીવનકાળની અનન્ય, અસાધારણ આ યાત્રાનો વિચાર કરતાં અકલ્પ્ય અનુતાપ પણ થતો હતો. આ વિશ્વ યુગોથી અહીં હતું ને રહેશે. હું કોઈ રીતે એનો ભાગ ન હતી. મારા કથન ને બોધનની શક્તિની બહારનું આ વિશ્વ હતું.)

એક સવારે ઊઠીનું જોયું તો શરૂઆતથી જ દિવસ સ્વચ્છ, સૂર્યપ્રકાશિત અને ઉષ્માસભર હતો. અમે ગૅર્લાશ (Gerlache) નામની સામુદ્રધુનિમાંથી પસાર થઈ રહ્યાં હતાં. આ સાંકડો જળમાર્ગ એના સૌંદર્ય માટે ખ્યાતનામ છે અને બહાર જઈને જોયું તો એ પ્રસિદ્ધિ સાર્થક થતી હતી. બંને બાજુ હિમાચ્છાદિત ગિરિપંક્તિ હતી. ઉજ્જ્વલ, શુભ્ર, મૃદુ, બલવત, સર્વવ્યાપી હિમ અનિંદ્ય હતું. ઠેકઠેકાણેથી લાવાકર્કશ પ્રસ્તરો દેખાઈ આવતા હતા. અતિવિશદ અને યમકાલિમાનું આ દર્શન દ્વંદ્વ હંમેશ મુજબ રુક્ષ — વિષમ હતું. એમ લાગ્યું કે અંતે આ ખરેખરું ઍન્ટાર્કટિકા હતું. હિમવિશ્વનું આ યથેષ્ટ પ્રક્ષેપણ હતું. તરતા હિમસંઘાત દૃશ્યમાં વધારે રસનું પરિમાણ ઊમેરતા હતા. આકાશ વિમલ નીલ હતું, બાકી બધું સફેદ. નિસર્ગની શોભનાકૃતિ લગભગ સર્વાંગે એ એક તત્ત્વથી શાસિત થઈ હતી જે તદ્દન રંગહીન છે, તેમજ બધા રંગોનું સંપૂર્ણ મિશ્રણ છે. જે સાવ સરળ છે તેને માટે આ કેવી વિરોધમય ભાષા વાપરવી પડે છે. આ કે જે વિરોધહીન છે તે કેવું વર્ણન કઠિન છે.

દૂરબીનથી જોતાં આ હિમશૈલ સંહતિઓ ખૂબ પાસે આવતી હતી. એમની કિનારીઓ અને સપાટીઓ ઘણી વિગતે જોઈ શકાતી હતી. એમનાં બંધારણો કેટલાં નવાઈકારક હતાં, વૈવિધ્ય કેટલું વિપુલ હતું. આખો દૃશ્યપટ દિવ્ય અને હૃદયગ્રાહી હતો.

અને બાજુમાં, મિન્કિ (Menke) જાતના વ્હેલ યુગલનું રમમાણ થઈ જળને ક્ષણિક વલયોથી સ્પંદિત કરતાં જવું.

બહાર જ રહેવાનો લોભ ખાળી હું થોડું લખવા-વાંચવા અંદર ગઈ. થોડીવારે અચાનક ઊભી થઈ બારીમાંથી બહાર જોયું ને ઉત્તેજિત થઈ જવાયું. હાથવગા કૅમેરાને ઝડપીને બહાર ધસી ગઈ. પેલા પ્રકાશોજ્જ્વલ, સૌંદર્યોજ્જ્વલ ગૌર-શ્યામ તીક્ષ્ણ ત્રિકોણાકારોનું જળમાં અક્ષત, અન્યૂન પ્રતિફલન થતું હતું. અબ્ધિ એટલું નિષ્કંપ હતું ને કદાચ અત્યંત નિર્મળ પણ હશે. (બિંબ-પ્રતિબિંબ, હશે શું પ્રતિસ્પર્ધી બંને? કયું ઊર્ધ્વ ને કયું નિમ્ન? કોણ મૂર્તિ ને કોણ મુકુર? જે સપાટ પર તે ઊંડાણમાં, જે મુખ પર તે મનમાં — સરખું બધું, મૌલિક અને અનુકરણ, મોહન અને છલન, યથાર્થ અને અતથ્ય, વિજય

અને પરાભવ.) હિમદશ્યો દુનિયામાં ઘણી જગ્યાએ જોવા મળે છે અને એ સુંદર પણ હોઈ જ શકે; તેમ છતાં, આ બાહુલ્ય, આ સાતત્ય, આ મહિમ્ન અદ્વિતીય છે, અસાધારણ છે. (અરે, એ કેવી રીતે ભૂલાય કે આ ઍન્ટાર્કટિકા છે? જે પૃથ્વીના કોઈ બીજા ભાગ જેવો નથી તે આ પ્રદેશને બીજા કોઈ ભાગ સાથે સરખાવી જ કયાંથી શકાય?)

પછીથી, વસ્તુ અને પરાવર્તિતનું મંત્રમુગ્ધકર દશ્યચિત્ર જતું રહ્યું હતું. સારું થયું કે હું જોવા પામી. એવો અપરૂપ પ્રતિક્ષેપ પછી જોવા નહોતો મળ્યો.

❧

પૃથ્વીના દક્ષિણ ગોળાર્ધમાં ઋતુઓ આપણાથી ઊંધી, તેથી આપણો શિયાળો તે ત્યાં ઉનાળો અને ઉનાળામાં ત્યાં દિવસ જાણે પૂરો જ ના થાય. બેએક કલાક ભૂખરું અંધારું થતું હશે પણ સૂર્યાસ્ત અને સૂર્યોદય કઈ ક્ષણે કે કયા કલાકે થયા તે પકડવું મુશ્કેલ. પહેલી સાંજથી જ અમે આલોકમુગ્ધ હતાં. એકાદો દિવસ વાદળછાયા આકાશથી શરૂ થયો પણ હતો, પણ સાંજ તો દરેકે દરેક અરુણિત હતી. વાદળો આવે, સૂરજને ઢાંકે ને રાતે આઠ-સાડા આઠે કે દસ-સાડા દસે પણ આવરણોને દૂર કરીને, ફગાવીને, દક્ષિણાત્ય પ્રકાશપુંજ પરિસ્ફૂટ થાય. અમે રોજ સૂર્યનો સાંધ્યોન્મેષ ઘડિયાળમાં જોઈને નોંધ્યા કરીએ અને રાતના કલાકોને હિમધૂલિના સમયમાં પલટતા જોઈને હરખાઈએ.

(આ કેવો સૂર્યલોક હતો — જ્યાં સૂર્ય ઊગે નહીં, જ્યાં સૂર્ય આથમે નહીં; સૂર્ય હોય સાથે ને સાથે — આંખમાં, ઉજાગરામાં, ઊંઘમાં ને સ્વપ્નમાં. શકય છે, મનની બધી રાતો પણ અહીં સૂરજના તેજથી ભરાય.) આખી આ સૃષ્ટિ સૂર્યની હતી. દિશાનું જ્ઞાન અહીં વૃથા હતું. પૃથ્વી અને સૂર્યના ચલનની રીતિ અહીં જુદી હતી.

દિવસે વ્યસ્ત રહ્યાં હોઈએ, થાકયાં હોઈએ તો પણ સૂવા જવાનું ટાળીએ. જેમ રાત મોડી થાય તેમ ભાસ્કર તેજવાન હોવા છતાં અકઠોર બને, એના મૃદુ સ્પર્શે અતિદૂરનું આ અદ્‌ભુત વિશ્વ મસૃણ, મોહમય બને. રાત-દિવસના ભેદ ખોટા પડે, અજવાળા-અંધારાના નિત્યાર્થ પ્રપંચી લાગે. (અહીં તો આલોક પણ ધવલ, અંધકાર પણ ધવલ. કરું છું યત્ન કે થાય જીવન પણ ધવલ અને મનન પણ ધવલ.)

શું છે, શું છે બરફની પાર? — એમ થયા કરે. શું વધારે બરફ છે કે આકાશ છે? દૂર જે દેખાય છે તે હિમશૃંગ છે કે એવાં જ શ્વેત-કોમળ વાદળ છે? ના, ના, એ આક્ષિતિજ ઉદધિ તો નથી? દૃષ્ટિપથે જાણે ભુલભુલામણી હતી. ચારે બાજુ કશો અંતરાય નહોતો, કોઈ અવધિ નહોતી ને છતાં આ ગૂંચવણ. સૂર્યની પ્રભા અહીં કેટલી છેતરામણી હતી. ધવલ આલોક, ધવલ દ્યુતિ. ઍન્ટાર્કટિકાની 'ધવલ દ્યુતિ' (white light) આ નૈસર્ગિક વંચના માટે જાણીતી છે. એ પ્રદેશને શોધવા વર્ષો પહેલાં નીકળેલા સાહસીઓને એણે ઘણા હેરાન કર્યા છે. આ 'સફેદ ઉજાસ' મનને ગોથાં ખવડાવે છે, આંખો પરથી વિશ્વાસ ઉડાવી દે છે. અહીં દૂરનું પાસે ને પાસેનું દૂર લાગે છે. સીમા લાગે છે તે સીમા કયાં છે? ને ક્ષિતિજ લાગે છે તે ક્ષિતિજ નથી હોતી.

અમે જોતાં જ રહી જઈએ. નજર ગૂંચવાયા કરે ને બહુપાર્શ્વ સ્ફટિકની જેમ દક્ષિણાત્ય દ્યુતિ અલૌકિક લીલા રચ્યા કરે. મધ્યરાત્રિનો આલોક વાદળની સન્નિધિમાં જાણે નૂતન નગર સર્જતો હતો. શું છે ક્ષિતિજરેખાની નજીક? છે કોટ-કિલ્લા-કાંગરા કે ખરેખર ગિરિશિખરો જ છે? જ્યાં વાદળ ધાર્યાં હોય ત્યાં પર્વત નીકળી આવે ને જ્યાં પર્વત લાગે ત્યાં શું હશે તે અસ્પષ્ટ જ રહે. અહીં જાણે કેવળ નયનેન્દ્રિય જ નહીં, આખું અસ્તિત્વ આલોકપતિના પાશમાં જતું રહે છે.

એક રાતે નવ વાગે સૂર્ય આકાશમાં હજી ઘણે ઊંચે હતો. દૂરની ક્ષિતિજનાં વાદળોએ બરફના જેવાં રૂપ-આકારો ધારણ કર્યા હતાં કે છદ્મવેશ લઈ બરફ વાદળો સાથે ભળી ગયો હતો. (કોને ખબર કે ખરેખર શું હતું. લાગતું હતું તો એવું જ કે અંબરાંતે પર્વતો આભમાં તરી રહ્યા હતા. જળ, સ્થળ ને હવા — આ જ મૂળતત્ત્વોની અહીં ઉપસ્થિતિ. ત્રણે અંદરોઅંદર વહેંચાતાં, વલોવાતાં રહેતાં હતાં. મન આ જાદુઈ અસર નીચે બંદિવત્ હતું, બુદ્ધિ રહી જતી હતી પ્રશનર્થ ચિહ્નને અંતે.) બીજી એક રાતે સાડ દસ વાગે સૂરજે પોતે પ્રકાશ્યું. ઘન ઘન સ્વચ્છ શ્વેત બરફ સૂર્યના સળગતા સુવર્ણને કારણે આછા કેસરી રંગની કલ્પનોત્તર ભાષા પામ્યો હતો. જોઈને જ ચિત્ત ચંચળ થઈ ગયું. દોડીને વહાણની પાછલી બાજુ પર ગઈ. ત્યાં પવન ઓછો લાગતો હતો, દર્શન વધારે સારું હતું. પછી દોડીને નીચે જઈને કૅમેરા લઈ આવી ને ઉન્માદમાં સૂર્યની ને આસપાસની તસ્વીરો લીધી. આ દશ્યતત્ત્વ જ એવું છે કે ગાંડા બનાવી મૂકે! આકાશ અસાધારણ પરિષ્કાર હતું અને અપસરણ કરતો સૂર્ય ચમત્કાર-સદશ હતો. આને પણ સૂર્યાસ્તનું નામકરણ શું આપવું કે જ્યારે હજી કલાકો સુધી તેજ ઝંખવાવાનું ના હોય?

કોઈ કોઈ વાર જમ્યા પછી હું દોઢ-બે કલાક સૂઈ જતી કે જેથી મોડી રાત

સુધી જગાય અને એ સમયનો મસૃણ ધવલ આલોક-અંધાર જોવાય. (અરે, મારે ઊંઘ વગર ચાલતું હોત તો!) રાતે સાડા બાર-એક પછી પણ લખી-વાંચી શકાય એટલું તેજ આકાશમાંથી રેલાતું. મર્ત્યલોકના જીવો માટે આ અગોચર વસ્તુ હતી. સાંજ-રાત-સવાર લોલ-વિલોલ થઈને એકાકાર થઈ જતી. સૂર્યોદય જોવા કેટલાંકે પાંચ વાગે, ચાર વાગે ને એથી પણ વહેલાં ઊઠી જોયું, પણ અહીં પ્રભાત એટલે લંબાયેલી રાત. અહીં દિવસ-રાતનો આરંભ કે અંત સ્પષ્ટ રીતે જુદો ન હતો. એટલી મોડી રાતે બધું શાંત ને સ્તબ્ધ થઈ હતું. વહાણનો ચલનકક્ષ પણ આવો સ્નિગ્ધ-શાંત થઈ જતો હશે તે વિચાર્યું ન હતું. એક રાતે ત્યાં જતાં નવાઈ પામી જવાયું. બધા દીવા બંધ હતા. લગભગ પૂરું અંધારું. માર્ગસૂચક આલેખન પરનો જ એક દીવો ચાલુ. કામ પ્રમાણે હાજર પાંચ-છ અધિકારીઓ ચૂપચાપ. સૃષ્ટિની છીપ જેવા બે પડ — આકાશ અને ઉદધિની વચ્ચે આ વહાણની નિઃસંગ (પણ ઉદાસ નહીં) ઉપસ્થિતિ અને એનો રવ-સંયત, સુસ્થ આ કક્ષ. એના આવા અકલુષિત વાતાવરણનો લાભ અમને મળતો હતો. જ્યાં સૂર્યની રક્તિમતા લંબાયેલી હતી તે ક્ષિતિજ હવા ને પાણીનાં આ બે તત્ત્વોને જુદા પાડતી હતી. સૂરજના કિનખાબી તેજમાં સાગર હિલ્લોળાતું રેશમી પોત બનતો હતો. મેં એક કાર્યાધિકારીને ધીરેથી પૂછ્યું, આ આકાશમાં તારા કેવા હોય છે? એ પ્રશ્નથી એ જરા મૂંઝાયો હતો, કારણ કે તારાનો તો એને વિચાર પણ કદી નહોતો આવ્યો. ધુમ્મસ અને તેજની કૂટનીતિ કાંઈ એવી હતી કે તારાઓને ચમકવાની બહુ તક જ ના મળે.

પૂનમનો ચંદ્ર તો અમે જોવા નહોતાં પામ્યાં પણ ઊતરતી દશમનો ચાંદો જોવાનું સદ્‌ભાગ્ય જરૂર મળ્યું. આકાશ ઘેરું કલંકનીલ હતું, જળાગાર ઘેરું કલંકનીલ હતું. પેલા કેસરી કમરબંધથી દશ્યના બે કટકા થતા હતા. આજે ઘણો પ્રકાશ હતો. થોડાં જ વાદળ હતાં એમણે પણ પછી રજા લીધી. દષ્ટિને ક્ષિતિજ સુધી જતી કયાંક કયાંક નાના હિમઅંશો અટકાવતા હતા. આકાશમાં એક બાજુ સૂર્યનું વીર્ય, તો બીજી બાજુ કૃષ્ણપક્ષી મયંકની નિર્લજ્જ દીપ્તિ. શું દશ્ય, શું વ્યોમ. આ સહોપસ્થિતિ અમારે માટે ચમત્કાર જેવી હતી. ચંદ્ર કિરણોથી પાણીમાં રૂપેરી, સ્પંદિત એક પથ બનતો હતો મૃદુલ મોજાંની ભાષા જાણે પરિચિત હતી. બહાર બધું અક્ષુબ્ધ હતું, લયબદ્ધ હતું. અંદર, કોઈ અધિકારી સાથે ગમ્મત કરતી એક અમેરિકન સ્ત્રીનું અર્થહીન, અસંસ્કારી, ઉચ્ચસ્વર હાસ્ય કયારેક ગાજી ઊઠતું હતું. બાકીનું આખું વહાણ જાણે નિદ્રાધીન હતું.

(સપાટીની નીચેનું સંગીત જીવને દેહની બહાર, સમયની બહાર લઈ જતું હતું. હું દશ્ય સાથે એકરૂપ હતી, હું દશ્યથી બહિર્ગત હતી. સંવેદનોનો આ વિરોધ અપેક્ષિત હતો. ત્યાં હોવું એ વિશેષાધિકાર હતો અને ત્યાં હોવાથી એને ક્ષુબ્ધ કરવું તે અપરાધ હતો. છતાં, મને લાગતું હતું કે એ મને મારી જાતની બહાર, આ અન્યલોકના દૈવીપણામાં લઈ

જતું હતું. નક્કી વિશ્વ અહીંથી જ શરૂ થયું હતું અને અહીં હજી એવું જ, સ્પર્શશુદ્ધ રહ્યું છે. એમાં થઈને જવાની પણ પાત્રતા છે અમારી પાસે? અક્લિષ્ટ આ સૃષ્ટિ વર્તમાનના માવનયુગને અલભ્ય રહે તો શું? પણ કેટલો આનંદ છે અહીં. ફરી હું આવીશ અહીં કે નહીં તેની ખબર નથી. શું મળશે મને આમંત્રણ પુનઃ મહાધિપતિ હિમનું?)

ઍન્ટાર્કટિકા માટેનો ખ્યાલ મનમાં કૈંક એવો હતો કે બરફનો અતિરેક સર્વત્ર દેખાતો ત્યારે થતું "હા, આ ઍન્ટાર્કટિકા છે!" ગૅર્લાશ (Gerlache) જળમાર્ગમાંથી જતાં ઍન્ટાર્કટિકાની ધવલ અતિશયોક્તિ જોઈ જોઈને ધન્ય થતાં રહ્યાં.

અમારા વહાણનું નામ જેના પરથી પડયું હતું તે જગ્યા — 'સ્વર્ગીય ઉપસાગર' માટે અમને કહેવામાં આવેલું કે આ પ્રસ્રવણની એ સુંદરતમ જગ્યા હશે. અને અમને લાગ્યું પણ એવું જ — તે પેલી હિમ મુગ્ધતાને કારણે જ! ઉપસાગરના વર્તુળાકારની અંદર આવતી વખતથી જ બંને બાજુના પર્વતો હિમાચ્છાદિત હતા, ને અંદર આવ્યા પછી તો આઠે દિશામાં હિમનું એકરંગી, એકચક્રી આધિપત્ય જોવા મળ્યું. બરફ-બરફ-પાષાણોને ચોંટી રહેતો, ઢાંકી રહેતો, દાટી રહેતો, નાબૂદ કરતો. એક હિમનદી ઊંચી ભેખડ રૂપે, પાણી સુધી આવીને અચાનક અટકી ગઈ હતી. બરફના એક ઢોળાવમાં ઘણા કાપા પડેલા હતા, જાણે કોઈએ પગથી કચડી નાખ્યો ના હોય! પણ બીજા કેટલાયે હિમ-ઉત્સંગ પરિપૂર્ણ, ઉત્ફુલ્લ અને ક્ષીર જેવા મસૃણ હતા. હિમશૃંગો સપ્રમાણ ત્રિકોણાકાર હતા અને વાદળોથી અક્ષુબ્ધ હતા. અતિદૂરના બીજા ઢોળાવો અને પર્વતોને હલકાં વાદળનાં અવગુંઠનોએ છુપાવ્યા હતા. એમ લાગતું હતું કે કોઈ સરોવરમાં તરતા એ લલિત, સરળ, સ્વર્ગીય હસં હતા. દર્શન આખું જાદુભર્યું અને ઉત્તેજનાસભર હતું.

૬૪.૫૩ દક્ષિણ અક્ષાંશ અને ૬૨.૫૩ પશ્ચિમ રેખાંશ પરનું આ મથક આર્જેન્ટિનાએ ૧૯૫૧માં ખોલેલું. નૌકાદળના એક વડા પરથી એનું નામ 'ઍડ્મિરલ બ્રાઉન મથક' પાડવામાં આવેલું. ૧૯૬૦ સુધી એ નૌકાદળની ઍન્ટાર્કટિકામાં હાજરી રહે તે માટે હતું, પછી ૧૯૬૪માં ત્યાં સાગરશાસ્ત્ર અને જીવશાસ્ત્ર માટેની પ્રયોગશાળાઓ બનાવાઈ. દૈવયોગે ૧૯૮૪માં આખું મથક બળી ગયું. આટલા બધા બરફની વચમાં આગ લાગે કઈ રીતે? પણ આ અકસ્માત પછી 'બ્રાઉન' મથક નિષ્ક્રિય પડયંદ છે. કદાચ નજીકના ભવિષ્યમાં સરકાર ફરી શરૂ કરે. બે-ત્રણ મકાનની એકાદ કોટડીઓ આખી રહી હતી, બાકી ભસ્મીભૂત થયેલો ભંગાર હતો. પણ આખો સન્નિવેશ અભૂતપૂર્વ હતો. હોડીમાંથી

જમીન પર આવવાનો મંચ મોટો ને મજબૂત હતો. ત્યાં જ નાનકડું માતા મૅરિનું મંદિર હતું. સ્પૅનિશ પ્રજા ઘણી ધાર્મિક હશે એમ લાગે છે.

બરફ તો મંચ ઉપર આવતાંની સાથે જ શરૂ થઈ જતો હતો. સુંદર, શુચિ હતો એ પ્રસ્તાર. સ્પંદિત, હાસ્યોજ્જ્વલ હતું એ સ્થાન. સામેના બરફના મેદાન પછી પાછળ કોઈના યે પગલાંથી વંચિત બર્ફીલા ઢોળાવ હતા ને એની પશ્ચાદ્ભૂમાં તુષારમંડિત ગિરિપંક્તિઓ. સામે બરફ પર પગથી પડી ગઈ હતી ને એટલો ભાગ પ્રવાસીઓના બૂટથી મેલો થઈ ગયો હતો. લપસણો પણ હતો જ, તેથી સાચવીને ચાલવું પડયું. ડાબી બાજુ પરના મોટા કાળા પથ્થર સૂકા હતા. પણ તે સિવાય બધે બરફ. હિમનદીનો એક ઢોળાવ મેદાન જેવો બની ગયો હતો. બરફનો જથ્થો એટલો બધો હતો ને એવો પોચો પણ, કે પિંડ સુધીના પગ અંદર જતા રહે. જોર કરીને પગ બહાર કાઢું ને કયાંય પણ મૂકું ત્યાં ફરી અંદર! પણ એવો ચોખ્ખો બરફ હતો, એવું સુંદર સ્થાન હતું કે હર્ષ સિવાય બીજો કોઈ ભાવ જ ના થાય.

જમણી બાજુ પર ૨૨૦ ફીટ ઊંચી એક ટેકરી હતી — બરફની જ તો. છેક ટોચ પર બરફ અને એની બાજુમાં કર્કશ શિલાઓ હતી. પથ્થર પર ખોડેલો ક્રૂસ નીચેથી પણ જોઈ શકાતો હતો. ઘણાં પ્રવાસીઓ અને ખલાસીઓ સમય બગાડયા વગર પહેલેથી જ એ ટેકરી ઉપર ચડવા માંડેલા. તે બરફ પર લપસીને નીચે આવતાં હતાં — ઘર્ષણને લીધે વેગ વધી જતો હતો. લપસનાર અને જોનારની આનંદોત્સાહની ચીસોથી હિમાવરણ ગાજી ઊઠતું હતું. હું ચડવું કે નહીં, લપસવું કે નહીંનો વિચાર થોડી વાર કરતી રહી. પછી કૅમેરાબૅગને નીચે કે શિલા પર મૂકી પથ્થરની ભેખડ પર ચાલવા માંડી. અડધે આવતાં, પંખીઓના ચરકથી અમુક ભાગ વાસવાળો, પોચો, કાદવિયો થઈ ગયો હતો. ને સાથે જ, એ ખાતરને લીધે તાજા લીલા રંગની શેવાળ ત્યાં ઊગી ગઈ હતી. જન્મવા ને જીવવાના નિયમ તો બધે સરખા જ હોય ને.

કયાંક ચડવું અઘરું હતું. હાથે-પગે થઈ, ખૂબ સાચવીને, ખૂબ મહેનતથી જવું પડતું હતું. કયાંક ધાર એવી તીક્ષ્ણ હતી કે કયાં હાથ મૂકવો અને કયાં પગ મૂકવો તે સમજાતું નહોતું. આખરે છેક ઉપર પહોંચી. ઘણાં કયારનાં જગ્યા શોધીને બેઠાં હતાં. ઊંચા-નીચા પથ્થર પર ચડતાં એ બધાં જરા વચમાં પડતાં હતાં. મારે બેસવાની જગ્યા દેખાઈ નહીં, આમેય તીક્ષ્ણ ટોચ પર કેટલી જગ્યા હોય! થોડી વાર હું ઊભી રહી. આટલે કઠિન સ્થાને પણ કોઈએ એક નાનું, પણ બહુ સુંદર શિલ્પ બનાવીને ત્યાં જડયું હતું. સફેદ પથ્થરમાંથી બનાવેલું એ કળાત્મક અને ભાવવાહી શિલ્પ માતા અને બાળકનું હતું. ખ્રિસ્તી ધર્મમાં

માનનારા સ્પૅનિશ લોકોનો આ પરિસર હોઈ સ્પષ્ટ રીતે જ આ શિલ્પનું સૂચન મૅરિ અને બાળક ઇશુ પ્રત્યે હતું.

આટલે ઊંચેથી વધારે મોટા પરિઘમાં જોઈ શકાતું હતું. સર્વ દિશાએથી ઉન્નત હિમ નિમ્નસ્થિત જળની જાણે ભર્ત્સના કરતું હતું, નીચેથી દેખાયા હતા તે હિમગિરિઓની પાછળ બીજાં કેટલાંયે હિમ-આભૂષિત શૃંગ હતાં, તે હવે દેખાયાં. મર્ત્યલોકના જીવો અમે આ ગરિષ્ઠ, સ્વર્ગ સમાન ભૂમિ પર શું કરતા હતા? સર્વાંશે મોહમુગ્ધ થઈ જવાય તેવું આ અવસ્થાન હતું.

પછી હું પણ લપસી. સીધો ઢાળ હતો. ગતિ તો આપોઆપ વધી ગઈ. જાણે પૂરપાટ જતી ગાડી. થાય કે ઊંધે માથે તો નહીં પડું ને! હાથથી જરા ધીમા થવા પ્રયત્ન કર્યો પણ રૂ જેવો પોચો બરફ કાંઈ ટેકો આપે? એમાં ઊલટાં આગળાં ઠરી ગયાં. એવો સરસ દિવસ હતો કે હાથનાં મોજાં કાઢીને કૅમેરાબૅગમાં મૂકેલાં. સૂર્યનાં નિષ્કપટ તેજ અને ઉષ્માથી બધાં ખૂબ ઉમંગમાં હતાં. કેટલાક ખલાસીઓએ કોટ અને ખમીસ પણ કાઢી નાખેલાં. એમ જ લપસતા હતા, ગબડતા હતા ને ગૂલાંટ ખાતા હતા. લપસવાની મઝા મેં પણ માણી ને મેં પણ ચીસો પાડી. નીચે ઊભેલાં બધાંએ મારે માટે પણ તાળીઓ પાડી. પ્લાસ્ટિકનાં કપડાં પાણી-પોચાં થઈ ગયાં પણ મન પર મસ્તી ચડી ગઈ!

ફરીથી હું બરફમાં ખૂંપતી ખૂંપતી થોડું ચાલી. બીજા એક વહાણનાં પ્રવાસીઓ પણ આ અનુભવ લેવા ઊતર્યાં હતાં. એમાંના એક ભદ્રજન સાથે થોડી વાત કરી. એ પણ ન્યૂયૉર્કના નીકળ્યા. કહે, ઍન્ટાર્કટિકા કરતાં અત્યારે ન્યૂયૉર્ક વધારે ઠંડું છે. ખરેખર અમને બહુ જ સરસ હવામાન મળ્યું હતું. થોડાં થોડાં કરીને પણ ઘણાં પ્રવાસીઓ ઍન્ટાર્કટિકા હવે આવે છે. અહીં પણ ભીડ થઈ જાય છે હવે. જોવાની કે સહેલાઈથી જવાય તેવી જગ્યાઓ ઓછી, તેથી બધાં વહાણ સરખી જ જગ્યાઓએ લઈ જાય. કોણ જાણે, એક-બે વર્ષની અંદર તો ઍન્ટાર્કટિકા જવાની પણ નવાઈ નહીં રહે.



# સમાપત્તિ

આટલો મોટો અવાજ થયો, આવો જોરથી ધક્કો વાગ્યો, એટલે વહાણ કશાક સાથે અથડાયું તો હતું જ. એ તો કોટડીમાં રહ્યે રહ્યે પણ સમજી શકાય તેમ હતું. પણ શેની સાથે? કઈ રીતે? ચોખ્ખો દિવસ હતો, શાંત પાણી હતું, બપોરનો સમય હતો ને છતાં આ શું થયું?

(આકાશ ફાટયું નહીં, પાતાળ ઊઘડયું નહીં. ના સાગરમાં તાંડવ મચ્યું કે આટલા દિવસથી અમારા યજમાન બનીને રહેલા સૂર્યે ના વાદળ પાછળ મોં ઢાંકયું. વરાહાવતારમાં દેવે પૃથ્વીને જળ પ્રલયમાંથી બચાવી હતી પણ અહીં કોઈ ગુપ્ત વહારે ગોથું મારીને અમને જળવશ કર્યાં હતાં. જળપરીઓ જેવી વ્હેલ વહાણની નજીકમાં રમત કરી રહી હતી, તે હવે ભાગી છૂટી. વહાણની પાછળ ઊડયા આવતા વિહંગ સૈનિકો વિમાસણમાં પડયા હશે. સફળ સફર માટે કરેલી બધી પ્રાર્થનાઓ અને વિનંતીઓ જાણે નિરર્થક બની હતી. અમે બધાં મનુષ્ય હતાં ને તેથી પાપી હતાં. અમને લઈ જતું વહાણ પાપના સદન જેવું હતું ને એના પર અદશ્ય પ્રલયનું આરોપણ થયું હતું. અમને કોણ તારવાનું હતું? વિજ્ઞાનયુગના આ જમાનામાં શું દેવ યંત્રાવતાર લેવાના હતા?)

ઓહ, એ વખતે કશા જવાબ કે કશા વિચારના હોશ ન હતા. શું થયું છે તેની જાણ ન હતી ને શું કરવાનું છે તેની સૂચના ન હતી. ત્યારે તો કશો ખ્યાલ નહોતો કર્યો, પણ પછીથી વિચાર કરતાં યાદ આવ્યું કે દરરોજની જેમ કોઈ ઘોષણા અંગ્રેજીમાં કે સ્પૅનિશ સુદ્ધામાં કરવામાં આવી ન હતી. આરક્ષણ માટેનાં ફરજિયાત વસ્ત્ર-સ્તરો પહેરીને બહાર નીકળી જવું જોઈએ એમ ધારીને જ અમે (કેટલાંક) તૂતક પર ચડી ગયાં. અમે પ્રથમ મંડળીમાં હોઈ પહેલાં વાહણ પર આવેલાં ને જમી પરવારેલાં. બીજી મંડળી હજી જમતી હતી, તે આંચકો લાગતાં ભોજન છોડી ઊભી થઈ ગઈ. મંડળી તો ત્યારે જ હજી વહાણ પર આવી હતી. એ બધાં તો રમતમગ્ન વ્હેલને માણી રહ્યાં હતાં ને જમવાનાં તો બાકી જ હતાં. લગભગ સવા બે વાગ્યે આ અકસ્માત થયો. એનો અર્થ એ કે વહાણે માંડ દસ-પંદર મિનિટ પહેલાં લંગર ઊઠાવ્યું હશે; એટલે કે અમે હજી ‘આર્થર હાર્બર’માં, પામર સ્ટેશનની પાસે જ હતાં.

કૅબિનમાં લિઝ નામની અમેરિકન સ્ત્રી બોલ્યા-ચાલ્યા વગર તૂતક પર જવા તૈયાર થઈ રહી હતી. એ અંદર હતી, તેથી હું ચાવી લીધા વગર બહાર નીકળી — થયું કે કોઈ

દેખાય તો પૂછું, શું થયું ને શું કરવાનું છે? કોઈ ખાસ દેખાયું પણ નહીં ને બીજી એક સ્ત્રી મળી એણે “વહાણ કશાક સાથે અથડાયું છે” એ સિવાય કશું કહ્યું પણ નહીં. તે પછી જલદી તૈયાર થઈ તૂતક પર જવા માટે મેં કૅબિનનું બારણું ખોલવા માંડયું તો ખૂલ્યું જ નહીં. લિઝ તો જતી રહી હતી. હવે શું કરવું? કૅબિનો સાફ કરનારા ચાકરો જ્યાં ઝાડુ-પોતાં, ચાવીઓ, વધારાની ચાદરો વગેરે સામાન રાખતા હતા તેનું બાજુવાળું બારણું પણ બંધ હતું. એ ચાકરો પણ સહીસલામત રહેવા માટે તૂતક પર પહોંચી ગયા હતા. ચાવી માટે લિઝને કે ક્રિસ્ટિનને શોધવા જાઉં કે એમ ને એમ — લાઈફ જૅકેટ પણ પહેર્યા વગર ઉપર ચાલી જાઉં? સદ્ભાગ્યે, એટલામાં, કૅબિનમાંની ચોથી સ્ત્રી આવી ચડી. એ ન્હાવા ગઈ હતી. એણે કોટડીનું બારણું ખોલ્યું, અંદર જઈ અમે બંને ઉતાવળે તૈયાર થવા લાગ્યાં.

(જે રીતે આપણી સભાન અને અભાન ચેતના કામ કરે છે તે અદ્ભુત છે.) શું થયું છે, કયાં જવાનું છે, શું લેવાનું છે વગેરે કશાની ખબર ન હતી. પણ જે એકાદ વસ્તુ લીધી ને બીજું જે બધું ભૂલાયું એની પાછળનો સભાન કે અભાન તર્ક સમજવો અને સમજાવવો અશકય લાગે છે. મને જે સૂઝયું તે પ્રમાણે, શર્ટ-પેન્ટ પર ભૂરા પ્લાસ્ટિકના કોટ-પેન્ટ ચડાવ્યાં, હું ન્યૂયૉર્કથી સાથે લઈ ગઈ હતી તે લગભગ પિંડી સુધીનાં કાળાં બૂટ પહેર્યાં, વહાણ પરથી નીચે ઊતરીએ એટલે સ્વાભાવિક રીતે જ લઈ લેવાતી કૅમેરાબૅગ ઉપાડી, પેલા સિક્કા મરાવવા બહાર રાખેલો પાસપોર્ટ હજી હશે માનીને એક પાકીટ લીધું અને વહાણ પર સમારકામ થાય ને બે-ત્રણ કલાક બેસી રહેવું પડે તો સવારની પામ સ્ટેશનની મુલાકાત વિષે લખાય — સમય બગાડવાને બદલે — એમ વિચારી મારી નોંધપોથી કબાટ પરથી લઈ લીધી. (આ એક વસ્તુ લેવાનો જે તર્ક સ્ફૂર્યો તેમાં જ મારી પ્રાર્થનાઓનું સાફલ્ય હતું, તે હું ફરી ફરી કહીશ. કોઈ દેવે જ એ પ્રેરણા મને કરી હતી.)

બસ, આ સિવાયની કોઈ વસ્તુ લેવાનું મને સૂઝયું નહીં. (ભુલાયેલી-છોડાયેલી વસ્તુઓની ચિંતા ને બળાપો પછી દિવસો અને મહિનાઓ સુધી મનને પીડતાં રહ્યાં. આ પીડા કયારેય નિર્મૂળ થશે કે નહીં?) હું તૂતક પર પહોંચી ત્યારે ત્યાં ભીડ થઈ ગઈ હતી. મોટા ભાગનાં પ્રવાસીઓ ઉતાવળે ત્યાં પહોંચી ગયાં હતાં અને અચાનક ઘણા બધા ખલાસીઓ દેખાતા હતા. આટલા બધા દિવસે એ બધા વહાણના અંદરના ને નીચેના ભાગોમાં પોતાનું કામ કર્યા કરતા હશે, તેથી દેખાયા નહોતા. કયારેક ઘણા બધાને ખલાસીઓ માટેના બેઠક-મનોરંજખંડમાં ઘોંઘાટ કર્યા વગર બેઠેલા જોયેલા, પણ આટલી બધી સંખ્યામાં હશે તે ખ્યાલ નહોતો કર્યો. હવે એ બધા આકસ્મિક સંજોગોની ક્રિયા-પ્રક્રિયા કરવામાં વ્યસ્ત હતા, જેમાં પ્રવાસીઓ એમને કયારેક નડતા હતા, કયારેક હડસેલતા હતા. છેવટે પ્રવાસીઓને તેનાથી ઉપરના નાના તૂતક પર મોકલવામાં આવ્યા જેથી કોઈ વચ્ચે ના પડે.

ત્યાં સુધી તો અમને કલ્પના પણ ન હતી કે વહાણ છોડીને ઊતરવું પડશે. ઊતરીશું એ જ્યારે સ્પષ્ટ થયું ત્યારે પણ કેટલા સમય માટે જઈશું એની જાણ ન હતી. અમને હતું કે સમારકામ થઈ જશે એટલે બે-ત્રણ કલાકમાં પાછાં આવીશું. અમને ઉતારે છે એ માટે કે જેથી વહાણ હલકું થાય ને તો સમારકામ વધારે સહેલાઈથી થઈ શકે. એક કોરિયન-અમેરિકન પ્રવાસીએ તો કહ્યું પણ ખરું કે "ખોટા ઉતારે છે બધાંને, ખોટું વધારે પડતું કરી રહ્યા છે વહાણવાળાઓ." પણ ખરેખર તો, કદાચ અમે અમારાં નસીબ પર વધારે પડતો વિશ્વાસ મૂકી રહ્યાં હતાં — આટલા દિવસથી મૂકતાં આવ્યાં હતાં તેમ. અમારાં નસીબ પર અને એ લોકોના વહાણવટા પર.

અમે બધાં લગભગ ખાલી હાથે હતાં, જ્યારે ખલાસીઓ પોતપોતાના થેલાઓ સાથે લઈને જળગર્ભ કોટડીઓમાંથી ઉપર ભાગી આવ્યા હતા. વહાણના અધિકારીઓ પોતપોતાની સૂટકેસો પાછળ ભૂલ્યા ન હતા. પછીથી એમની પત્નીઓ સરસ ઊંચી એડીઓમાં તૂતક પર ઊતરી આવતી દેખાઈ. અમે બધાં પહેરેલે કપડે હતાં. મોટા ભાગનાંએ પેલાં જાડાં, મોટાં બૂટ પહેરી રાખેલાં. અમને તો એમ જ હતું કે બે-ત્રણ કલાકમાં પાછાં વહાણ પર આવવાનાં જ છીએ. અમે બધાંએ કાંઈ ને કાંઈ ઊપાડી લીધેલું — કોઈએ પાસપોર્ટ લીધેલો, તો કોઈએ ફિલ્મો યાદ રાખેલી. પણ કોઈ પાસે જેની જરૂર પડતી રહે તે બધું જ ન હતું. સત્તાવાર કાગળો, પૈસા, ક્રેડિટ કાર્ડ, દવા; અરે, પોતાનાં ચશ્માં પણ કોઈએ નહોતાં લીધાં. ઉતાવળમાં બધી વસ્તુઓ યાદ પણ આવી નહોતી અને પાછાં આવીશું એ ખ્યાલ તો હતો જ.

(અને મેં? મેં તો શું શું નહોતું મૂક્યું પાછળ! પાસપોર્ટ, 'ગ્રીન કાર્ડ', ટ્રાવેલ્સ ચેક્સ, રોકડા ડૉલર, કેટલી ઉત્સુકતાથી પાડેલી, કેટલી ઇપ્સિત પેલી બધી ફિલ્મ; બે કૅમેરા, ચાંદીની સરસ કી-ચેઈન સાથે ઘરની ચાવીઓ, મારી મિત્રના બુએનોસ આઈરેસના ઘરની ચાવીઓ, ટૂથબ્રશ અને ચાંદીની ઊલ — ફરીથી, ગયા વર્ષે મેક્સિકોમાં એક રહી ગઈ હતી; ઉપરાંત, સરસ, ભરેલાં ભારતીય વસ્ત્ર, ચાંદીનાં ઘરેણાં — વહાણ પર ને પછી મારી મિત્ર સાથે બાર-બાર દિવસ રહેવાની હોઈ ઝાંઝર, કંઠી, બુટ્ટી, વીંટીઓ, કડું વગેરે ઘેરથી લઈ લીધેલાં અને કયારેય નહીં ને આ વખતે વાળ સૂકવવાનું 'ડ્રાયર' પણ લીધેલું— એ વહાણમાં તો ચાલ્યું યે નહોતું, ધીરે ધીરે બીજી ઘણી નાની-મોટી ચીજો યાદ આવતી રહી અને જીવ વધારે ને વધારે બળતો રહ્યો.)

પણ તૂતક પર ઊભાં ઊભાં એ વખતે અમે બધાં શાંત હતાં. કેટલાંક ટેવ પ્રમાણે

વિનોદ પણ કરતાં હતાં. જોકે ચિંતા બધાંનાં મન પર હશે જરૂર. ચાલકકક્ષના માઈક્રોફોન પરથી સૂચનાઓ આવતી સંભળાતી હતી, પણ સમજાતી નહોતી. એક તો, ઝડપી સ્પૅનિશમાં હતી અને બોલનાર ગભરાયેલો હોય તેમ તેનો અવાજ ધ્રૂજતો હતો. અમને જાણ નહોતી કે શું થયું છે અને અકસ્માત કેટલો ગંભીર છે, પણ વહાણના ચાલકોને તો હશે જ ને. વિગતો તો એટલી બધી હતી — ત્યારે પણ હતી. એમાંની કેટલીક નોંધી હતી મનમાં, કેટલીક તરફ ધ્યાન નહોતું ગયું. ઘણી બધી પછીના દિવસો-મહિનાઓમાં મળતી રહી હતી, ઘણી બધી ગૂંચવાયેલી જ રહી હતી.

પહેલે દિવસે વહાણમાં અમને સંકટ સમયને લગતી કેટલીક માહિતી આપવામાં આવી હતી. એ મુજબ, દરેક પ્રવાસીએ અને ખલાસીએ પોતાની રક્ષાનાવનો ક્રમાંક અને એની જગ્યા યાદ રાખી લેવાની હતી. આ શિક્ષણનો ઉપયોગ કરવાની ઘડી કમભાગ્યે આવી પહોંચી હતી. કોઈને ખાસ એ ક્રમાંક ને જગ્યા યાદ પણ ન હતાં. પેલી આર્જેન્ટીન માર્ગદર્શિકાઓના હાથમાં પ્રવાસીઓની યાદી હતી, જેમાં રક્ષાનાવના ક્રમાંક પણ દરેક નામ સાથે લખ્યા હતા. આ પૂછાપૂછની, ભાગાભાગની, ઘાંટાઘાંટની ઘડી હતી. કઈ નાવમાં છીએ? એ નાવ કયાં છે? એ ક્રમાંક બોલાયો ખરો? કયાં જઈએ? આ બાજુ જઈએ? પેલી બાજુ જઈએ? જઈએ કે ના જઈએ? અને અલબત્ત, આ બધું સ્પૅનિશ ઇંગ્લિશ, ઇટાલિયન, ફ્રેન્ચ અને ફિનિશમાં થઈ રહ્યું હતું. ફિનલૅન્ડની માર્ગદર્શિકાનો અવાજ એની મંડળીના ઘણા લોકો સુધી પહોંચતો નહોતો. અમે બધાં ગજબનાં શાંત રહ્યાં હતાં. ના વાંધા, ના દલીલો, ના કચકચ, ના રડારોળ.

રક્ષાનાવના બે ક્રમાંક બોલાયા ને બે મંડળીઓ એમાં જવા માટે મુખ્ય તૂતક પર ગઈ. અમે બધાં હજી ઉપરના તૂતક પર જ હતાં. પછી બીજી એક નાની સીડી ચડતાં જ પેલાં સુંદર, નવાં હેલિકૉપ્ટરવાળો ઓરડો આવે. એમને ઉડાડવામાં કેમ નહોતાં આવતાં કે પેલી બે મોટરબોટોને નીચે ઊતારવામાં કેમ નહોતી આવતી — તે પ્રશને પણ ત્યારે ભાગ્યે જ કોઈને થયા હતા. પરિસરની સુંદરતા જોવાનો ખ્યાલ પણ કોને આવ્યો હતો?

બધો નિર્ણય ચાલકકક્ષમાંથી કોઈ કરી રહ્યું હતું. અકસ્માત કર્યો હતો પણ એમણે જ ને. માઈક્રોફોન પરથી આવતાં સૂચનો સ્પૅનિશમાં સાંભળીને માર્ગદર્શિકાઓ બીજી ભાષાઓમાં જણાવતી હતી. જોકે એ સૂચનો અમારે માટે હતાં તે કરતાં એમને માટે વધારે હતાં. બે મંડળીઓને મોકલ્યા પછી 'બ્રિજ' પરથી એ નિર્ણય આવ્યો કે રક્ષાનાવના ક્રમાંક પડતા મૂકવા અને સ્ત્રીઓને પહેલાં જવા દેવી. આનો અર્થ એ એક પતિ-પત્નીઓ છૂટાં પડવાનાં હતાં. મારી નજીકમાં ઊભેલી એક અમેરિકન સ્ત્રી ધીમા સાદે બોલી કે એને

છૂટાં પડવું નહોતું. પણ ના તો એ બીજા કોઈએ સાંભળ્યું કે ના તો એ જોરથી ફરી બોલી.

કેસરી, તંબુ જેવા આકારની રબરની રક્ષાનાવો નવી, મોંઘી, તદ્દન અદ્યતન હતી. પાણીમાં નાખતાં અથડાવાથી આપોઆપ એ ખુલી અને ફૂલી જતી હતી. એમાંની એક એકમાં અમારે બધાંને વારાફરતી જવાનું હતું. મુખ્ય તૂતક પર જઈને અમારે માટે ‘ડિન્ગિ’ ગોઠવાય ત્યાં સુધી થોડી વાર અમે ઊભાં રહ્યાં. પેલાં ફિનિશ વૃદ્ધાને મારી આગળ જવા દીધાં. ફિનિશ માર્ગદર્શિકા એમને મદદ કરતી હતી. લાકડી લઈને એ ચાલતાં હતાં. પગથિયાં ઊતરતાં એમને તકલીફ પડતી હતી અને ‘ડિન્ગિ’માં જતાં તો ખૂબ વાર થઈ — બે ખલાસીઓ મદદ કરતા હતા છતાં.

પછી મારો વારો આવ્યો. ત્યારે મેં જોયું કે પતરાનાં સાંકડાં પગથિયાંને પેલો દોરડાનો કઠેરો પણ નહોતો, એટલે કે આધાર માટે કશું જ ન હતું. જરા પણ લપસીએ કે ચૂકીએ તો પાણીમાં પડીએ. પાણી શાંત હતું, પણ ઠંડું અને ઊંડું અને બેહદ તો હતું જ ને. ચારેકોર પથરાયેલાં ઍન્ટાર્કટિકાનાં પાણીના અમાપ વ્યાપ પર પણ નજર ત્યારે ખસીને ગઈ ન હતી. ત્યારે બસ, એકલક્ષ્ય હતું ને લક્ષ્ય હતું વહાણની ઊંચી ભીંતની નજીક નીચે ઊભેલી હાલમડોલ થતી ‘ડિન્ગિ’માં જવાનું નાનકડું બાકોરું.

(આસપાસના પર્વતો હાથ લંબાવી અમારા સુધી પહોંચવા મથતા હતા જરૂર. હિમનદીઓ, શીતસ્થાયી હતી ને જાણે મનમાં ને મનમાં અકળાતી હતી. કિનારો જાણે અમારી સુરક્ષા માટે મૂક આજીજી કરી રહ્યો હતો અને અમને નિરાધાર થયેલાં જોઈ મધદરિયો પોતાને દોષ દઈ રહ્યો હતો. કુદરત પરનું આ સજીવારોપણ શું શકય હતું? વાસ્તવિક હતું? કે એ કેવળ કવિત્વમય શબ્દવિહાર હતો? જે હોય તે નિઃશંક તો એ હતું કે દુર્દૈવનો કોપ અમે ભોગવી રહ્યાં હતાં. જાણે અવગતિનો કાળસર્પ અમને ડંખી ગયો હતો. મઝધારે ઝૂલતાં ઝૂલતાં મન ભૂમિનો સ્પર્શ ઝંખી રહ્યું હતું. સૂર્ય સ્પર્શિત જળમાં નીચે લોલમલોલ રક્ષાનાવો અમારાં શરીરોને બચાવી રહી હતી પણ મ્લાન-મૂઢ હૃદય જાણે એ જ જળમાં ડૂબી રહ્યાં હતાં. ને તો યે હજી બુદ્ધિએ અને આશાએ ધૈર્ય ખોયું નહોતું.)

છેલ્લું પગથિયું એકદમ ઢાળ પડતું હતું. ઊભાં ઊભાં ઊતરાય તેમ ન હતું. હું બેસી ગઈ. એક ખભા પર કૅમેરાબૅગ હતી — દર વખત કરતાં હલકી હતી, કારણ કે બે કૅમેરા તો કાઢી નાખેલા એ સવારે જ, પણ આ સ્થિતિમાં નડતરરૂપ તો બનતી જ હતી. જમણા હાથે પગથિયાંની ધાર પકડી હતી. ડાબો હાથ મદદ કરતાં ખલાસીના હાથમાં

હતો. બરાબર ‘ડિન્ગિ’ના બાકોરાની અંદર પડવાનું હતું. (સંકટ સમય પરની વિડીયો ફિલ્મ જોતાં સંભાષકના ભાવ વગરના અવાજમાં સુરક્ષાનાવની અંદર પડાય તેમ કૂદકો મારવાનું સૂચન સાંભળી હસવું આવ્યું હતું. તે શું કૂદકો મારવાની ક્ષણે હાસ્યજનક લાગ્યું હતું? પછી રમૂજ સૂઝેલી કે જો એ ક્ષણે શિક્ષણ ભૂલી જઈએ ને ઠોઠ નિશાળિયા થઈએ તો શું થાય?! તો શિક્ષા તરીકે જળસમાધિ મળવાની? જળ-નિમજ્જન તો ખરું જ.) પણ મારાથી પડાયું નહીં. મારા લાઈફ જૅકેટની અસંખ્ય દોરીઓમાંની એક પગથિયાંના ધાતુના ખૂણામાં ખરાઈ ગઈ હતી. પેલો ખલાસી મને અંદર ફેંકવા તત્પર હતો. (ઘણો કાર્યપરાયણ હશે એ. અને જે સુરક્ષિતતા માટે પહેર્યું હતું તે જ ઉપવસ્ત્રથી મારી દુર્દશા થવાની હતી કે શું? ત્યારે એ લાઈફ જૅકેટ બરાબર ગ્રીક દેવોના જેવું બન્યું હતું. એમને માટે કહેવાય છે કે “જે બચાવે છે તે જ સતાવે છે.” આ ઘેરા કેસરી લાઈફ જૅકેટથી મારી જિંદગીના બચાવને બદલે નાશ થવાનો હતો કે શું?!)

મેં મોટે અવાજે કહેવા માંડયું — લગભગ ચીસો જ કહેવાય કે, “આ ભરાયું છે, આ ભરાયું છે.” એક તો પેલો અંગ્રેજી સમજે નહીં ને મને સ્પૅનિશમાં મારો જીવ બચાવતાં આવડે નહીં. એ મને ખેંચે રાખે ને મારાથી છૂટાય નહીં. (ઓ ઍન્ટાર્કટિકાના દેવો, તમે આ અવનવો ગ્રાહ નિહાળી રહ્યા હતા કે?) આખરે, કયાં તો ભરાયેલું મારું જૅકૅટ એણે જોયું કે મારા હાવભાવ પરથી એ સમજ્યો. આગળ ખેંચવાને બદલે હવે એણે મને સહેજ પાછી ધકેલી, જૅકૅટ છૂટું થયું ને પછી હું એક કૂદકા ને એક ધક્કા સાથે એ નાના બાકોરામાંથી ‘ડિન્ગિ’ (Dinghy)ની અંદર ફેંકાઈ. આ સાથે અજવાળું, દિવસ ને દિવસ અદશ્ય થયાં.



રક્ષાનાવના અંતર્ભાગનાં પ્રથમ સંવેદન અને સ્પર્શ વિચિત્ર હતાં. બે જ નાનાં બાકોરાં અને એમાંથી નહીંવત્ પ્રકાશ આવે. પ્રથમ ક્ષણે તો સાવ અંધારું લાગે, પછી વળી અંદરોઅંદર બેઠેલાંની છાયા દેખાય. અંદરનો ભાગ કાળો, લીસો, રબરનો બનેલો હતો. પડતાંની સાથે બધું ભીનું લાગ્યું. નાવ પોતે પછડાઈને ખૂલતી હશે ત્યારે થોડું પાણી અંદર જતું રહેતું હશે. બેસતાં જ ઠંડું લાગતું હતું. ભૂરા પ્લાસ્ટિકનાં કપડાંમાંથી પણ અમે ભીનાં થવાનાં જ હતાં. ‘ડિન્ગિ’નું નીચલું પડ પાતળું અને નરમ હશે એમ લાગ્યું. ચંચળ મોજાંને લીધે, તેમ જ બીજાં શરીરો અંદર ફેંકાતાં આ તળિયું સતત હલ્યા કરતું હતું. એ સાથે અંદર ભરાયેલું પાણી પણ રગડયા કરતું હતું. મારી બાજુમાં પડેલા, એક ખલાસીના થેલા પર અમેરિકન સ્ત્રી બેસી ગઈ. એ જોઈને હું પણ બેઠી. મારે માટે જગ્યા ઓછી રહી હતી. કૅમેરાબૅગ ખોળામાં રાખી, પગ પર વજન આપીને સંકોચાઈને બેસવું પડયું. થોડી થોડી

વારે લપસતી રહી, ફરી મુશ્કેલીથી પગનું વજન સરખું કરી થેલાના છેડા પર ગોઠવાતી રહી. શરીર અકડાઈ ગયું પણ ભીના ના થવું પડયું. ઘણાંનાં પાટલૂન પલળી ગયાં. બેએક જણના પગ બરફના આ પાણીમાં પડયા પડયા બૂટ-મોજાંની અંદરથી પણ પલળીને સાવ થીજી ગયા.

વહાણ છોડીને 'ડિન્ગિ'માં પડયાં એટલે કાંઈ ઊગરી નહોતાં ગયાં. (ઉદ્ધાર પ્રક્રિયાની તો આ શરૂઆત હતી. આ તો 'જળપરીક્ષા' જ કહેવાય. એની લાંબી કસોટીમાંથી પસાર થવાનું અને પાર ઊતરવાનું હજી ઘણું બાકી હતું.) 'ડિન્ગિ'ની અંદર અમે ૧૬-૧૭ જણ હતાં. એક ફ્રેંચ વૃદ્ધ અને એમની કાળજી લેતા એમના પૌત્ર-જમાઈ સિવાય બધી સ્ત્રીઓ હતી. હવે બધાં થોડાં ગભરાયાં હતાં. કોઈને કશું બોલવાનું કે વાત કરવાનું સૂઝતું ન હતું. કેટલીક સ્ત્રીઓ એમના પતિઓથી છૂટી પડી હતી. તૂતક પરની પેલી અમેરિકન સ્ત્રી મારી બીજી બાજુ, નીચે 'ડિન્ગિ'ના છીછરા પાણીમાં બેઠી હતી. એ લગભગ રડતી હતી. કંઈક આસાયેશ માટે મારો હાથ પકડી રાખ્યો હતો. ધીમા, રડમસ સ્વરે એ બોલતી હતી : "એ કોઈ 'ડિન્ગિ'માં સુરક્ષિત પહોંચી ગયા હોય તો સારું... એમના વગર હું શું કરીશ?... ૩૫ વર્ષનું લગ્નજીવન. મને તો કશી જ ખબર પડતી નથી. એ ના હોય તો હું સાવ ભાંગી જ પડું..."

જાણે છેલ્લી ઘડીનું નિવેદન હતું એ. પણ થોડી વારે એ પણ શાંત થઈ ગઈ.

અને સાડા સાતમો ખંડ



## ચુંબકીય ઉત્તર ધ્રુવ

૧૯૯૨ના એપ્રિલની શરૂઆતમાં એક બપોરે મારા બારણે ટપાલનો એક માણસ સાંકડો, લગભગ ચાર ફીટ લાંબો પૂંઠાનો એક બૉકસ પહોંચાડી ગયો. આ શું હતું ને કોણે મોકલ્યું એનો મને કશો ખ્યાલ નહોતો. ટપાલીના કાગળમાં મારા નામ પાસે સહી કરી આપી એટલે એ તો ગયો, પછી બૉક્સ પરનું લેબલ જોતાં તરત ખ્યાલ આવ્યો કે એમાં ફૂલ હતાં.

હવે બૉક્સને ખોલવાની રાહ જોવાય તેમ નહોતી. જલદી જલદી જેવું બૉક્સની સાંકડી બાજુ પરનું ઢાંકણું ખોલ્યું કે દેખાયું અંદર કયાં ફૂલ હતાં તે. આ ભેટનો મને સહેજ પણ સંકેત નહોતો. એકદમ અનપેક્ષિત હતી આ ભેટ ને એણે મને આનંદથી રોમાંચિત કરી દીધી. જાણે હું કોઈ ખાસ વ્યક્તિ; અરે, કોઈ રાજકન્યા ના હોઉં એવો ભાવ આ ભેટ મેળવતાં મને થયો. ખરેખર તો, ભીનાશ જતી ના રહે તે રીતે સાચવીને ગોઠવેલાં નાનકડાં, લંબગોળ લાલ આ મુખ જોતાં હું ભાવવિભોર થઈ ગઈ. એ બધી તાજી કાપેલી, અશુષ્ક ગુલાબની કળીઓ હતી ને બૉક્સ ખોલતાંની સાથે જ મેં જોયું કે એક સાથે પચાસ કળીઓનો ઉપહાર મને મળ્યો હતો. મારે એમને ગણવા બેસવાની જરૂર નહોતી. એક કે બે ડઝનથી ઘણી વધારે કળીઓ લાગી હતી, તેથી પછી તો પચાસ જ હોયને. આ ફૂલો કાપીને તરત છેક સાન ફ્રાન્સિસ્કોથી ન્યૂયૉર્ક મારા સુધી પહોંચાડવામાં આવ્યાં હતાં. આ મોંઘી અને ઘણી જ મૃદુ, ભેટની સાથે એક કાર્ડ હતું. એમાં લખેલું હતું, “આનંદથી ફરજે અને સુખરૂપ પાછી આવી જજે.” એમાં સહી મારા વરના નામની હતી. અલબત્ત, બીજું કોણ હોય આવું ઉદાર ને મારી આટલી ચિંતા કરનાર?

આવા પ્રેમાળ અનુગ્રહથી કોણ અભિભૂત ના થઈ જાય? અંગ્રેજીમાં ગુલાબની અદ્વિતીયતા માટે કહેવાય છે, “ગુલાબ એટલે ગુલાબ એટલે ગુલાબ.” એકાદ હોય તો આ ઉક્તિ વાપરીએ, પણ એવાં પચાસ હોય ત્યારે શું કહેવું? — એમ મેં ઑફિસે ફોન કરીને જીવનમિત્રને પૂછેલું.

પણ આટલાં ફૂલોની ભેટ હોય ત્યારે તો એ ઉદ્યાન જ કહેવાય. અને કદાચ એને ચિરપ્રફુલ્લિત સ્મૃતિ કહી શકાય. મેં એનો આભાર માન્યો અને જીવનમાંના બધા શુભ અંશો માટે ભગવાનનો આભાર માન્યો.

મને ખબર હતી કે થોડા જ દિવસો પછી હું જે સફર પર જવાની હતી તેને માટે મને આશીર્વાદ અને શુભેચ્છાઓની ઘણી જરૂર હતી. ઘણા પૂર્વવિચારથી, મારા જવાનાં લગભગ બે અઠવાડિયાં પહેલાં આ સુંદર ઉપહાર મને મોકલવામાં આવ્યો હતો કે તેથી ધીરે ધીરે ખૂલતી જતી કળીઓનું દશ્યમાન સૌંદર્ય હું માણી શકું. આ સફર મારે માટે ખૂબ અગત્યની હતી અને આ રક્તિમ, મખમલી શોભાની ભેટને મેં આ સફર માટેનાં શુકન જેવી માની. ખાસ તો, આ સફર ઘણી ખતરનાક નીવડી શકે તેમ હતી તેથી.

જે પ્રયાણ કરવા હું ઉદ્યત હતી તે ચુંબકીય ઉત્તર ધ્રુવ પ્રતિ હતું.

જીવ જાય તેવા અકસ્માતોની કલ્પના કરી કરીને જીવનમિત્રની મને જવા દેવાની જરા પણ ઇચ્છા નહોતી. દક્ષિણ ધ્રુવના પ્રદેશ ઍન્ટાર્કટિકાના સમુદ્રમાં મને નડેલા અકસ્માત પછી એની મારે માટેની ચિંતા વધી ગઈ હતી. તે વખતે હું જે આર્જેન્ટિન સ્ટીમરમાં હતી તે ખડકો સાથે અથડાઈને ભાંગી પડી ને અંતે ડૂબી પણ ગઈ. આ અસાધારણ સાહસકથા મેં 'ધવલ આલોક, ધવલ અંધાર' નામના પુસ્તકમાં લખી છે. અત્યારે તો એવી જ અસાધારણ, ઉત્તર ધ્રુવના પ્રદેશની કથા મારા મનનો કબજો લઈ બેઠી છે.

૧૯૮૯માં હું ઍન્ટાર્કટિકા ગઈ ત્યારે તે મારે માટે દુનિયાનો સાતમો અને છેલ્લો ખંડ હતો — પ્રવાસી તરીકે. બીજા છએ છ ખંડોમાં હું તે પહેલાં જઈ આવેલી. મને એમ કે દુનિયાનાં બધા મુખ્ય વિભાગો મેં જોઈ લીધા છે. પણ તે પછી હું ઉત્તર ધ્રુવના પ્રદેશને વધારાનો અડધો ખંડ હોય તે રીતે જોવા માંડી. મારા મનમાં, કશી આદર્શવાદી રીતે હું એને "સાડા સાતમો ખંડ" કહીને સંબોધવા માંડી. આ પ્રદેશ દુનિયાનો છેલ્લામાં છેલ્લો મુખ્ય વિભાગ હોય તે રીતે મારા મનમાં આલેખાતો ગયો. આ વિચારનું નાનું બીજ પછી તો એક પ્રબળ સ્વપ્ન બની ગયું. આ એક મુખ્ય વિભાગમાં જવાનું મારે હજી બાકી હતું. હૃદયના ઊંડાણમાંથી હું એમ માનતી હતી કે એક વાર આ ધ્રુવીય પ્રદેશમાં પહોંચીશ પછી જાણે વિશ્વનો ગોળાકાર મારા આલિંગનમાં આવી જશે. હું ખરેખર એમ માનતી હતી કે આ પછી પ્રવાસી તરીકે હું સંપૂર્ણ થઈશ. આવું કંઈક નિરાકાર પણ નિર્ભેળ સંવેદન મારા મનમાં દઢ થયું હતું.

તેથી હું મારા વરની અનિચ્છા સામે નમતું મૂકવાની ન હતી. આ વખતે નહીં. પણ મેં એને વચન આપ્યું કે આ પછી કોઈ જોખમી મુસાફરી કરવાની ગાંઠ હું નહીં વાળું. હું

જાણું છું કે આવી પ્રતિજ્ઞા લઈને હું સાહસમય ભવિષ્યના અવસરોને અને પડકારોને જતા કરી રહી છું, પણ સાથે જ એ પણ જાણું છું કે આ વચનમાંથી કાંઈ બધા જ ઉત્તેજક, ઉદ્દીપક, એક પ્રવાસીથી કરાતા ભૂમિગત હુમલા બાદ નથી રહી જતા!

હું છેલ્લાં બે વર્ષથી ઉત્તર પ્રતિના આ પ્રયાણ વિષે યોજનાઓ અને વિચારો કરી રહી હતી. હું તે દરમ્યાન જઈ શકી હોત. પણ આદ્ય સાહસીઓ માટે હું કલ્પનારંજિત વીરપૂજાનો ભાવ ધરાવું છું ને તેથી મારી આ મહત્ત્વપૂર્ણ સફર હું ક્રિસ્ટોફર કોલમ્બસની યાદમાં સંયોગયુક્ત કરવા માગતી હતી. ૧૯૯૨માં કોલમ્બસને અમેરિકા સુધી પહોંચ્યે ૫૦૦ વર્ષ થવાનાં હતાં. આમ તો ઑક્ટોબરમાં એની વર્ષગાંઠ આવવાની પણ એ સમયે આટલા ઉત્તરે જવાય નહીં; ને વળી, આખું'૯૨નું વર્ષ કોલમ્બસના નામ પર જાહેર રીતે ન્યોછાવર તો કરેલું હતું જ. મારે માટે તો આ બે બનાવો — ભલેને સદીઓ દૂર — કોઈ અલૌકિક રીતે સંયુક્ત થવાના જ હતા. કોલમ્બસ જેવા સાહસના મહાપ્રણેતાના નામ પર મારે પોતાને માટે કંઈક વિશિષ્ટ કરવાની મને તીવ્ર ઇચ્છા હતી, આવો હતો પ્રવાસી તરીકેનો આદર્શવાદ મારામાં!

સ્પંદિત લાલ ગુલાબોનો શુભેચ્છા ઉપહાર મળ્યાનાં બે અઠવાડિયાં પછી ઉત્તર પ્રતિ પ્રયાણ માટે હું તૈયાર હતી. લખવા માટે જે ડાયરી હું સાથે લઈ જતી હતી તેના આરંભે મેં આ વાકયો લખ્યાં : "મેં પાંચ ગુલાબ ધ્રુવ પર લઈ જવાનું નક્કી કર્યું છે. પાંખડીઓ તો અત્યારથી જ ખરી રહી છે પણ આ નાના ગુચ્છની સુરક્ષા માટે મેં ઉપર પારદર્શક પ્લાસ્ટિક ઢીલું વીંટયું છે. થોડું પાણી ભરેલી પ્લાસ્ટિકની નાની ટયૂબોમાં એક એક ડાળી જુદી મૂકી છે. પાંદડાં હજી લીલા છે. ચાહો તો આને લાગણીવેડા કહી શકો છો, પણ મારે જીવન-મિત્રના માનમાં આ પાંચ ગુલાબ ધ્રુવ સુધી પહોંચાડવાં છે. આ ગુલાબો મને સફરની સફળતાની શુભેચ્છા તરીકે અપાયેલાં. એ સ્નેહના સ્મરણમાં અને બધું સારું નીવડે એવી મારી પોતાની પ્રાર્થના તરીકે એ ભેટમાંનાં કેટલાંક ફૂલ તો મારી આ યાત્રામાં મારે સાથે રાખવાં જ છે."

કોઈ પણ રીતે આ પ્રયાણ હું કરવાની જ હતી — સ્વજનને એમાં જીદ લાગી હશે, પણ મારે માટે આ અત્યંત અર્થઘન મહાયાત્રા હતી. મને એમ જ લાગ્યા કરે છે કે આ યાત્રા પૂરી કર્યા પછી, મુસાફર તરીકે હું સંપૂર્ણ થઈશ; કે મારી અંદર કશું ભિન્ન પ્રવેશ્યું હશે — ભલે કોઈની આંખો એ જોઈ ના શકે. જાણે નિયત નિર્ધારની ઉત્કટતા મને માનસના કોઈ બીજા સ્તર પર લઈ જવાની હતી. મારી યાત્રાનું આ પુણ્ય મને મળવાનું હતું. તેથી જ મેં મારી ચિંતાઓ પર લગામ રાખી હતી ને મનમાં ઉત્સાહને ઊભરાવા

દીધો હતો. આ સાહસના રોમાંચકારી સ્પંદનો પર ધ્યાન આપ્યા કર્યું હતું ને એ બધામાં સૌથી વધારે રોમાંચકર હતું આ કલ્પન કે હું સમુદ્રની સપાટી પર હોઈશ, રહીશ, ચાલીશ, સૂઈશ.

આમ તો ન્યૂયૉર્ક છોડયું ત્યારથી જ સફર શરૂ થઈ ગઈ હતી, પણ તોયે મૉન્ટ્રિયલ પછી પણ હજી ઘણે દૂર જવાનું હતું. "એન.ડબલ્યુ.ટી." તરફ જતું વિમાન ઊપડયું ને થોડી જ મિનિટોમાં જમીન વાદળોથી ઢંકાઈ ગઈ. વિમાન અડધાથી પણ વધારે ખાલી હતું. 'ઇનુઇટ' કહેવાતી તળજાતિની કેટલીક સ્ત્રીઓ ઉત્તર તરફ જતી હતી અને થોડાં બીજાં મુસાફરો હતાં. મેં બધાં તરફ સહેજ નજર કરી ને વિચાર્યું કે આમાંનું કોઈ મારી સાથે આ અભિયાત્રામાં આવવાનું હશે?

પરિચારિકાએ મૉન્ટ્રિયલના વિમાનમથકે ઠંડીની આડશે ફરના કૉલરવાળો કોટ પહેર્યો હતો પણ હવે ઊડતા વિમાનમાં કાર્ય પરિવેશમાં એ કાર્યદક્ષ લાગતી હતી. સવારનો ગરમ નાસ્તો આવ્યો. જાણે બીજું કોઈ પણ સામાન્ય ઉડ્ડયન જોઈ લો. હું કયાંની કયાં ને કેટલે દૂર જતી હતી. આ પ્રયાણ જ એટલું અસાધારણ હતું કે દુન્યવી વિગતોથી નવાઈ લાગતી હતી. કેટલા બધા મહિનાઓ પહેલાં ટિકિટ ખરીદેલી, અભિયાત્રાના પૈસા આપી દીધેલા — તે પણ કેટલા બધા ને પછી સાવ અજાણી, દુનિયાની કોઈ બહારની જગ્યાએ હું એકલી એકલી જઈ રહી હતી. બાળકની આંખોમાં હોય તેવી નવાઈથી હું બધું જોતી હતી, જાણે કોઈ અવનવી જગ્યાએ જઈ રહી હતી, પણ ચાલક અને પરિચારિકાઓને માટે આ નોકરી હતી ને સ્થાનને અંગેનું વિસ્મય એમનામાં અત્યાર સુધી રહ્યું નથી.

થોડી વારમાં લૌકિક જીવનનાં ચિહ્નો અદશ્ય થઈ ગયાં અને પછી નીચે બરફના લિસોટાવાળી જમીન દેખાઈ. કાળા, રુક્ષ પાષાણો પર થીજેલા બરફના અંશો હતા. ક્ષિતિજ પૃથ્વીનો ગોળાકાર દર્શાવતી હતી. સુગભીર દશ્ય હતું. વિમાનચાલકે જાહેરાત કરી કે એ દશ્યની જગ્યાએ માઈનસ ૨૬ સેલ્સિયસ હવામાન હતું. વિચારથી જ ઠંડી લાગે તેમ હતું; છતાં, સ્પષ્ટ રીતે જ, આવા નિમ્નતમ અંશાંકને માટે એટલી ચિંતા નહોતી કરી કે જવાનું જ માંડી વાળું. ઠંડું, થીજતું કે થીજેલું — જેવું હવામાન હોય તેવું, હું નિમ્ન માત્રાઓના પ્રદેશમાં નિશ્ચિતપણે જઈ રહી હતી અને તે જ દિશામાં મારે આગળ ને આગળ જવાનું હતું.

એક ટૂંકા ઝોકા પછી આંખો ખૂલી તો નીચે પૂર્વ આર્કટિકના બરફનો ચમકતો એકરંગી પ્રસ્તાર હતો. એના અંત વગરના હિમક્ષેત્ર પર સૂર્યનો પ્રભાવ ફેલાઈ રહ્યો હતો

અને એ ધૂંધળી ચમકમાં ક્ષિતિજની રેખા ડૂબી ગઈ હતી. સાચે જ એ એક અનંતતાનું દશ્ય હતું. વિમાનના અવકાશમાંથી જોતાં એમ જ લાગતું હતું કે અહીંથી આગળ જાણે પૃથ્વીની કોઈ દિશા જ નહોતી, કોઈ આકાર જ નહોતો. સર્વત્ર ફેલાયેલા બરફના સાતત્યને કારણે જ પૃથ્વીની હયાતીની કશી નોંધ મળતી હતી.

હું એને બરફ કહું છું, કારણ કે અવકાશમાંથી એ પોચો ને હલકો લાગતો હતો. કોઈ બાળક પર ઓઢાડવાની ચાદર હતી એ? મોટે ભાગે એ સપાટ દેખાતો હતો. જ્યાં પાણી હશે ત્યાં સપાટી થીજી ગઈ હતી ને એમાં પણ જ્યાં થોડું પીગળ્યું હતું કે તડો પડી હતી એની નીચેથી આર્કિટક ખાડીઓના હિમશીત જળની નીલ ઝાંય જોઈ શકાતી હતી. “હિમનદીના છેડા” અને “તૂટતા કાંઠા” હું આ દશ્યાવલિમાંથી શોધતી રહી. આ શબ્દ પ્રયોગો હું રૉબર્ટ પિઅરી (Peary)ના ઉત્તર ધ્રુવના અભિયાનના વર્ણનમાંથી શીખી હતી.

ઍડમિરલ પિઅરીએ અમેરિકાના ઉત્તર-પૂર્વ કાંઠેથી નીકળીને ૧૯મી સદીમાં આ અવિસ્મરણીય ઇનામ મેળવવાના પ્રયત્નો આદરેલા. ત્રણ અભિયાનો નિષ્ફળ ગયાં પણ તે દરમ્યાન પિઅરી ઉત્તરોચ્ચ આર્કટિકના માયાવી વ્યક્તિત્વના ઊંડા જાણકાર બન્યા. એમણે ચોથી વાર પ્રયત્ન કર્યો ત્યારે એ સફળ થયા અને ૧૯૦૯માં એ આખી દુનિયામાંની, ઉત્તર ધ્રુવ પર પહોંચનારી, સૌથી પ્રથમ વ્યક્તિ બન્યા. આ એમનું સ્વપ્ન હતું ને કેટલીયે મુશ્કેલીઓ અને મહિનાઓની દરિયાઈ ને બરફ પરની કઠિન મુસાફરીઓ પછી એ સિદ્ધ થયું. પિઅરી જેવા સાહસવીર અને એક ભારતીય પરિણીતાની વચ્ચે કશી સરખામણી થઈ જ ના શકે, છતાં હું જાણે એમને પગલે પગલે જતી હતી અને એમના સાહસોના વિચારથી અભિભૂત થતી હતી. આવા સાહસીઓ આદરને પાત્ર છે ને એમના જેવાઓથી જ સદા અમર સાહસોનો ઇતિહાસ રચાય છે.

હજારો માઈલ નીચે વિમાનની બારીમાંથી હજી બધું બર્ફીલું જ હતું — કુદરતની જાદુઈ લાકડીએ બધી જમીન અને પાણીને એકાકાર અને અવિભાજ્ય કરી મૂકયાં હતાં. કયારેક કયારેક, મોટા ભાગે બરફથી ઢંકાયેલા પાષાણોની આસાપસ થીજી ગયેલાં વમળ જોવા મળતા હતાં. નક્કી પાણીની વચમાં રહેલા આ નાના પાષાણદ્વીપ હતા. આ અચલ શિલાઓની આસપાસ ઊઠતાં-અફળાતાં નાનાં મોજાં પોતાનાં વર્તુળપથમાં જ થીજી ગયાં હતાં.

ઉત્તરોચ્ચ આર્કટિકનાં પહેલવહેલાં દર્શન થતાં મને પ્રશ્ન થયો, “આવા ચરમ દશ્યચિત્રને વર્ણવવા માટે મારા શબ્દભંડોળમાંથી મને શું શબ્દો મળી શકવાના છે?”

કદાચ "વિસ્મયાકુલ" ને "દિગ્ભ્રાન્ત" જેવા શબ્દ વારંવાર વાપરવાનું મન થશે, એમ મેં વિચાર્યું. પણ આદ્ય-પ્રવાસીઓએ આ હિમમંડિત પ્રદેશના વિષમ સૌંદર્ય વિષે કવિત્વમય રીતે લખ્યું છે. ફ્રિડત્યૉફ નાન્સેન નામના સાહસીની રોજનીશી પરથી લખાયેલા "દૂરતમ ઉત્તર" નામના પુસ્તકમાંની કેટલીક લીટીઓ અહીં ટાંકું છું. એમણે ૧૮૯૩માં ઉત્તર ધ્રુવનો પીછો કરેલો પણ એને પામી નહોતા શકયા. એમની હતાશા તેમજ ઉત્તેજના એમના શબ્દોમાં દેખાઈ આવે છે : "...જોકે કયારેક, કદાચ, આપણાં હૃદય હતાશ થઈ જાય છે ત્યારે આગળ ન જઈ શકાય તેવી રીતે બરફના ટેકરાઓ ને ખડકો જેમ તેમ પડેલા જોઈએ છીએ. એવી પણ ક્ષણો આવે છે જ્યારે થાય છે કે પાંખો વગરનો કોઈ જીવ આથી આગળ જઈ શકે તેમ જ નથી; એકાદ ઊડતા પંખી તરફ ઉત્કંઠાથી જોતાં રહીએ છીએ ને થાય છે, એની પાસેથી પાંખો ઉછીની લઈ શકાય તો કયાંના કયાં પહોંચી જવાય. પણ પછી, બધી મુશ્કેલીઓની પાર જઈને કશો રસ્તો નીકળી આવે છે અને પાછી આશા બંધાય છે. વાદળોની દીવાલ પાછળથી સૂર્યને જરા વાર ડોકાવા દો ને હિમક્ષેત્રો નિજ ધવલતામાં સ્પંદિત થઈ રહે છે; પાણી ઉપર સૂર્ય કિરણોને રમવા દો અને આ કઠિન જીવન સુંદર લાગે છે ને સંઘર્ષ કરવાને લાયક લાગે છે."

ધ્રુવ તરફનું પ્રયાણ શરૂ કરીએ તેના પહેલાં અમારી પાસે બેએક દિવસ હતા. તે દરમ્યાન અમારે ઋતુમાનથી ટેવાવાનું હતું અને આર્કટિક પ્રદેશને આવશ્યક કપડાં પહેરતાં ને પહેરીને હરતાંફરતાં શીખવાનું હતું. જરા પણ સમય બગાડવાની જરૂર ન હતી ને લૉજમાં પહોંચ્યા પછી થોડી વારે બેઝલ મને સપ્પ્લાયરૂમમાં લઈ ગયા ને જરૂરી કપડાં કાઢી આપ્યાં. આમાં બે જોડી ગરમ કોટ ને પૅન્ટ, ઘૂંટણ સુધીનાં બૂટ અને હાથનાં જાડાં મોજાં હતાં, જે મારાં પોતાનાં લાવેલાં હાથ ને પગનાં મોજાં તથા ટોપી વગેરેની ઉપર પહેરવા માટેનાં હતાં.

એ સાંજે મેં બધા વાઘા પહેર્યાં ને તરત જ યંત્રમાનવ કે રોબોટ હોઉં એવો ભાવ થયો. મારું શરીર બમણું જાડું બન્યું, હાથ પણ એવા જાડા બન્યા અને પગ તો જાણે હાથીના હોય. હરવુંફરવું સહેલું ન હતું પણ આ બધા પડ ઠંડી રોકતા હતા ખરા — ફક્ત મોઢું જ ઢાંકયા વગરનું રહેતું હતું. ઠંડીનો બધો હુમલો મોઢા પર થતો હતો. જોરથી ફૂંકાતા પવનને લીધે હવામાન માઈનસ ૪૫ ડિગ્રી થયું હતું. બીજા બધાની સાથે હું ગામમાં ચાલવા જવાની હતી. બધા વાઘા પહેરતાં મને જે સમય લાગ્યો તેટલો સમય જરા બધા ઊભા રહ્યા. દુનિયાની બહારની હોય તેવી આ જગ્યાએ, આવી કડકડતી ઠંડીમાં એકલાં ચાલવા જવા કરતાં સાથે જવાનો વિચાર થોડી વધારે હિંમત આપતો હતો.

પણ બહાર જવાની તક ગુમાવવી પણ ન હતી. એક તો, આ તદ્દન બર્ફીલો દૃશ્યપટ નવાઈ ભરેલો હતો ને આ સફેદાઈની વચમાંની વસ્તી તે તો જાણે જાદુની નગરી. મેં કાંઈ બરફ નહોતો જોયો કે બરફથી ઢંકાયેલી ધરતી નહોતી જોઈ એવું નહોતું. હિમાલયના ઊંચા શિખરોથી શરૂ કરી ઍન્ટાર્કટિકાના હિમખંડ સુધીમાં બર્ફીલું તો ઘણું જોયું હતું પણ નિસર્ગની સુંદરતાના વૈવિધ્યની દરેક ઝાંખી મને ઉલ્લાસિત કરતી રહે છે, આશ્ચર્ય પમાડતી રહે છે. આવા જ સંવેદન એ સાંજે પણ અનુભવાતા હતા.

રેઝોલ્યુટ ગામમાં લગભગ ૧૯૫ લોકો રહે છે, પણ કોઈ અમને દેખાયું નહીં. બધું સાવ ખાલી અને શાંત હતું. આર્કટિકની લાક્ષણિક સાદગીથી સુંદરતા પણ અહીં હતી — જાણે એક ચિત્રાંકન અથવા એક આભાસ.

બધાં ઘર મોટાં લાગતાં હતાં ને સાવ પાસપાસે નહોતાં. રસ્તા બરફના થીજવાથી લપસણા બન્યા હતા. નવું બનાવેલું એક ચર્ચ અંદરથી સાદું હતું. અંદર કોઈ હતું નહીં ને બારણું ખુલ્લું હતું. સ્કૂલનું મકાન મોટામાં મોટું હતું. એના પર કૅનૅડાનો ધ્વજ પવનમાં ફરકતો હતો. ગામની પાછલી બાજુ પર ટેકરીઓ હતી ને તે તરફ અમે ચાલ્યાં — હું સખત ઠંડી અને લપસણા રસ્તાને લીધે, થોડી અનિચ્છા સાથે પાછળ ખેંચાતી ગઈ.

સાધારણ ઢોળાવ પરનો બરફ પોચો હતો, થીજીને લપસણો બનેલો નહીં. પણ પવનના જોરને કારણે આ ઢોળાવો પર ચાલવું મારે માટે ઘણું અઘરું હતું. પવન જોરથી અને ઝડપથી ફૂંકાતો હતો. એના ઝપાટા ને ધક્કાની સામે હું સાવ અશક્ત અને અરક્ષિત હતી. એ પહેલી સાંજે આ બધું હું સહી શકતી નહોતી. એ જાણે વધારે પડતો દુરાગ્રહી સત્કાર હતો. હવે મારે જલદી પાછાં અંદર જવું હતું. મારું મોઢું થીજી ગયું હતું. મારું ગળું થીજી ગયું હતું. આ ખુલ્લા ભાગો પર પવન ચાબખા લગાવતો હતો. હું જાણે એક સાધન હતી જેના પર કોઈ કુસ્તીબાજ મુક્કા મારતો હતો.

દેખીતી રીતે જ, જાતને બરાબર ઢાંકતાં હજી મને આવડયું નહોતું. અંદર જઈને જરા ગરમ થઈને, વધારના પડ કાઢીને શાંતિ થઈ, "જો અત્યારથી આ બધું આટલું અઘરું લાગે છે તો આખા અભિયાન દરમ્યાન કઈ રીતે ટકીશ?" એ પ્રશ્ન છૂપા ડરની જેમ મને કનડવા માંડયો. ઉત્તરોચ્ચ આર્કટિકની વાસ્તવિકતા હુમલો કરવા માટે તૈયાર હતી; એમાંથી બચવાની વ્યૂહરચના હજી મારી પાસે નહોતી. પણ મારે એ જલદીથી વિચારી લેવી પડશે તે હું જાણતી હતી. આટલે દૂર હું આવેલી તે કાંઈ પાછાં જવા કે ગભરાવા નહીં, પણ ઊંડાણથી ઇચ્છેલા મારા લક્ષ્યને પામવા માટે.

રાતે દસ વાગ્યે સાંજ જેવું, આંખોને ગમે તેવું અજવાળું હતું. પણ મોડી રાતે એ કઠોર ભૂરું, વિચિત્ર ભૂરું લાગ્યું. રસ્તા પરના દીવા આખી રાત બળતા રહ્યા. સર્વત્ર એવી સ્તબ્ધતા ને શાંતિ હતાં જાણે આ સ્થળ શ્વાસ પણ નહોતું લેતું. બારી પર પડદો નાખેલો હતો, પણ જાણે આખી રાત અજવાળાએ મારી આંખ પર ટકોરા માર્યા કર્યા. બપોરના અજવાળામાં સૂવાનો પ્રયત્ન કરતાં હોઈએ તેવી વાત હતી.

અહીં વસંતની શરૂઆત થઈ રહી હતી ને અત્યારથી પ્રકાશ બેપરવા અને આપખુદ બન્યો હતો. 'દિવસ' ને 'રાત' જેવી સંજ્ઞાઓ અહીં વપરાતી નથી. ઉનાળા દરમ્યાન ઉત્તરોચ્ચ આર્કટિકમાં, સૂર્ય અને બરફને લીધે, ધવલ દિન અને ધવલ રાત્રિ હોય છે. અહીં સમયના વિભાજન, 'જાગવાનો સમય' અને 'સૂવાનો સમય' — એવા કરવામાં આવે છે. અહીં બાળકો જ્યારે રમવું હોય ત્યારે રમે છે — ભલેને ઘડિયાળમાં સવારના બે વાગ્યા હોય. અહીં, બાળકોને, જ્યારે થાકે ત્યારે સૂવા દેવામાં આવે છે. અજવાળું હોય ત્યારે બધાં એને માણી લે છે. પછી શિયાળામાં તો ચારેક મહિના અંધારું જ હોય છે.

આ જાણે કોઈ ઊંધીચત્તી દુનિયા છે. અહીં ઉનાળામાં મધરાતે સૂર્ય તપે છે ને શિયાળામાં ભરબપોરે ચંદ્ર ઝગમગે છે. મધરાતનો સૂર્ય મેં ઍન્ટાર્કટિકામાં જોયો હતો ને અહીં જોવા પામવાની હતી; પણ બપોરના ચંદ્રનું કલ્પન સોહામણું લાગે છે. સાથે જ મને એ પણ આશંકા છે કે આ કલ્પન લોભામણું પણ રહેવાનું છે, કારણ કે આવા કોઈ સ્થળે શિયાળામાં પહોંચવાની કોઈ યોજના નથી!

શિકાર જેવી બીજી એક મૂળભૂત આર્કટિક પ્રવૃત્તિ તે ઇગ્લુ બનાવવાની. રેઝોલ્યુટમાં મુસાફરોને બતાવવા બે ઇગ્લૂ તો બનાવી મુકાયાં હતાં. કોઈ ઇનુઇત હવે એમાં રહેતાં નથી કે નથી બધાંને એ બનાવતાં આવડતું. એક જમાનો હતો જ્યારે આ બધી જાતિના જનસમૂહ સમુદ્રને કિનારે કિનારે ફરતા રહેતા અને જ્યાં શિકાર કરવા કે માછલી પકડવાની પ્રવૃત્તિમાં રોકાઈ પડતા ત્યાં ઇગ્લૂ બનાવીને એમાં રહેતા. હવે તો આ બધી જનજાતિઓ આધુનિક થઈ ગઈ છે.

છતાં, અમારાં પાંચ જણ માટે ઇગ્લૂ-નિર્દેશન ગોઠવવામાં આવ્યું. એક સ્વચ્છ શીતમંડિત સવારે સિમિયોની નામના એક ઇનુઇતને બોલાવવામાં આવ્યા. એ દેખાતા હતા તો વૃદ્ધ પણ આમેય આદિજાતિના લોકો હંમેશાં ઉંમરથી વધારે વૃદ્ધ જ લાગતા

હોય છે. ઇગ્લૂ બનાવવાના હુન્નરમાં સિમિયોની બહુ કુશળ ગણાતા હતા અને સામાન્ય રીતે દોઢેક કલાકની અંદર એક ઇગ્લૂ બનાવી શકતા હતા. અમને જ્યારે ખબર પડી કે બનાવવાની જગ્યાએ એ આવી ગયા છે ત્યારે અમે અમારા બધા વાઘા પહેર્યા અને આ અજીબ હિમગૃહ બાંધવાની રીત જોવા ત્યાં પહોંચી ગયા. પગ તૂટેલો હોવાથી હાન્સ કારણ વગર બહુ ચાલતા નહીં. એ બહાર ના આવ્યા. પણ ઍન્થની, પાસ્કાલ, ડેવિડ અને હું ઠંડીનો સામનો કરતાં, રસથી જોતાં સિમિયોનીને કંપની તેમજ ધ્યાન આપતાં ત્યાં ઊભાં રહ્યાં. પણ એના નૈપુણ્યના પ્રદર્શન માટે એ સવાર બહુ સારી ના નીકળી. અમે એ મત પર આવ્યાં કે આગલી રાતે કાકાએ દારૂની મઝા બરાબર માણી હશે ને એને લીધે એ હાથ સ્થિર નહીં રાખી શકતા હોય. બરફનાં ગચ્ચાં પડતાં રહ્યાં તોયે એ અકળાયા નહીં કે કર્કશ થયા નહીં. “હું ગોઠવી દઉં, હું ગોઠવી દઉં” એ ધીમા, મૃદુ અવાજે બોલતા રહ્યા. વાતો કરાય એટલું જ અંગ્રેજી એમને આવડતું નહોતું. ધીરજથી એ કામ કરતા રહ્યા. મહાસ્થપતિ તરીકેની એમની પ્રતિષ્ઠાને આંચ પહોંચાડવા ઉદ્યત બરફના વિશ્વાસઘાતી ટુકડાઓનું સમતોલન સંભાળતા રહ્યા.

કલાકના કલાક નીકળી ગયા. ઍન્થની અને ડેવિડ થાકયા, કંટાળ્યા ને ઠંડીથી થીજ્યા. એ બે તો અંદર જતા રહ્યા. પાસ્કાલ અને હું સિમિયોનીને પ્રોત્સાહન આપવા ગમે તે રીતે ત્યાં ઊભાં રહ્યાં. પણ પછી તો પાંચ કલાક થયા ને તોયે ઇગ્લૂ તો પૂરું ના જ થયું. બિચારા સિમિયોની એક લંબચોરસ મૂકે ને બીજો પડે. પછી તો રાતના ભોજનની નિયત ઘડી આવી એટલે અમારે પણ અંદર જવું પડયું. તે પછી તો સિમિયોની પણ ઇગ્લૂ છોડીને રાતને માટે જતા રહ્યા. સવારે વહેલા આવીને ઇગ્લૂ પૂરું કરી ગયા ખરા. જાણે પ્રોત્સાહન આપનાર કોઈ ના હોય ત્યારે વધારે સારું કામ કરી શકતા ના હોય!

એક રાત ઇગ્લૂમાં ગાળવા ઍગ્નેસ, ટેરી ને હું ઉદ્યત થયાં. સૂવાના સમયે ત્યાં જતાં જોયું તો ઇગ્લૂ તો તૈયાર કરીને રખાયેલું હતું. ટેરીની જ એ મહેનત હશે. હિમના ઠારને રોકવા માટે સૌથી નીચે, બરફની સપાટી પર કરીબૂનાં ચામડાં પાથર્યાં હતાં. એમની ઉપર સ્લીપિંગ-બૅગો મૂકી હતી. ઇગ્લૂ બરાબર ત્રણ સ્લીપિંગ-બૅગો માય તેટલું મોટું હતું. ટેરી નાનો એક ગૅસસ્ટવ પણ લાવેલી, જેને સૂતાં પહેલાં હોલવી દેવો પડયો. એ બરફનું ઘર હતું. કશું પણ એમાં ગરમવો આણી શકે ખરું? અમે હાથ ને પગનાં મોજાં, માથાં પરની ટોપી અને બીજાં બધાં જ જરૂરી સ્તરો પહેરી લીધાં હતાં. સ્લીપિંગ-બૅગનાં સ્તરોની અંદર ઘૂસી જઈએ તે પહેલાં અમે એકબીજાનાં ફોટા લીધા.

ઇગ્લૂની અંદર ખૂબ પ્રકાશ રેલાતો હતો. અપારદર્શક સ્ફટિક કાચના ઘુમ્મટની

અંદર હોઈએ એવી અનુભૂતિ થતી હતી. કાચના પ્રદીપની જેમ એ અંદરથી ચમકતો હતો. આ ટૂંકા શયન સમય દરમ્યાન હું એ ધવલ જાજ્વલ્યથી સભાન રહી. ગોળ પડતી એ દીવાલો બારથી અઢાર ઇંચ જાડા બરફના લંબચોરસની બનેલી હતી. આર્કટિકની ઉજ્જ્વળ રાત્રીનો પ્રકાશ આ ઘનત્વમાંથી બહુ મુલાયમ રીતે પસાર થતો હતો. બહારથી જે બરફના એક ઢગલા જેવું હતું તે અંદરથી એક અત્યંત આલોક-સ્પંદિત આગાર બનતું હતું. કોઈ અજબ રીતે બરફ આકાશની દ્યુતિને પોતાનામાં પસાર કરી રજતોત્ફુલ્લ બનાવતો હતો, જેથી કરીને જાણે કોઈ મોટા ચીની ફાનસની અંદર રહેલાં હોઈએ એવું સંવેદન થતું હતું. અથવા તો એ પૂર્ણચંદ્રના આલિંગનમાં હોવા જેવું હતું. અથવા તો એમ લાગતું હતું કે જાણે આકાશગંગાએ ઘુમ્મટનો આકાર ધારણ કર્યો હતો. ઓહ, ઇગ્લૂની અંદર સતત કોઈ સ્મિતના જેવું ઔજ્વલ્ય રહ્યું — હું ઊંઘી ગઈ તે દરમ્યાન પણ અને જાગતી હતી ત્યારે પણ.

ટૅરી વહેલી સવારે ચાર વાગ્યે જાગી ગઈ ને ત્રીસ-પાંત્રીસ વાર દૂર રહેલા લૉજની અંદર જતી રહી. ઍગ્નેસ ને હું છેવટે જ્યારે ઊઠયાં ત્યારે પણ વહેલું જ હતું અને તદ્દન ઠંડું. પેલો પૂર્ણચંદ્ર જતો રહ્યો હતો ને નહોતી રહી આકાશગંગા. આ તો બીજા એક ઠંડા દિવસનો આરંભ હતો. ઊંઘ ભાંગી ગઈ અને તે સાથે શ્વેતવર્ણ મોહિની પણ અલોપ થઈ ગઈ. અમે માંડ માંડ સ્લીપિંગ-બૅગોની બહાર નીકળ્યાં અને મહામુશ્કેલીથી અમારી તેમજ ટૅરીની પથારીના વીંટા વાળ્યા; એમને માટેની જાડી, પ્લાસ્ટિકની પહોળી થેલીઓમાં ભર્યાં ને એક એક ભારે બંડલ સ્ટોરેજ રૂમ સુધી લઈ ગયાં. એટલામાં તો હાંફી ગયાં ને થીજી ગયાં. બાકીનું પછી લઈ લેવાશે, અમે કહ્યું. એ ક્ષણે તો હૂંફાળી જગ્યામાં પહોંચી જવું તે જ સૌથી અગત્યનું હતું!

ફરીથી ઠંડાગાર આર્કટિક દિવસની કઠોર વાસ્તવિકતા મને ગ્રસી રહી હતી પણ મેં એક અસામાન્ય નિશાના રોમાંચનો અનુભવ પણ અવશ્ય માણ્યો હતો.

આ આખા પરિગમનનું એક અંગ એવું હતું જેને કારણે એ નિરસ બનતું અટકતું હતું. હતું તો શબ્દશઃ એકરંગી-સફેદ, પણ એ રંગ-રસ વગરનું નહોતું. એ અગત્યનું અંગ હતું સમુદ્રનું હિમસ્તર. હંમેશાં બદલાતું રહેતું, એવી રીતે એ વર્તતું હતું જાણે એનાં પોતાનાં મન-મિજાજ ને મગજ હતાં અને કેટલું સર્જનાત્મક હશે એ મગજ, કારણ કે સપાટીની ભિન્નતા અવિરત હતી અને અનેક પ્રકારની હતી.

એના બાહ્ય સ્વરૂપમાં કશું પરાભૌતિક અમૂર્ત જોવા મળતું હતું. ઉદાહરણ તરીકે,

એ જેવું દેખાતું હતું તેવું ઘણી વાર ખરેખર નહોતું પણ હોતું. કયારેક એ સપાટ, તદ્દન સપાટ લાગતું. જતા રહેતા બધા ચંદ્રપટ જેવા પરપોટા અથવા ઢગલા અથવા અણીદાર આકારો અને આખી સપાટી સફેદ પર સફેદથી ભરેલી મોટી, સુંદર બર્ફીલી ચાદર જેવી લાગતી. પણ એવું માનવું ભૂલ ભરેલું નીકળતું કારણ કે પછડાટો અટકતા નહીં ને એનો અર્થ એ કે સુંવાળી લાગતી એ સપાટી ખરેખર ખરબચડી હતી.

તો બીજી કોઈ વાર એ નરમ, પોચી ને રૂ જેવી દેખાતી, પણ ખરેખર એવી નીકળતી નહીં. પગને એનો સ્પર્શ સખત લાગતો અને હાથમાં દડો વળીને કે મૂઠી ભરીને આવતી નહીં. અરે, મુક્કો મારતાં એમાં કશો ખાડો પણ પડતો નહીં છતાં હજી લાગતી તો નરમ ને પોચી જ.

આ હિમસ્તર જ્યારે સપાટ હતું ત્યારે નિરસ નહોતું. તદ્દન સફેદ હતું તેથી કાંઈ મૃત નહોતું. બરફના વિસ્તાર પર પવન દ્વારા કરી મૂકાયેલી સૂક્ષ્મ ભાત દેખાતી. લલિતસુંદર એ વળાંકો પરથી પવનનાં વીર્ય અને એની દિશા નક્કી કરી શકાતાં. એક વાર મેં એક પહાડ જોયો જે પૂરેપૂરો બરફથી ઢગલે ઢગલે છવાઈ ગયેલો હતો — ફક્ત ભેખડની ઉપરની એક તરફ કયાંક કયાંક ભરાઈ રહેલા બરફવાળી, ઘેરા, કાળા રંગના પાષાણની દીવાલ દેખાઈ રહી હતી. એ ભાગ બરાબર પવનની દિશામાં હશે, જેના જોરનો હુમલો બરફ પર થયો હશે, એનાથી બરફ ખવાતો ગયો હશે ને સાથે જ પાષાણની છાતી કંડારાતી રહી હશે. ઘેરા રંગનો પાષાણ જાણે પૉલિશ થઈને ચમકતો હતો — જ્યાં સો સો વર્ષથી એ પવનના ધક્કા ખાતો આવ્યો હતો અને ઝીણી કોતરણીવાળી, સમાંતરે ઊભી આકૃતિઓ દશ્યમાન કરતી હતી. આ કળાકારી બતાવી આપતી હતી કે કુદરતનાં પ્રારંભિત તત્ત્વોને કેવો એકબીજાંનો સતત સામનો કરવો પડતો હતો — જળ અને હવા, બરફ અને પવન, જાણે કોઈ દૈવી જાતકકથાનાં પાત્રો.

બરફની સપાટી લગભગ દરેક પગલે જુદી જુદી થતી હતી, જાણે એ “મૂડી” (moody) હતી. સખત થયેલા ભાગ પર ચાલતી હતી ત્યારે પગલાંની નિશાનીઓ પણ નહોતી પડતી, જાણે બરફ મને તરછોડતો હતો. અચાનક થોડાં પગલાં પછી વળી નિશાન પડવા માંડતાં અને એવું લાગતું કે જાણે બરફ મને વળગી રહેવા માગતો હતો. કયારેક એ સખત અને લપસણો હતો, તો વળી કયારેક એટલો પોચો હતો કે ઘૂંટણ સુધીનો પગ ગળી જતો! આવી રીતે બરફની અંદર જ્યારે ભરાઈ પડતી ત્યારે પહેલાં તો ચમકી જવાતું ને પછી મઝા પડી જતી. હું માનતી કે એ રીતે બરફ મારી સાથે મસ્તી કરી રહ્યો હતો.

અમે ઘણી તડો પણ જોઈ. કેટલીક તો પાતળી લીટી જેવી હતી — લગભગ દેખાય પણ નહીં એવી. કેટલીક જરા વધારે પહોળી હતી, તો કેટલીક સૂજી ગયેલા કાપા જેવી લાગતી હતી. કયાં તો તડો પડેલી જ હતી અને પગ પડે તે પહેલાં જ દેખાઈ જતી, અથવા કયારેક અમે પગ મૂકતાં ને નવી તડો પડતી. મોટા ભાગની તડોની નજીકનો બરફ જરા પોચો રહેતો, જાણે નીચેની તરફથી એ પોલો ને ખવાઈ ગયેલો હતો. એક કે બે વાર તો અમે એવાં અંતરવાળા કાપા જોયા કે એ ભલે ત્રણ-ચાર ઇંચ પહોળા જ હતા, પણ અમને ચિંતા થઈ ગઈ કે અમારાં પગ નીચેથી બરફ તૂટી ને ખસી તો નહીં પડેને. ભૌગોલિક ઉત્તર ધ્રુવના હજી ઊંચા અક્ષાંશો તરફ જતા સાહસી પ્રવાસીઓને આવી બિના નડતી હોય છે. બરફના તૂટીને મોટા અંતરે ખસી જવાને “શોર લીડ્ઝ” (shore leads) કહે છે અને એમને લીધે ઘણાયે પ્રવાસીઓને નિરાશ થઈ પાછા ફરવું પડતું હોય છે.

એમાં શંકાને કોઈ સ્થાન જ નહોતું કે એમાં થઈને પસાર થતા માનવજીવો — જેવા કે અમે — ઉપર એ પ્રદેશ સંપૂર્ણ સામર્થ્ય ધરાવતો હતો. અમારી પાસે ઇચ્છા હોઈ શકતી હતી, પણ પરિણામ નહીં. જો અમારા સ્વપ્ન સફેદ બરફનાં રંગનાં હતાં તો અમારી એષણાઓનું સંચાલન ઉત્તરોચ્ચ આર્કટિક પોતે જ કરવાનો હતો. બીજો કોઈ આરો હતો જ નહીં.

એટલે અમારા પગ નીચે બરફ પ્રતિક્રિયા કરતો રહ્યો, ખૂબ ધીમા ગરજાટ જેવા અવાજ સાથે, જાણે અમને જવાબ આપતો, અમારી સાથે વાત કરતો. આખો દિવસ એ અમને ઝીણી ઝીણી કણીઓ વડે વીંટળાયેલાં રાખતો ત્યારે પણ વાંધો નહોતો આવતો કારણ કે એ ભીંજવતો નહોતો. જ્યારે હું એને હાથમાં લઈ શકતી ત્યારે હું જોતી કે મોજાં ભીનાં થતાં નહોતાં. હું તો દરરોજ એને ખાતી પણ રહી, પિટર ના પાડયા કરતો હતો કે ખાવાથી શરીરનું પ્રવાહી એ સૂકવી દેશે, તોપણ. દરરોજ મેં એનો સ્વાદ માણ્યા કર્યો — પરિષ્કાર, શ્વેત, સ્વચ્છ, પ્રાચીન બરફ. હંમેશાં એ ખારો પણ નહોતો. જ્યારે અહીં વરસાદ પડતો જ નહોતો ત્યારે ખારો ના હોય એવો બરફ કયાંથી આવતો હશે, એ વિષે મેં વિચાર કર્યો હતો. કદાચ એમ હતું કે હવાની અંદરની ભીનાશ જ થીજી જતી હતી. પછીથી પિયામિનીએ અમને બતાવ્યું હતું કે પીવાના ને રસોઈના પાણી માટે બરફની કઈ સપાટી કાપવાની. અમને તો કશા બરફમાં ખાસ ખારાશ લાગી નહોતી પણ ઇનુઇતોને લાગી હતી અને એ લોકોને એ ગમી નહોતી.

અમારા દરેકનો આ પ્રદેશ સાથેનો સંબંધ જુદી જુદી રીતનો હતો. જ્યારે પિત્ઝા જેવા, જાડી પતરી થઈને બરફના ટુકડા હાથમાં આવતા ત્યારે પાસ્કાલ અને ઍન્થની

બરફમાં રમવા માંડતા. જાણે 'ફ્રિસ્બી' હોય તે રીતે "બરફની રકાબીઓ" એ બંને એકબીજા તરફ ફેંકતા. અલબત્ત, આ નરમ પતરીઓ તરત તૂટી જતી ને બહુ દૂર ફેંકી પણ ના શકાતી. ડેવિડમાં તો વ્યવહારિકતા ને ડહાપણ એટલાં ભરેલાં હતાં કે એ બાળસહજ બની જ ના શકતો અને હાન્સની શારીરિક ખામીને લીધે એ બહુ હલનચલન કરી જ ના શકતા. હું મારા સ્વભાવ પ્રમાણે સ્થાન પ્રસાર સાથે હંમેશાં સંવેદનબદ્ધ થઈ જતી. જ્યારે હિમસ્તર સમતલ હોય ત્યારે હું દૂર દૂર સુધી જોઈ શકતી ને મન બધી દિશાઓમાં લાંબા અંતર સુધી વિહરતું. એ જાણે સ્વપ્નિલ દૃશ્યપટ હતું. એ અલૌકિક હતું અને એ અભૂતપૂર્વ હતું. ત્યાં મારી ઉપસ્થિતિ એટલી લઘુ, એટલી તુચ્છ હતી. તે છતાં અમારો સ્લેજસમૂહ સરસ લાગતો હતો, સુધવલ વિસ્તારમાં રંગ ઉમેરતો હતો અને તોયે હતી તો એમની લઘુ, તુચ્છ ને અશક્ત જ ઉપસ્થિતિ.

બાથર્સ્ટ (Bathurst) ટાપુને જ્યારે અમે વળોટયો ત્યારે અમે એની ટેકરીઓના ઢોળાવો ચડતાં ને ઊતરતાં ગયાં. હિમદર્શન અરૂપ સુંદર હતું. એમાંયે એક ભાગ જુદો તરી આવ્યો, ને મને લાગ્યું કે એ મીઠા પાણીનું તળાવ જ હોવું જોઈએ. એની સપાટી એટલી શાંત, લીસી, સ્પષ્ટ અને સ્વચ્છ હતી. સમગ્ર સફેદ અને થીજેલું એવું જ હતું, છતાં કુદરતી તળાવ તરીકે એ જુદું પાડી શકાતું હતું. એક જ વર્ણવાળા એ રંગની અંદરોઅંદર શું આશ્ચર્યજનક રીતે વ્યાખ્યા પામતાં પોત હતાં. અમે જતાં ને જતાં ગયાં — ટેકરીઓની હારમાળા પર થતાં, મસૃણ ઢોળાવો ઊતરતાં, મીઠા પાણીનાં તળાવો પરથી; પોતાનાં વહેણમાં જ થીજી ગયેલી નદીઓ પરથી પણ અને ઉનાળામાં જે હરિયાળાં મેદાનો બનતાં હતાં તેવા ભાગો પસાર કરતાં.

એક વાર અમે બે ટેકરીઓ વચ્ચેના બહુ જ સરસ સાંકડા એક ઢોળાવ પર ઊતરી આવ્યાં — કોઈ અનામી નદીનું થીજી ગયેલું એ વહેણ હતું. એટલું તો નયનાભિરામ એ દૃશ્ય હતું અને એટલું તો મોહક એ ગમન. સર્વત્ર શ્વેત પર શ્વેત અને શ્વેતનું આરોપણ હતું. પણ એમ નજીક જઈને જતાં મારું ધ્યાન ગયું કે આ રૂપાળી ટેકરીઓ બનાવેલી હતી તો આખી ને આખી કાળમીંઢ પાષાણોની. બરફના પુષ્ટ આવરણ નીચે તો એ ખૂબ સ્વરૂપવાન લાગતી હતી, પણ ઉનાળામાં એ નિર્વસ્ત્ર અને ભીષણ દેખાતી હશે. પ્રાગૈતિહાસિક કાળના એ કઠોર પથ્થર હતા. હવા થીજીને અથવા પવનથી ખસીને આવેલા જે બરફથી એક પાતળું પડ બન્યું હતું એની નીચેની, તૂટીને પતરી બનીને પડેલા પથરાથી છવાયેલી, જમીન પણ એવા જ ઘેરા, લગભગ કાળા રંગની હતી. એની ઉપર થઈને જતી અમારી સ્લેજ ગાડીઓ કચરવાનો એક અતૂટ અવાજ કરતી ચાલી જતી હતી. સમુદ્ર પર જવું વધારે સારું લાગતું હતું. કારણ કે બરફની એ સપાટી વધારે જાડી, આવા ખડખડાટ વગરની અને મોહમુગ્ધ કરી દેતાં લક્ષણોવાળી હતી.

સમુદ્રની સતહ પર અનેક પ્રકારનાં વિરચન જોવા મળતાં હતાં. પિટરે કહ્યું તે મુજબ એ બધો ગયા વર્ષનો વિવિધાકાર બરફ હતો — લગભગ સદાને માટે ફસાઈ ગયેલો. થીજીને હતપ્રાણ બની ગયેલો સમુદ્ર કદી પણ એટલો તો પીગળવાનો નહોતો જ કે જૂનો એ બધો બરફ વહેતા પ્રવાહમાં છૂટી જઈ શકે.

અહીં કોઈ દટાયેલા કિલ્લાના કાંગરાની તીક્ષ્ણ અણીઓ જેવાં નાનાં ત્રિકોણ બહાર નીકળ્યા હતા, તો ત્યાં એવાં શિખરો અને ખૂણાઓ હતા કે ચાલકોએ એમની ફરતે થઈને જવું પડે. અમારા પથમાંના અવરોધો અને અંતરાયમાંના ઘણાને દૂર રાખી શકાતા નહોતા. અમારી સ્લેજ ગાડીઓ એમને અથડાતી જતી, એમની ઉપર ચડીને આગળ જતી, પછી સપાટી પર 'ધબ' કરીને પછડાતી અને એનો આંચકો લાગતો અમને. આવી રીતે આગળ વધવું પડતું હોઈ એ દિવસ કઠિન, ધીમો બન્યો હતો.

બીજે કયાંક વળી બરફના ગોળાકાર ઢગલા મળતા. જાણે આઈસ્ક્રીમના દડા અને મૃદુ ઉપાંગો. રૂના ઢગલાને કાંત્યા હોય એવો ગાભલો લાગે ને એની કોઈ સળોમાં દૈવી જેવો, આછો ભૂરો દેખાય — ના દેખાય. જાણે બાળકને પટાવવા માટે રચાયેલી કોઈ વિશાળ દુકાન. ત્યાં જઈ ચડેલી હું પણ સાથે બાળક બનતી હતી. ઠંડા પણ હસતા હોઠ, વિસ્મયથી પહોળી થયેલી આંખો, કાંતીને નરમ થયેલા રૂના ઢગલા જેવો, એને અડકવા જતાં હાથને તો સ્પર્શદંશ જ મળતો.

તો થોડી વારમાં નાના પાળિયા હોય તેવા આકારો જોવામાં આવતા. એક ખૂબ મોટા વિસ્તારમાં સમુદ્રની સપાટીમાંથી બહાર ધસી આવેલા આવા અસંખ્ય હિમશિર્ષ વિખરાયેલાં પડયાં હતાં. દેખાવે લંબચોરસ ને એકદમ સીધાં ઊભેલાં — જાણે કબર પર મૂકેલી નામશિલાઓ. બહુ વિચિત્ર લાગતા હતા એ આકારો. બરફની ઉપર બરફને પોતાને માટે જ બનેલું જાણે એ કબ્રસ્તાન હતું.

કેટલેક સ્થળે ફસાઈ ગયેલા, ગયા છેલ્લા વર્ષના કે ભૂતકાળનાં વિગત વર્ષોના, જરા મોટા પરિમાણના હિમખંડો નજરે ચડતા રહેલા. એમની આજુબાજુ બરફની અંદર ઊંડા વર્તુળો ખોદાઈ રહેલાં હોય તેવું લાગતું. એમ માની શકાય કે એમની નીચે દરિયાનું પાણી ગોળ ગોળ ફરી રહ્યું હતું — આંખે ન ચડે તેમસ્તો. અદશ્ય આ વહેણો હિમખંડોની આસપાસ વલય સંજ્ઞાઓ રચી રહ્યાં હતાં. વિસ્મય અને આદરોત્પાદક હતું સમુદ્રનું

આ વર્તન. બીજે કેટલેય સ્થળે એવું દર્શન થતું કે ઊંચે ઊઠેલાં, પોતાનામાં જ ગોળ વળી જતાં મોજાં એ ઊર્ધ્વગતિમાં, એમ ને એમ જ હિમ-સ્થિર ના થઈ ગયાં હોય. પણ કયાંથી મળી હતી પાણીને એમ ઊંચે ઊભાં થવાની મુક્તિ? કયાં હતો એવો હિલ્લોળ વળી આ દરિયામાં? આ શીતઘન જળરાશિમાં? સમજણની બહારનાં હતાં એ ઉત્થાન પણ આંખોને માટે આ બધું ધન્યકર હતું. બધો જ સમય એ મહાસમુદ્ર આવી ઘણી રીતે જીવંતતા અને કાર્યશીલતાનાં પ્રમાણ આપ્યે જતો હતો. આપણે તો ભાવક થઈને લીલામાં મગ્ન થતાં રહેવાનું, ભક્ત થઈને દૈવી ઉપસ્થિતિની સાક્ષી પામ્યા કરવાની. ચમત્કૃત હોય એવા આ પ્રદેશ સુધી પહોંચી હતી તે હકીકત મુસાફર તરીકે મારે માટે મહત્તમ કૃપા હતી. ધન્ય થયાનું ભાન મારા હૃદયમાંથી થોડા સમય માટે પણ ખસતું નહોતું. એ સભાનતા પણ વખતોવખત આવતી હતી કે જે બધું અદ્ભુત અને ચમત્કાર જેવું લાગે છે તે બધાંને માટે વિજ્ઞાનની પરિભાષા પણ હશે જ. છતાં, સદ્ભાગ્યે અલૌકિક તરફથી મળેલું આ પારિતોષિક છે એ સંવેદન સર્વોપરી રહેતું હતું.

જે ભાગો સપાટ હતા ત્યાં વધારેમાં વધારે બેથી ત્રણ ઇંચ જેટલો બરફ હશે ને બસ, પછી આવા લાંબા કાળથી નિર્મમ બનેલું હિમ. બીજા શબ્દોમાં કહું તો આ ઉત્તરોચ્ચ આર્કટિકસાગરનું જે મૂળ સ્વરૂપ હતું તે શીતમીંઢ હિમ (ice) પવનથી ઘસડાઈ આવેલા બરફ (snow)ના કણોના પડથી ઢંકાયેલું હતું. બરફના એ પડનો ભાવ સર્વત્ર તાજગી ને નરમાશનો હતો અને હિમનો શીતતીક્ષ્ણ દષ્ટિપાત કયાંયે છતો થતો નહોતો. કેટલાંક મોટાં, જળોત્પાદિત વિચરનો આવી હિમ બની ગયેલી ભીત્તિઓના નાના અંશો દેખાડી દેતાં. આ અંશો કાચ જેવી એમની નીલ ઝાંયને લીધે આકર્ષક લાગતા હતા. એમને લીધે અનંત હિમસ્થલીને એક બીજો રંગ મળતો હતો, દશ્યમાં વધારાની મુગ્ધતા ઉમેરાતી હતી. એકદમ નજીકથી જોતાં આ હિમઅંશો પોતાની અંદર કેદ થયેલા હવાના ઝીણા પરપોટા છતા કરતા હતા. મારા પગ નીચેની સપાટીને મેં શ્વસતી ને ઉચ્છ્વાસતી પ્રમાણી હતી, તે જ રીતે ટપકાં જેવડા આ પરપોટા થીજીને પાષાણવત્ આ હિમખંડોને પણ જીવિત રાખતા હતા.

હું મનમાં ને મનમાં ઉલ્લાસોન્મત્ત હતી કે આ અર્થઘન, સૌંદર્યસભર સામુદ્રિક કવચ ઉપર હું ચાલી રહી હતી, વસી રહી હતી, સૂઈ શકવા પામતી હતી. જો એનું થીજેલું સ્વરૂપ આટલું જીવંત લાગતું હતું, તો એનું મુક્ત સ્વરૂપ કેવું હશે? સર્વાંગે સ્તબ્ધ અને સઘન એ ક્ષિતિજની પણ પેલે પાર જતો હતો — આ સાગર, એના ઉન્મુક્ત ઉત્થાનની કલ્પના કરવી પણ શું મારાથી શકય હતી? સાચે જ કેટલું શોભા વૈવિધ્ય હતું આ મહાપ્રસારનું, પ્રણયરત થયેલી મેં મનમાં વિચાર્યું. એ આકર્ષક હતો, એ ચમત્કારક હતો, એ સંપૂર્ણ રીતે અનુરક્ત કરતો હતો.

પડાવ નાખવાની પાછી આખી એક રીત હતી. બધાં સ્કી-ડૂ એવી રીતે આવીને ઊભાં રહેતાં કે બધી સ્લેજ એકમેકને સમાંતર, અમુક અંતરે આવે; સામાન્ય રીતે તંબુમાં રહેનારાં પ્રવાસીઓ કે આદિજાતિના લોકો કરતાં હોય છે તેમ ગોળાકારે નહીં. અમારા પડાવ મેદાનને કોઈ સીમા નહોતી કે કોઈ દુશ્મનના હુમલાનો ડર. સ્લેજની વચ્ચે તંબુ તાણવા માટે પૂરતી જગ્યા રાખવામાં આવતી. અમારે સ્લેજ પરની બેઠકમાંથી નીકળીને બહાર આવી જવાનું રહેતું અને તરત જ સૂવા માટેની બધી ચીજો કાઢી લેવાની રહેતી. એ દરમ્યાન સામગ્રી બાંધેલી સ્લેજ પરથી છુટા કરીને તંબુઓના વીંટા ત્યાં લઈ અવાતા. રૅન્ડી ને ક્લાઈડનું કામ હતું તંબુઓને ખોલીને એ ભારેખમ સ્લેજ ગાડીઓ સાથે એમને ચોક્કસ રીતે, છૂટે નહીં તે રીતે બરાબર બાંધવાનું. બંને જણ જુદા જુદા તંબુઓ પર કામ કરતા. એમને એકબીજાની મદદની જરૂર નહોતી પણ ટૉની એમાંના એકને કે બીજાને મદદ કરવા હંમેશાં લાગી જ જતો. મેં પણ મદદ કરવાનો પ્રયત્ન તો કર્યો જ, પણ મારે માટે તો એ તંબુઓ કશું કરવા માટે ખૂબ જ ભારે હતા.

હું તો પેલી જાડી સ્લિપીંગ-બૅગનો વીંટો પણ સ્લેજમાંથી ખેંચી કાઢી શકતી નહોતી. પછીની સવારે દબાવીને એને પાછો ઠાંસી પણ શકતી નહોતી. આ આટલી ક્રિયાઓ માટે તો હંમેશાં મારે મદદની જરૂર પડતી જ. વળી, મારો ડાબો હાથ થોડો દુઃખવા ને કળવા લાગ્યો હતો, જાણે ઠંડીથી થીજી થીજીને ના હોય; અને કશું પણ કરવાથી — બૂટ ખીંચીને પહેરવાં કે ખેંચીને કાઢી નાખવાં, જાડી ભારે સ્લિપીંગ-બૅગને તંબુની અંદર લઈ જવી કે બહાર લાવવી વગેરે જેવી સાદી, નાની ક્રિયાઓને લીધે પણ હોઈ શકે. મારે માટે તો સ્લિપીંગ-બૅગને એના જાડા પ્લાસ્ટિકના થેલામાંથી ખેંચી કાઢવી પણ અઘરી હતી. એ જ રીતે, એને ગોળ વાળીને પાછી થેલામાં ઠાંસી ભરવામાં પણ મારો દમ નીકળતો હતો. એક ઇનુઇત છોકરાએ એક વાર મદદ કરેલી અને પાસ્કાલે પણ કરેલી. એ પછી મેં મારી જાતને હોશિયાર, બુદ્ધિમાન અને કાર્યપ્રવીણ થવા ને તેમ કરીને સફળ થવા ફરજ પાડી. મારી કિશોરાવસ્થામાં આપણાં બિસ્તરા વાળવામાં ને બાંધવામાં હું એટલી ચપળ અને હોંશિયાર હતી એ આવડત મારામાંથી હજી ગઈ નહોતી. પણ આ સ્લિપીંગ-બૅગ બાબતે હું પટુ અને ઝડપી બની એટલામાં તો પાછો એને વાપરવાનો સમય પૂરો થઈ ગયો! પણ એને લીધે મને મનમાં બહુ સારું લાગ્યું કે હજી એક વધારે બાબતમાં હું સ્વાવલંબી થવામાં સફળ થઈ હતી.

મેં એ વાતની પણ ચોકસાઈ રાખવા માંડી કે મને બેસવં વધારે સારું પડે એ રીતે સ્લેજની બેઠકની જગ્યામાં એ વીંટો, ગાદી અને કરીબૂનું ચામડું બરાબર રીતે મૂકાયાં હતાં. પહેલે દિવસે હું આખો દિવસ નીચે તરફ સરકતી રહેલી. તે પછીથી એ “ઉચ્ચાસન” હું

વધારે સારી રીતે ગોઠવવા માંડી. પાસ્કાલ પાસે એક યુક્તિ હતી જે ખરેખર કામ આવતી હતી. એ સ્લિપીંગ-બૅગના થેલાને પાછળ તરફ જરા ઢળતો, વાંકો રાખતો. તેથી પીઠના ટેકા તરફ થોડો ઢાળ થતો. આ રીતે આંચકાઓ ખાઈને પણ પાસ્કાલ આગળ કે નીચે તરફ સરકતો નહીં. એક વાર એણે આ રીતે મારે માટે બેઠક ગોઠવી આપી અને મને એ ઘણું સારું ફાવ્યું. પણ આ થયું એટલામાં છેલ્લો દિવસ આવી ગયો!

તંબુઓ બે જાતના હતા. એમ તો બધામાં હવા ફરતી રહે ને થીજે નહીં તે માટે બે પડવાળી દીવાલો હતી અને બધામાં પોતાનું પ્લાસ્ટિકનું પાથરણું હતું કે જેથી અમારે સાવ અનાવરિત બરફ પર ના સૂવું પડે. પણ એમાંના નવા તંબુ એમના સરસ ઘેરા પીળા રંગને લીધે જ તાજા દેખાતા હતા. એમની અંદર એટલી પ્રકાશમયતા લાગતી કે જાણે બત્તીઓ ચાલુ ના હોય! સુંદર આર્કટિક તેજોલ્લાસમાં વીંટળાઈને સૂવું હતું તો ઘણું સારું, પણ એની મુશ્કેલીઓ પણ હતી કારણ કે અનવરત ઔજ્વલ્યને લીધે નીંદર કષ્ટ પામેલા ટુકડે ટુકડા થઈને ભાંગી જતી. તો બીજી તરફ જૂના તંબુઓ ઝાંખા, કદાચ થોડા મેલા રંગના હતા અને કદાચ થોડા જાડા કાપડના બનેલા હતા. એ અંદરથી જરા વધારે પડતા અંધારા રહેતા છતાં જે તરફ આંગળી ચીંધવામાં આવતી એને અમે અમારો પોતપોતાનો માની લેતાં, કોઈ દલીલ કરતાં નહીં, વાંધા કાઢતાં નહીં — અમે બધાં, પણ અલબત્ત, સિવાય કે ડેવિડ. એને એ જૂના, ઝાંખા, અંધારા તંબુ ગમતા નહીં; તેથી એ બરાબર ધ્યાન રાખતો કે નિદ્રાકાળ વખતે પ્રત્યેક વાર એને નવો જ તંબુ મળે.

પિટરનો તંબુ મોટો હતો જેમાં એ રસોડું પણ ચાલુ કરી દેતો. અમે પાંચ જ મુસાફરો હતાં એટલે ગમે તેમ કરીને અમે ત્યાં બેસી શકતાં. અમે બધાંએ જે બધું પહેરેલું એને લીધે નીચે ભોંય પર બેસવું સહેલું નહોતું. ત્યાં ત્રણ સ્ટવ સળગતા હોવાથી કેટલીક વાર ત્યાં સારી હૂંફ લાગતી અને કેટલીક વાર કશો ફેર પડતો નહીં. એવે વખતે હું ત્યાં બેઠી બેઠી થથરતી રહેતી. ઘણી વાર પિટર રસોઈ કરતો તે દરમ્યાન અમે ત્યાં બેસી રહેતાં — ગરમી મળતી રહે તેથી, કંઈક વાતો કરાય તેથી અને બીજે કયાંય જવાનું હતું નહીં તેથી. રોજ રાતે વાયરલેસ રેડિયો પર પિટર રેઝોલ્યુટ સાથે જોડાણ મેળવતો અને બેઝલને અમારા પ્રયાણની વિગતો જણાવતો. પિયામિની પોતાના રેડિયો લઈ આવેલા ને એમનો તંબુ ખૂલે કે તરત રેડિયો સૌથી પહેલાં લગાવી મેં કબૂલ કર્યું. રાત પડી ત્યારે, એટલે કે નિદ્રાકાળે સર્વત્ર ખૂબ નીરવ સ્તબ્ધ અને શાંતિપ્રદ બની જતું. એક વાર તો આકાશ પરિષ્કાર હતું અને જરાક સૂર્યાસ્ત પણ જોવા મળ્યો. એ હતો મધરાતનો સૂર્ય, પરાણે અસ્ત થતો ને પછી તરત જ નવા દિવસના પ્રણેતા થઈને બહાર પડતો. એ કાળે એની દિશામાં એક સુંદર ગુલાબી પ્રસરેલો હતો અને આકાશમાં જેમ નીચે ડૂબતો ગયો તેમ સૂર્ય પણ એક ઘેરા લાલ દડામાં પરિણમ્યો. નીચો ખરો, પણ ક્ષિતિજની નીચે નહીં;

ખરેખર તો ક્ષિતિજને છેક અડકેલો પણ નહીં. સંપૂર્ણ શબ્દહીનતા હતી ને પવનહીનતા પણ. હું અનુભવતી હતી કે જાણે હું નખશિખ વીંટળાયેલી હતી — એ નિઃશબ્દતાથી, એ હવાથી, એ ધવલતાની અલૌકિક ઉષ્માથી.

સૂર્યના અપરાજિત આલોકને જ આભારી હતી સમયપત્રકના નિયંત્રણ વગર રહી શકતી અમારી નિત્યચર્યા. ઊઠવાની કે રસ્તે પડવાની કોઈ ઉતાવળ નહોતી, કારણ કે અંધારાની કોઈ ધમકી નહોતી. તેજ કયારેય ઓછું થતું જ નહોતું ને તે કારણે દિવસ કદી અંત પામતો જ નહોતો લાગતો અને તેથી આરામનો સમય અમે પસંદ કરી શકતાં હતાં. અનહદ ઠંડી હતી છતાં કે પછી એને કારણે જ અમે બધાં સૂતાં હતાં સારું. બધાં — સિવાય કે ડેવિડ. એની વહેલાં ઊઠી જવાની ટેવ અહીં પણ જતી નહોતી. હાન્સની નવાઈનો પાર નહોતો કે એ આટલે મોડે સુધી સૂતો હતો અહીં. પણ એમાં સફરથી થતાં થાક ને મહેનતની સાબિતી હતી. મોટા ભાગની રાતોએ હું ઘણી શાંતિથી જ સૂઈ જતી, જાણે કે પવન હલકે અવાજે હાલરડું ગાતો ના હોય!

માંડ માંડ એક વાર તંબુમાં અંદર ગયા પછી ટેકો દઈને બેસવાનો કોઈ રસ્તો નહોતો કારણ કે તંબુની દીવાલો ત્રાંસી હતી. થોડો પણ આરામ મેળવવો હોય તો "પથારી" પર આડી પડું ત્યારે જ મળે. કોઈક સાંજે છોકરાઓ સ્ટવ સળગાવીને જાતે જ તંબુમાં આપી જતા ને કોઈક વાર માગવો પડતો. સવારે તો વાત આથીયે ખરાબ થતી — છોકરાઓ ઊંઘ્યા કરતા, પિટર તો નહોતો મદદરૂપ કે મદદગાર, ઠંડી થીજાવી દે તેવી રહેતી અને સ્લિપીંગ-બૅગમાંથી નીકળવું, નીકળીને ઉપર પહેરવાનાં થર ચડાવવાં, એ બધું અત્યંત દુઃખદાયક હતું. પેલાં મોટાં, ભારે બૂટ પહેરવાનું તો સૌથી કઠિન હતું, કારણ કે આમેય એમાં ઘણી મહેનત પડતી હતી અને એમનો સ્પર્શ ઊંઘ દરમ્યાન બૅગની અંદર પણ થીજી ગયેલા, ત્રણ મોજાં પહેરેલા મારા પગ હતા છતાં અસહ્ય ઠંડો લાગતો.

એક નિદ્રાકાળની શરૂઆતમાં મેં તંબુનું મોઢું પહોળું કરી થોડું ખુલ્લું રાખ્યું કે જેથી વધારે પ્રકાશ આવે ને પછી નકશાનો અભ્યાસ કર્યો. નકશો જોવો હંમેશાં બહુ જ ગમે છે ને ઉત્તરોચ્ચ આર્કટિકની વાતો જ અસાધારણ હતી. કેટલે દૂર આવ્યાં હતાં અમે, કેટલાં કષ્ટ અને શ્રમ વેઠયાં હતાં અમે અને નકશામાં જુઓ તો કેટલું નાનકડું, કેટલું ટૂંકું અંતર. અમે જ્યાં જ્યાં થઈને આગળ વધતાં રહ્યાં હતાં તે બધાં સ્થળોમાંનાં કેટલાંક — ડન્ડી બાઈટ (Dundee Bight), મે ઇન્લેટ (May Inlet)નાં તો નામ પણ નકશા પર લખેલાં નહોતાં. પણ આ સાથે જ, નામ ના હોવાં તે કે આટલે દૂર દૂર હોવું તે બધું જ કાંઈ એવી અક્ષત મુક્તિનો અનુભવ કરાવતું હતું કે હું સંપૂર્ણ આલ્હાદમય હતી.

મુક્તિસ્થાનથી, સમયથી, સંદર્ભોથી, અપેક્ષાઓથી. મારા હૃદયનો અર્ક ખૂબ સરસ — મુક્તિના, નિર્બંધતાના, વ્યાપકતાના ભાવમાં રમમાણ હતો.

સૌથી વધારે અગત્ત્વનું તત્ત્વ હતું એ પરમ દૈવી આલોક જે કયારેય નિસ્તેજ થતું નહોતું અને જે મારી અંદર હર્ષ ને આનંદ સીંચ્યા જ કરતું હતું. મને ખબર હતી કે કયાંક, જ્યાં રાત અને દિવસના ભેદ સુસ્પષ્ટ હતા ત્યાં, આકાશમાં પૂર્વવિકસિત ચંદ્ર પણ પ્રકાશી રહ્યો હશે પણ મને એની સાથે નિસ્બત નહોતી.

અમે બધી તકલીફો અને હેરાનગતિ ભૂલી ગયાં હતાં, કારણ કે અમે આવી પહોંચ્યાં હતાં. આપણે ધ્રુવ ઉપર પહોંચીએ છીએ, એની અંદર નહીં, કારણ કે એ એક અંચલ છે, એક ટપકું નથી. રૉબર્ટ પિયરી કે જે ઉત્તર ધ્રુવ પર પહોંચનારા સૌ પ્રથમ માનવ બન્યા, પહેલાં તો બધા રેખાંશોના મિલન બિન્દુને પાર કરીને પેલી બાજુ જતાં રહ્યા હતા ને પછી પૃથ્વીના શૂન્ય પર એ પાછા આવ્યા. એક ખીલી પણ અને ઘણી વાર "સૌથી ઉપરનો ખીલો" કહેવાતો ઉત્તર ધ્રુવ આમાં આવી ગયો — એની અણી કરતાં એના ઉપરના ભાગમાં વધારે પહોળા ગોળાકારે હોય છે. એમની જેમ, "મારા જીવનનું પ્રયોજન સિદ્ધ થઈ ગયું હતું." પિયરી જ્યારે ધ્રુવ પર પહોંચ્યા ત્યારે એમણે લખ્યું, "આખરે ધ્રુવ પર ત્રણ સદીઓનું ઇનામ. વીસ વરસનું મારું સ્વપ્ન અને મારું ધ્યેય. આખરે એ મારું થયું છે. મારાથી હજી મનાતું પણ નથી." એ ત્યાં ૧૯૦૯ના એપ્રિલમાં પહોંચ્યા હતા, હું ૧૯૯૨ના એપ્રિલમાં પહોચી હતી. વચ્ચે વીતેલો સમય શત શત લોકોના હૃદયમાંનાં સાહસનાં સ્વપ્નોથી ભરાતો ગયો હતો. એક સ્વપ્ન જ્યારે સ્પર્શગ્રાહ્ય અને સિદ્ધ થાય છે ત્યારે થતાં રોમાંચ ને આવેગની તો શું વાત કરવી! આટલી માત્રા સુધી બધાં સાહસપ્રેમીઓ સરખાં હોય છે — લક્ષ્યની ઉત્કટતામાં, સમાન અભિલાષાની ક્ષમતામાં.

મારું સ્વપ્ન સિદ્ધ થયું હતું. હું ચુંબકીય ઉત્તર ધ્રુવ પર આવી પહોચી હતી. ત્યાં પહોંચનાર હું પ્રથમ ભારતીય સ્ત્રી કે મુસાફર બની હતી. મારી "જીવનશક્તિ" એ બધાં વર્ષોમાં થઈને મારા જીવનના સૌથી અર્થપૂર્ણ આ સમય સુધી મને ધારણ કરી હતી. સર્વસ્વના સર્જનકર્તા પ્રત્યેના ઋણભાવથી મારી આંખોમાં આંસુ આવ્યાં અને મારું હૃદય આનંદથી ઝૂમી ઊઠયું. બીજા મુસાફરોને હું હળવું ભેટી અને એકબીજાંને અમે અભિનંદન આપ્યાં. અમે અમારો ઉદ્દેશ પરિપૂર્ણ કર્યો હતો. મને એમ લાગ્યું કે મેં મારી પોતાની એક વિશિષ્ટ ક્ષણ પ્રાપ્ત કરી હતી. હું દિગ્મૂઢ બની ગયેલું કોઈ બાળક હતી અને વિસ્મયાકુલ એક યાત્રી હતી.

એક નાની સપાટ જગ્યામાં બધાં સ્નો-મોબિલને ઊભાં રાખીને અમે કેટલાક ઊંચા હિમરાશિ તરફ ગયાં. એ સ્થાન અદ્‌ભુત રીતે ભવ્ય અને ઉત્કૃષ્ટ હતું. તે ઉપરાંત, સૂર્ય ઉજ્જ્વળ હતો, આકાશ સ્વચ્છ અને ભૂરું હતું અને માની શકાય તેમ પવન શાંત બન્યો હતો — જાણે પાળેલું કુરકુરિયું. ઠંડી હવામાં થઈને ઝડપી ગતિથી હવે અમે જઈ નહોતાં રહ્યાં, તેથી પણ કદાચ એ સ્થિર લાગ્યો હોય કે પછી આ નિઃસંદેહ સ્તુત્ય ગર્ભગૃહ હતું. આ સર્વશ્રેષ્ઠ અધિકાર ક્ષેત્રના પ્રાણ સાથે મુલાકાત માટેનો આ સુયોગ્ય સમય હતો. મારી યાત્રા સંપૂર્ણ થઈ હતી, મારો આત્મા સંતુષ્ટિથી પ્રક્ષાલિત થયો હતો.

ફોટા પાડવાના વિધિ માટે ખૂબ સમુચિત હિમરાશિ પિટરે શોધી કાઢ્યો હતો. અને દરેકને પોતાના ફોટા લેવડાવવા હતા એમાં કોઈ શંકા નહોતી. એ એક નાની ટેકરી જેવો હતો. એનો ઢોળાવ અને ઉપરનું ઊંચું શિખર, પરિષ્કાર, નૂતન, મૃદુ બરફથી બનેલાં હતાં. એ આખો આકાર દબદબાવાળો અને સિંહાસન જેવો હતો. અમારાં જેવા અલ્પજીવીઓની આનંદ અને ઇચ્છાપૂર્તિની ક્ષણોને કચકડામાં મૂર્તિમંત કરવા માટે એ ઉત્તમ પશ્ચાદ્‌ભૂ રચતો હતો.

પિટરે “ચુંબકીય ઉત્તર ધ્રુવ” લખેલી સંજ્ઞા બરફની ટેકરીની વચ્ચે ખોસી. ચારે બાજુથી ચાર તીર કેન્દ્ર તરફ ચીંધાતાં હતાં. એના દંડની ટોચ પર કૅનૅડાનો ધ્વજ ફરકતો હતો, કારણ કે અમે કૅનૅડાની કંપનીની વ્યવસ્થા હેઠળ, કૅનૅડામાં થઈને અહીં પહોંચ્યાં હતાં. સંજ્ઞાની બે બાજુએ થઈને પાંચ પ્રવાસીઓના દેશોના ધ્વજ લગાવવામાં આવ્યા. હાન્સ માટે જર્મનીનો વાવટો હતો. ડેવિડે ચીની ધ્વજ માગ્યો હતો, લાંબા સમયથી એ બ્રિટિશ નાગરિક હતો છતાં ઍન્થની માટે આઈરિશ ધ્વજ આયોજકો પાસે હતો નહીં, તેથી એને માટે એક ઇટાલિયન ધ્વજ લેવામાં આવ્યો હતો. દલીલ એ હતી કે બંનેના રંગ સરખા જેવા હતા. મેં કદાચ આ સહ્ય કર્યું ના હોત પણ ત્યારે બીજું શું કર્યું હોત? મારા દેશનો ધ્વજ એ લોકો પાસે ના જ હોત તો એના વગર ચલાવ્યું હોત કે પછી કૅનૅડા અથવા અમેરિકાનો ધ્વજ લીધો હોત. પણ મનદુઃખ જરૂર થયું હોત.

ભલે હું કેવળ એક સાધારણ, અણજાણીતી ભારતીય વ્યક્તિ હતી પણ મેં પૃથ્વીને આલિંગન આપ્યું હતું અને વિશ્વના બધા જ વિભાગોને ચાહ્યા હતા. હા, એમ બને કે સંસારની મહાયોજનાની અંદર મારું કશું સ્થાન નહોતું, પરંતુ હું જાણતી હતી કે મારા જન્મથી મને મળેલી પરિસીમાઓથી શરૂ કરીને પ્રવાસી તરીકેના મારા જીવનની આ મહત્ત્વની આધારપ્રાપ્તિ સુધી આવતાં મં ખૂબ લાંબું અંતર કાપ્યું હતું. મારા પર મૂકવામાં આવેલાં શરતો અને પ્રતિબંધોથી ઘણે દૂર, મારા દેહ ને મારા જીવનને લગતી અનેક

મર્યાદાઓને પાર કરીને ઘણે દૂર મેં સફર કરી હતી. શરૂઆતમાં તો મારી પોતાની જે અપેક્ષા હતી તેનાથી પણ વધારે આગળ હું નીકળી આવી હતી. હા, આનંદ માણવા માટેનાં મારી પાસે કારણ હતાં. હૃદયના ઊંડાણ સુધી શાંતતા અનુભવવા માટેનો અવસર મને મળેલો હતો.

સાચેસાચા અર્થમાં ભારતીય તરીકે હું ધ્રુવને પામી, એના સુધી પહોંચી તે મારે માટે ખૂબ અગત્યનું અને અર્થઘન હતું. મારો પાસપોર્ટ હજી ભારતીય હતો, તેથી કાનૂની રીતે પણ હું ભારતીય જ હતી. કદાચ મારા જેવી જ જન્મજાત, સ્વદેશને માટેની અનુરક્તિને કારણે ડેવિડને ચીની ધ્વજ જોઈતો હતો. એ જ રીતે, પોતાપોતાની જાત સાથેના અભિજ્ઞાનનાં બે અગત્યના ગુણાંકની વચ્ચે ખેંચાખેંચ અનુભવીને બે ધ્વજની માગણી કે વિનંતી કે ફક્ત પૃચ્છા કરવા માટે પાસ્કાલ ને હું પણ સાચાં જ હતાં. ધ્યેયપ્રાપ્તિની એ પરિપક્વ ક્ષણે, જ્યારે એ પાંચ ધ્વજ અને છઠ્ઠો કૅનૅડાનો મંદાનિલમાં ફરકતા હતા ત્યારે અમારાં મનમાંથી એ માગણી કે એનો વિચાર, કયારની નીકળી ગઈ હતી.

ત્યાં ધ્રુવના સાન્નિધ્યમાં બધાંના ફોટા લેવાનું બહુ મોટું ને લાંબું પ્રસ્તુતીકરણ કર્યું. પહેલાં પાંચ ચાલકોને બરફની એ ટેકરીના ઢોળાવ પર બેસાડયા — ધ્રુવની સંજ્ઞા અને બધા ધ્વજ બરાબર દેખાય તે રીતે. બધાં પ્રવાસીઓએ પોતપોતાનાં કૅમૅરામાં એ લોકોના ફોટા લીધા. પછી પિટર નીચે ઊતરી આવ્યો અને ચાર ઇનુઇત ચાલકોની જરાક આગળ અમે પાંચ બેસી ગયાં. પિટરે અમારા દરેકના કૅમેરામાં આ ગોઠવણીના ફોટા લીધા. દરેકને એ બધાં જ સંયોજનના ફોટા જોઈતા હતા. આ સામૂહિક તસ્વીરો લીધા પછી દરેકના કૅમેરામાં વારાફરતી વૈયક્તિક તસ્વીરો લેવાઈ. આવા પ્રસંગો માટે થઈને મેં બે કૅમેરા લીધેલા કે જેથી સહેલાવાળામાં તો બીજું કોઈ મારા ફોટા પાડી આપેને.

અમે ઢોળાવ પર બેઠાં ને એ શિખર સુધી પણ ચઢયાં ને નરમ બરફમાં લપસ્યાં, ગબડયાં ને પડતાં રહ્યાં. એક કે બે ફોટા માટે હું મારા ધ્વજને ચપટીથી પકડીને બેઠી. ખૂબ શ્રમપૂર્વક પ્રાપ્ત કરેલા એ સ્થાન પર થોડા ફોટા પડાવવાનો મેં નિર્ધાર જ કર્યો હતો. ઍન્ટાર્કટિકાની મારી જહાજ સફરમાંના મારા કોઈ જ ફોટા નથી તે માટે હજી મારો જીવ બળે છે. તેથી આ ધ્રુવીય અભિયાન દરમ્યાન કયારેક કયારેક હું મારા ફોટા પડાવતી રહી. એમાંનો એકેય, જોકે મને બહુ તો ગમ્યો જ નથી.

કદાચ અહીં આવનાર હું પ્રથમ હિન્દુ હતી. વિઘ્નહર્તા દેવ ગણેશની વિદ્યમાનતાની ત્યાં સ્થાપના કરવાનો મેં પ્રયત્ન કર્યો હતો અને એ શીતસ્તબ્ધ, શુભ્ર, સુંદર હિમ પ્રસ્તર

પર ફૂલો વેર્યાં હતાં. મારી નિજી રીતે, મારા સંસ્કારને, અંતર્પ્રેરણાને વશ થઈને રહી હતી. કંઈક સાદી, સરળ પણ નિષ્કપટ-નિર્વ્યાજ રીતે મેં એક શુદ્ધિકરણની, પ્રાણની ભાવ સ્વચ્છતાની, મારી સભાન ચેતનાના પ્રક્ષાલનની વિનંતી કરી હતી. હું મુસાફર હતી, એક યાત્રી હતી, જે બહેતર વ્યક્તિ, એક પૂર્ણતર વ્યક્તિ બનવા માગતી હતી. મેં ભજન ગાયાં નહીં કે કશો મંત્રોચ્ચાર કર્યો નહીં, કારણ કે આ મૂક, સુશાંત સૌંદર્યનો મહાલય હતો. અહીં નીરવતા શબ્દ કરતાં પણ વધારે અભિવ્યક્ત કરી શકે તેમ હતી.

એવી જ નિ:શબ્દ રીતે એક સપાટ ભાગ શોધીને બરફ પર હું બેઠી. ત્યાં જ બરફનો એક નાનો, લંબચોરસ ટુકડો હતો — જાણે ઓશીકું જોઈ લો ને એ વાપરવામાં મેં જરા પણ સમય ગુમાવ્યો નહીં. મારો પાર્કા-કોટ તો મેં કયારનો કાઢી નાખ્યો હતો, પણ છતાં એ કઠણ, સફેદ હિમશય્યા પર હું આડી પડી ત્યારે મને એનો સ્પર્શ બહુ જ કે અસહ્ય ઠંડો ના લાગ્યો. એટલે કે ઠંડી ખૂબ જ પ્રમાણમાં હતી પણ પવન ના હોય કે સહેજ ઓછો હોય તો એ નિમ્નતમ શીતઅંકો સહન કરવા જેવા સહેલા થતા હતા. એ પ્રદેશમાં હવા હંમેશાં એટલી સૂકી રહેતી કે ઠંડી કયારેક ભીનાશવાળી કે હાડકાંમાં કળતર થાય તેવી ના લાગતી અને તે ઘડીએ તો એ હવામાન મારા પર લોહીને ઉષ્ણ બનાવતા, ગતિમાન કરતા આહલાદક તત્ત્વની જેમ કામ કરી રહ્યું હતું.

ધીરે ધીરે અને શીતળતાના સામર્થ્યની સામે અત્યંત હિંમતવાન થઈને મેં હાથ-મોજાં પણ કાઢી નાખ્યાં. મહાતત્ત્વો પ્રત્યે આદર અને આધીનતા દર્શાવતું એ કાર્ય હતું. એ બધી અધિભૂત સન્નિધિઓ માટે હું મારા દુન્યવી, કલુષિત વાઘા દૂર કરી દેવા માગતી હતી. મારી નગ્ન આંગળીથી મેં બરફની સપાટી પર આકૃતિઓ દોરવાની ચેષ્ટા કરી. એ દેખાતો હતો પોચો પોચો, બસ, એટલું જ. એ હાથમાં છૂટો આવે એવું એનું ઉપલું સ્તર હતું નહીં.

જ્યારે હું આડી પડી ત્યારે ઉલાતે કહ્યું હતું — દૂરથી, જ્યાં એ ને છોકરાઓ ઊભા હતા ત્યાંથી "હેઈ, જુઓ હવે એ ઊંઘી જવાની છે!" મેં એની તરફ ધ્યાન નહોતું આપ્યું કે નહોતો એને જવાબ આપ્યો. એટલું જ નહીં, મારું મોઢું એ લોકોથી ઊંધી તરફ હતું — જેમ આખી દુનિયા તરફથી હતું તેમ. દરેક જણથી, દરેક વસ્તુથી, અરે, સૂર્યની હાજરીથી પણ વિમુખ. મારે મારા ભૂતકાળને અને મારા ભવિષ્યને ભૂલી જવાં હતાં. ત્યારે પૂરતું, તે સમયે, વાસ્તવિકતા કેવળ આ ને આટલી જ હતી. એ હિમાચ્છાદાન, એ શ્વેતતા, એ સ્થાનની અપરિમેયતા. એ જ સત્ય હતું. કોઈ પણ જાતના સંઘર્ષ અંત પામ્યા હતા. આ સ્થાન હતું અખંડ સામંજસ્ય અને સંપૂર્ણ સુસંગતતાનું.

હિમની સૌંદર્યોપાસનામાં એ રીતે લગભગ સંમોહન મૂર્ચ્છામાં મેં અડધા કલાકથી વધારે સમય ગાળ્યો. દેખાતા હતા સાવ સાદા, પણ કેટલા જટિલ હતા એ હિમના અલૌકિક ગૌરવના રૂપઅંશો. મારી આંગળીઓને હું ધીરે ધીરે સપાટી પર ફેરવતી રહી, મારી આંખો હિમકણીઓની અંદરના નકશીકામ પરથી ક્ષણ માટે પણ ખસતી નહોતી. હું એમની ખૂબ નજીક હતી અમને એમને જોઈને વિસ્મય મુગ્ધ થતી હતી. એ અતિ લઘુ હતી, સૂક્ષ્માતિસૂક્ષ્મ હતી અને છતાં આવી અદ્‌ભુત પરિપૂર્ણતા એમની અંદર શકય હતી. સપાટી પર નૃત્ય કરતી સૂર્યની સોનેરી આભામાં હિમકણીઓનો એ સમુચ્ચય મૂલ્યવાન હીરકરજની જેમ ઝગમગી રહ્યો હતો.

અન્ય સર્વથી, ચોદિકથી વિમુખ અવસ્થામાં હું પડી રહી અને લગભગ ભાન ગુમાવી પણ ગઈ. સર્વસમર્થ ઇશ્વરની કળા મારી આંખોને માટે આનંદોત્સવ રચતી હતી. મારે એ ચમત્કારી દર્શન, એ સાક્ષાત્કારનો અંત નહોતો આવવા દેવો. બીજા બધા પોતપોતાના દુન્વયી પ્રકારે એકમેક સાથે હળી રહ્યા હતા, વાતો કરી રહ્યા હતા. એમણે મિનિટ જેવું પણ આ દૈવી મહારાજ્ય માટે વિશ્વને ભૂલાવ્યું નહોતું. પણ હું? મારે સંસારનું કશું જોઈતું નહોતું. મારે એ હિમશય્યા પરથી ઊઠવું નહોતું. ઊઠીને બીજે જવાનું હતું જ કયાં?

મારે માટે પૃથ્વીનો ઉત્તર ગોળાકાર અનિંદ્યસુંદર હતો. એનું બધું જ અનિંદ્યસુંદર હતું. એનો રંગ, એનું ગૌરવોન્નત સૌંદર્ય, એનાં હિમશિલ્પ અને એની ઝીણી ઝીણી હિમકણીઓ દ્વારા ઉત્તમ પ્રકારના કળા કૌશલ્ય અભિવ્યક્ત થતું હતું. નાનકડા એ હિમ સ્ફુલિંગોમાં મેં એવાં આકાર ને આકૃતિ જોયાં કે એ મહા-મહિમ્નની પ્રશંસા અને આરાધનામાં મારું હૃદય દ્રવી ઊઠયું. ફૂલો, તારા, અષ્ટકોણ ઉપરાંત એવાં અભિરચનોમાં એ આકારિત થયેલા હતા કે જેમને હું નામ પણ આપી શકતી નથી. શું કામ, શું કારીગીરી. શું અનન્ય નૈપુણ્ય. ને એ બધાંથી આનંદવિભોર થવા મળે તે કેવું સૌભાગ્ય.

લાંબા અરસા સુધી મારે માટે કાળ ત્યાં સુસ્થિર થઈ ગયો હતો; એનો અનંત, અસીમ ને એક અવિરત પ્રવાહ. મારી ઉપસ્થિતિ ત્યાં શાશ્વત હતી, હું મોહની ઉન્મત્તતાથી વિચારી રહી હતી અને એ ધ્રુવ પરના હિમના સ્મૃતિપટમાં ચિરસ્થાયી કંડારાઈ ગઈ હતી એની મને ખાતરી હતી.

અંતે ઉલાતથી રહેવાયું નહીં. એને આવવું જ પડયું — મારી મોહ-મૂર્ચ્છા ભાંગવા,

મને માનવીય બંધનો પ્રતિ પુનઃ લઈ જવા અને પૂછવા કે એટલો લાંબો સમય હું શેની સામે જોઈ રહી હતી. મને ખબર નથી કે મારો જવાબ એ સમજ્યો કે નહીં. મોટે ભાગે તો નહીં જ સમજ્યો હોય. મેં કહેલું, ખૂબ હળવેથી, “અનિન્દિત પરિપૂર્ણતા”.

